


# ભગવાન બુદ્ધ

કોસમ્બી

ભગવાન બુદ્ધ

•

કોસમ્બી

# ભગવાન બુદ્ધ

મૂળ મરાઠી પરથી અનુવાદ

લેખક

ધર્માનન્દ કોસમ્બી

અનુવાદક

ગોપાળરાવ કુલકર્ણી

સાહિત્ય અકાદમી વતી

એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ.

પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઇ-૨

પહેલી આવૃત્તિ
૨૬ : ૧ : ૫૭

●

સાહિત્ય અકાદમી
નવી દિલ્હી વતી
પ્રકાશક
પરમસુખ પંડ્યા
એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ.,
પ્રિન્સેસ સ્ટ્રીટ: મુંબઇ–૨

●

મુદ્રક
કેવળચંદ કાનજીભાઇ પારેખ
શ્રી ભગવતસિંહજી ઇલેક્ટ્રિક
લિથો એન્ડ પ્રિન્ટિંગ પ્રેસ
ગોંડલ (સૌરાષ્ટ્ર)

પાંચ રૂપિયા

# પ્રસ્તાવના

પાલિસાહિત્યમાં તિપિટક (ત્રિપિટક) નામનો ગ્રંથસંગ્રહ મુખ્ય છે. તેના સુત્તપિટક, વિનયપિટક અને અભિધમ્મપિટક એવા ત્રણ ભેદ છે. સુત્તપિટકમાં બુદ્ધના અને તેના મુખ્ય શિષ્યોના ઉપદેશનો મુખ્યતઃ સંગ્રહ કરવામાં આવ્યો છે. વિનયપિટકમાં ભિક્ષુઓએ કેવી રીતે વર્તવું એ વિષે બુદ્ધે બનાવેલા નિયમો, તે બતાવવાનાં કારણો, વખતોવખત તેમાં કરેલા ફેરફાર અને તે ઉપર કરેલી ટીકાઃ એ બધાંનો સંગ્રહ કરવામાં આવ્યો છે. અભિધમ્મપિટકમાં સાત પ્રકરણો છે. તેમાં બુદ્ધની શિખામણમાં આવતા કેટલાએક મુદ્દાઓની ચર્ચા કરી છે.

દીઘનકાય, મજ્ઝિમનિકાય, સંયુત્તનિકાય, અંગુત્તરનિકાય, ખુદ્દકનિકાય એવા સુત્તપિટકના પાંચ મોટા વિભાગો છે. દીઘનિકાયના ખૂબ જ મોટાં એવાં ચોત્રીસ સુત્તોનો (સૂત્રોનો) સંગ્રહ કરવામાં આવ્યો છે. દીર્ઘ એટલે મોટાં (સુત્તો). એનો આમાં સંગ્રહ હોવાથી એને દીઘનિકાય કહે છે.

મજ્ઝિમનિકાયમાં મધ્યમપ્રમાણનાં સુત્તોનો સંગ્રહ કરવામાં આવ્યો છે, તેથી તેને મજ્ઝિમ(મધ્યમ)નિકાય એવું નામ આપવામાં આવ્યું છે. સંયુત્તનિકાયમાં ગાથામિશ્રિત સુત્તો પહેલા ભાગમાં આપ્યાં છે અને પછીના ભાગમાં જુદા જુદા વિષયોનાં નાનાં મોટાં સુત્તોનો સંગ્રહ કર્યો છે. આથી તેને સંયુત્તનિકાય એટલે મિશ્રનિકાય, એવું નામ આપ્યું છે. અંગુત્તર એટલે જેમાં એક એક અંગની વૃદ્ધિ થતી ગઈ છે તે. તેમાં એકક નિપાતથી એકાદશક નિપાત સુધી અગિયાર નિપાતોનો સંગ્રહ છે. એકકનિપાત એટલે એક જ વસ્તુ વિષે બુદ્ધે ઉપદેશેલાં સુત્તો જેમાં છે તે. એની જેમ જ દુક–તિક–નિપાત વગેરેનો અર્થ સમજવો.

ખુદ્દકનિકાય એટલે નાનાં પ્રકરણોનો સંગ્રહ: તેમાં નીચેનાં પંદર પ્રકરણો આવે છે—ખુદ્દકપાઠ, ધમ્મપદ, ઉદાન, ઇતિવુત્તક, સુત્તનિપાત, વિમાનવત્થુ, પેતવત્થુ, થેરગાથા, થેરીગાથા, જાતક, નિદ્દેસ, પટિસંભિદા-મગ્ગ, અપદાન, બુદ્ધવંસ અને ચરિયાપિટક. આ છે સુત્તપિટકનો વિસ્તાર. વિનયપિટકના પારાજિક, પાચિત્તિયાદિ, મહાવગ્ગ, ચુલ્લવગ્ગ અને પરિવારપાઠ એ પાંચ વિભાગો છે.

ત્રીજું છે અભિધમ્મપિટક. એનાં ધમ્મસંગણિ, વિભંગ, ધાતુકથા, પુગ્ગલપઞ્ઞત્તિ, કથાવત્થુ, યમક અને પટ્ઠાન એ સાત પ્રકરણો છે.

બુદ્ધઘોષના વખતમાં એટલે ઈ. સ.ના લગભગ ચોથા સૈકામાં આ બધા ગ્રંથસંગ્રહમાંનાં વાક્યોને કે ઉતારાઓને **પાલિ** નામ આપવામાં આવ્યું હતું. બુદ્ધઘોષના ગ્રંથોમાં તિપિટકમાંનાં વચનોનો નિર્દેશ '**अयमेत्थ पालि** (આ અહીં પાલિ છે)' અથવા '**पालियं वुत्तं** (પાલિમાં કહ્યું છે)' એવા શબ્દો વડે કર્યો છે. જેવી રીતે પાણિનિ '**छंदसि**' શબ્દ વડે વેદોનો અને 'ભાષાયામ્' શબ્દ વડે પોતાના સમકાલીન સંસ્કૃત ભાષાનો ઉલ્લેખ કરે છે, તેવી જ રીતે બુદ્ધઘોષાચાર્ય 'પાલિયં' શબ્દ વડે તિપિટકમાંનાં વચનોનો અને 'અટ્ઠકથાયં' શબ્દ વડે તે વખતની સિંહલી ભાષામાં પ્રચલિત એવા 'અટ્ઠકથા'માંનાં વાક્યોનો ઉલ્લેખ કરે છે.

અટ્ઠકથા એટલે અર્થસહિત કથા. ત્રિપિટકમાંનાં વાક્યોનો અર્થ કહેવો અને જરૂર પડે ત્યાં એકાદ વાર્તા આપવી એવી પદ્ધતિ સિંહલદ્વીપમાં હતી. વખત જતાં આ અટ્ઠકથાઓ લખી રાખવામાં આવી. પણ તેમાં ઘણા પુનરુક્તિદોષો હતા; અને વળી તે સિંહલદ્વીપના બહારના લોકોને ખાસ કામમાં આવે તેવી ન હતી. તેથી બુદ્ધઘોષાચાર્યે તેમાંની મુખ્ય અટ્ઠકથાઓનું સંક્ષિપ્ત રૂપાંતર ત્રિપિટકની ભાષામાં કર્યું. તે એટલું સરસ નીવડ્યું કે તેને ત્રિપિટક ગ્રંથ જેટલું જ માન મળ્યું. ('**पालिं विय तमग्गहुं**') એટલે તે અટ્ઠકથાઓને પણ પાલિ જ કહેવા લાગ્યા. ખરું જોતાં 'પાલિ'

એ ભાષાનું નામ જ નથી. એ ભાષાનું મૂળ નામ માગધી છે; અને આ નવું નામ તેને આ રીતે મળ્યું.

ઉપર કહેલા ત્રિપિટકના વિભાગો રાજગૃહમાં ભરાયેલી પહેલી સભામાં નક્કી કરવામાં આવ્યા, એમ બુદ્ધઘોષાચાર્યનું કહેવું છે. ભગવાન બુદ્ધના પરિનિર્વાણ પછી ભિક્ષુઓ શોકાકુલ થયા. ત્યારે સુભદ્ર નામના એક વૃદ્ધ ભિક્ષુએ કહ્યું, "અમારા શાસ્તા પરિનિર્વાણ પામ્યા, એ સારું થયું. તમારે આ કરવું અને આ ન કરવું એ પ્રકારના બંધનમાં એ આપણને હમેશા રાખતા હતા. હવે ગમે તેમ વર્તવાની છૂટ આપણને મળી છે." આ સાંભળીને મહાકાશ્યપે વિચાર કર્યો કે જો ધર્મવિનયનો સંગ્રહ નહિ કરવામાં આવે, તો સુભદ્રના જેવા ભિક્ષુઓને સ્વૈરાચારની છૂટ મળશે. તેથી તરત જ ભિક્ષુસંઘની સભા બોલાવીને ધર્મ અને વિનય એ બન્નેનો સંગ્રહ કરી રાખવો જોઈએ. તે મુજબ મહાકાશ્યપે રાજગૃહમાં ચાતુર્માસમાં પાંચસો ભિક્ષુઓને એકઠા કર્યા; અને તે સભામાં પહેલાં ઉપાલીને પૂછીને વિનયનો સંગ્રહ કરવામાં આવ્યો; અને પછી આનંદને પ્રશ્ન પૂછીને સુત્ત અને અભિધમ્મ એ બે પિટકોનો સંગ્રહ કરવામાં આવ્યો. કેટલાકોના મત મુજબ ખુદ્દકનિકાયનો સમાવેશ અભિધમ્મ-પિટકમાં જ કરવામાં આવ્યો હતો. પણ બીજાઓ એમ કહેતા હતા કે તેનો સમાવેશ સુત્તપિટકમાં જ કરવો જોઈએ.

આ છે સુમંગલવિલાસિનીની નિદાનકથામાં આવતા લખાણનો સારાંશ. આ જ લખાણ સમન્તપાસાદિકા નામની વિનયઅટ્ઠ-કથાની નિદાનકથામાં પણ મળી આવે છે. પણ તેને તિપિટક ગ્રંથમાં ક્યાંય આધાર નથી. બુદ્ધ ભગવાનના પરિનિર્વાણ પછી રાજગૃહમાં ભિક્ષુસંઘની પહેલી સભા થઈ હશે; પણ તેમાં હાલના પિટકનો વિભાગ અથવા પિટક એ નામ પણ આવ્યું હોય, એમ જણાતું નથી. અશોકના સમય સુધી બુદ્ધના ઉપદેશના ધર્મ અને વિનય એવા બે ભાગ કરવામાં આવતા હતા; તેમાં ધર્મનાં નવ અંગો ગણાતાં હતાં, અને તે આ

પ્રમાણે છે :–સુત્ત, ગેય્ય, વેય્યાકરણ, ગાથા, ઉદાન, ઇતિવુત્તક, જાતક અબ્ભુતધમ્મ અને વેદલ્લ. આ અંગોનો ઉલ્લેખ મજ્ઝિમનિકાયના અલગદ્દૂપમસુત્તમાં અને અંગુત્તરનિકાયમાં સાત જગ્યાએ મળી આવે છે.

**સુત્ત** એ પાલિ શબ્દ **સૂક્ત** અથવા સૂત્ર એ બંને સંસ્કૃત શબ્દોનો સમાનાર્થ શબ્દ હોઈ શકે. વેદમાં જેમ સૂક્તો છે, તેમ આ પાલિ સૂક્તો છે, એમ કેટલાક કહે છે. પણ મહાયાનસંપ્રદાયના ગ્રંથોમાં એને સૂત્રો કહ્યાં છે; અને તે જ અર્થ બરાબર હોવો જોઈએ. આજકાલ સૂત્રો એટલે પાણિનિનાં કે એવી જાતનાં બીજાં સૂત્રો, એમ મનાય છે. પણ આશ્વલાયન ગૃહ્યસૂત્ર વગેરે સૂત્રો આ સંક્ષિપ્ત સૂત્રોથી કંઈક વધારે વિસ્તૃત છે; અને તે જ અર્થમાં પાલિ ભાષાનાં સૂત્રો શરૂઆતમાં રચાયાં હશે. તે સૂત્રો પરથી આશ્વલાયનાદિ વિદ્વાનોએ પોતાનાં સૂત્રોની રચના કરી કે બૌદ્ધોએ તેમનાં સૂત્રોને અનુસરીને પોતાનાં સૂત્રોની રચના કરી, એ વાદમાં ઊતરવાની જરૂર નથી. પણ એટલું ખરું કે, અશોકના સમય પહેલાં બુદ્ધનાં જે ઉપદેશ વચનો હતાં તેને સુત્તો કહેવામાં આવતાં; અને તે બહુ મોટાં ન હતાં.

ગાથાયુક્ત સૂત્રોને **ગેય્ય** કહે છે, એમ અલગદ્દસુત્તની અટ્ઠકથામાં લખ્યું છે અને એના ઉદાહરણ તરીકે સંયુત્તનિકાયનો પહેલો વિભાગ આપવામાં આવ્યો છે. પણ જેટલી ગાથાઓ છે તે બધીનો ગેય્યમાં સમાવેશ થાય છે; તેથી ગાથા નામનો જુદો વિભાગ શા માટે પાડવામાં આવ્યો તે કહી શકાતું નથી. ગેય્ય એટલે અમુક જ પ્રકારની ગાથાઓ એવી સમજ હોય તો વાત જુદી.

**વેય્યાકરણ** એટલે વ્યાખ્યા. એકાદ સૂત્ર લઈને તેનો ટૂંકામાં કે વિસ્તારથી અર્થ કહેવો, એને વેય્યાકરણ કહે છે. (અલબત, આ શબ્દનો સંસ્કૃત વ્યાકરણ સાથે કશો સંબંધ નથી.)

ધમ્મપદ, થેરગાથા અને થેરીગાથા: આ ત્રણ ગ્રંથો **ગાથા** વિભાગમાં આવે છે, એમ બુદ્ધઘોષાચાર્યનું કહેવું છે. પણ થેર

અને થેરીગાથા બુદ્ધના પરિનિર્વાણ પછી ત્રણ ચાર સદી સુધી અસ્તિત્વમાં આવ્યાં હોય એમ લાગતું નથી; અને ધમ્મપદ તો ખૂબ જ નાનો ગ્રંથ છે. તેથી, ગાથા એ એક જ ગ્રંથ હતો કે તેમાં બીજી કેટલીએક ગાથાઓનો સમાવેશ થતો હતો, એ કહેવું મુશ્કેલ છે.

ઉપર આપેલ ખુદ્દકનિકાયની યાદીમાં ઉદાનનો ઉલ્લેખ આવ્યો જ છે. તેમાંનાં ઉદાનો અને તેનાં જેવાં સુત્તપિટકમાં અન્યત્ર આવેલાં વચનોને **ઉદાન** કહેવામાં આવતાં, એમ બુદ્ધઘોષાચાર્યનું કહેવું છે. પણ આમાંનાં કેટલાં ઉદાનો અશોકના સમયમાં હસ્તી ધરાવતાં હતાં એ કહેવું અશક્ય છે. પાછળથી એમાં ઉમેરો થતો ગયો એમાં શંકા નથી.

**ઈતિવુત્તક** પ્રકરણમાં ૧૧૨ ઇતિવુત્તકોનો સંગ્રહ છે. તેમાંનાં કેટલાંક ઇતિવુત્તકો અશોકના સમયમાં કે તે પછીના એકાદ સૈકામાં હસ્તી ધરાવતાં હતાં; પાછળથી તેમની સંખ્યામાં વધારો થતો ગયો હશે.

**જાતક** નામની કથાઓ સુપ્રસિદ્ધ છે; અને તેમાંની કેટલીક કથાઓનાં દશ્યો સાંચી અને બર્હુત આગળના સ્તૂપોની આસપાસ કોતરેલાં મળી આવે છે. આના ઉપરથી અશોકના સમયમાં જાતકની ઘણીખરી કથાઓનો બૌદ્ધસાહિત્યમાં પ્રવેશ થયો હતો, એવું અનુમાન બાંધી શકાય.

અબ્ભુતધમ્મ એટલે અદ્‌ભુત ચમત્કાર. ભગવાન બુદ્ધે અને તેના મુખ્ય શ્રાવકોએ કરેલાં અદ્‌ભુત ચમત્કારોનું જેમાં વર્ણન હતું એવો કોઈ ગ્રંથ તે વખતે વિદ્યમાન હતો એમ લાગે છે. પણ હવે આ અદ્‌ભુત ધર્મનું નામનિશાન પણ રહ્યું નથી તેના બધા ભાગ હાલના સુત્તપિટકમાં ભળી ગયા હોવા જોઈએ. બુદ્ધઘોષાચાર્યને પણ અદ્‌ભુત ધર્મ કેવો હતો તે કહેવું મુશ્કેલ થઈ પડયું હતું. તે કહે છે, **चत्तारोमे भिक्खवे अच्छरिया अब्भुता धम्मा आनन्दे ति आदिनयपवत्ता सब्बे पि अच्छरियब्भुतधम्मपटिसंयुत्ता**

**सुत्तन्ता अब्भुतधम्मं ति वेदितब्बा।**" ('હે ભિક્ષુઓ, એ ચાર આશ્ચર્ય અદ્‌ભુતધર્મ આનન્દમાં વાસ કરે છે, ઇત્યાદિ પ્રકારથી અદ્‌ભુતધર્મથી શરૂ થયેલાં આશ્ચર્ય અદ્‌ભુત—ધર્મોથી યુક્ત બધાં સૂત્રો અબ્ભુતધર્મ સમજવાં.') પણ આ અદ્‌ભુત ધર્મને અને મૂળના અબ્ભુતધમ્મ ગ્રંથને કશો સંબંધ હોય તેમ જણાતું નથી.

મહાવેદલ્લ અને ચૂળવેદલ્લ—આ બે સૂત્રો મજ્ઝિમનિકાયમાં છે. તે પરથી **વેદલ્લ** પ્રકરણ કેવું હતું તેનું અનુમાન કરી શકાય છે. તેમાંના પહેલા સુત્તમાં મહાકોટ્ઠિત સારિપુત્તને પ્રશ્ન પૂછે છે અને સારિપુત્ત તે પ્રશ્નોના યથાયોગ્ય જવાબો આપે છે. બીજામાં ધમ્મદિન્ના ભિક્ષુણી અને તેના પૂર્વાશ્રમનો પતિ વિશાખ એ બેનો તેવી જ જાતનો પ્રશ્નોત્તરરૂપ સંવાદ છે. આ બન્ને સૂત્રો બુદ્ધભાષિત નથી. પણ તેવી જ જાતના સંવાદોને વેદલ્લ કહેવામાં આવતું હશે. શ્રમણો, બ્રાહ્મણો અને બીજા લોકો સાથે ભગવાન બુદ્ધના જે સંવાદો થયા હશે, તેનો એક જુદો જ સંગ્રહ કરવામાં આવ્યો હશે અને તેને વેદલ્લ નામ આપવામાં આવ્યું હશે એમ જણાય છે.

આ નવ અંગો અસ્તિત્વમાં આવ્યાં તે પહેલાં સુત્ત અને ગેય્ય એ બે જ અંગોમાં બાકીનાં અંગોનો સમાવેશ કરવામાં આવતો હતો, એમ મહાસુઞ્ઞતાસુત્તમાંના નીચેના લખાણ પરથી દેખાય છે:– ભગવાન બુદ્ધ આનંદને કહે છે, **न खो आनन्द अरहति सावको सत्थारं अनुबन्धितुं यदिदं सुत्तं गेय्यं वेय्याकरणस्स हेतु। तं किस्स हेतु। दीघरत्तं हि वो आनन्द धम्मा सुता धाता वचसा परिचिता...**" ['હે આનન્દ, સુત્ત અને ગેય્યના વેય્યાકરણ માટે (સ્પષ્ટીકરણ માટે) શ્રાવકે શાસ્તા (ગુરુ)ની સાથે ફરવું યોગ્ય નથી. કારણ કે, તમે આ વાતો સાંભળી જ છે અને તમે એનાથી પરિચિત છો.'] તેથી સુત્ત અને ગેય્ય એ બેમાં જ બુદ્ધોપદેશ હતો અને વેય્યાકરણ, એટલે કે સ્પષ્ટીકરણ, શ્રાવકોને સોંપવામાં આવ્યું હતું. વખત જતાં તેમાં બીજાં ૭ અંગો ઉમેરાયાં, અને પછી તેમાં કેટલાંક

અંગોને ભેળવીને હાલનાં ઘણાંખરાં સુત્તો રચાયાં. તેમાં બુદ્ધનો સાચો ઉપદેશ કયો અને બનાવટી કયો એ કહેવું મુશ્કેલ હોવા છતાં, અશોકના ભાબ્રા કે ભાબ્રૂ શિલાલેખ પરથી પિટકના પ્રાચીન ભાગ કયા હશે તેનું અનુમાન કરવું શક્ય છે.

અશોકના ભાબ્રૂ શિલાલેખમાં એવી સૂચના કરી છે કે ભિક્ષુઓએ, ભિક્ષુણીઓએ, ઉપાસકોએ અને ઉપાસિકાઓએ નીચેના સાત બુદ્ધોપદેશ વારંવાર સાંભળીને મોઢે કરવા. તે ઉપદેશ નીચે મુજબ છેઃ-(૧) વિનયસમુકસે, (૨) અલિયવસાનિ, (૩) અનાગતભયાનિ, (૪) મુનિગાથા, (૫) મોનેયસૂતે, (૬) ઉપતિસપસિને, (૭) લાઘુલોવાદે મુસાવાદં અધિગિચ્ય ભગવતા બુદ્ધેન ભાસિતે.

આ સાતમાંનું નંબર ૭ મજ્ઝિમનિકાયમાંનું રાહુલોવાદ સુત્ત (નં ૬૧) છે એવું ઓલ્ડેનબર્ગ અને સેનાર એ બે પાશ્ચાત્ય પંડિતોએ બતાવી આપ્યું છે. બાકીનાંની માહિતી આપવાનો પ્રયત્ન પ્રો. રાઈઝ ડેવિડ્ઝે કર્યો. પણ સુત્તનિપાતમાંના મુનિસુત્ત સિવાયનાં બીજાં જે સુત્તો એમણે બતાવ્યાં તે બધાં ખોટાં હતાં. નંબર ૨, ૩, ૫ અને ૬ એ ચાર સુત્તો ક્યાં હશે તેની ચર્ચા મેં ૧૯૧૨ના ફેબ્રુઆરીના 'ઇંડિયન ઍન્ટિક્વેરી'ના અંકમાં કરી છે. તેમાં દર્શાવેલાં સુત્તો હવે બધે સ્વીકાર્ય બન્યાં છે. ફક્ત પહેલા સુત્તનો તે વખતે મને પત્તો લાગ્યો ન હતો. 'વિનયસમુકસે (વિનયસમુત્કર્ષ)નો વિનયગ્રંથની સાથે કંઈક સંબંધ હોવો જોઈએ એવું મને લાગ્યું, પણ તે જાતનો ઉપદેશ ક્યાંય નહિ મળવાથી તે સૂત્ર કયું, એ હું કહી શક્યો નહીં.

પરંતુ વિનયશબ્દનો અર્થ વિનયગ્રંથ એવો કરવાનું કશું જ કારણ નથી. '**अहं खो केसि पुरिसदम्मं सण्हेन पि विनेमि फरुसेन पि विनेमि।**' (અંગુત્તર ચતુક્કનિપાત, સુત્ત નં. ૧૧૧) '**तमेनं तथागतो उत्तरिं विनेति**' (મજ્ઝિમ, સુત્ત નં. ૧૦૭) '**यम्नूनाहं राहुलं उत्तरिं आसवानं खये विनेय्यं ति।**' (મજ્ઝિમ, સુત્ત નં. ૧૪૭) વગેરે જગ્યાએ વિ સાથેના ની ધાતુનો

અર્થ શિખવવું એવો થાય છે; અને તેના પરથી જ પછી વિનયના નિયમોને વિનયપિટક કહેવા લાગ્યા. બુદ્ધે જે વખતે ભિક્ષુઓને ભેગા કરવાનો પ્રારંભ કર્યો, તે વખતે વિનયગ્રંથનું અસ્તિત્વ બિલકુલ ન હતું. જે શિખામણ હતી તે સુત્તોના રૂપમાં જ હતી. બુદ્ધે પહેલાં પંચવર્ગીય ભિક્ષુઓને પોતાના શિષ્યો કર્યા તે 'ધમ્મચક્ક-પવત્તન સુત્ત'નો ઉપદેશ આપીને. તેથી વિનય શબ્દનો મૂળ અર્થ શિખામણ એ જ લેવો જોઈએ અને તે વિનયનો સમુત્કર્ષ એટલે બુદ્ધનો ઉત્કૃષ્ટ ધર્મોપદેશ. જો કે 'સમુક્કંસ' શબ્દ પાલિ સાહિત્યમાં બુદ્ધના ઉપદેશના અર્થમાં વપરાયેલો નથી જોવામાં આવતો, તોપણ 'સામુક્કંસિકા ધમ્મદેસ'ના એ વાક્ય અનેક જગ્યાએ મળી આવે છે. દાખલા તરીકે, દીઘનિકાયના અમ્બટ્ઠસુત્તને અન્તે આવતો આ ઉલ્લેખ જુઓ–"**यदा भगवा अञ्ञासि ब्राह्मणं पोक्खरसातिं कल्लचित्तं, मुदुचित्तं विनीवरणचित्तं उदग्गचित्तं पसन्नचित्तं, अथ वा बुद्धानं सामुक्कंसिका धम्मदेसना तं पकासेसि दुक्खं समुदयं निरोध मग्गं।**" (જ્યારે ભગવાને જાણ્યું કે પૌષ્કરસાદિ બ્રાહ્મણનું ચિત્ત પ્રસંગને અનુકૂળ, મૃદુ, આવરણોથી વિમુક્ત, ઉદગ્ર અને પ્રસન્ન થયું છે, ત્યારે બુદ્ધની જે સામુત્કર્ષિક ધર્મદેશના હતી, તે તેણે પ્રકટ કરી. તે કઈ? તો દુ:ખ, દુ:ખસમુદય, દુ:ખનિરોધ અને દુ:ખનિરોધનો માર્ગ.')

આ વાકય આ જ સુત્તમાં આવ્યું છે એમ નથી; પણ મજ્ઝિમ-નિકાયના ઉપાલિસુત્ત જેવાં બીજાં સુત્તોમાં, અને વિનયપિટકમાં અનેક જગ્યાએ એ જ વાકય આવ્યું છે. ફરક એટલો જ કે અહીં પોક્ખરસાતિ બ્રાહ્મણને ઉદ્દેશીને તે લખાયું છે, ત્યારે બીજી જગ્યાએ એ ઉપાલિ વગેરે ગૃહસ્થોને ઉદ્દેશીને લખાયું છે. આ ઉપરથી વિનય-સમુત્કર્ષનો એવો અર્થ થાય છે કે, વિનય એટલે ઉપદેશ અને તેનો સમુત્કર્ષ એટલે આ સામુત્કર્ષિકા ધર્મદેશના. એક સમયે આ ચાર આર્યસત્યોના ઉપદેશને વિનયસમુક્કંસ કહેતા હતા, એમાં શંકા નથી.

'ધમ્મચક્ક-પવત્તન-સુત્ત' એ નામ અશોકના પછી લાંબે વખતે પ્રચારમાં આવ્યું હોવું જોઈએ. ચક્રવર્તી રાજાની કથા લોકપ્રિય થયા પછી બુદ્ધના આ ઉપદેશને આવું ભપકાદાર નામ આપવામાં આવ્યું.

'વિનયસમુકસે' એ જ ધમ્મચક્કપવત્તનસુત્ત છે એવું માની લઈએ, તો ભાબ્રૂ શિલાલેખમાં નિર્દેશ કરેલા સાત ઉપદેશો બૌદ્ધ સાહિત્યમાં મળી આવે છે, તે આ પ્રમાણે છે:—

(૧) વિનયસમુકસે = ધમ્મચક્કપવત્તનસુત્ત
(૨) અલિયવસાનિ = અરિયવંસા (અંગુત્તર ચતુક્કનિપાત)
(૩) અનાગતભયાનિ = અનાગતભયાનિ (અંગુત્તર પંચકનિપાત)
(૪) મુનિગાથા = મુનિસુત્ત (સુત્તનિપાત)
(૫) મોનેયસૂતે = નાળકસુત્ત (સુત્તનિપાત)
(૬) ઉપતિસપસિને = સારિપુત્તસુત્ત (સુત્તનિપાત્ત)
(૭) લાઘુલોવાદ = રાહુલોવાદ (મજ્ઝિમ, સુત્ત નં. ૬૧)

આ સાતમાંનું ધમ્મચક્કપવત્તન બધે મળી આવે છે. તેથી તેનું વિશેષ મહત્ત્વ છે એ કહેવાની જરૂર નથી જ; અને તેથી જ અશોકે તેને અગ્રસ્થાન આપ્યું છે. બાકીનામાંથી ત્રણ એક નાનકડા સુત્તનિપાતમાં છે. આ ઉપરથી સુત્તનિપાતનું પ્રાચીનત્વ સિદ્ધ થાય છે. તેના છેલ્લા બે વગ્ગોપર અને ખગ્ગવિસાણસુત્તપર નિદ્દેસ નામની વિસ્તૃત ટીકા છે, જેનો સમાવેશ આજ ખુદ્દકનિકાયમાં કરવામાં આવ્યો છે. સુત્તનિપાતના આ વિભાગો નિદ્દેસના પહેલાં એક બે સૈકાં પહેલાં અસ્તિત્વમાં હતા એમ માનવું જોઈએ, અને તે કારણસર પણ સુત્તનિપાતનું પ્રાચીનત્વ સાબિત થાય છે. આમાં બધાં જ સુત્તો અતિ પ્રાચીન હશે, એમ નથી. તોપણ તેમાંનાં ઘણાંખરાં સુત્તો ખૂબ જ જૂનાં છે, એમાં શંકા નથી. આ પુસ્તકમાં બુદ્ધચરિત્ર કે બુદ્ધના ઉપદેશોની બાબતમાં જે ચર્ચા કરવામાં આવી છે તે આવાં પ્રાચીન સુત્તોને આધારે જ કરી છે.

હવે આપણે ખાસ બુદ્ધચરિત્રનો વિચાર કરીએ. ત્રિપિટકમાં

એક જ જગ્યાએ આખું બુદ્ધચરિત્ર આપવામાં આવ્યું નથી: તે જાતકટ્ઠકથાની નિદાનકથામાં મળે છે. આ અટ્ઠકથા બુદ્ધઘોષના વખતમાં એટલે પાંચમા સૈકામાં લખેલી હોવી જોઈએ. તેના પહેલા જે સિંહાલી અટ્ઠકથાઓ હતી તેમાંનો ઘણોખરો સારાંશ આ અટ્ઠકથામાં આવી જાય છે. આ બુદ્ધચરિત્ર ખાસ કરીને લલિતવિસ્તરના આધારે રચેલું છે. લલિતવિસ્તર ઈ.સ.ના પહેલા સૈકામાં કે તેના પહેલાં કેટલાંક વર્ષ લખાયો હોવો જોઈએ. તે મહાયાનનો ગ્રંથ છે અને તેના પરથી જ જાતકટ્ઠકથાકારે પોતાની બુદ્ધચરિત્રની કથા રચી છે. લલિતવિસ્તર પણ દીઘનિકાયના મહાપદાન સુત્તના આધારે રચવામાં આવ્યો હતો. તે સુત્તમાં વિપસ્સી બુદ્ધનું ચરિત્ર ખૂબ વિસ્તારથી આપ્યું છે; અને તે ચરિત્ર પરથી લલિતવિસ્તરકારે પોતાનું પુરાણ રચ્યું. આવી રીતે ગોતમ બુદ્ધના ચરિત્રમાં ભળતીજ વાતો ઘૂસી ગઈ છે.

મહાપદાનસુત્તના કેટલાક ભાગો જુદા પાડીને તે ગોતમબુદ્ધના ચરિત્રને સુત્તપિટકમાં જ લાગુ કરેલાં દેખાય છે. દાખલા તરીકે, ત્રણ પ્રાસાદોની વાર્તા લઈએ. વિપસ્સી રાજકુમારને રહેવા માટે ત્રણ રાજમહેલ હતા, એ કથા ઉપરથી ગૌતમબુદ્ધને રહેવા માટે તેવા જ પ્રાસાદ હોવા જોઈએ, એવી કલ્પના કરીને તેને રહેવા માટે ત્રણ મહેલ હતા અને તે મહેલોમાં એ ખૂબ મોજશોખમાં રહેતો હતો એ વાત ખુદ ગોતમ બુદ્ધના મોઢામાંજ મૂકી છે. આ વાતની અસંભવનીયતા મેં બતાવી છે જ (પૃ. ૯૨). પણ તે કથા અંગુત્તરનિકાયમાં આવી છે અને તે જ નિકાયમાં અશોકના ભાબ્રૂ શિલાલેખનાં બે સુત્તો આવે છે. આથી પહેલાં મને એ કથા ઐતિહાસિક છે એમ લાગ્યું. પણ વિચાર કરતાં મને જણાયું કે અંગુત્તરનિકાયમાં ઘણા ભાગો પાછળથી ઉમેરાયા છે. ત્રણ વસ્તુઓને લગતી વાતોનો સંગ્રહ તિકનિપાતમાં કરવામાં આવ્યો. તેમાં અર્વાચીનતાનો અને પ્રાચીનતાનો વિચાર કર્યો હોય એમ જણાતું નથી.*

* મહાપદાન સુત્તમાંની વિપસ્સી બુદ્ધની લોકવાયકાઓ ગોતમ બુદ્ધના ચરિત્રમાં ટુકડે ટુકડે કેવી રીતે ઘૂંસી ગઈ અને તેમાંની કઈ સુત્તપિટકમાં મળી આવે છે, એ આ પુસ્તકના અન્તમાં આપેલા પહેલા પરિશિષ્ટમાં જોવું.

આવી કથાઓમાંથી બુદ્ધચરિત્ર વિષેની વિશ્વસનીય વાતો કેવી રીતે તારવવી એ બતાવવાના ઉદ્દેશથી જ મેં આ પુસ્તક લખ્યું છે. આવી કેટલીક ઉપયોગી વાતો મારી નજર બહાર રહી હશે; અને જે વાતોને મહત્ત્વ ન આપવું જોઈએ તેને મેં મહત્ત્વ આપ્યું હશે. પણ સંશોધન કરવાની પદ્ધતિમાં મારી ભૂલ થઈ હોય એવું મને લાગતું નથી. આ પદ્ધતિનો આધાર લેવાથી બુદ્ધચરિત્ર ઉપર અને તે વખતના ઇતિહાસ ઉપર વિશેષ પ્રકાશ પડશે, એવો મને વિશ્વાસ છે; અને તે હેતુથી જ મેં આ પુસ્તક લખ્યું છે. આમાંના કેટલાક લેખો કેટલાંક વર્ષો પૂર્વે 'પુરાતત્ત્વ' નામના ત્રૈમાસિકમાં અને 'વિવિધજ્ઞાનવિસ્તાર'માં છપાયા હતા, પણ તે એમને એમ આ પુસ્તકમાં નથી લીધા. તેમાં ઘણો ફેરફાર કર્યો છે. તેમાંનો સારો એવો ભાગ આ પુસ્તકમાં લીધો હોવા છતાં, આ પુસ્તક તદ્દન સ્વતંત્ર છે, એમ કહેવામાં વાંધો નથી.

આ પુસ્તકની હસ્તલિખિત પ્રત નવભારત ગ્રંથમાળાના સંપાદકોએ વાંચી ત્યારે પુસ્તકમાં જે મુદ્દાઓનું ખાસ વિવેચન નથી કરાયું તે તરફ મારું ધ્યાન ખેંચવાનો તેમણે પ્રયત્ન કર્યો. એ મુદ્દાઓનો અહીં સંક્ષેપમાં વિચાર કરવો યોગ્ય લાગવાથી તે મુદ્દાઓ હું આપું છું.

(૧) બુદ્ધની જન્મતિથિની બાબતમાં જુદા જુદા મતોનો ઉલ્લેખ કરીને સાધકબાધક પ્રમાણો આપી તેની ચર્ચા આ પુસ્તકમાં કરવી નહોતી જોઈતી? આપણા પ્રાચીન અથવા મધ્યયુગી ઇતિહાસના રાજ્યકર્તાઓ, ધર્મગુરુઓ, ગ્રંથકારો વગેરેનું ચરિત્ર આપતાં પહેલાં તેમનો કાળ નક્કી કરવા માટે વિદ્વાનો ઘણું લખે છે, તેવું આ પુસ્તકમાં કરેલું જોવામાં આવતું નથી.

આ મુદ્દા વિષે મારો અભિપ્રાય આ પ્રમાણે: મધ્યયુગી કવિઓ અને ગ્રંથકારો કંઈ શકવર્તી પુરુષો ન હતા. તેમની જન્મતિથિ માટે ગમે તેટલી ચર્ચા કરીએ તોપણ તે નિશ્ચિત રીતે ઠરાવી

શકાશે એમ લાગતું નથી. બુદ્ધની વાત આનાથી જુદી છે. તેમના પરિનિર્વાણથી છેક આજસુધી તેમનો શક ચાલુ છે. વચમાં પાશ્ચાત્ય પંડિતોએ વાદવિવાદ કરીને આ તિથિમાં ૫૬ થી ૬૫ વર્ષનો ફરક છે, એમ સાબિત કરવાનો પ્રયત્ન કર્યો. પણ અન્તે જે પ્રથા સિંહલદ્વીપમાં ચાલુ છે, તે જ બરાબર છે, એવું નક્કી થયું. પણ ધારો કે, બુદ્ધની જન્મતિથિમાં થોડોઘણો ફરક થાય તોપણ તેના ચરિત્રમાં કશી ખામી આવશે એમ લાગતું નથી. મુદ્દાની વાત જન્મતિથિ નથી; પણ તે પહેલાંની સ્થિતિ કેવી હતી અને તે સ્થિતિમાંથી બુદ્ધે નવો ધર્મમાર્ગ કેવી રીતે શોધી કાઢ્યો એ વાત મહત્ત્વની છે. અને જો તેનું સ્પષ્ટીકરણ થઈ શકે તો આજકાલ બુદ્ધ વિશે જે અનેક ભ્રામક કલ્પનાઓ પ્રચલિત છે તે નષ્ટ થશે અને આપણને તે સમયનો ઇતિહાસ વ્યવસ્થિત રીતે સમજાશે. તેથી તિથિની ચર્ચા માટે ઘણાં પાનાં અહીં ન રોકતાં બુદ્ધના ચરિત્ર પર પ્રકાશ પાડે એવી જ વાતો તરફ મેં ખાસ ધ્યાન આપ્યું છે.

(૨) બુદ્ધે ઉપદેશેલી અહિંસાને લઈને હિંદી સમાજ નિર્બળ થયો અને તેને કારણે જ પરદેશીઓ તેને જીતી શક્યા એવી માન્યતાનું કેટલેક ઠેકાણે પ્રતિપાદન કરવામાં આવે છે. તેનો જવાબ આ પુસ્તકમાં આપવો જોઈતો હતો.

જવાબ: આ પ્રતિપાદનનો બુદ્ધના ચરિત્ર સાથે કશો સંબંધ હોય એમ મને લાગતું નથી. બુદ્ધનું પરિનિર્વાણ ઈ. સ. પૂર્વે ૫૪૩ની સાલમાં થયું. તે પછી બે સૈકાઓ બાદ ચંદ્રગુપ્તે સામ્રાજ્ય સ્થાપ્યું. ચંદ્રગુપ્ત પોતે જૈનધર્મી હતો, એમ કહેવાય છે. પણ આ દેશમાંથી ગ્રીક લોકોને હાંકી કાઢવામાં તેને અહિંસાધર્મ નડ્યો નહિ. તેનો પૌત્ર અશોક પૂરેપૂરો બુદ્ધધર્મી થયો તેમ છતાંય તે મોટા સામ્રાજ્યનું સંચાલન કરતો હતો.

મહંમદ ઇબ્ન કાસમે ઈ. સ. ૭૧૨માં સિંધ પર ચઢાઈ કરી, તે વખતે બૌદ્ધધર્મ પશ્ચિમ હિંદુસ્તાનમાંથી અલોપ થયો હતો; અને

બ્રાહ્મણ ધર્મનું વર્ચસ્વ વધતું જતું હતું. તેમ છતાંયે ખલીફાના આ નાની ઉમરના સરદારે જોતજોતાંમાં સિંધ દેશ જીતી લીધો અને ત્યાંના હિંદુ રાજાને મારી નાખીને તેની છોકરીઓ ભેટ તરીકે પોતાના ખલીફાને મોકલી આપી.

મુસલમાનોએ સિંધ અને પંજાબ દેશનો અમુક ભાગ જીતી લીધા પછી સો વર્ષે શંકરાચાર્યનો જન્મ થયો. તેમના વેદાન્તનું આખું વલણ એ જ છે કે શૂદ્રોએ વેદાધ્યયન નહિ કરવું જોઈએ. જો શૂદ્ર વેદવાક્ય સાંભળે તો તેના કાનમાં સીસાનો કે લાખનો રસ રેડવો; તે વેદવાક્યનો ઉચ્ચાર કરે તો તેની જીભ કાપી નાખવી; અને તે વેદમંત્ર ધારણ કરે તો તેને જાનથી મારી નાખવો. આ જ એમનું વેદાન્ત! આપણા આ સનાતનીઓ મુસલમાન વિજેતાઓ પાસેથી કશું શીખ્યા છે ખરા? બુદ્ધ તો એમનો શત્રુ જ; તેની પાસેથી શીખવા જેવું શું હોય?

રજપૂતો પાકા સનાતની. તેમને અહિંસા માન્ય ન હતી એ તો ચોક્કસ. તેઓ પ્રસંગ પડે ત્યારે આપસઆપસમાં ખૂબ લડતા. હિંસાના એ શૂર ભક્તોને મહમદ ગઝનીએ ઘોડાના ડાબલા નીચેની ધૂળની જેમ પાયમાલ કેમ કર્યા? તેઓ બુદ્ધની અહિંસા થોડી જ માનતા હતા?

આપણી પેશવાઈ તો ખાસ બ્રાહ્મણોના હાથમાં હતી. છેલ્લો બાજીરાવ તેની ચુસ્તતા માટે જાણીતો છે. પેશવાઈમાં હિંસા પરાકાષ્ઠાએ પહોંચી હતી. પારકા સાથેની લડાઈઓ બાજુએ રાખીએ તોપણ ઘરમાં ને ઘરમાં જ દોલતરાવ સિંધિયાએ એક વાર પૂના શહેર લૂંટ્યું, ત્યારે બીજી વાર યશવંતરાવ હોલકરે તે લૂંટ્યું! આવા આ પૂરેપૂરા હિંસાભક્તોનું સામ્રાજ્ય હિન્દુસ્તાન પર સબળ બનવું જોઈતું હતું ને? તેમને તેમનાથી સોગણા અહિંસક અંગ્રેજો આગળ હાર કેમ ખાવી પડી? એક પછી એક મરાઠા સરદાર અંગ્રેજોને તાબે કેમ થયા? તેઓ બુદ્ધનો ઉપદેશ માનતા હતા તેથી?

જાપાન આજે હજાર બારસો વર્ષથી બૌદ્ધધર્મી છે. ૧૮૫૩ની સાલમાં જાપાન પર કમોડોર પેરીએ તોપો તાકી ત્યારે જાપાનમાં એકદમ જાગૃતિ આવી અને એકતા થઈ. કેવી રીતે થઈ? બૌદ્ધધર્મે જાપાનને દુર્બળ કેમ ન બનાવ્યું?

આ પ્રશ્નોના જવાબ પોતાને મોટા સમજનાર ટીકાકારોએ જરૂર આપવો જોઈએ:—'પોતાને સુજ્ઞ માનીને, બીજાને તાપ આપતા' એ શ્લોકનું આ એક ચરણ કવિ મોરોપંતે આવા પ્રતિષ્ઠિત ગણાતા લોકોને ઉદ્દેશીને જ લખ્યું હશે! એમણે અને એમના પૂર્વજોએ જે પાપો કર્યાં તે બધાં માટે બુદ્ધને જવાબદાર ગણી આ લોકો આનંદપૂર્વક પોતાના પાવિત્ર્યનું ડહાપણ ડોળતા ફરે છે!

(૩) બુદ્ધના સંબોધિજ્ઞાન પછી તેના ચરિત્રનું કાલક્રમપૂર્વક માળખું કેમ આપ્યું નથી?

જવાબ: આજે જે પ્રાચીન સાહિત્ય ઉપલબ્ધ છે તેનો આધાર લઈને આવું અરાબખડું બનાવવું શક્ય નથી. બુદ્ધનો ઉપદેશ કાલક્રમને અનુસરીને આપવામાં આવ્યો નથી, એટલું જ નહિ પણ મૂળ ઉપદેશમાં ઘણો ઉમેરો થયો છે. તેમાંથી સત્ય તારવી કાઢવું ઘણું મુશ્કેલ છે. તે પ્રયત્ન મેં આ ગ્રંથમાં કર્યો જ છે. પણ કાલક્રમને અનુસરીને બુદ્ધચરિત્રનું માળખું તૈયાર કરવું શક્ય થયું નથી.

(૪) આર્યોનું ભરતખંડમાં આગમન થયા પછી 'વૈદિક સંસ્કૃતિ'નો ઉદ્ભવ થયો; તે પહેલાં 'દાસો'ની એટલે બ્રાહ્મણોની સંસ્કૃતિ હતી, એવું બતાવનાર આધાર કયા?

જવાબ: આ મુદ્દાની ચર્ચા મેં 'હિંદી સંસ્કૃતિ અને અહિંસા' નામના મારા પુસ્તકના પહેલા પ્રકરણમાં કરી છે. તે પુસ્તક આ પુસ્તકની સાથે વાંચવાથી ઘણી વાતોનું સ્પષ્ટીકરણ થશે. મારો મત બધા લોકોએ સ્વીકારવો જોઈએ એવો મારો જરાય આગ્રહ નથી. મને તે વિચારણીય લાગવાથી જ લોકો આગળ મૂક્યો છે. દાસ અને આર્ય એ બંનેની સંસ્કૃતિઓનો બુદ્ધના ચરિત્ર સાથે ઘણો ઓછો

સંબંધ છે. આ બંને સંસ્કૃતિઓના સંઘર્ષમાંથી ઉત્પન્ન થયેલી વૈદિક સંસ્કૃતિ બુદ્ધના વખતમાં પ્રતિષ્ઠિત થઈ હતી, એટલું બતાવવા માટે જ પહેલું પ્રકરણ આ ગ્રંથમાં મૂક્યું છે.

(૫) ઉપનિષદો અને ગીતા બુદ્ધના સમય પછી રચાયાં છે, એમ કહેવા માટે કયા આધારો છે?

જવાબ: આ મુદ્દાની પણ સવિસ્તર ચર્ચા ' હિંદી સંસ્કૃતિ અને અહિંસા ' નામના પુસ્તકમાં આવી ગઈ છે. તેથી તે વિષયની પુનરુક્તિ આ પુસ્તકમાં કરી નથી. ઉપનિષદો જ શું, આરણ્યકો પણ બુદ્ધના સમય પછી જ લખાયાં છે એવું મેં સબળ પુરાવા સાથે બતાવી આપ્યું છે. શતપથ બ્રાહ્મણોમાં અને બૃહદારણ્યક ઉપનિષદમાં જે વંશાવલિ આપી છે, તે ઉપરથી બુદ્ધ પછીની ૩૫ પેઢીઓ સુધી તેમની પરંપરા ચાલુ હતી, એવું દેખાય છે. હેમચંદ્ર રાયચૌધરી દરેક પેઢીને ત્રીસ વર્ષનો સમય આપે છે. પણ ઓછામાં ઓછો પચીસ વર્ષનો કાળ ગણીએ તો બુદ્ધ પછી ૮૭૫ વર્ષ સુધી આ પરંપરા ચાલુ હતી, એમ કહેવું જોઈએ. એટલે સમુદ્રગુપ્તના કાળ સુધી આ પરંપરા ચાલુ હતી; અને તે વખતે બ્રાહ્મણો અને ઉપનિષદો સ્થિર ગયાં. તે પહેલાં યોગ્ય સ્થાને ફેરફાર નહિ થયા હોય એમ નથી. પાલિ સાહિત્યની બાબતમાં પણ એમ જ થયું છે. બુદ્ધઘોષની પહેલાં આશરે બસો વર્ષ અગાઉ પાલિ સાહિત્ય સ્થિર થયું અને બુદ્ધઘોષે અટ્ઠકથા( ટીકા ) લખ્યા પછી તેના પર છેલ્લી મહોર લાગી ગઈ. ઉપનિષદો પરની ટીકા તો શંકરાચાર્યે નવમા સૈકામાં લખી. તે પહેલાં ગૌડપાદની માણ્ડૂક્યકારિકાઓ લખાઈ હતી. તેમાં તો જ્યાં ત્યાં બધે બુદ્ધની સ્તુતિ જ કરેલી છે એટલું જ નહિ, પણ અકબરના વખતમાં લખેલા અલ્લોપનિષદનો પણ ઉપનિષદોમાં સમાવેશ કરવામાં આવ્યો છે!

---

* પૃષ્ઠ ૪૮–૫૦ અને ૧૭૦–૧૭૨ જુઓ.

ઉપનિષદોએ આત્મવાદ અને તપશ્ચર્યા શ્રમણસંપ્રદાયમાંથી લીધાં છે, એમાં શંકાને સ્થાન નથી. કારણ કે એ બન્નેને યજ્ઞયાગાદિની સંસ્કૃતિ સાથે કશો સંબંધ નથી. આજકાલ જેવી રીતે આર્ય અને બ્રાહ્મ સમાજ બાયબલનો એકેશ્વરીવાદ વેદ કે ઉપનિષદાદિ ગ્રંથોપર લાદવા માગે છે, તેવી જ રીતે આત્મવાદ અને તપશ્ચર્યા વેદો ઉપર લાદવાનો ઉપનિષદોનો પ્રયત્ન દેખાય છે. ફક્ત એમણે શ્રમણોની અહિંસા સ્વીકારી નથી. તેને લીધે તેઓ વૈદિક રહ્યા. એમ છતાંય, ચુસ્ત મીમાંસક આજે પણ ઉપનિષદોને વૈદિક ગણવા તૈયાર નથી !

જેમને પાલિ સાહિત્ય કે તેનાં અંગ્રેજી ભાષાંતરો વાંચવાં શક્ય છે, તેમને માટે બૌદ્ધકાલીન ઇતિહાસસંશોધનના કામમાં આ પુસ્તક ઉપયોગી થશે એવી મને આશા છે. પણ જેમની પાસે એવો વખત નહિ હોય, તેમણે ઓછામાં ઓછાં નીચેનાં પાંચ પુસ્તકો તો અવશ્ય વાંચવાં.

૧. બુદ્ધ, ધર્મ અને સંઘ, ૨. બુદ્ધલીલાસારસંગ્રહ, ૩. બૌદ્ધ સંઘનો પરિચય, ૪. સમાધિમાર્ગ, ૫. હિંદી સંસ્કૃતિ અને અહિંસા.

આ પુસ્તક લોકપ્રિયતા મેળવવા માટે લખ્યું નથી; કેવળ સત્યાન્વેષણબુદ્ધિથી લખ્યું છે. તે ક્યાં સુધી લોકાદરને પાત્ર ઠરશે એ કહેવું મુશ્કેલ છે. તેમ છતાંય સુવિચાર પ્રકાશન મંડળના સંચાલકોએ આ પુસ્તકને પોતાની ગ્રંથમાળામાં સ્થાન આપ્યું તે માટે હું તેમનો ઘણો આભારી છું. નિર્વિકાર બુદ્ધિથી પ્રાચીન ઇતિહાસનો વિચાર કરવાવાળા અનેક મહારાષ્ટ્રીય વાંચકો છે અને તેઓ આ પુસ્તકને આશ્રય આપીને સુવિચાર પ્રકાશન મંડળના પ્રયત્નને સફળ કરશે, એવો મને વિશ્વાસ છે.

પ્રો. શ્રીનિવાસ નારાયણ બનહટ્ટીએ પ્રૂફો વાંચવાના કામમાં મને મદદ કરી તે માટે હું તેમનો આભાર માનું છું.

**ધર્માનન્દ કોસમ્બી**

# ભક્તપંડિત ધર્માનન્દ કોસમ્બી

આ ગ્રન્થના મૂળ લેખક શ્રી ધર્માનન્દ કોસમ્બી પાલિ ભાષા અને પાલિ સાહિત્યના ભારે મોટા પંડિત હતા. બૌદ્ધ ધર્મને લગતા સમગ્ર મૌલિક સાહિત્યનો તેમણે ઊંડો અભ્યાસ કર્યો અને તેમની પોતાની સાચી વિદ્વત્તાને લીધે તેમણે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવી. પણ તેમની બધી મહેનત કેવળ વિદ્વત્તા મેળવવા માટે ન હતી. તેઓ બુદ્ધ ભગવાનના અનન્ય ભક્ત હતા; અને તેથી તેમણે જે કાંઈ મેળવ્યું, જે કાંઈ કર્યું અને સાહિત્યપ્રવૃત્તિ દ્વારા જે કાંઈ આપ્યું, તે બધું જ 'બહુજનહિતાય, બહુજનસુખાય' હતું.

એમણે લખેલું ભગવાન બુદ્ધનું આ ચરિત્ર અનેક દૃષ્ટિએ મૌલિક છે. આના વાંચનથી આપણને ભગવાન બુદ્ધ વિષેની સાચી, આધારભૂત અને પ્રામાણિક માહિતી મળે છે.

આજકાલ ભગવાન બુદ્ધ વિષે આપણને જે સાહિત્ય વાંચવા મળે છે, તે બધું ઓછાવત્તા પ્રમાણમાં અંગ્રેજી લેખકોએ લખેલાં ચરિત્રોનું સારરૂપ જ હોય છે. સર એડ્‌વિન આર્નોલ્ડે 'લાઈટ ઑફ એશિયા' નામનું કાવ્ય લખ્યું અને તે દ્વારા ભગવાન બુદ્ધની પૌરાણિક કથા દુનિયા આગળ મૂકી. તે એટલી બધી આકર્ષક નીવડી કે પૂર્વ અને પશ્ચિમ એ બન્ને દેશોના શિક્ષિત લોકો પર એની ઘણી જ ઊંડી અસર પડી. 'લાઈટ ઑફ એશિયા' માં આપેલા ભગવાન બુદ્ધના ચિત્રને માટે આખી દુનિયા હમેશને માટે એડ્‌વિન આર્નોલ્ડની ઋણી રહેશે. પણ તેમણે ફક્ત એક કાવ્યમય ચિત્ર જ આપ્યું હતું. પોલ કરસે પણ આવું જ એક આકર્ષક ચિત્ર અંગ્રેજી ગદ્યમાં આપ્યું છે. ત્યારપછી અનેક વિદ્વાનોએ ઘણી શોધખોળ કરીને બુદ્ધચરિત્રો લખ્યાં છે. કોઈ ભારતીય વ્યક્તિએ મૂળ પાલિ

બૌદ્ધ ગ્રન્થ 'ત્રિપિટક' તેમજ બીજા આધારગ્રંથોનું ચિકિત્સાપૂર્વક દોહન કરીને તેમના આધાર પર જ લખેલો પહેલવહેલો કોઈ ચરિત્ર-ગ્રંથ હોય તો તે ધર્માનન્દ કોસમ્બીએ લખેલું આ ચરિત્ર જ છે. આ પ્રાચીન સામગ્રીમાં પણ જેટલો ભાગ બુદ્ધિગ્રાહ્ય છે તેટલો જ તેમણે લીધો છે. પૌરાણિક ચમત્કાર, અસંભવિત વસ્તુઓ વગેરે બધું છોડી દઈને તેમણે જે કાંઈ લખ્યું છે તેને માટે ઠેકઠેકાણે તેમણે મૂળગ્રંથોનાં પ્રમાણો પણ આપ્યાં છે. આ રીતે, બૌદ્ધ સાહિત્ય અને જૈન સાહિત્યમાં તે સમયની સામાજિક, ધાર્મિક અને રાજકીય પરિસ્થિતિની જે જે માહિતી મળી શકી, તેનો લાભ લઈને આ ગ્રંથમાં ભગવાન બુદ્ધના સમયની પરિસ્થિતિ પર નવો જ પ્રકાશ પાડવામાં આવ્યો છે.

ભગવાન બુદ્ધને માટે અનન્ય નિષ્ઠા હોવા છતાં ધર્માનન્દજીએ અસાધારણ સત્યનિષ્ઠાથી, નિર્ભય થઈને, જે યોગ્ય લાગ્યું તે જ આમાં લખ્યું છે. એમને સામાન્ય જનતાના હિતને માટે લખવું હતું, તેથી ધર્માનન્દજીએ આ ચરિત્ર, તેમ જ પોતાનાં બીજાં પુસ્તકો, સામાન્ય માણસ સમજી શકે એવી સરળ અને સાદી ભાષામાં લખ્યાં છે.

પાલિ ભાષા ઉપર એમનું એટલું બધું પ્રભુત્વ હતું કે તે જાણે પોતાની જન્મભાષા હોય એટલી સરળતાથી તેઓ તે ભાષામાં લખી શકતા. એમણે બૌદ્ધ ગ્રંથોપર પાલિભાષામાં જે ટીકાઓ લખી છે, તેમાં તેમણે પોતાની વિદ્વત્તાનો ઉપયોગ સાદી વાતોને અઘરી કરવા માટે અને અઘરી વાતોને વધુ અઘરી કરવા માટે કર્યો નથી.

ભારતવર્ષના લોકો ભગવાન બુદ્ધને ભૂલી ગયા છે, અને તેમના કલ્યાણમય ધર્મ વિષે પંડિતોમાં પણ વિકૃત માન્યતાઓ ફેલાઈ છે, એમ જોઈને ધર્માનન્દજીએ પોતાના સમગ્ર અધ્યયનનો સાર લોકસુલભ શૈલીમાં મરાઠી ભાષામાં આપ્યો છે. એનું જ ગુજરાતી ભાષાંતર મહાત્મા ગાંધીજીના ગુજરાત વિદ્યાપીઠે પ્રકાશિત કર્યું હતું.

ધર્માનન્દ કોસમ્બીનો જન્મ ઈ. સ. ૧૮૭૬માં ગોવાના એક નાનકડા ગામમાં થયો હતો. ગોવામાં સરકારે કેળવણીની કશી જ વ્યવસ્થા કરી ન હતી. તેથી ખાનગી રીતે તેઓ થોડું મરાઠી અને સંસ્કૃત શીખ્યા. તેમનો ઘણોખરો વખત પોતાની વાડીના નાળિયેરના વૃક્ષોને પાણી પાવામાં જતો. એ જ અરસામાં એમણે 'બાલબોધ' નામના એક મરાઠી બાલમાસિકમાં ભગવાન બુદ્ધનું જીવનચરિત્ર વાંચ્યું. તેની તેમના પર એટલી બધી અસર થઈ કે તેમણે બાકીની બધી વસ્તુઓ છોડી દઈને બૌદ્ધ ધર્મનું જ્ઞાન મેળવવાનો નિશ્ચય કર્યો. તેઓ પોતાના જીવનચરિત્રમાં લખે છે, "મને એમ થયું કે ગમે તેટલાં સંકટો આવે, ગમે તેટલી મુસીબતો વેઠવી પડે, તોપણ મને બુદ્ધોપદેશનું જ્ઞાન થશે તો જ મારું જીવન સફળ થઈ જશે."

કૌટુમ્બિક આપત્તિઓને લીધે ધર્માનન્દજીના મનમાં ગૃહસ્થાશ્રમ વિષે વૈરાગ્ય ઉત્પન્ન થયો અને બાવીસ વર્ષની ઉંમરે એમણે ઘરનો ત્યાગ કર્યો. મુંબઈમાં પ્રાર્થનાસમાજની ઓફિસમાં રહીને તેમણે થોડોઘણો અભ્યાસ કર્યો. પછી પૂના જઈને તેઓ મહાપંડિત ડૉ. ભાંડારકરને મળ્યા. પછી ગ્વાલિયર અને બનારસ જઈને તેમણે સંસ્કૃતનો ઊંડો અભ્યાસ કર્યો. આટલું કર્યા પછી મૂળ સંકલ્પને અનુસરીને બૌદ્ધ ધર્મનું જ્ઞાન મેળવવા માટે, નેપાળ ભગવાન બુદ્ધની જન્મભૂમિ હોવાથી, તેઓ પહેલાં નેપાળ ગયા અને ત્યાંથી બોધિગયા ગયા. બોધિગયામાં તેમને ખબર મળ્યાં કે બૌદ્ધ શાસ્ત્રોનો–ત્રિપિટક ગ્રન્થોનો—અભ્યાસ તો લંકામાં જ થઈ શકશે.

જુવાન ધર્માનન્દ અનેક રીતે અસહાય હોવા છતાં અનેક જાતની મુસીબતો વેઠીને લંકા પહોંચી ગયા. ત્યાં દીક્ષા લઈને મહાસ્થવિર સુમંગલાચાર્યની પાસે રહીને તેમણે પાલિ ગ્રંથોનો ઊંડો અભ્યાસ કર્યો. ત્યારપછી બ્રહ્મદેશ જઈને ત્યાં તેમણે ધ્યાન–માર્ગનો અભ્યાસ કર્યો અને ત્યાંથી તેઓ ભારત પાછા આવ્યા. ધર્મ-જિજ્ઞાસાથી પ્રેરાઈને એમણે આ જે દેશવિદેશનો લાંબો પ્રવાસ ખેડ્યો તેનો ઇતિહાસ ખરેખર રોમાંચક છે.

સનાતન ધર્મ અને બુદ્ધ ધર્મમાં એક મોટો ફરક આ છે કે, સનાતન ધર્મમાં બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસની સીડી ક્રમ વાર રચી છે. એક આશ્રમ પૂરો કર્યા પછી જ બીજા આશ્રમમાં જઈ શકાય છે. પાછા ફરવાની છૂટ નથી. આ જ કારણસર ગુરુ, બને ત્યાં સુધી, કોઈને સંન્યાસની દીક્ષા સહેલાઈથી આપતા નહિ.

બૌદ્ધ ધર્મની દૃષ્ટિ જુદી છે. તેમાં માબાપ એમ માને છે કે દીકરો ઉમર લાયક થાય એટલે તરત જ તેને સર્વશ્રેષ્ઠ ભિક્ષુધર્મની દીક્ષા આપવી એ તેમનું કર્તવ્ય છે. પછી જો પુત્રને એવો અનુભવ થાય કે આ ઊંચી વસ્તુ એને માટે અનુકૂળ નથી, તો તે સ્વેચ્છાથી નીચે ઊતરી શકે છે. બૌદ્ધ ધર્મનો એવો રિવાજ છે કે ભિક્ષુવ્રત સ્વીકારી લીધા પછી કોઈને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાની ઇચ્છા થાય તો તે પોતાના ગુરુની અનુમતિ લઈને તેમ કરી શકે છે. ધર્માનન્દજીએ પણ એમ જ કર્યું.

ભારત પાછા ફર્યા પછી ધર્માનન્દજીએ બૌદ્ધ ધર્મના જ્ઞાનનો પોતાના લોકોમાં પ્રચાર કરવાની દૃષ્ટિએ કલકત્તા યુનિવર્સિટીમાં કામ લીધું. ત્યાં થોડુંએક કામ કર્યા પછી મહારાષ્ટ્રમાં જઈને તેઓ વડોદરાનરેશ શ્રી સયાજીરાવ ગાયકવાડને મળ્યા. ખાવાપીવાની બાબતમાં નિશ્ચિન્ત થઈને સ્વતંત્ર રીતે ગમે તે કામ કરી શકાય એવી વ્યવસ્થા સયાજીરાવે કરી આપી. પૂના આવીને ધર્માનન્દજીએ ડૉ. ભાંડારકરની મદદથી મુંબઈ યુનિવર્સિટીમાં પાલિ ભાષાનો અભ્યાસ દાખલ કરાવ્યો.

આ જ અરસામાં અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીના ડૉ. જેમ્સ વુડ્સ ભારતમાં આવ્યા. કોઈ લાયક પાલિ પંડિતને હાથે 'વિસુદ્ધિ-મગ્ગ' જેવા જટિલ ગ્રન્થનું સંપાદન હાર્વર્ડમાં કરાવવું એવી તેમની ઇચ્છા હતી. પ્રોફેસર વુડ્સના આગ્રહને લીધે ધર્માનન્દજી અમેરિકા ગયા. ત્યાં કેટલીક મુશ્કેલીઓ જણાવવાથી તેમણે તે કામ મૂકી દીધું અને સ્વમાન સાચવીને સ્વદેશ પાછા ફર્યા. ભારત આવીને તેમણે ફર્ગ્યુસન કૉલેજમાં પાલિ શિખવવાનું કામ લીધું અને સારા

સારા વિદ્યાર્થીઓને પાલિ સાહિત્યમાં નિષ્ણાત બનાવ્યા. ૭ વર્ષ પછી તેઓ ફરી અમેરિકા ગયા અને ત્યાં તેમણે 'વિસુદ્ધિમગ્ગ'નું કામ પૂરું કર્યું.

ભારતમાં કલકત્તા, વડોદરા, અમદાવાદ, પૂના, બનારસ ઇત્યાદિ જગ્યાએ રહીને તેમણે અનેક વિદ્યાર્થીઓ તૈયાર કર્યા. તે બધા આજે પાલિ સાહિત્યના નિષ્ણાત તરીકે પ્રસિદ્ધ થયા છે. મહાત્મા ગાંધીજીના ગુજરાત વિદ્યાપીઠનું નિમંત્રણ મળ્યું એટલે તેમણે ત્યાં જઈને અનેક પુસ્તકો લખ્યાં અને પંડિત સુખલાલજી, મુનિ જિનવિજયજી, શ્રી બેચરદાસજી અને રસિકલાલ પરીખ જેવા જૈન વિદ્વાનોની સાથે મળીને તેમણે જૈન અને બૌદ્ધ સાહિત્યનો તુલનાત્મક અભ્યાસ કરવામાં ઘણી મદદ કરી.

૧૯૨૯ની સાલમાં પાલિના રશિયન પંડિત પ્રો. શેરબેટ્સ્કીના નિમંત્રણથી તેઓ રશિયા જઈ આવ્યા.

ધર્માનન્દજી જ્યારે અમેરિકામાં હતા ત્યારે પંજાબના ક્રાન્તિકારી નેતા લાલા હરદયાલની સાથે તેમને ખાસ પરિચય થયો અને તેમના વિચારો સમાજવાદ તરફ વળ્યા. રશિયામાં સામ્યવાદનો પ્રત્યક્ષ પ્રયોગ તેમને જોવા મળ્યો. પોતાની તત્ત્વનિષ્ઠ દૃષ્ટિથી એમણે સામ્યવાદના ગુણદોષ જોઈ લીધા.

'બહુજનહિતાય, બહુજનસુખાય' એ જ જેમનું અવતારકાર્ય હતું એવા ભગવાન બુદ્ધના ભક્ત સ્વરાજ્યની ચળવળથી અલિપ્ત રહે એ કેમ સંભવે? ૧૯૩૦ની સાલમાં જ્યારે તેઓ રશિયાથી પાછા ફર્યા ત્યારે ભારતમાં સ્વાતંત્ર્યની ચળવળ જોસભેર ચાલતી હતી. ધર્માનન્દજીએ તેમાં પૂરા ઉત્સાહથી ભાગ લીધો. મીઠાના સત્યાગ્રહમાં જોડાઈને સ્વયંસેવકોને તૈયાર કરવાનું કામ તેમણે પોતાને માથે લીધું અને પોતે કારાવાસનો અનુભવ પણ લીધો. આ પછી તેઓ ચોથી વાર અમેરિકા ગયા—ત્યાંથી પાછા ફરીને તેઓ બનારસમાં રહ્યા અને ત્યાં 'હિન્દી સંસ્કૃતિ અને અહિંસા' નામનું પુસ્તક

તેમણે લખ્યું. ધર્મચિન્તન અને ધર્મચર્ચાને પરિણામે ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિને અંગે તેમણે જે નિર્ણયો તારવ્યા હતા તેનો સાર તેમણે આ પુસ્તકમાં નીડરતાથી અને સ્પષ્ટતાથી આપ્યો છે. કુદરતી રીતે જ એમના નિર્ણયો સારી પેઠે વિવાદાસ્પદ બન્યા છે.

આ પછી મુંબઈ જઈને મજૂરોની વચ્ચે એક આશ્રમ ખોલીને તેઓ ત્યાં રહેવા લાગ્યા. તેમનો એ બહુજનવિહાર આજે અનેક પરદેશી બૌદ્ધ સાધુઓને આશ્રય આપે છે.

મુંબઈનું કામ છોડીને ધર્માનન્દજી સારનાથ જઇ રહ્યા અને ત્યાં જગદીશ કાશ્યપ જેવા વિખ્યાત પાલિ પંડિતોને જરૂરી મદદ આપવા લાગ્યા.

જૈન ધર્મના ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથના ચાતુર્યામધર્મની એમના મનપર ઊંડી છાપ પડી હતી. તેમાં જ એમને આધ્યાત્મિક સમાજવાદ દેખાયો. પાર્શ્વનાથના ચાતુર્યામ-ધર્મ પર એમણે એ દૃષ્ટિએ એક નાનકડી ચોપડી પણ લખી. તે તેમના દેહાન્ત પછી ધર્માનન્દ સ્મારક ટ્રસ્ટે પ્રકાશિત કરી છે.

પાર્શ્વનાથના ધર્મોપદેશની એમના મન પર એટલી ઊંડી અસર થઈ કે એમને પણ લાગવા માંડયું કે શરીર ક્ષીણ થઈને પોતાની મેળે ખરી પડે ત્યાંસુધી મૃત્યુની રાહ જોતાં રહેવું એ માણસને માટે શોભાસ્પદ નથી. જ્યાંસુધી શરીરનો ઉપયોગ છે ત્યાંસુધી જ તેને ટકાવી રાખવું જોઈએ. જ્યારે શરીરથી વિશેષ સેવા થવાનો સંભવ ન રહે, ત્યારે માણસે ખાવાપીવાનું મૂકી દઈને પોતાની મેળે શરીરનો—આ ખોળિયાનો—ત્યાગ કરવો જોઈએ.

પાર્શ્વનાથની આ જીવનદષ્ટિ કોસમ્બીજીને એટલી બધી ગમી ગઈ કે તેમણે શરીરનો ત્યાગ કરવાના હેતુથી ઉપવાસ શરૂ કર્યા. જ્યારે ગાંધીજીએ આ વાત જાણી ત્યારે તેમણે કોસમ્બીને રોક્યા. ધર્માનન્દજીએ મહાત્માજીની આજ્ઞા માથે ચઢાવીને ઉપવાસ તો છોડયો, પરંતુ તેમણે જે માનવસહજ જિજીવિષાને સફળતાપૂર્વક પાછી ખેંચી

હતી તેની પુનઃસ્થાપના થઈ શકી નહિ. તેઓ થોડા દિવસ બનારસ રહ્યા, પછી મુંબઈ રહ્યા, અને છેવટે ગાંધીજીના સેવાગ્રામ આશ્રમમાં રહેવું તેમણે પસંદ કર્યું. ત્યાં જ તા. ૫ મી જૂન ૧૯૪૭ને રોજ એમનો દેહ ક્ષીણ થઈને છૂટી ગયો.

એમના મૃત્યુના સમાચાર મળ્યા ત્યારે મહાત્માજીએ દિલ્હીની પોતાની પ્રાર્થનાસભામાં કહ્યું, "આપણે એવા થયા છીએ કે જે માણસ પોતાના કામનો ઢંઢેરો પીટતો ફરે છે અને રાજકારણમાં ઠેકડા લગાવે છે, તેને જ આપણે આસમાન પર ચઢાવીએ છીએ, પણ મૂંગું કામ કરવાવાળાનો આપણે ભાવ પૂછતા નથી. કોસમ્બીજી એવા જ એક મૂક કાર્યકર્તા હતા."

ગાંધીજીએ ધર્માનન્દજીના સ્મારકમાં એક યોજના તૈયાર કરવાનો આદેશ આપ્યો અને બૌદ્ધ ધર્મ અને સાહિત્યનો શ્રદ્ધાપૂર્ણ અભ્યાસ કરવા માટે કેટલાક વિદ્યાર્થીઓને લંકા મોકલી આપવાની વ્યવસ્થા કરી. ધર્માનન્દજીના બધા ગ્રન્થોનું પ્રકાશન સુલભ થઈ જાય એવી વ્યવસ્થા પણ તેમણે કરી આપી.

સનાતન ધર્મ હોય, જૈન ધર્મ હોય, કે બૌદ્ધ ધર્મ હોય, કોઈ પણ ધર્મને માટે તેમના મનમાં આગ્રહ ન હતો. મિત્રો એમ કહે છે કે તેઓ જન્મથી બ્રાહ્મણ ધર્મમાં ઊછર્યા હોવાથી એ ધર્મના રીત-રિવાજો માટે અને બ્રાહ્મણોના સામાજિક દૃષ્ટિકોણ માટે એમના મનમાં કંઈક કટુતા પેદા થઈ હતી. એ સાચું હોય કે ન હોય, પણ પોતાના ગ્રન્થો દ્વારા તેમજ ઉપદેશો દ્વારા અને ખાસ કરીને પોતાના વિશાળ શિષ્યસમૂહ દ્વારા, એમણે ભગવાન બુદ્ધનું જીવન, વ્યક્તિત્વ અને એમનો ઉપદેશ—એ બધાંને લગતું સત્ય જ્ઞાન ફેલાવવાનો સમર્થ પ્રયત્ન કર્યો. ભગવાન બુદ્ધનો ઉપદેશ આજના સમાજમાં કેવી રીતે પ્રત્યક્ષ અમલમાં લાવી શકાય એ પણ તેમણે બતાવ્યું.

મહાત્માજી વિષે અખૂટ આદર અને શ્રદ્ધા હોવા છતાં જ્યાં ગાંધીજીની વાતો એમને ગળે ઊતરી નહિ ત્યાં તેના પર ટીકા

કરવામાં પણ તેમણે ક્યારેય સંકોચ રાખ્યો નથી.

ધર્માનન્દજી એ નિર્ણય પર આવ્યા હતા કે પાર્શ્વનાથના ચાતુર્યામ-ધર્મમાંથી જ બૌદ્ધ અને જૈન એ બે ધારાઓ નીકળી છે. તેઓ એમ પણ માનતા હતા કે બૌદ્ધ અને જૈન વિચાર-પદ્ધતિના મૂળમાં જે દાર્શનિક જીવનદૃષ્ટિ છે, એનો સ્વીકાર કરવાથી જ સમાજવાદ અને સામ્યવાદ કૃતાર્થ થઈ શકશે અને માનવજાતિનું કલ્યાણ સાધવાની સાધના આજના માનવના હાથમાં આવી જશે.

આ જ કારણસર મહાત્માજીના વિચારોની ઊંડી અસર ધર્માનન્દજીના હૃદય પર પડી હતી અને એમના મનમાં એવી શ્રદ્ધા દૃઢ થઈ હતી કે પોતાનું જીવન ગાંધીકાર્યમાં વ્યતીત કરવામાં સાચી કૃતાર્થતા છે.

એમનો જન્મ ગોવામાં થયો હતો તેથી પોતાના અન્તિમ સમયમાં તેઓ કહેતા હતા કે આજે શરીર સારું હોત તો ગોવાના સ્વાતંત્ર્યસંગ્રામમાં જરૂર કંઈક તો ભાગ મેં લીધો હોત. શરીર ક્ષીણ થયું હતું તે છતાં જ્યારે એમણે મહાત્માજીને નોઆખલીમાં કામ કરતા જોયા ત્યારે ખૂબ જ દુ:ખથી તેઓ બોલી ઊઠ્યા, "અરેરે! આ જ રીતે હું પણ ગોવા જઈને પોતાની જન્મભૂમિના સ્વાતંત્ર્ય માટે લડતો લડતો પોતાના દેહનું વિસર્જન કરી શક્યો હોત તો!"

ધર્માનન્દજીની બુદ્ધભક્તિની સાચી સ્ફૂર્તિ પાંડિત્યમાં નહિ, પણ શીલમાં, ચારિત્ર્યમાં હતી. તેઓ બધી જાતની મુશ્કેલમાં મુશ્કેલ અને વિપરીતમાં વિપરીત પરિસ્થિતિઓમાં રહ્યા અને ફર્યા, તેમ છતાં તેઓ નિષ્પાપ અને ધોયેલ ચોખાની જેમ નિર્મળ રહ્યા. શીલનો આટલો દૃઢ આગ્રહ હોવાને લીધે જ એમને શાન્તિદેવાચાર્યનું 'બોધિચર્યાવતાર' નામનું પુસ્તક એટલું બધું ગમી ગયું કે એમણે તેનો ગુજરાતી અને મરાઠી અનુવાદ કરી નાખ્યો. પોતાના જ મનને સુવાસિત કરવા માટે શાન્તિદેવાચાર્યે જે આ પુસ્તક લખ્યું હતું,

તેમાં બધે શીલની સુગંધ ભરાઈ છે, તેથી જ ધર્માનન્દજી તે પુસ્તક ઉપર મુગ્ધ થઈ ગયા હતા.

એમના નિર્મલ શીલનો એક સુંદર દાખલો ધ્યાનમાં રાખવા જેવો છે. એક વખત વડોદરામાં સમ્રાટ અશોક પર તેઓ ભાષણ કરવાના હતા અને સભાના અધ્યક્ષ વડોદરાનરેશ શ્રી સયાજીરાવ પોતે હતા. ભાષણ કરતાં પહેલાં ધર્માનન્દજીને જાણવા મળ્યું કે રાજ્યના અમુક વિભાગની જનતાએ પોતાના વિભાગની દારૂની દુકાનો બંધ કરવાની મહારાજાને વિનંતી કરી હતી. એના જવાબમાં મહારાજાએ કહ્યું હતું કે એ દુકાનોમાંથી સરકારને જે પ્રાપ્તિ થાય છે ો બીજી રીતે પૂરી કરી આપવામાં આવે તો જ દુકાનો બંધ કરવામાં આવશે. ધર્માનન્દજીએ પોતાના ભાષણમાં કહ્યું કે "અશોકે પોતાના રાજ્યમાં દારૂબંધી કરી હતી. તેણે એમ ન હતું કહ્યું કે દારૂબંધીથી આવકમાં જે નુકસાન થશે તે બીજી રીતે ભરી દેવાય તો જ હું દારૂબંધી કરીશ." મહારાજા ભાષણ પછી ફક્ત એટલું જ કહીને ચાલ્યા ગયા કે, "ધર્માનન્દ, આજે આપે મને સારો પાઠ આપ્યો છે."

અને બધા લોકોને લાગ્યું કે મહારાજા ગુસ્સે થયા છે અને તેઓ ધર્માનન્દજીને અપાતી મદદ બંધ કરી દેશે. પણ પરિણામ જુદું જ આવ્યું. બીજે દિવસે હુકમ નીકળ્યો કે દારૂની એ બધી દુકાનો બંધ કરવામાં આવે !

## કોસમ્બીજીનું સાહિત્ય

બૌદ્ધ લોકો પોતાની દીક્ષાની શરૂઆતમાં 'શરણ–ત્રય'ની ઘોષણા કરે છે. એને અનુસરીને જ ધર્માનન્દજીએ સૌથી પહેલાં બુદ્ધ, ધર્મ અને સંઘ એ ત્રણે વિષે કેટલાંક વ્યાખ્યાનો આપ્યાં અને એની એક નાનકડી ચોપડી એમણે પહેલાં પ્રસિદ્ધ કરી.

તે પછી પાલિ–પરમ્પરાને અનુસરીને એમણે ભગવાન બુદ્ધના પૂર્વજન્મની કેટલીક કથાઓ, ગૌતમ બુદ્ધનું વિસ્તૃત જીવનચરિત્ર અને એમના ધર્મોપદેશનો સાર એ ત્રણેનો સમાવેશ કરીને

'બુદ્ધ–લીલા–સાર–સંગ્રહ' નામનું એક અત્યંત રોચક અને સુબોધ ગ્રંથ લખ્યો. આ ગ્રંથે ઘેર ઘેર પ્રવેશ મેળવ્યો અને બૌદ્ધ ધર્મની બાબતમાં ઉત્સાહ સાથે પૂરતી માહિતીનો લોકોમાં પ્રસાર થયો.

ભગવાન બુદ્ધે પોતાના હજારો ભિક્ષુઓનું સંઘટન કરવા માટે અને એમનું જીવન સાધનાપૂત બનાવવા માટે જે નિયમો બનાવ્યા હતા, તે 'વિનયપિટક' માં આપ્યા છે. મેં એમનો સારાંશ ધર્માનન્દજી પાસે માગ્યો અને પરિણામે 'બૌદ્ધસંઘનો પરિચય' નામનો ગ્રંથ આપણને મળ્યો.

પાલિ સાહિત્યમાં ભગવાન બુદ્ધનો ઉપદેશ 'ધમ્મપદ' અને 'સુત્તનિપાત' એ બે ગ્રંથોમાં સુન્દર રીતે આપ્યો છે. તેથી આ બન્નેનો અનુવાદ ધર્માનન્દજીએ કર્યો અને નિત્યપાઠ માટે મરાઠી અનુવાદ સાથે એક પાલિ 'લઘુપાઠ' પણ તૈયાર કર્યો. મહાયાન પંથના સન્તોમાં શાન્તિદેવાચાર્યનું સ્થાન ઘણું ઊંચું છે. એમના અનેક ગ્રંથોમાં 'બોધિચર્યાવતાર' સૌથી શ્રેષ્ઠ ગણાય છે. તેનો પણ અનુવાદ ધર્માનન્દજીએ કરી રાખ્યો છે.

વિસુદ્ધિમગ્ગ બૌદ્ધ સાધનાનું સ્પષ્ટીકરણ કરતો સૌથી મહત્ત્વનો ગ્રંથ છે. એનું જ સંશોધન કરવા માટે ધર્માનન્દજીને ચાર વખત અમેરિકા બોલાવવામાં આવ્યા હતા. આ ગ્રંથ પર એમણે પાલિ ભાષામાં 'દીપિકા' નામની ટીકા લખી અને તેનો સાર મરાઠી તથા ગુજરાતીમાં 'સમાધિમાર્ગ'ના નામથી આપ્યો.

બૌદ્ધસાહિત્યમાં 'જાતકકથાઓ' સૌથી આકર્ષક છે. તેમાં બુદ્ધના પૂર્વજન્મોની વાતો આવે છે. એનો સંગ્રહ થયો છે અને તેનો ગુજરાતી અનુવાદ ક્યારનો પ્રસિદ્ધ થઈ ગયો છે.

વ્યાધિ, જરા અને મૃત્યુનું દર્શન કરીને આશ્ચર્યચકિત થયેલા રાજપુત્ર સિદ્ધાર્થ ગુપ્ત રીતે ઘર છોડીને ભાગી ગયા, એવી જે બુદ્ધના ગૃહત્યાગની કાવ્યમય કથા લોકોમાં પ્રચલિત છે તે તદ્દન કાલ્પનિક છે. ભગવાન બુદ્ધે ગૃહત્યાગ કેમ કર્યો એ વિષેની પોતાની મીમાંસા અને

તેનાં પ્રમાણો લોકોની સામે વ્યવસ્થિત રીતે મૂકવા માટે ધર્માનન્દજીએ એક નાનકડું નાટક લખ્યું. તે 'બોધિસત્ત્વ નાટક' નામથી મરાઠીમાં પ્રસિદ્ધ થયું છે. 'અભિધમ્મ' પર પણ એમણે એક 'નવનીત ટીકા' લખી છે અને તે વિષય પર ગુજરાતીમાં લખ્યું છે.

ગુજરાત વિદ્યાપીઠમાં રહીને જેવી રીતે તેમણે અધ્યાપનનું કાર્ય કર્યું, તેવી જ રીતે જૈન ધર્મ અને સાહિત્યનો અભ્યાસ પણ ત્યાં કર્યો. અમેરિકામાં રહીને લાલા હરદયાલના સહવાસમાં એમણે સમાજ-સત્તાવાદનો અભ્યાસ કર્યો જ હતો. આ બધા અભ્યાસના પરિપાક રૂપે એમણે બે પુસ્તકો લખ્યાં—(૧) 'હિન્દી સંસ્કૃતિ અને અહિંસા' અને (૨) 'પાર્શ્વનાથનો ચાતુર્યામ-ધર્મ.'

આત્મચરિત્રને લગતાં 'નિવેદન' અને 'ખુલાસો' એ બે પુસ્તકો એમણે લખ્યાં. 'નિવેદન' મરાઠી અને ગુજરાતીમાં પ્રસિદ્ધ થયું છે. 'ખુલાસો' અપ્રકાશિત છે.

**કાકાસાહેબ કાલેલકર**

# ૧

# આર્યોનો જય

## ઉષાદેવીનાં સૂક્તો

ઋગ્વેદમાં જે ઉષાદેવીનાં સૂક્તો મળે છે, તેના ઉપરથી લોકમાન્ય તિલકે પોતાના The Arctic Home in the Vedas નામના પુસ્તકમાં આર્યલોકો ઉત્તરધ્રુવ તરફ રહેતા હતા, એવું સાબીત કરવાનો પ્રયત્ન કર્યો છે. '**सदृशीरद्य सदृशीरिदु श्वो दीर्घं सचन्ते वरुणस्य धाम।**' **ऋ**. ૧/૧૨૩/૮ (આજ અને કાલ એ સરખાં જ છે. તે દીર્ઘકાળ સુધી વરુણના ઘરમાં જાય છે.)[1] લોકમાન્યનું એવું માનવું છે કે આ અને આવી જાતની બીજી ઋચાઓ ઉત્તરધ્રુવ તરફના ઉષઃકાળને ઉદ્દેશીને લખાઈ છે; દીર્ઘકાળ સુધી ઉષા વરુણના ઘરમાં જાય છે, એનો અર્થ ત્યાં છ મહિના સુધી અંધારું હોય છે, એવો હોવો જોઈએ.

પરંતુ આ જ સૂક્તની બારમી ઋચામાં '**अश्वावतीर्गोमतीर्विश्ववारा**' એવાં ઉષાદેવીનાં વિશેષણો મળી આવે છે. 'જેમની પાસે ઘણાં ઘોડાઓ અને ગાયો છે અને જેઓ બધાને પૂજ્ય છે' એવો એનો અર્થ છે.[2] હાલમાં ઉત્તરધ્રુવ તરફ ઘોડાઓ અને ગાયો નથી જ; અને હજારો વર્ષો પહેલાં આ પ્રાણીઓ ત્યાં હતાં એમ કહેવા માટે કશો પણ આધાર મળતો નથી. આ એક જ સૂક્તમાં નહિ, પણ ઉષાદેવીનાં બીજાં સૂક્તોમાં પણ ઘોડાઓ અને ગાયો આપવાવાળી, ગાયોની

૧ 'Arctic Home in the Vedas' પૃષ્ઠ ૧૦૩ જુઓ.

૨ અહીં ઉષા બહુવચનાન્ત છે.

જન્મદાત્રી, એવાં એનાં વિશેષણો સારી પેઠે મળે છે. આ ઉપરથી આ ઋચાઓ કે સૂત્રો ઉત્તરધ્રુવ બાજુ રચાયાં નથી એ સાબીત થાય છે.

### ઇશ્તર

તો પછી દીર્ઘકાળ સુધી ઉષાઓ પાતાળમાં જાય છે એનો શો અર્થ કરવો? બાબિલોનિયન લોકોમાં ઘણા પ્રાચીન કાળથી પ્રચલિત એવી ઇશ્તર દેવતાની દંતકથાઓ ધ્યાનમાં લઈએ તો આનો અર્થ સહેજે સ્પષ્ટ થાય છે. તમ્મુજ કિંવા દમુત્સિ (વૈદિક દમૂનસ્) નામના દેવ પર ઇશ્તરને પ્રેમ થાય છે. પણ તે અચાનક મરી જાય છે. તેને જીવતો કરવા માટે અમૃત લાવવાના હેતુથી ઇશ્તર પાતાળમાં જાય છે. ત્યાંની રાણી અલ્લતુ એ ઇશ્તરની બહેન છે. તેમ છતાંય તે ઇશ્તરને સારી પેઠે દુઃખ દે છે; ધીરે ધીરે તેનાં બધાં ઘરેણાં કાઢી લઈને તે તેને રોગી બનાવે છે અને કેદમાં નાખે છે. ચાર કે છ મહિના આવી રીતે દુઃખ અને કેદ ભોગવ્યા પછી ઇશ્તર અલ્લતુ પાસેથી અમૃત મેળવી શકે છે; અને તે પાછી પૃથ્વીપર આવે છે.* ઇશ્તરની બીજી અનેક દંતકથાઓ છે, પણ તેમાં આ દંતકથા મુખ્ય જણાય છે. આનું વર્ણન બાબિલોનિયન સાહિત્યમાં બધે મળી આવે છે. ઋગ્વેદની ઉપરનાં જેવી ઋચાઓનો સંબંધ આ દંતકથાની સાથે છે, એમાં શંકા રાખવાનું કશું કારણ નથી.

ઇશ્તર પાતાળમાંથી ઉપર આવે છે, ત્યારે તેનો તે ઋતુમાં ઉત્સવ ઉજવાતો હતો; લાલ બળદોની ગાડીમાં તેની રથયાત્રા કાઢવામાં આવતી. ઘોડાઓની શોધ થયા પછી તેનો રથ ઘોડાઓ ખેંચવા લાગ્યા. '**एषा गोभिररुणेभिर्युजाना**' ऋ. ૫/૮૦/૩ (આ ઉષા, જેના રથને લાલ બળદ જોડ્યા છે.) '**वितद्ययुररुणयुग्भिरश्वैः**' ऋ. ૬/૬૫/૨ (અરુણવર્ણી ઘોડાઓના રથમાંથી ઉષાદેવી આવ્યાં.)

---

* Lewis Spence: Myths and Legends of Babylonia and Assyria, (1926), PP. 125–131.

## ઘોડાઓનો લડાઈમાં ઉપયોગ

ઇ. સ. પૂર્વે બે હજાર વર્ષો પહેલાં બાબિલોનિયામાં ઘોડાઓનો ઉપયોગ કરવાની કલ્પના જ ન હતી. રથને બળદ કે ગધેડાં જોડવામાં આવતાં; અને ત્યાંના લોકો ઘોડાઓને જંગલી ગધેડાં કહેતાં. બાબિલોનિયાના ઉત્તરમાં ડુંગરાળ પ્રદેશમાં રહેતા કેશી લોકો પહેલવહેલાં માલ લઈ જવા માટે ઘોડાઓનો ઉપયોગ કરવા લાગ્યા. તેઓ આ જંગલી ગધેડાંઓને લગામ નાખી, તેમના ઉપર સવાર થઈને અનાજ ભેગું કરવા વખતે બાબિલોનિયામાં આવતા; અને ત્યાંના ખેડૂતોને મદદ કરીને મજૂરીમાં મળેલું અનાજ પોતાના ઘોડા પર લાદીને લઈ જતા. કેશી લોકોને યુદ્ધકળાનું મુદ્દલ જ્ઞાન ન હતું. તે કળા તેઓ બાબિલોનિયન લોકો પાસે શીખ્યા અને તેમણે જ ઘોડાઓનો પહેલવહેલો લડાઈમાં ઉપયોગ કર્યો.[૧]

પોતાના અશ્વદળના બળને લીધે કેશીઓના ગંદશ નામના રાજાએ ઇ. સ. પૂર્વે ૧૭૬૦ની સાલમાં બાબિલોનિયામાં સાર્વભૌમ રાજ્ય સ્થાપ્યું. અને તે પછી તેના વંશજોની પરંપરા ચાલુ રહી.[૨] મુદ્દાની વાત એ છે કે, ઇ. સ. પૂર્વે અઢારસો વર્ષ પહેલાં લડાઈમાં ઘોડાઓનો ઉપયોગ કર્યાનો દાખલો ક્યાંય જડતો નથી; અને વેદોમાં તો જ્યાં ત્યાં ઘોડાઓનું મહત્ત્વ વર્ણવ્યું છે અને કેશીઓનો ઘોડાઓ સાથે નિકટનો સંબંધ બતાવ્યો છે. આ ઉપરથી આર્યોની સપ્તસિંધુ પરની ચડાઈ ઇ. સ. પૂર્વે સત્તરસો વર્ષ અગાઉ જઈ શકતી નથી, એ સ્પષ્ટ થાય છે.

### દાસ

આર્યોના આગમન પહેલાં સપ્તસિંધુ પ્રદેશમાં (સિંધ અને પંજાબ પ્રાંતોમાં) દાસોનું રાજ્ય હતું. દાસ શબ્દનો રૂઢ અર્થ ગુલામ

૧ L. W. King: A History of Babylon, (1915), P. 125.
૨ L. W. King: A History of Babylon, (1915), P. 214.

થઈ પડ્યો છે. પણ વેદોમાં દાસ્ અને દાશ્ એ બે ધાતુઓનો પ્રયોગ 'આપવું'ના અર્થમાં થાય છે; અને તે જ અર્થ આધુનિક કોશોમાં પણ આપવામાં આવ્યો છે. તેથી દાસ શબ્દનો મૂળ અર્થ, દાતા, ઉદાર ( Noble ) એવો હોવો જોઈએ. આવેસ્તાના ફ્રર્વદીનયસ્તમાં આ દાસનો અર્થ દેશના પિતરોની પૂજા થાય છે. તેમાં તેમને 'દાહિ' કહ્યું છે. ( We worship Fravashis of the holy men in the Dahi Countries.)

પ્રાચીન પર્શિયન ભાષામાં સંસ્કૃત સ નો ઉચ્ચાર હ થતો હતો. દા. ત., સપ્તસિંધુને આવેસ્તામાં હપ્તહિંદુ કહ્યું છે. તેને જ અનુસરીને દાસી અથવા દાસનું રૂપાંતર દાહિ થયું છે.

## આર્ય

આર્ય શબ્દ ઋ ધાતુમાંથી નીકળ્યો છે; અને જુદા જુદા ગણોમાં ઋ ધાતુનો અર્થ ઘણે ભાગે ગતિદર્શક જ છે. તેથી આર્ય શબ્દનો અર્થ ગતિ કરવાવાળો એવો થાય છે. આર્યોને ઘરબાર માંડીને રહેવું ગમતું ન હતું એમ જણાય છે. મોગલો જેવી રીતે તંબુઓમાં રહેતા, તેવી જ રીતે આર્ય લોકો તંબુઓમાં કે મંડપ નાખીને રહેતા હોવા જોઈએ. એક બાબતમાં તેમની આ પરંપરા હજી પણ કાયમ રહી છે. બાબિલોનિયામાં યજ્ઞયાગાદિની જગ્યા એટલે મોટાં મોટાં મંદિરોના ચોગાનની જગ્યા એમ અર્થ થાય છે. અને હરપ્પા તથા મહિંજોદારો આગળ જે પ્રાચીન નગરોના અવશેષો મળી આવ્યા છે, તેમાં પણ દાહિ લોકોનાં મંદિરો જ યજ્ઞયાગાદિ માટેનાં સ્થળો હતાં એવું તજ્જ્ઞોનું માનવું છે. આ પરંપરા આર્યોએ તોડી નાખી. યજ્ઞયાગ મંડપમાં જ થવા જોઈએ એવી પરંપરા તેમણે શરૂ કરી. આર્યના વંશજો તંબૂમાં રહેવાનું છોડીને ધીમે ધીમે ઘર બાંધીને રહેવા લાગ્યા, પણ યજ્ઞ માટે મંડપ જ જોઈએ એ પ્રથા હજી પણ ટકી રહી છે.

## દાસોનો પરાભવ શાથી થયો ?

આવા ફરતા લોકોએ દાસ જેવા સુધરેલા લોકોનો પરાભવ શી રીતે કર્યો ? આનો જવાબ ઇતિહાસે—ખાસ કરીને હિંદુસ્તાનના ઇતિહાસે—વારંવાર આપ્યો છે. કોઈ પણ રાજ્યમાં લોકો શરૂઆતમાં સુખી અને સમૃદ્ધ થાય, તોપણ છેવટે તો સત્તા એક નાના વર્ગના હાથમાં કેન્દ્રિત થાય છે; તે વર્ગ ખૂબ મોજશોખમાં રહે છે અને અંદરોઅંદર સત્તા માટે ઝગડતો રહે છે. આથી લોકો ઉપર કરનો બોજો વધતો જાય છે અને તેઓ સત્તાધારીઓનો દ્વેષ કરવા લાગે છે. આ પરિસ્થિતિમાં પછાત વર્ગના લોકો ફાવી જાય છે. બધા એક થઈને આવી સામ્રાજ્યશાહી પર હુમલો કરીને તેનો કબજો લે છે. તેરમા સૈકાની શરૂઆતમાં જંગલી મોગલોને એકઠા કરીને ઝંગીસખાને કેટલાં સામ્રાજ્યોનો નાશ કર્યો છે ! તેથી અંદર અંદર ઝગડતા દાસોનો આર્યોએ સહેલાઈથી પરાભવ કર્યો હોય તો તેમાં જરાય નવાઈ નથી.

## શહેરો તોડી પાડનાર ઇન્દ્ર

દાસ લોકો નાનાં શહેરોમાં રહેતા હતા અને આ શહેરો અરસપરસ એકબીજાં ઉપર વેર રાખતાં હતાં એવું જણાય છે. કારણકે, દાસોમાંનો દિવોદાસ ઇન્દ્ર સાથે ભળી ગયાનો ઉલ્લેખ ઋગ્વેદમાં અનેક જગ્યાએ મળી આવે છે. દાસોનું નેતૃત્વ વૃત્ર નામના બ્રાહ્મણના હાથમાં હતું. ત્વષ્ટ્રા તેનો જ સંબંધી હતો; તેણે ઇન્દ્રને એક પ્રકારનું યંત્ર ( વજ્ર ) બનાવી આપ્યું. તેની મદદથી ઇન્દ્રે દાસોનાં શહેરો તોડી પાડ્યાં અને અન્તે વૃત્ર બ્રાહ્મણને મારી નાખ્યો. પુરંદર એટલે શહેરો તોડનાર એ વિશેષણ ઇન્દ્રને માટે ઋગ્વેદમાં અનેક ઠેકાણે વપરાયું છે.*

* વધુ વીગતો માટે ‘ હિંદી સંસ્કૃતિ અને અહિંસા ’ પૃષ્ઠ ૧૭–૧૯ જુઓ.

## ઇન્દ્રની પરંપરા

ઇન્ અને એ દ્ર બે શબ્દોના સમાસથી ઇન્દ્ર શબ્દ બન્યો છે. ઇન્ એટલે લડવૈયો. દા. ત. '**सह इना वर्तते इति सेना**'. દ્ર શબ્દ શિખર કે મુખ્યના અર્થમાં બાબિલોનિયન ભાષામાં વપરાતો. તેથી ઇન્દ્ર એટલે સેનાનો અધિપતિ અથવા સેનાપતિ એવો અર્થ થાય. વખત જતાં આ શબ્દ રાજવાચક બન્યો. જેમ કે દેવેન્દ્ર, નાગેંદ્ર, મનુજેંદ્ર વગેરે. પહેલા ઇન્દ્રનું નામ શક્ર હતું. તે પછી તેની પરંપરા ઘણાં વર્ષો સુધી ચાલી હોવી જોઈએ. નહુષને ઇન્દ્રપદ આપ્યાની દંતકથા પુરાણોમાં છે જ. '**अहं सप्तहा नहुषो नहुष्टरः**' એવો ઉલ્લેખ ઋગ્વેદ (૧૦/૪૯/૪)માં મળે છે. તેથી આ દંતકથામાં કંઈક તથ્ય હોવું જોઈએ.

## ઇન્દ્રપૂજા

સાર્વભૌમ રાજાઓને યજ્ઞમાં બોલાવીને તેમને સોમરસ આપવાની વિધિ બાબિલોનિયામાં થતી. તે વખતે રાજાઓની સ્તુતિથી ભરેલાં સ્તોત્રો ગાવામાં આવતાં. ઇન્દ્રનાં ઘણાંખરાં સૂક્તો આ જ પ્રકારનાં છે. ઇન્દ્રની સંસ્થા નષ્ટ થયા પછી પણ આ સ્તોત્રો ચાલુ રહ્યાં અને તેમનો જુદો જ અર્થ થવા લાગ્યો. એ ઇન્દ્ર આકાશના દેવોનો રાજા છે, એવી કલ્પના રૂઢ થઈ; અને આ સૂક્તોના અર્થ અનેક જગ્યાએ કોઈને યે ન સમજાય એવી સ્થિતિ ઉત્પન્ન થઈ. તેમના કેવળ શબ્દોમાં જ મંત્રનો પ્રભાવ છે એવું લોકો માનવા લાગ્યા.

## ઇન્દ્રનો સ્વભાવ

સપ્તસિંધુપર સ્વામિત્વ મેળવનાર સેનાપતિ ઇન્દ્ર એ મનુષ્ય હતો તેનો પૂરતો પુરાવો ઋગ્વેદમાં મળી રહે છે. તેના સ્વભાવનું કંઈક દિગ્દર્શન કૌપીતકિ ઉપનિષદમાં મળે છે, તે આ પ્રમાણે છે:—

દિવોદાસનો પુત્ર પ્રતર્દન યુદ્ધ કરીને અને પરાક્રમ બતાવીને ઇન્દ્રના માનીતા મહેલમાં ગયો. તેને ઇન્દ્રે કહ્યું: 'હે પ્રતર્દન, હું

તને વરદાન આપું છું.' પ્રતર્દને કહ્યું, 'માણસને જે કલ્યાણ-કારક થાય એવું વરદાન આપજે.' ઇન્દ્રે કહ્યું: 'વરદાન બીજા માટે નથી હોતું. તારા પોતાને માટે માગી લે.' પ્રતર્દન બોલ્યો, 'મારા પોતાને માટે મારે વરદાન નથી જોઈતું.' ત્યારે ઇન્દ્રે તેને સાચી વાત હતી તે કહી. કારણ કે ઇન્દ્ર સત્ય છે. તેણે કહ્યું, 'મને ઓળખ. મને જાણી શકાય એવી વાત જ માણસને માટે હિતકર છે. ત્વષ્ટાના છોકરાને—ત્રિશીર્ષને—મેં મારી નાખ્યો, અરુર્મગ નામના યતિઓને મેં કૂતરાઓને ખવરાવ્યા. ઘણી સંધિઓનો ભંગ કરીને દિવ્યલોકમાં પ્રહ્લાદના અનુયાયીઓને, અંતરિક્ષમાં પૌલોમાઓને અને પૃથ્વીપર કાલકાશ્યોને મેં મારી નાખ્યા. આ બધે પ્રસંગે મારો એક વાળ પણ વાંકો થયો નથી. આવી રીતે જેઓ મને જે ઓળખશે, તેમણે માતૃવધ, પિતૃવધ, ચૌર્ય, ભ્રૂણહત્યા વગેરે પાપો કર્યાં હોય કે તે કરતો હોય તોપણ તેને નુકસાન નહિ થાય કે તેના મોઢા પરનું તેજ નહિ બદલાય.'

પોતાનું સામ્રાજ્ય સ્થાપતી વેળાએ ઉપરના ઉતારામાં આપેલા અત્યાચારો ઇન્દ્રે સારા પ્રમાણમાં કર્યા હશે, એવો નિર્દેશ ખુદ ઋગ્વેદમાં જ મળે છે. પણ ઇન્દ્રને જ શું, કોઈ પણ માણસને સામ્રાજ્ય સ્થાપવું હોય તો પરોપકારવૃત્તિ કે દયામાયા રાખી શકાય નહિ; સંધિ તોડવાનો ભય રખાય નહિ. શિવાજીએ ચન્દ્રરાવ મોરેને મારી નાખ્યો તે યોગ્ય થયું કે અયોગ્ય, એ વાદ નિરર્થક છે. ન્યાય–અન્યાયનો વિચાર કરવા બેઠો હોત તો શિવાજી સામ્રાજ્યની સ્થાપના ન કરી શક્યો હોત. સામ્રાજ્યની અંદરના લોકો પણ આવાં ક્ષુલ્લક પાપપુણ્યનો વિચાર કરવા બેસતા નથી. આ સામ્રાજ્યની સ્થાપનાથી એકંદરે સામાન્ય જનતાને લાભ થયો છે કે નહિ એટલું જ તેઓ જુએ છે.

## આર્યોની સત્તાથી થયેલા ફાયદાઓ

આ દૃષ્ટિએ વિચારતાં ઇન્દ્રના કે આર્યોના સામ્રાજ્યને લીધે

સપ્તસિંધુની જનતાને ઘણો મોટો લાભ થયો હોવો જોઈએ. નાનાં નાનાં શહેરો વચ્ચે જે લડાઈઓ વારંવાર થતી, તે બંધ થઈ જવાથી લોકોને એક જાતની સ્વસ્થતા મળી. પેશવાઓના જ સગાઓએ શનિવારવાડા ઉપર અંગ્રેજોનો ઝંડો ફરકાવ્યો; અને પેશવાઈ નષ્ટ થયા પછી બીજા હિંદુઓએ તો મોટો ઉત્સવ ઊજવ્યો એમ કહેવાય છે. તેવી જ રીતે વૃત્ર બ્રાહ્મણ હતો, તે છતાંય તેને મારીને ઇન્દ્રે સપ્તસિંધુમાંના અંતર્વિગ્રહ બંધ પાડ્યા, અને તે માટે ત્યાંની પ્રજા ઇન્દ્રનું મહત્ત્વ વધારે એ તદ્દન સ્વાભાવિક હતું. માટે દાસોના અને આર્યોના સંઘર્ષમાંથી જે કાંઈ સુપરિણામ પેદા થયાં, તેમાંનું પહેલું એ ગણવું જોઈએ કે સપ્તસિંધુમાં એક પ્રકારની શાંતિ ફેલાઈ. બીજું સુપરિણામ એ કે બ્રાહ્મણોનું રાજકાજમાં જે વર્ચસ્વ હતું તે નષ્ટ થયું. ઇન્દ્રે ત્વષ્ટાના દીકરાને–વિશ્વરૂપને–પુરોહિતપદ આપ્યું, અને તે બળવો કરશે એવા ડરથી તેને પણ મારી નાખ્યો, એવો ઉલ્લેખ ખુદ ઋગ્વેદમાં અને યજુર્વેદમાં મળી આવે છે.* તોપણ પુરોહિતની પદવી કોઈ ને કોઈ બ્રાહ્મણ પાસે જ રહી. રાજકારણથી અલિપ્ત રહેવાને લીધે બ્રાહ્મણસમાજને સાહિત્યની અભિવૃદ્ધિ કરવાની તક મળી.

## વૈદિક ભાષા

દાસોના અને આર્યોના સંઘર્ષમાંથી એક નવી ભાષા ઉત્પન્ન થઈ. એ જ વૈદિક ભાષા છે. મુસલમાનો અને હિંદુઓના સંઘર્ષમાંથી જેમ હિંદુસ્તાનમાં ઉર્દૂ નામની નવી ભાષા ઉત્પન્ન થઈ, તેવી જ આ ભાષા હતી. પણ વૈદિક ભાષા જેટલું ઊંચું સ્થાન ઉર્દૂને ક્યારેય મળ્યું નથી અને મળવાનો સંભવ નથી. વૈદિક ભાષા પ્રત્યક્ષ દેવવાણી થઈ બેઠી!

આ વૈદિક ભાષાનો બરાબર અર્થ બેસાડવા માટે બાબિલોનિયન ભાષાઓનું જ્ઞાન હોવું ખૂબ આવશ્યક છે. કેટલાક અસલના શબ્દોના

* હિંદી સંસ્કૃતિ અને અહિંસા, પૃ. ૧૯–૨૦ જુઓ.

અર્થ કેવી રીતે ફરી ગયા છે તે દાસ અને આર્ય એ શબ્દો ઉપરથી જ જણાઈ આવે છે. તે દાસ શબ્દનો મૂળ અર્થ દાતા હોવા છતાં હમણાં તેનો અર્થ ગુલામ થયો છે; અને આર્ય શબ્દનો અર્થ ભટકતો હોવા છતાં હમણાં તે ઉદાર, શ્રેષ્ઠ એવો થયો છે.

## આર્યોના વિજયથી થયેલું નુકસાન

આર્યોના અને દાસોના સંઘર્ષણને લીધે જે ભારે નુકસાન થયું તે એ કે દાસોની મકાન અને શહેરો બાંધવાની કળાનો લગભગ નાશ થઈ ગયો. સિંધ અને પંજાબમાં જડેલાં પ્રાચીન નગરોની અને ઘરોની પરંપરા હિંદુસ્તાનમાં રહી નથી. બીજી વાત એ કે, જંગલમાં રહેતા યતિઓ કેવી રીતે વર્તતા એ સમજવાનું સાધન રહ્યું નહિ. ઉપરના ઉતારામાં ઇન્દ્રે તેમને કૂતરાઓને ખવરાવ્યા એનો ઉલ્લેખ કર્યો છે. અસલનો શબ્દ ‘સાલાવૃક’નો અર્થ વરૂ કે કૂતરો એવો થાય છે. ટીકાકારે સાલાવૃકનો અર્થ વરૂ જ કર્યો છે. પણ ઇન્દ્રની પાસે ઘણા શિકારી કૂતરાઓ હતા અને તેણે તેમને યતિઓ પર છોડચા, એ વાત વધુ સંભવિત લાગે છે. આ યતિઓનું સમાજ પર ખૂબ જ વજન હોવું જોઈએ; નહિતર તો ઇન્દ્રને એમને મારી નાખવાનું કશું જ કારણ ન હતું. પણ યતિઓ કેવી રીતે વર્તતા, લોકો તેમને શા માટે માન આપતા, વગેરે વાતો સમજવાનું કશું જ સાધન આપણી પાસે રહ્યું નથી.

## આર્યોની સંસ્કૃતિ ને કૃષ્ણનો વિરોધ

સપ્તસિંધુના પ્રદેશ પર ઇન્દ્રની સત્તા પૂરેપૂરી રીતે સ્થપાયા પછી તેની નજર મધ્ય હિન્દુસ્તાન પર પડી હોય તો તેમાં નવાઈ નથી. પણ ત્યાં તેને એક જબરો પ્રતિસ્પર્ધી મળ્યો. દેવકીનંદન કૃષ્ણ કેવળ ગાયોનો પ્રતિપાલક રાજા હતો. ઇન્દ્રની યજ્ઞયાગની સંસ્કૃતિ અને તેનું પ્રભુત્વ સ્વીકારવા એ તૈયાર ન હતો. તેથી ઇન્દ્રે તેના પર હુમલો કર્યો. કૃષ્ણની પાસે હયદળ નહોતું. તેમ છતાંય

તેણે આક્રમણ માટે એવી જગ્યા શોધી કાઢી કે ઇન્દ્રનું તેની આગળ કશું જ ચાલ્યું નહિ. બૃહસ્પતિની મદદથી એ મહામુશ્કેલીએ પોતાનો જાન બચાવીને પાછો હઠ્યો. ઋગ્વેદમાં ( ૮/૯૬/૧૩–૧૫ ) મળી આવતી કેટલીક ઋચાઓપરથી અને ભાગવતાદિ પુરાણોમાં આવતી દંતકથાઓપરથી આ વિધાનને સારી પેઠે પુષ્ટિ મળે છે.*

કૃષ્ણ યજ્ઞયાગની સંસ્કૃતિ માનવા તૈયાર ન હતો. તો પછી તે શામાં માનતો હતો? તેને અંગિરસ ઋષિએ યજ્ઞની એક સારી પદ્ધતિ શિખવાડી. તે યજ્ઞની દક્ષિણા એટલે તપશ્ચર્યા, દાન, સરળતા (આર્જવ) અહિંસા અને સત્યવચન. '**अथ यत्तपो दानमार्जवमहिंसा सत्यवचनमिति ता अस्य दक्षिणाः।**' ( છાં. ઉ. ૩/૧૭/૪–૬ ) આ ઉપરથી એમ દેખાય છે કે આર્યોના અને દાસોના સંઘર્ષને લીધે યતિઓની જે સંસ્કૃતિ સપ્તસિંધુ પ્રદેશમાં નષ્ટ થઈ, તેનો કેટલોક અંશ ગંગા–યમુનાના પ્રદેશમાં કાયમ રહ્યો હતો. કૃષ્ણના જેવા રાજાઓ એ પ્રદેશમાં તપશ્ચર્યા કરનાર અહિંસક મુનિઓની પૂજા કરતા હતા, એ ઉપરના ઉતારા પરથી જણાઈ આવે છે.

## વૈદિક સંસ્કૃતિનો વિકાસ

પરંતુ આ અહિંસક સંસ્કૃતિનો ઝાઝો વિકાસ થવા પામ્યો નહિ. બ્રાહ્મણોએ રાજકારણમાંથી નિવૃત્ત થયા પછી સાહિત્ય અને બીજાં લોકોપયોગી કાર્યોમાં સારો રસ લીધો. હિન્દુસ્તાનમાં સૌથી પ્રાચીન વિદ્યાપીઠ તક્ષશિલામાં હતું. ત્યાં બ્રાહ્મણો વેદોનું શિક્ષણ તો આપતા જ હતા; પણ તે ઉપરાંત ધનુર્વિદ્યા, વૈદ્યક ઇત્યાદિ શાસ્ત્રો પણ તેઓ શીખવતા હતા. સપ્તસિંધુમાંથી ઇન્દ્રની પરંપરાનું સામ્રાજ્ય નષ્ટ થયું, તેમ છતાંય તે પરંપરામાંથી પેદા થયેલી નવી સંસ્કૃતિનું રાજ્ય ત્યાં શરૂ થયું અને તેનો વિકાસ થતો ગયો.

* હિંદી સંસ્કૃતિ અને અહિંસા, પૃ. ૨૨–૨૫ જુઓ.

## વૈદિક સંસ્કૃતિનો મધ્યદેશમાં વિજય

કૃષ્ણે ઇન્દ્રને હરાવ્યા પછી છસો–સાતસો વર્ષે પાંડવકુલોત્પન્ન પરીક્ષિત અને તેનો દીકરો જનમેજય એ બે રાજાઓએ સપ્તસિંધુમાં જન્મ પામેલી આર્યસંસ્કૃતિની સ્થાપના ગંગા–યમુનાના પ્રદેશમાં કરી. પાંડવો આર્યસંસ્કૃતિના અનુયાયીઓ હતા એ હકીકત માટે વૈદિક સાહિત્યમાં આધાર મળતો નથી. કૃષ્ણ અને પાંડવો એ બેની વચ્ચે ઓછામાં ઓછો છસો વર્ષનો સમય તો વીત્યો હોવો જોઈએ. મહાભારતમાં જે કૃષ્ણની વાર્તાઓ આવે છે તે ઉપર ઉપરથી વાંચીએ તોપણ તે પ્રક્ષિપ્ત હોય એવું લાગે છે. કાંઈ નહિ તો, ઇન્દ્ર સાથે યુદ્ધ કરવાવાળો કૃષ્ણ અને મહાભારતનો કૃષ્ણ જુદા હતા એમ માનવું પડે છે. પાંડવોના વંશજો પરિક્ષિત અને જનમેજય એ બંનેએ તો વૈદિક સંસ્કૃતિને સારો આશ્રય આપ્યો હતો, એ અથર્વવેદ (કાણ્ડ ૨૦, સૂ. ૧૨૭) ઉપરથી સ્પષ્ટ સાબિત થાય છે.[૧]

સપ્તસિંધુમાં યતિઓની સંસ્કૃતિ સંપૂર્ણ નષ્ટ થઈ, તેમ છતાં તે મુખ્યત્વે મધ્ય હિન્દુસ્તાનમાં વિદ્યમાન હતી, એ વાત ઉપર આપેલા છાંદોગ્ય ઉપનિષદના ઉતારા ઉપરથી અને પાલિ સાહિત્યના સુત્તનિપાતમાં મળી આવતા ‘ બ્રાહ્મણ ધામ્મિક ’ સુત્ત ઉપરથી દેખાય છે.[૨] સપ્તસિંધુના ચાતુવર્ણ્યે મધ્ય હિન્દુસ્તાનમાં પણ જડ નાખી હતી. ફરક એટલો જ હતો કે, સપ્તસિંધુના બ્રાહ્મણોએ આર્યોના વિજયમાંથી પેદા થયેલી યજ્ઞયાગની સંસ્કૃતિ સંપૂર્ણપણે અપનાવી હતી. મધ્ય હિન્દુસ્તાનમાં બ્રાહ્મણો અગ્નિપૂજા તો કરતા હતા, પણ તે પૂજામાં પ્રાણીઓનું બલિદાન અપાતું ન હતું. ચોખા, જવ વગેરે ચીજો વડે જ તેઓ અગ્નિદેવની પૂજા કરતા. પરંતુ પરીક્ષિત અને જનમેજય રાજાઓએ યજ્ઞયાગનો પ્રારંભ કર્યા પછી આ જૂની અહિંસાત્મક બ્રાહ્મણ

૧ હિંદી સંસ્કૃતિ અને અહિંસા પૃ. ૩૭–૩૮.

૨ હિંદી સંસ્કૃતિ અને અહિંસા પૃ. ૩૯–૪૦.

સંસ્કૃતિ નષ્ટપ્રાય થઈ, અને તેની જગ્યાએ હિંસાત્મક યજ્ઞયાગની પ્રથા જોસભેર ફેલાવા લાગી. સપ્તસિંધુને બદલે ગંગા–યમુનાનો વચ્ચેનો પ્રદેશ જ આર્યાવર્ત થયો !

## અહિંસા ટકી રહી

જૂની અહિંસાત્મક અગ્નિહોત્રપદ્ધતિ મૃતપ્રાય થઈ, તેમ છતાંય તે તદ્દન નષ્ટ થઈ નહિ. તે સંસ્કૃતિએ રાજદરબાર અને ઉપલા વર્ગના લોકોપરનું પોતાનું પ્રભુત્વ જતું કરીને જંગલનો આશ્રય લીધો. એટલે જે લોકો અહિંસાત્મક સંસ્કૃતિને વળગી રહ્યા તેમણે પોતાની તપશ્ચર્યા જંગલનાં ફળમૂળો પર જીવીને ટકાવી રાખી. જાતક–અટ્ઠકથામાં આવા લોકોની અનેક વાર્તાઓ આવે છે. નવી સ્થપાયેલી હિંસાત્મક યજ્ઞપદ્ધતિથી કંટાળી જઈને અનેક બ્રાહ્મણો અને બીજા વર્ણના લોકો જંગલમાં જઈને આશ્રમો વસાવીને તપઃ સાધના કરતા હતા. વર્ષમાં અમુક દિવસ આ લોકો ખાટી અને ખારી ચીજો ખાવા માટે લોકવસ્તીમાં આવતા અને ફરી પાછા પોતાના આશ્રમોમાં ચાલ્યા જતા. ટૂંકામાં, સપ્તસિંધુના યતિઓની જેમ મધ્ય હિંદુસ્તાનના ઋષિમુનિઓ નષ્ટ ન થતા જંગલનો આશ્રય લઈને તપશ્ચર્યા કરતાં કરતાં તેમણે પોતાની હસ્તી ગમે તેમ કરીને જાળવી રાખી.

## આધુનિક દાખલો

આને માટે આધુનિક ઇતિહાસનો એક દાખલો આપી શકાય. પશ્ચિમ સિંહલદ્વીપ પોર્ચુગીઝોએ જીતી લીધું, અને ત્યાંના બુદ્ધ મંદિરો અને ભિક્ષુઓના વિહારો પાડી નાખીને તેમણે બધાંને જબરદસ્તીથી રોમન કૅથોલિક ધર્મની દીક્ષા આપી. આ વખતે સિંહલ-રાજા બુદ્ધની દંતધાતુ સાથે લઈને ક્યાંડીના જંગલમાં ભાગી ગયો; અને ત્યાં ડુંગરાઓમાં તેણે પોતાની નવી રાજધાની સ્થાપી. પોર્ચુગીઝોના હાથમાંથી બચવા પામેલા પશ્ચિમ સિંહલદ્વીપના ભિક્ષુઓ બની શકે

તેટલા બૌદ્ધ ગ્રંથો સાથે લઈને આ ડુંગરાળ પ્રદેશમાં આવ્યા અને ક્યાંકના રાજાને આશ્રયે જઈને રહેવા લાગ્યા. આ જ પ્રકારની કેટલીક બાબતો ગોવામાં પણ બની હતી. પોર્ચુગીઝોએ સાષ્ટી, બાર્દેશ અને તિસવાડા એ ત્રણ તાલુકાઓ પહેલાં જીત્યા અને કેટલાંક વર્ષો પછી તે તાલુકાઓનાં મંદિરો તોડી પાડીને તેમણે લોકોને રોમન કેથોલિક ધર્મની દીક્ષા જબરદસ્તીથી આપવાની ઝુંબેશ ઉપાડી. આ સંજોગોમાં પોતાની માલમિલકત છોડી દઈને કેટલાક હિંદુઓ પોતાની દેવમૂર્તિઓને સાથે લઈને ભાગી છૂટ્યા અને તેમણે પાસેના જ સંવદેકર સંસ્થાનિકના મુલકનો આશ્રય લીધો. આજના પહેલાંના સાષ્ટી પ્રાંતમાંના હિંદુઓનાં બધાં દેવસ્થાનો આ સંવદેકર સંસ્થાનમાં છે. પછી આ પ્રાંત પણ પોર્ચુગીઝોએ જીતી લીધો; પણ પછી તેમણે હિંદુઓના ધર્મમાં દખલ કરી નહિ. મધ્ય હિંદુસ્તાનની અહિંસાત્મક સંસ્કૃતિની પણ કંઈક અંશે તેવી જ દશા થઈ હતી એમ કહી શકાય.

## અહિંસાનો પ્રભાવ

પરીક્ષિત અને જનમેજય રાજાઓએ બલિદાન સાથે યજ્ઞયાગ કરવાની પ્રથા લોકો ઉપર જબરદસ્તીથી લાદી નથી. પણ તે પ્રથાને રાજાશ્રય મળવાથી બ્રાહ્મણોએ તે સ્વેચ્છાથી સ્વીકારી. જેમને એ પ્રથા પસંદ ન હતી તેમને જંગલ અને તપશ્ચર્યાનો આશ્રય લઈને જૂની પરંપરા ટકાવી રાખવાની ફરજ પડી. પોર્ચુગીઝોએ ખ્રિસ્તી કરેલા બૌદ્ધો અને હિંદુઓ ઉપર આજે પણ બૌદ્ધ અને હિંદુ સંસ્કૃતિનો પ્રભાવ દેખાય છે. તેવી જ રીતે મધ્ય હિંદુસ્તાનની પ્રાચીન અહિંસાત્મક સંસ્કૃતિનો પણ સામાન્ય જનતા પર થોડો ઘણો પ્રભાવ ટકી રહ્યો. જંગલમાં રહેતા ઋષિમુનિઓ જ્યારે ગામો કે શહેરોમાં આવતા ત્યારે લોકો તેમની ખૂબ આદરથી પૂજા કરતા. બાકીના વખતમાં યજ્ઞયાગ અને બલિદાન વગેરે પ્રણાલી ચાલુ રાખતા.

## યજ્ઞસંસ્કૃતિનો વિકાસ

ઋષિમુનિઓનું માન ખૂબ હતું તે ખરું, પણ તેમ છતાંય તેમની સંસ્કૃતિનો વિકાસ થઈ શક્યો નહિ. સપ્તસિંધુના પ્રદેશમાં તક્ષશીલા જેવી જે વિદ્યાપીઠો સ્થપાઈ, તે જ બધાં શિક્ષણનાં કેન્દ્રો બની ગયાં. જાતક–અટ્ઠકથામાંની અનેક વાર્તાઓ ઉપરથી એમ જણાઈ આવે છે કે, બ્રાહ્મણકુમાર વેદાધ્યયન કરવા માટે અને રાજકુમાર ધનુર્વિદ્યા શીખવા માટે તક્ષશીલા જેવા દૂરના સપ્તસિંધુના પ્રદેશમાં જતા હતા.

## સમકાલીન રાજકીય પરિસ્થિતિ

સપ્તસિંધુના પ્રદેશમાં શું કે મધ્ય હિંદુસ્તાનમાં શું, ઇન્દ્રના જેવું એક પણ બળવાન સામ્રાજ્ય રહ્યું નહિ. પરીક્ષિત કે જનમેજય જેવાના રાજ્યની ઇન્દ્રના રાજ્ય સાથે સરખામણી થઈ શકે નહિ. તેમણે બલિદાન સાથે યજ્ઞયાગ કરવાની પ્રથાને ઉત્તેજન આપ્યું અને તેમના પ્રયત્નોને પરિણામે ગંગાયમુનાના વચ્ચેનો પ્રદેશ આર્યાવર્ત થયો એટલું જ. તેમના પછી સપ્તસિંધુ અને મધ્યપ્રદેશના નાના નાના ભાગલા પડ્યા હોવા જોઈએ. તેમ છતાંય, આર્યોના અને દાસોના સંઘર્ષમાંથી પેદા થયેલી બલિદાન સાથે યજ્ઞયાગ કરવાની સંસ્કૃતિ તો દૃઢ થઈને મજબૂત બની.

# સમકાલીન રાજકીય પરિસ્થિતિ

## સોળ રાષ્ટ્રો

**यो इमेसं सोळसन्नं महाजनपदानं पहूतसत्तरतनानं ईस्सराधिपच्चं रज्जं कारेय्य, सेय्यथीदं—(१) अंगानं (२) मगधानं (३) कासीनं (४) कोसलानं (५) वज्जीनं (६) मल्लानं (७) चेतीनं (८) वंसानं (९) कुरूनं (१०) पञ्चालानं (११) मच्छानं (१२) सूरसेनानं (१३) अस्सकानं (१४) अवंतीनं (१५) गंधारानं (१६) कंबोजानं.**

આ ઉતારો અંગુત્તરનિકાયમાં ચાર જગ્યાએ મળી આવે છે. લલિતવિસ્તરના ત્રીજા અધ્યાયમાં પણ બુદ્ધના જન્મના પહેલાં જંબુદ્વીપમાં (હિંદુસ્તાનમાં) જુદાં જુદાં સોળ રાજ્યો હતાં એવો ઉલ્લેખ છે; પણ તેમાંનાં ફક્ત આઠ રાજ્યોનાં રાજકુલોનું જ વર્ણન તેમાં મળે છે. આ બધા દેશોનો ઉલ્લેખ બહુવચની છે. આ ઉપરથી એમ જણાય છે કે, એક સમયે આ દેશો મહાજનસત્તાક હતા. તેમાંના મહાજનોને રાજાઓ કહેતા અને તેમના અધ્યક્ષને મહારાજા કહેતા. બુદ્ધના સમયમાં આ મહાજનસત્તાક પદ્ધતિ નબળી થઈને નષ્ટ થવા આવી; અને તેની જગ્યાએ એકસત્તાક રાજ્યપદ્ધતિ ખૂબ વેગથી પ્રસરવા લાગી હતી. આ પરિવર્તનનાં કારણોનો વિચાર કરતાં પહેલાં ઉપરના સોળ દેશો વિષે જે માહિતી મળે છે તે અહીં સંક્ષેપમાં આપવી ઠીક થશે.

### ૧. અંગા

અંગોનો દેશ મગધોના પૂર્વમાં હતો. તેના ઉત્તર ભાગને અંગુત્તરાપ કહેતા. મગધ દેશના રાજાએ અંગ દેશ જીતી લેવાથી ત્યાંની મહાજનસત્તાક પદ્ધતિ નષ્ટ થઈ. પહેલાંના મહાજનોના કે રાજાઓના વંશજો હતા, તેમ છતાં તેમની સ્વતંત્ર સત્તા રહી નહિ; અને વખત જતાં 'અંગમગધા' એવો મગધ દેશ સાથે દ્વંદ્વ સમાસમાં તે દેશનો નિર્દેશ થવા લાગ્યો.

ભગવાન બુદ્ધ તે દેશમાં ધર્મોપદેશ કરતા હતા અને તે દેશના મુખ્ય શહેરમાં–ચંપાનગરીમાં–ગગ્ગરા રાણીએ બંધાવેલા તળાવને કાંઠે તેમનો મુકામ હતો, એવો ત્રિપિટક ગ્રંથમાં ઘણી જગ્યાએ ઉલ્લેખ મળે છે. પણ આ ચંપાનગર સુદ્ધાં કોઈ એકાદ જૂના રાજાના તાબામાં ન હતું. બિંબિસાર રાજાએ તે સોણદંડ નામના બ્રાહ્મણને ઇનામમાં આપ્યું હતું. આ ઇનામની આવક ઉપર સોણદંડ બ્રાહ્મણ વચ્ચે વચ્ચે મોટા યજ્ઞયાગ કરતો હતો.*

### ૨. મગધા

બુદ્ધના સમયનાં રાજ્યોમાં મગધ અને કોસલ એ દેશોનો ભારે ઉત્કર્ષ થતો હતો; અને તે રાષ્ટ્રો એકસત્તાક રાજ્યપદ્ધતિના પ્રભાવમાં પૂરી રીતે આવી ગયાં હતાં. મગધોનો રાજા બિંબિસાર અને કોસલનો રાજા પસેનદિ (પ્રસેનજિત્) એ બન્ને મહારાજાઓ ઉદાર હોવાથી તેમની એકસત્તાક રાજ્યપદ્ધતિ પ્રજાને માટે ઘણી સુખાવહ બની. આ બન્ને રાજાઓ યજ્ઞયાગને ઉત્તેજન આપતાં હોવા છતાં, શ્રમણોને ( પરિવ્રાજકોને ) તેમનાં રાજ્યોમાં પોતાનો ધર્મોપદેશ કરવાની પૂરી છૂટ હતી. એટલું જ નહિ, પણ બિંબિસાર રાજા તેમની રહેવા કરવાની સગવડ કરી આપીને તેમને ઉત્તેજન આપતો હતો. જ્યારે ગૌતમ સંન્યાસ લઈને પહેલવહેલો રાજગૃહ

* દીઘનિકાય 'સોણદણ્ડસુત્ત' જુઓ.

આવ્યો ત્યારે બિંબિસાર રાજા પાંડવ પર્વતની તળેટી પાસે જઇને તેને મળ્યો અને તેને પોતાના સૈન્યમાં મોટો હોદ્દો સ્વીકારવાની વિનંતી કરી. પણ ગૌતમ પોતાના તપશ્ચર્યાના નિશ્ચયમાંથી ચળ્યો નહિ. ગયાની પાસે ઉરુવેલા જઈને તેણે તપશ્ચર્યા શરૂ કરી અને અંતે તત્ત્વબોધનો મધ્યમમાર્ગ શોધી કાઢ્યો. વારાણસીમાં પહેલો ઉપદેશ આપીને પોતાના પાંચ શિષ્યો સાથે ભગવાન બુદ્ધ જ્યારે રાજગૃહ આવ્યા, ત્યારે બિંબિસાર રાજાએ તેમને અને તેમના શિષ્ય-સંઘને રહેવા માટે વેળુવન નામનું ઉદ્યાન આપ્યું. આ ઉદ્યાનમાં કોઈ વિહાર હતો એવો ઉલ્લેખ ક્યાંય દેખાતો નથી. બિંબિસાર રાજાએ બુદ્ધને અને ભિક્ષુસંઘને અહીં નિર્વિઘ્નપણે રહેવાની રજા આપી, એટલો જ આ વેળુવનદાનનો અર્થ સમજવો જોઈએ. પણ તે પરથી ભિક્ષુસંઘ વિષેનો તેનો આદર સ્પષ્ટ દેખાય છે.

કેવળ બુદ્ધના જ ભિક્ષુસંઘ માટે નહિ, પણ તે સમયમાં શ્રમણોના જે મોટા મોટા સંઘ હતા તેમને પણ બિંબિસાર રાજાએ આશ્રય આપ્યો હતો. એક જ સમયમાં આ શ્રમણસંઘો રાજગૃહની આસપાસ રહેતા હતા, એવો ઉલ્લેખ દીઘનિકાયના સામઞ્ઞફલસુત્તમાં અને મજ્ઝિમનિકાયના (નં. ૭૭) મહાસકુલુદાયિસુત્તમાં મળી આવે છે.

બિંબિસાર રાજાનો દીકરો અજાતશત્રુ પોતાના મંત્રીઓ સાથે પૂનમની રાતે મહેલની અગાસી પર બેઠો છે. તે વખતે તેને કોઈ મહાન શ્રમણ નાયકને મળવાની ઇચ્છા થાય છે. ત્યારે તેના મંત્રીઓમાંથી દરેક જણ એક એક શ્રમણસંઘના નાયકની સ્તુતિ કરે છે અને રાજાને તેની પાસે જવાની વિનંતી કરે છે. તેનો ગૃહવૈદ્ય મૌન સેવીને બેઠો છે. તેને અજાતશત્રુ પ્રશ્ન કરે છે; ત્યારે જીવક ભગવાન બુદ્ધની સ્તુતિ કરીને તેના દર્શને જવા તરફ રાજાનું મન વાળે છે. શ્રમણસંઘના આગેવાનોમાં બુદ્ધ ઉંમરમાં સૌથી નાના હતા અને તેનો સંઘ તાજેતરમાં જ સ્થાપન થયો હતો, તેમ છતાંય તેને મળવું જ જોઇએ એમ નક્કી કરી અજાતશત્રુ પોતાના પરિવાર સાથે

બુદ્ધના દર્શન માટે જીવકના આમ્રવનમાં જાય છે.

અજાતશત્રુએ પોતાના બાપને કેદ કરીને મારી નાખ્યો અને રાજગાદી તફડાવી. તેમ છતાંય તેના પિતાએ શ્રમણોનું જે સન્માન કર્યું હતું, તેમાં તેણે જરા પણ ઓછું આવવા દીધું નહિ. બિંબિસાર રાજાના મરણ પછી ભગવાન બુદ્ધ જવલ્લે જ રાજગૃહ આવતા. ઉપર બતાવેલ પ્રસંગ એમાંનો જ એક હતો. અજાતશત્રુને ગાદી મળી તે પહેલાં પોતાના પક્ષમાં લઈને દેવદત્તે બુદ્ધના ઉપર નાલગિરિ નામનો ગાંડો હાથી છૂટો મૂકવાનું કાવતરું કર્યું હતું, ઇત્યાદિ હકીકત વિનયપિટકમાં વર્ણવી છે. તેમાં સત્ય કેટલું છે તે કહી શકાય નહિ. તોપણ એટલું ખરું કે અજાતશત્રુને દેવદત્તનો સારો એવો ટેકો હતો. આને લઈને જ ભગવાન બુદ્ધ રાજગૃહથી દૂર રહેતા હોવા જોઈએ. પણ એ જ્યારે રાજગૃહ આવ્યા ત્યારે તેને મળવા જવા માટે અજાતશત્રુને જરાય સંકોચ થયો નહિ. તે જ વખતે રાજગૃહની આસપાસ મોટા શ્રમણસંઘોના છ નેતાઓ રહેતા હતા, એ વાતને ધ્યાનમાં રાખીએ તો અજાતશત્રુ પોતાના પિતા કરતાં પણ વધુ પ્રમાણમાં શ્રમણોનો આદર કરતો હતો, એવું સ્પષ્ટ જણાઈ આવે છે. એટલું જ નહિ, પણ તેની કારકિર્દીમાં મગધ દેશમાં યજ્ઞયાગ નષ્ટપ્રાય થતા જતા હતા અને શ્રમણસંઘોનો ઉત્કર્ષ થતો જતો હતો.

રાજગૃહ એ તો મગધોની રાજધાની. આ જગ્યા બિહાર પ્રાંતમાં તિલય્યા નામના સ્ટેશનથી સોળ માઈલ દૂર આવેલી છે. ચારે બાજુએ ડુંગરા અને તેની વચ્ચે આ શહેર વસ્યું હતું. શહેરમાં જવા માટે ડુંગરની ખીણમાં થઈને બે જ માર્ગ હતા. તેથી શત્રુઓથી શહેરનું રક્ષણ કરવું સહેલું લાગવાથી અહીં આ શહેર બાંધવામાં આવ્યું હોવું જોઈએ. પણ અજાતશત્રુનું સામર્થ્ય એટલું બધું વધી ગયું કે તેને પોતાના રક્ષણ માટે આ ડુંગરની અંદરના ગોઠામાં ( ગિરિવ્રજમાં ) રહેવાની જરૂર રહી નહિ. બુદ્ધના પરિનિર્વાણ પહેલાં તે પાટલિપુત્ર આગળ એક નવું શહેર બાંધતો હતો; અને આગળ

જતાં તે પોતાની રાજધાની ત્યાં જ લઈ ગયો હોવો જોઈએ.

અજાતશત્રુને વૈદેહીપુત્ર એવું નામ આપવામાં આવ્યું છે. આથી તેની મા વિદેહ દેશની હશે એવું સામાન્ય રીતે લાગે. અને જૈનોના 'આચારાંગ' સૂત્રાદિકોમાં પણ તેની મા વજ્જી રાજાઓમાંના એક રાજાની કન્યા હતી એવો ઉલ્લેખ મળે છે. પરંતુ કોસલસંયુત્તના બીજા વર્ગના ચોથા સુત્તની અટ્ઠકથામાં તેને પસેનદિનો ભાણેજ ગણાવ્યો છે અને વૈદેહી શબ્દનો અર્થ '**पंडिताधिवचनमेतं, पंडितित्थिया पुत्तो ति अत्थो**' એવો કર્યો છે. લલિત વિસ્તરમાં મગધ દેશના રાજકુળને વૈદેહીકુલ એ જ સંજ્ઞા આપી છે. આ ઉપરથી જણાય છે કે આ કુળ પિતૃપરંપરાથી અપ્રસિદ્ધ હતું. અને પછી તેમાંના કોઈ રાજાનો વિદેહ દેશની રાજકન્યા સાથે સંબંધ બંધાવાથી તે કુળ પ્રસિદ્ધિ પામ્યું; અને કેટલાક રાજપુત્રો પોતાને વૈદેહીપુત્ર કહેવડાવવા લાગ્યા.

અજાતશત્રુએ બિંબિસારને મારી નાખ્યો એ ખબર સાંભળીને અવંતીનો ચંડપ્રદ્યોત રાજા ખૂબ જ ગુસ્સે ભરાયો અને અજાતશત્રુ પર ચડાઈ કરવાનો તેણે ઘાટ ઘડ્યો. તેના ડરથી અજાતશત્રુએ રાજગૃહના કોટનું સમારકામ કરાવ્યા* પછી ચંડપ્રતાપનો ચડાઈ કરવાનો વિચાર રદ થયો હશે. ચંડપ્રદ્યોત જેવો પારકો રાજા અજાતશત્રુ પર ખિજાયો, પણ મગધ દેશની પ્રજાને સહેજ પણ ક્ષોભ થયો નહિ. આથી આ દેશમાં એકસત્તાક રાજ્યપદ્ધતિનાં મૂળ કેટલાં ઊંડા ગયાં હતાં, તેનું અનુમાન કરી શકાય છે.

## ૩. કાસી

કાસી અથવા કાશી લોકોની રાજધાની વારાણસી હતી. ત્યાંના ઘણાખરા રાજાઓ બ્રહ્મદત્ત ગણાતા, એવું જાતક અટ્ઠકથા પરથી જણાય છે. તેમની રાજ્યપદ્ધતિ વિષેની ઝાઝી માહિતી મળતી નથી. પણ

* મજ્ઝિમનિકાયના ગોપકમોગ્ગલ્લાનસુત્તની અટ્ઠકથા જુઓ.

કાશીના રાજાઓ ( મહાજન ) ઘણા ઉદાર બુદ્ધિવાળા હતા. તેમના રાજ્યમાં કલાકૌશલ્યનો ખૂબ વિકાસ થયો હતો. બુદ્ધના વખતમાં પણ ઊંચી જાતની ચીજોને 'કાસિક' કહેતા હતા. કાસિક વસ્ત્ર, કાસિક ચંદન ઇત્યાદિ શબ્દ ત્રિપિટક સાહિત્યમાં ઘણી જગ્યાએ આવે છે. વારાણસીના અશ્વસેન રાજાની વામા રાણીને પેટે પાર્શ્વનાથ—જૈનોના ત્રેવીસમા તીર્થંકર—જન્મ્યા. તેમણે પોતાના ઉપદેશનો પ્રારંભ ગોતમ બુદ્ધના જન્મ પહેલાં લગભગ ૨૪૩ના વર્ષમાં કર્યો હોવો જોઈએ. તેથી કાશીના મહાજનો કેવળ કલાકૌશલ્યમાં જ નહિ પણ ધાર્મિક વિચારોમાં પણ અગ્રણી હતા એમ કહેવું જોઈએ. પરંતુ બુદ્ધના સમયમાં આ દેશનું સ્વાતંત્ર્ય તદ્દન જ નષ્ટ થઈને કોસલ દેશમાં તેનો સમાવેશ થયો હતો. 'અંગમગધ'ના સમાસની જેમ જ 'કાસી–કોસલા' એ શબ્દ પણ પ્રચલિત થયો હતો.

## ૪. કોસલા

કોસલ દેશની રાજધાની શ્રાવસ્તી. તે અચિરવતી ( હાલની રાપ્તી ) નદીને કાંઠે હતી; અને ત્યાં પસેનદિ ( પ્રસેનજિત્ ) રાજા રાજ્ય કરતો હતો. તે વૈદિક ધર્મનો પાકો અનુયાયી હોઈ મોટા યજ્ઞ કરતો હતો એમ કોસલસુત્તના એક સુત્ત પરથી જણાય છે. તેમ છતાંય તેના રાજ્યમાં શ્રમણોનો આદર થતો. અનાથપિંડક *નામથી જાણીતા થયેલા એક મોટા શ્રેષ્ઠીએ બુદ્ધના ભિક્ષુસંઘ માટે શ્રાવસ્તીમાં જેતવન નામનો વિહાર બંધાવ્યો. વિશાખા નામની એક પ્રસિદ્ધ ઉપાસિકાએ પણ પૂર્વારામ નામનો એક મોટો પ્રાસાદ ભિક્ષુઓ માટે બાંધી આપ્યો. આ બન્ને જગ્યાએ ભગવાન બુદ્ધ ભિક્ષુસંઘ સાથે અવારનવાર રહેતા હશે. તેના ઘણાં ચોમાસાં અહીં જ પસાર થયાં હોવાં જોઈએ. કારણ કે, બુદ્ધે સૌથી વધુ ઉપદેશ અનાથપિંડિકના આરામમાં આપ્યો

*આનું સાચું નામ સુદત્ત હતું. તે અનાથોને ભોજન ( પિણ્ડ ) આપતો, તેથી તેનું નામ અનાથપિણ્ડિક પડયું હતું.

એવો ઉલ્લેખ ત્રિપિટક સાહિત્યમાં મળે છે. પસેનદિ રાજા જો કે યજ્ઞનો ઉપાસક હતો, છતાંય અવારનવાર તે બુદ્ધના દર્શન માટે અનાથપિંડિકના આરામમાં જતો. બુદ્ધે અનેક વાર તેને આપેલા ઉપદેશોનો સંગ્રહ કોસલસુત્તમાં મળે છે.*

લલિતવિસ્તરમાં જે રાજવંશનું વર્ણન આપ્યું છે તે પરથી જણાય છે કે, તે રાજાઓ માતંગોની હલકી જાતિમાંથી આગળ આવ્યા હતા. ધમ્મપદ અટ્ઠકથામાં મળી આવતી વિડૂડભ ( વિદુર્દભ ) ની વાર્તાપરથી પણ લલિતવિસ્તરના વિધાનને ટેકો મળે છે.

પસેનદિ રાજા બુદ્ધને ઘણું માન આપતો હતો. તેના શાક્ય કુળમાંની કોઈ રાજકન્યા સાથે પરણવાનો પસેનદિએ વિચાર કર્યો. પણ શાક્ય રાજાઓ કોસલ રાજકુલને હલકું માનતા હોવાથી પોતાની કન્યા કોસલરાજાને આપવી તેમને યોગ્ય જણાતું ન હતું. તોપણ શાક્યો પર કોસલરાજાની જ સત્તા ચાલતી હોવાથી તેની માગણીનો ઇન્કાર કરવાની તેમની હિમ્મત ચાલી નહિ. એટલે એમણે એવી યુક્તિ યોજી કે મહાનામ શાક્યની દાસીકન્યા વાસભખત્તિયાને પોતાની કન્યા ગણાવી મહાનામે કોસલરાજાને આપવી. કોસલરાજાના અમાત્યોને આ કન્યા ગમી ગઈ. મહાનામ તેની સાથે બેસીને જમ્યો તેથી તેમની એવી ખાતરી થઈ કે તે તેની જ દીકરી છે; અને નક્કી કર્યા મુજબ શુભ મુહૂર્ત પર વાસભખત્તિયાનાં કોસલરાજા સાથે લગ્ન થયાં. રાજાએ તેને પટરાણી બનાવી. તેનો છોકરો વિડૂડભ સોળ વર્ષનો થયા પછી પોતાના મોસાળમાં શાક્યો પાસે ગયો. શાક્યોએ પોતાના સંસ્થાગારમાં ( નગરમંદિરમાં ) તેનો સારો સત્કાર કર્યો. પણ તેના નીકળી ગયા પછી તેનું આસન ધોઈ

---

*આ સંયુત્તના પહેલાજ સુત્તમાં પસેનદિ બુદ્ધનો ઉપાસક થયાની કથા છે; પણ નવમા સુત્તમાં પસેનદિના મહાયજ્ઞનું વર્ણન આવે છે. તેથી પસેનદિ રાજા પૂરેપૂરો બુદ્ધોપાસક થયો હતો, એમ કહી શકાય નહિ.

નાખવામાં આવ્યું; અને પોતે દાસીપુત્ર હતો એ વાત વિડૂડભને કાને ગઈ. ઉમરલાયક થયા પછી વિડૂડભે જબરદસ્તીથી કોસલદેશનું રાજ્ય કબજે કર્યું અને વૃદ્ધ પસેનદિને શ્રાવસ્તીમાંથી હાંકી કાઢચો. પસેનદિ પોતાના ભાણેજ અજાતશત્રુનો આશ્રય લેવા માટે અજ્ઞાત વેશે નીકળ્યો. પણ તેને ખૂબ જ કષ્ટ સહેવાં પડચાં અને તે રાજગૃહની બહારની એક ધર્મશાળામાં મરણ પામ્યો.

બાપના મૃત્યુ પછી વિડૂડભે શાકચો પર ચડાઈ કરવાનો વિચાર કર્યો. ભગવાન બુદ્ધે તેને ઉપદેશ કરીને બે વખત તેનો તે વિચાર માંડી વળાવ્યો. પણ ત્રીજે વખતે મધ્યસ્થી કરવા જેટલો સમય બુદ્ધને નહિ હોવાથી વિડૂડભે પોતાનો વિચાર અમલમાં મૂકચો. તેણે શાકચોપર ચડાઈ કરીને તેમનો કચ્ચરઘાણ કાઢચો. તેમનામાંથી જેઓ શરણે આવ્યા કે ભાગી ગયા તે સિવાયનાં બાકી બધાંની સ્ત્રીઓ અને બાળકો સહિત તેણે કતલ કરી અને તેમનાં રક્તવડે પોતાનું સિંહાસન ધોવરાવ્યું.

શાકચોને હરાવીને વિડૂડભ શ્રાવસ્તી આવ્યો અને અચિરવતીને કાંઠે લશ્કરનું થાણું નાખીને બેઠો. આસપાસના પ્રદેશમાં કસમયે ભયાનક વરસાદ થવાથી અચિરવતીમાં મહાપૂર આવ્યું અને લશ્કરના કેટલાક સૈનિકો સાથે વિડૂડભ તે પૂરમાં તણાઈ ગયો.

મગધદેશમાં તેમ જ કોસલદેશમાં પણ એકસત્તાક રાજ્યપદ્ધતિ મજબૂત થતી હતી, એ વાત વિડૂડભની કથા પરથી સ્પષ્ટ થાય છે. તેણે પોતાના લોકપ્રિય પિતાની ગાદી તફડાવી હોવા છતાં કોસલોએ તેની સામે વિરોધનો એક શબ્દ પણ કાઢચો નહિ.

### ૫. વજ્જી

મહાજનસત્તાક રાજ્યોમાં ત્રણ રાજ્યો જ સ્વતંત્ર રહ્યાં હતાં. એક વજ્જીનું, અને બે પાવા અને કુશિનારાના મલ્લોનાં. આમાં વજ્જીઓનું રાજ્ય બળવાન અને સમૃદ્ધ હતું. તેમ છતાંય તેનો વિનાશ

બહુ દૂર નહોતો. તેનો ચળકાટ પરોઢિયાના શુક્રના તારલિયા જેવો હતો. ભગવાન બુદ્ધ આવા જ એક મહાજનસત્તાક રાજ્યમાં જન્મ્યા. પણ શાકયોનું સ્વાતંત્ર્ય તે પહેલાં જ નષ્ટ થયું હતું. વજ્જીઓએ પોતાની એકતાથી અને પરાક્રમથી બુદ્ધની હૈયાતીમાં પોતાનું સ્વાતંત્ર્ય ટકાવી રાખ્યું હતું, તેથી બુદ્ધનો તેમના પ્રત્યે આદર હોવો સ્વાભાવિક હતો. મહાપરિનિબ્બાનસુત્તમાં ભગવાને દૂરથી આવતાં લિચ્છવીઓ તરફ જોઈને ભિક્ષુઓને કહ્યું, 'ભિક્ષુઓ, જેમણે તાવતત્રિંશત્ દેવ જોયા ન હોય, તેમણે આ લિચ્છવીઓના સમુદાય તરફ નજર કરવી!'

વજ્જીઓની રાજધાની વૈશાલી નગરી હતી. તેની આસપાસ રહેતા વજ્જીઓને લિચ્છવી કહેતા. તેમની પૂર્વમાં પહેલાં વિદેહોનું રાજ્ય હતું, જ્યાં જનક જેવા ઉદારબુદ્ધિ રાજાઓ થઈ ગયા. વિદેહોનો છેવટનો રાજા સુમિત્ર મિથિલાનગરીમાં રાજ્ય કરતો હતો, એવું લલિતવિસ્તર પરથી દેખાય છે. તેના પછી વિદેહોનું રાજ્ય વજ્જીઓના રાજ્ય સાથે જોડવામાં આવ્યું હોવું જોઈએ.

ભગવાન બુદ્ધે વજ્જીઓને અભિવૃદ્ધિના સાત નિયમો ઉપદેશ્યા હતા એવું વર્ણન મહાપરિનિબ્બાનસુત્તના આરંભમાં અને અંગુત્તર-નિકાયના સત્તકનિપાતમાં આવે છે. મહાપરિનિબ્બાનસુત્તની અટ્ઠકથામાં આ નિયમો પર વિસ્તૃત ટીકા છે. તે પરથી એવું અનુમાન કરી શકાય છે કે વજ્જીઓના રાજ્યમાં એક પ્રકારની જ્યુરીની પદ્ધતિ હતી અને ઘણે ભાગે નિરપરાધી માણસને સજા થતી નહોતી. તેમના કાયદાઓ લખેલા હતા અને તે મુજબ વર્તવા માટે તેઓ ખૂબ કાળજી રાખતા.

## ૬. મલ્લા

મલ્લોનું રાજ્ય વજ્જીઓની પૂર્વમાં અને કોસલદેશની પશ્ચિમમાં હતું. ત્યાં વજ્જીઓના જેવી જ ગણસત્તાક રાજ્યપદ્ધતિ પ્રચલિત હતી. પરંતુ મલ્લોમાં ફાટફૂટ પડી હતી અને તેમના પાવાના મલ્લ અને કુશિનારાના મલ્લ એવા બે વિભાગ થયા હતા.

મગધદેશમાંથી કોસલદેશ તરફ જવાનો રસ્તો મલ્લોના રાજ્યમાંથી જતો હોવાથી ભગવાન બુદ્ધ તે રસ્તે વારંવાર પ્રવાસ કરતા હતા. ભગવાન બુદ્ધે અહીં પાવામાં રહેતા ચન્દન લુહારનું અન્ન ગ્રહણ કર્યું અને તે માંદા પડયા; અને ત્યાંથી કુસિનારા ગયા પછી તેજ રાત્રે પરિનિર્વાણ પામ્યા. આજે તે જગ્યાએ એક નાનકડો સ્તૂપ અને મંદિર હસ્તી ધરાવે છે. તેના દર્શન માટે અનેક બૌદ્ધ જાત્રાળુઓ જાય છે. પાવા અથવા પડવાણા નામનું ગામ પણ અહીંથી નજીક છે; તેથી પાવાના મલ્લ અને કુસિનારાના મલ્લ પાસે પાસે રહેતા હતા એમ દેખાય છે. આ બે રાજ્યોમાં બુદ્ધના ઘણા શિષ્યો હતા. આ રાજ્યો સ્વતંત્ર હોવાં છતાં તેમનો પ્રભાવ વજ્જીઓના ગણસત્તાક રાજ્ય જેટલો નહોતો, એટલું જ નહિ પણ વજ્જીઓના બળવાન રાજ્યના અસ્તિત્વને લીધે જ તે ટકી રહ્યાં હોવાં જોઈએ.

## ૭. ચેતી

આ રાષ્ટ્રની માહિતી જાતકના ચેતિય જાતક અને વેસ્સંતર જાતક એ બે જાતકોમાં આવે છે. તેની રાજધાની સોત્થિવતી (સ્વસ્તિવતી) હતી, એમ ચેતિય જાતકમાં (નં. ૪૨૨) કહ્યું છે; અને ત્યાંના રાજાઓની પરંપરા પણ આપી છે. છેલ્લો રાજા ઉપચર કે અપચર જૂઠું બોલ્યો અને તેથી પોતાના પુરોહિતના શાપથી નરકમાં પડ્યો. તેના પાંચ છોકરાઓએ પુરોહિતનું શરણ માગ્યું. પુરોહિતે તેમને રાજ્ય છોડીને જવાનું કહ્યું અને તે મુજબ બહાર જઈને તેમણે જુદાં જુદાં પાંચ શહેરો વસાવ્યાં, એવું વર્ણન જાતકમાં આવે છે.

વેસ્સંતરની પત્ની મદ્દી (માદ્રી) મદ્દ (મદ્ર) રાષ્ટ્રની રાજકન્યા હતી. આ જ રાષ્ટ્રને ચેતિયરાષ્ટ્ર કહેતા હતા એવું વેસ્સંતર જાતકની કથાપરથી જણાય છે. ખુદ વેસ્સંતરનો દેશ શિવિ આ ચેતિય રાષ્ટ્રની નજીક હતો. ત્યાંના શિવિ રાજાએ પોતાની આંખો બ્રાહ્મણને

આપ્યાની કથા જાતકમાં પ્રસિદ્ધ છે.* વેસ્સંતર રાજકુમારે પણ પોતાનો મંગલ હાથી, બે છોકરાં અને સ્ત્રીબ્રાહ્મણોને દાનમાં આપ્યાં, એવી વાર્તા વેસ્સંતર જાતકમાં છે. તે ઉપરથી બહુ તો એટલું સાબિત થાય છે કે શિવિઓના અને ચેતીઓના (ચૈદ્યોના) રાષ્ટ્રમાં બ્રાહ્મણોનું પ્રાબલ્ય વધારે હોવાથી એ રાજ્યો ક્યાંક પશ્ચિમ તરફ હોવાં જોઈએ. બુદ્ધના સમયમાં શિવિ અને ચેતીનું નામ અસ્તિત્વમાં હતું; પણ બુદ્ધ તેમના રાજ્યમાં ગયા હોય અથવા જેવી રીતે અંગોનો મગધોના રાજ્યમાં સમાવેશ થયો તેવી રીતે તે રાજ્યનો બીજા રાજ્યમાં સમાવેશ થયો હોય, એવું જણાતું નથી. તે ગમે તે હોય, તોપણ ભગવાન બુદ્ધના ચરિત્ર સાથે આ રાજ્યોને કશો જ સંબંધ ન હતો, એ નક્કી છે.

## ૮. વંસા (વત્સા)

એમની રાજધાની કોસમ્બી (કૌશામ્બી). એમ જણાય છે કે બુદ્ધના સમયમાં અહીંની ગણસત્તાક રાજ્યપદ્ધતિ નષ્ટ થઈ અને ઉદયન નામનો ખૂબ જ વિલાસી રાજા સર્વસત્તાધિકારી થયો. ધમ્મપદ અટ્ઠકથામાં આ રાજાની એક વાર્તા આવે છે તે આ પ્રમાણે:—

ઉદયન અને ઉજ્જેનનો રાજા ચંડપ્રદ્યોત એ બે વચ્ચે ભારે વેર હતું. લડાઈમાં ઉદયનને જીતવો શક્ય નહિ હોવાથી પ્રદ્યોતને કંઈક યુક્તિ કરીને તેને પકડવાની યોજના કરવી પડી. ઉદયન રાજા હાથીઓને પકડવાનો મંત્ર જાણતો હતો; અને જંગલમાં હાથી આવતાં જ શિકારી લોકોને લઈને તે તેમની પાછળ પડતો. ચંડપ્રદ્યોતે એક કૃત્રિમ હાથી તૈયાર કરાવ્યો અને તેને વત્સોની સરહદ ઉપર મુકાવ્યો. પોતાની સરહદ ઉપર નવો હાથી આવ્યાની ખબર મળતાં જ ઉદયન રાજા તેની પાછળ પડ્યો. આ કૃત્રિમ હાથીઓની અંદર સંતાયેલા માણસો તે હાથીને ચંડપ્રદ્યોતની સરહદમાં લઈ ગયા.

* સિવિજાતક (નં. ૪૯૯) જુઓ.

ઉદયન તેની પાછળ દોડતો ગયો ત્યારે ત્યાં સંતાઈ રહેલા પ્રદ્યોતના સૈનિકો તેને પકડીને ઉજ્જૈન લઈ ગયા.

ચંડપ્રદ્યોતે તેને કહ્યું, "હાથીનો મંત્ર શીખવીશ તો હું તને છોડી દઈશ, નહિ તો અહીં જ મારી નાખીશ." ઉદયન તેની લાલચને કે તેની ધમકીને તાબે થયો નહિ. તેણે કહ્યું, "મને પ્રણામ કરીને શિષ્ય તરીકે મંત્રાધ્યયન કરીશ તો જ હું તને મંત્ર શીખવીશ; નહિ તો તારે જે કરવું હોય તે તું કરી શકે છે." પ્રદ્યોત ખૂબ જ અભિમાની હોવાથી તેને આ રુચ્યું નહિ પણ ઉદયનને મારીને મંત્ર નષ્ટ કરવો પણ ઠીક ન હતું. તેથી તેણે ઉદયનને કહ્યું, "બીજા કોઈ માણસને તું આ મંત્ર શીખવીશ? મારા માનીતા માણસને તું આ મંત્ર શીખવીશ, તો હું તને બંધનમુક્ત કરીશ."

ઉદયને કહ્યું, "જે સ્ત્રી કે જે પુરુષ મને પ્રણામ કરીને શિષ્યભાવથી મંત્રાધ્યયન કરશે, તેને હું તે મંત્ર શીખવીશ."

ચંડપ્રદ્યોતની કન્યા વાસુલદત્તા (વાસવદત્તા) ઘણી ચતુર હતી, મંત્ર ગ્રહણ કરવા માટે તે સમર્થ હતી ખરી; પણ તેને અને ઉદયનને ભેગાં કરવાં એ પ્રદ્યોતને યોગ્ય જણાયું નહિ. તેણે ઉદયનને કહ્યું, "મારે ઘેર એક ખૂંધવાળી દાસી છે. તે પડદાની પાછળથી તને નમસ્કાર કરશે અને તારું શિષ્યત્વ સ્વીકારીને મંત્ર શીખશે. તેને જો મંત્રસિદ્ધિ મળી જશે તો હું તને બંધનમુક્ત કરીને તારા રાજ્યમાં મોકલી આપીશ."

આ વાત ઉદયને સ્વીકારી. પ્રદ્યોતે વાસવદત્તાને કહ્યું, "એક સફેદ કોઢવાળો માણસ હાથીનો મંત્ર જાણે છે. તેનું મોઢું જોયા વિના તેને નમસ્કાર કરીને તે મંત્ર ગ્રહણ કરવાનો છે." તે મુજબ વાસવદત્તાએ ઉદયનને પડદા પાછળથી નમસ્કાર કરીને મંત્ર શીખવાનો પ્રારંભ કર્યો. મંત્ર શીખતી વખતે અમુક અક્ષરોનું ઉચ્ચારણ તેનાથી બરાબર ન થયું. તેથી ખિજાઈને ઉદયને કહ્યું, "અલિ ખૂંધવાળી, તારા હોઠ ઘણા જ જાડા હોવા જોઈએ." તે

સાંભળીને વાસવદત્તા ખૂબ ગુસ્સે થઈ અને બોલી, "વાહ રે કોઢિયા ! તું રાજકન્યાને ખૂંધવાળી કહે છે ?"

આ બધું શું છે તે ઉદયનને સમજાયું નહિ તેથી તે જાણવા માટે તેણે એકદમ પડદો બાજુએ ખસેડ્યો, ત્યારે તે બન્નેને પ્રદ્યોતના કારસ્થાનની ખબર પડી. તે જ ક્ષણે બન્ને એકબીજાને ચાહવા લાગ્યાં અને અવંતીથી ભાગી જવાનો ઘાટ તેમણે ઘડ્યો. શુભ મુહૂર્તે મંત્રસિદ્ધિ માટે એક ઔષધિ લાવવી જોઈએ એમ કહી વાસવદત્તાએ પોતાના પિતા પાસે ભદ્રાવતી નામની એક હાથણી માગી લીધી, અને પ્રદ્યોત ઉદ્યાનક્રીડા માટે ગયો છે એવી તક જોઈને તે ઉદયન સાથે હાથણી પર સવાર થઈને ભાગી નીકળી. ઉદયન હાથી ચલાવવામાં કુશળ હતો જ, તો પણ તેની પાછળ મોકલાયેલા સૈનિકોએ તેને રસ્તામાં જ પકડી પાડ્યો. વાસવદત્તાએ પિતાના ખજાનામાંથી બને તેટલી સોનામહોરની થેલીઓ સાથે લીધી હતી, તેમાંથી એક થેલી ખોલીને તેણે રસ્તામાં સોનામહોરો ફેંકી. સૈનિકો તે લેવા માટે થોભ્યા, તેટલામાં ઉદયને હાથણીને આગળ દોડાવી. ફરી સૈનિકોએ હાથણીને પકડી પાડી ત્યારે તે જ યુક્તિ યોજવામાં આવી અને આ યુક્તિ દ્વારા બન્ને જણ કૌશામ્બી આવી પહોંચ્યાં.

ઉદયન એક દિવસ પોતાના ઉદ્યાનમાં ક્રીડા માટે ગયો હતો ત્યારે ત્યાં જ એ ઊંઘી ગયો. પિંડોલ ભારદ્વાજ નામનો ભિક્ષુ પાસેના જ એક ઝાડની નીચે બેઠો હતો. રાજા ઊંઘી ગયો છે એમ જોઈને તેની સ્ત્રીઓ પિંડોલ ભારદ્વાજની પાસે ગઈ અને તેનો ઉપદેશ સાંભળવા લાગી. એટલામાં રાજા જાગી ગયો અને ખિજાઈને પિંડોલ ભારદ્વાજના શરીર પર લાલ કીડીઓ નાખવાનો તેણે પ્રયત્ન કર્યો, એવો ઉલ્લેખ સંયુત્તનિકાયની અટ્ઠકથામાં આવે છે. પણ પછી પિંડોલ ભારદ્વાજનો ઉપદેશ સાંભળીને ઉદયન બુદ્ધોપાસક થઈ ગયો.

કૌશામ્બીમાં ઘોષિત, કુક્કુટ અને પાવારિક નામના ત્રણ શ્રેષ્ઠીઓએ બુદ્ધના ભિક્ષુસંઘને રહેવા માટે અનુક્રમે ઘોષિતારામ,

કુક્કુટારામ અને પાવારિકારામ એ ત્રણ વિહાર બાંધ્યાનો ઉલ્લેખ અંગુત્તરનિકાયની અટ્ઠકથામાં અને ધમ્મપદ અટ્ઠકથામાં મળે છે. ઉદયનની એક મુખ્ય રાણી સામાવતી અને તેની દાસી ખુજ્જુત્તરા (કુબ્જા ઉત્તરા) આ બે બુદ્ધની મુખ્ય ઉપાસિકાઓ હતી. આ ઉપરથી એમ જણાય છે કે, જો કે ઉદયન રાજા ખાસ શ્રદ્ધાળુ ન હતો, તેમ છતાંય કૌશામ્બીના લોકોમાં બુદ્ધભક્તો ઘણા હતા અને ભિક્ષુઓનો યોગક્ષેમ વ્યવસ્થિત ચલાવવા માટે તેઓ તત્પર હતા.

## ૯. કુરૂ

આ દેશની રાજધાની ઇન્દ્રપ્રસ્થ નગરી હતી. બુદ્ધના વખતમાં ત્યાં કૌરવ્ય નામનો રાજા રાજ્ય કરતો હતો, એટલી જ માહિતી મળે છે. પણ ત્યાંની રાજ્યવ્યવસ્થા કેવી ચાલતી હતી તેની માહિતી ક્યાંય મળતી નથી. આ દેશમાં બુદ્ધના ભિક્ષુઓ માટે એક પણ વિહાર ન હતો. ભગવાન બુદ્ધ ઉપદેશ કરવા માટે તે દેશમાં જતા ત્યારે કોઈ વૃક્ષ નીચે કે એવી બીજી જગ્યાએ મુકામ રાખતા હશે. તેમ છતાંય આ દેશમાં બુદ્ધોપદેશના ભક્તો ઘણા હતા એમ દેખાય છે. રાષ્ટ્રપાલ નામનો ધનવાન જુવાન ભિક્ષુ થયો એવી કથા મજ્ઝિમનિકાયમાં વિસ્તારપૂર્વક આપી છે. કુરુ દેશના કમ્માસદમ્મ (કલ્માષદમ્ય) નામના નગરની પાસે ભગવાન બુદ્ધે સતિપટ્ઠાન જેવાં ઘણાં ઉત્તમ સુત્તો ઉપદેશ્યાંનો ઉલ્લેખ સુત્તપિટકમાં મળે છે. તે ઉપરથી એમ જણાય છે કે ત્યાંનો સામાન્ય જનસમૂહ બુદ્ધને માનતો હોવા છતાં અધિકારી વર્ગમાં તેનો કોઈ ભક્ત ન હતો અને વૈદિક ધર્મનું ત્યાં ઘણું જ પ્રભુત્વ હતું.

## ૧૦–૧૧. પંચાલા (પાંચાલો) અને મચ્છા (મત્સ્યો)

ઉત્તર પાંચાલોની રાજધાની કામ્પિલ્લ (કામ્પિલ્ય) હતી, એવો ઉલ્લેખ જાતક અટ્ઠકથામાં અનેક જગ્યાએ મળે છે; પણ મત્સ્ય દેશની રાજધાનીનો પત્તો મળતો નથી. આ ઉપરથી એમ જણાય છે કે

બુદ્ધના સમયમાં આ બે દેશોનું ખાસ મહત્ત્વ રહ્યું ન હતું અને તે દેશોમાં બુદ્ધે પ્રવાસ કર્યો નહિ હોવાથી ત્યાંના લોકો વિષે કે શહેરો વિષે બૌદ્ધગ્રંથોમાં ખાસ માહિતી મળતી નથી.

## ૧૨. સૂરસેના (શૂરસેના)

એની રાજધાની મધુરા (મથુરા). ત્યાં અવંતિપુત્ર નામનો રાજા રાજ્ય કરતો હતો. વર્ણાશ્રમધર્મની બાબતમાં તેનો મહાકાત્યાયન સાથે જે સંવાદ થયો તેનું વર્ણન મધુરસુત્તમાં આવે છે. આ દેશમાં બુદ્ધ ભાગ્યે જ જતા. મધુરા તેને ખાસ ગમતી નહિ હોય, એવું નીચેના સુત્ત પરથી દેખાય છે.

**पञ्चिमे भिक्खवे आदीनवा मधुरायं। कतमे पञ्च? विसमा, बहुरजा, चण्डसुनखा, वाळयक्खा, दुल्लभपिण्डा। इमे खो भिक्खवे पञ्च आदीनवा मधुरायं ति।**

(અંગુત્તરનિકાય પંચકનિપાત)

હે ભિક્ષુઓ! મથુરામાં આ પાંચ દોષ છે. કયા પાંચ? તેના રસ્તાઓ ખરબચડા છે, ધૂળ ઘણી છે, કૂતરાઓ ખરાબ છે, યક્ષો ક્રૂર છે અને ત્યાં ભિક્ષા મળવી મુશ્કેલ છે. ભિક્ષુઓ, મથુરામાં આ પાંચ દોષ છે.

## ૧૩. અસ્સકા (અશ્મકા)

સુત્તનિપાતના પારાયણવગ્ગના આરંભમાં જે વત્થુ ગાથાઓ છે તે ઉપરથી એમ જણાય છે કે અસ્સકોનું રાજ્ય ક્યાંક ગોદાવરી નદીની પાસે હતું. શ્રાવસ્તીમાં રહેતા બાવરી નામના બ્રાહ્મણે પોતાના સોળ શિષ્યો સાથે આ રાજ્યમાં વસ્તી કરી.

**सो अस्सकस्स विसये अळकस्स समासने।**
**वसी गोदावरीकूले उञ्छेन च फलेन च॥**

તે (બાવરી) અશ્વકના રાજ્યમાં અને અળકના રાજ્ય પાસે ગોદાવરીને કાંઠે ભિક્ષાપર અને ફળોપર ઉપજીવિકા કરીને રહેવા લાગ્યો.

અસ્સક અને અળક એ બે આન્ધ્ર (અન્ધક) રાજાઓ હતા અને તેમનાં રાજ્યોની વચ્ચે બાવરીએ પોતાના સોળ શિષ્યો સાથે એક વસાહત કરી અને તે દહાડે દહાડે વધતી ગઈ, એવું અટ્ઠકથાકારનું કહેવું છે. વૈદિક ધર્મપ્રચારકોની દક્ષિણમાં આ પહેલી વસાહત હતી, એમ કહેવામાં હરકત નથી. બુદ્ધ કે તેના સમયના ભિક્ષુઓ ત્યાં સુધી પહોંચ્યા ન હોવાથી આ રાજ્યોની ખાસ માહિતી બૌદ્ધ સાહિત્યમાં જડતી નથી, તોપણ બુદ્ધની કીર્તિ ત્યાં સુધી પહોંચી ગઈ હતી. તે સાંભળીને બાવરીએ પોતાના સોળે શિષ્યોને બુદ્ધદર્શન માટે મોકલ્યા. તેઓ પ્રવાસ કરતા કરતા મધ્ય દેશમાં આવ્યા અને અન્તે રાજગૃહ આગળ બુદ્ધને મળીને તેઓ તેના શિષ્યો થયા, એવી હકીકત ઉપર નિર્દેશ કરેલા પારાયણવગ્ગમાં જ છે. પરંતુ તે પછી તેમણે પાછા જઇને ગોદાવરીના પ્રદેશમાં ઉપદેશ કર્યાનો ઉલ્લેખ ક્યાંય જડતો નથી.

## ૧૪. અવંતી

અવંતીની રાજધાની ઉજ્જન અને તેના રાજા ચંડપ્રદ્યોત એ બન્ને વિષેની ઘણી માહિતી મળી આવે છે. ચંડપ્રદ્યોત માંદો પડ્યો ત્યારે તેના બોલાવવાથી મગધદેશનો પ્રસિદ્ધ વૈદ્ય જીવક કૌમારભૃત્ય તેની દવા કરવા માટે ઉજ્જન ગયો. પ્રદ્યોતના અત્યંત ક્રૂર સ્વભાવને લીધે તેને ચંડ વિશેષણ આપવામાં આવ્યું હતું; અને આ વાતની જીવકને સારી પેઠે ખબર હતી. રાજાને દવા આપતાં પહેલાં જીવકે જંગલમાં જઈને દવા લાવવાને બહાને ભદ્દવતી નામની હાથણી માગી લીધી અને રાજાને દવા પીવરાવીને પોતે તે હાથણીપર બેસીને ભાગી ગયો. અહીં દવા પીધા પછી પ્રદ્યોતને ખૂબ જ ઊલટીઓ થવા લાગી. તેથી એ ખિજાયો અને તેણે જીવકને પકડી લાવવાનો હુકમ કર્યો. પણ જીવક ત્યાંથી ભાગી છૂટ્યો હતો. તેનો પીછો પકડવા માટે રાજાએ કાક નામના પોતાના એક નોકરને મોકલ્યો. કાકે કૌશામ્બી

સુધી પ્રવાસ કરીને જીવકને પકડી પાડ્યો. જીવકે તેને એક ઔષધિ આમળો ખાવા આપ્યો, તેથી કાકની દુર્દશા થઈ અને જીવક ભદ્રવતી ઉપર બેસીને સુરક્ષિત રીતે રાજગૃહ પહોંચ્યો. અહીં પ્રદ્યોત સાવ સાજો થઈ ગયો. પેલો નોકર કાક પણ સાજો થયો અને ઉજ્જેન ચાલ્યો ગયો. રોગ નષ્ટ થઈને તબિયત પહેલાંના જેવી સારી થઈ જવાથી પ્રદ્યોત જીવકપર ખુશ થઈ ગયો અને તેને અર્પણ કરવા માટે પ્રદ્યોતે સિવેય્યક નામનાં ઉત્તમ વસ્ત્રોની જોડી રાજગૃહ મોકલી.*

આ વાર્તામાં અને ધમ્મપદ અટ્ઠકથાની વાર્તામાં ઘણું સામ્ય છે. પણ એક વાર્તા બીજી ઉપરથી રચવામાં આવી, કે બંને જુદે જુદે વખતે બનવા પામી, તે કહી શકાતું નથી. આ બંને વાર્તાઓ ઉપરથી પ્રદ્યોતની ચંડપ્રકૃતિ સ્પષ્ટ થાય છે અને તે સર્વ સત્તાધારી રાજા હતો એમ જણાય છે.

ભગવાન બુદ્ધ પ્રદ્યોતના રાજ્યમાં ક્યારેય ગયા નહિ. પરંતુ તેના મુખ્ય શિષ્યોમાંનો એક–મહાકાત્યાયન–પ્રદ્યોતના પુરોહિતનો છોકરો હતો. પિતાના મૃત્યુ પછી તેને પુરોહિતપદ મળ્યું. પણ તેમાં સંતોષ ન માનતાં તે મધ્યદેશમાં જઈને બુદ્ધનો ભિક્ષુશિષ્ય થયો. મહાકાત્યાયન સ્વદેશ પાછો ફર્યો ત્યારે પ્રદ્યોતે અને બીજા લોકોએ તેનો સારો સત્કાર કર્યો. § તેનો મથુરાના રાજા અવંતિપુત્ર સાથે જાતિભેદ વિષે જે સંવાદ થયો, તે મજ્ઝિમનિકાયના મધુર અથવા મધુરિયસુત્તમાં આપ્યો છે. મથુરામાં અને ઉજ્જનમાં મહાકાત્યાયન પ્રસિદ્ધ હતો, તેમ છતાંય આ પ્રદેશમાં ભગવાન બુદ્ધની હૈયાતીમાં બૌદ્ધમતનો ખાસ પ્રચાર થયો હોય એમ દેખાતું નથી. બુદ્ધના ભિક્ષુ-શિષ્યો ઘણા ઓછા હોવાથી આ પ્રદેશમાં પાંચ ભિક્ષુઓએ પણ બીજા ભિક્ષુઓને ઉપસંપદા આપી સંઘમાં દાખલ કરી લેવા, એવી ભગવાન

---

* મહાવગ્ગ, ભાગ ૮ મો જુઓ.

§ વધુ માહિતી માટે 'બૌદ્ધસંઘનો પરિચય' પૃ. ૧૬૫-૧૬૮ જુઓ.

બુદ્ધે રજા આપી.† આ કામમાં મધ્યદેશમાં ઓછામાં ઓછા વીસ ભિક્ષુઓની જરૂર હતી.

## ૧૫. ગંધારા ( ગાંધારા )

ગાંધારાઓની રાજધાની તક્કસિલા ( તક્ષશિલા ) હતી. ત્યાં પુક્કુસાતિ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેણે ઉત્તરાવસ્થામાં પોતાનું રાજ્ય છોડયું અને રાજગૃહ સુધી પગે ચાલીને પ્રવાસ કરી ભિક્ષુસંઘમાં પ્રવેશ કર્યો. ત્યારપછી પાત્ર અને ચીવર શોધવા માટે તે ફરતો હતો ત્યારે તેને એક ગાંડી ગાયે મારી નાખ્યો. ગાયે તેને મારી નાખ્યાની કથા મજ્ઝિમનિકાયના ધાતુવિભંગસુત્તમાં આવી છે. તે તક્ષશિલાનો રાજા હતો અને તેને બિંબિસાર રાજા સાથે મિત્રતા કઈ રીતે થઈ, વગેરેનું સવિસ્તર વર્ણન આ સુત્તની અટ્ઠકથામાં મળે છે. તેનો સારાંશ નીચે મુજબ:—

તક્ષશિલાના કેટલાક વેપારીઓ રાજગૃહ આવ્યા. બિંબિસાર રાજાએ રિવાજ મુજબ તેમનો સત્કાર કરીને તેમના રાજાની ખબર પૂછી. તે અત્યંત સજ્જન છે અને ઉમરમાં પોતાના જેટલો જ છે, એવું જાણ્યા પછી બિંબિસાર રાજાના મનમાં તેના વિષે પ્રેમાદર પેદા થયો; અને તેણે તે વેપારીઓનો કર માફ કરીને પુક્કુસાતિ રાજાને મૈત્રીનો સંદેશ મોકલ્યો. આથી પુક્કુસાતિ બિંબિસાર ઉપર ઘણો ખુશ થયો. મગધ દેશમાંથી આવતા વેપારીઓ પરનો કર તેણે માફ કર્યો અને પોતાના નોકરો દ્વારા તે વેપારીઓ સાથે બિંબિસાર રાજા માટે આઠ પચરંગી બહુમૂલ્ય શાલો ભેટ મોકલી આપી. બિંબિસાર રાજાએ ભેટના બદલામાં એક સુવર્ણપટ સરસ કરંડિયામાં નાખીને મોકલ્યો. તે સુવર્ણપટપર બુદ્ધ ધર્મ અને સંઘના ગુણ ઉત્કૃષ્ટ હિંગળોક વડે લખ્યા હતા. તે વાંચીને પુક્કુસાતિને બુદ્ધને મળવાની લગની લાગી; અને અન્તે રાજ્યત્યાગ કરીને તે પગે ચાલીને છેક રાજગૃહ પહોંચ્યો.

---

† મહાવગ્ગ, ભાગ ૮મો; "બૌદ્ધસંઘનો પરિચય" પૃ. ૩૦-૩૧ જુઓ.

ત્યાં એક કુંભારના ઘરમાં તે બુદ્ધને કેવી રીતે મળ્યો, ત્યાં બુદ્ધે તેને કયો ઉપદેશ આપ્યો અને છેવટે તે ગાંડી ગાયથી કેવી રીતે મરાયો, એ બધી હકીકત ઉપર નિર્દેશ કરેલ ધાતુવિભંગસુત્તમાંથી જ મળે છે.

ગાંધારોનો અને તેમની રાજધાની( તક્ષશિલા )નો ઉલ્લેખ જાતક અટ્ઠકથામાં અનેક ઠેકાણે આવે છે. કલાકૌશલ્યની જેમ વિદ્વત્તામાં પણ તક્ષશિલા નગરી મોખરે હતી. વેદાભ્યાસ કરવા માટે બ્રાહ્મણકુમાર, ધનુર્વિદ્યા અને રાજ્યતંત્ર શીખવા માટે ક્ષત્રિય અને શિલ્પકલા તથા બીજા ધંધાઓ શીખવા માટે વૈશ્ય જુવાનો દૂરદૂરના પ્રદેશોમાંથી તક્ષશિલા જતા હતા. રાજગૃહના પ્રખ્યાત વૈદ્ય જીવક કૌમારભૃત્યે આયુર્વેદનો અભ્યાસ અહીં જ કર્યો હતો. હિંદુસ્તાનમાં અત્યંત પ્રાચીન વિદ્યાપીઠ તક્ષશિલાનું જ હતું.

## ૧૬. કંબોજા ( કામ્બોજ )

એમનું રાજ્ય વાયવ્ય દિશામાં હતું અને તેની રાજધાની દ્વારકા હતી, એવો પ્રો. રાઈઝ ડેવિડ્ઝનો મત છે.* પણ મજ્ઝિમનિકાયના અસ્સલાયનસુત્તમાં '**योनकंबोजेसु**' એવો તે દેશનો યવનો સાથે ઉલ્લેખ કર્યો હોવાથી આ દેશ ગાંધારોની પણ પેલી બાજુએ હતો, એવું લાગે છે. આ જ સુત્તમાં યવન કામ્બોજ દેશમાં આર્ય અને દાસ એ બે જ જાતિઓ છે અને કયારેક કયારેક આર્યમાંથી દાસ અને દાસમાંથી આર્ય થતા રહે છે એમ પણ લખ્યું છે. ગાંધારોના દેશમાં વર્ણાશ્રમધર્મ દૃઢમૂલ થયો હતો એવું કેટલીક જાતકકથાઓ ઉપરથી સ્પષ્ટ થાય છે. ખુદ તક્ષશિલામાં ઘણાખરા ગુરુઓ બ્રાહ્મણજાતિના હતા. પણ કામ્બોજમાં ચાતુર્વર્ણ્યનો પ્રવેશ થયો ન હતો. તેથી તે દેશ ગાંધારોની પેલી બાજુએ હતો એમ માનવું પડે છે.

આ દેશના લોકો જંગલી ઘોડાઓ પકડવામાં કુશળ હતા, એવું કુણાલજાતકની અટ્ઠકથાપરથી દેખાય છે. ઘોડા પકડવાવાળા લોકો

* Buddhist India, P. 28.

જંગલી ઘોડાઓ જે જગ્યાએ પાણી પીવા આવતા તે પાણીના શેવાળને અને પાસેના ઘાસને મધ ચોપડતા. ઘોડાઓ તે ઘાસ ખાતાં ખાતાં તે લોકોએ તૈયાર કરેલી એક મોટી વાડની અંદર ચાલ્યા જતા. તેઓ અંદર ગયા પછી ઘોડા પકડવાવાળાઓ વાડનો દરવાજો બંધ કરી દેતા અને ધીરે ધીરે ઘોડાઓને પોતાના કાબુમાં લાવતા. (આજે પણ આવા જ કોઈ ઉપાયોથી માયસોરના લોકો હાથીઓને પકડે છે એ વાત જાણીતી છે.) જંગલી ઘોડાઓને લગામ નાખીને આ લોકો ઘોડાઓને કામ્બોજના વેપારીઓને વેચી નાખતા હોવા જોઈએ. વેપારી લોકો ઘોડાઓને ત્યાંથી મધ્યદેશમાં બનારસ વગેરે જગ્યાએ લાવીને વેચતા.[1]

કામ્બોજ દેશના સામાન્ય લોકોની કીડાઓ, પતંગિયાં વગેરે પ્રાણીઓને મારવાથી જ આત્મશુદ્ધિ થાય છે એમ માનતા હતા.

**कीटा पतंगा उरगा च भेका**
**हन्त्वा किमिं सुज्झति मक्खिका च।**
**एते हि धम्मा अनरियरूपा**
**कम्बोजकानं वितथा बहुन्नं ॥**[2]

'કીડાઓ, પતંગિયાં, સર્પ, દેડકા, કૃમિઓ અને માખીઓ મારવાથી મનુષ્યપ્રાણી શુદ્ધ થાય છે, એવો અનાર્ય અને અતથ્ય ધર્મ કામ્બોજના બહુજન માને છે.'

આ ઉપરથી આજના સરહદપરના લોકોની જેમ આ લોકો પણ પછાત હતા એવું દેખાય છે.

મનોરથપૂરણી અટ્ઠકથામાં મહાકપ્પિનની વાર્તા છે. તે સરહદપરની કુક્કુટવતી નામની રાજધાનીમાં રાજ્ય કરતો હતો, અને પછી બુદ્ધના ગુણ સાંભળીને તે મધ્યદેશમાં આવ્યો. ચન્દ્રભાગા નદીને કાંઠે તેને

૧ ઉદાહરણ માટે તણ્ડુલનાલિજાતક જુઓ.

૨ ભૂરિદત્તજાતક શ્લોક ૯૦૩.

ભગવાન બુદ્ધ સાથે મેળાપ થયો. ત્યાં ભગવાને કપ્પિનને અને તેના અમાત્યોને ભિક્ષુસંઘમાં લીધા. ઇત્યાદિ.*

મહાકપ્પિન રાજા હતો અને તે કુક્કુટવતીમાં રાજ્ય કરતો હતો, એ વાતને સંયુત્તનિકાયની અટ્ઠકથામાં આધાર મળે છે. પણ આ કુક્કુટવતી રાજધાની કામ્બોજમાં હતી કે તેની આસપાસના કોઈ ડુંગરાળ સંસ્થાનમાં હતી તે કાંઈ જ સમજાતું નથી. એટલું ખરું કે બુદ્ધના જીવતાં જ તેની કીર્તિ અને પ્રભાવ આ સરહદપરના જંગલી લોકોમાં ફેલાયાં હતાં. આને માટે અર્વાચીન કાળનો દાખલો આપી શકાય તેવો છે. પંજાબના જાતિનિવિષ્ટ લોકોમાં ગાંધીજીનું જેટલું વજન છે, તેના કરતાં અનેકગણું વધારે વજન સરહદના પઠાણ લોકોપર દેખાય છે. આવો જ કંઈક પ્રકાર બુદ્ધના સમયમાં બન્યો હોય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી.

## લલિતવિસ્તરમાં સોળ રાજ્યોનો ઉલ્લેખ

આ સોળ રાજ્યોનો ઉલ્લેખ લલિતવિસ્તરમાં છે એમ ઉપર કહ્યું જ છે. પ્રસંગ એવો છે કે બોધિસત્ત્વ તુષિતદેવભવનમાં હતા ત્યારે કયા રાજ્યમાં જન્મ લઈને લોકોદ્ધાર કરવો તેનો વિચાર કરવા લાગ્યા. તેને જુદા જુદા દેવપુત્રોએ ભિન્નભિન્ન રાજકુળોના ગુણ કહ્યા અને બીજા કેટલાક દેવપુત્રોએ તે કુળોના દોષ તેને બતાવ્યા.

### મગધરાજકુળ

(૧) કેટલાક દેવપુત્રોએ કહ્યું, "મગધ દેશમાં આ વૈદેહિકુલ ઘણું સંપન્ન હોવાથી બોધિસત્ત્વને જન્મ લેવા માટે તે સ્થાન યોગ્ય છે." ત્યાર પછી બીજા દેવપુત્રોએ કહ્યું, "આ કુળ યોગ્ય નથી. કારણ કે તે માતૃશુદ્ધ અને પિતૃશુદ્ધ નથી, પણ ચંચળ છે; વિપુલ પુણ્યથી અભિષિક્ત થયું નથી. ઉદ્યાન, તળાવ વગેરેથી તેમની રાજધાની સુશોભિત નહિ હોવાથી તે જંગલી લોકોને છાજે એવી છે."

* બૌદ્ધસંઘનો પરિચય પૃ. ૨૦૩ જુઓ.

## કોસલરાજકુલ

(૨) બીજા દેવપુત્રોએ કહ્યું, "આ કોસલકુળ સેના, વાહન અને ધનવડે સંપન્ન હોવાથી બોધિસત્ત્વને માટે અનુકૂળ છે." એના વિશે બીજાઓએ કહ્યું, "તે માતંગચ્યુતિમાંથી પેદા થયેલુ' હોવાથી માતૃપિતૃ શુદ્ધ નથી, અને હીન ધર્મ પર શ્રદ્ધા રાખવાવાળું છે. તેથી તે યોગ્ય નથી."

## વંશરાજકુળ

(૩) બીજાઓએ કહ્યું, "આ વંશરાજકુલ ઉત્કર્ષ પામેલું અને સુક્ષેમ છે. તેના દેશમાં સમૃદ્ધિ હોવાથી તે બોધિસત્ત્વને માટે યોગ્ય છે." આ પછી બીજાઓએ કહ્યું, "તે પ્રાકૃત અને ક્રૂર છે. તે કુળના ઘણા રાજાઓનો જન્મ પરપુરુષોથી થયો છે અને તે કુળનો હાલનો રાજા ઉચ્છેદવાદી (નાસ્તિક) હોવાથી તે બોધિસત્ત્વને માટે યોગ્ય નથી."

## વૈશાલીના રાજાઓ

(૪) બીજા દેવપુત્રોએ કહ્યું, "આ વૈશાલી મહાનગરી ઉત્કર્ષ પામેલી, ક્ષેમ, સુભિક્ષ, રમણીય, માણસોથી ભરપૂર, ઘરો અને મહેલોવડે અલંકૃત, પુણ્ય–વાટિકાઓ અને ઉદ્યાનોવડે પ્રફુલ્લિત હોવાથી તે જાણે દેવોની રાજધાનીનું અનુકરણ કરે છે. તેથી બોધિસત્ત્વને જન્મ લેવા માટે તે યોગ્ય દેખાય છે." આ પછી બીજાઓએ કહ્યું, "ત્યાંના રાજાઓનું પરસ્પર વિશેનું વર્તન ન્યાય્ય નથી. તેઓ ધર્માચરણી નથી. અને ઉત્તમ, મધ્યમ, વૃદ્ધ અને જ્યેષ્ઠ ઇત્યાદિકો વિષે તેઓ આદર રાખતા નથી. દરેક જણ પોતાની જાતને જ રાજા માને છે. કોઈ કોઈનો શિષ્ય થવા માગતો નથી. કોઈ કોઈનું માન રાખતો નથી. તેથી તે નગરી બોધિસત્ત્વને માટે અયોગ્ય છે."

## અવંતીરાજકુળ

(૫) બીજા દેવપુત્રોએ કહ્યું, "આ પ્રદ્યોતનું કુળ ખૂબ બળવાન, મહાવાહનસંપન્ન અને શત્રુસેનાપર વિજય મેળવવાવાળું હોવાથી

બોધિસત્ત્વને યોગ્ય છે.'' આ પછી બીજાઓએ કહ્યું, ''તે કુળના રાજાઓ ચંડ, ક્રૂર, કઠોરભાષી અને સાહસી છે. કર્મો પર તેમનો વિશ્વાસ નથી. માટે તે કુળ બોધિસત્ત્વને શોભે તેવું નથી.''

## મથુરારાજકુલ

(૬) બીજાઓએ કહ્યું, ''આ મથુરાનગરી સમૃદ્ધ, ક્ષેમ, સુભિક્ષ અને માણસોથી ભરપૂર છે. કંસકુળના શૂરસેનના રાજા સુબાહુની તે રાજધાની છે. તે બોધિસત્ત્વને યોગ્ય છે.'' તે પછી બીજાઓએ કહ્યું, ''આ રાજા મિથ્યાદૃષ્ટિ કુળમાં જન્મેલો હોઈ દસ્યુરાજા હોવાથી આ નગરી પણ બોધિસત્ત્વને માટે યોગ્ય નથી.''

## કુરુરાજકુલ

(૭) બીજાઓ બોલ્યા, ''આ હસ્તિનાપુરમાં પાંડવકુળનો શૂર અને સુસ્વરૂપ રાજા રાજ્ય કરે છે. પરસૈન્યનો પરાભવ કરનારું તે કુળ હોવાથી બોધિસત્ત્વ માટે યોગ્ય છે.'' આ પછી બીજાઓએ કહ્યું, ''પાંડવકુળના રાજાઓએ પોતાનો વંશ વ્યાકુળ કરી નાખ્યો છે. યુધિષ્ઠિરને ધર્મનો, ભીમસેનને વાયુનો, અર્જુનને ઇન્દ્રનો અને નકુલ-સહદેવને અશ્વિનોના પુત્ર કહે છે. તેથી આ કુળ બોધિસત્ત્વને યોગ્ય નથી.''

## મૈથિલરાજકુળ

(૮) બીજાઓ બોલ્યા, ''મૈથિલ રાજા સુમિત્રની રાજધાની મિથિલાનગરી અત્યંત રમણીય છે, અને હાથી, ઘોડા, પાયદળ વગેરેથી તે રાજા સંપન્ન છે. તેની પાસે સોનું, મોતી અને ઝવેરાત છે. સામન્ત રાજાઓનાં સૈન્યો તેના પરાક્રમથી ડરે છે. તે મિત્રવાન અને ધર્મવત્સલ છે. તેથી આ કુળ બોધિસત્ત્વને માટે યોગ્ય છે.'' આના પછી બીજાઓ બોલ્યા, ''આ રાજા આવો છે ખરો, પણ તેને પુષ્કળ સંતતિ હોઈ તે અતિવૃદ્ધ હોવાને કારણે પુત્રોત્પાદન કરવાને સમર્થ નથી. તેથી તે કુળ પણ બોધિસત્ત્વને માટે અયોગ્ય છે.''

''આ રીતે તે દેવપુત્રોએ જંબુદ્વીપના *સોળ રાજ્યોમાં

( **षोडश जानपदेषु** ) જે નાનાં મોટાં રાજકુળો હતાં, તે બધાં જોયાં. પણ બધાં તેને દોષમય જણાયાં.''*

### આઠ જ કુળોની માહિતી

સોળ જનપદોમાંથી અહીં આઠનાં જ રાજકુળોનું વર્ણન છે. તેમાંનું સુમિત્રનું કુળ તેના મૃત્યુ પછી તરત જ નષ્ટ થઈને વિદેહોનો અંતર્ભાવ વજ્જીઓના રાજ્યમાં થયો હોવો જોઈએ. બાકીનાં સાતમાં પાંડવોની પરંપરામાં કયો રાજા રાજ્ય કરતો હતો એ કહેવામાં આવ્યું નથી અને તે વિષેની હકીકત બીજા બૌદ્ધ ગ્રંથોમાં પણ જડતી નથી. કુરુદેશમાં કૌરવ્ય નામનો રાજા રાજ્ય કરતો હતો એવો ઉલ્લેખ રટ્ઠપાલસુત્તમાં છે. તે પાંડવકુળનો હતો એવો પુરાવો ક્યાંય મળતો નથી. બાકીનાં છ રાજકુળોની જે માહિતી અહીં આપી છે, તેવી જ ઓછાવત્તા પ્રમાણમાં ત્રિપિટક ગ્રંથમાં મળી આવે છે.

### શાક્યકુળ

બૌદ્ધ ગ્રંથોમાં શાક્યકુળની માહિતી વિસ્તારપૂર્વક આપી છે તેમ છતાંય ઉપરનાં સોળ જનપદોમાં શાક્યોનો નામનિર્દેશ બિલકુલ નથી, એ કેમ? આનો જવાબ એ કે, આ યાદી તૈયાર થતાં પહેલાં જ શાક્યોનું સ્વાતંત્ર્ય નષ્ટ થઈને તે દેશનો સમાવેશ કોસલોના રાજ્યમાં થયો અને તેથી જ આ યાદીમાં તેમનો નિર્દેશ જડતો નથી.

બોધિસત્ત્વ ગૃહત્યાગ કરીને રાજગૃહ આવ્યા ત્યારે બિંબિસાર રાજાએ તેને મળીને તું કોણ છે એવો પ્રશ્ન પૂછ્યો. ત્યારે તેણે કહ્યું,

**उजुं जानपदो राजा हिमवन्तस्स पस्सतो ।**
**धनविरियेन सम्पन्नो कोसलेसु निकेतिनो ॥**
**आदिच्चा नाम गोत्तेन, साकिया नाम जातिया ॥**
**तम्हा कुला पब्बजितोम्हि राज न कामे अभिपत्थयं ॥**

(સુત્તનિપાત, પબ્બજ્જાસુત્ત)

* આ મૂળ ઉતારાનું સંક્ષિપ્ત રૂપાંતર છે.

'હે રાજા, અહીંથી છેક હિમાલયની તળેટીએ કોસલ દેશોમાંનો એક જાનપદ (પ્રાન્ત) છે. તેમનું ગોત્ર આદિત્ય અને જાતિ શાક્ય છે. તે કુળમાંનો હું, હે રાજા, કામોપભોગની ઇચ્છા તજી દઈને પારિવ્રાજક થયો છું.'

આ ગાથામાં 'કોસલેસુ નિકેતિનો' એ શબ્દ મહત્ત્વના છે. કોસલ દેશમાં જેમનું ઘર છે એટલે જે કોસલ દેશમાંના ગણાય છે. આ ઉપરથી શાક્યોનું સ્વાતંત્ર્ય નષ્ટ થઈ ગયું હતું એવું સ્હેજે દેખાય છે.

શાક્યો કોસલરાજાને કર આપતા અને અન્તર્ગત વ્યવસ્થા જાતે સંભાળતા. મહાનામની દાસીકન્યા સાથે પસેનદિનાં લગ્ન થયાની હકીકત ઉપર આપી જ છે. આ બાબતમાં પ્રો. રાઈઝ ડેવિડ્ઝ શંકા પ્રકટ કરે છે. કોસલરાજાનો સર્વાધિકાર શાક્યોએ માન્ય કર્યો હતો, તો પછી પોતાની છોકરી એમને આપવામાં શાક્યોને શાનો વાંધો આવ્યો?—એવું એ પૂછે છે.× પરંતુ હિન્દુસ્તાનમાં જાતિભેદનું સ્વરૂપ કેટલું ઉગ્ર હતું, એનો તેમને ખ્યાલ નહિ હોય એમ લાગે છે. ઉદેપુરના પ્રતાપસિંહે અકબરનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું હોવા છતાં પોતાની કન્યા અકબરને આપવાને તે તૈયાર ન હતો. કોસલકુલ '**मातंगच्युत्युत्पन्न**' હતું એમ લલિતવિસ્તરમાં કહ્યું છે. તે પરથી આ કુળ માતંગોની (માંગોની) જાતિમાંથી ઉત્પન્ન થયું હશે, એમ લાગે છે. આવા કુળવાળા સાથે સંબંધ બાંધવાની શાક્યોએ ના પાડી હોય તો તેમાં નવાઈ જેવું નથી.

## ગણરાજ્યોની વ્યવસ્થા

આ રાજ્યો એક વખતે ગણસત્તાક કિંવા મહાજનસત્તાક હતાં, એવું ઉપર કહ્યું છે. વજ્જી, મલ્લ કે શાક્ય વિષેની જે હકીકત ત્રિપિટક ગ્રંથમાં જડે છે, તે ઉપરથી એમ જણાય છે કે આ રાજ્યમાંના દરેક ગામના આગેવાનને રાજા કહેતા હતા. આ બધા રાજાઓ ભેગા થઈને પોતાનામાંથી એકને પ્રમુખ તરીકે ચૂંટી લેતા. તેની મુદત

× Buddhist India, P. 11-12.

કાયમની હતી કે અમુક કાળ પૂરતી તે વિષે કશી જ માહિતી મળતી નથી. વજ્જીઓમાં કોઈ મહારાજા હતો એમ પણ જણાતું નથી. વજ્જીઓના સેનાપતિનો ઉલ્લેખ છે, પણ મહારાજાનો નથી; કદાચ તેટલા વખત પૂરતી પ્રમુખની ચુંટણી કરીને તેઓ કામ ચલાવતા હશે. આ ગણરાજ્યમાં ન્યાયદાન વિષે અને રાજ્યવ્યવસ્થા કેવી રાખવી તે વિષે ખાસ કાયદાઓ બનાવવામાં આવતા અને તેને અનુસરીને જ આ ગણરાજ્યો પોતાનાં રાજ્યો ચલાવતાં.

### ગણરાજ્યોના નાશનાં કારણો

સોળ જનપદોના ગણરાજાઓનો નાશ થઈને ઘણાંખરાં રાજ્યોમાં મહારાજાઓની સત્તા સ્થાપન થઈ હતી. અને મલ્લોનાં બે નાનાં રાજ્યો અને વજ્જીઓનું એક બળવાન રાજ્ય મળીને જે ત્રણ સ્વતંત્ર ગણસત્તાક રાજ્યો બાકી રહ્યાં, તેઓ પણ એકસત્તાક રાજ્ય-પદ્ધતિનો ભોગ બની જવાની તૈયારીમાં હતાં. આનાં કારણો શાં હશે? મારો એવો અભિપ્રાય છે કે ગણરાજાઓની વિલાસપ્રિયતા અને બ્રાહ્મણોનું રાજકારણમાં પ્રભુત્વ, એ બે આ ક્રાન્તિનાં મુખ્ય કારણો હોવાં જોઈએ.

ગણરાજાઓને કોઈ ચૂંટી કાઢતું નહોતું. બાપ પછી દીકરો તેની રાજગાદી પર આવતો. વંશપરંપરાથી આ અધિકાર ભોગવવાની તક મળવાથી આ રાજાઓ વિલાસી અને બેજવાબદાર થાય તે તદ્દન સ્વાભાવિક હતું. ઉપર લલિતવિસ્તરમાં વજ્જીઓનું જે વર્ણન આપ્યું છે તેનો વિચાર કરતાં, તે ગણરાજાઓ પ્રબળ હોવા છતાં તેમનામાં એકબીજા વિષે આદરભાવ ન હતો અને દરેક જણ પોતાને જ રાજા ગણતો હતો, એવું દેખાય છે. આથી બુદ્ધના પરિનિર્વાણ પછી અજાતશત્રુએ વજ્જીઓના ગણરાજ્યમાં ફાટફૂટ પાડીને તે રાજ્ય વગર મહેનતે જીતી લીધું. સામાન્ય જનતાનો આ ગણરાજાઓને ટેકો હોય એ અશક્ય હતું. દરેક રાજા પોતાની રીતે લોકો પર જુલમ કરવા માંડે, ત્યારે તેને અટકાવવાની શક્તિ

લોકોમાં કે બીજા રાજાઓમાં ન હતી. તેના કરતાં આ બધા રાજાઓ નષ્ટ થાય અને તેમની જગ્યાએ એક જ સર્વાધિકારી રાજા આવે, એ સામાન્ય માણસની દૃષ્ટિએ વધુ ઇષ્ટ હતું. મહારાજા પોતાના અધિકારીઓ ઉપર જુલમ કરતો અને રાજધાનીની આસપાસ કોઈ સુંદર યુવતી જડે, તો તેને તે પોતાના જનાનખાનામાં ખોસી ઘાલતો. આવા થોડાઘણા જુલમના પ્રકારો તેનાથી થતા હોય, તોપણ તેની સંખ્યા ગણરાજાઓના જુલમો જેટલી થવી અશક્ય હતું. ગણરાજાઓ ગામેગામ હોવાથી તેમના જુલમમાંથી બહુજનોમાંથી ભાગ્યે જ કોઈ છૂટી શકતો. કર અને વેઠરૂપે આ રાજાઓ બધાને જ પજવતા હશે. એકસત્તાક મહારાજાને આવી રીતે ખેડૂતોને પજવવાની કશી જ જરૂર ન હતી. તેના મોજશોખ જેટલા પૈસા તે નિયમિત કરરૂપે સહેલાઈથી વસૂલ કરી શકતો. આથી સાધારણ જનતાને ‘પત્થર કરતાં ઈંટ નરમ’ એ ન્યાયે એકસત્તાક રાજ્યપદ્ધતિ વધુ આવકારદાયક લાગી હોય તો તેમાં નવાઈ નથી.

એકસત્તાક રાજ્યમાં પુરોહિતનું કામ વંશપરંપરાથી કે બ્રાહ્મણ-સમુદાયની સંમતિથી બ્રાહ્મણને જ મળતું હતું. મુખ્યપ્રધાનાદિકોનાં કામો પણ બ્રાહ્મણોને જ મળતાં. તેથી બ્રાહ્મણો એકસત્તાક રાજ્ય-પદ્ધતિના ભારે ચાહનારા થયા. બ્રાહ્મણી ગ્રંથોમાં ગણસત્તાક રાજા-ઓનો નામનિર્દેશ પણ નથી, એ વાત વિચાર કરવા જેવી છે. એ ઉપરથી એમ જણાય છે કે બ્રાહ્મણોને ગણસત્તાક રાજ્યપદ્ધતિ જરાયે ગમતી ન હતી. શાક્યોના જેવા ગણરાજાઓ બ્રાહ્મણોને માન આપતા નથી એવો આરોપ અંબઠ્ઠ બ્રાહ્મણે તેમના ઉપર કર્યાનો ઉલ્લેખ અંબઠ્ઠસુત્તમાં મળે છે* ગણરાજ્યોમાં યજ્ઞયાગને સહેજ પણ ઉત્તેજન અપાતું ન હતું અને એકસત્તાક રાજ્યોમાં મહારાજાઓ યજ્ઞયાગાદિ કરવા માટે બ્રાહ્મણોને વંશપરંપરાગત ઈનામપટાઓ આપતા. એકલા

* चण्डा भो गोतम सक्यजाति...इब्भा सन्ता इब्भा समाना न ब्राह्मणे रुगकरोन्ति, न ब्राह्मणे मानेन्ति, इत्यादि ॥ (दीघनिकाय अम्बट्ठसुत्त)

બિંબિસારના રાજ્યમાં જ સોણદણ્ડ, કૂટદન્ત વગેરે બ્રાહ્મણોને, તેમ જ કોસલદેશમાં પોકખરસાતિ ( પૌષ્કરસાદિ ) તારુકખ ( તારુક્ષ ) વગેરે બ્રાહ્મણોને મોટા મોટા ઈનામપટાઓ હતા, એમ સુત્તપિટકમાં આપેલા તેમના વર્ણન પરથી દેખાય છે. તેથી '**परस्परं भावयन्तः श्रेयः परमवाप्स्यथ**' એ ન્યાયથી બ્રાહ્મણજાતિનું અને એકતંત્રી રાજ્યપદ્ધતિનું પ્રભુત્વ એકબીજાની મદદથી વધે, એ સ્વાભાવિક હતું. બુદ્ધના સમયમાં બ્રાહ્મણો કરતાં શ્રમણોનું ( પરિવ્રાજકોનું ) મહત્ત્વ વધતું જતું હતું, એ આ પછીના પ્રકરણપરથી સ્પષ્ટ થશે. આ શ્રમણો ગણસત્તાક રાજ્યનો આદર કરતા. કારણ કે આવાં રાજ્યોમાં યજ્ઞયાગને મહત્ત્વ નહોતું અપાતું, તોપણ તેઓ અધ્યાત્મચિંતનમાં મશ્ગુલ રહેતા હોવાથી રાજકીય પ્રશ્નોનો વિચાર કરીને આ ગણસત્તાક રાજ્યોની સુધારણા કેવી રીતે કરી શકાય, તેનો ઉપાય શોધવાનો વખત તેમની પાસે નહોતો. જે કાંઈ ચાલે છે તે અનિવાર્ય છે, એવી તેમની માન્યતા હોય એમ જણાય છે.

ગણરાજાઓ વિશેનો બુદ્ધનો આદર સ્પષ્ટ દેખાય છે. વજ્જી-ઓને માટે તેમણે ઉન્નતિના સાત નિયમ બાંધી આપ્યા હતા, એ ઉપર કહ્યું જ છે. છતાં જૂના રાજ્યબંધારણમાંથી નવું સુવ્યવસ્થિત બંધારણ કેવી રીતે ઊભું કરી શકાય તે બાબતમાં પોતાના વિચારો બુદ્ધે પ્રગટ કર્યા હોય એમ જણાતું નથી. ગણરાજાઓમાંથી કોઈ જુલમી નીવડે તો બીજા રાજાઓએ ભેગા મળીને તેને અટકાવવો, કે બધા જ ગણરાજાઓને લોકોએ વખતોવખત ચૂંટી આપી તેમના પર પોતાનો અંકુશ રાખવો ઇત્યાદિ વિચારો બૌદ્ધ સાહિત્યમાં ક્યાંય મળતા નથી.

બુદ્ધના અનુયાયીઓએ તો ગણસત્તાક રાજ્યોની કલ્પના સદંતર છોડી દીધી. દીઘનિકાયમાં નમૂનેદાર રાજ્યપદ્ધતિ દર્શાવનાર ચક્ક-વત્તિસુત્ત અને મહાસુદસ્સનસુત્ત નામનાં બે સુત્તો છે. તેમાં ચક્રવર્તી રાજાનું મહત્ત્વ અતિશયોક્તિ સાથે વર્ણવ્યું છે. બ્રાહ્મણોના સમ્રાટમાં

અને આ ચક્રવર્તીમાં ફરક એટલો જ કે, પહેલો સામાન્ય જનતાની દરકાર નહિ રાખતાં ઘણા યજ્ઞયાગ કરીને બ્રાહ્મણોની જ સંભાળ રાખતો, ત્યારે બીજો સમગ્ર જનતા સાથે ન્યાય્ય વ્યવહાર રાખીને તેમને સુખી રાખવા મથ્યા કરતો. રાજ્યમાં શાંતિ સ્થપાયા પછી તે લોકોને ઉપદેશ આપતો કે,

**पाणो न हन्तब्बो, अदिन्नं नादातब्बं, कामेसु मिच्छा न चरितब्बा, मुसा न भासितब्बा, मज्जं न पातब्बं।**

'પ્રાણીઓની હત્યા કરવી નહિ, ચોરી કરવી નહિ, વ્યભિચાર કરવો નહિ, ખોટું બોલવું નહિ, દારૂ પીવો નહિ.'

એટલે બૌદ્ધ ગૃહસ્થો માટે જે પાંચ શીલનિયમ છે, તેમનું પાલન કરવાનો ઉપદેશ આ ચક્રવર્તી રાજાઓ આપતા. ટૂંકામાં, બ્રાહ્મણોની દૃષ્ટિએ તેમ જ બુદ્ધના અનુયાયીઓની દૃષ્ટિએ એકસત્તાક રાજ્યપદ્ધતિ જ સારી નીવડી. બંને દૃષ્ટિમાં ફરક તત્ત્વનો ન હતો; ફક્ત વીગતોનો જ હતો.

પરંતુ ખુદ ગૌતમ બોધિસત્ત્વ ઉપર ગણસત્તાક રાજ્યપદ્ધતિની સારી અસર થઈ હતી. બુદ્ધે સંઘની રચના ગણસત્તાક રાજ્યોની રાજ્યપદ્ધતિને અનુસરીને જ કરી હોવી જોઈએ. તેથી આ ગણસતાક રાજ્યોની જે માહિતી મળે છે, તે ખાસ મહત્ત્વની જણાય છે.

૩

# સમકાલીન ધાર્મિક પરિસ્થિતિ

## ભ્રામક વિચાર

આજકાલના ઘણા વિદ્વાનોની એવી માન્યતા જણાય છે કે શરૂઆતમાં બ્રાહ્મણોનો બધો જ મદાર વેદો ઉપર હતો, પછી એમણે યજ્ઞયાગોનું આડંબર વધાર્યું, તેમાંથી ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન નીકળ્યું અને પછી બુદ્ધે તે તત્ત્વજ્ઞાનમાં સુધારણા કરીને પોતાનો સંપ્રદાય સ્થાપ્યો. આ વિચારસરણી અત્યંત ભ્રમમૂલક છે. તે છોડી દીધા વગર બુદ્ધચરિત્રનો સાચો બોધ થવો શક્ય નથી. તેથી આ પ્રકરણમાં બુદ્ધના સમયમાં ધાર્મિક પરિસ્થિતિ કેવી હતી તેનું સંક્ષિપ્ત વર્ણન આપવું ઉચિત ધાર્યું છે.

## યજ્ઞસંસ્કૃતિનો પ્રવાહ

પહેલા પ્રકરણમાં કહ્યું છે કે, આર્યોના અને દાસોના સંઘર્ષને લીધે સપ્તસિંધુના પ્રદેશમાં યજ્ઞયાગની સંસ્કૃતિ ઉત્પન્ન થઈ અને પરિક્ષિત્ તેમજ તેના પુત્ર જનમેજયની કારકિર્દીમાં આ વૈદિક સંસ્કૃતિએ કુરુદેશમાં પોતાનું થાણું કાયમને માટે નાખ્યું. પરંતુ આ સંસ્કૃતિનો પ્રવાહ કુરુઓની પેલી બાજુએ પૂર્વ તરફ ખાસ ઝપાટાભેર ફેલાવા પામ્યો નહિ. તે પ્રવાહની ગતિ કુરુ દેશમાં જ અટકી ગઈ. આનું મુખ્ય કારણ એ હતું કે પૂર્વ તરફના દેશોમાં ઋષિમુનિઓની અહિંસા અને તપશ્ચર્યાને મહત્ત્વ આપવાવાળા ઘણા લોકો હતા.

## તપસ્વી ઋષિમુનિઓ

જાતક અટ્ઠકથામાં તપસ્વી ઋષિમુનિઓની અનેક વાર્તાઓ આવે છે. તે ઉપરથી એમ જણાય છે કે આ લોકો જંગલમાં જઈને તપશ્ચર્યા કરતા. તેમની તપશ્ચર્યાની મુખ્ય બાબત કહીએ તો કોઈ પણ પ્રાણીને દુઃખ આપવું નહિ અને દેહદંડન કરવું એ જ હતી. આ લોકો એકલા અથવા સંઘ બનાવીને રહેતા. દરેક સંઘમાં પાંચસો જેટલા તપસ્વી પરિવ્રાજકો રહેતા, એવો ઉલ્લેખ અનેક જાતકકથાઓમાં મળે છે. તેઓ જંગલનાં કંદ, ફળો વગેરે પદાર્થો ઉપર પોતાનો નિર્વાહ કરતા અને પ્રસંગોપાત ખારા અને ખાટા પદાર્થ (**लोण-अम्बिल-सेवनत्थं**) ખાવા માટે લોકવસ્તીમાં આવતા. તેમને માટે લોકોને ખૂબ માન હતું અને તેમને જોઈતી ચીજોમાં તેઓ કદી ઓછું પડવા દેતા નહિ. આ ઋષિમુનિઓનો લોકો ઉપર ઘણો પ્રભાવ હતો; પણ તેઓ લોકોને ધર્મોપદેશ આપતા ન હતા. તેમના ઉદાહરણથી લોકો અહિંસામાં માનતા થયા, એટલું જ.

## ઋષિમુનિઓનું ભોળપણ

આ તપસ્વીઓ વ્યવહાર નહિ જાણવાવાળા હોવાથી ક્યારેક ક્યારેક સંસારમાં ફસાઈ જતા. સ્ત્રીઓ ઋષ્યશૃંગને ફસાવીને લઈ આવી અને પરાશરે સત્યવતી સાથે ભોગ ભોગવ્યા એવું વર્ણન પુરાણોમાં છે જ. આ ઉપરાંત જાતકઅટ્ઠકથામાં પણ ઋષિમુનિઓ ખોટે માર્ગે ગયાની અનેક વાતો મળી આવે છે. તેમાંની એક અહીં આપું છું—

પ્રાચીન કાળમાં વારાણસી નગરીમાં બ્રહ્મદત્ત રાજા રાજ્ય કરતો હતો ત્યારે બોધિસત્ત્વે કાશી રાષ્ટ્રમાં ઔદિચ્ય બ્રાહ્મણકુળમાં જન્મ લીધો. ઉમરલાયક થયા પછી તેણે પ્રવ્રજ્યા લીધી; અને તે પાંચસો શિષ્યો સાથે હિમાલયની તળેટીમાં રહેવા લાગ્યો. ચોમાસું પાસે આવ્યું ત્યારે તેના શિષ્યોએ તેને કહ્યું, "આચાર્ય, આપણે લોકવસ્તીમાં જઈને ખારા અને ખાટા પદાર્થોનું સેવન કરીએ." આચાર્યે કહ્યું,

' આયુષ્મન્તો, હું અહીંજ રહીશ. તમે જઈને શરીરને અનુકૂળ પદાર્થો ખાઈ આવો."

તે તપસ્વીઓ વારાણસી આવ્યા. રાજાએ તેમની કીર્તિ સાંભળીને તેમને પોતાના ઉદ્યાનમાં ચોમાસું ગાળવાની વિનતિ કરી; અને તેમના જમવાકરવાની વ્યવસ્થા પોતાના જ રાજમહેલમાં કરી. એક દિવસ સુરાપાનમહોત્સવ શરૂ થયો. પરિવ્રાજકોને જંગલમાં દારૂ મળવો મુશ્કેલ, તેથી રાજાએ આ તપસ્વીઓને ઉંચો દારૂ અપાવ્યો. તપસ્વીઓ દારૂ પીને નાચવા અને ગાવા લાગ્યા અને અસ્તવ્યસ્ત થઈને જમીન ઉપર પડ્યા. જ્યારે તેઓ પૂર્વસ્થિતિપર આવ્યા ત્યારે તેમને ખૂબ પશ્ચાત્તાપ થયો. તે જ દિવસે રાજાનું ઉદ્યાન મૂકીને તેઓ હિમાલય તરફ વળ્યા; અને ધીરે ધીરે પોતાના આશ્રમમાં આવીને આચાર્યને નમસ્કાર કરીને એક બાજુએ બેઠા. આચાર્યે તેમને કહ્યું, "તમને લોકવસ્તીમાં ભિક્ષા મેળવતાં તકલીફ તો થઈ નથી ને? તમે ત્યાં સમગ્રભાવથી રહ્યા ને?" તેમણે જવાબ આપ્યો. "આચાર્ય, અમે સુખેથી રહ્યા. ફક્ત જે પદાર્થનું પાન નહિ કરવું જોઈએ તેનું અમે પાન કર્યું.

**अपायिम्ह अनच्चिम्ह अगायिम्ह रुदिम्ह च ।**
**विसञ्ञकरणिं पित्वा दिट्ठा नाहुम्ह वानरा ॥**

અમે પીધું, નાચ્યા, ગાવા માંડ્યા અને રડ્યા. ઉન્મત્ત કરનારો દારૂ પીને અમારે વાનર બનવાનું જ બાકી હતું"[૧]

## ઋષિમુનિઓમાં જાતિભેદ નહોતો

તપસ્વી ઋષિમુનિઓમાં જાતિભેદને મુદ્દલ સ્થાન ન હતું. ગમે તે જાતિનો માણસ તપસ્વી થાય, એટલે આખા સમાજમાં તે બહુ માન પામતો. દાખલા તરીકે, અહીં જાતકમાંની માતંગ ઋષિની વાર્તા[૨] ટૂંકામાં દઉં છું.

૧ સુરાપાન જાતક (નં. ૮૧)
૨ માતંગ જાતક (નં. ૪૯૭)

માતંગ વારાણસી નગરની બહાર ચાંડાલકુળમાં જન્મ્યો. તે ઉમરલાયક થયા પછી એક દિવસ વારાણસીના શ્રેષ્ઠીની દૃષ્ટ-મંગલિકા નામની તરુણ કન્યા સાથે તેનો રસ્તામાં મેળાપ થયો. ત્યારે માતંગ એક બાજુએ ઊભો રહ્યો. દૃષ્ટમંગલિકાએ પોતાની સાથેના નોકરોને પૂછ્યું, ‘ આ બાજુએ ઊભેલો માણસ કોણ છે?’ તે ચાંડાલ છે, એમ તેના નોકરોએ કહ્યું ત્યારે પોતાને અપશુકન થયા છે એમ સમજી તે ત્યાંથી પાછી ફરી.

દૃષ્ટમંગલિકા મહિને બે મહિને એકવાર ઉદ્યાનમાં જઈને પોતાની સાથેના અને ત્યાં ભેગા થયેલા બીજા લોકોને પૈસા વહેંચતી. તે પાછી ચાલી ગઈ તેથી લોકોને નિરાશા થઈ. તેમણે માતંગને મારી મારીને રસ્તા ઉપર બેભાન કરી મૂક્યો. થોડા વખત પછી માતંગ ભાનમાં આવ્યો અને દૃષ્ટમંગલિકાના બાપના દરવાજા આગળ પગથિયા પર આડો સૂઈ ગયો. “આવું ત્રાગું શા માટે કરે છે?” એવું જ્યારે એને પૂછ્યું, ત્યારે તેણે કહ્યું, “દૃષ્ટમંગલિકાને લીધા વગર હું અહીંથી ખસીશ નહિ.” સાત દિવસ તે એમ ને એમ પડ્યો રહ્યો. એટલે શ્રેષ્ઠીએ લાચારીથી દીકરી તેને સોંપી દીધી. તેને લઈને તે ચાંડાલગ્રામમાં ગયો.

દૃષ્ટમંગલિકા તેની સાથે પત્ની તરીકે રહેવા તૈયાર હતી, તે છતાંય માતંગે તેની સાથે વ્યવહાર નહિ રાખતાં અરણ્યમાં જઈને ઘોર તપ આદર્યું. સાત દિવસ પછી માતંગ પાછો ફર્યો અને તેણે દૃષ્ટમંગલિકાને કહ્યું, “તું એમ જાહેર કર કે મારો પતિ માતંગ નથી પણ મહાબ્રહ્મા છે; અને તે પૂર્ણિમાને દિવસે ચંદ્રમંડળમાંથી નીચે અવતરવાનો છે.” તે મુજબ દૃષ્ટમંગલિકાએ બધાંને એ ખબર આપ્યાં. પૂર્ણિમાની રાત્રે મોટો જનસમુદાય ચાંડાલગ્રામમાં તેના ઘરની સામે ભેગો થયો. ત્યારે માતંગઋષિ ચંદ્રમંડળમાંથી નીચે ઊતર્યો; અને પોતાની ઝૂંપડીમાં પ્રવેશ કરીને તેણે દૃષ્ટમંગલિકાની નાભિને પોતાના અંગુઠાવડે સ્પર્શ કર્યો.

ત્યાં ભેગા થયેલા બ્રહ્મભક્તો આ અદ્‌ભુત ચમત્કાર જોઈને દૃષ્ટમંગલિકાને ઊંચકીને વારાણસી નગરીમાં લાવ્યા અને નગરીના મધ્ય ભાગમાં એક મોટો મંડપ રચીને તેમાં તેની પૂજા આદરી. લોકો તેની માનતા માનવા લાગ્યા. નવ મહિના પછી તેજ મંડપમાં તેણે પુત્રને જન્મ આપ્યો. મંડપમાં જન્મ્યો હોવાથી તેનું નામ માંડવ્ય રાખવામાં આવ્યું. લોકોએ તે માંડવાની પાસે જ એક મોટો મહેલ બાંધ્યો અને આ માદીકરાને તે મહેલમાં રાખ્યાં. તેમની પૂજા ચાલુ જ રહી.

માંડવ્યકુમારને શીખવવા માટે નાનપણથી જ મોટા મોટા વૈદિક પંડિતો સ્વેચ્છાથી આવ્યા. તે ત્રણે વેદોમાં પારંગત થયો અને બ્રાહ્મણોને ખૂબ મદદ કરવા લાગ્યો. એક દિવસ માતંગઋષિ તેના દરવાજા આગળ ભિક્ષા માટે ઊભા હતા ત્યારે માંડવ્યે તેને પૂછ્યું; "આ ચીથરાં ઓઢીને પિશાચની જેમ અહીં ઊભેલો તું કોણ છે?"

માતંગ—તારે ઘેર અન્નપાન પુષ્કળ છે, તેથી કંઈક એઠવાડ મને મળશે, એ આશાથી હું અહીં ઊભો છું.

માંડવ્ય:—પણ આ અન્ન બ્રાહ્મણો માટે છે. તારા જેવા નીચને આપવા માટે નથી.

બન્ને વચ્ચે લાંબી ચર્ચા થયા પછી માંડવ્યે માતંગને પોતાના ત્રણ દ્વારપાળો વડે ધક્કા મારીને કાઢી મૂક્યો. પણ આથી તો તેની જીભ લૂલી પડી, આંખોનું તેજ ઊડી ગયું અને તે બેભાન થઈને પડ્યો. તેની સાથેના બ્રાહ્મણોની પણ કંઈક તેના જેવી જ સ્થિતિ થઈ. મોઢાં વાંકાચૂકાં કરતા તેઓ જમીન પર આળોટવા લાગ્યા. આ પ્રકાર જોઈને દૃષ્ટમંગલિકા ગભરાઈ ગઈ. એક દરિદ્રી તપસ્વીના પ્રભાવથી પોતાના દીકરાની અને બીજા બ્રાહ્મણોની આ સ્થિતિ થઈ એમ જાણીને તે પેલા તપસ્વીની શોધમાં નીકળી. માતંગ ઋષિ એક જગ્યાએ બેઠો બેઠો ભિક્ષાટનમાં મળેલી કાંજી ખાતો હતો. દૃષ્ટમંગલિકાએ તેને ઓળખી કાઢ્યો અને પોતાના દીકરાને ક્ષમા કરવા માટે વિનવ્યો. પોતાની એંઠી કાંજીનો થોડો ભાગ એણે તેને આપ્યો અને કહ્યું કે, 'આ કાંજી તારા દીકરાના

અને બીજા બ્રાહ્મણોના મોઢામાં નાખજે, એટલે તેઓ સારા થશે.' દૃષ્ટમંગલિકાએ તે મુજબ કર્યું ત્યારે તે બધા બ્રાહ્મણો પહેલાં જેવા સારા થઈ થયા. પણ ચાંડાળના એંઠાથી બ્રાહ્મણ સાજા થયાના સમાચાર આખી વારાણસીમાં ફેલાયા, તેથી લોકોથી શરમાઈને તેઓ મેજ્ઝ (મધ્ય) રાષ્ટ્રમાં ગયા. માત્ર માંડવ્ય ત્યાં જ રહ્યો.

કેટલાક સમય પછી માતંગઋષિ પ્રવાસ કરતો મેજ્ઝ રાષ્ટ્રમાં આવી પહોંચ્યો. આ ખબર માંડવ્યની સાથેના બ્રહ્મણોને મળ્યા ત્યારે તેમણે મેજ્ઝરાજાને એમ સમજાવ્યું કે આ નવો આવેલો ભિખારી ચેટક કરવાવાળો છે. તે બધાં રાષ્ટ્રોનો નાશ કરશે. આ સાંભળીને રાજાએ પોતાના સિપાહીઓને માતંગની શોધમાં મોકલ્યા. તેમણે તેને એક ભીંત પાસે બેસીને ભિક્ષામાં મળેલું અન્ન ખાતો જોયો અને ત્યાં જ એને ઠાર કર્યો. આથી દેવતાઓને રોષ થયો અને તેમણે તે આખુંયે રાષ્ટ્ર ઉજ્જડ કરી નાખ્યું.

માતંગની હત્યાને લીધે મેજ્ઝ રાષ્ટ્ર ઉજ્જડ થઈ ગયું એવો ઉલ્લેખ અનેક જાતકોમાં મળી આવે છે. આ દંતકથામાં કેટલું સત્ય છે તે કહી શકાતું નથી; તોપણ માતંગઋષિ ચાંડાળ હતો અને તેની પૂજા બ્રાહ્મણો અને ક્ષત્રિયો પણ કરતા હતા, એ વસલસુત્તની નીચેની ગાથાઓ ઉપરથી સ્પષ્ટ થાય છે.

**तदमिना पि जानाथ यथा मेदं निदस्सनं ।**
**चण्डालपुत्तो सोपाको मातंगो इति विस्सुतो ॥ १ ॥**
**सो यसं परमं पत्तो मातंगो यं सुदुल्लभं ।**
**आगच्छुं तस्सुपट्ठानं खत्तिया ब्राह्मणा बहू ॥ २ ॥**
**देवयानं अभिरुय्ह विरजं सो महापथं**
**कामरागं विराजेत्वा ब्रह्मलोकूपगो अहु ।**
**न न जाति निवारेसि ब्रह्मलोकूपपत्तिया ॥ ३ ॥**

(૧) આનો એક દાખલો હું આપું. કૂતરાનું માંસ ખાવાવાળા ચાંડાળનો એક પુત્ર એ માતંગ નામથી પ્રસિદ્ધ હતો.

(૨) તે માતંગને અત્યંત શ્રેષ્ઠ અને દુર્લભ એવો જશ મળ્યો. તેની સેવામાં ઘણા ક્ષત્રિયો અને બ્રાહ્મણો હાજર રહેતા.

(૩) વિષયવાસનાનો ક્ષય કરવાવાળા ઉચ્ચ માર્ગનો અને દેવયાન (સમાધિ)નો અવલંબ કરીને તે બ્રહ્મલોક પામ્યો. બ્રહ્મલોકમાં જન્મ લેવામાં તેની જાતિ તેને નડી નહિ.

## શંબૂકની કથા કાલ્પનિક

શંબૂક નામનો શૂદ્ર અરણ્યમાં તપશ્ચર્યા કરતો હતો. તેથી એક બ્રાહ્મણનો છોકરો મરણ પામ્યો. રામને આ વાતની ખબર પડતાં તેણે અરણ્યમાં જઈને શંબૂકનો શિરચ્છેદ કર્યો અને બ્રાહ્મણના દીકરાને જીવતો કર્યો. આ કથા રામાયણમાં ખૂબ ફુલાવીને વર્ણવી છે. ભવભૂતિએ કંઈક સૌમ્ય રૂપમાં આ પ્રસંગ ઉત્તરરામચરિતમાં લીધો છે. પણ આવો પ્રસંગ બુદ્ધના પહેલાં કે બૌદ્ધધર્મ હિંદુસ્તાનમાં હતો ત્યાં સુધી ક્યારેય બનવા પામ્યો હોય એવો પુરાવો જડતો નથી. રાજાએ કેવું વર્તન રાખવું જોઈએ, એટલું જ બતાવવાનો આ કથા રચનારનો હેતુ હોવો જોઈએ.

## શ્રમણો

જંગલમાં રહેતા આ ઋષિમુનિઓને તાપસ અથવા પરિવ્રાજક કહેતા; તેઓ તપશ્ચર્યા કેવી રીતે કરતા તેની ખાસ માહિતી મળતી નથી. આ જ તપસ્વી લોકોના સંઘોમાંથી લોકવસ્તીમાં ફરીને લોકોને ઉપદેશ કરવાવાળા જુદાજુદા શ્રમણસંઘ નીકળ્યા. શ્રમણ શબ્દ શ્રમ્ ધાતુમાંથી નીકળ્યો છે. તેનો અર્થ કષ્ટ કરવાવાળો એવો થાય છે. આજે જેમ શારીરિક શ્રમ કરવાવાળા મજૂરોનું મહત્ત્વ વધતું જાય છે, તેવી જ રીતે બુદ્ધના સમયમાં શ્રમણોનું મહત્ત્વ વધતું હતું. પણ એમનામાં અને મજૂરોમાં ફેર એ હતો કે, મજૂર સમાજોપયોગી વસ્તુઓ પેદા કરવા માટે મહેનત કરે છે, જ્યારે શ્રમણો સમાજમાં આધ્યાત્મિક જાગૃતિ પેદા કરવા માટે મહેનત કરતા. શરીરને તપશ્ચર્યાવડે આ લોકો કષ્ટ આપતા, તેથી જ કદાચ એમને

શ્રમણ સંજ્ઞા આપી હશે. પણ જંગલમાં રહેતા ઋષિમુનિઓ પણ તપશ્ચર્યાવડે શરીરને કષ્ટ આપતા જ હતા; તોપણ તેમને શ્રમણ કહેતા ન હતા. તેથી લોકોના હિત માટે પોતે શ્રમ કરતા હતા, તેથી જ તેમને શ્રમણ કહેવામાં આવતા હતા, એ વધુ સંભવિત છે.

## ત્રેસઠ શ્રમણપંથ

બુદ્ધના સમયમાં આવા નાના મોટા ત્રેસઠ શ્રમણસંઘો અસ્તિત્વમાં હતા. '**यानि च तीणि यानि च सट्ठि**' એ વાક્યમાં જે ત્રણ અને સાઠ મતો કહ્યા છે તેમાં બૌદ્ધમતનો પણ સમાવેશ થાય છે કે નહિ, તે કહી શકાતું નથી. તેનો સમાવેશ થાય છે એમ માની લઈએ તો પાલિસાહિત્યમાં અનેક જગ્યાએ મળી આવતા બાસઠ મતોના (**द्वासट्ठि दिट्ठिगतानि**) ઉલ્લેખનો અર્થ બરાબર બેસે છે. એટલે બુદ્ધના શ્રમણપંથની બહાર આ સમયમાં બીજા શ્રમણપંથ હસ્તી ધરાવતા હતા, એમ નક્કી થાય છે. આ બાસઠ શ્રમણપંથોના મતો વીગતવાર બતાવવાનો પ્રયત્ન દીઘનિકાયના પહેલા બ્રહ્મજાલસુત્તમાં કર્યો છે. પણ તે કૃત્રિમ જણાય છે. જે વખતે આ સુત્ત લખાયું તે વખતે બાસઠ સંખ્યા ઉપરાંત બીજી વીગતવાર માહિતી રહી ન હતી. તેથી સુત્ત રચનારાઓએ બાસઠ સંખ્યા ભરી કાઢવા માટે નવી વીગતો રચીને આ સુત્તમાં નાખી. આ જૂના બાસઠ શ્રમણપંથોની માહિતી નષ્ટ થવાનું કારણ એ જણાય છે કે, તેમાં પ્રસિદ્ધ એવા ઘણા જ ઓછા શ્રમણપંથો હતા અને નાના નાના સંપ્રદાયોનો મોટા સંપ્રદાયોમાં સમાવેશ થતો ગયો. આજકાલના બાવાઓ, સાધુઓ વગેરે પંથોની બરાબર ગણતરી કરીએ તો તે કેટલાયે થશે. પણ તેમાં નોંધપાત્ર કબીર, દાદૂ, ઉદાસી વગેરે પંથો આંગળીના વેઢા પર ગણી શકાય તેટલા જ બાકી રહેશે.

## તપશ્ચર્યાના પ્રકાર

બુદ્ધના સમયમાં સૌથી મોટા શ્રમણસંઘો છ હતા. અને તેમાં પણ નિર્ગ્રંથ શ્રમણોના સંપ્રદાયનો નંબર પહેલો આવે છે. આ

પંથના ઐતિહાસિક સંસ્થાપક પાર્શ્વ મુનિ હતા. તેમનું પરિનિર્વાણ બુદ્ધના જન્મ પહેલાં ૧૯૩ની સાલમાં થયું, એવું અનુમાન બાંધી શકાય. તે પહેલાં ચાળીસ પચાસ વર્ષ તો પાર્શ્વ તીર્થંકર પોતાના ધર્મનો ઉપદેશ કરતા હોવા જોઈએ. તેમના અને બીજા શ્રમણસંઘોના નાયકોના મતોનો વિચાર આ પછી કરવામાં આવશે. અહીં એ લોકોની તપશ્ચર્યાનાં પ્રકાર કયા હતા તે નિર્દિષ્ટ કરવું યોગ્ય થશે. કારણ કે, તેથી તાપસોની તપશ્ચર્યાનો પણ થોડોઘણો ખ્યાલ આવી શકશે. શ્રમણોની તપશ્ચર્યાના પ્રકાર અનેક સુત્તોમાં મળે છે. પણ તેમાંથી મજ્ઝિમનિકાયના મહાસીહનાદ સુત્તમાં આવેલું તપશ્ચર્યાનું વર્ણન ખાસ મહત્ત્વનું લાગવાથી અહીં તેનો સારાંશ આપું છું.

ભગવાન બુદ્ધે સારિપુત્તને કહ્યું, 'હે સારિપુત્ત, મેં ચાર પ્રકારનું તપ આચર્યું હતું, એવું મને સાંભરે છે. હું તપસ્વી થયો, રૂક્ષ થયો, જુગુપ્સી થયો અને પ્રવિવિત્ત થયો.

## તપસ્વિતા

"હે સારિપુત્ત, મારી તપસ્વિતા કેવી હતી તે હું કહું છું.

(નિ) હું નાગો રહેતો હતો. લૌકિક આચાર પાળતો ન હતો. હાથ ઉપર ભિક્ષા લઈને ખાતો હતો. 'ભદન્ત, અહીં આવો' એમ કોઈ કહે તો હું સાંભળતો નહિ. 'ભદન્ત, ઊભા રહો,' એમ કોઈ કહે તો સાંભળતો નહિ. બેસેલી જગ્યાએ લાવી આપેલા અન્નનો, ખાસ મને ઉદ્દેશીને તૈયાર કરેલા અન્નનો કે નિમંત્રણનો હું સ્વીકાર કરતો નહિ. જેમાં અન્ન રાંધ્યું હોય તે જ વાસણમાં તે લઈ આવવામાં આવે તો હું તેનો સ્વીકાર કરતો નહિ. ઊખળમાંથી ખાવાનો પદાર્થ કોઈ લાવી આપે તો હું લેતો નહિ. ઊમરાની કે વાડની અંદર રહીને આપેલી ભિક્ષા હું સ્વીકારતો નહિ. બે જણ જમતા હોય તેમાંથી એક ઊઠીને આપેલી ભિક્ષા હું લેતો નહિ. ગર્ભિણી, છોકરાને ધવરાવનારી કે પુરુષ સાથે એકાંતમાં બેઠેલી સ્ત્રીએ આપેલી ભિક્ષા હું લેતો નહિ. મેળામાં કે જાત્રામાં તૈયાર કરેલા અન્નની ભિક્ષા હું લેતો નહિ. જ્યાં

કૂતરો ઊભો હોય કે માખીઓની ભીડ અને ઘોંઘાટ હોય, ત્યાંની ભિક્ષા હું લેતો નહિ. મત્સ્ય, માંસ, સુરા ઇત્યાદિ પદાર્થ લેતો નહિ.* એક જ ઘરમાં ભિક્ષા લઈને એક જ કોળિયા ઉપર હું જીવતો. અથવા બે ઘરોમાં ભિક્ષા લઈને બે કોળિયા ઉપર, એ પ્રમાણે દરરોજ વધારતો વધારતો સાત દિવસમાં સાત ઘરોમાં ભિક્ષા લઈને સાત કોળિયા ખાઈને હું રહેતો. હું એક કડછી ભરીને જ ખોરાક લેતો. આ રીતે સાત દિવસ વધારતો જઈને સાત કડછી અન્નથી હું મારી ઉપજીવિકા ચલાવતો હતો. એકાંતરે જમવાનું રાખતો. બે દિવસને અંતરે જમતો. આ રીતે ઉપવાસની મર્યાદા વધારતાં જઈને સાત દિવસને અંતરે કે પખવાડિયામાં એક દિવસ હું જમતો.

(ઇ) "શાક, શ્યામાક, નીવાર, ચમારે ફેંકેલા ચામડાના ટુકડા, શેવાળ, કુશકી, બળી ગયેલું અન્ન, ખોળ, ઘાસ અથવા ગાયનું છાણ ખાઈને હું રહેતો. અથવા અરણ્યમાં સહેજે મળતાં કંદમૂળોપર હું ઉપજીવિકા ચલાવતો. હું શણનાં વસ્ત્ર ધારણ કરતો. મિશ્રવસ્ત્રો ધારણ કરતો. શબ પર નાખેલાં વસ્ત્રો ધારણ કરતો. રસ્તાપરનાં ચીંથરાંમાંથી વસ્ત્રો તૈયાર કરીને હું ધારણ કરતો. વલ્કલ ધારણ કરતો, અજિન મૃગચર્મ ધારણ કરતો. કુશોનું બનાવેલું ચીવર ધારણ કરતો. ભીંડીનું ચીવર ધારણ કરતો. માણસના કે ઘોડાના વાળની કામળ અથવા ઘૂવડના પીછાંનું ચીવર હું ધારણ કરતો.

(નિ) "હું દાઢી, મૂછો અને વાળ ખેંચી કાઢતો. ઊભો રહીને તપસ્યા કરતો. બે પગ પર બેસીને તપસ્યા કરતો.

(ધ) "હું કાંટાઓની પથારી પર સૂતો. દહાડામાં ત્રણ વખત નહાતો. આવી રીતે હું અનેક પ્રકારનું દેહદમન કરતો. આ મારી તપસ્વિતા.

* જૈન સાધુઓ મત્સ્ય અને માંસ લેતા; પણ સુરા લેતા હોય એવો દાખલો મળતો નથી. માંસાહારની ચર્ચા અગિયારમા પ્રકરણમાં કરી છે.

## રૂક્ષતા

"હે સારિપુત્ત, મારી રૂક્ષતા કેવી હતી તે કહું છું:—

(નિ) અનેક વર્ષોની ધૂળથી મારા શરીરપર મેલનો થર જામ્યો હતો. જેવી રીતે એકાદ તિંદુક વૃક્ષનું થડ અનેક વર્ષોની ધૂળથી લપેટાય છે, તેવો મારો દેહ થયો હતો. પણ આ ધૂળનું આવરણ હું જાતે કે બીજો કોઈ હાથવડે લૂંછી કાઢે એવું મને થતું ન હતું. આવી મારી રૂક્ષતા હતી.

## જુગુપ્સા

"હવે મારી જુગુપ્સા કેવી હતી તે કહું છું:—

(નિ) હું ખૂબ કાળજીપૂર્વક જતો આવતો. પાણીના ટીપા પર પણ મને ઉત્કટ દયા હતી. આવી વિષમ સ્થિતિમાં સપડાયેલા સૂક્ષ્મ પ્રાણીનો મારાથી નાશ ન થાય, એ માટે હું ખૂબ સંભાળ લેતો. એવી મારી જુગુપ્સા હતી. (જુગુપ્સા એટલે હિંસાનો કંટાળો.)

## પ્રવિવિક્તતા

"હે સારિપુત્ત, હવે મારી પ્રવિવિક્તતા કેવી હતી તે કહું છું:—

(ઇ) હું જ્યારે કોઈ જંગલમાં રહેતો ત્યારે કોઈ ગોવાળ, ઘાસ વાઢવાવાળો, લાકડાં કાપવાવાળો કે જંગલની દેખરેખ કરવાવાળો માણસ મારી નજરે પડતો ત્યારે હું નિબિડ જંગલમાં, ઊંડા કે સપાટ પ્રદેશ પર એકદમ ભાગી જતો. મારો હેતુ એ હતો કે તે મને જોવા ન પામે. જેવી રીતે કોઈ અરણ્યમૃગ માણસને જોઈને ભાગી છૂટે છે તેવી રીતે હું ભાગી છૂટતો. આવી મારી પ્રવિવિક્તતા હતી.

## વિકટ ભોજન

(ઇ) "જ્યાં ગાયો બાંધવાની જગ્યા હોય અને જ્યાંથી તાજેતરમાં ગાયો ચરવા ગઈ હોત, ત્યાં હાથ અને પગ પર ચાલતો જઈને હું વાછરડાંનું છાણ ભક્ષણ કરતો. જ્યાં સુધી મારાં મલમૂત્ર ચાલે ત્યાં સુધી તેના પર જ હું મારો નિર્વાહ ચલાવતો. એવું મારું મહાવિકટ ભોજન હતું.

## ઉપેક્ષા

(નિ) "હું એકાદ ભયાનક જંગલમાં રહેતો. જો કોઈ પણ અવીતરાગી તે જંગલમાં આવે તો તેના રૂવાં ખડાં થાય એવું ભયંકર એ જંગલ રહેતું શિયાળામાં ભયંકર હિમપાત થતો હોય ત્યારે હું ખુલ્લી જગ્યામાં રહેતો અને દિવસે જંગલમાં ભરાઈ જતો. ઉનાળાના છેલ્લા મહિનામાં હું દિવસના ખુલ્લી જગ્યામાં રહેતો અને રાતના જંગલમાં ઘૂસી જતો. શ્મશાનમાં માણસોનાં હાડકાં માથા નીચે રાખીને હું સૂઈ જતો. ગામડિયા લોકો આવીને મારી પર થૂંકતા, પેશાબ કરતા, ધૂળ નાખતા કે મારા કાનમાં સળીઓ નાખતા. તોપણ તેમના વિષે મારા મનમાં ક્યારેય પાપબુદ્ધિ જાગી નથી.

## આહારવ્રત

(ઈ) "આહારથી આત્મશુદ્ધિ થાય છે એવી કેટલાક શ્રમણોની અને બ્રાહ્મણોની માન્યતા છે. તેઓ ફક્ત બોર ખાઈને રહે છે, બોરોનું ચૂર્ણ ખાય છે, બોરોનો કાઢો પીએ છે અથવા બીજો કોઈ પણ પદાર્થ બોરોનો જ કરીને ખાય છે. હું એક જ બોર ખાઈને રહેતો, એવું મને યાદ છે. હે સારિપુત્ત, તું એવું ના માનતો કે તે વખતે બોર ઘણાં મોટાં હશે. આજે જેવાં બોર છે તેવાં જ તે વખતે પણ હતાં. આ રીતે એક જ બોર ખાઈને રહેવાથી મારું શરીર ખૂબ કૃશ થઈ જતું. આસીતક વલ્લીની કે કાલવલ્લીની ગાંઠોની જેમ મારા સાંધાઓ સ્પષ્ટ દેખાતા હતા. મારો કટિબંધ ઊંટના પગલા જેવો દેખાતો. મારી પીઠની કરોડ સૂતરની તકલીઓની માળા જેવી દેખાતી. ભાંગેલા ઘરના વાંસ જેમ ઊંચાનીચા થાય છે, તેવી હાલત મારી પાંસળીઓની થઈ. ઊંડા કૂવામાં પડતી નક્ષત્રોની છાયાની જેમ મારી કીકીઓ ઊંડી ગઈ. કાચું કડવું તુંબડું કાપીને તડકામાં નાખવાથી તે જેમ કરમાઈ જાય છે તેવી રીતે મારા માથાની ચામડી કરમાઈ ગઈ. હું પેટ પર હાથ ફેરવવા માંડું તો પીઠની કરોડ જ મારે હાથે લાગતી. તેના પર હાથ ફેરવું ત્યારે પેટની ચામડી હાથે આવતી. આવી રીતે મારી

પીઠની કરોડ અને પેટની ચામડી એક થઈ ગઈ હતી. ઝાડા કે પેશાબ માટે હું બેસવા જતો ત્યારે હું ત્યાં જ પડી જતો. શરીર ઉપર હાથ ફેરવું તો મારા દુર્બળ થયેલા વાળ નીચે ખરી પડતા. તે ઉપવાસને લીધે મારી આવી અવસ્થા થઈ.

"કેટલાક શ્રમણો અને બ્રાહ્મણો મગ ખાઈને રહે છે, તલ ખાઈને રહે છે કે ચોખા ખાઈને રહે છે. આ પદાર્થોથી આત્મશુદ્ધિ થાય છે એવી એમની માન્યતા છે. હે સારિપુત્ત, હું એક જ તલનો, ચોખાનો કે મગનો દાણો ખાઈને જીવતો હતો. તે વખતે આ દાણાઓ વધુ મોટા હતા એમ ના માનીશ. તે આજના જેવા જ હતા. આ ઉપવાસથી મારી સ્થિતિ તેવી જ (ઉપર વર્ણવ્યા મુજબ) થતી."

બુદ્ધઘોષાચાર્યનું કહેવું એવું છે કે ભગવાને આ તપશ્ચર્યા કોઈ પૂર્વજન્મમાં કરી. તે વખતે બોર વગેરે પદાર્થ હમણાંના જેવા જ હતા, એ કથન પરથી બુદ્ધઘોષાચાર્યનું કહેવું સયુક્તિક જણાય છે. બુદ્ધના વખતમાં જે જે ભિન્નભિન્ન તપશ્ચર્યાઓ પ્રચલિત હતી તેનું નિરર્થકત્વ બતાવવા માટે સુત્તના કર્તાએ ઉપરનું લખાણ ભગવાનના મોઢામાં મૂક્યું છે, એ કહેવાની જરૂર નથી. ટીપમાં આપેલા ફેરફાર સિવાય (નિ) વિભાગ નીચે આવેલી તપશ્ચર્યા નિર્ગ્રંથો (જૈન સાધુઓ) કરતા હતા. આજે પણ વાળ ખેંચી કાઢવાની, ઉપવાસાદિ કરવાની વગેરે પ્રથા તે લોકોમાં ચાલુ છે. (ઇ) વિભાગ નીચે આવેલી તપશ્ચર્યા ઇતરપંથના શ્રમણો અને બ્રાહ્મણો કરતા હતા. તેમાંના ઘણાખરા પ્રકારો બાવાઓ, સાધુઓ વગેરે લોકોમાં હજુ પણ ચાલુ છે.

## મળમૂત્ર ખાવાનો રિવાજ

પોતાનાં મળમૂત્ર ખાવાનો રિવાજ હજી પણ અઘોરી જેવા પંથમાં ચાલુ છે એમ દેખાય છે. કાશીમાં તેલંગસ્વામી નામના એક પ્રસિદ્ધ સંન્યાસી થઈ ગયા. તેઓ નાગા રહેતા. તેમની જેમ નાગા ફરવાવાળા બીજાયે ઘણા પરમહંસો કાશીમાં હતા. તે વખતે

ગોડ્વીન્ નામનો (એને કાશીના લોકો ગોવિંદ સાહેબ કહેતા) ખૂબ જ લોકપ્રિય કલેક્ટર હતો. હિંદુ લોકોની રીતભાતનો તેણે ખૂબ સહાનુભૂતિપૂર્વક અભ્યાસ કર્યો; અને આ નાગા બાવાઓ લંગોટી પહેરીને ફરતા હતા તે માટે તેણે નીચેની યુક્તિ યોજી.

રસ્તામાં ફરતો નાગો સાધુ મળે કે પોલીસ તુરત જ તેને સાહેબની પાસે લઈ જતા. સાહેબ તેને પૂછતો, "તમે પરમહંસ છો?" તે હા કહે એટલે તે તેને પોતાનું અન્ન ખાવાનું કહેતો. આ વાત નાગા સાધુને ગળે ઊતરતી નહિ. એટલે ગોવિંદ સાહેબ કહેતો, "પરમહંસ કશો જ ભેદ રાખતો નથી, એવું શાસ્ત્રમાં કહ્યું છે; અને તમારા મનમાં તો ભેદભાવ છે; તેથી તમારાથી નાગા નહિ ફરાય." આ પ્રમાણે ઘણા નાગા બાવાઓને તેણે લંગોટી પહેરવાની ફરજ પાડી.

આવો જ પ્રસંગ એકવાર તૈલંગસ્વામી પર આવ્યો. પોલીસ સ્વામીને લઈને કલેક્ટરના બંગલા ઉપર ગયા છે, એવા ખબર મળતાં જ તેમના શિષ્યો અને પૂજકો, મોટા મોટા પંડિતો અને બીજા પ્રતિષ્ઠિત લોકો સાહેબના બંગલા ઉપર ગયા. સાહેબે બધાને બેસાડી દઈને તૈલંગસ્વામીને પ્રશ્ન પૂછ્યો, "તમે પરમહંસ છો?" સ્વામીએ હા કહેતાં જ સાહેબે બીજો સવાલ પૂછ્યો, "તમે મારે ત્યાંનું અન્ન ખાશો?" ત્યારે સ્વામીએ કહ્યું, "તમે મારું અન્ન ખાશો?"

"હું પરમહંસ નથી, છતાંય ગમે તેનું અન્ન ખાઉં છું." સાહેબે જવાબ આપ્યો.

સ્વામીએ ત્યાં ને ત્યાં પોતાના હાથ ઉપર જ ઝાડો કર્યો અને તે હાથ સાહેબની સામે ધરીને સ્વામીએ ગોવિંદ સાહેબને કહ્યું, "આ લો મારું અન્ન. આ તમે ખાઈ બતાવો." સાહેબ ખૂબ જ અકળાયો અને ખિજાઈને બોલ્યો, "આ કાંઈ મારે ખાવા જેવું અન્ન છે?" ત્યારે સ્વામી તે બધું ખાઈ ગયા અને તેમણે હાથ ચાટીને સાફ કર્યો. સાહેબે સ્વામીને છોડી મૂક્યા, એટલું જ નહિ પણ ફરી તેની તપાસ પણ કરી નહિ.

હું ૧૯૦૨ની સાલમાં કાશી હતો, ત્યારે કાશીના પંડિતોએ આ વાત ખૂબ આદરથી કહેલી મેં સાંભળી. પણ તે પહેલાં ‘ કાશીયાત્રા ’ નામના પુસ્તકમાં તે વાર્તા તેવી જ આદરબુદ્ધિથી લખેલી મેં વાંચી.

## આધુનિક તપસ્યા

આ જ તેલંગસ્વામી ભારે ઠંડીના દિવસોમાં ફક્ત માથું બહાર રાખીને ગંગામાં બેસી જતા; અને ભારે ઉનાળામાં જ્યાં ચાલવાથી પગે ફોલ્લાં નીકળે તેવી ગંગાની રેતીમાં બેસી રહેતા.

લોઢાના કાંટાઓની ખાટ બનાવીને તેના પર સૂનારા બાવાઓ ઘણાએ જોયા હશે. ૧૯૦૨ની સાલમાં આવો એક બાવો કાશીમાં બિંદુમાધવના મંદિરની પાસે રહેતો હતો. લાકડાની લંગોટી પહેરીને ફરવાવાળા બાવાઓ પણ મારા જોવામાં આવ્યા છે.

## શ્રમણોનો તપશ્ચર્યા વિષેનો આદર

ઉપર આપેલ તપશ્ચર્યાના પ્રકારોમાંથી શાક, શામાક અને અરણ્યમાં સહેજે મળતાં ફલમૂલાદિ ખાઈને રહેવું, એ પ્રકાર અરણ્યમાં રહેતા ઋષિમુનિઓ આચરતા હતા. તેઓ વલ્કલ પહેરતા અને ઘણે ભાગે અગ્નિહોત્ર પણ રાખતા. પણ નવા નીકળેલા શ્રમણસંપ્રદાયે અગ્નિહોત્રનો ત્યાગ કર્યો અને અરણ્યમાં રહેતા ઋષિમુનિઓની ઘણી-ખરી તપશ્ચર્યાઓ સ્વીકારીને તેમાં ચામડાના ટુકડા વગેરે ખાવાની તપશ્ચર્યાનો ઉમેરો કર્યો.

બુદ્ધના સમયમાં નિર્ગ્રંથો (જૈનો) નો સંપ્રદાય જોરમાં હતો એ ઉપર કહ્યું જ છે. આ ઉપરાંત પૂરણકાશ્યપ, મક્ખલિ ગોસાલ, અજિત કેસકમ્બલ, પકુધ કાત્યાયન અને સંજય બેલટ્ઠપુત્ત એ પાંચ શ્રમણનાયકોના શ્રમણસંપ્રદાય ઘણા પ્રસિદ્ધ હતા. આ લોકોના તત્ત્વજ્ઞાનનો વિચાર સંક્ષેપથી સાતમા પ્રકરણમાં કર્યો છે. તે ઉપરથી એમ જણાશે કે તેમનામાં તત્ત્વની બાબતમાં ઘણો મતભેદ હતો; તેમ છતાંય બે વાતોમાં તેમની એકવાક્યતા હતી—

(૧) તે બધાને યજ્ઞયાગ પસંદ ન હતા, અને

(૨) તપશ્ચર્યા વિષે તેમના મનમાં કંઈક અંશે આદર હતો.

## શ્રમણોનું પ્રચારકાર્ય

આ અને બીજા શ્રમણોનું લોકોપર ઘણું વજન હતું એ ઉપર કહ્યું જ છે. આ શ્રમણો પૂર્વમાં ચંપા (ભાગલપુર), પશ્ચિમમાં કુરુઓનો દેશ, ઉત્તરમાં હિમાલય અને દક્ષિણમાં વિંધ્ય–એ બધાની વચ્ચેના પ્રદેશમાં ચોમાસાના ચાર મહિના બાદ કરતાં બાકીના આઠ મહિનાઓમાં સતત ભ્રમણ કરતા અને પોતાના મતોનો લોકોમાં પ્રચાર કરતા. આથી લોકોમાં યજ્ઞયાગ માટે અનાદર અને તપશ્ચર્યા માટે આદર ઉત્પન્ન થયો.

## યજ્ઞયાગોની વ્યાપ્તિ

પરંતુ રાજાઓને યુદ્ધમાં વિજય મેળવવા ખાતર યજ્ઞયાગ કરવાની આવશ્યકતા જણાતી હતી. યજ્ઞયાગ ચાલુ રાખવા માટે કોસલોના પસેનદિ રાજાએ ઉક્કટ્ઠા ગામ પોક્ખરસાતિ (પૌષ્કરસાદિ) બ્રાહ્મણને અને સાલવતિકા ગામ લોહિચ્ચ (લૌહિત્ય) બ્રાહ્મણને, તેમ જ મગધદેશમાં બિંબિસાર રાજાએ ચંપા ગામ સોણદંડ બ્રાહ્મણને અને ખાણુમત ગામ કૂટદન્ત બ્રાહ્મણને ઇનામ આપ્યાના દાખલા દીઘનિકાયમાં મળે છે. આ સિવાય ખુદ પસેનદિ રાજા યજ્ઞયાગ કરતો હતો, એમ કોસલસંયુત્તના નવમા સુત્ત પરથી જણાય છે. પણ આ યજ્ઞ-યાગોની વ્યાપ્તિ કોસલનો પસેનદિ અને મગધનો બિંબિસાર એ બેનાં રાજ્યો પૂરતી જ હતી. કારણ કે મોટા મોટા યજ્ઞયાગ કરવા એ રાજાઓ અને વતનદાર બ્રાહ્મણોને માટે જ શક્ય હતું.

આવા ભારે યજ્ઞ કરવા સામાન્ય જનતાની શક્તિની બહાર હોવાથી યજ્ઞયાગોની નાની આવૃત્તિઓ નીકળી હતી. અમુક જાતના લાકડાની અમુક પ્રકારની દર્વીવડે તુષ, કુશકી, ખાસ પ્રકારના ચોખા, વિશિષ્ટ જાતનું ઘી, ખાસ પ્રકારનું તેલ, અમુક પ્રાણીઓનું લોહી વગેરેનો હોમ કરવાથી અમુક પ્રકારની કાર્યસિદ્ધિ થાય છે એમ કહી કેટલાક બ્રાહ્મણો લોકો પાસે હોમ કરાવતા અને કેટલાક

શ્રમણો પણ આમાં ભાગ લેતા, એમ દીઘનિકાયમાં આવતા ઉલ્લેખો ઉપરથી દેખાય છે* આ લોકો કાર્યસિદ્ધિ માટે હોમ કરતા હતા, તેમ છતાંય તેઓ તેની ગણના ધાર્મિક વિધિમાં નહોતા કરતા એમ લાગે છે. કારણ કે, આવા હોમ કરવાવાળા બ્રાહ્મણોને અને શ્રમણોને લોકો ખાસ માન આપતા નહોતા.

## દેવતાઓની પૂજા

આજકાલ હિંદુઓ જેવી રીતે દેવદેવતા, યક્ષ, પિશાચ વગેરેમાં માને છે અને તેમને શાંત કરવા માટે બલિદાન કરે છે, તેવી જ રીતે બુદ્ધના સમયમાં હિંદુ લોકો દેવતાઓને માનતા અને બલિકર્મ કરતા. ખાસ ફરક એટલો જ કે આજકાલના ઘણાખરા દેવોને પૂજારીઓની જરૂર પડે છે અને તે ઘણે ભાગે બ્રાહ્મણો હોય છે. આ ઉપરાંત હાલના દેવો બુદ્ધ સમયના દેવોની જેમ કાલ્પનિક હોવા છતાં, તેમાંના ઘણાખરાનાં પુરાણો થઈ ગયાં છે. આ પ્રકાર બુદ્ધના સમયમાં ન હતો. વડલાના જેવા વૃક્ષ ઉપર, કોઈ ડુંગર ઉપર કે વનમાં મહાનુભાવ દેવતાઓનો નિવાસ હોય છે અને તેમની માનતા રાખવાથી તેઓ પ્રસન્ન થાય છે, એવી લોકોની માન્યતા હતી; અને બકરાં, મરઘાં ઇત્યાદિ પ્રાણીઓનો ભોગ આપીને તેઓ પોતાની માનતા પૂરી કરતા. પલાસ જાતકની (નં. ૩૦૭) કથાપરથી દેખાય છે કે દેવતાઓની પૂજા બ્રાહ્મણો પણ કરતા, પણ તેમણે તે દેવતાઓનું પૂજારીપદ પોતાની ઉપજીવિકાના સાધન તરીકે પોતાના જ હાથમાં રાખ્યું હોય, એવો પુરાવો ક્યાંય મળતો નથી. આજે જેવી રીતે દગડોબા, મ્હસોબા કે જાખાઈ–જોખાઈને માટે પૂજારી બ્રાહ્મણો નથી તેવી જ રીતે તે વખતે બધા જ દેવતાઓને માટે પૂજારીઓ ન હતા. લોકો માનતા રાખતા અને મધ્યસ્થી વિના પોતાને હાથે જ બલિદાન આપતા. સુજાતાએ વટવૃક્ષવાસી દેવતાને દૂધની ખીર આપવાની માનતા રાખી અને અંતે તે ઝાડ નીચે બેઠેલા ગોતમ બોધિસત્ત્વને જ તેણે તે ખીર આપી, એ કથા બૌદ્ધસાહિત્યમાં

* દીઘનિકાય–બ્રહ્મજાલ, સામઞ્ઞફલ વગેરે સૂત્રો જુઓ.

પ્રસિદ્ધ છે અને બૌદ્ધ ચિત્રકળા ઉપર તેની સરસ અસર થઈ, એમ જણાય છે. ટૂંકામાં, આ દેવદેવતાઓની પૂજામાં પૂજારી બ્રાહ્મણોની જરૂર ન હતી.

## શ્રમણોનો ઉત્કર્ષ

આ દેવતાઓ માટે પુરાણો અને પૂજારીઓ નહિ હોવાથી તેમને અર્વાચીન પ્રકારનું ધાર્મિક સ્વરૂપ મળ્યું ન હતું. બધી કક્ષાઓના લોકો પોતાના ઉપર આવનાર આપત્તિ ટાળવા માટે અથવા પોતે કરેલ માનતાને લઈને દેવતા પ્રસન્ન થાય એટલા ખાતર તેને બલિદાન આપતા. પણ આ કાર્યને તેઓ ધાર્મિક ગણતા નહોતા. બ્રાહ્મણોના યજ્ઞયાગોને વેદોનો અને વૈદિક સાહિત્યનો ટેકો મળવાથી તેમની ગણના ધાર્મિક કાર્યોમાં થતી હતી. પણ આ યજ્ઞયાગો ખૂબ ખર્ચાળ હોવાથી સામાન્ય લોકોની શક્તિની બહાર હતા. તેને માટે સેંકડો ગાયો અને બળદો મારી નાખવામાં આવતાં. ખેતી માટે ઉપયોગી જનાવરોને રાજાઓ અને બીજા પ્રતિષ્ઠિત લોકો જબરદસ્તીથી લઈ જતા હોવાથી સામાન્ય લોકોમાં યજ્ઞયાગ ખૂબ જ અળખામણા થતા ગયા હતા. આથી ઊલટું શ્રમણોને સામાન્ય લોકો સન્માનપૂર્વક આવકારતા, ચોમાસામાં ઝૂંપડાં વગેરે બાંધીને તેમની રહેવાની વ્યવસ્થા કરતા અને તેમનો ઉપદેશ સાંભળવા તત્પર રહેતા. આથી શ્રમણસંઘોનો ઝપાટાભેર ઉત્કર્ષ થતો ગયો.

## ઉપનિષત્કાલીન ઋષિ

આજકાલ એવી માન્યતા પ્રચલિત છે કે વેદોમાંથી ઉપનિષદો નીકળ્યાં અને તેમાંથી બૌદ્ધ, જૈન ઇત્યાદિ ધર્મ નીકળ્યા હોવાથી તે પણ બધા વૈદિક ધર્મ જ છે. પણ બૌદ્ધોની અને જૈનોની પરંપરા વેદ કે ઉપનિષદોમાંથી નીકળી નથી; વેદકાળના પહેલાં મધ્ય હિંદુસ્તાનમાં જે ઋષિમુનિઓની પરંપરા અસ્તિત્વમાં હતી, તેમાંથી તે પરંપરાઓ નીકળી છે, એ ઉપરના વિવેચન પરથી સ્પષ્ટ થશે એવો મને વિશ્વાસ છે. તો પણ ઉપનિષદમાં જેમનું વર્ણન આવે છે તે બ્રાહ્મણોની

બુદ્ધના સમયમાં કેવી સ્થિતિ હતી તેનો ટૂંકામાં વિચાર કરવો અયોગ્ય નહિ થાય.

આરણ્યકો અને ઉપનિષદો બુદ્ધના સમય પછી ઘણે વર્ષે રચવામાં આવ્યાં, એ મેં મારા ‘હિંદી સંસ્કૃતિ અને અહિંસા’ નામના પુસ્તકમાં બતાવી આપ્યું છે ( પૃ. ૪૮–૫૦ જુઓ ). પરંતુ ઉપનિષદોમાં વર્ણવેલા બ્રાહ્મણો જેવા કેટલાક બ્રાહ્મણો અને ક્ષત્રિયો બુદ્ધના સમયમાં હતા, એવું માનવામાં કશી જ હરકત નથી. પણ તેમાંના ઘણાખરા હોમહવનનો ધર્મ તજીને શુદ્ધ શ્રમણ થઈ જતા હતા, એવું જાતકમાંની ઘણી વાર્તાઓ ઉપરથી દેખાય છે. ઉદાહરણરૂપે નંગુટ્ઠજાતકનો ( નં. ૧૪૪ ) સારાંશ અહીં આપીશ.

વારાણસીમાં બ્રહ્મદત્ત રાજા રાજ્ય કરતો હતો ત્યારે બોધિસત્ત્વ ઔદીચ્ય બ્રાહ્મણકુળમાં જન્મ્યા. તેના જન્મદિવસે તેનાં માબાપે જાતાગ્નિ સ્થાપ્યો અને તે સોળ વર્ષનો થયા પછી તેણે તેને કહ્યું, “ દીકરા, તારા જન્મદિવસે આ અગ્નિ સ્થાપવામાં આવ્યો છે. જો તારે ગૃહસ્થ થઈને રહેવું હોય તો તું ત્રણ વેદોનું અધ્યયન કરજે; પણ જો તારે બ્રહ્મલોકપરાયણ થવાની ઇચ્છા હોય, તો આ અગ્નિ લઇને અરણ્યમાં જજે અને તેની સેવા કરીને બ્રહ્મદેવની આરાધના કરજે અને બ્રહ્મલોકપરાયણ થજે.”

બોધિસત્ત્વને ગૃહસ્થાશ્રમ ગમતો ન હતો. પોતાનો જાતાગ્નિ લઈને તે અરણ્યમાં ગયા અને ત્યાં આશ્રમ બાંધીને તે અગ્નિની સેવામાં તે જીવન વિતાડવા લાગ્યા. એક દિવસે એક ખેડૂતે બોધિસત્ત્વને દક્ષિણામાં એક બળદ આપ્યો. તેનું બલિદાન આપીને અગ્નિદેવની પૂજા કરવાનો બોધિસત્ત્વનો વિચાર હતો. પણ આશ્રમમાં મીઠું ખલાસ થઈ જવાથી તે લેવા માટે તેઓ ગામમાં ગયા ત્યારે અહીં કેટલાક ગુંડાઓ તે બળદને મારીને પોતાને જોઈતું હતું તેટલું તેનું માંસ અગ્નિહોત્રપર રાંધીને ખાઈ ગયા અને વધેલું માંસ પોતાની સાથે લઈ ગયા.

બોધિસત્ત્વ મીઠું લઈને પાછા આવીને જુએ છે ત્યાં બળદનું ચામડું, પૂછડું અને તેનાં હાડકાં જ ત્યાં રહ્યાં હતાં. તેણે મનમાં વિચાર્યું, "આ અગ્નિદેવ પોતાના જ બલિનું રક્ષણ કરી શકતો નથી; તો પછી એ મારું રક્ષણ શી રીતે કરશે?" એમ વિચારી તેણે પોતાનું અગ્નિહોત્ર પાણીમાં ફેંકી દીધું અને પોતે ઋષિ-પ્રવ્રજ્યા લીધી.

બુદ્ધનો ઉપદેશ સાંભળીને ઉરુવેલકાશ્યપ, નદીકાશ્યપ અને ગયા-કાશ્યપ એ ત્રણ બ્રાહ્મણબંધુઓએ પોતાનાં અગ્નિહોત્રો નદીમાં ફેંકી દીધાની કથા બૌદ્ધસાહિત્યમાં જાણીતી છે.

## ઉપનિષદના ઋષિઓ

કેટલાક બ્રાહ્મણોમાં આમ ઉઘાડી રીતે શ્રમણધર્મ સ્વીકારવાની હિમ્મત ન હતી. તેઓ વૈદિક યજ્ઞયાગ અને શ્રમણોનું તત્ત્વજ્ઞાન એ બેની વચ્ચે ઝોલા ખાતા હતા; અશ્વમેધાદિ ઉપર રૂપકો રચીને તેમાંથી જ આત્મતત્ત્વ કાઢવાનો તેઓ પ્રયત્ન કરતા હતા. દા. ત., બૃહદારણ્યક ઉપનિષદના પહેલા અધ્યાયના બીજા બ્રાહ્મણની શરૂઆતમાં આવતી કથા જુઓ. ત્યાં ઋષિ કહે છે, 'આ દુનિયામાં ઉત્પત્તિના પહેલાં કશું જ ન હતું. બધું મૃત્યુથી છવાયું હતું. આનું કારણ ખાવાની ઇચ્છા. કારણ કે ખાવાની ઇચ્છાને જ મૃત્યુ કહે છે. તેને આત્મવાન થવાની ઇચ્છા થઈ...મોટા યજ્ઞવડે મારે ફરીથી યજન કરવું, એવી તે મૃત્યુને ઇચ્છા થઈ. આવી કામના કરીને તે શ્રાંત થયો; તપ કરવા લાગ્યો. તે શ્રાંત અને તપવડે તપ્ત થયેલા મૃત્યુમાંથી યશ અને વીર્ય પેદા થયાં. પ્રાણ એ જ યશ અને તે જ વીર્ય છે. આ રીતે તે પ્રાણ શરીર છોડીને ચાલ્યા ગયા ત્યારે પ્રજાપતિનું શરીર ફૂલી ગયું. તોપણ તેનું મન તે શરીરમાં હતું. આ મારું શરીર મેધ્ય (યજ્ઞિય) થાય અને તે વડે હું આત્મવાન (આત્મન્વી) થાઉં, એવી તેણે કામના કરી. જ્યારે આ શરીર મારા વિયોગવડે યશ અને વીર્યથી વિરહિત થતું ચાલ્યું, ફૂલી

ગયું, ત્યારે તે અશ્વ (ફૂલેલો) થયો. અને જેથી તે મેધ્ય થયું તેથી તે જ અશ્વમેધનું અશ્વમેધત્વ છે. જે આ અશ્વને આ મુજબ ઓળખે છે, તે જ અશ્વમેધને જાણે છે."

આમાં અશ્વમેધને બહાને તપશ્ચર્યાપ્રધાન અહિંસાધર્મ કહેવાનો પ્રયત્ન દેખાય છે. ખાવાની ઇચ્છા એ જ મૃત્યુ. તે આત્મવાન થયો એટલે તેને વ્યક્તિત્વ આવ્યું અને ક્રમશઃ તેને યજ્ઞની ઇચ્છા થઈ આવી. તે ઇચ્છામાંથી યશ અને વીર્ય એ બે ગુણ નીકળ્યા; તે જ સાચા પ્રાણ કહેવાય. તે જો નીકળી જાય તો શરીર મરી જઈને ફૂલી ગયા જેવું (અશ્વયિત) થયું એમ સમજવું. અને તે બાળી નાખવાને યોગ્ય છે. આ તત્ત્વ જે જાણે છે તે જ અશ્વમેધને ઓળખે છે.

છાંદોગ્ય ઉપનિષદમાં પ્રવાહણ જૈવલિ અરુણના પુત્રને કહે છે, "હે ગૌતમ, દ્યુલોક એ જ અગ્નિ છે. આદિત્ય એ જ તેની સમિધા, કિરણ એ જ ધૂમ, દિવસ એ જ જ્વાલા, ચન્દ્રમા એ જ અંગાર અને નક્ષત્રો એ જ તણખા (વિસ્ફુલિંગ) છે." (છાં. ઉ. ૫/૪)

આ ઉપરથી એમ દેખાશે કે આ બ્રાહ્મણ ઋષિના મન પર શ્રમણ સંસ્કૃતિની પૂરી અસર થઈ હતી; પણ વ્યવહારમાં તે તત્ત્વોનું ખુલ્લી રીતે પ્રતિપાદન કરવું તેમને યોગ્ય જણાતું ન હતું; અને તેથી જ આવી રૂપકાત્મક ભાષાનો તેઓ ઉપયોગ કરતા હતા.

## ઉપનિષદના ઋષિઓ પણ જાતિભેદ માનતા ન હતા

પહેલાંના ઋષિમુનિઓમાં, શ્રમણોમાં અને ઉપનિષદના ઋષિઓમાં એક બાબત પરત્વે જરૂર એકતા હતી. એ બાબત છે જાતિભેદની. માતંગ ઋષિની વાર્તા આવી જ છે. તે ઉપરથી ઋષિમુનિઓમાં જાતિભેદ ન હતો એ સ્પષ્ટ થાય છે. શ્રમણસંઘોમાં તો જાતિભેદને જરાય અવકાશ નહોતો અને ઉપનિષદના ઋષિઓ પણ જાતિને ઝાઝું મહત્ત્વ આપતા ન હતા એ નીચેની વાર્તા પરથી દેખાશે.

સત્યકામે પોતાની મા જબાલાને કહ્યું "મા, હું બ્રહ્મચર્યનું આચરણ કરવા માગું છું. (બ્રહ્મજ્ઞાન મેળવવાની ઇચ્છા કરું છું.) મારું

ગોત્ર કયું છે તે મને કહે. તેણે તેને કહ્યું, "બેટા, હું એ જાણુતી નથી. જુવાનીમાં હું ઘણા લોકોની સાથે રહી (**बह्वहं चरन्ती**) છું અને તારો જન્મ થયો. તેથી તારું ગોત્ર હું જાણુતી નથી. મારું નામ જબાલા અને તારું નામ સત્યકામ છે, તેથી તું સત્યકામ જાબાલ છે એમ કહેજે."

તેણે (સત્યકામે) હારિદ્રુમત ગૌતમને કહ્યું, "આપની પાસે બ્રહ્મજ્ઞાન શીખવાના ઉદ્દેશથી હું આવ્યો છું."

ગૌતમે પૂછ્યું, "તારું ગોત્ર કયું?"

સત્યકામ બોલ્યો, "તે હું જાણુતો નથી. મેં મારી માને પૂછ્યું. પણ તેણે કહ્યું કે જુવાનીમાં ઘણા પુરુષો સાથે સંબંધમાં આવવાથી મને ગોત્રની ખબર નથી. તેથી તું સત્યકામ જાબાલ છે એમ કહેજે."

તેને ગૌતમે કહ્યું, "તું સત્યથી ચ્યુત થયો નથી. અબ્રાહ્મણને માટે આ શક્ય નથી માટે તું સમિધા લઈ આવજે. હું તારું ઉપનયન કરીશ." એમ કહીને આ ઋષિએ તેનું ઉપનયન કર્યું. (છાં. ઉ. ૪/૪)

## ગુપ્તોની કારકિર્દીથી જાતિભેદ મજબૂત થયો

ઉપનિષદના ઋષિઓ જાતિભેદ પાળતા હતા, તેમ છતાંય જાતિ કરતાં તેઓ સત્યને વધુ મહત્ત્વ આપતા એ સત્યકામની વાર્તા ઉપરથી સાબિત થાય છે. પરંતુ તે જ ઉપનિષદોનો સમન્વય કરવાનો પ્રયત્ન કરનાર બાદરાયણ વ્યાસ અને ભાષ્યકાર શંકરાચાર્યે જાતિભેદને કેટલું મહત્ત્વ આપે છે તે જુઓઃ—

**श्रवणाध्ययनार्थप्रतिषेधात्स्मृतेश्च । अ. १/३/३८**

**इतश्च न शूद्रस्याधिकारः । यदस्य स्मृतेः श्रवणाध्ययनार्थप्रतिषेधो भवति । वेदश्रवणप्रतिषेधो वेदाध्ययनप्रतिषेधस्तदर्थज्ञानानुष्ठानयोश्च प्रतिषेधः शूद्रस्य स्मर्यते । श्रवणप्रतिषेधस्तावत् 'अथास्यवेदमुपशृण्वतस्त्रपुजतुभ्यां श्रोत्रप्रपूरणम्' इति । पद्युह वा पतत् श्मशानं यच्छूद्रस्तस्माच्छूद्रसमीपे नाध्येतव्यम्' इति च । अत एवाध्ययनप्रतिषेधः । यस्य हि समीपेऽपि नाध्येतव्य भवति, स कथमश्रुतमधीयीत । भवति च वेदोच्चारणे**

**जिह्वाच्छेदो धारणे शरीरभेद इति। अत एव चार्थादर्थज्ञानानुष्ठानयोः प्रतिषेधो भवति 'न शूद्राय मतिं दद्यात्' इति। (ब्रह्मसूत्रशांकरभाष्य अ. १/३/३८)**

"અને તેથી જ શૂદ્રને (બ્રહ્મજ્ઞાનનો) અધિકાર નથી. કારણ કે સ્મૃતિએ તેને વેદ સાંભળવાનો અને અધ્યયન કરવાનો પ્રતિષેધ કર્યો છે. વેદશ્રવણનો પ્રતિષેધ, વેદાધ્યયનનો પ્રતિષેધ અને તેનું અર્થજ્ઞાન તથા અનુષ્ઠાનનો પ્રતિષેધ, સ્મૃતિએ શૂદ્રને માટે કર્યો છે. શ્રવણપ્રતિષેધ આ પ્રમાણે: 'તે વેદવાક્ય સાંભળે તો તેના કાન લાખથી અને સીસાથી ભરવા.' 'શૂદ્ર એટલે પગવાળું સ્મશાન. તેથી શૂદ્રની નજીક અધ્યયન કરવું નહિ.' અને તેથી જ અધ્યયનપ્રતિષેધ પણ થાય છે. કારણ કે જેની નજીકમાં પણ અધ્યયન કરી શકાય નહિ, તે પોતે શ્રુતિનું અધ્યયન કેવી રીતે કરશે? અને તે વેદોચ્ચારણ કરે તો તેનો જિહ્વાચ્છેદ કરવો, (વેદમંત્રનું) ધારણ કરે તો તેને મારી નાખવો (શરીરભેદ કરવો), એવું કહ્યું છે. તેથી તેણે વેદનું અર્થજ્ઞાન અને અનુષ્ઠાન કરવું નહિ એ સિદ્ધ થાય છે. 'શૂદ્રને મતિ આપવી નહિ.'"

શંકરાચાર્યે શૂદ્રો પર જુલમ કરવા માટે લીધેલા આધાર ગૌતમધર્મસૂત્ર ઇત્યાદિ ગુપ્ત રાજાઓના સમયમાં રચાયેલા ગ્રંથોના છે. એટલે સમુદ્રગુપ્તથી (ઇ. સ. ના ચોથા સૈકાથી) તે છેક શંકરાચાર્ય સુધી (ઇ. સ.ના નવમા સૈકાના પ્રારંભ સુધી) આપણા બ્રાહ્મણ પૂર્વજોએ શૂદ્રોને દબાવીને પોતાનું પ્રભુત્વ કાયમ રાખવાનો પ્રયત્ન સતત ચાલુ રાખ્યો હતો, એમ જણાય છે. ધર્મસૂત્રકાર અને શંકરાચાર્ય એ બેમાં ફેર એટલો જ કે સૂત્રકારોના સમયમાં મુસલમાનોએ આ પ્રદેશમાં પ્રવેશ કર્યો નહોતો અને શંકરાચાર્યના વખતમાં સિંધ દેશ મુસલમાનોના કબજામાં ગયો હતો અને ત્યાં મુસલમાની ધર્મનો સતત પ્રસાર ચાલુ હતો. તેમની પાસેથી તો આપણા આચાર્યે સમાનતાનો પાઠ લેવો જોઈતો હતો. પણ તેમ ન કરતાં આ આચાર્ય પોતાનું જાતિભેદનું ટટ્ટુ આગળ ધપાવતા જ રહ્યા. તેનાં પરિણામો આ

દુર્દૈવી દેશને કેવાં સહન કરવાં પડ્યાં, તે ઇતિહાસ કહી જ આપે છે.

## સ્ત્રી સાધ્વીઓના સંઘ

તપસ્વી ઋષિમુનિઓમાં અથવા વૈદિક ઋષિઓમાં સ્ત્રીઓનો સમાવેશ નહોતો થયો. ગાર્ગી વાચક્નવી જેવી સ્ત્રીઓ બ્રહ્મજ્ઞાનની ચર્ચામાં ભાગ લેતી હતી* પણ તેમના સ્વતંત્ર સંઘ ન હતા. સ્ત્રીઓના સ્વતંત્ર સંઘો બુદ્ધના સમય પહેલાં એક બે સૈકામાં જ સ્થપાયા. તેમાંનો સૌથી જૂનો સંઘ જૈન સાધ્વીઓનો સંઘ હતો, એમ લાગે છે. આ જૈન સાધ્વીઓ વાદવિવાદમાં કુશળ હતી, એવું ભદ્રા કુંડલકેશા‡ ઇત્યાદિકોની વાતો પરથી જણાશે.

પહેલાંના ઋષિમુનિઓ જંગલમાં રહેતા અને ગામોમાં ભાગ્યે જ આવતા. તેથી તેમને માટે સ્ત્રીઓના સંઘ સ્થાપવા શક્ય નહોતું. પરંતુ શ્રમણ લોકો વસ્તીની આસપાસ રહેતા અને તે સમયની પરિસ્થિતિ અનુકૂળ હોવાથી તેઓ સ્ત્રીઓના સંઘ સ્થાપી શક્યા. જૈન અને બૌદ્ધ સાહિત્ય વાંચતા એક ખાસ વાત જણાય છે તે એ કે, તે વખતમાં સ્ત્રીઓ પણ પુરુષોની જેમ ધાર્મિક બાબતોમાં આગળ વધી હતી. આનું કારણ ગણસત્તાક રાજ્યોમાં સ્ત્રીઓને પૂર્ણ સ્વાતંત્ર્ય હતું, એ છે. ભગવાન બુદ્ધે વજ્જીઓને જે ઉન્નતિના સાત નિયમો આપ્યા, તેમાંનો પાંચમો એ છે કે, 'સ્ત્રીઓનું સન્માન જાળવવું જોઈએ; વિવાહિત કે અવિવાહિત સ્ત્રીપર કોઈ પણ જાતનો બળાત્કાર થવા દેવો જોઈએ નહિ.' બુદ્ધના મરણ સુધી તો વજ્જીઓ આ નિયમને અનુસરીને વર્તતા હતા. વજ્જીઓની જેમ મલ્લોના રાજ્યોમાં પણ સ્ત્રીઓનું માન જળવાતું હતું, એમ માનવામાં વાંધો નથી. અંગ, કાશી, શાક્ય, કોલિય વગેરે ગણસત્તાક રાજ્યોનું સ્વાતંત્ર્ય નષ્ટ થયું હતું, તેમ છતાંય અંતર્ગત વ્યવસ્થા તેમના હાથમાં હોવાથી તેમનાં રાજ્યોમાં સ્ત્રીસ્વાતંત્ર્યને ખાસ નુકશાન પહોંચ્યું નહોતું.

* બૃ. ઉ. ૩/૬/૧ ઇત્યાદિ,

‡ બૌદ્ધસંઘનો પરિચય, પૃ. ૨૧૪–૨૧૭ જુઓ.

મગધ અને કોસલ એ દેશોમાં એકસત્તાક રાજ્યપદ્ધતિ દૃઢમૂળ થઈ હતી, તેમ છતાંય તે દેશના રાજાઓ અસલની ગણસત્તાક રાજ્ય-પદ્ધતિનું પૂરેપૂરું ઉન્મૂલન નહોતા કરી શક્યા. બિંબિસાર મહારાજાએ અથવા પસેનદિ મહારાજાએ કોઈ પણ સ્ત્રીને જબરદસ્તીથી પોતાના જનાનખાનામાં દાખલ કરી હોય, એવો દાખલો ક્યાંય જડતો નથી.

### કેટલાંક એકસત્તાક રાજ્યોમાં સ્ત્રીઓનું માન

ગણસત્તાક રાજ્યપદ્ધતિ લોકોના સ્મરણમાંથી ભૂંસાવા લાગી અને એકસત્તાક રાજ્યપદ્ધતિ જેમ જેમ પ્રબળ થતી ગઈ, તેમ તેમ સ્ત્રીઓનું સ્વાતંત્ર્ય પણ નષ્ટ થવા લાગ્યું. તેમ છતાં કેટલાક રાજાઓ સ્ત્રીઓનું યોગ્ય માન જાળવતા એમ ઉન્માદયન્તી (ઉમ્મદંતી)ની વાર્તા ઉપરથી જણાશે.*

બોધિસત્ત્વ શિવિરાજકુળમાં જન્મ્યા. તેને શિવિકુમાર કહેતા. શિવિરાજાના સેનાપતિનો પુત્ર અભિપારક અને શિવિકુમાર સમવયસ્ક હતા. તે બંનેએ તક્ષશિલા જઈને શાસ્ત્રાધ્યયન કર્યું. બાપના મૃત્યુ પછી શિવિકુમાર રાજા થયો અને સેનાપતિના મૃત્યુ પછી તેણે અભિપારકને સેનાપતિ કર્યો. અભિપારકે ઉન્માદયંતી નામક અત્યંત સુસ્વરૂપ શ્રેષ્ઠ કન્યા સાથે લગ્ન કર્યું. રાજા નગરપ્રદક્ષિણા માટે નીકળ્યો ત્યારે બારીમાં ઊભેલી ઉન્માદયંતી સાથે તેની નજર મળી ગઈ. રાજા તેના પર મોહિત થઈને ઉન્મત્ત થયો અને રાજમહેલમાં જઈને બિછાના પર પડ્યો રહ્યો. અભિપારકને આ વાતની ખબર પડી, ત્યારે રાજા પાસે જઈને પોતાની સ્ત્રીનો સ્વીકાર કરીને ઉન્મત્તપણું મૂકી દેવાની તેને રાજાને પ્રાર્થના કરી. આથી રાજા ભાનમાં આવ્યો અને બોલ્યો, "આ શિવિઓનો ધર્મ નથી. હું શિવિઓનો આગેવાન છું; અને શિવિઓના ધર્મનું પાલન કરવું એ મારું કર્તવ્ય છે; તેથી મારા ચિત્ત વિકારને વશ થવું મને યોગ્ય નથી."

આ કથા વિસ્તૃત અને રોચક છે. તેનો સારાંશ માત્ર અહીં

* ઉમ્મદંતીજાતક નં. ૫૨૭.

આપ્યો છે. આ કથા લખાઈ ત્યારે ગણસત્તાક રાજ્યપદ્ધતિ તદ્દન નષ્ટ થઈ હતી એમ દેખાય છે. તથાપિ શિવિઓ જેવા ગણસત્તાક રાજાઓની સ્ત્રીઓ વિશેની ફરજ શી છે એ તે બરાબર જાણતો હતો; અને તે સર્વસત્તાધારી રાજાઓએ ધ્યાનમાં રાખવું જોઈએ એવો તેનો હેતુ હતો. શિવિકુમારના ભાષણને અન્તે તેણે આ ગાથા મૂકી છે:—

> **नेता पिता उग्गतो रट्ठपालो**
> **धम्मं शिवीनं अपचायमानो ।**
> **सो धम्ममेवानुविचिन्तयन्तो**
> **तस्मा सके चित्तवसे न वत्ते ॥**

'હું શિવિઓનો નેતા, પિતા અને રાષ્ટ્રપાલક આગેવાન છું. તેથી શિવિઓના કર્તવ્યને માન આપીને અને શિવિઓના ધર્મનો પૂરો ખ્યાલ રાખીને હું મારા પોતાના ચિત્તવિકારને વશ નહિ થાઉં.'

## બાળલગ્નની પ્રથા

આ વાતની અસર બૌદ્ધ રાજાઓ ઉપર તો સારી થઈ હોવી જોઈએ. પણ આમાંથી બીજી જ એક ખરાબ પ્રથા નીકળી હોય એમ જણાય છે. બ્રહ્મદેશના રાજાઓ વિવાહિત સ્ત્રીને પોતાના જનાનખાનામાં રાખત. ન હતા; વિવાહિત સ્ત્રીનો પતિ પોતાની સ્ત્રી સાથે છૂટાછેડા લઈને તેને રાજાને સોંપી દેવાનું સ્વીકારે, તોપણ તે ભારે અધર્મ છે એવું રાજાઓ માનતા હતા. પણ તેઓ અવિવાહિત સ્ત્રીને તેનાં માબાપની સંમતિ વિના જ નિઃસંકોચ ઉપાડી જતા. રાજા પોતાની કન્યાને જબરદસ્તીથી ઉપાડી જશે, એ ડરથી માબાપ દીકરીનાં લગ્ન નાનપણમાં જ કરીને તેના ગળામાં મંગળસૂત્ર બાંધી દેતાં. આ લગ્નો તદ્દન બનાવટી રહેતાં. છોકરીઓ પતિને ઘેર જતી ન હતી, એટલું જ નહિ પણ પહેલા પતિને છોડીને બીજા ગમે તેની સાથે પરણવાની તેમને સંપૂર્ણ છૂટ હતી. રાજાઓના જુલમમાંથી છોકરીઓનું રક્ષણ કરવાનો ફક્ત આ જ ઉપાય હતો. હિંદુસ્તાનમાં બાળલગ્નની દૃઢમૂળ થયેલી રૂઢિ

આવી પરિસ્થિતિમાંથી જ પેદા થઈ હશે કે કેમ, તે કહી શકાતું નથી. પણ આ રૂઢિ બુદ્ધના સમયમાં સાર્વત્રિક થઈ ન હતી અને એકસત્તાક રાજ્યપદ્ધતિ મજબૂત થયા પછી તેણે ધાર્મિક સ્વરૂપ લીધું, એમાં શંકા નથી. હિંદુસ્તાનમાં ગણસત્તાક રાજ્યપદ્ધતિનો વિકાસ થયો હોત, તો બાળવિવાહને લેશમાત્ર ઉત્તેજન મળ્યું ન હોત એ કહેવાની જરૂર નથી જ.

## ચાર પ્રકારના શ્રમણબ્રાહ્મણો

બુદ્ધના સમય સુધીમાં ચાર પ્રકારના શ્રમણબ્રાહ્મણો થયા. આના વિષેનું એક રૂપક અને તેનું સ્પષ્ટીકરણ મજ્ઝિમનિકાયના નિવાપસુત્તમાં મળે છે. તેનો સારાંશ નીચે મુજબ છેઃ—

ભગવાન બુદ્ધ શ્રાવસ્તીમાં અનાથપિંડિકના આરામમાં રહેતા હતા ત્યારે તેણે ભિક્ષુઓને ઉદ્દેશીને કહ્યું, “ભિક્ષુઓ, બીડ ઉગાડનાર માણસ મૃગોના કલ્યાણ માટે ઉગાડતો નથી. એ બીડનું ઘાસ ખાઈને મૃગ પ્રમત્ત થાય અને તે પૂરેપૂરા પોતાના કબજામાં આવી જાય એવો તેનો હેતુ હોય છે.

“(૧) ભિક્ષુઓ, આવા એક બીડમાં મૃગો ઘૂસ્યાં અને યથેચ્છ ઘાસ ખાઈને પ્રમત્ત થવાથી તેઓ બીડ ઉગાડનાર માણસના કબજામાં ગયાં. (૨) આ જોઈને બીજાં કેટલાંક મૃગોએ એવો વિચાર કર્યો કે આ બીડમાં જવું ખૂબ જ ખરાબ છે. તેથી બીડ મૂકીને તેઓ વેરાન જંગલમાં ગયાં. ઉનાળાના દિવસોમાં ત્યાં તેમને ચારોપાણી મળતું બંધ થયું અને તેથી તેમનાં શરીરમાં શક્તિ રહી નહિ. ઉદરપીડાથી ત્રસ્ત થઈને તેઓ પેલા બીડમાં ગયાં અને પ્રમત્તપણે ચારોપાણી ખાવાં લાગ્યાં અને પરિણામે તેઓ તે માણસના તાબામાં આવી ગયાં. (૩) વળી મૃગોની એક ત્રીજી ટોળીએ આ બંને માર્ગ મૂકી દઈને બીડની પાસેના જંગલોનો આશ્રય લીધો અને ખૂબ સાવચેતીથી તેઓ બીડનું ઘાસ ખાવાં લાગ્યાં. લાંબા વખત સુધી બીડના માલિકને આ ખબર પડી નહિ. કેટલાક વખત પછી તેણે તે મૃગોનું આશ્રયસ્થાન ખોળી

કાઢયું અને તે જગ્યાની આસપાસ જાળ ફેલાવીને તેણે તે મૃગોને કબજે કર્યાં. (૪) પણ મૃગોની ચોથી ટોળી ખૂબ હોશિયાર હતી. તેમણે બીડથી દૂર જઈ ને એક ગીચ જંગલમાં વસ્તી કરી; અને ત્યાંથી તેઓ બીડનાં ચારાપાણી સાવધાનીથી આરોગવા લાગ્યાં. તેમના આશ્રયસ્થાનનો પત્તો બીડના માલિકને મળ્યો નહિ.

"ભિક્ષુઓ, આ રૂપક મેં બનાવ્યું છે. બીડ ઉગાડનાર માણસ બીજો કોઈ નહિ, પણ ખુદ માર છે. (૧) જે શ્રમણબ્રાહ્મણો વિષયસુખમાં જ આનંદ માને છે, તેઓ પહેલી જાતના મૃગ છે. (૨) વિષયસુખના ભયથી જેમણે અરણ્યવાસ સ્વીકાર્યો અને જેઓ આખી દુનિયાથી અલગ થયા, તેઓ બીજી જાતનાં મૃગ. (૩) જે શ્રમણબ્રાહ્મણો વિષયોનો ઉપભોગ ખૂબ સાવચેતીથી લઈ ને જગત શાશ્વત છે કે અશાશ્વત? આત્મા અમર છે કે નાશવંત? ઇત્યાદિ વાદવિવાદ કરીને પોતાનો સમય બરબાદ કરે છે, તે ત્રીજી જાતનાં મૃગ. (૪) પરંતુ જેઓ આવા વાદવિવાદમાં નહિ પડતા પોતાનું અંતઃકરણ નિષ્કલંક રાખવા માટે કાળજી લે છે, તેઓ ચોથી જાતનાં મૃગ છે."

આ સુત્તમાં કહેલા પહેલા શ્રમણબ્રાહ્મણો એટલે યજ્ઞયાગમાં અને સોમરસપાનમાં જ બધો ધર્મ આવી જાય છે, એમ માનવાવાળા વૈદિક બ્રાહ્મણો. વૈદિક હિંસા અને સોમપાનથી થાકીને જેઓ અરણ્યમાં ગયા અને ત્યાંના કંદમૂળો પર ઉપજીવિકા કરવા લાગ્યા, તે ઋષિમુનિઓ બીજી જાતના શ્રમણબ્રાહ્મણો સમજવા. અરણ્યમાં ફળમૂળ મળતાં બંધ થયા પછી કે ખાટા અથવા ખારા પદાર્થ ખાવાની ઇચ્છા થવાથી આ લોકો ગામોમાં આવીને મોહજાળમાં ફસાઈ જતા. આનો એક દાખલો ઉપર (પૃ. ૪૫) આપ્યો જ છે. ઋષિમુનિઓનો ફળમૂળો પર ઉપજીવિકા કરવાનો માર્ગ મૂકી દઈ ને જેમણે ભિન્ન ભિન્ન શ્રમણસંપ્રદાય સ્થાપ્યા તે ત્રીજા પ્રકારના શ્રમણ-બ્રાહ્મણો ગણવા. આ પરિવ્રાજકો ગાઢા જંગલમાં નહિ જતા લોક-વસ્તીના આશ્રયે રહેતા અને લોકો પાસેથી મળતાં અન્નવસ્ત્રનો ખૂબ

સાવચેતીથી ઉપભોગ કરતા. પણ તેઓ 'આત્મા છે કે નહિ' ઇત્યાદિ ચર્ચાઓમાં મગ્ન થઈ જતા, તેથી તેમની આત્મશુદ્ધિ ન થતાં તેઓ મારની જાળમાં સપડાઈ જતા. આ બધા નિરર્થક વાદો મૂકી દઈ ને બુદ્ધે આત્મશુદ્ધિનો માર્ગ શોધી કાઢ્યો. તેના ભિક્ષુઓની ચોથી જાતના શ્રમણબ્રાહ્મણોમાં ગણના કરી છે. બીજા શ્રમણબ્રાહ્મણોના અને બુદ્ધના આત્મવાદમાં કેવી જાતનો તફાવત હતો, તેનું સ્પષ્ટીકરણ સાતમા પ્રકરણમાં આવશે. અહીં એટલું જ કહેવાનું છે કે આ ચાર પ્રકારના શ્રમણબ્રાહ્મણોમાં ઉપનિષદ્-ઋષિઓનો બિલકુલ સમાવેશ થતો નથી; અને તેથી ઉપનિષદોમાંથી બૌદ્ધધર્મ નીકળ્યો, એ કલ્પના નિરાધાર સાબિત થાય છે.

૪

# ગોતમ બોધિસત્ત્વ

## ગોતમની જન્મતિથિ

ગોતમની જન્મતિથિની બાબતમાં અર્વાચીન પંડિતોમાં સારો એવો મતભેદ જણાય છે. દિવાન બહાદુર સ્વામિકન્નૂ પિલ્લેના અભિપ્રાય મુજબ બુદ્ધનું પરિનિર્વાણ ખ્રિસ્તના પહેલાં ૪૭૮માં વર્ષમાં થયું. બીજા કેટલાક પંડિતોનું માનવું છે કે તે ખ્રિસ્તના પહેલાં ૪૮૬-૮૭મા વર્ષમાં થયું. પણ હમણાં હમણાં થયેલી નવી શોધખોળને અનુસરીને મહાવંસ અને દીપવંસમાં આપેલી બુદ્ધપરિનિર્વાણની તિથિજ યોગ્ય જણાય છે.+ આ ગ્રંથો પરથી બુદ્ધનું પરિનિર્વાણ ખ્રિસ્ત પહેલાં ૫૪૩મા વર્ષમાં થયું, એમ સાબિત થાય છે અને બુદ્ધના પરિનિર્વાણની આ તિથિ સ્વીકારીએ તો બુદ્ધનો જન્મ ખ્રિસ્તના પહેલાં ૬૨૩મા વર્ષમાં થયો એમ કહેવું પડે છે.

## બોધિસત્ત્વ

ગોતમના જન્મથી બુદ્ધત્વ સુધી તેને બોધિસત્ત્વ કહેવાની પ્રથા ઘણી પ્રાચીન છે. પાલિસાહિત્યમાં સૌથી જૂનો સુત્તનિપાત છે. તેમાં કહ્યું છે કે—

---

+The Early History of India by V. A. Smith (Oxford 1924), P. 49-50.

**सो बोधिसत्तो रतनवरो अतुल्यो।**
**मनुस्सलोके हितसुखताय जातो।**
**सक्यानं गामे जनपदे लुम्बिनेय्ये।**

શ્રેષ્ઠ રત્નની જેમ અતુલનીય બોધિસત્ત્વ લુમ્બિની જનપદમાં શાક્યોના ગામમાં માનવોના હિતસુખ માટે જન્મ્યા.

બોધિ એટલે માણસના ઉદ્ધારનું જ્ઞાન, અને તે માટે પ્રયત્ન કરવાવાળો પ્રાણી (સત્ત્વ) તે બોધિસત્ત્વ. શરૂઆતમાં ગોતમના જન્મથી તેને સંબોધિજ્ઞાન થતાં સુધી તેને આ વિશેષણ લગાડતા હોવા જોઈએ. વખત જતાં તેણે તે જન્મ પહેલાં બીજા અનેક જન્મ લીધા હતા, એ કલ્પના પ્રચલિત થઈ; અને પૂર્વજન્મોમાં પણ તેનો બોધિસત્ત્વ વિશેષણથી ઉલ્લેખ થવા લાગ્યો. તેની પૂર્વજન્મની કથાઓનો સંગ્રહ જાતકમાં કર્યો છે; તે કથાઓના મુખ્ય પાત્રને બોધિસત્ત્વ સંજ્ઞા આપી તે પૂર્વજન્મનો ગોતમ જ હતો, એમ કહ્યું છે. જે કથામાં યોગ્ય પાત્ર જડ્યું નહિ, ત્યાં કથા સાથે ખાસ સંબંધ નહિ હોય એવી કોઈ વનદેવતાનું કે બીજી વ્યક્તિનું સ્વરૂપ બોધિસત્ત્વને આપી ગમે તેમ સંબંધ જાળવી રાખ્યો છે. અસ્તુ. અહીં ગોતમના જન્મથી બુદ્ધત્વ સુધી તેને બોધિસત્ત્વ નામથી આપણે સંબોધીશું; તેના પૂર્વ-જન્મ સાથે આ વિશેષણનો કશો જ સંબંધ નથી એમ સમજવાનું છે.

## બોધિસત્ત્વનું કુળ

બોધિસત્ત્વના કુળની અને બાલ્યાવસ્થાની માહિતી ત્રિપિટકમાં ઝાઝી મળતી નથી. તે પ્રસંગવશાત્ ઉપદેશેલા સુત્તમાં આવી છે. તેનો અટ્ઠકથામાં આપેલી માહિતી સાથે કેટલીય વખત જરાય મેળ ખાતો નથી. તેથી, આ પરસ્પર વિરોધી માહિતીનું વ્યવસ્થિત પરીક્ષણ કરીને તેમાંથી શું નીકળે છે તે જોવું જોઈએ.

મજ્ઝિમનિકાયના ચૂળદુક્ખક્ખન્ધ સુત્તની અટ્ઠકથામાં ગોતમના કુટુંબની માહિતી મળે છે, તે નીચે મુજબ:—

"શુદ્ધોદન, શુક્લોદન, શાક્યોદન, ધોતોદન અને અમિતોદન

એ પાંચ ભાઈઓ હતા. અમિતાદેવી તેમની બહેન. તિષ્યસ્થવિર તેનો દીકરો. તથાગત અને નંદ એ શુદ્ધોદનના દીકરાઓ. મહાનામ અને અનુરુદ્ધ શુકલોદનના અને આનન્દ સ્થવિર અમિતોદનનો દીકરો. તે ભગવાન કરતાં નાનો અને મહાનામ ભગવાન કરતાં મોટો હતો."

અહીં આપેલ અનુક્રમ મુજબ અમિતોદન એ સૌથી નાનો ભાઈ દેખાય છે અને તેનો દીકરો આનંદ ભગવાન કરતાં ઉમરમાં નાનો હતો, તે બરાબર છે. પણ મનોરથપૂરણી અટ્ઠકથામાં અનુરુદ્ધ વિષે લખતાં '**अमितोदनसक्कस गेहे पटिसंधि गण्हि**' (અમિતોદન શાક્યના ઘરમાં જન્મ્યો) એમ કહ્યું છે! એક જ બુદ્ધઘોષાચાર્યે લખેલી આ બે અટ્ઠકથામાં આવો વિરોધ દેખાય છે. પહેલી અટ્ઠકથામાં આનંદ અમિતોદનનો દીકરો હતો એમ કહે છે; અને બીજી કથામાં અનુરુદ્ધ તેનો દીકરો હતો એમ કહે છે. તેથી શુકલોદન વગેરે નામો પણ કાલ્પનિક છે કે શું એવી શંકા આવે છે.

## બોધિસત્ત્વનું જન્મસ્થાન

સુત્તનિપાતના ઉપર આપેલા અવતરણમાં બુદ્ધનો જન્મ લુમ્બિની જનપદમાં થયો એમ લખાયું છે. આજે પણ આ જગ્યાને લુમ્બિની-દેવી કહે છે અને તે જગ્યાએ જમીનમાં દટાયેલો જે અશોકનો શિલાસ્તંભ મળી આવ્યો, તેના ઉપરના લેખમાં "**लुंमिनिगामे उबालिके कते**" એ વાક્ય છે. આથી બોધિસત્ત્વનો જન્મ લુમ્બિની ગામમાં થયો એ પૂર્ણપણે સાબીત થાય છે.

બીજાં અનેક સુત્તોમાં મહાનામ શાક્ય કપલિવસ્તુમાં રહેતો હતો એવા અર્થનો ઉલ્લેખ છે. પણ શુદ્ધોદન કપિલવસ્તુમાં હતો એવો ઉલ્લેખ ફક્ત મહાવગ્ગમાં છે. લુમ્બિનીગ્રામ અને કપિલવસ્તુ એ બેની વચ્ચે ૧૪–૧૫ માઈલનું અંતર હતું. એટલે શુદ્ધોદન ક્યારેક લુમ્બિનીગ્રામની પોતાની જમીનપર રહેતો હતો અને ત્યાં જ બોધિસત્ત્વ જન્મ્યા એમ કહેવું પડે છે. નીચે આપેલ અંગુત્તરનિકાયના તિકનિપાતના ૧૨૪મા સુત્તમાં આ વિધાનનો પણ સબળ વિરોધ જણાય છે.

## કાલામનો આશ્રમ

એક વખત ભગવાન કોસલ દેશમાં પ્રવાસ કરતાં કરતાં કપિલવસ્તુ આવ્યા. તેમના આવ્યાનાં ખબર સાંભળીને મહાનામ શાક્ય તેને મળ્યો. ત્યારે તેમણે (બુદ્ધે) પોતાને માટે એક રાત રહેવા માટે જગ્યા જોવાનું મહાનામને કહ્યું. પણ ભગવાનને રહેવા જેવી યોગ્ય જગ્યા મહાનામને ક્યાંય જડી નહિ. પાછા આવીને તેણે ભગવાનને કહ્યું, "ભદન્ત, આપને માટે યોગ્ય જગ્યા મને જડતી નથી. આપનો પહેલાંનો સબ્રહ્મચારી ભરણ્ડુ કાલામ છે, તેના આશ્રમમાં આપ એક રાત રહો." ભગવાને ત્યાં આસન તૈયાર કરવાનું મહાનામને કહ્યું અને પોતે તે રાત્રિએ તે આશ્રમમાં રહ્યા.

બીજે દિવસે સવારે મહાનામ ભગવાનને મળવા ગયો. ત્યારે ભગવાને તેને કહ્યું, "આ લોકમાં, હે મહાનામ, ત્રણ પ્રકારના ધર્મગુરુઓ છે. પહેલો કામોપભોગોનો સમતિક્રમ (ત્યાગ) બતાવે છે, પણ રૂપોનો અને વેદનાઓનો સમતિક્રમ બતાવતો નથી. બીજો કામોપભોગોનો અને રૂપોનો સમતિક્રમ બતાવે છે, પણ વેદનાઓનો સમતિક્રમ બતાવતો નથી. ત્રીજો આ ત્રણેનોય સમતિક્રમ બતાવે છે. આ ધર્મગુરુઓનું ધ્યેય એક જ છે કે ભિન્ન?"

આના પર ભરંડુ કાલામ બોલ્યો, "હે મહાનામ, આ બધાનું ધ્યેય એક જ છે, એમ કહે." પણ ભગવાને કહ્યું, "હે મહાનામ, તેમનું ધ્યેય ભિન્ન છે એમ કહે." બીજી અને ત્રીજી વખત પણ ભરણ્ડુએ તેમનું ધ્યેય એક જ છે એમ કહેવા કહ્યું; પણ ભગવાને તેમનાં ધ્યેય ભિન્ન છે એમ કહેવા કહ્યું. મહાનામના જેવા પ્રભાવશાળી શાક્યની સામે શ્રમણ ગોતમે પોતાનું અપમાન કર્યું એમ લાગવાથી ભરંડુ કાલામ કપિલવસ્તુ છોડીને ચાલ્યો ગયો. તે ફરી ત્યાં પાછો આવ્યો જ નહિ.

## ભરંડુ-કાલામ-સુત્ત પરથી થતું સ્પષ્ટીકરણ

આ સુત્તનું સમગ્ર ભાષાંતર અહીં આપ્યું છે. તે ઉપરથી

બુદ્ધચરિત્રની ત્રણ ચીજોનું સારું સ્પષ્ટીકરણ થાય છે. તેમાંની પહેલી એ કે, બુદ્ધ થયા પછી ભગવાન ગોતમ મોટા ભિક્ષુસંઘની સાથે કપિલવસ્તુ આવ્યા નથી; અને શાક્યોએ તેમનું બહુમાન કર્યું નથી. તે એકલા જ આવ્યા, અને તેમને માટે લાયક જગ્યા શોધવામાં મહાનામને ખૂબ તકલીફ પડી. શુદ્ધોદન રાજાએ બોધિસત્ત્વ માટે ત્રણ પ્રાસાદ બાંધ્યા હોય, તો તેમાંનો એક ખાલી કરીને બુદ્ધને કેમ નહિ આપ્યો? કપિલવસ્તુમાં શાક્યોનું એક સંસ્થાગાર (એટલે નગરમંદિર) હતું એવો ઉલ્લેખ અનેક જગ્યાએ મળે છે. બુદ્ધની ઉત્તરાવસ્થામાં શાક્યોએ આ સંસ્થાગાર ફરી બાંધ્યું અને તેમાં પહેલાં બુદ્ધને ભિક્ષુસંઘ સાથે એક રાત રહેવાની વિનંતી કરીને તેની પાસે ધર્મોપદેશ કરાવ્યો.× પણ ઉપરના પ્રસંગે બુદ્ધને આ સંસ્થાગારમાં રહેવાનું સ્થાન મળ્યું નહિ. તેથી બુદ્ધ શાક્યોમાંનો એક સામાન્ય જુવાન હતો અને તેનો કપિલવસ્તુમાં ઝાઝો આદર થતો નહોતો, એવું દેખાય છે.

બીજી વાત એ કે, ગોતમે ગૃહત્યાગ કર્યો તે પહેલાં કપિલવસ્તુમાં કાલામનો આ આશ્રમ અસ્તિત્વમાં હતો. કાલામનો ધર્મ જાણવા માટે તેને મગધોના રાજગૃહ સુધી પ્રવાસ કરવાની જરાય જરૂર ન હતી. તે કાલામનું તત્ત્વજ્ઞાન કપિલવસ્તુમાં શીખ્યો, એવું આ સુત્ત ઉપરથી સાબિત થાય છે.

ત્રીજી વાત એ કે, મહાનામ એ શાક્ય બુદ્ધનો પિત્રાઈ ભાઈ હોત તો તેણે તેની વ્યવસ્થા ભરંડુ કાલામના આશ્રમમાં કરવાને બદલે પોતાના ઘરની પાસે જ ક્યાંક મોટી જગ્યામાં કરી હોત. શ્રમણો ગૃહસ્થોના ઘરમાં ત્રણ દિવસ કરતાં વધુ વખત રહેતા ન હતા. અને અહીં તો એક રાત્રિ માટેની જ રહેવાની સગવડ જોઈતી હતી; અને તેટલી સગવડ પણ મહાનામ પોતાના ઘરમાં કે અતિથિગૃહમાં કરી શક્યો નહિ. એટલે કાં તો મહાનામનું ઘર ખૂબ જ સાંકડું હોવું જોઈએ અથવા તો બુદ્ધને એક રાતનો આશ્રય આપવાની કશી અગત્ય તેને નહિ જણાઈ હોય.

× સળાયતન સંયુત્ત, આસીવિસગ્ગ, સુત્ત ૬ જુઓ.

આ બધી વાતોનો વિચાર કરતાં એમ લાગે છે કે મહાનામ શાક્ય અને ભગવાન બુદ્ધ એ બે વચ્ચે ખાસ નિકટનો સંબંધ ન હતો; અને શુદ્ધોદન શાક્ય કપિલવસ્તુથી ચૌદ માઈલના અંતરે રહેતો હતો. તેનો અને કપિલવસ્તુનો ખૂબ જ ઓછો સંબંધ હોવો જોઈએ. શાક્યોની સભા ભરાય ત્યારે જ તે કપિલવસ્તુ જતો હોવો જોઈએ.

## ભદ્દિય રાજાની કથા

મહાપદાનસુત્તમાં શુદ્ધોદનને રાજા કહ્યો છે અને તેની રાજધાની કપિલવસ્તુ હતી એમ કહ્યું છે. પરંતુ વિનયપિટકના ચુલ્લવગ્ગમાં જે ભદ્દિયની કથા આવે છે, તેનો આ વિધાન સાથે સંપૂર્ણ વિરોધ જણાય છે.

અનુરુદ્ધનો મોટો ભાઈ મહાનામ પિતાના મૃત્યુ પછી ઘરની બધી વ્યવસ્થા સંભાળતો હતો. અનુરુદ્ધને સાંસારિક વાતોનો સ્હેજ પણ ખ્યાલ ન હતો. ભગવાન બુદ્ધની બધે ખ્યાતિ થયા પછી મોટા મોટા શાક્ય કુળોના જુવાનો ભિક્ષુ થઈને તેના સંઘમાં જોડાવા લાગ્યા. આ જોઈને મહાનામે અનુરુદ્ધને કહ્યું, "અમારા કુળમાંથી એકપણ ભિક્ષુ થયો નથી. તેથી કાં તો તું ભિક્ષુ થજે અથવા મને થવા દેજે." અનુરુદ્ધે કહ્યું, "મને એ નહિ ફાવે, તમે જ ભિક્ષુ થાઓ."

મહાનામે આ વાત કબૂલ કરી અને નાના ભાઈને તે ઘર-વ્યવહારની માહિતી આપવા લાગ્યો. તેણે કહ્યું, "પહેલાં ખેતર ખેડવું જોઈએ. પછી વાવણી કરવી જોઈએ. તે પછી તેને નહેરનું પાણી આપવું પડે છે. પાણી બહાર કાઢીને તેને નીંદે છે અને તે પાકી જાય એટલે લણે છે."

અનુરુદ્ધે કહ્યું "આમાં તો ભારે મહેનત દેખાય છે. ઘરનો વ્યવહાર તમે જ સાચવો. હું ભિક્ષુ થઈશ." પણ આ કામમાં તેને તેની માની સંમતિ મળી નહિ. તેણે બરાબર હઠ લીધી, ત્યારે

માએ કહ્યું, "શાકયોનો રાજા ભદ્દિય જો તારી સાથે ભિક્ષુ થવાનો હોય, તો હું તને ભિક્ષુ થવાની રજા આપીશ."

ભદ્દિય રાજા અનુરુદ્ધનો મિત્ર હતો. પણ તે રાજ્યપદ મૂકીને ભિક્ષુ નહિ થાય એમ અનુરુદ્ધની માને લાગ્યું, અને તેથી જ તેણે આ શરત મૂકી. અનુરુદ્ધ પોતાના મિત્ર પાસે જઈને તેને ભિક્ષુ થવાનો આગ્રહ કરવા લાગ્યો. ત્યારે ભદ્દિયે કહ્યું, "તું સાત વર્ષ સુધી થોભજે. પછી આપણે ભિક્ષુ થઈશું." પણ આટલાં વર્ષ અનુરુદ્ધ થોભવા તૈયાર ન હતો. છ વર્ષ, પાંચ વર્ષ, ચાર, ત્રણ, બે, એક વર્ષ, સાત મહિના એમ કરતાં કરતાં સાત દિવસ પછી અનુરુદ્ધ સાથે જવા ભદ્દિય તૈયાર થયો. અને સાત દિવસ પછી ભદ્દિય, અનુરુદ્ધ, આનંદ, ભગુ, કિમ્બિલ અને દેવદત્ત એ છ શાકયપુત્રો અને તેમની સાથે ઉપાલિ નામનો હજામ એમ સાત જણ ચતુરંગિની સેના તૈયાર કરીને તે સેના સાથે કપિલવસ્તુથી દૂર સુધી ગયા; અને ત્યાંથી સૈન્ય પાછું વાળીને તેમણે શાકયદેશની સીમા ઓળંગી. તે વખતે ભગવાન મલ્લોના અનુપ્રિય નામના ગામમાં રહેતા હતા. ત્યાં જઈને આ સાત જણાએ પ્રવ્રજ્યા લીધી.

## ભદ્દિયની કથાપરથી નીકળતો નિષ્કર્ષ

ભગવાન બુદ્ધની કીર્તિ સાંભળીને ઘણા શાકયકુમારો ભિક્ષુ થવા લાગ્યા; ત્યાંસુધી શાકયોની ગાદી પર ભદ્દિય રાજા હતો. તો પછી શુદ્ધોદન ક્યારે રાજા થયો? બધા શાકયો ભેગા થઈને શાકયોનો રાજા ચૂંટી કાઢતા કે તેની નિમણૂક કોસલ મહારાજા તરફથી થતી, એ કહી શકાતું નથી. શાકયોએ તેને ચૂંટી કાઢયો એમ કહીએ તો તેઓ તેના કરતાં ઉમરમાં મોટા મહાનામ શાક્ય જેવા કોઈક શાકયને સહેજે ચૂંટી શકયા હોત. આ ઉપરાંત, અંગુત્તરનિકાયના પહેલા નિપાતમાં, ઉચ્ચ કુળમાં જન્મેલા મારા ભિક્ષુશ્રાવકોમાં કાલિગોધાનો પુત્ર ભદ્દિય શ્રેષ્ઠ છે, એવું બુદ્ધવચન મળે છે. કેવળ ઉચ્ચ કુળમાં જન્મ્યો એટલા ખાતર શાકયો જેવા ગણરાજાઓ ભદ્દિયને પોતાનો રાજા કરે

એ શક્ય લાગતું નથી. કોસલ દેશના પસેનદિ રાજાથી તેની નિમણૂક થઈ હોવી જોઈએ, એ વધુ ગ્રાહ્ય જણાય છે. તે ગમે તેમ હોય શુદ્ધોદન કોઈ પણ વખત શાક્યોનો રાજા થયો નથી એમ કહેવું પડે છે.

## ખેતી એ શાક્યોનો મુખ્ય ધંધો

ત્રિપિટક સાહિત્યમાં મળતી માહિતીનું અશોકના લુંબિનીદેવી આગળના શિલાલેખને આધારે પૃથક્કરણ કરીએ તો એમ જણાય છે કે, શુદ્ધોદન શાક્યોમાંનો જ એક હતો અને તે લુંબિની ગામમાં રહેતો હતો. ત્યાં જ બોધિસત્ત્વ જન્મ્યા. ઉપર આપેલ મહાનામ અને અનુરુદ્ધ એ બેના સંવાદ ઉપરથી સાબીત થાય છે કે, શાક્યોનો મુખ્ય ધંધો ખેતીનો હતો. મહાનામ જેવા શાક્યો જેવી રીતે પોતે ખેતી કરતા, તેવી જ રીતે શુદ્ધોદન શાક્ય પણ પોતે ખેતી કરતો. જાતકની નિદાનકથામાં શુદ્ધોદનને મહારાજા બનાવીને તેની ખેતીનું નીચે મુજબ વર્ણન કર્યું છેઃ—

"એક દિવસ રાજાની વાવણીનો સમારંભ (**वप्पमंगलम्**) હતો. તે દિવસે આખું શહેર દેવોનાં વિમાનોની જેમ શણગારવામાં આવતું. બધા દાસ અને કામગાર નવાં કપડાં પહેરીને અને ગંધમાલાદિકોથી વિભૂષિત થઈને રાજમહેલમાં એકઠા થતા. રાજાની ખેતી પર એક હજાર હળ વાપરવામાં આવતા. તે દિવસે ૭૯૯ હળની દોરીઓ, બળદ અને બળદની નાથો ચાંદીથી મઢાવવામાં આવતી…… રાજા સો ટચના સોનાથી મઢાવેલું હળ હાથમાં રાખતો અને અમાત્યો ચાંદીથી મઢાવેલા ૭૯૯ હળ હાથમાં લેતા. બાકીના બસો બીજા લોકો લેતા અને બધા મળીને ખેતર ખેડતા. રાજા એક બાજુથી સામેની બાજુએ સીધો હળ ચલાવતો."

આ વાર્તામાં રજનું ગજ થયું હોય તોપણ શુદ્ધોદન પોતે ખેતી કરતો હતો, એટલો સાર એમાંથી કાઢી શકાય. આજકાલ મહારાષ્ટ્રમાં અને ગુજરાતમાં જેવી રીતે વતનદાર પટેલો પોતે ખેતી કરે છે, અને મજૂરો મારફત પણ કરાવે છે, તેવું જ શાક્યોનું હતું. ફેર એટલો જ

કે હમણાંના પટેલોને રાજકીય અધિકાર ઘણા ઓછા છે, જ્યારે શાક્યોને તે બહોળા પ્રમાણમાં મળતા હતા. પોતાની જમીનના ગણોતિયા અને મજૂરોનો ન્યાય તેઓ પોતે કરતા અને પોતાના દેશની અંતર્ગત વ્યવસ્થા સંસ્થાગારમાં એકત્ર મળીને સંભળતા. અંદર અંદર કાંઈ ઝઘડો જાગે તો તેનો નિકાલ તેઓ પોતે જ આપતા. ફક્ત કોઈને હદપાર કરવું હોય કે ફાંસીએ ચડાવવો હોય તો તે માટે તેમને કોસલરાજાની રજા લેવી પડતી. આ વાત ચૂળસચ્ચકસુત્તના નીચેના સંવાદ પરથી સ્પષ્ટ થશેઃ—

ભગવાન કહે છે, 'હે અગ્ગિવેસ્સન, પસેનદિ કોસલ જેવા કે મગધોના અજાતશત્રુ જેવા મૂર્ધાભિષિક્ત રાજાને પોતાની પ્રજામાંથી કોઈ ગુનેગારને દેહાંતશિક્ષા આપવાનો, દંડ કરવાનો કે હદપાર કરવાનો પૂર્ણ અધિકાર છે કે નહિ?'

સચ્ચક, 'હે ગોતમ, વજ્જિ અને મલ્લ એ ગણરાજાઓને પણ પોતાના રાજ્યના અપરાધીઓને ફાંસીએ ચડાવવાનો, દંડ કરવાનો અથવા હદપાર કરવાનો અધિકાર છે; તો પછી પસેનદિ કોસલ રાજાને કે અજાતશત્રુને આ અધિકાર છે, એ કહેવાની જરૂર નથી જ.'

આ સંવાદ પરથી જણાશે કે ગણરાજ્યોમાં ફક્ત વજ્જીઓનું અને મલ્લોનું જ પૂર્ણ સ્વાતંત્ર્ય કાયમ હતું; અને શાક્ય, કોલિય, કાશી, અંગ ઇત્યાદિ ગણરાજાઓને અપરાધીને દેહાંત શાસન આપવાનો, મોટો દંડ કરવાનો કે હદપાર કરવાનો અધિકાર રહ્યો નહોતો. તે માટે શાક્ય, કોલિય અને કાશી એ ગણરાજાઓમાં કોસલરાજાઓની અને અંગ ગણરાજાઓને મગધરાજાની રજા લેવી પડતી હતી.

## માયાદેવીની માહિતી

બોધિસત્ત્વની માની ઘણી જ ઓછી માહિતી મળે છે. તેનું નામ માયાદેવી હતું એમાં શંકા નથી. પણ શુદ્ધોદનનું લગ્ન કઈ ઉમરમાં થયું, અને માયાદેવીએ પોતાની ઉમરના કેટલામે વરસે બોધિસત્ત્વને જન્મ આપ્યો, વગેરે વીગતો ક્યાંય જડતી નથી. અપદાન

ગ્રંથમા મહાપ્રજાપતિ ગોતમીનું એક અપદાન છે, તેમાં તે કહે છેઃ—

**पच्छिमे च भवे दानि जाता देवदहे पुरे।**
**पिता अञ्जनसक्को मे माता सुलक्खणा॥**
**ततो कपिलवत्थुस्मि सुद्धोदनघरं गता।**

'અને આ છેલ્લા જન્મમાં હું દેવદહ નગરમાં જન્મી. મારો પિતા અંજન શાક્ય અને મારી માતા સુલક્ષણા. પછી (ઉમરલાયક થઈ ત્યારે) હું કપિલવસ્તુ નગરમાં શુદ્ધોદનને ઘેર ગઈ. (એટલે શુદ્ધોદન સાથે મારાં લગ્ન થયાં).'

ગોતમીના આ કથનમાં કેટલું સત્ય છે એ કહી શકાતું નથી. 'કપિલવસ્તુ નગરમાં શુદ્ધોદનને ઘેર ગઈ' એમ કહેવું એ ઉપર આપેલા વિવેચન સાથે બંધબેસતું આવતું નથી.* પણ ગોતમી અંજનશાક્ય ને સુલક્ષણાની દીકરી હતી એ કથનને વિરોધી વચન ક્યાંય જડયું નથી, તેથી તે પોતે અને તેની મોટી બહેન માયાદેવી અંજનશાક્યની દીકરીઓ હતી અને તે બન્નેનાં લગ્ન શુદ્ધોદન સાથે થયાં એમ કહેવામાં વાંધો નથી. પણ એ લગ્નો એક સાથે થયાં કે જુદે જુદે વખતે થયાં તે જાણવાનું કશું સાધન નથી.

બોધિસત્ત્વના જન્મ પછી સાતમે દિવસે માયાદેવીનો દેહાંત થયો, એ વાત બૌદ્ધસાહિત્યમાં જાણીતી છે. તે પછી બોધિસત્ત્વના ઉછેરમાં અડચણ આવવાથી શુદ્ધોદને માયાદેવીની નાની બહેન સાથે જ લગ્ન કર્યાં હોય એ વધુ સંભવનીય લાગે છે. એટલું ખરું કે ગોતમીએ બોધિસત્ત્વનું લાલનપાલન માની જેમ ખૂબ વહાલથી કર્યું. તેને સાચી માની ખોટ ક્યારેક જણાઈ નહિ હોય.

## બોધિસત્ત્વનો જન્મ

"માયાદેવી દસ મહિનાની ગર્ભવતી હતી ત્યારે તેણે પિયેર જવાની ઇચ્છા દર્શાવી. શુદ્ધોદનરાજાએ તેની ઇચ્છા જાણીને કપિલવસ્તુથી

* કારણ ભરંડુના કથાઉપરથી શુદ્ધોદન કપિલવસ્તુમાં રહેતો નહોતો એમ સાબિત થાય છે.

દેવદહ નગર સુધીનો બધો રસ્તો સાફસૂફ કરીને ધ્વજપતાકાદિવડે શણગાર્યો અને તેને સોનાની પાલખીમાં બેસાડી ભારે રસાલા સાથે પિયેર મોકલી આપી. ત્યાં જતાં રસ્તામાં લુંબિનીવનમાં એક શાલવૃક્ષની નીચે તેને પ્રસૂતિ થઈ.'' આ છે જાતકની નિદાનકથાના વર્ણનનો સારાંશ. શુદ્ધોદન રાજા એક સાધારણ જમીનદાર હોત તો તે આટલો લાંબો રસ્તો શણગારી શકે એ સંભવતું નથી. બીજી વાત એ, કે દસ માસ પૂર્ણ થયા પછી ગર્ભવતી સ્ત્રીને કોઈ પણ માણસ પિયેર નહિ મોકલી આપે. તેથી આ વાતમાં ઘણું ઓછું સત્ય હોય એમ લાગે છે.

મહાપદાનસુત્તમાં બોધિસત્ત્વ માતાના ઉદરમાં પ્રવેશ કરે છે, ત્યાંથી જન્મીને સાત દિવસનો થતાં સુધી એકંદરે સોળ લોકોત્તર ઘટનાઓ ( ધમ્મતા ) બનવા પામે છે એવું વર્ણન કર્યું છે. તેમાંના (૯) બોધિસત્ત્વની મા દસ મહિના પૂરા થયા પછી જ પ્રસૂત થાય છે, (૧૦) તે ઊભી હોય છે ત્યારે પ્રસૂત થાય છે અને (૮) બોધિસત્ત્વના જીવન જન્મ પછી સાત દિવસે મરણ પામે છે, આ ત્રણ લોકોત્તર ઘટનાઓ ગોતમ બોધિસત્ત્વના જીવનમાંથી લીધી હોવી જોઈએ. બાકીની બધી કાલ્પનિક હતી, અને ધીરે ધીરે તેમનો પણ પ્રવેશ ગોતમના ચરિત્રમાં થયો, એમ જણાય છે. ટૂંકામાં બોધિસત્ત્વની મા ઊભી અવસ્થામાં પ્રસૂત થઈ અને તેના જન્મ પછી સાત દિવસે મૃત્યુ પામી એમ ધારવામાં વાંધો નથી. જાતકની નિદાનકથામાં તે શાલવૃક્ષ નીચે પ્રસૂત થઈ, અને લલિતવિસ્તરમાં પ્લક્ષવૃક્ષ નીચે પ્રસૂત થઈ એવું વર્ણન છે. લુંબિની ગામમાં શુદ્ધોદનને ઘેર બહાર બગીચામાં ફરતી હતી ત્યારે તે પ્રસૂત થઈ, પછી તે શાલવૃક્ષ નીચે હોય કે પ્લક્ષવૃક્ષ નીચે હોય. ફક્ત તે ઊભી સ્થિતિમાં પ્રસૂત થઈ એટલું જ સત્ય એ વર્ણનમાં છે એમ સમજવું.

### બોધિસત્ત્વનું ભવિષ્ય

"બોધિસત્ત્વનો જન્મ થયા પછી શુદ્ધોદને મહાવિદ્વાન બ્રાહ્મણો

પાસે તેનું ભવિષ્ય જોવરાવ્યું. પંડિતોએ તેનાં બત્રીસ લક્ષણો જોઈને કાં તો એ ચક્રવર્તી રાજા થશે, અથવા સમ્યક્ સંબુદ્ધ થશે એવું ભવિષ્ય કહ્યું." આ અર્થનાં વિસ્તૃત વર્ણનો જાતકની નિદાનકથામાં, લલિતવિસ્તરમાં અને બુદ્ધચરિત કાવ્યમાં આવ્યાં છે. તે સમયમાં આવાં લક્ષણો પર લોકોનો ઘણો વિશ્વાસ હતો એમાં શંકા નથી. ત્રિપિટક સાહિત્યમાં તેમનો અનેક જગ્યાએ સવિસ્તર ઉલ્લેખ થયો છે. પોકખરસાતિ બ્રાહ્મણે જુવાન અમ્બષ્ઠને બુદ્ધના શરીર પર આ લક્ષણો છે કે નહિ તે જોવા માટે મોકલ્યો. તેણે ત્રીસ લક્ષણો સ્પષ્ટ જોયાં; પણ તેને બાકીનાં બે દેખાયાં નહિ. બુદ્ધે અદ્‌ભુત ચમત્કાર કરીને તેને તે બતાવ્યાં.* આવી રીતે બુદ્ધચરિત્રની સાથે આ લક્ષણોનો સંબંધ જ્યાં ત્યાં બતાવ્યો છે. બુદ્ધની મહત્તા બતાવવાનો આ ભક્તજનોનો પ્રયત્ન હોવાથી તેમાં ખાસ અર્થ છે એમ સમજવાની જરૂર નથી. તથાપિ બોધિસત્ત્વના જન્મ પછી અસિત ઋષિએ આવીને તેનું ભવિષ્ય કહ્યું, એ કથા ઘણી પ્રાચીન દેખાય છે. તેનું વર્ણન સુત્તનિપાતના નાલકસુત્તની પ્રસ્તાવનામાં છે. તેનો સારાંશ અહીં આપું છું:—

"સારાં વસ્ત્રો પહેરીને અને ઇન્દ્રનો સત્કાર કરીને દેવો પોતાનાં ઉપવસ્ત્રો આકાશમાં ઉછાળીને ઉત્સવ કરતા હતા. તેમને અસિત ઋષિએ જોયા અને ઉત્સવનું કારણ પૂછ્યું. દેવોએ અસિતને કહ્યું કે, લુમ્બિનીગ્રામમાં શાક્યકુળમાં બોધિસત્ત્વનો જન્મ થયો છે, તેથી અમે આ ઉત્સવ કરીએ છીએ. તે સાંભળીને અસિત ઋષિ નમ્રતાથી શુદ્ધોદનને ઘેર ગયા; અને તેણે કુમારને જોવાની ઇચ્છા પ્રદર્શિત કરી. શાક્યો બોધિસત્ત્વને અસિતની સામે લાવ્યા. ત્યારે તેની લક્ષણસંપન્નતા જોઈને, 'આ મનુષ્ય પ્રાણીઓમાં સર્વશ્રેષ્ઠ છે,' એવા ઉદ્‌ગાર અસિતના મુખમાંથી નીકળ્યા. પણ પોતાનું આયુષ્ય ઘણું ઓછું બાકી રહ્યું છે એ ધ્યાનમાં આવતાં અસિત ઋષિની આંખોમાંથી આંસુ ખરવાં લાગ્યાં. તે જોઈને કુમારની જિંદગીને કાંઈ જોખમ છે કે કેમ? એવો પ્રશ્ન

* દીઘનિકાય, અમ્બટ્ઠસુત્ત.

શાકચોએ કર્યો. ત્યારે અસિતે ' આ કુમાર ભવિષ્યમાં સંબુદ્ધ થવાનો છે, પણ મારું આયુષ્ય ઘણું ઓછું બાકી રહ્યું છે; મને તેનો ધર્મ સાંભળવાની તક મળશે નહિ, એનું મને દુ:ખ થાય છે,' એમ કહીને તેણે શાકચોનું સમાધાન કર્યું અને તેમને આનંદિત કરીને અસિત ઋષિ ત્યાંથી નીકળી ગયા.''

## બોધિસત્ત્વનું નામ

**स शाक्यसिंहः सर्वार्थसिद्धः शौद्धोदनिश्च सः ।**
**गौतमश्चार्कबंधुश्च मायादेवीसुतश्च सः ॥**

અમરકોશમાં બોધિસત્ત્વના આ છ નામ આપ્યાં છે. તેમાં શાકચસિંહ, શૌદ્ધોદનિ અને માયાદેવીસુત એ ત્રણ વિશેષણો અને અર્કબંધુ એ તેના ગોત્રનું નામ છે. બાકીનાં સર્વાર્થસિદ્ધ અને ગૌતમ એ બે નામોમાં એનું ખરું નામ કયું? કે બંને તેનાં જ નામો હતાં? —એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

ત્રિપિટક સાહિત્યમાં બોધિસત્ત્વનું સર્વાર્થસિદ્ધ એ નામ હતું, એવો ઉલ્લેખ ક્યાંય મળ્યો નથી. જાતકની નિદાનકથામાં જ સિદ્ધત્થ (સિદ્ધાર્થ) એ તેનું નામ આપ્યું છે. પણ તે લલિતવિસ્તરમાંથી લીધું હશે. તે ગ્રંથમાં લખ્યું છે કે—

**' अस्य हि जातमात्रेण मम सर्वार्थाः संसिद्धाः । यन्नहमस्य सर्वार्थसिद्ध इति नाम कुर्याम् । ततो राजा बोधिसत्त्वं महता सत्कारेण सत्कृत्य सर्वार्थसिद्धोऽयं कुमारो नाम्ना भवतु इति नामास्याकार्षीत् ॥ '**

સર્વાર્થસિદ્ધ એ જ નામ અમરકોશમાં આપ્યું છે. પણ લલિત-વિસ્તરમાં બોધિસત્ત્વને વારંવાર સિદ્ધાર્થકુમારના નામથી ઓળખાવ્યો છે અને તેનું જ સિદ્ધાર્થ એ પાલી રૂપાન્તર. સર્વાર્થસિદ્ધનું પાલિ રૂપાન્તર સબ્બત્થસિદ્ધ થયું હોત; અને તે વિચિત્ર દેખાવાથી જાતકઅટ્ઠકથાકારે સિદ્ધાર્થ એ જ નામ વાપર્યું હશે એટલે સર્વાર્થસિદ્ધ અને સિદ્ધાર્થ એ બંને નામો લલિતવિસ્તરકારની અથવા તેવા જ કોઈ બુદ્ધભક્ત કવિની કલ્પનામાંથી નીકળ્યાં હોવાં જોઈએ.

બોધિસત્ત્વનું સાચું નામ ગોતમ હતું એમાં શંકા નથી. થેરી ગાથામાં મહાપ્રજાપતિ ગોતમીની જે કથાઓ છે, તેમાંની એક આ છે—

**बहूनं वत अत्थाय माया जनयि गोतमं ।**
**व्याधिमरणतुन्नानं दुक्खक्खन्धं व्यपानुदि ॥**

'ઘણાના કલ્યાણ માટે માયાએ ગોતમને જન્મ આપ્યો. વ્યાધિ અને મરણવડે પીડિત થયેલા લોકોનો દુઃખરાશિ તેણે નષ્ટ કર્યો.'

પરંતુ મહાપદાનસુત્તમાં બુદ્ધને '**गोतमो गोत्तेन**' કહ્યો છે. તેવી જ રીતે અપદાનગ્રંથમાં અનેક જગ્યાએ '**गोतमो नाम नामेन**' અને '**गोतमो नाम गोत्तेन**' એવા બે પ્રકારના ઉલ્લેખ મળે છે. તેથી બોધિસત્ત્વનું નામ અને ગોત્ર એક જ હતાં કે શું એવો સંશય આવે છે. પણ સુત્તનિપાતની નીચેની ગાથાઓ ઉપરથી તે દૂર થઈ શકશે.

**उजुं जानपदो राजा हिमवन्तस्स पस्सतो ।**
**धनविरियेन संपन्नो कोसलेसु निकेतिनो ॥**
**आदिच्चा नाम गोत्तेन साकिया नाम जातिया ।**
**तम्हा कुला पब्बजितोऽम्हि राज न कामे अभिपत्थयं ॥**

(**पब्बज्जासुत्त, गा.** १८/१९)

(બોધિસત્ત્વે બિંબિસાર રાજાને કહ્યું)—'હે રાજા, અહીંથી ઠેઠ હિમાલયની તળેટી આગળ ધન અને શૌર્યથી સંપન્ન એક પ્રદેશ છે. તેનો કોસલ રાષ્ટ્રમાં સમાવેશ થાય છે. ત્યાંના લોકોનું ગોત્ર આદિત્ય છે અને તેમને શાક્ય કહે છે. હે રાજા, તે કુળમાંથી હું પરિવ્રાજક થયો તે કાંઈ કામોપભોગોની ઇચ્છાને લીધે નહિ."

આ ગાથાઓમાં શાક્યોનું ગોત્ર આદિત્ય હતું એમ કહ્યું છે. એક સાથે આદિત્ય અને ગોતમ એ બે ગોત્ર હોવાં શક્ય લાગતું નથી. સુત્તનિપાત પ્રાચીનતમ હોવાથી આદિત્ય એ જ શાક્યોનું સાચું ગોત્ર હોવું જોઈએ. ઉપર આપેલા અમરકોશના શ્લોકમાં બુદ્ધનું અર્કબંધુ એવું નામ આપ્યું છે તે તેનું ગોત્રનામ છે એમ સમજવું જોઈએ. કારણ કે '**आदिच्चा नाम गोत्तेन**' આ વાક્ય સાથે

તે બંધબેસતું આવે છે. બોધિસત્ત્વનું સાચું નામ ગોતમ હતું. અને બુદ્ધ પદવી પામ્યા પછી તે જ નામથી એ જાણીતા થયા. '**समणो खलु भों गोतमो सक्यकुलापब्बजितो**' એ અર્થના ઉલ્લેખો સુત્તપિટકમાં ઘણી જગ્યાએ આવે છે.

## બોધિસત્ત્વનો સમાધિપ્રેમ

"ઉપર નિર્દિષ્ટ કરેલા શુદ્ધોદન રાજાના કૃષિસમારંભને વખતે બાળપણમાં બોધિસત્ત્વને લઈ જવામાં આવ્યો હતો અને તેની આયાઓએ તેને એક જમ્બુવૃક્ષ નીચે બિછાના પર સુવાડ્યો. સિદ્ધાર્થકુમાર ઊંઘી ગયો છે એમ જોઈને આયાઓ કૃષિસમારંભ જોવા ગઈ; એટલામાં બોધિસત્ત્વ જાગી ગયો અને આસનબદ્ધ થઈને ધ્યાનમાં બેઠો. લાંબા વખત પછી આયાઓ પાછી આવીને જુએ છે, ત્યાં બીજાં વૃક્ષોની છાયા ફરી ગઈ હતી, પણ આ જમ્બુવૃક્ષની છાયા પહેલાંની જેમ જ રહી હતી! આ અદ્ભુત ચમત્કાર જોઈને શુદ્ધોદન રાજાએ બોધિસત્ત્વને વંદન કર્યું." જાતકની દંતકથાનો આ સાર છે. બોધિસત્ત્વના જીવનની આ મહત્ત્વની વાતને આવી રીતે અદ્ભુત ચમત્કારનું સ્વરૂપ આપ્યું હોવાથી તેમાં કશો જ અર્થ રહ્યો નથી. સાચી વાત એ લાગે છે કે બોધિસત્ત્વ પિતા સાથે ખેતરમાં જઈને ખેડ વગેરે કામ કરતો હતો અને નવરાશના વખતમાં એક જમ્બુવૃક્ષ નીચે ધ્યાનસ્થ બેસતો હશે.

મજ્ઝિમનિકાયના મહાસચ્ચકસુત્તમાં બુદ્ધ ભગવાન સચ્ચકને ઉદ્દેશી કહે છે—

"મને યાદ છે કે હું મારા પિતાના ખેતર ઉપર જતો ત્યારે જમ્બૂવૃક્ષની શીતલ છાયામાં બેસીને કામોપભોગ અને અકુશલ વિચારોથી વિમુક્ત થઈને સવિતર્ક, સવિચાર અને વિવેકમાંથી ઉત્પન્ન થતું પ્રેમસુખ જેમાં છે એવું પ્રથમ ધ્યાન હું સંપાદન કરતો હતો. શું આ જ બોધનો સાચો માર્ગ હશે? અહીં મારું વિજ્ઞાન સ્મૃતિને અનુસર્યું અને બોધનો માર્ગ તે એ જ એવું મને લાગ્યું. હે

અગ્ગિવેસ્સન, મેં મારા મનમાં વિચાર્યું, 'જે સુખ કામોપભોગોથી અને અકુશલ વિચારોથી અલિપ્ત છે, તે સુખથી હું શા માટે ડરું છું ?' પછી મેં વિચાર્યું કે મારે એ સુખથી ડરવું નહિ જોઈએ. પરંતુ તે સુખ એવા (દેહદંડને લીધે થયેલા) દુર્બળ શરીર વડે પ્રાપ્ત કરવું શક્ય નથી; તેથી મારે ફરી પૂરતો ખોરાક લેવો ઘટે છે."

સાત વર્ષ સુધી દેહદંડન કર્યા પછી બોધિસત્ત્વને પિતાના ખેતરના જમ્બુવૃક્ષ નીચે બેસીને પ્રાપ્ત કરેલા પ્રથમ ધ્યાનનું અચાનક સ્મરણ થયું, અને તે જ માર્ગ તત્ત્વબોધનો હોવો જોઈએ એમ માનીને તેણે દેહદંડન છોડી દીધું અને આહાર લેવાની શરૂઆત કરી.

પરંતુ બોધિસત્ત્વ નાનપણમાં જ આ ધ્યાન કોની પાસે શીખ્યા ? કે તેને તે પોતાની મેળે પ્રાપ્ત થયું ? જાતક અટ્ઠકથાકારે, લલિતવિસ્તરકારે અથવા બુદ્ધચરિત્રકારે આ ધ્યાન તદ્દન બાળપણમાં બુદ્ધને પ્રાપ્ત થયું એવું વર્ણવ્યું હોવાથી, તે તેને પોતાની મેળે પ્રાપ્ત થયું અને તે એક અદ્ભુત ચમત્કાર હતો એમ કહેવું પડે છે. પણ ઉપર આપેલા ભરંડુ કાલામસુત્તનો વિચાર કરીએ તો આ અદ્ભુત ચમત્કારનો ઉકેલ સહેજે મળી જાય છે. કાલામનો આશ્રમ કપિલવસ્તુમાં હતો. તેથી શાક્ય લોકોમાં તેનો સંપ્રદાય જાણવાવાળા ઘણા હતા એમ કહેવું જોઈએ. આગળ જતાં કાલામની જે હકીકત આપવામાં આવશે તે ઉપરથી જણાશે કે કાલામ ધ્યાનમાર્ગી હતો અને તે સમાધિનાં સાત પગથિયાં શીખવતો હતો. એમાંનું પહેલું પગથિયું, પ્રથમધ્યાન, બોધિસત્ત્વને ઘરમાં જ પ્રાપ્ત થયું હોય તો તેમાં અદ્ભુત ચમત્કાર શું છે ? કંઈક ચમત્કાર હોય તો તે એટલો જ કે નાનપણમાં ખેતી કરતી વખતે પણ બોધિસત્ત્વની વૃત્તિ ધાર્મિક હતી અને તે વખતોવખત ધ્યાનસમાધિનો અભ્યાસ કરતો હતો.

## બોધિસત્ત્વની સમાધિનો વિષય

બોધિસત્ત્વના ધ્યાનનો વિષય કયો હતો એ કહેવું સહેલું નથી.

જેના પર પ્રથમ ધ્યાન સાધ્ય થાય છે એવા કુલ ૨૬ વિષયો* છે. તેમાંનો બોધિસત્ત્વના ધ્યાનનો વિષય કયો એ ચોક્કસ કહેવું મુશ્કેલ છે, તેમ છતાંય મૈત્રી, કરુણા, મુદિતા, અને ઉપેક્ષા આ ચાર વિષયોમાંથી એકાદ વિષય પર તે ધ્યાન કરતા હશે, એવું અનુમાન અપ્રસ્તુત નહિ બને, કારણ કે તે તેના પ્રેમાળ સ્વભાવને અનુકૂળ હતું. આને માટે નીચે મુજબનો એક બીજો આધાર પણ જડે છે:

"ભગવાન બુદ્ધ કોલિય દેશમાં હરિદ્રવસન નામના કોલિયના શહેર પાસે રહેતા હતા ત્યારે કેટલાક ભિક્ષુઓ સવારના પહોરમાં ભિક્ષાટન માટે નીકળતાં પહેલાં બીજા પરિવ્રાજકોના આરામમાં ગયા. તે વખતે પરિવ્રાજકોએ તેમને કહ્યું, 'અમે અમારા શ્રાવકોને ઉપદેશ કરીએ છીએ કે મિત્રો, ચિત્તના ઉપક્લેશ અને ચિત્તને દુર્બલ કરવાવાળાં જે પાંચ નીવરણો છે,‡ તે ત્યજીને તમે મૈત્રીસહગત ચિત્ત વડે એક દિશા ભરી દો, બીજી, ત્રીજી, અને ચોથી, ભરી દો. તેમજ ઉપર નીચે અને ચારે બાજુ આખું જગત વિપુલ, શ્રેષ્ઠ, નિઃસીમ, અવૈર અને ક્લેશરહિત મૈત્રીસહગત ચિત્તવડે ભરી દો, કરુણા સહગત ચિત્તવડે...મુદિતા સહગત ચિત્તવડે...ઉપેક્ષા સહગત ચિત્તવડે ભરી દો, શ્રમણ ગોતમ પણ એવો જ ઉપદેશ કરે છે. તો પછી તેના અને અમારા ઉપદેશમાં ફરક શું?" (બોજ્ઝંગસંયુત્ત, વગ્ગ ૬, સુત્ત ૪)

શાક્ય અને કોલિય એ એકબીજાના પડોશમાં રહેતા અને તેમનો નિકટનો સંબંધ હતો. અને ક્યારેક રોહિણી નદીના પાણી વિષે તેમનામાં ઝઘડા થતા એવો ઉલ્લેખ જાતકઅટ્ઠકથામાં અને બીજી અટ્ઠકથાઓમાં ઘણી જગ્યાએ આવે છે. કોલિઓના રાજ્યમાં બીજા

* બુદ્ધઘોષાચાર્યના અને અભિધર્મના અભિપ્રાય મુજબ ૨૫ વિષય. પણ ઉપેક્ષાપર પણ પ્રથમધ્યાન સિદ્ધ થાય છે એવું માની લઈએ તો ૨૬ વિષય. સમાધિ માર્ગ, પૃષ્ઠ ૬૮, ૬૯ જુઓ.

‡ સમાધિમાર્ગ પૃષ્ઠ ૩૧-૩૫ જુઓ.

પંથવાળા પરિવ્રાજકો બૌદ્ધધર્મના ભિક્ષુઓને ઉપરના પ્રશ્નો પૂછે છે. એ પરિવ્રાજકો ત્યાં ઘણાં વર્ષોથી રહેતાં હોવાં જોઈએ. તેમનો આશ્રમ બુદ્ધે ધર્મોપદેશ આપવાની શરૂઆત કર્યા પછી સ્થાપન થયો એમ નથી. તે તેના પહેલાંથી જ ત્યાં હતો, એમાં શંકા નથી. અને એ પરિવ્રાજકો મૈત્રી, કરુણા, મુદિતા, ને ઉપેક્ષા એ ચાર બ્રહ્મ–વિહારોની શુદ્ધિ કરવી એવો ઉપદેશ આપતા.§ એટલે તેઓ કાલામના જ પંથના હતા એમ સમજવામાં શો વાંધો છે? ઓછામાં ઓછું એટલું તો નક્કી કે આ બ્રહ્મવિહાર વિશે બોધિસત્ત્વને યુવાવસ્થામાંથી જ માહિતી હતી અને તે તેના પર ધ્યાન કરીને પ્રથમ ધ્યાન મેળવતા હતા, આ વિધાનને કશો બાધ નથી આવતો.

## બોધિસત્ત્વના ગૃહત્યાગનું કારણ શું?

તે પછીનો મહત્ત્વનો પ્રસંગ એ હતો કે બોધિસત્ત્વ પોતાના પ્રાસાદમાંથી ઉદ્યાનભૂમિ તરફ ગયા. શુદ્ધોદન મહારાજે તેના માર્ગમાં કોઈ ઘરડો, રોગી અથવા મૃત મનુષ્ય ન આવે એવો બંદોબસ્ત કર્યો હોવા છતાં પણ દેવો એક નિર્મિત ઘરડો, તેની નજર સમક્ષ લાવે છે. તેથી બોધિસત્ત્વ વિરક્ત થઈને પાછા પોતાના મહેલમાં જાય છે. બીજે વખતે રોગી, ત્રીજે વખતે મૃત, અને ચોથે વખતે પરિવ્રાજક એ બધાનાં દર્શન દેવો એને કરાવે છે. આથી પૂરી રીતે વિરક્ત થઈને અને ગૃહત્યાગ કરીને તે તત્ત્વબોધનો માર્ગ શોધવા પ્રવૃત્ત થાય છે. આ પ્રસંગોના રસભર્યાં વર્ણનો લલિતવિસ્તરાદિક ગ્રંથોમાં જડે છે. તે સંપૂર્ણપણે સ્વીકાર્ય નથી એમ કહેવું પડે છે. જો બોધિસત્ત્વ બાપની સાથે કે એકલો જ ખેતર પર જઈને ત્યાં કામ કરતા હતા અને આડાર કાલામના આશ્રમમાં જઈને તેનું તત્ત્વજ્ઞાન શીખતા હતા તો પછી તેણે ઘરડો, રોગી અને મરેલો માણસ જોયો ન હોય, એ કેવી રીતે સંભવે?

§ આ બ્રહ્મવિહારનું સ્પષ્ટીકરણ સમાધિમાર્ગમાં પાંચમા પ્રકરણમાં કર્યું છે.

છેલ્લે દિવસે બોધિસત્ત્વ ઉદ્યાનમાં ગયા ત્યારે "દેવોએ એક ઉત્તમ પરિવ્રાજક નિર્માણ કરીને તેને બતાવ્યો ત્યારે બોધિસત્ત્વે સારથિને પ્રશ્ન કર્યો. 'આ વળી કોણ છે?' હજી તે વખતે બોધિસત્ત્વ બુદ્ધ નહિ થયા હોવાથી પરિવ્રાજક અથવા પરિવ્રાજકના ગુણને વિષે સારથિને કશો ખ્યાલ નહોતો. તેમ છતાં દેવોના પ્રભાવથી તેણે જવાબ આપ્યો, 'આ પરિવ્રાજક છે' અને તેણે પ્રવ્રજ્યાના ગુણ વર્ણવ્યા" એવું જાતકઅટ્ઠકથાકારોનું કહેવું છે. પણ કપિલવસ્તુમાં તેમજ શાક્યોના પાડોશના રાજ્યોમાં પરિવ્રાજકોના આશ્રમ હતા તેમ છતાંય બોધિસત્ત્વને અથવા તેના સારથિને પરિવ્રાજકો વિષે કશો જ ખ્યાલ નહોતો, એ આશ્ચર્યની વાત નથી?

અંગુત્તરનિકાયના ચતુક્કનિપાતમાં (સુત્ત નં ૧૯૫) વપ્પ શાક્યની વાર્તા આવી છે: તે નિર્ગ્રંથ (જૈન) શ્રાવક હતો. એક વખત તેનો અને મહામોગ્ગલ્લાનનો સંવાદ ચાલતો હતો ત્યારે ભગવાન બુદ્ધ ત્યાં આવ્યા અને તેણે વપ્પને ઉપદેશ કર્યો ત્યારે વપ્પે કહ્યું, "નિર્ગ્રંથોની (જૈન સાધુઓની) ઉપાસનામાંથી મને કશો ફાયદો થયો નહિ. હવે હું ભગવાનનો ઉપાસક થઈશ." અટ્ઠકથાકાર કહે છે કે વપ્પ ભગવાનનો કાકો થતો હતો. આ કથન મહાદુક્ખક્ખંધસુત્તના અટ્ઠકથા સાથે બંધબેસતું આવતું નથી. ગમે તેમ હોય, પણ વપ્પ નામનો એક વયોવૃદ્ધ શાક્ય જૈન હતો એમાં શંકા નથી. બોધિસત્વના જન્મ પહેલાં જ શાક્ય દેશમાં જૈનધર્મનો પ્રચાર થયો હતો, તેથી બોધિસત્ત્વને પરિવ્રાજકોનો ખ્યાલ ન હોય એ બિલકુલ સંભવતું નથી.

તોપછી આ બધી અદ્ભુત વાતો બોધિસત્ત્વના ચરિત્રમાં ક્યાંથી આવી? મહાપદાનસુત્તમાંથી.* વૃદ્ધ પુરુષને જોયા પછી

*અપદાન (સં. અવદાન) એટલે સચ્ચરિત્ર. મહાપુરુષોનાં સચ્ચરિત્રોનો જે સુત્તમાં સંગ્રહ છે તે મહાપદાનસુત્ત. આમાં પૂર્વયુગીન છ અને આ યુગનો ગોતમબુદ્ધ મળીને સાત બુદ્ધોનાં ચરિત્રો આરંભમાં સંક્ષેપ રૂપમાં આપીને પછી વિપસ્સી બુદ્ધનું ચરિત્ર વિસ્તારથી વર્ણવ્યું છે. તે એક નમૂનારૂપ છે

બોધિસત્ત્વે સારથિને કેવી રીતે પ્રશ્ન કર્યો, એ બાબતમાં જાતક અટ્ઠકથાકાર કહે છે, "**महापदाने आगतनयेन पुच्छित्वा**" (મહાપદાનસુત્તમાં આવેલી કથાને અનુસરીને પ્રશ્ન પૂછીને). તેથી આ બધી અદ્‌ભુત કથાઓ મહાપદાનસુત્ત પરથી લીધી છે એમ કહેવું જોઈએ.

તો પછી બોધિસત્ત્વના ગૃહત્યાગનું કારણ શું? આનો જવાબ અત્તદંડસુત્તમાં ભગવાન બુદ્ધ પોતે જ આપે છે.

**अत्तदण्डा भयं जातं जनं पस्सथ मेधकं।**
**संवेग कित्तयिस्सामि यथा संविजितं मया ॥ १ ॥**
**फन्दमानं पजं दिस्वा मच्छे अप्पोदके यथा।**
**अञ्ञमञ्ञेहि व्यारुद्धे दिस्वा मं भयमाविसि ॥ २ ॥**
**समन्तमसरो लोको, दिसा सब्बा समेरिता।**
**इच्छं भवनमत्तनो नाद्दसासिं अनोसितं।**
**ओसाने त्वेव व्यारुद्धे दिस्वा मे अरती अहु ॥ ३ ॥**

---

અને તેને અનુસરીને જ બીજા બુદ્ધોનાં ચરિત્રો વર્ણવવાં, એવું અટ્ઠકથાકાર કહે છે. આ વર્ણનમાંના ઘણાખરા ભાગો આ સુત્ત રચતાં પહેલાં કે તે પછી ગોતમબુદ્ધના ચરિત્રમાં દાખલ કરવામાં આવ્યા અને તે ખુદ ત્રિપિટકમાં જુદે જુદે સ્થળે મળી આવે છે. ફક્ત ઉદ્યાનદર્શનનો ભાગ ત્રિપિટકમાં નથી. તે જાતક અટ્ઠકથાકારે લીધો છે. તે પહેલાં લલિતવિસ્તરમાં અને બુદ્ધચરિત કાવ્યમાં આ કથાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગોતમ બોધિસત્ત્વને માટે ત્રણ પ્રાસાદ બંધાવવામાં આવ્યા હતા, એ વાર્તા ઐતિહાસિક છે એમ હું માનતો હતો. પણ તેય કાલ્પનિક લાગે છે. કારણ કે શુદ્ધોદન જેવો જાતે મહેનત મજૂરી કરવાવાળો નાનકડો જમીનદાર, પોતાના દીકરા માટે ત્રણ પ્રાસાદ બાંધી શકે, એ સંભવતું નથી.

'દીઘનિકાય' ભાગ બીજો, અનુવાદક સ્વર્ગસ્થ ચિંતામણ વૈજનાથ રાજવાડે, (પ્રકાશક, ગ્રંથસંપાદક અને પ્રકાશક મંડળી, નં. ૩૮૦, ઠાકુરદ્વાર રોડ, મુંબઈ નં. ૨) નામના પુસ્તકના પ્રારંભમાં જ મહાપદાનસુત્તનો મરાઠી અનુવાદ આપ્યો છે. જિજ્ઞાસુ વાંચકોએ તે જરૂર વાંચી જવો.

(૧) શસ્ત્ર ધારણ ભયંકર લાગ્યું. ( તેથી ) આ લોકો કેવી રીતે લડે છે તે જુઓ ! મને સંવેગ ( વૈરાગ્ય ) કેવી રીતે ઉત્પન્ન થયો તે કહું. (૨) અધૂરા પાણીમાં જેમ માછલીઓ ટળવળે છે, તેવી જ રીતે એકબીજાનો વિરોધ કરીને ટળવળતા લોકોને જોઈને મારા મનમાં ભય પેઠો. (૩) ચારે બાજુએ જગત્ અસાર ભાસવા લાગ્યું, બધી દિશાઓ કંપિત થાય છે એમ લાગ્યું અને તેમાં આશ્રયસ્થાન શોધવા જતાં મને નિર્ભય એવું સ્થાન દેખાયું નહિ કારણ, બધા જ લોકો એક-બીજાનો વિરોધ કરતા દેખાયા અને તેથી હું કંટાળ્યો. રોહિણી નદીના પાણી માટે શાક્યો અને કોલિયો ઝઘડતા હતા; એક વખતે બંને પોતાનાં સૈન્યો સાથે રોહિણી નદી પાસે ગયાં; અને તે સમયે ભગવાન બુદ્ધે બંને સૈન્યોની વચ્ચે આવીને આ સુત્તનો ઉપદેશ કર્યો એવો ઉલ્લેખ જાતક અટ્ઠકથામાં અનેક જગ્યાએ આવે છે. પણ આ વાત બંધબેસતી લાગતી નથી. શાક્યોને કોલિયોને ભગવાન બુદ્ધે ઉપદેશ આપ્યો હશે અને તેમના ઝઘડા પણ પતાવ્યા હશે. પણ તે પ્રસંગે આ સુત્તનો ઉપદેશ આપવાનું કારણ જણાતું નથી. પોતાને વૈરાગ્ય કેમ પ્રાપ્ત થયો અને પોતે ઘરમાંથી કેમ બહાર નીકળ્યા, એ વાત ભગવાન આ સુત્તમાં કહી રહ્યા છે. રોહિણી નદીનું પાણી કે આવા જ કોઈ નજીવા કારણો માટે શાક્યો અને કોલિયોના ઝઘડા થતા હતા. તે પ્રસંગે પોતે શસ્ત્ર લેવું કે નહિ એ સવાલ બોધિસત્ત્વ આગળ ઊભો થયો હશે. પણ શસ્ત્રોવડે આ ઝઘડા મટાડવા અશક્ય હતું. શાક્યો અને કોલિયોના ઝઘડા જબરદસ્તીથી મટાડ્યા હોત તો તે મટત જ નહિ. કારણ કે, તે મટાડનારને ફરી પાડોશના રાજાઓ સામે શસ્ત્ર ધારણ કરવું પડ્યું હોત; અને તેને જીત્યા પછી તેના પાડોશના રાજાને જીતવાની તેને ફરજ પડી હોત. આ રીતે શસ્ત્રગ્રહણને લીધે ચારે બાજુ વિજય પ્રાપ્ત કરવો અનિવાર્ય થઈ જાત. પણ એવો વિજય મળ્યા પછી પણ તેને શાંતિ ક્યાં મળવાની હતી? પસેનદિ કોસલ અને બિંબિસારના પુત્ર જ તેમના શત્રુ થયા. તો પછી

શસ્ત્રગ્રહણથી લાભ શો ? છેવટ સુધી લડતાઝઘડતા રહેવું, એ જ ! આ સશસ્ત્રપ્રવૃત્તિમાર્ગનો કોમળ સ્વભાવના બોધિસત્ત્વને અણગમો ઉત્પન્ન થયો અને તેણે શસ્ત્રનિવૃત્તિમાર્ગનો સ્વીકાર કર્યો.

સુત્તનિપાતના પબ્બજ્જા સુત્તની શરૂઆતમાં જ નીચેની ગાથાઓ આવે છેઃ—

**पब्बजं कित्तयिस्सामि, यथा पब्बजि चक्खुमा,**
**यथा वीमंसमानो सो पब्बजं समरोचयि ॥ १ ॥**
**संबाधोऽयं घरावासो रजस्सायतनं इति ।**
**अब्भोकासो च पब्बज्जा इति दिस्वान पब्बजि ॥ २ ॥**

'(૧) ચક્ષુષ્મન્તે પ્રવ્રજ્યા શા માટે લીધી, અને તેને તે કયા વિચારને લીધે ગમી તે કહીને ( તેની ) પ્રવ્રજ્યાનું હું વર્ણન કરું છું.

(૨) ગૃહસ્થાશ્રમ એટલે સંકડાશ અને કચરાથી ભરેલી જગ્યા અને પ્રવ્રજ્યા એટલે ખુલ્લી હવા, એમ જાણીને તે પરિવ્રાજક બન્યો.'

આ કથનને મજ્ઝિમનિકાયના મહાસચ્ચકસુત્તમાં પણ આધાર મળે છે. ત્યાં ભગવાન કહે છે, " હે અગ્ગિવેસ્સન, સંબોધિજ્ઞાન થતાં પહેલાં હું બોધિસત્ત્વ હતો ત્યારે જ મને લાગ્યું કે ગૃહસ્થાશ્રમ એ સંકડાશવાળી અને કચરાથી ભરેલી જગ્યા છે. પ્રવ્રજ્યા એટલે ખુલ્લી હવા. ગૃહસ્થાશ્રમમાં રહીને અત્યંત પરિપૂર્ણ અને પરિશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરવું શક્ય નથી. તેથી મુંડન કરીને અને કાષાય વસ્ત્રો ધારણ કરીને ઘરમાંથી બહાર નીકળી પરિવ્રાજક થવું, એ જ યોગ્ય છે."

પરંતુ અરિયપરિયેનસુત્તમાં આના કરતાં સહેજ જુદું કારણ આપ્યું છે. ભગવાન કહે છે, " ભિક્ષુઓ, સંબોધિજ્ઞાન થતાં પહેલાં હું બોધિસત્ત્વ હતો ત્યારે હું પોતે જન્મધર્મી હતો. અને જન્મના ફેરામાં સપડાયેલી ચીજો ( પુત્ર, દારા, દાસી, દાસ વગેરે )ની પાછળ પડયો હતો. ( એટલે મારા સુખનો આધાર એ ચીજો પર છે એમ મને લાગતું હતું. ) હું પોતે જરાધર્મી, વ્યાધિધર્મી, મરણધર્મી, શોક-ધર્મી હતો, ત્યારે જરા, વ્યાધિ, મરણ, શોક એ બધાંના ફેરામાં

સપડાયેલી ચીજોની જ પાછળ હું પડચો હતો. ત્યારે મારા મનમાં એવો વિચાર આવ્યો કે હું જાતે જન્મ, જરા, મરણ, વ્યાધિ અને શોક એ વડે જકડાયેલો હોઈ તેનાથી જ જકડાયેલા પુત્રદારાદિકોની પાછળ પડચો છું, એ યોગ્ય નથી; તેથી જન્મજરાદિકોવડે થતી હાનિ જોઈને અજાત, અજર, અવ્યાધિ, અમર અને અશોક એવા પરમશ્રેષ્ઠ નિર્વાણપદની શોધ મારે કરવી, એ યોગ્ય છે.''

આ રીતે બોધિસત્ત્વની પ્રવ્રજ્યાનાં સાધારણ રીતે ત્રણ કારણો આપ્યાં છે. (૧) તેના સંબંધીઓએ એકબીજા સાથે લડવા માટે શસ્ત્રધારણ કરવાથી તેને ડર લાગ્યો; (૨) ઘર એ સંકડાશવાળી અને કચરાવાળી જગ્યા છે એમ તેને લાગ્યું; અને (૩) પોતે જન્મ, જરા, મરણ, વ્યાધિથી સંબદ્ધ હોઈ એવી જ ચીજો પર આસક્ત થઈને રહેવું ન જોઈએ, એમ તેને લાગ્યું. આ ત્રણે કારણોની સંગતિ બેસાડી શકાય તેમ છે.

બોધિસત્ત્વના જાતભાઈઓ શાકચ અને કોલિય એમની વચ્ચે ઝઘડા ઉત્પન્ન થયા અને તેમાં પોતે સામેલ થવું કે નહિ એ સવાલ બોધિસત્ત્વ આગળ ખડો થયો. મારામારીથી આ ઝઘડાઓ નહિ પતે એ તેણે જાણ્યું. પણ તેમાં પોતે ન ઊતરે તો લોકો પોતાને ડરપોક કહેશે અને પોતે ગૃહસ્થધર્મનું પાલન કર્યું નહિ એમ કહેવાશે. તેથી ગૃહસ્થાશ્રમ તેને સંકડાશવાળો લાગવા માંડચો. તેના કરતાં સંન્યાસી થઈને નિરપેક્ષ રીતે વનવગડામાં ફરતા રહેવું, એમાં શું ખોટું છે? પણ તેને પોતાની પત્ની અને દીકરો બન્ને પ્રત્યે પ્રેમ હોવાથી ગૃહત્યાગ કરવો તેને માટે ખૂબ મુશ્કેલ હતું. તેથી તે વધુ વિચાર કરવા લાગ્યો. હું જાતિ–જરા–વ્યાધિ–મરણધર્મી છું, તો પછી એવા જ સ્વભાવથી બંધાયેલાં પુત્રદારાદિકો પર આસક્ત થઈને આ સંકડાશવાળા અને કચરાવાળા ગૃહસ્થાશ્રમમાં પડચા રહેવું યોગ્ય નથી, એમ તેને લાગ્યું; અને તેથી તે પરિવ્રાજક બન્યો. આ ત્રણ કારણોમાં મુખ્ય કારણ શાકચ અને કોલિય એ બેની વચ્ચેનો ઝઘડો એ હતું, એ ધ્યાનમાં લઈએ

તો આગળ જતાં બુદ્ધ થયા પછી બોધિસત્ત્વે શોધી કાઢેલ મધ્યમ માર્ગનો અર્થ બરાબર સમજાશે.

## રાહુલકુમાર

બોધિસત્ત્વનાં લગ્ન જુવાનીમાં જ થયાં હતાં અને ગૃહત્યાગ કરતાં પહેલાં તેને રાહુલ નામનો એક પુત્ર જન્મ્યો હતો: એ વાતને ત્રિપિટકમાં અનેક જગ્યાએ આધાર મળી આવે છે. જાતકની નિદાનકથામાં લખ્યું છે કે રાહુલકુમાર જે દિવસે જન્મ્યો તે જ દિવસે બોધિસત્ત્વે ગૃહત્યાગ કર્યો. પણ બીજા અટ્ઠકથાકારોનું કહેવું એવું જણાય છે કે રાહુલકુમારના જન્મ પછી સાતમે દિવસે બોધિસત્ત્વે ગૃહત્યાગ કર્યો. આ બંને વિધાનો માટે પ્રાચીન સાહિત્યમાં આધાર મળતો નથી. એટલું ખરું કે ગૃહત્યાગ કરતાં પહેલાં બોધિસત્ત્વને રાહુલ નામનો દીકરો હતો. ગોતમ બોધિસત્ત્વ જ્યારે બુદ્ધ થઈને કપિલવસ્તુ આવ્યા ત્યારે તેણે રાહુલને દીક્ષા આપી, એવાં વર્ણનો મહાવગ્ગમાં અને બીજી જગ્યાએ જડે છે. તે વખતે રાહુલ સાત વર્ષનો હતો, એમ અટ્ઠકથાઓમાં અનેક જગ્યાએ કહ્યું છે. રાહુલને ભગવાને શ્રામણેર કર્યો હતો કે નહિ અને તે વખતે તે કેટલી ઉમરનો હશે, તેનો વિચાર છઠ્ઠા પ્રકરણમાં કરવામાં આવશે. કારણ કે શ્રામણેરનો ભિક્ષુસંઘ સાથે સંબંધ આવે છે.

## રાહુલમાતા દેવી

રાહુલની માતાને મહાવગ્ગમાં અને જાતકઅટ્ઠકથામાં બધે રાહુલમાતા દેવીના નામથી ઓળખાવી છે, યસોધરા (યશોધરા) એ તેનું નામ ફક્ત અપદાનગ્રંથમાં મળે છે. જાતકની નિદાનકથામાં કહ્યું છે કે, "જ્યારે અમારો બોધિસત્ત્વ લુંબિની વનમાં જન્મ્યો તે જ વખતે રાહુલમાતા દેવી, છન્ન અમાત્ય, કાળુદાયિ (કાળા ઉદાયિ) અમાત્ય, કંથક અશ્વરાજા (બુદ્ધગયાનો), મહાબોધિવૃક્ષ અને ચાર નિધિકુંભી (દ્રવ્યથી ભરેલી કોઠીઓ) એ બધાં પેદાં થયાં." આમાં બોધિવૃક્ષ અને દ્રવ્યની કોઠીઓ તે જ વખતે પેદા થયાં, એ કેવળ

લોકવાયકા જ ગણી કાઢવી જોઈએ. પણ બોધિસત્ત્વ, રાહુલમાતા, છન્ન અને કાળા ઉદાયિ એ બધાં એક જ વખતે જન્મ્યાં નહિ હોય તો પણ સમવયસ્ક હતાં એમ ગણવામાં વાંધો નથી. રાહુલમાતાનો દેહાન્ત ૭૮મે વર્ષે એટલે બુદ્ધના પરિનિર્વાણના પહેલાં બે વર્ષ થયો હોવો જોઈએ. અપદાનમાં (૫૮૪) તે કહે છે,

**अट्ठसत्ततिवस्साहं पच्छिमो वत्तति भवो ।**

**.........................................**

**पहाय वो गमिस्सामि कतम्मे सरणमत्तनो ॥**

'હું આજે ૭૮ વર્ષની છું. આ મારો છેલ્લો જન્મ છે. હું તમને છોડી જવાની છું. મારી મુક્તિ મેં મેળવી લીધી છે.'

આ છેલ્લા જન્મમાં પોતે શાક્યકુળમાં જન્મ લીધો એમ પણ તે કહે છે. પણ તે કુળની માહિતી ક્યાંય મળતી નથી. તે ભિક્ષુણી થઈને રહી અને ૭૮મે વર્ષે બુદ્ધની પાસે જઈને તેણે ઉપર મુજબના વચન કહ્યાં, એવું અપદાનકારનું કહેવું જણાય છે. પણ ભિક્ષુણી થયા પછી તેણે કોઈ પણ ઉપદેશ કર્યો હોય કે તેનો બૌદ્ધસંઘ સાથે કોઈ પણ જાતનો સંબંધ આવ્યો હોય એમ જણાતું નથી. તેથી તે સાચે જ ભિક્ષુણી થઈ હતી કે નહિ તે નિશ્ચિત કહી શકાતું નથી. અપદાનગ્રંથમાં તેનું નામ યશોધરા આપ્યું છે. અને લલિતવિસ્તરમાં તે ગોપા આપ્યું છે. આ બેમાંથી સાચું નામ કયું, કે એ બંને તેનાં નામ હતાં એ સમજાતું નથી.

## ગૃહત્યાગનો પ્રસંગ

બોધિસત્ત્વે ગૃહત્યાગ કર્યો તે રાત્રે તે પોતાના પ્રાસાદમાં બેઠો હતો. તેના પરિવારની સ્ત્રીઓએ વાદ્યગીતાદિ વડે તેનું મન રીઝવવાની ઘણી કોશિશ કરી. પણ બોધિસત્ત્વ તેમાં રમમાણ થયો નહિ. છેવટે સ્ત્રીઓ કંટાળીને ઊંઘી ગઈ. કોઈ બબડતી હતી; ત્યારે કોઈકના મોઢામાંથી લાળ ખરતી હતી. એ બધાંનો તેને ખૂબ જ અણગમો થયો; અને નીચે જઈને તેણે છન્ન સારથિને હાક મારી જગાડ્યો. છન્ને કંથક નામનો ઘોડો તૈયાર કર્યો. બોધિસત્ત્વ તેના ઉપર બેસી

ગયા અને છન્ન તે ઘોડાનું પૂછડું પકડીને બેઠો. દેવોએ એ બંને માટે નગરદ્વાર ઉઘાડી દીધું. તેમાંથી બહાર નીકળી તેઓ બંને અનોમા નામની નદીને કાંઠે ગયા. ત્યાં બોધિસત્ત્વે પોતાના વાળ પોતાની તરવાર વડે કાપી નાખ્યા અને જરઝવેરાત છન્નને સોંપી દઈને બોધિસત્ત્વ રાજગૃહ ગયા. બોધિસત્ત્વના વિયોગને લીધે કંથકે અનોમા નદી પર જ દેહ મૂકયો. અને છન્ન સારથિ જરઝવેરાત લઈને કપિલવસ્તુ પાછો ગયો.

આ છે નિદાનકથાની વાર્તાનો સારાંશ. નિદાનકથામાં, લલિત વિસ્તરમાં અને બુદ્ધચરિત કાવ્યમાં આ પ્રસંગના રસભર્યાં વર્ણનો મળી આવે છે અને તેની બૌદ્ધ ચિત્રકળા ઉપર સારી અસર થઈ છે. પણ એ વાર્તામાં સત્યાંશ બિલકુલ નથી અથવા ઘણો જ ઓછો છે, એમ લાગે છે. કારણ કે, પ્રાચીનતર સુત્તોમાં આ અસંભાવ્ય દંતકથા માટે મુદ્દલે આધાર મળતો નથી.

અરિયપરિયેસન સુત્તમાં પોતે ભગવાન બુદ્ધે પોતાના ગૃહત્યાગ સમયની હકીકત આપી છે તે નીચે મુજબ છે:—

**सो खो अहं भिक्खवे अपरेन समयेन दहरो व समानो सुसु काळकेसो भद्रेन योब्बनेन समन्नागतो पठमेन वयसा अकामकानं मातापितुन्नं अस्सुमुखानं रुदन्तानं केसमस्सुं ओहारेत्वा कासावानि वत्थानि अच्छादेत्वा अगारस्मा अनगारियं पब्बजिं।**

'ભિક્ષુઓ, એવો વિચાર કરતાં કરતાં કેટલાક સમય પછી, જો કે હું તે વખતે જુવાન હતો તોપણ મારો એક પણ વાળ ધોળો થયો નહોતો, હું પૂર્ણ જુવાનીમાં હતો અને મારાં માબાપ મને રજા આપતાં ન હતાં. આંખોમાંથી નીકળતા અશ્રુપ્રવાહથી તેમનાં મુખ ભીંજાયાં હતાં, તેઓ અખંડ રડતાં હતાં, તેમ છતાંય (આ બધાંની દરકાર કર્યા વિના) શિરોમુંડન કરીને, કાષાય વસ્ત્રોથી દેહ ઢાંકીને હું ઘરમાંથી બહાર નીકળ્યો. (હું સંન્યાસી થયો.)'

આ જ ઉતારો એ જ શબ્દોમાં મહાસચ્ચકસુત્તમાં મળે છે. તેથી બોધિસત્ત્વ ઘરના માણસોને ખબર આપ્યા વિના છન્નની સાથે કંથક પર સવારી કરીને ભાગી ગયા એમ કહેવું તદ્દન ભૂલભર્યું હોય એવું લાગે છે. બોધિસત્ત્વની પોતાની મા માયાદેવી તેના સાતમે દિવસે મરી ગઈ હોય તોપણ મહાપ્રજાપતિ ગોતમીએ તેને પોતાના દીકરાની જેમ ઉછેર્યો હતો. એટલે ઉપરના ઉતારામાં બોધિસત્ત્વે તેને જ મા તરીકે ઓળખાવી હોવી જોઈએ. બોધિસત્ત્વનો પરિવ્રાજક થવાનો વિચાર શુદ્ધોદન અને ગોતમી ઘણા દિવસથી જાણતાં હતાં, અને તેમની ઇચ્છાની વિરુદ્ધ અને તેમની જ સામે તેણે પ્રવ્રજ્યા લીધી, એ વાત ઉપરના ઉતારા પરથી સાબિત થાય છે.

५

# તપશ્ચર્યા અને તત્ત્વબોધ

## આળાર કાલામ સાથે મેળાપ

ઘર છોડીને બોધિસત્ત્વ ઠેઠ રાજગૃહ ગયા, ત્યાં તેનો બિંબિસાર રાજા સાથે મેળાપ થયો અને તે પછી તે આળાર કાલામ પાસે જઈને તેની પાસે તેનું તત્ત્વજ્ઞાન શીખ્યા, એવું વર્ણન જાતકની નિદાનકથામાં મળી આવે છે. અશ્વઘોષરચિત બુદ્ધચરિત કાવ્યમાં નિદાનકથાનો જ ક્રમ સ્વીકાર્યો છે. લલિતવિસ્તરમાં 'બોધિસત્ત્વ પહેલાં વૈશાલી ગયા અને ત્યાં આળાર કાલામના શિષ્ય થયા. પછી તે રાજગૃહ ગયા. ત્યાં બિંબિસાર રાજાની મુલાકાત લીધા પછી તે ઉદ્દક રામપુત્તની પાસે ગયા, એવી મતલબનું સવિસ્તર વર્ણન છે. પણ આ બન્ને વર્ણનો પ્રાચીન સુત્તો સાથે બંધબેસતાં થતાં નથી. ઉપર આપેલા આર્યપરિયેસન સુત્તના ઉતારામાં બોધિસત્ત્વ ઘેર હતા ત્યારે માબાપની સામે જ તેણે દીક્ષા લીધી એમ કહ્યું છે. તેના પછી તરત જ નીચેના સારાંશવાળું આવે છે:—

**सो एवं पब्बजितो समानो किंकुसलगवेसी अनुत्तरं सन्तिवरपदं परियेसमानो येन आळारो कालामो तेनुपसंकमिं।**

(ભગવાન કહે છે,) "આ રીતે પ્રવ્રજ્યા લીધા પછી હિતકર માર્ગ કયો તે જાણવાના ઉદ્દેશથી શ્રેષ્ઠ, લોકોત્તર અને શાન્ત તત્ત્વની શોધ કરતો કરતો હું આળાર કાલામ પાસે ગયો."

આ ઉતારાપરથી એમ જણાય છે કે બોધિસત્ત્વ રાજગૃહ નહિ જતાં પહેલાં આળાર કાલામ પાસે ગયા. આળાર કાલામ કોસલ દેશનો જ રહીશ હતો. અંગુત્તનિકાયના તિકનિપાતમાં (સુત્ત નં. ૬૫) કાલામ નામક ક્ષત્રિયોના કેસપુત્ત શહેરનો ઉલ્લેખ આવ્યો છે. તે ઉપરથી એમ જણાય છે કે આળાર કાલામ તે કાલામો-માંનો જ એક હતો. શાક્ય અને કોલિય રાજ્યોમાં તેની ઘણી ખ્યાતિ હતી. તેના શિષ્યોમાંના એકનો—ભરંડુ કાલામનો આશ્રમ કપિલવસ્તુમાં હતો, એ ઉપર કહ્યું છે. તેના બીજા શિષ્યો અથવા બહુ તો ઉદ્દક રામપુત્તના શિષ્યો પાસેના કોલિયોના દેશમાં રહેતા હતા; અને શાક્ય અને કોલિય દેશોમાં એ સંપ્રદાયોનો પ્રભાવ સારી પેઠે હતો, એમાં શંકા નથી. બોધિસત્ત્વ પ્રથમ ધ્યાનની પદ્ધતિ આ જ પરિવ્રાજકો પાસેથી શીખ્યા અને તેમણે જ તેને સંન્યાસ-દીક્ષા આપી હોવી જોઈએ.

પણ શાક્ય કે કોલિય દેશના કોઈ આશ્રમમાં રહીને સમય વિતાડવો એ બોધિસત્ત્વને ઉચિત જણાયું નહિ. કલ્યાણકારક માર્ગનું અને શ્રેષ્ઠ, લોકોત્તર, શાન્ત, તત્ત્વનું જ્ઞાન મેળવવા માટે તે ખુદ આળાર કાલામને જઈ મળ્યા. તે વખતે આળાર કાલામ કોસલ દેશમાં કયાંક રહેતો હોવો જોઈએ. તેણે બોધિસત્ત્વને ચાર પ્રકારનાં ધ્યાન અને તેના પછીનાં ત્રણ પગથિયાં શીખવ્યાં. પણ કેવળ સમાધિનાં આ સાત પગથિયાંથી તેને સંતોષ નહિ થયો. આ મનો-નિગ્રહનો માર્ગ હતો ખરો, પણ આખી માનવજાતિને માટે તેનો શો ઉપયોગ? એટલા ખાતર જ બોધિસત્ત્વે કલ્યાણકારક માર્ગની શોધ આગળ ચલાવી.

## ઉદ્દક રામપુત્ત સાથે મેળાપ

આળાર કાલામ અને ઉદ્દક રામપુત્ત એ બન્ને એક જ પ્રકારનો સમાધિમાર્ગ શીખવતા હતા. તે બન્નેમાં ફેર એટલો જ હતો કે આળાર કાલામ સમાધિનાં સાત પગથિયાં શીખવતો ત્યારે ઉદ્દક રામપુત્ત તેનાં

આઠ પગથિયાં શીખવતો. આ બન્નેનો ગુરુ એક જ હોવો જોઈએ અને પછી એ બન્નેએ જુદા પંથ કાઢ્યા હોવા જોઈએ. પણ તેના માર્ગમાંય બોધિસત્ત્વને ખાસ સાર જણાયો નહિ. તેથી રાજગૃહ જઈને ત્યાંના પ્રસિદ્ધ શ્રમણપંથનું તત્ત્વજ્ઞાન જાણી લેવાનો તેણે નિશ્ચય કર્યો.

## બિંબિસાર રાજા સાથે મેળાપ

રાજગૃહમાં બોધિસત્ત્વ આવ્યા તેનું વર્ણન એક અજ્ઞાત કવિએ સુત્તનિપાતના પબ્બજ્જાસુત્તમાં કર્યું છે. તેનો અનુવાદ નીચે મુજબઃ--

૧. ચક્ષુષ્મન્તે (બોધિસત્ત્વે) પ્રવ્રજ્યા શા માટે લીધી અને કયા વિચારને લીધે તેને તે ગમી તે કહીને હું (તેની) પ્રવ્રજ્યાનું વર્ણન કરીશ.

૨. ગૃહસ્થાશ્રમ એટલે સંકડાશવાળી અને કચરાવાળી જગ્યા અને પ્રવ્રજ્યા એટલે ખુલ્લી હવા, એમ જાણવાથી તેણે પ્રવ્રજ્યા લીધી.

૩. પ્રવ્રજ્યા લીધા પછી તેણે શારીરિક પાપકર્મનો ત્યાગ કર્યો–વાચસિક દુર્વર્તન તજી દીધું અને પોતાની ઉપજીવિકા શુદ્ધ માર્ગવડે ચલાવી.

૪. બુદ્ધ મગધોના ગિરિવ્રજમાં (રાજગૃહમાં) આવ્યા. શરીર પર ઉત્તમ લક્ષણો પ્રકટ થયેલી અવસ્થામાં તેણે ભિક્ષાટન માટે રાજ-ગૃહમાં પ્રવેશ કર્યો.

૫. પોતાના પ્રાસાદપરથી બિંબિસારે તેમને જોયા. તેની લક્ષણ-સંપત્તિ જોઈને બિંબિસારે કહ્યું,

૬. અહો! આ મારું કહેવું સાંભળોઃ--આ પુરુષ સુંદર, ભવ્ય, શુદ્ધ અને આચરણથી સંપન્ન છે. તે પગથી બે હાથ આગળના અંતર પર નજર રાખીને ચાલે છે. (**युगमत्तं च पेक्खति**)

૭. પગ આગળ નજર રાખીને ચાલવાવાળો આ જાગૃત ભિક્ષુ હલકાં કુળનો જણાતો નથી. તે ક્યાં જાય છે તે દોડતા જઈને, હે રાજદૂતો, જોઈ આવો,

૮. તે ભિક્ષુ (બોધિસત્ત્વ) ક્યાં જાય છે અને ક્યાં મુકામ કરે કરે છે તે જોવા માટે તે (બિંબિસાર રાજાએ મોકલેલા) દૂતો તેની પાછળ ગયા.

૯. ઇન્દ્રિયોનું સંરક્ષણ કરીને જુદાં જુદાં ઘરોથી ભિક્ષા મેળવીને વિવેકી અને જાગૃત બોધિસત્ત્વે જોતજોતાંમાં પાત્ર ભરીને ભિક્ષા એકઠી કરી.

૧૦. ભિક્ષાટન પૂરું કરીને તે મુનિ નગરમાંથી બહાર નીકળ્યા અને ત્યાં રહેવાના હેતુથી પાંડવ પર્વતની પાસે આવ્યા.

૧૧. તેને ત્યાં રહેલા જોઈને તે દૂતો તેની પાસે બેઠા અને તેમાંના એકે જઈને રાજાને ખબર આપી કેઃ—

૧૨. 'મહારાજ, પેલો ભિક્ષુ પાંડવ પર્વતની પૂર્વ બાજુએ વાઘ, ઋષભ કે ગિરિગુફાઓમાં રહેતા સિંહની જેમ બેઠો છે!'

૧૩. દૂતોનું આ વચન સાંભળીને પેલો ક્ષત્રિય (રાજા) ઉત્તમ વાહનમાં બેઠો અને વેગથી પાંડવ પર્વત ભણી નીકળ્યો.

૧૪. જ્યાં સુધી વાહન જવાની શક્યતા હતી ત્યાં સુધી જઈને તે ક્ષત્રિય વાહનમાંથી નીચે ઊતર્યો અને પગે ચાલીને (બોધિસત્ત્વની) પાસે આવીને તેની પડખે બેસી ગયો.

૧૫. ત્યાં બેઠા પછી રાજાએ તેને કુશલપ્રશ્નાદિક પૂછ્યા. કુશળ-પ્રશ્નાદિક પૂછીને તેણે નીચે મુજબ કહ્યુંઃ—

૧૬. તું જુવાન અને તરુણ છે; મનુષ્યની પહેલી ઉમરમાં છે. તારી કાન્તિ કુલીન ક્ષત્રિયના જેવી અત્યંત રોચક જણાય છે.

૧૭. તું હાથીઓનો સમુદાય સાથે લઈને મારી સેનાની શોભા વધાર. હું તને સંપત્તિ આપું છું, તેનો તું ઉપભોગ કર; અને હવે તારી જાતિ કઈ છે તે મને કહે.

૧૮ હે રાજા, અહીંથી ઠેઠ હિમાલયની તળેટી પાસે ધન અને વીર્યવડે સંપન્ન-જેનો કોસલ રાષ્ટ્રમાં સમાવેશ થાય છે—એવો દેશ છે.

૧૯. તેમનુ (ત્યાંના મહાજનોનું) ગોત્ર આદિત્ય છે અને તેમની જાતિને શાક્ય કહે છે. હે રાજા, હું તે કુળમાંથી પરિવ્રાજક થયો, તે કાંઈ કામોપભોગોની ઇચ્છાથી નહિ.

૨૦. કામોપભોગોમાં મને દોષ જણાયો અને એકાન્તવાસ

સુખદાયક જણાયો. હવે હું તપશ્ચર્યા માટે જાઉં છું. એ માર્ગમાં મારું મન પરોવાયું છે.

આ સુત્તની ત્રીજી ગાથામાં બોધિસત્ત્વે કાયા, વાચા અને ઉપજીવિકા એ બધાંનું સંશોધન કર્યાનો ઉલ્લેખ આવે છે. આ કાર્ય ઘરમાંથી નીકળ્યા પછી રસ્તામાં જ તે કરી શક્યા હશે એ સંભવતું નથી. આળાર કાલામ અને ઉદ્દક રામપુત્ત એ બન્નેની પાસે રહીને તેમના આચારવિચારોનું વ્યવસ્થિત પાલન કરીને બોધિસત્ત્વે આ કાર્ય કર્યું હશે, એમ લાગે છે. પણ એટલેથી સંતોષ નહિ થતાં પ્રસિદ્ધ શ્રમણનાયકોનું તત્ત્વજ્ઞાન જાણી લેવાના હેતુથી તે રાજગૃહ આવ્યા. ત્યાં બધા જ સંપ્રદાયોમાં ઓછાવત્તા પ્રમાણમાં તપશ્ચર્યા જણાવાથી પોતે પણ એવી જ રીતે તપશ્ચર્યા કરવી જોઈએ, એમ તેને લાગ્યું, અને તેથી જ સુત્તની છેલ્લી ગાથામાં 'હવે હું તપશ્ચર્યા માટે જાઉં છું' એમ તે કહે છે. તેનું મન કામોપભોગોમાંથી પહેલાં ઊઠી ગયું હોવાથી, મગધરાજાએ આપવા માંડેલો અધિકાર તેને ગમ્યો નહિ, એ કહેવાની જરૂર નથી જ.

## ઉરુવેલામાં આગમન

રાજગૃહથી બોધિસત્ત્વ ઉરુવેલા આવ્યા અને તપશ્ચર્યા માટે તેણે એ સ્થાન પસંદ કર્યું. તેનું વર્ણન અરિયપરિયેસન સુત્તમાં આવે છે.

ભગવાન કહે છે, "હે ભિક્ષુઓ, કુશલ શું છે એ જાણવાના હેતુથી લોકોત્તર શાંતિના શ્રેષ્ઠ સ્થાનની શોધમાં ધીમે ધીમે પ્રવાસ કરતો કરતો હું ઉરુવેલા આગળ સેનાનિગમમાં આવ્યો. ત્યાં મેં રમણીય ભૂમિભાગ જોયો. તેમાં સુશોભિત વન હતું અને નદી ધીરે ધીરે વહેતી હતી. તેની બંને બાજુએ સફેદ રેતીનો પટ હતો અને ત્યાં નદી ઓળંગવી સહેલી હતી. તે પ્રદેશ ઘણો રમણીય હતો. આ વનની ચારે બાજુએ ભિક્ષાટન કરવા માટે ગામો પણ દેખાયાં. આ ભૂમિભાગ રમણીય હોવાથી કુલીન માણસને તપશ્ચર્યા કરવા માટે યોગ્ય છે, એમ લાગવાથી મેં ત્યાં જ તપશ્ચર્યા આદરી."

રાજગૃહની આસપાસ જે ટેકરીઓ છે તેમની ઉપર નિર્ગ્રંથ અને બીજા શ્રમણો તપશ્ચર્યા કરતા હતા, એવો ઉલ્લેખ ઘણી જગ્યાએ મળે છે. પણ બોધિસત્ત્વને તપશ્ચર્યા માટે આ રુક્ષ પર્વત ગમ્યા નહિ; તેને ઉરુવેલાનો રમણીય પ્રદેશ પસંદ પડયો. આ ઉપરથી સૃષ્ટિસૌંદર્ય માટેનો તેમનો પ્રેમ વ્યક્ત થાય છે.

## ત્રણ ઉપમાઓ

તપશ્ચર્યા શરૂ કરતાં પહેલાં બોધિસત્ત્વને ત્રણ ઉપમાઓ સૂઝી. તેમનું વર્ણન મહાસચ્ચકસુત્તમાં કર્યું છે. ભગવાન કહે છે, 'હે અગ્ગિવેસ્સન, કોઈ ભીનું લાકડું પાણીમાં પડયું હોય અને કોઈ માણસ અરણિનું લાકડું લઈને તેનાપર ઘસીને અગ્નિ ઉત્પન્ન કરવા માંડે, તો તેમાંથી અગ્નિ ઉત્પન્ન થાય ખરો ?'

સચ્ચક : ભો ગોતમ, તે લાકડામાંથી અગ્નિ ઉત્પન્ન કરવો શક્ય નથી. કારણ કે, તે ભીનું છે. તેમ કરનાર માણસની મહેનત વ્યર્થ જશે અને તેને ફક્ત તકલીફ જ થશે.

ભગવાન : તેવી જ રીતે, હે અગ્ગિવેસ્સન, જે શ્રમણ અને બ્રાહ્મણ શરીર અને મનવડે કામોપભોગોથી અલિપ્ત થયા નથી અને જેમનો કામવિકાર શાંત થયો નથી, તેઓ ગમે તેટલું દુઃખ સહન કરે તો પણ તેમને જ્ઞાનદૃષ્ટિ અને લોકોત્તર સંબોધ પ્રાપ્ત થવાનો નહિ. હે અગ્ગિવેસ્સન, મને બીજી ઉપમા એવી સૂઝી કે કોઈ ભીનું લાકડું પાણીથી દૂર પડયું છે અને કોઈ માણસ અરણિ ઘસીને તેમાંથી અગ્નિ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરવા માંડે તો તેમાંથી અગ્નિ પેદા થશે ખરો ?"

સચ્ચક : ના, હે ગોતમ, તેનો પ્રયત્ન વ્યર્થ થશે અને તેને માત્ર તકલીફ થશે. કારણ કે તે લાકડું ભીનું છે.

ભગવાન : તે પ્રમાણે જ, હે અગ્ગિવેસ્સન, જે શ્રમણો અને બ્રાહ્મણો કામોપભોગ છોડીને શરીરથી અને મનથી તેનાથી અલિપ્ત રહે છે, પણ જેમના મનના કામવિકાર શાન્ત નથી થયા હોતા,

તેઓ ગમે તેટલાં કષ્ટ સહન કરે, તોપણ તેમાંથી તેમને જ્ઞાનદષ્ટિ અને લોકોત્તર સંબોધ નહિ પ્રાપ્ત થાય. હે અગ્ગિવેસ્સન, મને વળી ત્રીજી એક ઉપમા સૂઝી. કોઈ સૂકું લાકડું પાણીથી દૂર પડયું હોય અને કોઈ માણસ તેના પર અરણિ ઘસીને અગ્નિ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરવા માંડે, તો તે અગ્નિ ઉત્પન્ન કરી શકશે કે નહિ ?

સચ્ચક : હા, હે ગોતમ, કારણ કે તે લાકડું તદ્દન સૂકું છે અને પાણીમાં પડેલું નથી.

ભગવાન : તે જ પ્રમાણે, હે અગ્ગિવેસ્સન, જે શ્રમણબ્રાહ્મણો કાયા અને ચિત્તવડે કામોપભોગોથી દૂર રહે છે અને જેમનાં મનના કામવિકાર તદ્દન નષ્ટ થાય છે, તેઓ શરીરને ખૂબ તકલીફ આપે કે ન આપે, તોપણ તેમને જ્ઞાનદષ્ટિ અને લોકોત્તર સંબોધ પ્રાપ્ત થવાની શકયતા છે.

આ ત્રણ ઉપમાઓ બોધિસત્ત્વને તપશ્ચર્યાનો પ્રારંભ કરતી વેળાએ સૂઝી. જે શ્રમણબ્રાહ્મણો યજ્ઞયાગાદિકોમાં જ સંતોષ માને છે, તેઓ એ સંજોગોમાં તપશ્ચર્યા કરીને શરીરને દુઃખ આપે, તોપણ તેમને તત્ત્વબોધ નહિ થાય. બીજા શ્રમણબ્રાહ્મણો યજ્ઞયાગનો માર્ગ મૂકીને જંગલમાં જઈને રહે, પણ જો તેમનાં અંતઃકરણના કામવિકાર નષ્ટ નહિ થયા હોય, તો તેમની તપશ્ચર્યામાંથી કશું નિષ્પન્ન નહિ થાય. ભીના લાકડાપર ઉત્તરામણિ ઘસીને અગ્નિ ઉત્પન્ન કરવાના પ્રયત્નની જેમ તેમનો પ્રયાસ પણ ફોકટ થશે. પણ કોઈ માણસ કામોપભોગોથી દૂર રહીને મનના કામવિકાર તદ્દન નષ્ટ કરી શકશે, તો તે દેહદંડ વિના તત્ત્વબોધ પ્રાપ્ત કરી શકશે.

## હઠયોગ

બોધિસત્ત્વને આ ઉપમાઓ સૂઝી, તેમ છતાંય તે સમયના શ્રમણવ્યવહારને અનુસરીને તીવ્ર તપશ્ચર્યા કરવાનો તેણે નિશ્ચય કર્યો. પહેલાં તેણે હઠયોગ પર ભાર મૂકયો. ભગવાન સચ્ચકને કહે છે, “ હે અગ્ગિવેસ્સન, હું જયારે દાંતપર દાંત દબાવી અને જીભને તાળવે

લગાડીને ચિત્તનું દમન કરતો, ત્યારે મારી બગલમાંથી પરસેવો છૂટતો. જેવી રીતે કોઈ બળવાન પુરુષ દુર્બલ માણસને ખભા આગળ કે માથા આગળ પકડીને દાબી રાખે, તેવી રીતે હું મારા ચિત્તને દાબતો હતો.

"હે અગ્ગિવેસ્સન, તે પછી આશ્વાસપ્રશ્વાસ રોકીને હું ધ્યાન કરવા માંડ્યો. તે વખતે મારા કાનમાંથી શ્વાસ નીકળવાનો અવાજ થવા લાગ્યો. લુહારની ધમણી ચાલે છે તેવો અવાજ મારા કાનમાંથી નીકળવા લાગ્યો. તેમ છતાંય, હે અગ્ગિવેસ્સન, હું આશ્વાસ-પ્રશ્વાસ અને કાન દબાવીને ધ્યાન કરવા માંડ્યો. તે વખતે તીક્ષ્ણ તરવારની અણીવડે મારું માથું કોઈ વીંધી રહ્યું છે, એવો મને ભાસ થવા લાગ્યો. તેમ છતાંય એજ પ્રકારનું ધ્યાન મેં આગળ ચલાવ્યું અને મારા માથાને ચામડાનો પટો વીંટાળીને કોઈ મજબૂત રીતે જકડી રાખતો હોય, એમ મને લાગવા માંડ્યું. તેમ છતાંય તેજ ધ્યાન મેં આગળ ચલાવ્યું. તેથી મારા ઉદરમાં વેદનાઓ જાગી. કસાઈ જેમ શસ્ત્રવડે ગાયનું પેટ કોતરે છે, તેવી રીતે મારું પેટ કોઈ કોતરે છે, એવું મને લાગ્યું. આ બધો વખત મારો ઉત્સાહ કાયમ હતો, સ્મૃતિ સ્થિર હતી, પણ શરીરની તાકાત ઘટી ગઈ. તેમ છતાંય એ બધી કષ્ટપ્રદ વેદનાઓ મારા ચિત્તને સ્પર્શી શકી નહિ."

ત્રીજા પ્રકરણમાં શ્રમણોની અનેકવિધ તપશ્ચર્યાઓ આપી છે. તેમાં હઠયોગનો સમાવેશ થયો નથી. તો પણ તે સમયમાં ઉપર મુજબ હઠયોગનો અભ્યાસ કરવાવાળા તપસ્વીઓ હતા, એમ માનવું પડે છે. નહિતર બોધિસત્ત્વે તેવી જાતના યોગનો અભ્યાસ આદર્યો ન હોત.

## ઉપવાસ

આ રીતે હઠયોગનો અભ્યાસ કરીને તેમાંય કાંઈ સાર નથી એમ જણાઈ આવવાથી બોધિસત્ત્વે ઉપવાસની શરૂઆત કરી. અન્નજળ સાવ મૂકી દેવાં તેને ઠીક લાગ્યું નહિ. પણ તેણે ખોરાક ખૂબ

ઓછો કરી નાખ્યો. ભગવાન સચ્ચકને કહે છે, ‘હે અગ્ગિવેસ્સન, હું થોડો થોડો ખોરાક લેવા માંડયો. મગનો ઉકાળો, કળથીનો ઉકાળો, વટાણાનો ઉકાળો અથવા ચણાનો ઉકાળો પીને જ હું રહેતો હતો. એ પણ ખૂબ જ ઓછા પ્રમાણમાં લેવાથી મારું શરીર ઘણું જ કૃશ થયું. મારાં અવયવોના સાંધા આસીતકવલ્લી કે કાલવલ્લીની ગાંઠો જેવા દેખાવા લાગ્યા. મારો કટિબંધ ઊંટના પગલા જેવો થઈ ગયો. મારી પીઠની કરોડ સૂતરની ચક્કરડીની માળા જેવી દેખાવા લાગી. ભાંગેલા ઘરની વળીઓ જેમ ઊંચીનીચી થાય છે, તેવી મારી પાંસળીઓ થઈ. ઊંડા કૂવામાં પડેલા નક્ષત્રોના પડછાયાની જેમ મારી કીકીઓ ઊંડી ગઈ. કાચું કોળું કાપીને તડકામાં નાખીએ તો જેવી રીતે કરમાઈ જાય છે, તેવી રીતે મારા માથાની ચામડી કરમાઈ ગઈ. હું પેટપર હાથ ફેરવું તો પીઠની કરોડ હાથમાં આવે અને પીઠની કરોડપર હાથ ફેરવું તો પેટની ચામડી હાથને અડે, એવી સ્થિતિ થઈ. ઝાડે ફરવા કે પેશાબ કરવા બેસું તો હું ત્યાં જ પડયો રહેતો. શરીરપર હાથ ફેરવતો ત્યારે મારા દુર્બળ થયેલા વાળ એની મેળે નીચે ખરી પડતા.”

## વિતર્કો ઉપર કાબૂ

બોધિસત્ત્વે સાત વર્ષ તપશ્ચર્યા કરી એવો ઉલ્લેખ અનેક જગ્યાએ મળે છે. આ સાત વર્ષમાં બોધિસત્ત્વ મુખ્યતઃ દેહદંડન કરતા હતા. તેમ છતાંય તેના મનમાં બીજા વિચારો આવતા ન હતા એમ નથી. ઉપર આપેલી ત્રણ ઉપમાઓ જોઈએ તોપણ એમ જણાય છે કે કામવિકાર પૂરેપૂરા નષ્ટ થયા વગર અનેકવિધ દેહદમનનો કશો જ ઉપયોગ નહિ થાય, એ વાત તેને બરાબર સમજાતી હતી. આ સિવાય બીજા સદ્‌વિચારો પણ તેના મનમાં આવતા હતા, એવું અનેક સુત્તોપરથી દેખાય છે. તેમાંના કેટલાક વિચારોનો અહીં ટૂંકામાં સંગ્રહ કરું છું.

મજ્ઝિમનિકાયના દ્વેધાવિતક્ક સુત્તમાં ભગવાન કહે છે: "ભિક્ષુઓ, મને સંબોધ પ્રાપ્ત થયો તે પહેલાં, હું બોધિસત્ત્વ હતો ત્યારે જ મારા મનમાં એવો વિચાર આવ્યો કે વિતર્કના બે ભાગ કરવા. તે મુજબ કામવિતર્ક (વિષયવિતર્ક), વ્યાપાદવિતર્ક (દ્વેષ-વિતર્ક) અને વિહિંસાવિતર્ક (બીજાને કે પોતાને તકલીફ આપવાનો વિતર્ક), એ ત્રણ વિતર્કોનો મેં એક ભાગ કર્યો; અને નૈષ્કર્મ્ય (એકાન્તવાસ), અવ્યાપાદ (મૈત્રી) અને અવિહિંસા (તકલીફ નહિ આપવાની બુદ્ધિ) એ ત્રણ વિતર્કોનો બીજો ભાગ કર્યો. તે પછી ખૂબ જ સાવધાનીથી અને જાગૃત રહીને હું વર્તવા લાગ્યો, ત્યારે પહેલા ત્રણ વિતર્કોમાંથી એકાદ વિતર્ક મારા મનમાં ઉત્પન્ન થતો. તે વખતે હું વિચારતો કે મારા મનમાં આ ખરાબ વિતર્ક ઉત્પન્ન થયો છે. તે મારા દુઃખને, બીજાના દુઃખને કે બન્નેનાં દુઃખના કારણરૂપ થશે, પ્રજ્ઞાનો નિરોધ કરશે, અને નિર્વાણને પહોંચવા નહિ દે. આ વિચારથી પેલો વિતર્ક મારા મનમાંથી નીકળી જતો.

"હે ભિક્ષુઓ, શરદઋતુમાં બધે ખેતરોમાં પાક તૈયાર થયા હોય ત્યારે ગોવાળ ઢોરોનું ખૂબ સંભાળથી રક્ષણ કરે છે અને લાકડીથી મારીને પણ તેમને ખેતરોથી દૂર રાખે છે. કારણ કે તેમ નહિ કરે તો ઢોર બીજાનાં ખેતરોમાં ઘૂસી જશે અને પોતાને દંડ ભરવો પડશે. તેવી રીતે કામ, વ્યાપાદ, વિહિંસા વગેરે અકુશલ મનોવૃત્તિઓ ભયાવહ છે એ મેં જાણ્યું.

"તે વખતે હું ખૂબ સાવધાનીથી અને ઉત્સાહથી વર્તતો હતો, ત્યારે મારા મનમાં નૈષ્કર્મ્ય, અવ્યાપાદ અને અવિહિંસા એ ત્રણ વિતર્કોમાંથી એકાદ વિતર્ક ઉત્પન્ન થતો. તે વખતે હું એવો વિચાર કરતો હતો કે આ કુશલ વિતર્ક મારા મનમાં ઉત્પન્ન થયો છે, તે પોતાને, બીજાને કે બંનેને દુઃખ આપવાવાળો નથી, પ્રજ્ઞાની અભિવૃદ્ધિ કરવાવાળો અને નિર્વાણને પહોંચાડનાર છે. તેનું આખી રાત કે આખો દિવસ ચિંતન કરીએ તોપણ તેનાથી

કશો ડર નથી. તેમ છતાંય લાંબો વખત ચિંતન કરવાથી મારો દેહ શ્રાંત થશે અને મારું ચિત્ત સ્થિર નહિ રહે, અને અસ્થિર ચિત્તને સમાધિ તો ક્યાંથી જ મળે? તેથી (થોડા વખત પછી) હું મારું ચિત્ત અંદરના ઊંડાણમાં જ સ્થિર કરતો......ઉનાળાને અન્તે લોકો પાક ઘેર લઈ જાય ત્યારે ગોવાળ ઢોરોને નિરાંતે છૂટાં મૂકી દે છે. તે ઝાડ નીચે હોય કે ખુલ્લી જગ્યામાં હોય, ગાયપર નજર રાખવા સિવાય એ બીજું કશું કરતો નથી. તેવી રીતે નૈષ્કર્મ્યાદિક કુશલ વિતર્ક ઉત્પન્ન થાય, ત્યારે એ કુશલ ધર્મો છે, એટલું જ હું યાદ રાખતો હતો. (તેમનો નિગ્રહ કરવાનો પ્રયત્ન કરતો ન હતો.)"

## નિર્ભયતા

કુશલ વિતર્કોની મદદથી અકુશલ વિતર્કોપર વિજય મેળવ્યો હોવા છતાં જ્યાં સુધી ધાર્મિક માણસના મનમાં નિર્ભયતા ઉત્પન્ન થતી નથી, ત્યાં સુધી તેને તત્ત્વબોધ થવો અશક્ય છે. ધાડપાડુઓ કે સૈનિકો પોતાના વિરોધીઓ ઉપર સાહસપૂર્વક તૂટી પડે છે, પણ તેમનામાં નિર્ભયતા થોડી જ હોય છે! તેઓ શસ્ત્રાસ્ત્રોવડે ગમે તેટલા સજ્જ હોય તેમ છતાંય તેઓ ભયભીત હોય છે; પોતાના શત્રુઓ પોતાની ઉપર ક્યારે હુમલો કરશે તે કહી શકાય નહિ, એવું એમને લાગ્યા કરે છે તેથી તેમની નિર્ભયતા એ સાચી નિર્ભયતા નથી. અધ્યાત્મમાર્ગવડે જે નિર્ભયતા મળે છે તે જ સાચી નિર્ભયતા છે. એવી નિર્ભયતા બોધિસત્ત્વ કેવી રીતે પામી શક્યા તે નીચેના ઉતારાપરથી જણાશે.

ભગવાન બુદ્ધ જાનુશ્રેણી બ્રાહ્મણને કહે છે, "હે બ્રાહ્મણ, જ્યારે મને સંબોધ પ્રાપ્ત થયો નહોતો અને હું કેવળ બોધિસત્ત્વ જ હતો, ત્યારે મને એમ લાગ્યું કે જે શ્રમણો કે બ્રાહ્મણો પરિશુદ્ધ કાયકર્મો આચર્યા વિના અરણ્યમાં રહે છે, તેઓ આ દોષને લીધે ભયભૈરવને નોતરું આપે છે. પણ મારાં કર્મો પરિશુદ્ધ છે,

પરિશુદ્ધ કાયકર્મો કરવાવાળા જે સજ્જનો (આર્યો) અરણ્યમાં રહે છે, તેમાંનો હું એક છું, એવું જ્યારે મને જણાયું, ત્યારે અરણ્યવાસમાં મને અત્યંત નિર્ભયતા જણાઈ. બીજા કેટલાક શ્રમણો કે બ્રાહ્મણો અપરિશુદ્ધ વાચસિક કર્મોનું આચરણ કરતાં કરતાં અપરિ-શુદ્ધ માનસિક કર્મોનું આચરણ કરતા કરતા, અપરિશુદ્ધ આજીવિકા (ઉપજીવિકા) કરતા હોય છે અને અરણ્યમાં રહે છે, તેઓ આ દોષોને લીધે ભયભૈરવને નોતરે છે. પણ મારાં વાચસિક અને માનસિક કર્મો તેમજ ઉપજીવિકા પરિશુદ્ધ છે. જે સજ્જનોનાં આ બધાં કર્મો પરિશુદ્ધ છે તેમાંનો હું એક છું, એમ જાણ્યા પછી અરણ્યવાસમાં મને અત્યંત નિર્ભયતા જણાઈ.

"હે બ્રાહ્મણ, જે બ્રાહ્મણો કે શ્રમણો લોભી, પ્રદુષ્ટચિત્ત, આળસુ, ભ્રાન્તચિત્ત કે સંશયગ્રસ્ત થઈને અરણ્યમાં રહે છે, તેઓ આ દોષોને લીધે ભયભૈરવને નોતરું આપે છે. પણ મારું ચિત્ત કામવિકારોથી અલિપ્ત છે. દ્વેષથી મુક્ત છે (એટલે બધા પ્રાણીઓ વિષે મારા મનમાં મૈત્રી વસે છે). મારું મન ઉત્સાહપૂર્ણ, સ્થિર અને નિ:શંક છે. એવા ગુણોવડે યુક્ત જે સજ્જનો અરણ્યમાં રહે છે, તેમાંનો હું એક છું, એમ જણાયું ત્યારે મને અરણ્યમાં અત્યંત નિર્ભયતા લાગી.

"હે બ્રાહ્મણ, જે શ્રમણો કે બ્રાહ્મણો આત્મસ્તુતિ અને પરનિંદા કરે છે, ડરપોક હોય છે, માનની ઇચ્છાનો લોભ રાખીને અરણ્યમાં રહે છે…અથવા જડબુદ્ધિ હોય છે, તેઓ આ દોષોને લીધે ભયભૈરવને નોતરું આપે છે. પણ મારામાં આ દુર્ગુણો નથી, હું આત્મસ્તુતિ કે પરનિંદા કરતો નથી, હું ડરપોક નથી, મને માનની ઇચ્છા નથી.…અને હું પ્રજ્ઞાવાન છું. જે સજ્જનો એવા ગુણોથી યુક્ત થઈને અરણ્યમાં રહે છે, તેમાંનો હું એક છું એવું જણાવાથી મને અરણ્યવાસમાં અત્યંત નિર્ભયતા લાગી.

"હે બ્રાહ્મણ, ચતુર્દશી, પૂર્ણિમા, અમાવાસ્યા અને અષ્ટમીની રાત્રિઓ (ભયને માટે) જાણીતી છે. તે રાત્રિએ જે ઉદ્યાનમાં,

અરણ્યમાં કે વૃક્ષ નીચે લોકો દેવતાઓને બલિદાન આપે છે અથવા જે સ્થાનો અત્યંત ભયંકર છે એમ ગણે છે, તે સ્થાનોમાં હું (એકાકી) રહેતો હતો; કારણ કે ભયભૈરવ કેવું હોય છે તે જોવાની મારી ઇચ્છા હતી. એવી જગ્યાએ હું રહેતો હતો ત્યારે કોઈક હરણ તે બાજુએ થઈને જતું, કોઈક મોર સૂકું લાકડું નીચે પાડતો, અથવા વૃક્ષનાં પાંદડાં પવનથી હલી ઊઠતાં. આવે પ્રસંગે મને લાગતું કે ભયભૈરવ તે આ જ છે. પછી હું કહેતો કે ભયભૈરવની ઇચ્છા રાખીને જ હું આ જગ્યાએ આવ્યો છું, તેથી આ સ્થિતિમાં હું છું ત્યારે જ મારે તેનો નાશ કરવો જોઈએ. હું ચાલતો હોઉં ત્યારે એ ભયભૈરવ આવે તો ચાલતાં ચાલતાં જ હું તેનો નાશ કરતો. જ્યાં સુધી તેનો નાશ નહિ થાય ત્યાં સુધી હું ઊભો રહેતો નહિ, બેસતો નહિ કે પથારીપર સૂતો નહિ. જો પેલો ભયભૈરવ હું ઊભો હોઉં ત્યારે આવે તો ઊભો હોઉં ત્યારે જ હું તેનો નાશ કરતો. જ્યાં સુધી તેનો નાશ નહિ થાય ત્યાં સુધી હું ચાલતો નહિ, બેસતો નહિ, કે પથારીપર સૂતો નહિ. હું બેઠો હોઉં ત્યારે ભયભૈરવ આવે તો હું સૂતો નહિ, ઊભો રહેતો નહિ, કે ચાલતો નહિ. બેઠો બેઠો જ હું તેનો નાશ કરતો. પથારીપર પડચો હોઉં ત્યારે તે આવે તો હું બેસતો નહિ, ઊભો રહેતો નહિ કે ચાલતો નહિ; પથારીપર પડચો પડચો જ હું તેનો નાશ કરતો.''

## રાજયોગ

બોધિસત્ત્વ કેવળ હઠયોગ અને તપશ્ચર્યાઓમાં જ પોતાનો બધો સમય વિતાડતા હતા એમ નથી. તેમ કરવું કોઈ પણ તપસ્વીઓ માટે શક્ય ન હતું. વચ્ચે વચ્ચે તેમને સારો ખોરાક લેવો પડતો. શરીરમાં થોડી શક્તિ આવે એટલે ફરી પાછા તેઓ ઉપવાસાદિકો વડે દેહદમન કરતા. બોધિસત્ત્વે સાત વર્ષના કાળમાં મુખ્યત્વે તપશ્ચર્યા કરી હોવા છતાં, વચ્ચે વચ્ચે તે સારો ખોરાક લેતા હતા અને શાંત સમાધિનો પણ અનુભવ કરતા હતા, એમાં શંકા નથી.

હઠયોગ મૂકીને પોતે આનાપાનસ્મૃતિસમાધિની ભાવના કેવી રીતે કરતા હતા, તે ભગવાન બુદ્ધે આનાપાનસંયુત્તના પહેલા વગ્ગના આઠમા સુત્તમાં કહ્યું છે:—

ભગવાન કહે છે, "હે ભિક્ષુઓ, આનાપાનસ્મૃતિસમાધિની ભાવના કરવાથી ભારે ફાયદો થાય છે. તેની ભાવના કેવી રીતે કરવાથી ફાયદો થાય છે? કોઈ ભિક્ષુ અરણ્યમાં વૃક્ષની નીચે કે બીજી કોઈ એકાન્ત જગ્યાએ આસન બાંધી બેસી જાય છે. તે દીર્ઘ આશ્વાસ લેતો હોય ત્યારે પોતે દીર્ઘ આશ્વાસ લે છે એમ જાણે છે. દીર્ઘ પ્રશ્વાસ છોડતો હોય ત્યારે પોતે દીર્ઘ પ્રશ્વાસ છોડે છે તેમ જાણે છે; હ્રસ્વ શ્વાસ લેતો હોય, ઇત્યાદિ*.........આ રીતે આનાપાન સ્મૃતિસમાધિની ભાવના કરી હોય તો ઘણો લાભ થાય છે. હે ભિક્ષુઓ, હું પણ સંબોધિજ્ઞાન થતાં પહેલાં બોધિસત્ત્વની અવસ્થામાં હતો ત્યારે ઘણે ભાગે આ જ ભાવના કરતો હતો. તેને લઈને મારા શરીરને અને મારી આંખોને નુકસાન થતું ન હતું અને મારું ચિત્ત પાપવિચારોથી મુક્ત થતું હતું."

આ ઉપરથી સ્પષ્ટ થશે કે બોધિસત્ત્વ આખો વખત હઠયોગ આચરતા ન હતા. વચ્ચે વચ્ચે તે શાંત રાજયોગનો અભ્યાસ કરતા હતા અને તેનાથી તેને સમાધાન પ્રાપ્ત થતું હતું.

## ધ્યાનમાર્ગનો સ્વીકાર

આવી રીતે ઉપવાસ અને આહારસેવન, હઠયોગ અને રાજયોગ—એની વચ્ચે ઝોલા ખાતાં ખાતાં અન્તે બોધિસત્ત્વે મનમાં અચાનક એવો નિશ્ચય કર્યો કે તપશ્ચર્યા સાચે જ નિરર્થક છે. તેના વગર મોક્ષ મેળવવો શક્ય છે. તેથી તપશ્ચર્યા છોડી તેમણે ફરી પૂર્ણ રીતે ધ્યાનમાર્ગનું અવલંબન કેવી રીતે કર્યું, એનું ટૂંકું વર્ણન મહાસચ્ચકસુત્તમાં કર્યું છે.

*વધુ માહિતી માટે સમાધિમાર્ગ પૃ. ૩૮–૪૮ જુઓ.

ભગવાન સચ્ચકને કહે છે, "હે અગ્ગિવેસ્સન, મારા શાક્ય પિતાના ખેતરમાં કામ ચાલતું હતું ત્યારે જંબુવૃક્ષની શીતળ છાયામાં બેસીને પ્રથમ ધ્યાન પ્રાપ્ત કરી લીધાનું મને સ્મરણ થયું અને તે સ્મરણને અનુસરીને મારી એવી માન્યતા થઈ કે બોધનો માર્ગ એ જ હોવો જોઈએ. અને જે સુખ મોજશોખના પદાર્થોના ઉપભોગ વિના અને અકુશલ વિચારોમાંથી મળે છે, તે સુખથી મારે શા માટે ડરવું?

આવો વિચાર મારા મનમાં જાગ્યો અને તે પછી આ સુખથી હું કદી નહિ ડરું એવો નિશ્ચય મેં કર્યો. પરંતુ તે સુખ ખૂબ જ કૃશ થયેલા શરીરવડે મેળવી શકાય તેવું નહોતું. તેથી થોડો થોડો આહાર લેવાનો વિચાર કરીને હું તેમ કરવા લાગ્યો. તે વખતે પાંચ ભિક્ષુઓ મારી સેવા કરતા હતા; કારણ કે તેઓને એમ લાગતું હતું કે, મને જે ધર્મનો બોધ થશે તે હું તેમને શીખવીશ. પણ જ્યારે મેં ખોરાક લેવા માંડ્યો (તપશ્ચર્યા છોડી દીધી) ત્યારે આ ગોતમ તપશ્ચર્યાથી ભ્રષ્ટ થઈને ખાનપાન તરફ વળ્યો છે, એમ લાગવાથી તે પાંચ ભિક્ષુઓ મારાથી કંટાળીને ચાલ્યા ગયા."

તોપણ બોધિસત્ત્વનો નિશ્ચય ચળ્યો નહિ. તપશ્ચર્યાનો માર્ગ છોડીને સાદા ધ્યાનમાર્ગ વડે જ તત્ત્વબોધ પ્રાપ્ત કરવો જોઈએ, એ બાબત વિષે એમની ખાતરી થઈ.

### મારયુદ્ધ

આ પ્રસંગે બોધિસત્ત્વ સાથે મારે યુદ્ધ કર્યાનું કાવ્યાત્મક વર્ણન બુદ્ધચરિતાદિ ગ્રંથોમાં મળી આવે છે. તેનું મૂળ સુત્તનિપાતના પધાન-સુત્તમાં છે. તે સુત્તનો અનુવાદ અહીં આપું છું:--

(૧) નૈરંજન નદીને કાંઠે તપશ્ચર્યાની શરૂઆત કરીને નિર્વાણ-પ્રાપ્તિ માટે મોટા ઉત્સાહથી હું ધ્યાન કરતો હતો ત્યારે—

(૨) માર કરુણસ્વર કાઢતો મારી પાસે આવ્યો. (તે બોલ્યો) તું કૃશ અને દુર્વર્ણ છે. મરણ તારી પાસે છે.

(૩) સેંકડે નવાણુ ટકા તું મરવાનો છે. તારું એક ટકો જીવન બાકી છે. ભલા માણસ, તું જીવ. જીવવું શ્રેષ્ઠ છે; તું જીવીશ તો પુણ્યકર્મ કરીશ.

(૪) બ્રહ્મચર્ય પાળીશ અને અગ્નિહોત્રની પૂજા કરીશ તો ઘણા પુણ્યનો સંચય થશે. આ નિર્વાણ માટેની ખટપટ શા માટે કરવી જોઈએ ?

(૫) નિર્વાણનો માર્ગ ખૂબ મુશ્કેલ અને દુર્ગમ છે. આ ગાથાઓ બોલીને માર બુદ્ધની પાસે ઊભો રહ્યો.

(૬) આમ બોલનાર મારને ભગવાને કહ્યું: હે બેદરકાર માણસના દોસ્ત, હે પાપી, તું અહીં શા માટે આવ્યો છે ( તે હું જાણું છું. )

(૭) તેવા પુણ્યની મને મુદ્દલે જરૂર નથી. જેને પુણ્યની જરૂર હશે તેને માર આ ચીજો ભલે કહે.

(૮) મારામાં શ્રદ્ધા છે, વીર્ય છે અને પ્રજ્ઞા પણ છે. આ રીતે હું મારા ધ્યેયમાં મારું ચિત્ત પરોવું છું ત્યારે તું મને જીવવાનો ઉપદેશ શા માટે કરે છે ?

(૯) આ પવન નદીના પ્રવાહને પણ સૂકવી શકશે. પણ ધ્યેયમાં ચિત્ત પરોવનાર (પ્રેષિતાત્મા) મારું લોહી તે સૂકવી શકશે નહિ.

(૧૦) ( પણ મારા જ પ્રયત્નથી ) લોહી શોષાઈ જાય તો તેની સાથે મારાં પિત્ત અને શ્લેષ્મ એ વિકારો પણ સુકાશે; અને મારું માંસ ક્ષીણ થશે છતાં મારું ચિત્ત વધારે પ્રસન્ન બનીને સ્મૃતિ, પ્રજ્ઞા અને સમાધિ ઉત્તરોત્તર વધશે.

(૧૧) આ રીતે જીવવાથી ઉત્તમ સુખનો લાભ થતાં મારું ચિત્ત કામોપભોગ તરફ વળતું નથી. આ મારી આત્મશુદ્ધિ જો.

(૧૨) ( હે માર, ) કામોપભોગો એ તારી પહેલી સેના છે: અરતિ એ બીજી, ભૂખ અને તરસ એ ત્રીજી અને તૃષ્ણા તારી ચોથી સેના છે.

(૧૩) પાંચમી આળસ, છઠ્ઠી ભીતિ, સાતમી કુશંકા, આઠમી અભિમાન ( અથવા ગર્વ ),

(૧૪) લાભ, સત્કાર, પૂજા ( એ નવમી ), અને ખોટે માર્ગે મેળવેલી કીર્તિ (એ દસમી), જેના વડે માણસ આત્મસ્તુતિ અને પર-નિંદા કરે છે.

(૧૫) હે કાળા નમુચિ, (લોકોપર) પ્રહાર કરવાવાળી આ તારી સેના છે. બીકણુ માણુસ તને જીતી શકતો નથી. જે તેને જીતે છે, તેને જ સુખ પ્રાપ્ત થાય છે.

(૧૬) હું મારા શિર પર આ મુંજ ઘાસ* ધારણુ કરું છું. જો મારો પરાજય થશે, તો મારું જીવતર વ્યર્થ થશે. પરાજય પામીને જીવવા કરતાં સંગ્રામમાં મૃત્યુ આવે તે વધુ સારું.

(૧૭) કેટલાક શ્રમણુબ્રાહ્મણો તારી સેનામાં જોડાવાથી પ્રકાશ પામતા નથી, અને જે માર્ગે સાધુપુરુષ જાય છે તે માર્ગને તેઓ જાણુતા નથી.

(૧૮) ચારે બાજુએ મારસેના દેખાય છે અને માર પોતાનાં વાહનો સાથે સજ્જ થયો છે. તેની સાથે યુદ્ધ કરવા માટે હું આગળ ધપું છું, તેથી તે મને સ્થાનભ્રષ્ટ નહિ કરી શકે.

(૧૯) દેવો અને માણુસો તારી સેના આગળ ઊભા રહી શકતા નથી. પત્થર વડે માટીનું વાસણુ ફોડી નાખીએ, તેમ હું મારી પ્રજ્ઞા વડે તારી તે સેનાનો પરાભવ કરું છું.

(૨૦) સંકલ્પોને કાબૂમાં રાખીને અને સ્મૃતિ જાગ્રત કરીને અનેક શ્રાવકોને ઉપદેશ કરતો હું દેશવિદેશમાં ફરીશ.

(૨૧) તેઓ (શ્રાવકો) મારા ઉપદેશને અનુસરીને સાવધાનતાથી ચાલીને અને પોતાના ધ્યેય પર ચિત્ત એકાગ્ર કરીને તારી ઇચ્છાની વિરુદ્ધ એવું પદ પામશે કે જ્યાં શોક કરવાનો પ્રસંગ જ નહિ આવે.

* સંગ્રામમાંથી હાર ખાઈને પાછું ફરવું નહિ, એ માટે મુંજ નામનું ઘાસ માથે બાંધીને પ્રતિજ્ઞા કરતા હતા.

(૨૨) (માર બોલ્યો,) સાત વર્ષ સુધી ભગવાનની પાછળ પાછળ ફર્યો; પણ સ્મૃતિમાન બુદ્ધનું કશું જ છિદ્ર હાથમાં આવ્યું નહિ.

(૨૩) અહીં કોઈ નરમ ચીજ મળશે, કોઈ મીઠી ચીજ મળશે, એવી આશાથી કાગડો મેદવર્ણ પાષાણની પાસે આવ્યો.

(૨૪) પણ તેને કશો લાભ નહિ દેખાવાથી કાગડો ત્યાંથી નીકળી ગયો. તે કાગડાની જેમ હું પણ ગોતમ પાસેથી નિવૃત્ત થઈને નીકળી જાઉં છું!

(૨૫) આ રીતે માર શોક કરતો હતો ત્યાં તેની બગલમાંથી વીણા નીચે પડી; અને તે દુઃખી માર ત્યાં જ અલોપ થઈ ગયો.

આ સુત્તનું ભાષાંતર લલિતવિસ્તરના અઢારમા અધ્યાયમાં આવ્યું છે. તે પરથી તેનું પ્રાચીનત્વ સિદ્ધ થાય છે. ઉપર આપેલ ભયભેરવસુત્તનો સારાંશ વાંચીએ તો આ સાદા રૂપકનો અર્થ સહેજે સમજાશે. માનવજાતિના કલ્યાણ માટે કોઈ આગળ ધપે ત્યારે તેના પર પહેલો હુમલો કરનારી મારસેના એટલે કામોપભોગની વાસના. તેને દબાવીને માણસ આગળ પગલું માંડે છે ત્યાં (અરતિ) અસંતોષ ઉત્પન્ન થાય છે. તે પછી ભૂખ, તરસ ઇત્યાદિ એક પછી એક ઉપસ્થિત થાય છે અને એ બધી વાસનાઓ અને વિકારો પર વિજય મેળવ્યા વિના કલ્યાણપ્રદ તત્ત્વનો સાક્ષાત્કાર થવો ક્યારેય સંભવતો નથી. તેથી બુદ્ધે મારનો પરાજય કર્યો એનો અર્થ તેણે આવી મનોવૃત્તિઓ ઉપર વિજય મેળવ્યો એવો સમજવો.

## સુજાતાએ આપેલી ભિક્ષા

બોધિસત્ત્વને વૈશાખની પૂનમની રાત્રે સંબોધિજ્ઞાન થયું. તે દિવસે બપોરે સુજાતા નામની કુલીન જુવાન સ્ત્રીએ તેને ઉત્તમ અન્નની ભિક્ષા આપી. આનો ઉલ્લેખ સુત્તપિટકમાં ભાગ્યે જ મળે છે.* અને આ પ્રસંગ સિવાય સુજાતાનું નામ બીજે ક્યાંય આવેલું જણાતું નથી.

* અંગુત્તરનિકાય એકકનિપાત, ‘બૌદ્ધસંઘનો પરિચય’, પૃ. ૨૩૯ જુઓ.

તોપણ બૌદ્ધ ચિત્રકળામાં સુજાતાને ઉત્તમ સ્થાન મળ્યું છે અને બુદ્ધની દૃષ્ટિએ પણ આ પ્રસંગ ચિરસ્મરણીય બન્યો. ચુંદ લુહારે આપેલી ભિક્ષા ગ્રહણ કરીને ભગવાન માંદા થયા. તેમાં પોતાનું પરિનિર્વાણ થવાનું છે એમ તેમને જણાયું. અને પોતાની પાછળ ચુંદને લોકો દોષ ન આપે એટલા ખાતર ભગવાને આનંદને કહ્યું, 'જે દિવસે મને સંબોધિજ્ઞાન પ્રાપ્ત થયું તે દિવસે મળેલી અને આજે મળેલી ભિક્ષાઓ સમાન છે, એવું તમે ચુંદને કહેજો અને તેનું સાંત્વન કરજો.'

## બોધિવૃક્ષની નીચે આસન

સુજાતાએ આપેલી ભિક્ષા લઈને બોધિસત્ત્વે નૈરંજરા નદીને કાંઠે ભોજન કર્યું. અને તે રાત્રિએ તે એક પીપળાના ઝાડની નીચે આવીને બેઠા. આ વૃક્ષ હાલ અસ્તિત્વમાં નથી. શશાંક રાજાએ તેનો વિધ્વંસ કર્યો એમ કહેવાય છે. પણ તેજ જગ્યાએ વાવેલો પીપળો છે અને તેની જ પડખે બુદ્ધગયાનું પ્રસિદ્ધ મંદિર છે. તે વૃક્ષની નીચે બોધિસત્ત્વ બેઠા ત્યારે ફરી એકવાર લલિતવિસ્તરમાં મારયુદ્ધનો પ્રસંગ વર્ણવ્યો છે. મારે બુદ્ધને મોહિત કરવા માટે બોધિવૃક્ષની નીચે ( તે પીપળાની નીચે ) તૃષ્ણા, અરતિ અને રગા નામની પોતાની ત્રણ દીકરીઓને મોકલી આપી એવું વર્ણન સંયુત્તનિકાયના સગાથાવગ્ગમાં મળે છે. આ પ્રસંગે મારસેનાએ બુદ્ધ પર ચારે બાજુએથી કેવો હુમલો કર્યો તેનું સવિસ્તર વર્ણન જાતકની નિદાનકથામાં આપ્યું છે. મારનું સૈન્ય જોઈને બ્રહ્માદિક દેવો ભાગી જાય છે, ફક્ત એકલા બોધિસત્ત્વ જ રહે છે. પછી આ સ્થળ મારું છે એમ કહીને માર બુદ્ધને ત્યાંથી ઊઠી જવાનું કહે છે અને તે જગ્યા ઉપર પોતાનો હક સાબિત કરવા માટે મારસેનાની સાક્ષી આપે છે. બધા દેવો નાસી ગયેલા હોવાથી તે પ્રસંગે બુદ્ધને કોઈ જ સાક્ષી મળતો નથી. ત્યારે બુદ્ધ જમણો હાથ નીચે કરીને આ સર્વંસહા વસુંધરા સાક્ષી છે એમ કહે છે. અને પૃથ્વી દેવતા વિરાટ સ્વરૂપ ધારણ કરીને મારસેનાનો પરાજય કરે છે, ઇત્યાદિ પુરાણમય વર્ણન જાતક—અટ્ઠકથાકારે કર્યું છે.

બૌદ્ધ ચિત્રકળામાં ચિત્રકારોએ આ પ્રસંગ ખૂબ સરસ રીતે ચીતર્યો છે. લોભ, દ્વેષ, મોહ, મદ, મત્સર ઇત્યાદિ દુષ્ટ મનોવૃત્તિઓને મૂર્તિમંત સ્વરૂપ આપવાનો એમનો પ્રયત્ન વખાણવા જેવો છે. પહેલાં કવિએ આ પ્રસંગનું વર્ણન કર્યું અને તેને અનુસરીને ચિત્રકારોએ તેને મૂર્ત સ્વરૂપ આપવાનો પ્રયત્ન કર્યો, કે ચિત્રકારોએ આ પ્રસંગ ચીતર્યા પછી તેને અનુસરીને કવિઓએ તેનું વર્ણન કર્યું, એ કહી શકાય તેમ નથી. તે ગમે તેમ હોય તોપણ એ વાત સાચી છે, કે ઉપર વર્ણવેલી મારસેનાને મૂર્તસ્વરૂપ આપવાનો જ આ પ્રયત્ન છે.

## તત્ત્વબોધ

તે વૈશાખી પૂર્ણિમાની રાત્રે બોધિસત્ત્વને તત્ત્વબોધ થયો; અને ત્યારથી તેને બુદ્ધ કહે છે. એટલે તે સમય સુધી ગોતમ બોધિસત્ત્વ હતા; તે તે દિવસથી ગોતમ બુદ્ધ થયા. બુદ્ધને જે તત્ત્વબોધ થયો તેમાં ચાર આર્યસત્યો અને તેની અંદર આવતા અષ્ટાંગિક માર્ગનો સમાવેશ થાય છે. તેનો પહેલવહેલો ઉપદેશ તેમણે પોતાની સાથે રહેતા પાંચ સાથીઓને કર્યો. (આ પ્રસંગ આ પછી આવવાનો છે, તેથી તેનું વિવરણ અહીં કરતો નથી.)

## વિમુત્તિસુખનો આસ્વાદ

તત્ત્વબોધ થયા પછી ભગવાન બુદ્ધ તે જ બોધિવૃક્ષની નીચે સાત દિવસ બેસીને વિમુત્તિસુખનો આસ્વાદ લેતા હતા; અને તે પ્રસંગે રાત્રિના ત્રણ યામોમાં તેમણે નીચે આપેલો પ્રતીત્યસમુત્પાદ અવળોસવળો મનમાં આણ્યો, એવું મહાવગ્ગમાં કહ્યું છે. પણ સંયુત્તનિકાયના બે સુત્તોમાં બુદ્ધે પોતે બોધિસત્ત્વની અવસ્થામાં હતા ત્યારે જ તેમણે આ પ્રતીત્યસમુત્પાદ જાણ્યો એવું કહ્યું છે.* તે સુત્તોનો મહાવગ્ગના સારાંશ સાથે મેળ બેસતો નથી. મહાવગ્ગ લખાયો તે વખતે આ પ્રતીત્યસમુત્પાદને ભારે મહત્ત્વ પ્રાપ્ત થયું હતું એમ લાગે છે. નાગાર્જુન જેવા મહાયાનપંથના

* નિદાનવગ્ગસંયુત્ત, સુત્ત ૧૦ અને ૬૫ જુઓ.

આચાર્યોએ તો આ પ્રતીત્યસમુત્પાદને પોતાના તત્ત્વજ્ઞાનનો આધારભૂત પાયો બનાવી દીધો.*

## પ્રતીત્યસમુત્પાદ

એ પ્રતીત્યસમુત્પાદનું વર્ણન ટૂંકામાં નીચે મુજબ છે:—

અવિદ્યામાંથી સંસ્કાર, સંસ્કારમાંથી વિજ્ઞાન, વિજ્ઞાનમાંથી નામરૂપ, નામરૂપમાંથી ષડાયતન, ષડાયતનમાંથી સ્પર્શ, સ્પર્શમાંથી વેદના, વેદનામાંથી તૃષ્ણા, તૃષ્ણામાંથી ઉપાદાન, ઉપાદાનમાથી ભવ, ભવમાંથી જાતિ (જન્મ) અને જાતિમાંથી જરા, મરણ, શોક, પરિદેવન, દુઃખ, દૌર્મનસ્ય, ઉપાયાસ એ બધાં પેદાં થાય છે.

પૂર્ણ વૈરાગ્યવડે અવિદ્યાનો નિરોધ કરવાથી સંસ્કારોનો નિરોધ થાય છે. સંસ્કારોના નિરોધથી વિજ્ઞાનનો નિરોધ થાય છે. વિજ્ઞાનના નિરોધથી નામરૂપનો નિરોધ થાય છે. નામરૂપના નિરોધથી ષડાયતનનો નિરોધ, ષડાયતનના નિરોધથી સ્પર્શનો નિરોધ, સ્પર્શના નિરોધથી વેદનાનો નિરોધ, વેદનાના નિરોધથી તૃષ્ણાનો નિરોધ, તૃષ્ણાના નિરોધથી ઉપાદાનનો નિરોધ, ઉપાદાનના નિરોધથી ભવનો નિરોધ, ભવના નિરોધથી જન્મનો નિરોધ, જન્મના નિરોધથી જરા, મરણ, શોક, પરિદેવન, દુઃખ, દૌર્મનસ્ય, ઉપાયાસ એ બધાંનો નિરોધ થાય છે.

દુઃખની પાછળ આવી બધી કારણપરંપરા જોડી દેવાથી તે સામાન્ય જનતાને સમજવું ઘણું મુશ્કેલ બન્યું. વખત જતાં આ પ્રતીત્યસમુત્પાદને ગહન તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ પ્રાપ્ત થયું, અને તેના વિષે જ વાદવિવાદ થવા લાગ્યા. નાગાર્જુનાચાર્યે પોતાની માધ્યમિકકારિકા આ પ્રતીત્યસમુત્પાદના પાયા ઉપર જ રચી છે; અને બુદ્ધઘોષાચાર્યે વિશુદ્ધિ માર્ગનો એક ષષ્ઠાંશ ભાગ ( લગભગ સો સવાસો પાનાં ) આના વિવેચનમાં ખર્ચ્યો છે. આ બધી ચર્ચા વાંચ્યા પછી વિદ્વાન માણસ પણ ગોટાળામાં પડે છે, તો પછી સામાન્ય જનતાને આ તત્ત્વજ્ઞાન

* માધ્યમકકારિકાનો આરંભ જુઓ.

કેવી રીતે સમજાય ? ભગવાન બુદ્ધનો ધર્મ બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે ઉચ્ચ વર્ણોના લોકો કરતાં નીચલા વર્ગના લોકોમાં વધુ ફેલાયો; તે આવા ગહન તત્ત્વજ્ઞાનને લીધે નહિ. ચાર આર્ય સત્યોનું તત્ત્વજ્ઞાન એકદમ સાદું છે. તે બધી જાતના લોકોને ગળે ઊતર્યું એમાં જરા પણ નવાઈ નથી. તેનો વિચાર થોડા જ વખતમાં કરવામાં આવશે.

## બ્રહ્મદેવની વિનંતિ

તત્ત્વબોધ થયા પછી ભગવાન બુદ્ધે એક અઠવાડિયું બોધિવૃક્ષની નીચે ( એટલે તે પીંપળાની નીચે ) વિતાડયું એવું ઉપર કહ્યું છે. આ પછી બીજું અઠવાડિયું અજપાલ ન્યગ્રોધ વૃક્ષની નીચે, ત્રીજું અઠવાડિયું મુચલિંદ વૃક્ષની નીચે, અને ચોથું અઠવાડિયું રાજાયતન વૃક્ષની નીચે વિતાવીને ભગવાન બુદ્ધ ફરી અજપાલ વૃક્ષની નીચે આવ્યા. ત્યાં તેમના મનમાં વિચાર આવ્યો, કે આ ધર્મ હું અત્યંત કષ્ટપૂર્વક સમજ્યો છું. તેથી લોકોને તે ઉપદેશીને વધુ તકલીફ આપવી ઠીક નથી. આ વિચાર બ્રહ્મદેવે જાણ્યો ત્યારે તેણે ધર્મોપદેશ કરવા માટે ભગવાનને પ્રાર્થના કરી. આ કથા વિસ્તારથી મહાવગ્ગમાં અને મજ્ઝિમનિકાયના અરિયપરિયેસનસુત્તમાં આપી છે. પણ તે ગોતમ બુદ્ધને લગતી હશે એ સંભવતું નથી. કોઈ પુરાણ લખનારે તે વિપસ્સી બુદ્ધના વિષે રચી અને પછી તે એમને એમ ગોતમ બુદ્ધના ચરિત્રમાં દાખલ થઈ. આ રૂપકનો અર્થ “ બુદ્ધ, ધર્મ અને સંઘ ” નામના મારા પુસ્તકમાં ( પૃ. ૧૬–૧૯ ) બેસાડવાનો મેં પ્રયત્ન કર્યો છે; તેથી હું અહીં તેની ચર્ચા કરતો નથી.

## પંચવર્ગીય ભિક્ષુઓને ઉપદેશ કરવાનો વિચાર

પોતાને પ્રાપ્ત થયેલાં ચાર આર્યસત્યોનું જ્ઞાન પહેલાં કોને આપવું એ વિચારમાં ભગવાન બુદ્ધ પડ્યા. આળાર કાલામ અને ઉદ્દક રામપુત્ત એ બોધિસત્ત્વના ગુરુઓ જીવતા હોત તો આ નવો ધર્મમાર્ગ તરત જ તેમને ગળે ઊતર્યો હોત. પણ તેઓ જીવતા નહોતા. તેથી ભગવાને પોતાના પાંચ સાથીઓને (પંચવર્ગીય ભિક્ષુઓને)

ઉપદેશ કરવો એવું નક્કી કર્યું. આ ભિક્ષુઓ તે વખતે બનારસ પાસે ઋષિપત્તનમાં રહેતા હતા. ભગવાન ત્યાં જવા ઊપડ્યા. રસ્તામાં તેને ઉપક નામનો આજીવક શ્રમણ મળ્યો. પોતાને તત્ત્વબોધ થયો છે, એવું બુદ્ધે તેને કહ્યું. પણ ઉપકને તે સાચું લાગ્યું નહિ. 'હશે કદાચ,' એમ કહીને તે બીજે રસ્તે ચાલ્યો ગયો. આ એક પ્રસંગ ઉપરથી જ જુદા પંથના શ્રમણોને ઉપદેશ આપવાની નિરર્થકતા ભગવાને જાણી લીધી હશે.

## પંચવર્ગીઓની સમજણ

આષાઢી પૂનમ પહેલાં ભગવાન વારાણસી પહોંચ્યા. તે ઋષિપત્તન પહોંચ્યા ત્યારે દૂરથી જ તેને જોઈને તેની કોઈ પણ રીતે આગતા-સ્વાગતા નહિ કરવી, એમ પંચવર્ગીઓએ નક્કી કર્યું. પણ તેઓ જેમ જેમ નજદીક આવતા ગયા તેમ તેમ તેમનો એ વિચાર બદલાતો ગયો. તેમણે ધીમે ધીમે તેમનો (બુદ્ધનો) આદરસત્કાર કર્યો. પણ તેમનો નવો ધર્મમાર્ગ સાંભળવા તેઓ તૈયાર ન હતા. આમ પોતાને એક નવો ધર્મમાર્ગ જડ્યો છે એવું જ્યારે ભગવાને તેમને કહ્યું, ત્યારે તેમણે કહ્યું, "આયુષ્માન્ ગોતમ, તારી એવી જાતની તપશ્ચર્યાથી પણ તને સદ્ધર્મમાર્ગનો બોધ થયો નહિ. હવે તું તપોભ્રષ્ટ થઈને ખાવાપીવામાં પડ્યો છે. તો તને સદ્ધર્મનો બોધ ક્યાંથી થાય?"

ભગવાને કહ્યું, "હે ભિક્ષુઓ, આ પહેલાં કોઈ પણ જાતની છેતરપિંડી મેં કદિયે કરી હતી ખરી? જો મેં તેમ ન કર્યું હોય તો તમે મારું કહેવું સાંભળો. અમૃતનો માર્ગ મને જડ્યો છે. તે માર્ગનો આધાર લેવાથી તમને જલદી મુક્તિ પ્રાપ્ત થશે."

આવી રીતે પંચવર્ગીય ભિક્ષુઓને સમજાવીને કેટલાક સમય પછી પોતાનો નવો ધર્મ સાંભળવા માટે ભગવાને તેમને પ્રવૃત્ત કર્યા. તે પ્રસંગે તેમણે કરેલા ઉપદેશને ધર્મચક્રપ્રવર્તન કહે છે. આ સુત્ત સચ્ચસંયુત્તના બીજા વગ્ગમાં અને વિનયગ્રંથના મહાવગ્ગમાં મળે છે. તેનું સંસ્કૃત ભાષાંતર લલિતવિસ્તરના છવીસમા અધ્યાયમાં આપ્યું છે. એમાંના પાલિસુત્તનું રૂપાંતર અહીં આપું છું.

## ધર્મચક્રપ્રવર્તન

મેં એવું સાંભળ્યું છે કે એક વખત ભગવાન વારાણસીમાં ઋષિપત્તનના મૃગવનમાં રહેતા હતા. ત્યાં ભગવાને પંચવર્ગીય ભિક્ષુઓને ઉદ્દેશીને કહ્યું, "હે ભિક્ષુઓ, ધાર્મિક માણસે (પબ્બજીતેન) આ બે છેડા પર નહિ જવું જોઈએ. તે બે છેડા કયા? પહેલો છેડો કામોપભોગમાં સુખ માનવું એ છે. આ છેડો હીન, ગ્રામ્ય, સામાન્ય જનસેવિત, અનાર્ય અને અનર્થકારક છે. બીજો છેડો દેહદમન કરવું, એ છે. આ છેડો દુઃખકારક, અનાર્ય અને અનર્થકારક છે. આ બે છેડા પર નહિ જતાં તથાગતે જ્ઞાનચક્ષુ ઉઘાડનાર, ઉપશમ, પ્રજ્ઞા, સંબોધ અને નિર્વાણને કારણભૂત થનાર મધ્યમ માર્ગ શોધી કાઢયો છે. તે માર્ગ કયો? સમ્યક્ દૃષ્ટિ, સમ્યક્ સંકલ્પ, સમ્યક્ વાચા, સમ્યક્ કર્માન્ત, સમ્યક્ આજીવ, સમ્યક્ વ્યાયામ, સમ્યક્ સ્મૃતિ અને સમ્યક્ સમાધિ. આ તે આર્ય અષ્ટાંગિક માર્ગ છે.

"હે ભિક્ષુઓ, દુઃખ નામનું પહેલું આર્યસત્ય આ પ્રમાણે છે. જન્મ દુઃખકારક છે. વૃદ્ધાવસ્થા દુઃખકારક છે. વ્યાધિ દુઃખકારક છે. મરણ દુઃખકારક છે. અપ્રિયોનો સમાગમ અને પ્રિયોનો વિયોગ દુઃખકારક છે. ઇચ્છિત વસ્તુ મળતી ન હોય ત્યારે તેનાથી પણ દુઃખ થાય છે. ટૂંકામાં, પાંચ ઉપાદાનસ્કન્ધ દુઃખકારક છે.*

"હે ભિક્ષુઓ, ફરી ફરીને ઉત્પન્ન થતી અને અનેક વિષયોમાં રમતી તૃષ્ણા, જેને કામતૃષ્ણા, ભવતૃષ્ણા અને વિનાશતૃષ્ણા કહે છે, તે દુઃખસમુદય નામનું બીજું આર્યસત્ય છે.

"તે તૃષ્ણાનો વૈરાગ્યવડે પૂર્ણ નિરોધ કરવો, ત્યાગ કરવો, તેનાથી મુક્તિ મેળવવી, એ દુઃખનિરોધ નામનું ત્રીજું આર્યસત્ય છે.

"અને (ઉપર કહેલો) આર્ય અષ્ટાંગિક માર્ગ એ દુઃખનિરોધ-ગામિની પ્રતિપદા નામક ચોથું આર્યસત્ય છે.

* સ્કન્ધ પાંચ છે. તે વાસનામય હોય છે ત્યારે તેમને ઉપાદાનસ્કંધ કહે છે. 'બુદ્ધ, ધર્મ અને સંઘ.' પૃ. ૯૦-૯૧ જુઓ.

"(ક) આ દુઃખ છે એમ સમજાયું ત્યારે મને અભિનવ દૃષ્ટિ મળી. જ્ઞાન ઉત્પન્ન થયું, વિદ્યા ઉદ્દ્ભવી, અને આલોક ઉત્પન્ન થયો. આ દુઃખ જાણવા યોગ્ય છે, એમ મને સમજાયું, ત્યારે મને અભિનવ દૃષ્ટિ (ઇત્યાદિ)........એ દુઃખ મેં જાણ્યું, ત્યારે મને (ઇત્યાદિ)........

"(ખ) આ દુઃખ સમુદય આર્યસત્ય છે એવું મેં જાણ્યું, તે ત્યાજ્ય છે એવું મેં જાણ્યું, તેનો ત્યાગ કર્યો એવું મેં જાણ્યું," ત્યારે મને અભિનવ દૃષ્ટિ મળી. (ઇત્યાદિ પૂર્વોક્ત)

"(ગ) આ દુઃખનિરોધ આર્યસત્ય છે એવું મેં જાણ્યું, તેનો સાક્ષાત્કાર કરવો યોગ્ય છે એવું મેં જાણ્યું, ત્યારે મને અભિનવ દૃષ્ટિ (ઇત્યાદિ પૂર્વોક્ત)

"(ઘ) આ દુઃખનિરોધગામિની પ્રતિપદા નામનું આર્યસત્ય છે એવું મેં જાણ્યું, તેનો અભ્યાસ કરવો યોગ્ય છે એવું મેં જાણ્યું, તેનો અભ્યાસ કર્યો એવું મેં જાણ્યું, ત્યારે મને અભિનવ દૃષ્ટિ મળી, જ્ઞાન ઉત્પન્ન થયું, વિદ્યા ઉદ્દ્ભવી અને આલોક ઉત્પન્ન થયો. જ્યાં સુધી દરેકના ત્રણ પ્રકાર અને કુલ બાર પ્રકારનું આ ચાર આર્યસત્યો વિષેનું જ્ઞાન મને થયું નહિ, ત્યાં સુધી મને પૂર્ણસંબોધિ પ્રાપ્ત થઈ નહિ."

બુદ્ધે કરેલા અનેક ઉપદેશો સુત્તપિટકમાં સંગ્રહીત કર્યા છે. પણ તેના ધર્મનો આધારભૂત એવો કોઈ ઉપદેશ હોય, તો તે આ જ છે. એકલા સચ્ચસંયુત્તમાં જ આ ચાર આર્યસત્યોને લગતાં એકંદરે ૧૩૧ સુત્તો છે. તે ઉપરાંત બીજાં નિકાયોમાં એનો ઉલ્લેખ અનેક વાર આવે છે. બુદ્ધના બીજા બધા ઉપદેશો આ ચાર આર્યસત્યોને અનુસરતા હોવાથી એમનું મહત્ત્વ ઘણું મોટું છે.

ઉપરના રૂપાંતરમાં (ક) થી (ઘ) સુધી આપેલું લખાણ ફક્ત સચ્ચસંયુત્તના એક સુત્તમાં અને મહાવગ્ગમાં મળે છે. તેનો ઉલ્લેખ બીજી જગ્યાએ નથી, તેથી તે પાછળથી દાખલ થયું હશે એવી સબળ શંકા થાય છે. તેમ છતાં એ ચાર આર્યસત્યોના સ્પષ્ટીકરણમાં તે મદદરૂપ બને તેવું હોવાથી અહીં આપવામાં આવ્યું છે.

## ચાર આર્યસત્યોનું સ્પષ્ટીકરણ

દુનિયામાં દુઃખ છે એ વાતનો ઇન્કાર કોઈનાથીયે થઈ શકે નહિ. પણ દરેક જણ પોતાનું દુઃખ કેવી રીતે નષ્ટ થાય તેનો જ વિચાર કરતો હોય છે. આનું એવું પરિણામ આવે છે કે, બીજાનું નુકશાન કરીને પણ દરેક જણ સુખી થવા ઇચ્છે છે. તેમાં જેઓ હિંસક અને બુદ્ધિમાન હોય છે, તેઓ આગેવાન બને છે, અને બીજાઓને તેમની તાબેદારી સ્વીકારવી પડે છે. હિંસક બુદ્ધિને લીધે આ આગેવાનોમાં પણ એકતા રહેતી નથી અને તેમને સૌથી વધુ હિંસક અને બુદ્ધિમાન આગેવાનને પોતાનો રાજા કરીને તેની આજ્ઞામાં રહેવું પડે છે. એ રાજાને પોતાનું રાજ્ય બીજો રાજા લઈ લેશે એવો ડર લાગે છે, અને તેની સુરક્ષિતતા માટે તે યજ્ઞયાગ કરીને અનેક પ્રાણીઓનું બલિદાન આપે છે. માણસોને અને બીજા પ્રાણીઓને નુકસાનકારક એવી આ જાતની સમાજ-રચના નષ્ટ કરીને તેની જગ્યાએ બીજી હિતસુખકારક સંઘટના ઊભી કરવી હોય, તો દરેકને પોતાનું અને બીજાઓનું દુઃખ એક જ છે, એવું ભાન થવું જોઈએ; અને તેથી જ ભગવાન બુદ્ધે પહેલા આર્યસત્યમાં સર્વસાધારણ દુઃખનો સમાવેશ કર્યો.

જન્મજરામરણાદિક સર્વસાધારણ દુઃખ શ્રમણોને માન્ય હતું, એટલું જ નહિ પણ તે દુઃખનો નાશ કરવા માટે જ તેઓ તપશ્ચર્યા કરતા. પણ દુઃખનું કારણ કયું, એ બાબતમાં તેમનો મતભેદ હતો. કોઈ કહેતા, દુઃખ આત્માએ ઉત્પન્ન કર્યું (**सयंकतं दुक्खं**) બીજા કહેતા, દુઃખ બીજાએ ઉત્પન્ન કર્યું (**परंकतं दुक्खं**); ત્રીજા કહેતા, અમુક અંશે આત્માએ અને અમુક અંશે બીજાએ દુઃખ ઉત્પન્ન કર્યું (**सयंकतं च परंकतं च दुक्खं**) અને ચોથા કહેતા દુઃખ આત્માએ કે બીજાએ ઉત્પન્ન કર્યું નથી, પણ તે આકસ્મિક છે. (**असयंकारं अपरंकारं अधिच्चसमुप्पन्नं दुक्खं**)*

આમાં પહેલા પ્રકારના શ્રમણો એટલે નિર્ગ્રંથ (જૈન) વગેરે

* નિદાનવગ્ગસંયુત્ત, વર્ગ ૨, સુત્ત ૭ જુઓ.

ગણવા. પૂર્વજન્મમાં આત્માએ પાપ કર્યું હોવાથી દુ:ખ ઉત્પન્ન થયું, એવું તેઓ માનતા અને તેના પરિહારને માટે દેહદમન કરીને આત્માને દુ:ખ આપતા. બીજા પ્રકારના શ્રમણો સાંખ્યો જેવા હતા. તેઓ માનતા કે જડપ્રકૃતિને લીધે દુ:ખ ઉત્પન્ન થયું અને આત્માને પ્રકૃતિના કબજામાંથી છોડાવવા માટે તેઓ કઠોર તપ આચરતા. ત્રીજા પ્રકારના શ્રમણો એવું પ્રતિપાદન કરતા કે આત્મા અને પ્રકૃતિ બે મળીને દુ:ખ ઉત્પન્ન કરે છે અને તેઓ આત્માને તેમાંથી છોડાવવા માટે દેહદમન કરતા હતા. ચોથા પ્રકારના શ્રમણો દુ:ખને આકસ્મિક સમજતા અને તેથી અક્રિયવાદ તરફ ખેંચાતા. આવી રીતે શ્રમણો કાં તો નિષ્ફળ તપશ્ચર્યા કરતા અથવા નિષ્ક્રિય થઈ જતા. બહુજનસમાજને તેમનો ઘણો જ ઓછો લાભ મળતો.

દુ:ખનું સાચું કારણ આત્મા કે પ્રકૃતિ નથી, પણ માણસની તૃષ્ણા છે એ વાત પહેલવહેલી ભગવાન બુદ્ધે જ બતાવી આપી. પૂર્વજન્મોની અને આ જન્મની તૃષ્ણામાંથી જ સર્વ દુ:ખ પેદાં થાય છે. તૃષ્ણા ક્યાંથી આવી એ પ્રશ્ન નિરર્થક છે. તે જ્યાં સુધી હશે ત્યાં સુધી દુ:ખ ઉત્પન્ન થવાનું જ. આ બીજું આર્યસત્ય.

તૃષ્ણાનો નાશ કરવાથી જ માણસ દુ:ખમાંથી મુક્ત થાય છે. એ ત્રીજું આર્યસત્ય.

અને તૃષ્ણાનાશનો ઉપાય એટલે બે છેડાઓની વચ્ચે થઈને જતો આર્યઅષ્ટાંગિક માર્ગ છે, એ ચોથું આર્યસત્ય.

## અષ્ટાંગિક માર્ગનું સ્પષ્ટીકરણ

આ આર્યઅષ્ટાંગિક માર્ગનું સમ્યક્ દૃષ્ટિ એ પહેલું પગથિયું છે. સમ્યક્ દૃષ્ટિ એટલે ચાર આર્યસત્યોનું યથાર્થ જ્ઞાન. દુનિયામાં દુ:ખ ભર્યું છે. તે મનુષ્યજાતિની તીવ્ર તૃષ્ણામાંથી ઉત્પન્ન થયું. તે તૃષ્ણાનો નાશ કરવાથી બધાને શાંતિ મળી શકે અને એકબીજા સાથે કાયા, વાચા, મનથી સદાચાર, સત્ય, પ્રેમ અને દયા ભાવથી વર્તવું એ આર્યઅષ્ટાંગિક માર્ગ એ જ તે શાંતિ મેળવવાનો માર્ગ છે. આવી સમ્યક્ દૃષ્ટિ લોકોમાં ઉત્પન્ન નહિ થાય તો અહંકાર તથા સ્વાર્થને

લીધે થતા ઝઘડાઓ અટકશે નહિ અને દુનિયાને શાંતિ મળશે નહિ.

પોતાનું ઐશ્વર્ય અને સત્તા વધારવાનો સંકલ્પ દરેક વ્યક્તિ કરે તો તેમાંથી તેનું અને બીજાઓનું એકસરખું જ નુકસાન થવાનું છે, તેથી કામોપભોગોમાં બદ્ધ ન થવાનો અને બીજા સાથે પૂર્ણ મૈત્રીનો સંબંધ બાંધવાનો અને બીજાઓના સુખ સમાધાનમાં વધારો કરવાનો શુદ્ધ સંકલ્પ રાખવો યોગ્ય છે.

અસત્ય ભાષણ, ચાડી, ગાળાગાળી, નિરર્થક બડબડ, ઇત્યાદિ અસદ્‌વાણીને લીધે સમાજની શાંતિ બગડે છે, અને ઝઘડાઓ પેદા થઈને તેમાંથી હિંસા જાગે છે. તેથી સત્ય, એકબીજાનું સખ્ય સાધવાવાળું, પ્રિય અને મિત ભાષણ કરવું યોગ્ય છે. આને જ સમ્યક્ વાચા કહે છે.

પ્રાણઘાત, ચોરી, વ્યભિચાર ઇત્યાદિ કર્મો શરીર વડે કરવાથી સમાજમાં ભારે અનર્થ પેદા થશે. તેથી પ્રાણઘાત, ચોરી, વ્યભિચાર ઇત્યાદિ કર્મોથી અલિપ્ત રહીને, લોકોનું કલ્યાણ થાય એવાં જ કાયકર્મો આચરવાં જોઈએ. આને જ સમ્યક્ કર્માન્ત કહે છે

સમ્યક્ આજીવ એટલે સમાજને હાનિ નહિ થાય એવી રીતે પોતાની ઉપજીવિકા કરવી તે. દા. ત, ગૃહસ્થે મદ્યવિક્રય, જનાવરોની લેવડદેવડ, ઇત્યાદિ વ્યવસાય કરવા જોઈએ નહિ, આનાથી સમાજને ભારે તકલીફ પડે છે, એ સ્પષ્ટ છે. આવા ધંધાઓ મૂકી દઈને શુદ્ધ અને સરળ ધંધાવડે પોતાની ઉપજીવિકા સાધવી, એને જ સમ્યક્ આજીવ કહે છે.

જે ખરાબ વિચારો મનમાં નહિ આવ્યા હોય તેમને મનમાં આવવાની તક નહિ આપવી, જે ખરાબ વિચારો મનમાં આવ્યા હોય તેમનો નાશ કરવો, જે સુવિચાર મનમાં ઉત્પન્ન નહિ થયા હોય તેમને ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરવો અને જે સુવિચાર મનમાં ઉત્પન્ન થયા હોય તેમને વધારીને પૂર્ણતાએ લઈ જવાનો પ્રયત્ન કરવો, એ ચાર માનસિક પ્રયત્નોને સમ્યક્ વ્યાયામ કહે છે. ( શારીરિક વ્યાયામ સાથે આને સંબંધ નથી )

શરીર અપવિત્ર પદાર્થોનું બનેલું છે, એવો વિવેક જાગૃત રાખવો, શરીરની અંદરની સુખદુ:ખાદિ વેદનાઓનું વારંવાર અવલોકન કરવું, સ્વચિત્તનું અવલોકન કરવું અને ઇન્દ્રિયો અને તેમના વિષયો એમાંથી કયાં બંધનો પેદાં થાય છે અને તેમનો નાશ કેવી રીતે કરી શકાય છે, ઇત્યાદિ મનોધર્મોનો બરાબર વિચાર કરવો, એને સમ્યક્ સ્મૃતિ કહે છે.

પોતાના શરીર પર, મૃત શરીર પર, મૈત્રી કરુણાદિ મનોવૃત્તિઓ પર અથવા પૃથ્વી, આપ, તેજ વગેરે પદાર્થો પર ચિત્ત એકાગ્ર કરીને ચાર ધ્યાનો સાધ્ય કરવાં, એને સમ્યક્ સમાધિ કહે છે.[1]

બંને છેડાપર નહિ જતાં આ મધ્યમમાર્ગની ભાવના કરવી જોઈએ. પહેલો છેડો તે કામોપભોગોમાં સુખ માનવાનો. આને માટે હીન, ગ્રામ્ય, સામાન્યજનસેવિત, અનાર્ય અને અનર્થકારક (**हीनो गम्मो पोथुज्जनिको अनरियो अनत्थसंहितो**) એ પાંચ વિશેષણો યોજ્યાં છે. માનવજાતિ દારિદ્રય અને અજ્ઞાનમાં સબડતી હોય ત્યારે આપણે પોતે મોજશોખમાં આનંદ માનવો એના જેવી બીજી હલકી ચીજ કઈ? આ છેડો ગ્રામ્ય એટલે ગામડિયા લોકોનો છે. તે સામાન્ય લોકોનો છે. આર્યોને (ધીરવીરોને) શોભે તેવો નથી અને તે અનર્થ-કારક છે. બીજો છેડો દેહદમન કરવાનો, તેને હીન ગ્રામ્ય એ વિશેષણો લગાડ્યાં નથી. પણ તે દુ:ખકારક છે, ધીરવીરોને શોભે તેવો નથી, અને અનર્થકારક છે. (**दुक्खो अनरियो अनत्थसंहितो**). અષ્ટાંગિક માર્ગનાં સર્વ અંગો એ બે છેડાને વર્જ્ય કરે છે.

ઉદાહરણ તરીકે, ખાવું, પીવું, મજા કરવી એ વિલાસી લોકોની દૃષ્ટિ છે, જ્યારે ઉપવાસાદિ વ્રતો વડે દેહને ઘસી નાખવો એ તપસ્વીઓની દૃષ્ટિ છે. આમાંની વચલી દૃષ્ટિ એટલે ચાર આર્યસત્યોનું જ્ઞાન. એ જ પ્રમાણે બાકીનાં અંગોની પણ મધ્યવર્તિતા જાણવી.[2]

---

૧. આ બધા પદાર્થો પર ધ્યાન કેવી રીતે સિદ્ધ કરી શકાય છે, તેનું વિવરણ 'સમાધિમાર્ગ'માં કર્યું છે.

૨. ચાર આર્યસત્યોની માહિતી 'બુદ્ધ, ધર્મ અને સંઘ' એ પુસ્તકના ત્રીજા પરિશિષ્ટમાં (પૃ. ૯૪-૯૯) આપી છે, તે પણ જોવી.

## પંચવર્ગીય ભિક્ષુઓની માહિતી

જે પંચવર્ગીય ભિક્ષુઓને ભગવાને પહેલો ધર્મોપદેશ આપ્યો, તેમના વિષેની માહિતી સુત્તપિટકમાં ઘણી જ ઓછી મળે છે. સૌથી પહેલો જેને બૌદ્ધધર્મનો તત્ત્વબોધ થયો, તે આજ્ઞાત કૌણ્ડિન્ય લાંબા કાળ પછી રાજગૃહ આવ્યો અને તેણે બુદ્ધને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા, એવો ઉલ્લેખ સંયુત્તનિકાયના વંગીસ સંયુત્તમાં (નં. ૯) મળે છે. બીજો પંચવર્ગીય ભિક્ષુ અસ્સજી (અશ્વજિત્) રાજગૃહમાં માંદો હતો અને તેને ભગવાને ઉપદેશ આપ્યો, એવી માહિતી ખન્ધસંયુત્તના ૮૮મા સુત્તમાં મળે છે. આ બે સિવાય બાકીના ત્રણનાં નામો સુત્તપિટકમાં ક્યાંય મળતાં નથી.

જાતકની નિદાનકથામાં અને બીજી અટ્ઠકથાઓમાં આ પંચવર્ગીય ભિક્ષુઓની થોડી ઘણી માહિતી મળે છે. તેનો સારાંશ આ પ્રમાણેઃ—

> **रामो धजो लक्खणो चापि मन्ती**
> **कोण्डञ्ञो च भोजो सुयामो सुदत्तो।**
> **एते तदा अट्ठ अहेसुं ब्राह्मणा**
> **छळंगवा मन्तं व्याकरिंसु॥**

'રામ, ધ્વજ, લક્ખણ (લક્ષ્મણ), મન્તી (મંત્રી), કોણ્ડઞ્ઞ (કૌણ્ડિન્ય), ભોજ, સુયામ અને સુદત્ત એ આઠ ષડંગ વેદ જાણવાવાળા બ્રાહ્મણો હતા. તેમણે બોધિસત્ત્વનું ભવિષ્ય જોયું.'

આમાંના સાત જણાએ બોધિસત્ત્વ ગૃહસ્થાશ્રમમાં રહેશે, તો ચક્રવર્તી થશે, અને ગૃહસ્થાશ્રમ છોડીને સંન્યાસી થશે તો સમ્યક્ સંબુદ્ધ થશે, એવું દ્વિધા ભવિષ્ય ભાખ્યું. આ આઠમાં કૌણ્ડિન્ય તદ્દન જુવાન હતો. તેણે બોધિસત્ત્વ નિઃસંશય સમ્યક્ સંબુદ્ધ થશે એવું એક જ ભવિષ્ય ભાખ્યું. દ્વિધા ભવિષ્ય કરનાર સાત બ્રાહ્મણોએ ઘેર જઈને પોતાના છોકરાઓને કહ્યું, "અમે હવે વૃદ્ધ થયા છીએ અને સિદ્ધાર્થ રાજકુમાર બુદ્ધ થશે, પણ તે જોવાનું અમારા નસીબમાં નથી. તે જો બુદ્ધ થાય તો તમે તેના સંઘમાં પ્રવેશ કરજો."

બોધિસત્ત્વે ગૃહત્યાગ કર્યો, ત્યારે એકલો કૌણ્ડિન્ય જીવતો હતો. બાકીના સાત બ્રાહ્મણોના છોકરાઓ પાસે જઈને તેણે કહ્યું, "સિદ્ધાર્થ કુમાર પરિવ્રાજક થયો છે. તે બુદ્ધ થશે એ નક્કી છે. તેની પાછળ આપણે પણ પરિવ્રાજક થઈએ." આ જુવાનોમાંથી ચાર જણાએ કૌણ્ડિન્યનું વચન માન્ય રાખ્યું અને તેની સાથે પ્રવજ્યા લઈને તેઓ બોધિસત્ત્વની પાછળ ગયા. એ પાંચ જણ પાછળથી પંચવર્ગીય નામથી જાણીતા થયા. તેમનાં નામો મહાવગ્ગમાં અને લલિતવિસ્તરમાં મળે છે, તે આ પ્રમાણે:--કોણ્ડઞ્ઞ (**कौण्डिन्य**), વપ્પ (**वाष्प**), ભદ્દીય (**भद्रिक**), મહાનામ અને અસ્સજી (**अश्वजित्**).

પણ ઉપર આપેલી પંચવર્ગીઓની માહિતી દંતકથાત્મક જણાય છે. ગોતમકુમાર બુદ્ધ થશે એવી જો કૌણ્ડિન્યની ખાતરી હતી, તો તેને ઉરુવેલામાં મૂકીને કૌણ્ડિન્ય વારાણસી શું કરવા ગયો? બોધિસત્ત્વે શરીરને માટે જરૂરી ખોરાક લેવાની શરૂઆત કરવાની સાથે જ કૌણ્ડિન્યની પૂર્ણશ્રદ્ધા કેવી રીતે નષ્ટ થઈ? મને લાગે છે કે આ પંચવર્ગીય ભિક્ષુઓ પહેલાં આળાર કાલામના પંથના હતા અને શાક્યોના કે તેની આસપાસના પ્રદેશમાં રહેતા હતા. ત્યાં તેમની બોધિસત્ત્વ સાથે મિત્રતા થઈ. તે બધા બ્રાહ્મણો હતા, એમ પણ કહી શકાતું નથી. આળાર કાલામ અને અને ઉદ્દક રામપુત્તના સંપ્રદાયમાં કશો અર્થ નહિ જણાવાથી, બોધિસત્ત્વ આગળનો માર્ગ શોધવાના હેતુથી રાજગૃહ

આવ્યા ત્યારે આ પંચવર્ગીય ભિક્ષુઓ પણ તેની સાથે આવ્યા હશે. બોધિસત્ત્વને નવા ધર્મમાર્ગનો બોધ થશે તો પોતે પણ તે જ માર્ગથી જવું એવો તેમનો વિચાર હતો. પણ બોધિસત્ત્વે તપસ્યા અને ઉપવાસ છોડી દીધાં ત્યારે તેમનો વિશ્વાસ ઊઠી ગયો અને તેઓ વારાણસી ચાલ્યા ગયા.

## પંચવર્ગીય ભિક્ષુસંઘ

ગોતમ બોધિસત્ત્વ બુદ્ધ થઈને વારાણસીમાં ઋષિપત્તન આવ્યા ત્યારે તે પંચવર્ગીય ભિક્ષુઓએ તેનો આદરસત્કાર પણ કરવો નહિ એમ ઠરાવ્યું હતું, વગેરે ઉલ્લેખ પાંચમા પ્રકરણમાં આવ્યો જ છે. અંતે આ પંચવર્ગીઓએ બોધિસત્ત્વનો ધર્મમાર્ગ સાંભળી લીધો અને તે વખતે એકલા કૌણ્ડિન્યે જ પોતાની સંમતિ દર્શાવી. ત્યારે ભગવાન બુદ્ધ બોલ્યા, "કૌણ્ડિન્યે જાણ્યું (**अञ्ञासि वत भो कोण्डञ्ञो**.)" આથી કૌણ્ડિન્યને '**अञ्ञासि कोण्डञ्ञ** (આજ્ઞાત કૌણ્ડિન્યને)' એ જ નામ મળ્યું. અને આ એક જ વાત પરથી બૌદ્ધ સાહિત્યમાં કૌણ્ડિન્યને પ્રસિદ્ધ સ્થાન મળ્યું. આ પછી તેણે કોઈ પણ મહત્ત્વનું કામ કર્યાનો ઉલ્લેખ ક્યાંય જડતો નથી. બુદ્ધના નવીન ધર્મમાર્ગનું પહેલવહેલું અભિનંદન તેણે કર્યું, એ જ તેનો પુરુષાર્થ સમજવો જોઈએ.

તે પછી ભગવાન બુદ્ધે વપ્પ (વાપ્પ) અને ભદ્દિય (ભદ્રિક) એ બન્નેને સમજાવ્યા, અને કેટલાક દિવસ પછી એમને પણ આ નવીન ધર્મમાર્ગનો બોધ થયો. આ પછી કેટલેક વખતે મહાનામ અને અસ્સજી (અશ્વજિત્) એ બેને આ નવા ધર્મમાર્ગનો બોધ થયો. અને આ પંચવર્ગીય ભિક્ષુઓ બુદ્ધના એકનિષ્ઠ ભક્ત થયા. આ કામમાં કેટલો વખત ગયો એનો ક્યાંય ઉલ્લેખ નથી. પણ પંચવર્ગીય ભિક્ષુ પહેલાં બુદ્ધના શિષ્યો થયા અને તે પાંચેનો ભિક્ષુસંઘ બન્યો, એ બાબતમાં સુત્તપિટક અને વિનયપિટક એકમત છે.

## યશ અને તેના સાથીઓ

પંચવર્ગીયો સાથે ભગવાન બુદ્ધ ઋષિપત્તનમાં રહેતા હતા ત્યારે તેને બીજા ૫૫ ભિક્ષુઓ કેવી રીતે મળ્યા અને તે ચાતુર્માસ પછી ભગવાને રાજગૃહ સુધી પ્રવાસ કરીને ભિક્ષુસંઘમાં કેવો મોટો ઉમેરો કર્યો, તેનું વર્ણન મહાવગ્ગમાં આપ્યું છે. તેનો સારાંશ અહીં આપ્યો છે:—

વારાણસીમાં યશ નામનો એક સુસંપન્ન જુવાન રહેતો હતો. અચાનક તેનું મન સંસારમાંથી વિરક્ત થયું અને શાંત સ્થાનની શોધમાં તે ઋષિપત્તન આવ્યો. બુદ્ધે ધર્મોપદેશ કરીને તેને પોતાના સંઘમાં દાખલ કરી લીધો. તેની શોધમાં તેનાં માબાપ આવ્યાં. તેમને બુદ્ધે ઉપદેશ આપ્યો અને તેઓ પણ બુદ્ધના ઉપાસકો થયાં.

યશ ભિક્ષુ થઈને બુદ્ધના સંઘમાં દાખલ થયો એ ખબર વારાણસી નગરમાં રહેતા વિમલ, સુબાહુ, પુણ્ણજી (પૂર્ણજિત) અને ગવંપતિ (ગવાંપતિ) નામના એના ચાર મિત્રોને મળ્યા અને તેઓ પણ ઋષિપત્તન આવીને બુદ્ધના ભિક્ષુસંઘમાં પ્રવિષ્ટ થયા. એ બધાના પચાસ તરુણ મિત્રો હતા. તેઓએ ઋષિપત્તન આવીને બુદ્ધોપદેશ સાંભળ્યો અને પોતાના મિત્રોની જેમ જ તેમણે સંઘમાં પ્રવેશ કર્યો. આ રીતે સાઠ ભિક્ષુઓનો સંઘ ઋષિપત્તનમાં ભેગો થયો.

## બહુજનહિતને માટે ધર્મપ્રચાર

ચાતુર્માસને અંતે ભગવાન બુદ્ધે પોતાના આ ભિક્ષુસંઘને કહ્યું, "હે ભિક્ષુઓ, સાંસારિક અને સ્વર્ગીય પાશોમાંથી હું મુક્ત થયો છું, અને તમે પણ આ પાશોમાંથી મુક્ત થયા છો. તેથી હે ભિક્ષુઓ, હવે તમે બહુજનોના હિતને માટે, સુખને માટે, લોકો પર અનુકંપા કરવા માટે, દેવોના અને મનુષ્યોના કલ્યાણને માટે ધર્મોપદેશ કરવા માટે પ્રવૃત્ત થાઓ. એક જ રસ્તે બે જણ જતા નહિ. પ્રારંભમાં કલ્યાણપ્રદ, મધ્યમાં કલ્યાણપ્રદ અને અન્તમાં કલ્યાણપ્રદ એવા આ ધર્મમાર્ગનો લોકોને ઉપદેશ કરજો."

આ રીતે ભગવાન બુદ્ધે પોતાના સાઠ ભિક્ષુઓને ચારે દિશાઓમાં મોકલ્યા. તેઓ બીજા જુવાનોને ભગવાન પાસે લઈ આવતા અને ભગવાન તેમને પ્રવ્રજ્યા આપીને પોતાના ભિક્ષુસંઘમાં દાખલ કરતા. પણ આ કામમાં સાઠ ભિક્ષુઓને અને જુવાન ઉમેદવારોને તકલીફ પડવા માંડી; તેથી સીધી પ્રવ્રજ્યા આપીને પોતાના સંઘમાં દાખલ કરવાની રજા તેમણે ભિક્ષુઓને આપી અને તેઓ પોતે ઉરુવેલા તરફ જવા નીકળ્યા.

## ભદ્રવર્ગીય ભિક્ષુઓ

રસ્તામાં ભદ્દવગ્ગીય નામના ત્રીસ જુવાનો એક ઉદ્યાનમાં પોતાની સ્ત્રીઓ સાથે ક્રીડા કરવા માટે આવ્યા હતા. તેમાંના એકને પત્ની ન હતી, તેથી તેને માટે એક વેશ્યા લાવવામાં આવી હતી. એ ત્રીસ જણ અને ઓગણત્રીસ જણની સ્ત્રીઓ વિલાસમાં મગ્ન બની ભાન ભૂલીને વર્તતાં હતાં ત્યારે પેલી વેશ્યા બની શકે તેટલી ચીજો ઉઠાવીને ભાગી ગઈ! તે વખતે ભગવાન બુદ્ધ એક ઉપવનમાં વિશ્રાંતિ માટે બેઠા હતા. ઉપયોગી ચીજો લઈને વેશ્યા ભાગી ગઈ એવી એ ત્રીસ જુવાનોને જ્યારે ખબર પડી, ત્યારે તેઓ તેની શોધમાં ભગવાન બેઠા હતા ત્યાં આવ્યા. તેમણે કહ્યું, 'ભદંત, આ બાજુએ જતી કોઈ જુવાન સ્ત્રી તમારા જોવામાં આવી છે?"

ભગવાને કહ્યું, "જુવાન સજ્જનો, કોઈ જુવાન સ્ત્રીની શોધમાં ફરવું અને આત્મબોધ કરવો, એ બેમાં તમને શું યોગ્ય લાગે છે?"

બુદ્ધનું આ વચન સાંભળીને તેઓ તેની પાસે બેઠા; અને લાંબા વખત સુધી બુદ્ધનો ઉપદેશ સાંભળ્યા પછી ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને તેઓ ભિક્ષુસંઘમાં દાખલ થયા.

## કાશ્યપબન્ધુ

તે ઉપવનમાંથી ભગવાન ઉરુવેલા આવ્યા. ત્યાં ઉરુવેલકાશ્યપ, નદીકાશ્યપ અને ગયાકાશ્યપ એ ત્રણ જટિલ બંધુઓ અનુક્રમે

પાંચસો, ત્રણસો અને બસો જટાધારી શિષ્યો સાથે અગ્નિહોત્ર રાખીને તપશ્ચર્યા કરતા હતા. તેમાંના મોટા બંધુના આશ્રમમાં ભગવાન બુદ્ધ રહ્યા; અને અદ્દભુત ચમત્કાર બતાવીને તેમણે ઉરુવેલ કાશ્યપ અને તેના પાંચસો શિષ્યોને પોતાના ભિક્ષુસંઘમાં દાખલ કરી લીધા. ઉરુવેલ કાશ્યપની પાછળ તેના નાના ભાઈઓ અને તેમના બધા અનુયાયીઓ બુદ્ધના શિષ્યો થયા.

## મોટા ભિક્ષુસંઘ સાથે રાજગૃહમાં પ્રવેશ

આ એક હજારને ત્રણ ભિક્ષુઓને સાથે લઈને ભગવાન બુદ્ધ રાજગૃહ આવ્યા. ત્યાં આવડો મોટો ભિક્ષુસંઘ જોઈને નાગરિકોમાં ભારે ખળભળાટ જાગ્યો. બિંબિસાર રાજા અને તેના બધા સરદારો બુદ્ધનું અભિનંદન કરવા આવ્યા. બિંબિસારે બુદ્ધને અને ભિક્ષુ સંઘને બીજે દિવસે રાજમહેલમાં ભિક્ષા લેવા માટે બોલાવ્યા અને તેમનું ભોજન થયા પછી વેણુવન ઉદ્યાન ભિક્ષુસંઘને દાનમાં આપ્યું.

## સારિપુત્ત અને મોગ્ગલ્લાન

રાજગૃહની પાસે સંજય નામનો એક પ્રસિદ્ધ પરિવ્રાજક પોતાના ઘણા શિષ્યો સાથે રહેતો હતો. સારિપુત્ત અને મોગ્ગલ્લાન એ સંજયના મુખ્ય બે શિષ્યો હતા. પણ તે સંપ્રદાયમાં તેમને બહુ રસ પડ્યો નહિ. તેમણે એવો સંકેત કર્યો હતો કે, "એમાંથી એકને સદ્ધર્મ માર્ગ બતાવનાર બીજો કોઈ મળે તો તેણે બીજાને એ વાત કહેવી અને બન્નેએ મળીને તે ધર્મનો આશ્રય લેવો."

એક દિવસ અસ્સજિ ભિક્ષુ રાજગૃહમાં ભિક્ષાટન કરતો હતો. તેની શાંત અને ગંભીર મુદ્રા જોઈને આ કોઈ નિર્વાણ માર્ગનો પથિક પરિવ્રાજક હશે, એમ સારિપુત્રને લાગ્યું; અસ્સજિની સાથે વાતચીત કર્યા પછી તેણે જાણ્યું કે અસ્સજિ બુદ્ધનો શિષ્ય છે અને બુદ્ધનો જ ધર્મમાર્ગ સાચો છે. આ વાત સારિપુત્તે મોગ્ગલ્લાનને કહી; અને તે બંને સંજયના પંથના બસો પારિવ્રાજકો સાથે બુદ્ધની પાસે આવીને ભિક્ષુસંઘમાં જોડાયા.

## ઐતિહાસિક કસોટી

યશ અને બીજા ૫૪ જુવાનો ભિક્ષુઓ થયા તે પ્રસંગથી અહીં સુધી કથન કરેલો ઉલ્લેખ મહાવગ્ગમાંથી સારાંશરૂપે લીધો છે.* હવે આ કથાને ઐતિહાસિક કસોટીએ તપાસવી જોઈએ. બોધિસત્ત્વે ઉરુવેલામાં તપશ્ચર્યા કરી અને તત્ત્વબોધ પ્રાપ્ત કરી લીધો તેથી ભગવાન બુદ્ધને ઉરુવેલાના પ્રદેશનું સારી પેઠે જ્ઞાન હોવું જોઈએ. ઉરુવેલ કાશ્યપ અને તેના બે નાના ભાઈઓ હજાર જટાધારી શિષ્યો સાથે તે જ મુલકમાં રહેતા હતા. તેમને અદ્ભુત ચમત્કાર બતાવીને પોતાના શિષ્ય બનાવવાની ભગવાનની ઇચ્છા હશે, તો તેમને મૂકીને ભગવાન કાશી સુધી શા માટે ગયા? પોતાનો ધર્મ પંચવર્ગીય વિના બીજા કોઈ નહિ જાણી શકે, એવું તેમને શા માટે લાગ્યું? તે વખતે તેમનામાં અદ્ભુત ચમત્કાર બતાવવાની શક્તિ ન હતી, પણ કાશીએ જઈને પંચવર્ગીઓને ઉપદેશ આપ્યા પછી તે તેમનામાં આવી, એમ સમજવું?

ઋષિપત્તનમાં પંચવર્ગીયો ઉપરાંત જે પંચાવન ભિક્ષુઓ બુદ્ધને મળ્યા, તેમાંના ફક્ત પાંચનાં જ નામો મહાવગ્ગમાં આપેલાં છે; બાકીનાં પચાસમાંથી એકેનું નામ તેમાં નથી. તેથી ભિક્ષુઓની સંખ્યા વધારવા માટે પચાસનો ઉમેરો કર્યો હોવો જોઈએ એમ લાગે છે.

રસ્તામાં ત્રીસ જુવાનો સ્ત્રીઓ સાથે ક્રીડા કરતા હતા ત્યારે ક્ષણાર્ધમાં ભગવાન બુદ્ધે તેમને ભિક્ષુઓ બનાવ્યા, એ સંભવતું નથી. તેમ કરવું હોત, તો ઉરુવેલાથી કાશી જવાની તકલીફ તેમણે શા માટે લીધી? ઉરુવેલાની આસપાસ વિલાસ કરતા બીજા જુવાનો તેમને મળ્યા ન હોત? વચ્ચે જ આ ત્રીસ જુવાનોની કથા શા માટે ઘુસાડી છે, તે સમજાતું નથી.

ભગવાન બુદ્ધ એક હજારને ત્રણ જટિલોને ભિક્ષુઓ બનાવીને—

* 'બુદ્ધલીલાસારસંગ્રહ', પૃ. ૧૯૦–૧૯૫, અને 'બૌદ્ધસંઘનો પરિચય' પૃ. ૭-૮ જુઓ.

પોતાની સાથે લઈને રાજગૃહ આવ્યા, તે વખતે આખું રાજગૃહ ખળભળી ઊઠયું, છતાંય સારિપુત્તને બુદ્ધ કોણ છે એની સહેજ પણ ખબર ન હતી એ કેમ બને? અસ્સજિ પંચવર્ગીયોમાંનો એક હતો. તેને બીજા પંચવર્ગીયો સાથે કાશીની આસપાસ ધર્મોપદેશ કરવા માટે મોકલીને ભગવાન ઉરુવેલા ગયા અને ત્યાંથી રાજગૃહ આવ્યા; એમ છતાંય અસ્સજિ અચાનક રાજગૃહ શી રીતે આવી ગયો? ટૂંકામાં, પંચવર્ગીયોને, યશને અને તેના ચાર સાથીઓને ભિક્ષુ સંઘમાં દાખલ કરી લીધા પછી કાશીથી રાજગૃહ સુધીના ભગવાનના પ્રવાસની મહાવગ્ગમાં આપેલી હકીકત ઘણે ભાગે દંતકથાત્મક છે, એમ જ કહેવું પડે છે.

## લલિતવિસ્તરની યાદી

સાચું શું બન્યું એ નિશ્ચિય રીતે કહી શકાતું નથી, તેમ છતાંય લલિતવિસ્તરની શરૂઆતમાં ભિક્ષુઓની જે યાદી આપી છે, તે પરથી ભિક્ષુસંઘની પ્રાથમિક માહિતી થોડે અંશે બેસાડી શકાય એમ હોવાથી તે યાદી અહીં આપું છું:—

૧. જ્ઞાન કૌણ્ડિન્ય (**अञ्ञाकोण्डञ्ञ**). ૨. અશ્વજિત્ (**अस्सजि**), ૩. વાષ્પ (**वाप्प**), ૪. મહાનામ, ૫. ભદ્રિક (**भद्दिय**), ૬. યશોદેવ (**यस**), ૭. વિમલ, ૮. સુબાહુ, ૯. પૂર્ણ (**पुण्णजि**), ૧૦. ગવામ્પતિ (**गवम्पति**), ૧૧. ઉરુવેલકાશ્યપ (**उरुवेलकस्सप**), ૧૨. નદીકાશ્યપ ૧૩. ગયાકાશ્યપ, ૧૪. શારિપુત્ર (**सारिपुत्त**), ૧૫. મહામૌદ્ગલ્યાયન (**महामोग्गल्लान**), ૧૬. મહાકાશ્યપ (**महाकास्सप**), ૧૭. મહાકાત્યાયન (**महाकच्चान**), ૧૮. કફિલ (?) ૧૯. કૌણ્ડિન્ય (?), ૨૦. ચુનન્દ, (**चुन्द**), ૨૧. પૂર્ણ મૈત્રાયણીપુત્ર (**पुण्ण मन्ताणिपुत्त**), ૨૨. અનિરુદ્ધ (**अनुरुद्ध**), ૨૩. નન્દિક (**नन्दक**), ૨૪. કસ્ફિલ (**कप्पिन**), ૨૫. સુભૂતિ, ૨૬. રેવત, ૨૭. ખદિરવનિક, ૨૮. અમોઘરાજ (**मोघराज**), ૨૯. મહાપારણિક (?), ૩૦. વક્કુલ (**बक्कुल**) ૩૧. નન્દ, ૩૨. રાહુલ, ૩૩. સ્વાગત (**सागत**), ૩૪. આનન્દ.

મહાવગ્ગમાં આપેલા નામ વગરના ભિક્ષુઓની સંખ્યા બાદ કરીએ તો આ યાદીમાંના પંદર ભિક્ષુઓની પરંપરાનો અને મહાવગ્ગની કથાનો મેળ બેસે છે અને તે પરથી એવું અનુમાન કાઢી શકાય છે કે પંચવર્ગીયો પછી ભગવાનને યશ અને તેના ચાર મિત્રો મળ્યા. આ દસ જણને સાથે લઈને ભગવાન ઉરુવેલા ગયા. ત્યાં ત્રણ કાશ્યપબંધુ તેના સંઘમાં જોડાયા. આ તેર શિષ્યોને લઈને ભગવાન રાજગૃહ ગયા. ત્યાં સંજયના શિષ્યોમાંના સારિપુત્ત અને મોગ્ગલ્લાન સંજયનો પંથ છોડીને ભગવાન બુદ્ધના શિષ્યો થયા. આ બન્નેના આગમનને લીધે ભિક્ષુસંઘનું મહત્ત્વ ખૂબ વધ્યું. કારણ કે રાજગૃહમાં તેઓ સારી પેઠે જાણીતા હતા. બુદ્ધના તત્ત્વજ્ઞાનનો આ બન્નેએ કેવી રીતે વિકાસ કર્યો, તે સુત્ત અને વિનયપિટક પરથી જાણી શકાય છે. અભિધમ્મપિટકનો ઘણોખરો ભાગ સારિપુત્તે જ ઉપદેશ્યો છે એવું મનાય છે.

આ પછી આવેલા ઓગણત્રીશ ભિક્ષુઓની પરંપરા ઐતિહાસિક જણાતી નથી. આનંદ અને અનુરુદ્ધ એક જ વખતે ભિક્ષુ થયા એવું ચુલ્લવગ્ગમાં (ભાગ ૭) કહ્યું હોવા છતાં અહીં અનુરુદ્ધનો નંબર ૨૨ અને આનંદનો ૩૪ આપ્યો છે. ઉપાલિ નામના હજામે એમની સાથે જ પ્રવ્રજ્યા લીધી અને પછી તે વિનયધર કહેવાયો. એમ છતાંય આ યાદીમાં તેનું નામ જડતું નથી. અહીં આપેલા ઘણાખરા ભિક્ષુઓનાં ચરિત્રો "બૌદ્ધસંઘનો પરિચય" નામના મારા પુસ્તકના ત્રીજા ભાગમાં આપ્યાં છે. જિજ્ઞાસુ વાચકોએ તે વાંચવાં.

## ભિક્ષુઓની સંખ્યા

હવે રાજગૃહ સુધી બુદ્ધે ભેગા કરેલા ભિક્ષુઓની સંખ્યા આ પંદર ભિક્ષુઓ કરતા વધુ હતી કે કેમ તેનો ટૂંકામાં વિચાર કરીએ. બુદ્ધને વારાણસીમાં આઠ ભિક્ષુ મળ્યા; ઉરુવેલા જતી વખતે રસ્તામાં ત્રીસ અને ખુદ ઉરુવેલામાં ૧૦૦૩ એમ મળીને કુલ ૧૦૯૩ ભિક્ષુઓનો સંઘ એકઠો થયા પછી ભગવાને રાજગૃહમાં પ્રવેશ કર્યો, ત્યાં સારિપુત્ત અને મોગ્ગલ્લાન એ બેની સાથે પરિવ્રાજક સંજયના

૨૫૦ શિષ્ય બૌદ્ધસંઘમાં જોડાયા. એટલે તે વખતે ભિક્ષુસંઘની સંખ્યા ૧૩૪૫ થઈ. પણ આવો મોટો ભિક્ષુસંઘ બુદ્ધ પાસે હોવાનો ઉલ્લેખ સુત્તપિટકમાં કયાંય જડતો નથી. ભગવાન બુદ્ધ પરિનિર્વાણના પહેલાં એક બે વર્ષ અગાઉ રાજગૃહ આવ્યા ત્યારે તેની સાથે ૧૨૫૦ ભિક્ષુઓ હતા, એવું સામઞ્ઞફલસુત્તમાં કહ્યું છે. પણ દીઘનિકાયનાં બીજાં આઠ સુત્તોમાં ભિક્ષુસંઘની સંખ્યા ૫૦૦ આપી છે; અને ભગવાનના છેલ્લા પ્રવાસમાં પણ તેની સાથે ૫૦૦ જ ભિક્ષુઓ હતા એવું લાગે છે. ભગવાનના પરિનિર્વાણ પછી રાજગૃહમાં ભિક્ષુઓની જે પહેલી પરિષદ ભરાઈ તેમાં પણ ૫૦૦ જ ભિક્ષુઓ હતા. આથી ભગવાનના પરિનિર્વાણ સુધી ભિક્ષુસંઘના સંખ્યા ૫૦૦ થી ઉપર ગઈ નહોતી એવું અનુમાન કરી શકાય છે.

ભગવાન બુદ્ધના પરિનિર્વાણ પછી આ સંખ્યા વધારવાનો ક્રમ શરૂ થયો હોવો જોઈએ. લલિતવિસ્તરના આરંભમાં જ એમ કહ્યું છે કે શ્રાવસ્તી આગળ ભગવાનની સાથે ૧૨૦૦ ભિક્ષુઓ અને ૩૨૦૦૦ બોધિસત્ત્વ હતા. આ રીતે પોતાના સંપ્રદાયનું મહત્ત્વ વધારવા માટે તે સમયના ભિક્ષુઓએ પૂર્વકાલીન ભિક્ષુઓની સંખ્યા વધારવાની શરૂઆત કરી, અને મહાયાન પંથના ગ્રંથકારોએ તો તેમાં ફાવે તેટલા બોધિસત્ત્વોનો ઉમેરો કર્યો! બૌદ્ધધર્મની અવનતિ માટે કોઈ પણ મુખ્ય કારણ હોય તો તે આ જ છે. પોતાના ધર્મનું અને સંઘનું મહત્ત્વ વધારવા માટે બૌદ્ધ ભિક્ષુઓએ મનમાની દંતકથાઓ રચવા માંડી, અને બ્રાહ્મણોએ તેમનાં કરતાં પણ વિલક્ષણ દંતકથાઓ રચીને ભિક્ષુઓનો પૂર્ણ પરાભવ કર્યો!

## છ પ્રસિદ્ધ શ્રમણસંઘ

બુદ્ધના સંઘો કરતાં મોટા અને પ્રસિદ્ધ એવા બુદ્ધસમકાલીન છ શ્રમણસંઘો અસ્તિત્વમાં હતા અને પૂરણ કાસ્સપ, મક્ખલિ ગોસાલ, અજિત કેસકંબલ, પકુધ કચ્ચાયન, સંજય બેલટ્ઠપુત્ત અને નિગણ્ઠ નાથપુત્ત એ નામના તે છ સંઘોના ઉપરીઓ માટે સમાજમાં ઘણો આદરભાવ હતો. આ વિષે મજ્ઝિમનિકાયના ચૂળસારોપમ સુત્તમાં નીચેનો ઉતારો મળે છે.

"येमे भो गोतम समणब्राह्मणा संघिनो गणिनो गणाचरिया ञाता यसस्सिनो तित्थकरा साधुसम्मता बहुजनस्स, सेय्यथीदं पूरणो कस्सपो, मक्खलि गोसालो, अजितो केसकम्बलो, पकुधो कच्चायनो, सञ्जयो बेलट्ठपुत्तो, निगण्ठो नाथपुत्तो।"

(પિંગલ કૌત્સ ભગવાનને કહે છે,) "હે ગોતમ, આ બધા સંઘીઓ, ગણીઓ, ગણાચાર્યો પ્રસિદ્ધ, યશસ્વી, તીર્થંકર અને બહુજનને માન્ય થયેલા (છ જણ છે), તે ક્યા? પૂરણ કસ્સપ મક્ખલિ ગોસાલ, અજિત કેસકંબલ, પકુધ કચ્ચાયન, સંજય બેલટ્ઠપુત્ત અને નિગણ્ઠ નાથપુત્ત."

## બૌદ્ધસંઘની કર્તવ્યનિષ્ઠા

આ છ આચાર્યો ઉંમરમાં ભગવાન બુદ્ધ કરતાં મોટા હતા. અને તેમના ભિક્ષુઓની સંખ્યા પણ ઘણી મોટી હતી. આ બધા આચાર્યોમાં બુદ્ધ ઉંમરમાં સૌથી નાના હતા, અને તેના ભિક્ષુસંઘની સંખ્યા પણ ઓછી હતી. તેમ છતાં આ નાનકડા નવા ભિક્ષુસંઘે બધાની મોખરે જઈને કેવળ હિંદુસ્તાન પર જ નહિ પણ સમગ્ર એશિયા ખંડ પર પ્રભાવ પાડ્યો એ કેવી રીતે થઈ શક્યું?

આનો જવાબ એ કે ઉપરના છ શ્રમણસંઘ સંખ્યામાં મોટા હોવા છતાં, તેઓ સામાન્ય જનસમૂહની ખાસ દરકાર કરતા ન હતા. તેમાંના ઘણાખરાનું ધ્યેય તપશ્ચર્યાના માર્ગવડે મોક્ષ મેળવવાનું હતું. ગામમાં કે શહેરમાં જઈને તેઓ ગૃહસ્થો પાસેથી ભિક્ષા મેળવતા અને પ્રસંગોપાત્ત પોતાના સંપ્રદાયનું તત્ત્વજ્ઞાન શીખવતા, પણ તેઓ ગૃહસ્થોનાં હિત કે સુખ માટે ખાસ પ્રયત્ન નહોતા કરતા.

બૌદ્ધસંઘની વાત આથી ઊલટી હતી. 'લોકોના હિતને માટે અને સુખને માટે તમે ચારે દિશાઓમાં જાઓ, એક જ રસ્તે બે જણ જશો નહિ.' એવો બુદ્ધનો ઉપદેશ ઉપર આપ્યો જ છે. આ ઉપદેશ મહાવગ્ગમાં અને મારસંપુત્તમાં આવ્યો છે અને એવી જ

જાતના ઉપદેશ સુત્તપિટકમાં અનેક જગ્યાએ મળી આવે છે. ભગવાન બુદ્ધના આ ઉપદેશને અનુસરીને વર્તવાથી તેનો ભિક્ષુસંઘ બહુજનસમાજમાં પ્રિય અને આદરણીય બન્યો અને બધા લોકો પર તેમનો પ્રભાવ પડ્યો.

અંદરોઅંદર ઝઘડતા લોકોને જોઈને બોધિસત્ત્વને વૈરાગ્ય ઉત્પન્ન થયો. એ વાત ચોથા પ્રકરણમાં કહી જ છે. આ ઝઘડાઓ રાજસત્તા દ્વારા મટાડવા અશક્ય હતા. જ્યાંસુધી લોકોમાં હિંસાત્મક બુદ્ધિ રહેશે ત્યાંસુધી સમાજના ઝઘડાઓ મટવા અશક્ય છે. એટલે જ રાજસત્તાથી નિવૃત્ત થઈને બોધિસત્ત્વ મનુષ્યજાતિની મુક્તિનો માર્ગ શોધવા નીકળી પડ્યા. સાત વર્ષ સુધી તપશ્ચર્યાના અનેક અનુભવ લીધા પછી તેમને પાછલા પ્રકરણમાં આપેલો મધ્યમ માર્ગ જડ્યો; અને તેનો પ્રચાર બધા લોકોમાં કરવાનું તેમણે નક્કી કર્યું. આ જ કાર્ય માટે ભગવાન બુદ્ધે સંઘની સ્થાપના કરી. તેથી બીજા સંઘના શ્રમણો કરતાં બૌદ્ધ શ્રમણો સામાન્ય જનતાના હિતસુખ વિષે વધુ પ્રયત્નશીલ રહેતા, એમાં નવાઈ પામવા જેવું નથી.

## આધ્યાત્મિક ખેતીની આવશ્યકતા

સમાજમાં ખેતી, વેપાર ઇત્યાદિ ધંધાઓ શરૂ થાય તોપણ સમાજમાં એકતા ન હોય તો તે ધંધાઓથી ફાયદો નહિ થાય; એક માણસે વાવેલું ખેતર બીજો કાપી જશે અને વેપારીને બીજો કોઈ ચોર લૂંટી લેશે. આવી રીતે સમાજમાં અવ્યવસ્થા શરૂ થાય તો તે સમાજમાંની વ્યક્તિઓને ખૂબ દુઃખ સહેવું પડશે. આવી એકતા શસ્ત્રબળવડે ઉત્પન્ન કરી શકાય, તોપણ તે ટકાઉ નહિ બને. એકબીજા પ્રત્યેનું સૌજન્ય અને ત્યાગવૃત્તિમાંથી પેદા થયેલી એકતા જ સાચી એકતા કહેવાય. સામાન્ય જનસમૂહમાં આવી એકતા પેદા કરવાનો બુદ્ધનો હેતુ હતો, એવું સુત્તનિપાતના કાસિભારદ્વાજ સુત્ત ઉપરથી દેખાય છે. તેનો સારાંશ નીચે મુજબ છે:—

એક દિવસ ભગવાન બુદ્ધ ભિક્ષાટન કરતા કરતા ભારદ્વાજ બ્રાહ્મણના ખેતર પર ગયા. ત્યાં ભારદ્વાજ બ્રાહ્મણ પોતાના મજૂરોને ભોજન આપતો હતો. ભગવાનને ભિક્ષા માટે ઊભેલા જોઈને તે બોલ્યો, "મારી જેમ તું પણ ખેતર ખેડી, વાવી, અનાજ ભેગું કર અને ખા. ભિક્ષા શા માટે માગે છે?"

ભગવાન બોલ્યા: "હું પણ ખેડૂત છું. હું શ્રદ્ધાનું બીજ વાવું છું. તેના પર તપશ્ચર્યાની (પ્રયત્નની) વૃષ્ટિ થાય છે. પ્રજ્ઞા એ મારો હળ છે. પાપલજ્જા એ નીંદામણનું ઘાસ છે, ચિત્ત એ દોરડાં છે, સ્મૃતિ (જાગૃતિ) એ હળનું ચવડું અને ચાબખો છે. કાયા અને વાચા વડે હું સંયમ પાળું છું. આહારમાં નિયમિત રહીને સત્ય વડે (મનોદોષોને) હું નીંદી નાખું છું. સંતોષ એ મારી રજા છે. ઉત્સાહ એ મારા બળદ છે; અને મારું વાહન એવી દિશા તરફ જાય છે, જ્યાં કયારેય શોક કરવાનો વખત આવતો નથી!"

આ કથનનો અર્થ ભારદ્વાજ તરત જ સમજી ગયો અને તે બુદ્ધનો શિષ્ય બન્યો.

આ ઉપદેશમાં બુદ્ધે ખેતીનો નિષેધ નથી કર્યો. પણ તે ખેતીને નીતિમત્તાનો આધાર નહિ હોય, તો તેનાથી સમાજને સુખ નહિ થતાં દુ:ખ થશે, એટલો જ એ ઉપદેશનો સાર છે. એક વાવેલું ખેતર પાકને વખતે બીજો લૂંટી જાય, તો ખેતી કરવા માટે કોઈ જ તૈયાર નહિ થાય અને સમાજમાં ભયંકર અવ્યવસ્થા ફેલાશે. તેથી જ પહેલાં અંદર અંદરના હિતસંબંધો અહિંસાત્મક હોવા જોઈએ તેવી જાતની માનસિક ખેતી કર્યા વિના આ ભૌતિક ખેતીનો કશો ઉપયોગ નહિ થાય, એમ જાણીને બુદ્ધે પોતાના સંઘને સમાજની નૈતિક જાગૃતિ કરવા માટે પ્રવૃત્ત કર્યો. તેથી બૌદ્ધસંઘ ઓછી સંખ્યાવાળો હોવા છતાંય થોડા જ સમયમાં સામાન્ય જનતામાં માનીતો થયો; અને પોતાની કાર્યશક્તિથી તેણે બીજા શ્રમણસંઘોને પાછળ મૂકી દીધા.

## સંઘની રચના

પોતાનો સંઘ કાર્યક્ષમ થાય એટલા માટે ભગવાન બુદ્ધે ખૂબ સંભાળ લીધી. તેણે સંઘની રચના એવી કરી કે પોતાની પાછળ તેની એકતા અખંડિત રહે અને તે વડે લોકસેવા એકધારી થઈ શકે. વજ્જીઓનાં ગણરાજ્યોના નેતાઓ એકઠા થઈને જે રીતે વિચારવિનિમય કરતા અને એકબીજાના હિતને માટેના નિયમો જે રીતે ઘડતા, તે જ પદ્ધતિ થોડાઘણા ફેરફાર સાથે ભગવાન બુદ્ધે પોતાના ભિક્ષુસંઘને લાગુ કરી હશે, એમ મહાપરિનિબ્બાન સુત્તની શરૂઆતમાં કરેલા વક્તવ્ય ઉપરથી દેખાઈ આવે છે.

વસ્સકાર બ્રાહ્મણ બુદ્ધની પાસે આવે છે અને વજ્જીઓ ઉપર ચઢાઈ કરવાનો પોતાના માલિક—અજાતશત્રુ—નો વિચાર ભગવાનને જણાવે છે. ભગવાન વસ્સકાર બ્રાહ્મણને કહે છે કે અમે બનાવેલા સાત નિયમોને અનુસરીને જ્યાં સુધી વજ્જીઓ ચાલશે, ત્યાં સુધી તેમને જીતવા અશક્ય છે. વસ્સકારના ચાલ્યા ગયા પછી ભગવાન બુદ્ધ સંઘને કહે છે: " હે ભિક્ષુઓ, હું તમને અભિવૃદ્ધિના સાત નિયમો કહું છું. (૧) જ્યાં સુધી ભિક્ષુઓ વારંવાર એક જગ્યાએ ભેગા થશે, ત્યાં સુધી તેમની અભિવૃદ્ધિ જ થશે, પરિહાનિ (નુકસાન) નહિ થાય. (૨) જ્યાં સુધી ભિક્ષુઓ એક વિચારથી ભેગા થશે અને પોતાનાં સંઘકર્મોનો એકદિલથી નિશ્ચય કરીને જ છૂટા થશે, ત્યાં સુધી ભિક્ષુઓની અભિવૃદ્ધિ જ થશે, પરિહાનિ નહિ થાય. (૩) જ્યાં સુધી સંઘે નહિ કરેલો નિયમ, કર્યો છે, એમ ભિક્ષુઓ કહેશે નહિ અને કરેલા નિયમનો ભંગ કરશે નહિ, તેમ જ નિયમનું રહસ્ય સમજીને તે પ્રમાણે વર્તશે, ત્યાં સુધી ભિક્ષુઓની અભિવૃદ્ધિ જ થશે, પરિહાનિ નહિ થાય. (૪) જ્યાં સુધી ભિક્ષુઓ વૃદ્ધ, શીલવાન આગેવાનોને માન આપશે, (૫) જ્યાં સુધી ભિક્ષુઓ ફરી ફરીને જાગતી તૃષ્ણાને વશ થશે નહિ, (૬) જ્યાં સુધી ભિક્ષુઓ એકાંતવાસનો રસ જાળવશે, (૭) જ્યાં સુધી નહિ આવેલા સુજ્ઞ

બ્રહ્મચારીઓ આવે અને આવેલા સુજ્ઞ બ્રહ્મચારીઓ સુખેથી રહે, એ માટે ભિક્ષુઓ હમેશા જાગૃત રહેશે, ત્યાં સુધી ભિક્ષુઓની અભિવૃદ્ધિ જ થશે, પરિહાનિ નહિ થાય.''

સંઘે એકત્ર થવું, એકમતથી સંઘકાર્યો કરવાં, વૃદ્ધ, શીલવાન ભિક્ષુઓને માન આપવું વગેરે વિનયપિટકમાં મળી આવતા નિયમો ભગવાન બુદ્ધે વજ્જીઓ જેવાં સ્વતંત્ર ગણરાજ્યોમાં જે પદ્ધતિ પ્રચલિત હતી. તે પરથી લીધા હતા, એવું આ ઉપરથી જણાઈ આવશે.

**સંઘના કેટલાક નિયમો લોકરૂઢિઓ પરથી નક્કી કર્યા**

પરંતુ રાજ્યાનુશાસનના બધા જ નિયમો સંઘને લાગુ કરવા શક્ય ન હતા. સંઘમાં કોઈ ભિક્ષુ કશો ગુનો કરે તોપણ તેને માટે વધુમાં વધુ દંડ તેને સંઘમાંથી કાઢી મૂકવો એ હતો; એથી વધુ કઠોર દંડ ન હતો. કારણ કે સંઘના બધા જ નિયમો અહિંસાત્મક હતા. તેમાંના ઘણા નિયમો પ્રચલિત લોકરૂઢિઓ પરથી લીધા હતા. ઉદાહરણ તરીકે, નીચેના નિયમ લો:—

ભગવાન બુદ્ધ આળવીમાં અગ્ગાળવ ચેતિયમાં રહેતા હતા તે સમયમાં આળવક ભિક્ષુઓ બાંધકામ કરતી વખતે જમીન ખોદાવતા. લોકો તેમના ઉપર ટીકા કરવા લાગ્યા. આ વાતની ખબર થતાં, ભગવાને તેમનો નિષેધ કરીને ભિક્ષુઓને નીચે મુજબનો નિયમ બાંધી આપ્યો:—

જે ભિક્ષુ જમીન ખોદશે કે ખોદાવશે, તેને પાચિત્તિય થાય છે.*

ભિક્ષુઓએ નાની કુટિર અથવા જરૂર પૂરતો વિહાર બાંધીને તેમાં રહેવું, એટલી પરવાનગી ભગવાને આપી હતી, અને તે માટે જમીન જાતે ખોદવી કે બીજા પાસે ખોદાવવી એમાં પાપ છે એમ નહોતું ગણાતું, તેમ છતાંય આ નિયમ કેવળ લોકોના સંતોષ માટે કરવો પડ્યો. ઘણાખરા શ્રમણો નાનાં નાનાં જંતુઓનો નાશ નહિ થાય, એવી સંભાળ લેતા. તેઓ રાતના

* 'બૌદ્ધસંઘનો પરિચય,' પૃ. ૯૭ જુઓ.

બત્તી પણ નહોતા સળગાવતા. કારણ કે, દીવાપર પતંગિયાં વગેરે જંતુઓ આવી પડવાનો સંભવ હતો અને તેમના આ આચારોથી લોકો ટેવાઈ ગયા હતા. કોઈ શ્રમણ પોતાના હાથમાં કોદાળી લઈને ખોદવા માંડે, તો સામાન્ય લોકોના મનને આઘાત થાય એ તદ્દન સ્વાભાવિક હતું. તેમની સાથે વાદવિવાદ કરીને તેમનો દૃષ્ટિકોણ બદલવાની ભગવાન બુદ્ધને જરૂર જણાઈ નહિ. તપશ્ચર્યામાં વ્યર્થ સમય નહિ ગુમાવતાં લોકોને ધર્મોપદેશ કરવાનો અને ધ્યાનસમાધિ વડે પોતાના ચિત્તનું દમન કરવાનો વખત તેમને મળે તો સંઘનું કાર્ય સરળ થશે એ ભગવાન બુદ્ધ જાણતા હતા; અને તેથી જ જે રૂઢિઓ નિરુપદ્રવી હતી તે સંઘને લાગુ કરવામાં ભગવાનને કશો વાંધો જણાયો નહિ.

## ભિક્ષુસંઘની સાદાઈ

બીજા સંઘોમાં ચાલતી તપશ્ચર્યા ભગવાનને બિલકુલ પસંદ નહોતી, તેમ છતાંય પોતાના સંઘના ભિક્ષુઓએ ખૂબ સાદાઈથી વર્તવું જોઈએ, એ બાબતમાં ભગવાન ખૂબ સંભાળ રાખતા. ભિક્ષુઓ પરિગ્રહી થાય તો પોતાના પરિગ્રહ સાથે ચારે દિશાઓમાં જઈને પ્રચારકાર્ય કેવી રીતે કરી શકશે? સામઞ્ઞફલસુત્તમાં ભગવાન બુદ્ધ અજાતશત્રુ રાજાને કહે છે,

**सेय्यथापि महाराज पक्खी सकुणो येन येनेव डेति सपत्तभारो व डेति। एवमेव महाराज भिक्खु संतुट्ठो होति, कायपरिहारिकेन चीवरेन, कुच्छिपरिहारिकेन पिण्डपातेन। सो येन येनेव पक्कमति समादायेव पक्कमति।**

‘હે મહારાજ, જેમ કોઈ પંખી જે દિશામાં ઊડે છે તે દિશામાં પોતાની પાંખો સાથે જ ઊડે છે, તેવી જ રીતે, હે મહારાજ, ભિક્ષુ શરીરને માટે જરૂરી ચીવર વડે અને પેટને માટે જરૂરી પિંડ વડે (ભિક્ષા વડે) સંતુષ્ટ થાય છે. તે જે જે દિશામાં જાય છે, તે તે દિશામાં પોતાનો સામાન સાથે લઈને જ જાય છે.’

આવા ભિક્ષુ પાસે બહુ બહુ તો નીચેની ગાથામાં આપેલી આઠ વસ્તુઓ રહેતી.

**तिचीवरं च पत्तो च वासि सूचि च बन्धनं ।**
**परिस्सावनेन अट्ठेते युत्तयोगस्स भिक्खुनो ॥**

'ત્રણ ચીવરો, પાત્ર, વાસિ (નાની કુહાડી), સોય, કમરબંધ, અને પાણી ગાળવાનું કપડું : આ આઠ ચીજો યોગી ભિક્ષુ માટે પૂરતી છે.

## વર્તનના નિયમો

આ રીતે ભિક્ષુઓએ ખૂબ સાદાઈથી રહેવું એવો ભગવાન બુદ્ધનો ઉપદેશ હતો, તોપણ મનુષ્ય સ્વભાવને અનુસરીને કેટલાક ભિક્ષુઓ આ વસ્તુઓ સ્વીકારવામાં પણ અતિરેક કરતા, એટલે કે ત્રણ ચીવરો કરતાં વધુ વસ્ત્રો રાખતા, માટીનું કે લોઢાનું પાત્ર રાખવાને બદલે ત્રાંબા પિત્તળનું પાત્ર સ્વીકારતા; ચીવરો જરૂર કરતાં વધારે મોટાં બનાવતા. આથી પરિગ્રહને સ્થાન મળતું. આને અટકાવવા માટે ઘણા નિયમો કરવા પડ્યા. એ નિયમોની સંખ્યા સારી પેઠે મોટી છે.

વિનયપિટકમાં ભિક્ષુસંઘને માટે એકંદરે ૨૭૭ નિષેધાત્મક નિયમ આપ્યા છે. તેમને 'પાતિમોક્ખ' કહે છે. તેમાંના બે અનિયત (અનિયમિત) અને છેલ્લા ૭૫ સેખિય, એટલે ખાવા પીવામાં તથા બોલવાચાલવામાં શિષ્ટાચારથી કેમ વર્તવું એ સંબંધી નિયમો, એટલા બાદ કરતાં, બાકીના ૧૫૦ નિયમોને જ અશોકના સમયના અરસામાં પાતિમોક્ખ કહેતા હતા એમ લાગે છે. તે સમય પહેલાં આ બધા નિયમો અસ્તિત્વમાં નહોતા; અને જે નિયમો અસ્તિત્વમાં હતા તેમાં મૂળભૂત નિયમો બાદ કરીને બાકીના નિયમોમાં યોગ્ય ફેરફાર કરવાનો સંઘને પૂરેપૂરો અધિકાર હતો. પરિનિર્વાણ પામતાં પહેલાં ભગવાન આનંદને કહે છે, "હે આનંદ, જો સંઘની ઇચ્છા હોય તો મારા પછી સંઘે નાના નાના નિયમો કાઢી નાખવા."

આ ઉપરથી નાના નાના નિયમો કાઢી નાખવાની કે દેશ કાલાનુસાર સામાન્ય નિયમોમાં ફેરફાર કરવાની ભગવાને સંઘને પૂરેપૂરી છૂટ આપી હતી એ સ્પષ્ટ થાય છે.

## શરીરોપયોગી પદાર્થ વાપરવામાં સાવધાનતા

ભિક્ષુને જોઈતી આવશ્યક ચીજોમાં ચીવર, પિણ્ડપાત (અન્ન), શયનાસન (રહેવાની જગ્યા) અને દવા એ ચાર મુખ્ય પદાર્થો હતા. પાતિમોક્ખના નિયમોને અનુસરીને તેમનો ઉપભોગ કરતી વેળાએ પણ વિચારપૂર્વક વર્તવું એમ ભગવાનનું કહેવું હતું. ચીવર વાપરતી વખતે ભિક્ષુને કહેવું પડતું—'પૂરો વિચાર કરીને હું આ જે ચીવર વાપરું છું, તે કેવળ શીત, ઉષ્ણ, મચ્છર, માખીઓ, પવન, તડકો, સાપ વગેરેનો ઉપદ્રવ ન થાય એટલા માટે અને ગુહ્યેંદ્રિય ઢાંકવાના ઉદ્દેશથી વાપરું છું.'

પિણ્ડપાત સેવન કરતી વેળાએ તેને કહેવું પડતું—'પૂરો વિચાર કરીને હું પિણ્ડપાત સેવન કરું છું, તે શરીર ક્રીડા કરવા માટે સમર્થ થાય, મસ્ત થાય, સુંદર અને વિભૂષિત બને એટલા માટે નહિ; પણ કેવળ આ દેહનું રક્ષણ થાય, તકલીફ નષ્ટ થાય અને બ્રહ્મચર્યને મદદ થાય એ હેતુથી. આ રીતે હું (ભૂખની) જૂની વેદના નષ્ટ કરીશ અને (વધુ ખાઈને) નવી વેદના પેદા કરીશ નહિ. આથી મારી શરીરયાત્રા ચાલશે, લોકાપવાદ રહેશે નહિ અને જીવન સુખકર બનશે.

શયનાસન વાપરતાં તેને કહેવું પડતું—'પૂરો વિચાર કરીને હું શયનાસન વાપરું છું, તે કેવળ શીત, ઉષ્ણ, મચ્છર, માખીઓ, વાત, તડકો, સાપ વગેરેની પીડા નહિ થાય એટલા માટે અને એકાંતવાસની વિશ્રાન્તિ માટે વાપરું છું.' ઔષધિ પદાર્થ વાપરતાં તેને કહેવું પડતું—પૂરો વિચાર કરીને હું આ ઔષધિ પદાર્થ

વાપરું છું, તે કેવળ ઉત્પન્ન થયેલા રોગના નાશને માટે અને આરોગ્ય પ્રાપ્ત થાય ત્યાં સુધી જ'*

## દેવદત્તે કરેલો સંઘભેદ

સંઘમાં સરળતા અને મૈત્રીભાવ ટકી રહે એ માટે ભગવાન ખૂબ તકેદારી રાખતા હતા. છતાં મનુષ્યસ્વભાવ એવી વિચિત્ર વસ્તુ છે કે તેના સમુદાયમાં મતભેદ થઈને પક્ષ પેદા થવાનો જ. આનું મુખ્ય કારણ અભિમાન અને તેની સાથેનું અજ્ઞાન જ ગણવું જોઈએ. માણસ ગમે તેટલી સાદાઈથી વર્તે, તોપણ તે આગેવાન થવાની ઇચ્છા રાખતો હોય તો બીજાના ગુણોને અવગુણોનું સ્વરૂપ આપીને પોતાનું મહત્ત્વ વધારવાનો પ્રયત્ન કર્યા વગર તે રહેશે નહિ. તેની જાળમાં જો અજ્ઞાની લોકો પકડાય, તો તે સહેજે વિલક્ષણ સંપ્રદાય સ્થાપી શકે છે.

બૌદ્ધ સંઘમાં આવી જાતનો પહેલો ભિક્ષુ દેવદત્ત હતો. એ શાક્યોમાંનો એક હોઈને બુદ્ધનો સગો હતો. સંઘનું નેતૃત્વ પોતાને સોંપવું એવી તેણે ભગવાનને વિનંતી કરી. ભગવાને તે સ્વીકારી નહિ. તેથી અજાતશત્રુ રાજા દ્વારા બુદ્ધને મારવા માટે તેણે મારાઓ મોકલ્યા. પણ તેઓ બુદ્ધનું ખૂન કરવાને બદલે તેના જ શિષ્યો બની ગયા. પછી દેવદત્તે ગૃધ્રકૂટ પર્વતની એક ટેકરી પરથી બુદ્ધની ઉપર એક મોટો પત્થર ફેંક્યો. તેનો એક અણીદાર ટૂકડો બુદ્ધના પગને વાગવાથી તેઓ જખમી થયા. જખમ મટ્યા પછી ભગવાન રાજગૃહમાં ભિક્ષાટન માટે ગયા ત્યારે દેવદત્તે તેમના ઉપર નાલગિરિ નામનો મદોન્મત્ત હાથી છૂટો મુકાવ્યો. તે હાથીએ ભગવાનની ચરણરજ માથે ચઢાવી અને તે પાછો પોતાના તબેલામાં જઈને ઊભો રહ્યો. આ રીતે બધાં જ કાવતરાં નિષ્ફળ થયાં પછી દેવદત્તે ભગવાનને વિનંતિ કરી કે સંઘને માટે તપશ્ચર્યાના—

* આ રીતે ચાર શરીરોપયોગી પદાર્થ સાવધાનતાથી વાપરવાની ક્રિયાને પચ્ચવેક્ખણ (પ્રત્યવેક્ષણ) કહે છે અને રૂઢિ આજે પણ ચાલુ છે.

કઠોર નિયમ રાખવામાં આવે. એ વિનંતી ભગવાને માન્ય નહિ કરવાથી તેણે સંઘમાં ફાટફૂટ પાડી અને કેટલાક ભિક્ષુઓને લઈને તે ગયા ગયો.

દેવદત્તની આ કથા ચુલ્લવગ્ગમાં વિસ્તારથી આપી છે.[1] પણ તેમાં ઐતિહાસિક સત્ય બહુ ઓછું દેખાય છે. કારણ કે દેવદત્ત ખૂન કરવા જેટલો દુષ્ટ હોત તો તે સંઘમાં ફાટફૂટ પાડવાને શક્તિમાન થાત નહિ અને કેટલાક ભિક્ષુઓ તેના ભકત પણ થયા હોત નહિ.

અજાતશત્રુ યુવરાજ હતો ત્યારે જ તેની અને દેવદત્તની મિત્રતા થઈ અને તે સમયથી દેવદત્ત આગેવાની માટે પ્રયત્ન કરવા લાગ્યો, એવું લાભસત્કારસંયુત્તના ૩૬મા સુત્તપરથી જણાય છે. તે સુત્તનો સાર નીચે મુજબ:—

'ભગવાન બુદ્ધ રાજગૃહ મુકામે વેળુવનમાં રહેતા તે વખતે રાજકુમાર અજાતશત્રુ ૫૦૦ રથ સાથે લઈને સવારે અને સાંજે દેવદત્તના દર્શન માટે જતો અને તેને માટે ૫૦૦ જણનું ભોજન મોકલતો. કેટલાક ભિક્ષુઓએ આ વાત ભગવાનને કહી ત્યારે ભગવાન બોલ્યા, "હે ભિક્ષુઓ, દેવદત્તના લાભસત્કારની સ્પૃહા કરશો નહિ, લાભને લીધે દેવદત્તનું નુકસાન જ થશે, વૃદ્ધિ થવાની નથી."

આ ઉપરાંત દેવદત્તને ઉદ્દેશીને ભગવાને કહેલી નીચેની ગાથા બે જગ્યાએ મળે છે.

**फलं वे कदलिं हन्ति फलं वेळुं फलं नळं।**
**सक्कारो कापुरिसं हन्ति गब्भो अस्सतरिं यथा ॥**[2]

'ફળ કેળનો નાશ કરે છે, ફળ વાંસનો નાશ કરે છે, અને ફળ નળનો નાશ કરે છે; અને ખેચરીનો ગર્ભ ખેચરીનો નાશ કરે છે. તેજ રીતે સત્કાર કાપુરુષનો નાશ કરે છે.'

---

૧. 'બુદ્ધલીલાસારસંગ્રહ' પૃ. ૧૭૯–૧૮૮ જુઓ.

૨. 'સંયુત્તનિકાય (P. T. S.) ભાગ ૨, પૃ. ૨૪૧. અને 'અંગુત્તરનિકાય' (P. T. S.) ભાગ ૨, પૃ. ૭૩.

આ ઉપરથી અજાતશત્રુની મદદથી અધિકાર મેળવવા માટે દેવદત્ત કેવી જાતનો પ્રયત્ન કરતો હતો તેનું અનુમાન થઈ શકે છે. બાપને મારીને અજાતશત્રુ રાજા થયો તોપણ દેવદત્તે તેની સોબત છોડી નહિ અને તેની જ મદદથી સંઘમાં ફાટફૂટ પાડીને ઘણા ભિક્ષુઓને તેણે પોતાના પક્ષમાં લીધા. તેનું આ કૃત્ય ભગવાન બુદ્ધને ગમ્યું નહીં એમાં શી નવાઈ? પણ દેવદત્તે પાડેલી ફાટફૂટ સંઘને નુકસાનકારક ન બનતાં તે સંકટમાંથી સંઘ સુરક્ષિતપણે બહાર નીકળ્યો.*

## ભિક્ષુસંઘમાં બીજો એક ઝઘડો

બીજો એક સાધારણ ઝઘડો ભિક્ષુસંઘમાં કૌશામ્બી આગળ ઉત્પન્ન થયો. એનું સવિસ્તર વર્ણન મહાવગ્ગમાં મળે છે. મહાવગ્ગના રચનારે કે રચનારાઓએ આ કથાની રચના આના જેવા બીજા પ્રસંગે સંઘને ઉપકારક થાય એવી રીતે કરી છે. તેના કહેવાનો સાર એ છે કે બે વિદ્વાન ભિક્ષુઓમાં વિનયના એક મામુલી નિયમની બાબતમાં મતભેદ થઈને આ ઝઘડો થયો. તે વખતે ભગવાને તેમને દીર્ઘાયુની વાર્તા કહી. પણ તેમણે માન્યું નહિ. તેમાંનો એક ભિક્ષુ બોલ્યો, "ભદન્ત, આપ સ્વસ્થ રહો. આ ઝઘડાને અમે જ પતાવી લઈશું.' એ બધાનાં મન દૂષિત થયાં છે એમ જોઈને ભગવાન કૌશામ્બીથી પ્રાચીનવંસદાવ ઉપવનમાં ગયા. ત્યાં અનુરુદ્ધ, નંદિય અને કિમ્બિલ એ ત્રણ ભિક્ષુઓ રહેતા હતા. તેમનો સંપ જોઈને ભગવાને તેમનું અભિનંદન કર્યું; અને ત્યાંથી ભગવાન પારિલેય્યક વનમાં ગયા. તે જ વખતે હાથીના એક ટોળાનો આગેવાન હાથી પોતાના ટોળાથી કંટાળીને તે વનમાં એકલો જ રહેતો હતો. તેણે ભગવાનનું સ્વાગત કર્યું. ભગવાન તે જગ્યાએ કેટલોક વખત રહીને શ્રાવસ્તી આવ્યા.

અહીં કૌશામ્બીના ઉપાસકોએ પેલા ઝઘડનારા ભિક્ષુઓને તેમની ભૂલ સમજાવવાના હેતુથી એવો વિચાર કર્યો કે કોઈએ

* બુદ્ધલીલાસારસંગ્રહ, પૃ. ૧૮૭–૧૮૮ જુઓ.

તેમનો આદર કરવો નહિ અને તેમને ભિક્ષા આપવી નહિ. આથી તે ભિક્ષુઓ સીધા થયા અને શ્રાવસ્તી આવી પહોંચ્યા. તે વખતે ભગવાને ઝઘડો પતાવવાના કેટલાક નિયમો કરીને ઉપાલિ વગેરે ભિક્ષુઓ દ્વારા તે ઝઘડો મટાડ્યો. *

મજ્ઝિમનિકાયના ઉપક્કિલેસસુત્તમાં ( નં ૧૨૮ ) મહાવગ્ગના લખાણનો ઘણો ભાગ આવે છે. પણ તેમાં દીર્ઘાયુની તો વાર્તા નથી જ, અને તે સુત્તની સમાપ્તિ પ્રાચીનવંસદાવ વનમાં જ થાય છે. પારિલેય્યક વનમાં ભગવાન બુદ્ધ ગયાનો ભાગ તે સુત્તમાં નથી. તે ઉદાનવગ્ગમાં મળે છે.

કોસમ્બિયસુત્તમાં આનાથી જુદું જ લખાણ છે તેનો સાર આ પ્રમાણેઃ–

ભગવાન કૌશામ્બી આગળ ઘોષિતારામમાં રહેતા હતા. તે વખતે કૌશામ્બીના ભિક્ષુઓ અંદરોઅંદર ઝઘડતા હતા. આ વાત ભગવાને જાણી, ત્યારે તેમણે તે ભિક્ષુઓને બોલાવીને કહ્યું, “ હે ભિક્ષુઓ, જ્યારે તમે અંદરોઅંદર ઝઘડો છો, ત્યારે તમારું એક બીજા વિષેનું કાયિક, વાચસિક અને માનસિક કર્મ મૈત્રીમય બનવું શક્ય છે ? ”

“ નહિ, ” એવો પેલા ભિક્ષુઓએ જવાબ આપ્યો ત્યારે ભગવાને કહ્યું, “ જો એમ નથી તો તમે શા માટે ઝઘડો છો ? હે નિરર્થક માણસો, આવી જાતનો ઝઘડો તમારે માટે ચિરકાળ હાનિકારક અને દુઃખકારક થશે. ”

ભગવાન ફરી બોલ્યા, “ હે ભિક્ષુઓ આ છ સંસ્મરણીય વાતો ઝઘડો દૂર કરવા માટે, સામગ્રીને માટે અને એકતાને માટે કારણભૂત થાય છે. તે કઈ? (૧) મૈત્રીમય કાયિક કર્મો, (૨) મૈત્રીમય વાચસિક કર્મો, (૩) મૈત્રીમય માનસિક કર્મો (૪) ઉપાસકો પાસેથી મળેલા દાન ધર્મનો આખા સંઘે સમવિભાગથી ઉપભોગ લેવો,

* બૌદ્ધસંઘનો પરિચય પૃ. ૩૭–૪૩ જુઓ.

(૫) પોતાના શીલમાં સહેજ પણ ઊણપ આવવા ન દેવી અને (૬) આર્યશ્રાવકને શોભે એવી સમ્ગક્ દૃષ્ટિ રાખવી."

આ સમ્યક્ દૃષ્ટિનું ભગવાને ઘણું વિવેચન કર્યું છે, તે અહીં સવિસ્તર આપવાની જરૂર જણાતી નથી. આ ઉપદેશને અંતે તે ભિક્ષુઓએ ભગવાનના ભાષણનું અભિનંદન કર્યું.

આનો અર્થ એવો થાય છે, કે એ ઝઘડો ત્યાં ને ત્યાં જ પતી ગયો. નહિ તો ભગવાનના ભાષણનું તે ભિક્ષુઓએ અભિનંદન શા માટે કર્યું હોત? મહાવગ્ગમાં અને ઉપક્કિલેસસુત્તમાં તે ભિક્ષુઓએ ભગવાનનું અભિનંદન કર્યાનો ઉલ્લેખ નથી; તેઓ ઝઘડતા જ રહ્યા અને તેમનાથી કંટાળીને ભગવાન ત્યાંથી નીકળીને પ્રાચીનવંસદાવ વનમાં ગયા એવું ત્યાં કહ્યું છે. આ પરસ્પર વિરોધનો મેળ કેવી રીતે બેસાડવો?

અંગુત્તરનિકાયના ચતુક્કનિપાતમાં ૨૪૧મા સુત્તમાં આ પ્રમાણે છે:

એક વખત ભગવાન કૌશામ્બી આગળ ઘોષિતારામમાં રહેતા હતા, ત્યારે આયુષ્માન આનંદ તેની પાસે આવીને નમસ્કાર કરીને એક બાજુએ બેઠો. તેને ભગવાને પુછ્યું, "હે આનંદ, પેલો ઝઘડો પત્યો કે નહિ?"

આ.—ભદન્ત, ઝઘડો કેવી રીતે પતે? અનુરુદ્ધનો શિષ્ય બાહિય જાણે સંઘભેદ કરવા જ પ્રવૃત્ત થયો છે; અને અનુરુદ્ધ તેને એક શબ્દ પણ કહેતો નથી.

ભ.—પણ, આનંદ, અનુરુદ્ધ સંઘના ઝઘડા પતાવવામાં કયારે હાથ ઘાલે છે? તું અને સારિપુત્ત મોગ્ગલ્લાન જ એ ઝઘડાઓ પતાવો છો ને?

આ ઉપરથી એમ જણાશે કે આ ઝઘડો બાહિયને લીધે ઉત્પન્ન થયો, અને વધવા પામ્યો. અને તે મટાડવા માટે ખુદ ભગવાનને પ્રયત્ન કરવો પડ્યો. તે ભિક્ષુઓની સભામાંથી ભગવાન કેટલોક સમય બીજે નીકળી ગયા હોય, તોપણ એ ઝઘડો કૌશામ્બીમાં જ પત્યો હોવો જોઈએ.

આવે પ્રસંગે ઝઘડાખોર ભિક્ષુઓને સીધા કરવા માટે ઉપાસકોએ તેમનો બહિષ્કાર કરવો અને તેઓ સીધા થાય એટલે ગમે તે રીતે ઝઘડો પતાવવો, એ બતાવવાના હેતુથી મહાવગ્ગના કર્તાએ આ વાર્તા રચી છે એવું સિદ્ધ થાય છે. આવા નજીવા ઝઘડાનું સંઘ પર અનિષ્ટ પરિણામ થવું બિલકુલ શક્ય નહોતું.

## ભિક્ષુણીસંઘની સ્થાપના

ભિક્ષુણીસંઘની સ્થાપનાની હકીકત ચુલ્લવગ્ગમાં આવી છે તેનો સાર આ પ્રમાણે છે:—

ભગવાન બુદ્ધ કપિલવસ્તુ આગળ નિગ્રોધારામમાં રહેતા હતા, ત્યારે મહાપ્રજાપતી ગોતમી ભગવાન પાસે આવીને બોલી, "ભદન્ત, સ્ત્રીઓને આપણા સંપ્રદાયમાં પ્રવ્રજ્યા લેવાની રજા આપો." ભગવાને તે વિનંતીનો ત્રણ વખત અસ્વીકાર કર્યો, અને તેઓ ત્યાંથી વૈશાલી આવ્યા. મહાપ્રજાપતી ગોતમી પોતાનું કેશવપન કરીને અને ઘણી શાક્ય સ્ત્રીઓને સાથે લઈને ભગવાનની પાછળ વૈશાલી આવી. પ્રવાસથી તેના પગ સૂજી ગયા હતા; શરીર ધૂળધૂળ બની ગયું હતું. અને તેના મોઢા ઉપર ઉદાસીનતા છવાઈ ગઈ હતી. તેને જોઈને આનંદે તેના દુઃખનું કારણ પૂછ્યું. "સ્ત્રીઓને બૌદ્ધ સંપ્રદાયમાં પ્રવ્રજ્યા લેવાની ભગવાન રજા આપતા નથી તેથી હું દુઃખી થઈ છું," એમ ગોતમીએ કહ્યું. તેને ત્યાં જ રોકાવાનું કહીને આનંદ ભગવાન પાસે ગયો અને સ્ત્રીઓને પ્રવ્રજ્યા લેવાની રજા આપો એવી તેણે ભગવાનને વિનંતિ કરી. ભગવાને એ વાતની ના પાડી ત્યારે આનંદે કહ્યું, "ભદન્ત, તથાગતે નિવેદન કરેલા ધર્મસંપ્રદાયમાં ભિક્ષુણી થઇને કોઈ સ્ત્રી સ્રોતઆપત્તિફલ, સકૃદાગામિફલ, અનાગામિફલ, અને અર્હત્ફલ * પ્રાપ્ત કરી શકે કે નહિ?" "કરી શકે," એવો જવાબ ભગવાને આપ્યો, ત્યારે આનંદે

* આ ચાર ફળોનું સ્પષ્ટીકરણ આ જ પ્રકરણમાં આગળ આપ્યું છે. પૃ. ૧૬૧-૧૬૨ જુઓ.

કહ્યું, "એમ હોય તો જે માસીએ ભગવાનને માની જગ્યાએ દૂધ પાઈને ઉછેર્યા તેની વિનંતીને માન આપીને ભગવાને સ્ત્રીઓને પ્રવ્રજ્યા આપવી."

ભગવાને કહ્યું, "જો મહાપ્રજાપતી ગોતમી આઠ જવાબદારીવાળા નિયમો ( **अट्ठ गरुधम्मा** ) સ્વીકારશે તો સ્ત્રીઓને પ્રવ્રજ્યા લેવાની હું રજા આપીશ. (૧) ભિક્ષુણી સંઘમાં ગમે તેટલાં વર્ષ રહી હોય તોપણ તેણે નાના મોટા બધા ભિક્ષુઓને વંદન કરવું જોઈએ. (૨) જે ગામમાં ભિક્ષુઓ નહિ હોય તે ગામમાં ભિક્ષુણીએ નહિ રહેવું જોઈએ. (૩) દર પખવાડિયે કયે દિવસે ઉપોસથ ક્યારે થાય અને ધર્મોપદેશ સાંભળવા ક્યારે આવવું, આ બે વાતો ભિક્ષુણીએ ભિક્ષુસંઘને પૂછવી. (૪) ચાતુર્માસ પછી ભિક્ષુણીએ ભિક્ષુસંઘની અને ભિક્ષુણીસંઘની પ્રવારણા * કરવી જોઈએ. (૫) જે ભિક્ષુણીને હાથે સંઘાદિશેષ આપતિ થઈ હોય, તેણે બંને સંઘો પાસેથી પંદર દિવસોનું માનત્ત† લેવું જોઈએ (૬) બે વરસ અભ્યાસ કર્યો હોય એવી શ્રામણેરીને બન્ને સંઘોએ ઉપસંપદા આપવી જોઈએ. (૭) કોઈપણ કારણસર ભિક્ષુણીએ ભિક્ષુને ગાળ નહિ આપવી જોઈએ. (૮) ભિક્ષુણીએ ભિક્ષુને ઉપદેશ નહિ આપવો જોઇએ; ભિક્ષુએ ભિક્ષુણીને ઉપદેશ કરવો."

આ આઠ નિયમ આનંદે મહાપ્રજાપતી ગોતમીને કહ્યા અને તેને તે પસંદ પડયા. અહીં સુધીની કથા અંગુત્તરનિકાયના અટ્ઠકનિપાતમાં પણ આપી છે. અને તે પછી ભગવાન આનંદને કહે છે, "હે આનંદ, જો સ્ત્રીને આ ધર્મવિનયમાં પ્રવ્રજ્યા મળી ન હોત તો આ ધર્મ (બ્રહ્મચર્ય) એક હજાર વર્ષ સુધી ટકચો

---

* સ્વદોષ કહેવા માટે સંઘને વિનંતિ કરવી. બૌદ્ધસંઘનો પરિચય પૃ. ૨૪–૨૬ જુઓ.

† સંઘના સંતોષને માટે વિહારની બહાર રાત ગાળવી. 'બૌદ્ધસંઘનો પરિચય' પૃ. ૪૭ જુઓ.

હોત. પણ હવે સ્ત્રીને સંન્યાસનો અધિકાર આપવામાં આવ્યો છે. તેથી આ સદ્ધર્મ ૫૦૦ વર્ષ સુધી જ ટકશે.''

આ રીતે વિનય અને અંગુત્તરનિકાય, એ બેમાં મેળ છે, તેમ છતાંય આ આઠ ગુરુધર્મ પાછળથી રચાયા એમ કહેવું પડે છે, કારણ કે વિનયના નિયમ બનાવવાની ભગવાનની જે પદ્ધતિ હતી તેનો આ નિયમો સાથે ખુલ્લો વિરોધ છે.

ભગવાન બુદ્ધ વેરંજા ગામની પાસે રહેતા હતા. તે વખતે વેરંજા ગામની આસપાસ દુકાળ પડવાથી ભિક્ષુઓને ખૂબ તકલીફ થવા લાગી. તેથી સારિપુત્તે ભગવાનને વિનંતી કરી કે ભિક્ષુઓને આચારવિચાર માટેના નિયમો બનાવી આપો. ભગવાને કહ્યું, "સારિપુત્ત, તું ધીરજ રાખ. નિયમ બનાવવાનો પ્રસંગ કયો તે તથાગત જ જાણે છે. સંઘમાં જ્યાં સુધી પાપાચાર દાખલ થયા નથી, ત્યાં સુધી તથાગત તેના નિવારણ માટે નિયમ બનાવતો નથી." *

આ બુદ્ધના વચનને અનુસરીને બધા નિયમોની રચના કરી છે. પહેલાં કોઈ ભિક્ષુ કોઈ ગુનો કે ભૂલ કરે છે એ વાતની જાણ થતાં બુદ્ધસંઘને ભેગો કરીને ભગવાન એકાદ નિયમ બનાવી આપે છે; અને તે નિયમનો યોગ્ય અર્થ કરવામાં આવતો નથી એવો અનુભવ આવે તો ભગવાન તેમાં સુધારો કરે છે.

પણ મહાપ્રજાપતી ગોતમીની બાબતમાં આ પદ્ધતિનો અંગીકાર કર્યો નથી. ભિક્ષુણીસંઘમાં કોઈ પણ દોષ થયો નહોતો; તેમ છતાંય શરૂઆતમાં જ ભિક્ષુણીઓની ઉપર આ આઠ નિયમો લાદવામાં આવે, એ વિચિત્ર લાગે છે અને ભિક્ષુસંઘે પોતાના હાથમાં બધી સત્તા રાખવા માટે પાછળથી આ નિયમો રચીને વિનયમાં અને અંગુત્તરનિકાયમાં દાખલ કર્યા એવું અનુમાન થઈ શકે છે.

* બૌદ્ધસંઘનો પરિચય પૃ. ૫૨–૫૩ જુઓ.

વિનયપિટક કરતાં સુત્તપિટક વધુ પ્રાચીન છે. તેમ છતાં તેમાં કેટલાંક સુત્તો પાછળથી દાખલ કરવામાં આવ્યાં અને આ સુત્ત તેમાંનું એક હોય એવું લાગે છે. ઈ. સ. પૂર્વે પહેલા કે બીજા સૈકામાં જ્યારે મહાયાન પંથનો પ્રચાર જોસભેર થવા લાગ્યો તે વખતે તે લખાયું હોવું જોઈએ. તેમાં સદ્ધર્મ એટલે સ્થવિરવાદી પંથ. ભિક્ષુણી સંઘની સ્થાપનાને લીધે તે ૫૦૦ વર્ષ ટકશે અને પછી જ્યાં ત્યાં મહાયાન સંપ્રદાયનો પ્રસાર થશે, એવો આ સુત્ત-કર્તાનો ભવિષ્યવાદ હશે. આ સુત્ત ભગવાન બુદ્ધના પરિનિર્વાણને ૫૦૦ વર્ષ થઈ ગયાં પછી લખાયું એમ આ ભવિષ્ય ઉપરથી જ સિદ્ધ થાય છે.

ભારતવર્ષમાં પહેલો ભિક્ષુણીસંઘ બુદ્ધે જ સ્થાપન કર્યો હોત તો કદાચ આ આઠ ગુરુધર્મોની કેટલેક અંશે ઇતિહાસમાં ગણના કરી શકાઈ હોત. પણ વસ્તુસ્થિતિ તેવી નહોતી. જૈન અને બીજા સંપ્રદાયો બૌદ્ધ સંપ્રદાયથી એક બે સૈકા પહેલાં અસ્તિત્વમાં આવ્યા હતા અને તે સંપ્રદાયોમાં ભિક્ષુણીઓના મોટા મોટા સંઘ હતા અને તેમાંની કેટલીક ભિક્ષુણીઓ બુદ્ધિમાન અને વિદુષી હતી, એવી માહિતી પાલિ સાહિત્યમાં ઘણી જગ્યાએ મળી આવે છે. એ જ પદ્ધતિને અનુસરીને બુદ્ધનો ભિક્ષુણી સંઘ સ્થાપન કરવામાં આવ્યો. ગણસત્તાક રાજ્યોમાં અને જે દેશોમાં એકસત્તાક રાજ્ય-પદ્ધતિ સ્થાપન થઈ હતી ત્યાંપણ સ્ત્રીઓનું માન સારી પેઠે જળવાતું હતું. આથી ભિક્ષુણીસંઘના રક્ષણ માટે વિચિત્ર નિયમ બનાવવાની સહેજ પણ જરૂર નહોતી. અશોકના સમય પછી આ પરિસ્થિતિ બદલાઈ. આ દેશ પર યવન અને શક લોકોની ચડાઈઓ થવા લાગી અને ધીરે ધીરે સ્ત્રીઓનો દરજ્જો નીચે ઊતર્યો, અને સમાજમાં તેમનું માન ઘટ્યું. આવા સમયમાં ભિક્ષુણીઓ માટે આવી જાતના નિયમો ઘડાય તેમાં શી નવાઈ?

## રાહુલ શ્રામણેર

ભિક્ષુસંઘ અને ભિક્ષુણીસંઘ સ્થાપન થયા પછી તેમાં શ્રામણેર અને શ્રામણેરીઓને દાખલ કરવાં પડ્યાં. સૌથી પહેલાં ભગવાન બુદ્ધે રાહુલને શ્રામણેર બનાવ્યાની કથા મહાવગ્ગમાં આવી છે, તે આ પ્રમાણે—

ભગવાન કેટલોક વખત રાજગૃહમાં રહીને કપિલવસ્તુ આવ્યા. ત્યાં તે નિગ્રોધારામમાં રહેતા હતા. એક દિવસ ભગવાન શુદ્ધોદનના ઘર પાસે ભિક્ષાટન કરતા હતા ત્યારે રાહુલમાતાએ તેમને જોયા, ત્યારે તેણે રાહુલને કહ્યું, "બેટા રાહુલ, આ તારા પિતા છે, તેમની પાસે જઈને તું તારો પોતાનો દાયભાગ (વારસો) માગી લે." માતાનું વચન સાંભળીને રાહુલ ભગવાનની સામે જઈને ઊભો રહ્યો અને બોલ્યો, "હે શ્રમણ, તારી છાયા સુખકર છે." ભગવાન ત્યાંથી ચાલ્યા ગયા. રાહુલ 'મારો દાયભાગ દ્યો' એમ કહેતો કહેતો તેની પછવાડે ગયો. વિહારમાં પહોંચ્યા પછી પોતાનો દાયાદ્ય (વારસો) રાહુલને આપવાના ઉદ્દેશથી ભગવાને સારિપુત્તને બોલાવીને રાહુલને શ્રામણેર બનાવ્યો. આ વાત શુદ્ધોદનને ગમી નહિ. નાનાં બાળકોને પ્રવ્રજ્યા આપવાથી તેમના પાલકોને કેવું દુઃખ થાય છે એ કહીને તેણે ભગવાન પાસે એવો નિયમ કરાવ્યો કે અલ્પવયી માણસને પ્રવ્રજ્યા આપવી નહિ.

આ કથા ઐતિહાસિક કસોટીએ ટકતી નથી. એક તો શુદ્ધોદન શાક્ય કપિલવસ્તુમાં રહેતો નહોતો. બીજું એ કે નિગ્રોધારામ બુદ્ધની ઉત્તરાવસ્થામાં બાંધવામાં આવ્યો હતો અને તે વખતે રાહુલ અલ્પવયી ન હતો. આથી આ વાર્તા ઘણાં શતકો પછી રચીને મહાવગ્ગમાં દાખલ કરી છે, એમ કહેવું પડે છે.

ભગવાન બુદ્ધે રાહુલને શ્રામણેરદીક્ષા આપી તે વખતે તેની ઉંમર સાત વર્ષની હતી એવું અમ્બલટ્ઠિકરાહુલોવાદ સુત્તની અટ્ઠકથામાં કહ્યું છે, અને એજ માન્યતા બૌદ્ધ લોકોમાં હજુ પણ પ્રચલિત છે. બોધિસત્ત્વના ગૃહત્યાગને દિવસે રાહુલકુમાર જન્મ્યો એમ માની

લઈએ તો તે શ્રામણેર દીક્ષાને વખતે સાત વર્ષનો હોય એ સંભવતું નથી. કારણ કે ગૃહત્યાગ પછી બોધિસત્ત્વે સાત વર્ષ સુધી તપશ્ચર્યા કરી અને તત્ત્વબોધ થયા પછી પહેલો ચાતુર્માસ વારાણસીમાં ગાળ્યો; અને ત્યાર પછી સંઘ સ્થાપન થતાં એક વર્ષ તો ગયું હોવું જોઈએ. આથી શ્રામણેરદીક્ષા વખતે રાહુલકુમાર સાત વર્ષનો હોય એ સંભવતું નથી.

રાહુલને કેવી રીતે શ્રામણેર બનાવવામાં આવ્યો તેનું અનુમાન સુત્તનિપાતના રાહુલસુત્ત ઉપરથી કરી શકાય છે. તેથી તે સુત્તનું ભાષાંતર અહીં આપું છું.

(ભગવાન— ) (૧) સતત પરિચયથી તું પંડિતની અવજ્ઞા કરતો નથી ને? મનુષ્યોને જ્ઞાનપ્રદ્યોત બતાવનારની તું યોગ્યસેવા કરે છે ને?

(રાહુલ— ) (૨) હું સતત પરિચયને લીધે પંડિતની અવજ્ઞા કરતો નથી. મનુષ્યોને જ્ઞાનપ્રદ્યોત બતાવનારની હું હંમેશા યોગ્ય સેવા કરું છું.

(આ પ્રાસ્તાવિક ગાથાઓ છે)

(ભગવાન— ) (૩) પ્રિય લાગતા મનોરમ (પંચેંદ્રિયોના) પાંચ કામોપભોગ છોડીને શ્રદ્ધાપૂર્વક ઘરમાંથી બહાર નીકળ અને દુઃખનો અંત કરનાર થા.

(૪) કલ્યાણ મિત્રોની સોબત કર, જ્યાં બહુ ગરબડ નથી એવા એકાંત સ્થળે તું તારું વસતિસ્થાન રાખ અને મિતાહારી થા.

(૫) ચીવર (વસ્ત્ર), પિંડપાત (અન્ન), ઔષધિપદાર્થ અને રહેવાની જગ્યા: આની તૃષ્ણા રાખીશ નહિ અને પુનર્જન્મ લઈશ નહિ.

(૬) વિનયના નિયમોમાં અને પંચેંદ્રિયોમાં સંયમ રાખ; કાયગતા સ્મૃતિ રહેવા દે; અને વૈરાગ્યપૂર્ણ થા.

(૭) કામવિકારથી મિશ્રિત એવું વિષયોનું શુભનિમિત્ત મૂકી દે

અને એકાગ્રતા અને સમાધિ મેળવી આપનાર અશુભ નિમિત્તની ભાવના* કર.

(૮) અને અનિમિત્તની (નિર્વાણની) ભાવના કર અને અહંકાર તજી દે. અહંકારનો નાશ કર્યા પછી તું શાંતિથી રહીશ.

આ રીતે ભગવાને આ ગાથાઓ વડે રાહુલને ફરી ફરી ઉપદેશ કર્યો.

આ સુત્તમાં એકંદરે આઠ ગાથાઓ છે. તેમાંની બીજી રાહુલની અને બાકીની ભગવાનની એવું અટ્ઠકથામાં કહેલું છે. પહેલી ગાથામાં ભગવાને જેને પંડિત કહ્યો છે તે સારિપુત્ત હતો, એવું પણ અટ્ઠકથાકાર કહે છે અને તે સાચું હોય એમ લાગે છે. રાહુલ નાનો હતો ત્યારે જ તેના શિક્ષણને માટે ભગવાને તેને સારિપુત્તને સોંપી દીધો હતો અને એક બે વર્ષ પછી રાહુલ ઉંમર લાયક થયો ત્યારે ભગવાને તેને ઉપદેશ આપ્યો હશે. કારણ કે આ સુત્તમાં કહેલી વાતો નાના બાળકને સમજવા જેવી નથી. રાહુલ શ્રામણેર થયો હોત તો "શ્રદ્ધાપૂર્વક ઘરમાંથી બહાર નીકળીને દુઃખનો અંત કરનાર થજે," એવો ઉપદેશ તેને આપવાની જરૂર જ નહોતી.

બ્રાહ્મણ જુવાનો ગુરુને ઘેર જઈને બ્રહ્મચર્યપૂર્વક વેદાધ્યયન કરતા અને પછી ઇચ્છા મુજબ ગૃહસ્થાશ્રમ અથવા તપશ્ચર્યાનો માર્ગ લેતા. એવો જ પ્રકાર રાહુલની બાબતમાં બન્યો હશે. તેને સર્વ સાધારણ જ્ઞાન મળે એ ઉદ્દેશથી ભગવાને તેને સારિપુત્તને સોંપી દીધો, અને તે સારિપુત્ત સાથે રહેતો હોવાથી તેને બ્રહ્મચર્ય પાળવું આવશ્યક જ હતું. ઉંમરમાં આવ્યા પછી તે ફરી ગૃહસ્થાશ્રમમાં ન જાય એટલા ખાતર ભગવાને તેને આ ઉપદેશ આપ્યો અને અને રાહુલની આ કથાના પાયા પર મહાવગ્ગકારે શ્રામણેરોની વિસ્તૃત કથા રચી.

* અશુભ ભાવના વિશે 'સમાધિ માર્ગ,' પૃ. ૪૯–૫૮ જુઓ.

## બીજા શ્રામણેરો

ભગવાન બુદ્ધની હયાતીમાં નાની ઉમરમાં સંઘમાં જોડાનાર શ્રામણેરો ઘણા જ ઓછા હતા. પણ બીજા સંપ્રદાયોમાંથી જે પરિવ્રાજકો આવતા, તેમને ચાર મહિના ઉમેદવારી કરવી પડતી; અને આવી જાતના શ્રામણેરોની સંખ્યા જ વધારે હતી એમ લાગે છે. દીઘનિકાયના મહાસીહનાદ સુત્તને અન્તે કાશ્યપ પરિવ્રાજક બુદ્ધના ભિક્ષુસંઘમાં પ્રવેશ કરવાની ઇચ્છા બતાવે છે, ત્યારે ભગવાન કહે છે, " હે કાશ્યપ, આ સંપ્રદાયમાં જે કોઈ પ્રવ્રજ્યા લઇને સંઘમાં પ્રવેશ કરવા માગે છે, તેને ચાર મહિના ઉમેદવારી કરવી પડે છે. ચાર મહિના પછી ભિક્ષુઓની ખાતરી થાય એટલે તેઓ તેને પ્રવ્રજ્યા આપીને સંઘમાં દાખલ કરે છે. આ બાબતમાં કેટલાક અપવાદ છે, એ હું જાણું છું. "

આ નિયમને અનુરીને કાશ્યપે ચાર મહિના ઉમેદવારી કરી અને ભિક્ષુઓની ખાતરી થયા પછી તેને સંઘમાં દાખલ કરી દીધો.

## શ્રામણેરસંસ્થાની વૃદ્ધિ

શ્રામણેરોની સંસ્થા ભગવાનના પરિનિર્વાણ પછી વધવા માંડી અને ધીરે ધીરે નાની ઉમરમાં શ્રામણેર થઇને ભિક્ષુ થનારાની સંખ્યા ખૂબ વધી. આથી સંઘમાં અનેક દોષો પેદા થયા. ખુદ ભગવાન બુદ્ધ અને તેનો ભિક્ષુસંઘ એ બધાને ગૃહસ્થાશ્રમનો પૂરેપૂરો અનુભવ હતો. અને તેથી તેમનું મન ફરી ગૃહસ્થાશ્રમ તરફ જાય એ શકય ન હતું. પણ નાની ઉમરમાં જ સંન્યાસ દીક્ષા આપીને જેમને સંસારમાંથી બહાર કાઢયા, તેમનું મન સંસાર તરફ આકર્ષાય એ સ્વાભાવિક હતું. પણ રૂઢિ તેમની આડે આવી અને તેમનાથી અનેક માનસિક દોષો થવા લાગ્યા. સંઘના વિનાશને માટેનાં અનેક કારણોમાં આ એક મુખ્ય કારણ ગણવું જોઇએ.

શ્રામણેરોની પદ્ધતિને અનુસરીને જ શ્રામણેરીઓની સંસ્થા

રચવામાં આવી હતી. શ્રામણેરો ભિક્ષુઓના અને શ્રામણેરીઓ ભિક્ષુણીઓના આશ્રયે રહેતાં હતાં, એટલો જ એ બેમાં ફરક હતો.

## શ્રાવકસંઘના ચાર વિભાગ

પણ સંઘના ચાર વિભાગોમાં શ્રામણેરોની અને શ્રામણેરીઓની ગણના કરી નથી. તેથી ભગવાનની હૈયાતીમાં તેમને સહેજ પણ મહત્ત્વ ન હતું, એમ માનવું જોઈએ. ભિક્ષુ, ભિક્ષુણી, ઉપાસક અને ઉપાસિકા એ જ બુદ્ધના શ્રાવકસંઘના વિભાગ છે.

ભિક્ષુસંઘનું કાર્ય ઘણું મોટું હતું 'એમાં શંકા નથી. તોપણ ભિક્ષુણી, ઉપાસક અને ઉપાસિકાઓએ પણ સંઘની અભ્યુન્નતિમાં મોટો ફાળો આપ્યો હતો, એવા અનેક દાખલાઓ ત્રિપિટક સાહિત્યમાં મળે છે.

## સ્ત્રીઓનો દરજ્જો

બુદ્ધના ધર્મમાર્ગમાં સ્ત્રીઓનો દરજ્જો પુરુષો જેટલો જ હતો. એ વાત સોમા ભિક્ષુણીનો માર સાથે જે સંવાદ થયો તે પરથી જણાઈ આવશે.

બપોરના વખતમાં સોમા ભિક્ષુણી શ્રાવસ્તીની પાસેના અંધવનમાં ધ્યાન કરવા બેઠી ત્યારે માર તેની પાસે આવીને બોલ્યો,

**यन्तं इसीहि पत्तब्बं ठानं दुरभिसंभवं ॥**
**न तं द्वंगुलपञ्ञाय सक्का पप्पोतुमित्थिया ॥**

'જે (નિર્વાણ) સ્થાન ઋષિઓને મળવું મુશ્કેલ, તે સ્થાન (ભાત ચઢ્યો હોય ત્યારે તપાસી જોવાની) બે આંગળીઓની જેની પ્રજ્ઞા, એવી સ્ત્રીને મળી શકે એ સંભવતું નથી.

સોમાભિક્ષુણીએ કહ્યું,

**इत्थिभावो किं कयिरा चितम्हि सुसमाहिते ।**
**ञाणम्हि वत्तमानम्हि सम्मा धम्मं विपस्सतो ॥**
**यस्स नून सिया एवं इत्थाहं पुरिसो ति वा ।**
**किञ्चि वा पन अस्मीति तं मारो वत्तुमरहति[१] ॥**

૧. ભિક્ખુણીસંયુત્ત, સુત્ત ૨.

'ચિત્ત સારી પેઠે સમાધાન પામ્યું હોય અને જ્ઞાનલાભ થયો હોય ત્યારે સમ્યક્ રીતે ધર્મ જાણનાર વ્યક્તિને (નિર્વાણ માર્ગમાં) સ્ત્રીત્વ કેવી રીતે આડે આવે? જેને હું સ્ત્રી છું, હું પુરુષ છું, અથવા હું પણ કોઈક છું, એવો અહંકાર હોય[1] તેને માર આવી વાત કરે!' પોતાને સોમા ભિક્ષુણીએ ઓળખી કાઢ્યો, એમ જાણીને માર દુઃખિત હૃદયે ત્યાં જ અન્તર્ધાન પામ્યો.

આ સંવાદ કાવ્યમય છે. તો પણ તે પરથી બૌદ્ધસંઘમાં સ્ત્રીઓનો દરજ્જો કેવો હતો, તે સ્પષ્ટ થાય છે.

## નિર્વાણમાર્ગમાંના શ્રાવકોના ચાર ભેદ

નિર્વાણમાર્ગમાં શ્રાવકોના સોતાપન્ન, સકદાગામી, અનાગામી અને અરહા એ ચાર ભેદ હતા. સક્કાય દિટ્ઠિ (આત્મા ભિન્ન પદાર્થ હોઈ તે નિત્ય છે એવી દૃષ્ટિ), વિચિકિચ્છા (બુદ્ધ, ધર્મ અને સંઘ એ વિષે જ શંકા કે અવિશ્વાસ), સીલબ્બતપરામાસ (સ્નાનાદિક વ્રતો અને ઉપવાસો વડે મુક્તિ મળશે એવો વિશ્વાસ) એ ત્રણ સંયોજનોનો (બંધનોનો) નાશ કરીને શ્રાવક સોતાપન્ન થાય છે; અને તે માર્ગમાં એ સ્થિર થાય એટલે તેને સોતાપત્તિ ફલટ્ઠો[2] કહે છે. તે પછી કામરાગ (કામવાસના) અને પટિઘ (ક્રોધ) એ બે સંયોજનો શિથિલ થઈને અજ્ઞાન ઓછું થાય એટલે તે સકદાગામી થાય છે; અને તે માર્ગમાં સ્થિર થયા પછી તેને સકદાગામી ફલટ્ઠો કહે છે. આ પાંચેય સંયોજનોનો પૂર્ણપણે નાશ કર્યા પછી શ્રાવક અનાગામી થાય છે અને તે માર્ગમાં સ્થિર થયા પછી તેને અનાગામિફલટ્ઠો કહે છે. તે પછી રૂપરાગ (બ્રહ્મલોકાદિ પ્રાપ્તિની ઇચ્છા) અરૂપરાગ (અરૂપ દેવલોક પ્રાપ્તિની ઇચ્છા), માન (અહંકાર), ઉદ્ધચ્ચ (ભ્રાન્તચિત્તતા)

---

૧. અહંકાર ત્રણ પ્રકારના: (૧) હું શ્રેષ્ઠ છું એવી માન્યતા (૨) હું સદૃશ છું એવી માન્યતા અને (૩) હું હીન છું એવી માન્યતા. વિભંગ (P.T.S.) પૃ. ૩૪૬ અને ૩૫૩.

૨. ફલટ્ઠો-**फलस्थः**

અને અવિજ્જા ( અવિદ્યા ), અને અવિજ્જા ( અવિદ્યા ) આ પાંચ સંયોજનોનો ક્ષય કરીને તે અરહા ( અર્હન્ ) થાય છે; અને તે માર્ગમાં સ્થિર થયો એટલે તેને અરહપ્ફલટ્ઠો (અર્હત્ફલસ્થ) કહે છે. આ પ્રકારે શ્રાવકોના ચાર અથવા આઠ ભેદ કરવામાં આવે છે.

ચિત્ર અને વિશાખ એ ગૃહસ્થો હોઈને અનાગામી હતા. અને આનંદ ભિક્ષુ હતો ત્યારે ભગવાન બુદ્ધની હૈયાતીમાં કેવળ સોતાપન્ન હતો. ક્ષેમા, ઉત્પલવર્ણા ઇત્યાદિ ભિક્ષુણીઓ અર્હત્પદને પામ્યાં હતાં. તેથી નિર્વાણમાં પ્રગતિ કરવામાં તેમનાં સ્ત્રીત્વ કે ગૃહસ્થત્વ બિલકુલ આડે આવતાં નહોતાં.

## સંઘની પ્રતિષ્ઠા

**बुद्धं सरणं गच्छामि।**
**धम्मं सरणं गच्छामि।**
**संघं सरणं गच्छामि।**

આને શરણગમન કહે છે. આજે પણ બૌદ્ધ જનતા આ ત્રિશરણ બોલે છે. આ રૂઢિ બુદ્ધની હૈયાતીમાં જ શરૂ થઈ હોવી જોઈએ. ભગવાન બુદ્ધે સંઘને પોતાના ધર્મ જેટલું જ મહત્ત્વ આપ્યું, એ વાત ધ્યાનમાં લેવા જેવી છે. બીજા કોઈ પણ ધર્મમાં આ પ્રણાલી નથી. ઈશુ ખ્રિસ્ત કહે છે "હે દુ:ખી અને ભારાક્રાન્ત લોકો, તમે બધાં મારી પાસે આવો, એટલે હું તમને વિશ્રાંતિ આપીશ." *

અને ભગવાન કૃષ્ણ કહે છે,

**सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज।**
**अहं त्वा सर्व पापेभ्यो मोक्षयिष्यामि मा शुचः॥**

'બધા ધર્મ છોડીને તું મને એકને જ શરણ જજે; હું તને બધાં પાપોથી મુક્ત કરીશ. તું શોક કરીશ નહિ.'

---

* Matthew 11, 28.
ભગવદ્ગીતા, અ. ૧૮. શ્લો. ૬૬.

પણ ભગવાન બુદ્ધ કહે છે, "તમે બુદ્ધ, ધર્મ અને સંઘ એ ત્રણનો આશ્રય લઈને પોતાના પરિશ્રમથી પોતાના અને બીજાના દુઃખનો નાશ કરો; દુનિયાનું દુઃખ ઓછું કરો."

દુનિયાનાં સુજ્ઞ અને શીલવાન સ્ત્રીપુરુષોનો મોટો સંઘ બનાવીને તેનું આપણે શરણ લઈએ, તો દુઃખવિનાશનો માર્ગ સુગમ ન થાય?

## સંઘ જ બધાંનો નેતા

ભગવાન બુદ્ધે પોતાની પાછળ સંઘનો કોઈ નેતા નીમ્યો નહિ; આખા સંઘે મળીને સંઘકાર્યો કરવાં જોઈએ, એવો નિયમ કરી આપ્યો. એકસત્તાક રાજ્યપદ્ધતિથી ટેવાયેલા લોકોને બુદ્ધની આ પદ્ધતિ વિચિત્ર લાગી હોય તો તેમાં નવાઈ નથી.

ભગવાન પરિનિર્વાણ પામ્યાને ઝાઝો સમય વીત્યો ન હતો, તે વખતે આનંદ રાજગૃહમાં રહેતો હતો. પ્રદ્યોતના ભયથી અજાતશત્રુ રાજાએ રાજગૃહનું સમારકામ હાથમાં લીધું; અને તે કામને માટે ગોપક મોગ્ગલ્લાન બ્રાહ્મણની નિમણૂક કરી. આયુષ્યમાન આનંદ રાજગૃહમાં ભિક્ષા માટે નીકળ્યો. પણ ભિક્ષાટનને હજી સમય છે એમ લાગવાથી તે ગોપક મોગ્ગલ્લાન બ્રાહ્મણના કામની જગ્યાએ ગયો. બ્રાહ્મણે તેને આસન આપ્યું અને પોતે નીચેના આસન પર બેસીને પ્રશ્ન પૂછ્યો, "ભગવાન જેવો કોઈ ગુણી ભિક્ષુ છે?" આનંદે 'નથી' એવો જવાબ આપ્યો.

આ વાતચીત ચાલતી હતી ત્યાં મગધ દેશનો મુખ્ય મંત્રી વસ્સકાર બ્રાહ્મણ ત્યાં આવ્યો; અને તેણે ચાલેલી વાતચીત સમજી લઈને આનંદને પ્રશ્ન કર્યો, "ભગવાને એવા કોઈ ભિક્ષુની પસંદગી કરી છે કે ભગવાનની અનુપસ્થિતિમાં સંઘ તે ભિક્ષુનું શરણ લઈ શકે?" આનંદે 'નહિ' એવો જવાબ આપ્યો ત્યારે વસ્સકારે કહ્યું, "તમારા આ ભિક્ષુસંઘને કોઈ નેતા જ નથી. તો પછી આ સંઘમાં વ્યવસ્થા કેવી રીતે રહે છે?" આનંદે કહ્યું, "અમારો નેતા નથી એમ ના માનશો. ભગવાને વિનયના નિયમો ઘડી

આપ્યા છે. જેટલા ભિક્ષુઓ એક ગામમાં રહે છે, તેટલા ભેગા મળીને તે નિયમોનું અમે પરિશીલન કરીએ છીએ; જેનાથી કોઈ ભૂલ થઈ હોય તો તે પોતાની ભૂલ પ્રગટ કરે છે અને તે માટે પ્રાયશ્ચિત લે છે......કોઈ ભિક્ષુ, શીલાદિક ગુણોથી સંપન્ન હોય તો અમે તેનો આદર કરીએ છીએ અને તેની સલાહ લઈએ છીએ." *

વસ્સકાર બ્રાહ્મણ અજાતશત્રુ રાજાનો દિવાન હતો. કોઈ પણ સર્વાધિકારી વ્યક્તિ ન હોય તો રાજ્યવ્યવસ્થા બરાબર ન ચાલી શકે, એવો તેનો નિશ્ચિત અભિપ્રાય હોવો જોઈએ. બુદ્ધે પોતાની ગાદીપર કોઈને બેસાડયો નહિ, તે છતાં સંઘે તો કોઈ ભિક્ષુને પસંદ કરીને તે ગાદીપર તેને બેસાડવો જોઈએ, એવો વસ્સકાર બ્રાહ્મણનો મત હતો. પણ આ સર્વાધિકારી વિના બુદ્ધની પાછળ પણ સંઘનું કામ વ્યવસ્થિત ચાલ્યું; આ ઉપરથી બુદ્ધે કરેલી સંઘની રચના યોગ્ય હતી, એમ કહેવું પડે છે.

* મજ્ઝિમનિકાય, ગોપકમોગ્ગલ્લાન સુત્ત (નં. ૧૦૮) જુઓ.

# આત્મવાદ

## આત્મવાદી શ્રમણો

નિવાપસુત્તમાં બુદ્ધના સમકાલીન શ્રમણબ્રાહ્મણોના સ્થૂલરૂપે ચાર વર્ગો પાડવામાં આવ્યા છે. તેમાંનો પહેલો વર્ગ યજ્ઞયાગ કરીને સોમરસ પીવાવાળા બ્રાહ્મણોનો છે. એવા વિલાસ વડે જ મોક્ષ મળે છે, એવી તેમની માન્યતા હતી. યજ્ઞયાગ અને સોમપાનથી કંટાળીને જે ઋષિઓએ અરણ્યવાસ સ્વીકાર્યો અને તીવ્ર તપશ્ચર્યા આદરી તેમનો સમાવેશ બીજા વર્ગમાં થાય છે. પણ તેઓ ઝાઝો સમય અરણ્યમાં રહી શક્યા નહિ અને ફરી પાછા સંસારમાં આવીને મોજશોખમાં જ સુખ માનવા લાગ્યા. આના ઉદાહરણ રૂપે પરાશર, ઋષ્યશૃંગ ઇત્યાદિ ઋષિઓ છે. આ ત્રીજા વર્ગના શ્રમણબ્રાહ્મણો એટલે ગામની નજીકમાં જ રહી મિત ભોજન કરનાર શ્રમણો. પણ આ લોકો આત્મવાદમાં પડ્યા. કોઈ કહે, કે આત્મા શાશ્વત છે, તો કોઈ કહે કે તે અશાશ્વત છે—એવી જાતના વાદવિવાદમાં પડવાથી તેઓ પણ મારના સકંજામાં સપડાયા. ભગવાન બુદ્ધે આ આત્મવાદ છોડી દીધો અને પોતાનું તત્ત્વજ્ઞાન સત્યના પાયા ઉપર રચ્યું. આથી તેના શ્રાવકો મારની જાળમાં સપડાયા નહિ, તેથી તેમનો સમાવેશ ચોથી જાતના શ્રમણબ્રાહ્મણોમાં કર્યો છે.*

* પૃષ્ઠ ૬૯–૭૨.

ભગવાન બુદ્ધે આવી જાતનો આત્મવાદ શા માટે મૂકી દીધો તેનો વિચાર કરતાં પહેલાં તેના સમયના શ્રમણબ્રાહ્મણોના આત્મવાદનાં સ્વરૂપો શા હતાં, તે જોઈ લેવું જોઈએ. તે સમયમાં એકંદરે ૬૨ શ્રમણપંથો હતા, એ ત્રીજા પ્રકરણમાં કહ્યું છે.× આમાંનો એક પણ પંથ આત્મવાદથી મુક્ત નહોતો. પણ તે બધાનું તત્ત્વજ્ઞાન આજે ઉપલબ્ધ નથી. એમાંના જે ૭ મોટા સંઘો હતા તેમના તત્ત્વજ્ઞાનનો ઘણો ભાગ પાલિ સાહિત્યમાં જળવાઈ રહ્યો છે; અને તેને આધારે બીજા શ્રમણબ્રાહ્મણોના આત્મવાદનું અનુમાન થઈ શકે એમ છે, તેથી પહેલાં તેમના તત્ત્વજ્ઞાનનો વિચાર કરવો ઠીક થશે.

## અક્રિયવાદ

આ છમાંનો પહેલો પૂરણ કસ્સપ અક્રિયવાદનો પુરસ્કર્તા હતો. તે કહેતો "કોઈ પણ માણસ કાંઈ પણ કરે કે કરાવે, કાપે કે કપાવે, દુ:ખ આપે કે અપાવે, શોક કરે કે કરાવે, એને પોતાને તકલીફ થાય કે એ બીજાને તકલીફ આપે, એને ડર લાગે કે એ બીજાને ડર બતાવે, એ પ્રાણીઓને મારી નાખે, ચોરી કરે, ઘરમાં ખાતર પાડે, એક જ ઘર પર હુમલો કરે, વાટમાં લૂંટફાટ કરે, પરદારાગમન કરે અથવા અસત્ય ભાષણ કરે, તોપણ તેને પાપ લાગતું નથી. તીક્ષ્ણ ધારવાળા ચક્ર વડે કોઈ માણસ આ પૃથ્વી પરના પ્રાણીઓના માંસનો ઢગલો કરે તોપણ તેમાં કશું જ પાપ નથી, તેમાં કશો જ દોષ નથી. ગંગા નદીને દક્ષિણ કિનારે જઈને કોઈ માણસ મારામારી કરે, કાપે, કપાવે, તકલીફ આપે અથવા અપાવે, તોપણ તેમાં જરાય પાપ નથી. ગંગા નદીના ઉત્તર કિનારે જઈને કોઈ માણસ દાન આપે કે અપાવે, યજ્ઞ કરે અથવા કરાવે તોપણ તેનાથી કશું જ પુણ્ય મળતું નથી. દાન, ધર્મ, સંયમ, સત્યભાષણ એ બધાં વડે પુણ્ય પ્રાપ્ત થતું નથી."

## નિયતિવાદ

મક્ખલિ ગોસાલ સંસારશુદ્ધિવાદી અથવા નિયતિવાદી હતો.

× પૃષ્ઠ ૫૦–૫૧.

તે કહેતો, "પ્રાણીની અપવિત્રતાને માટે કશો હેતુ નથી, કશું કારણ નથી. હેતુ વિના, કારણ વિના, પ્રાણીઓ અપવિત્ર થાય છે. પ્રાણીની શુદ્ધિને કશો હેતુ નથી, કશું કારણ નથી. હેતુ વિના, કારણ વિના પ્રાણીઓ શુદ્ધ થાય છે. પોતાના સામર્થ્યવડે કશું થતું નથી. બીજાના સામર્થ્ય વડે કશું થતું નથી. પુરુષના સામર્થ્ય વડે કશું થતું નથી. બલ નથી, વીર્ય નથી, પુરુષશક્તિ નથી, પુરુષપરાક્રમ નથી. સર્વ સત્ત્વો, સર્વ પ્રાણીઓ, સર્વ ભૂતો, સર્વ જીવો અવશ, દુર્બલ અને નિર્વીર્ય છે. તેઓ નિયતિ (નસીબ), સંગતિ અને સ્વભાવને લઈને પરિણત થાય છે. અને છ માંથી કોઈ પણ એક જાતિમાં (વર્ગમાં) રહીને સુખ-દુ:ખનો ઉપભોગ કરે છે.......ડાહ્યાઓ અને મૂર્ખાઓ બન્ને ચોરાસી લાખના ફેરામાંથી પસાર થાય, ત્યારે જ તેમનાં દુ:ખોનો નાશ થાય છે. કોઈ માણસ એમ કહે, કે શીલ વડે, વ્રત વડે, તપ વડે અથવા બ્રહ્મચર્ય વડે હું અપરિપકવ કર્મોને પકવ કરીશ, અથવા પરિપકવ થયેલા કર્મનાં ફળ ભોગવીને તેને નષ્ટ કરી નાખીશ, તોપણ તેનાથી તે થઈ શકશે નહિ. આ સંસારમાં સુખો અને દુ:ખો પરિમિત પહિયાથી (માપોથી) ગણી શકાય તેવી નિશ્ચિત સંખ્યામાં હોય છે. તેમાં વધારો કે ઘટાડો કરી શકાતો નથી. જેવી રીતે સૂતરની દડી ફેંકીએ તો તે આખી ઊખળે ત્યાં સુધી ગબડ્યા કરશે, તેવી જ રીતે ડાહ્યાઓ અને મૂર્ખાઓ (સંસારના) સમગ્ર ફેરાઓમાંથી પસાર થશે ત્યારે જ તેમનાં દુ:ખોનો નાશ થશે."

## ઉચ્છેદવાદ

અજિત કેસકમ્બલ ઉચ્છેદવાદી હતો. તે કહેતો, "દાન, યજ્ઞ, હોમ એ બધાંમાં કશું નથી; સારું કે ખરાબ એ કર્મનું ફળ અને પરિણામ નથી; ઇહલોક, પરલોક, માતાપિતા અથવા ઔપપાતિક (દેવ કે નરકવાસી) પ્રાણીઓ નથી; ઇહલોક અને પરલોક જાણીને, બરાબર સમજીને બીજાને શીખવનાર તત્ત્વજ્ઞો અને યોગ્ય માર્ગે જનાર શ્રમણ-બ્રાહ્મણો આ જગતમાં નથી. મનુષ્ય ચાર ભૂતોનો બનેલો છે. તે મરી

જાય છે, ત્યારે તેની અંદરની પૃથ્વીધાતુ પૃથ્વીમાં, આપોધાતુ જલમાં, તેજોધાતુ તેજમાં, અને વાયુધાતુ વાયુમાં જઇ મળે છે અને ઇંદ્રિયો આકાશમાં ભળી જાય છે. મરેલા માણસને ડાડડીમાં ઘાલીને ચાર માણસો સ્મશાનમાં લઈ જાય છે. તેના ગુણાવગુણોની ચર્ચા થાય છે, પણ હાડકાં સફેદ બની જઈ ને આહુતિ ભસ્મરૂપ થાય છે. દાનનું મહત્ત્વ મૂર્ખ માણસોએ વધાર્યું છે. જે કોઈ આસ્તિકવાદનું પ્રતિપાદન કરે છે, તેમનું બોલવું તદ્દન જૂઠું છે અને તે વ્યર્થ બડબડ છે. શરીર પડ્યા પછી ડાહ્યાઓનો અને મૂર્ખોનો ઉચ્છેદ થાય છે; તેઓ વિનાશ પામે છે. મૃત્યુ પછી તેમનું કશું જ બાકી રહેતું નથી."

## અન્યોન્યવાદ

પકુધ કચ્ચાયન અન્યોન્યવાદી હતો. તે કહેતો, "સાત પદાર્થો કોઈએ કરેલા કે કરાવેલા, ઉત્પન્ન કરેલા કે ઉત્પન્ન કરાવેલા નથી; પણ વન્ધ્ય, કૂટસ્થ અને નગરદ્વાર પરના સ્તંભની જેમ* અચળ છે. તેઓ હાલતા નથી, બદલાતા નથી, એકબીજાને બાધક થતા નથી, એકબીજાનું સુખદુઃખ ઉત્પન્ન કરવાને અસમર્થ છે. તે સાત પદાર્થો કયા? તે પૃથ્વી, આપ, તેજ વાયુ, સુખ, દુઃખ, અને જીવ. એમને મારવાવાળો, મરાવવાવાળો, સાંભળનારો, કહેવાવાળો, જાણવાવાળો, અથવા એમનું વર્ણન કરવાવાળો કોઈ જ નથી. જે માણસ તીક્ષ્ણ શસ્ત્ર વડે કોઈનું માથું કાપે છે, તે તેનો જીવ લેતો નથી. આ સાત પદાર્થોના વચલા અવકાશમાં શસ્ત્ર પેઠું, એટલો જ એનો અર્થ સમજવો."

## વિક્ષેપવાદ

સંજય બેલટ્ઠપુત્ત વિક્ષેપવાદી હતો. તે કહેતો, "પરલોક છે કે નહિ, એવું મને પૂછવામાં આવે અને તે છે એવું મને લાગે તો હું પરલોક છે એમ કહીશ. પણ મને તેમ લાગતું નથી. પરલોક નથી

---

* નગરદ્વાર પર હાથી સીધો હુમલો કરી નહિ શકે, એટલા ખાતર દ્વારની સામે એક મજબૂત થાંભલો ઊભો કરવામાં આવતો. તેને પાલિભાષામાં એસિકા અથવા ઇન્દખીલ કહે છે.

એમ પણ લાગતું નથી. ઔપપાતિક પ્રાણીઓ છે કે નહિ, સારા-નરસા કર્મનું ફળ હોય છે કે નહિ, તથાગત મૃત્યુ પછી રહે છે કે રહેતા નથી, એમાંનું કશું પણ હોય તેમ મને લાગતું નથી *"

### ચાતુર્યામસંવરવાદ

નિગણ્ઠ નાથપુત્ત ચાતુર્યામસંવરવાદી હતા. આ ચાર યામોની સામઞ્ઞફલસુત્તમાં આપેલી માહિતી અધૂરી છે. જૈન ગ્રંથો પરથી એમ જણાય છે કે, અહિંસા, સત્ય, અસ્તેય, અને અપરિગ્રહ એ ચાર યામોનો ઉપદેશ પાર્શ્વમુનિએ આપ્યો, તેમાં મહાવીર સ્વામીએ બ્રહ્મચર્ય ઉમેર્યું. તેમ છતાં બુદ્ધના સમયના નિર્ગ્રંથોમાં (જૈન લોકોમાં) ઉપરના ચાર યામોનું જ મહત્ત્વ હતું.' ચાર યામો અને તપશ્ચર્યા એ બંને વડે પૂર્વ જન્મમાં કરેલાં પાતકો ધોઈ નાખીને કૈવલ્ય (મોક્ષ) મેળવવું, એ જૈન ધર્મનો સિદ્ધાંત હતો.

### અક્રિયવાદ અને સાંખ્યમત

પૂરણ કાશ્યપનો અક્રિયવાદ સાંખ્ય તત્ત્વજ્ઞાન જેવો દેખાય છે. આત્મા પ્રકૃતિથી ભિન્ન છે, અને મારવું, મરાવવું, ઇત્યાદિ કૃત્યોની તેના પર કશી અસર થતી નથી, એવું સાંખ્યો માને છે. આનો જ પ્રતિધ્વનિ ભગવદ્‌ગીતામાં જુદી જુદી જગ્યાએ જોવા મળે છે.

**प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।**
**अहंकारविमूढात्मा कर्ताऽहमिति मन्यते ॥**

પ્રકૃતિના ગુણો વડે બધાં કર્મો કરાતાં હોવા છતાં અહંકારથી મોહિત થયેલો આત્મા હું કર્તા છું એમ માને છે. (અધ્યાય ૩, શ્લોક ૨૭).

**य एनं त्ति वेहन्तारं, यश्चैनं मन्यते हतम् ।**
**उभो तौ न विजानीतो नायं हन्ति न हन्यते ॥**

‡ સામઞ્ઞફલ સુત્તમાં નિગણ્ઠ નાથપુત્તનો ચાતુર્યામસંવરવાદ વિક્ષેપવાદ પહેલાં મૂક્યો છે. પણ મજ્ઝિમનિકાયના ચૂળસારોપમ સુત્તમાં અને બીજાં અનેક સુત્તોમાં નાથપુત્તનું નામ છેલ્લે મુકાયું છે.

આ (આત્મા) મારવાવાળો છે એવું જે માને છે, અથવા આ મરાય છે એવું જે સમજે છે, તે બન્નેને સત્ય સમજાતું નથી. કારણકે એ મારતો નથી અથવા કોઈનાથી મરાતો પણ નથી. (અ. ૨, શ્લોક ૨૧).

**यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।**
**हत्वाऽपि स इमाँल्लोकान्न हन्ति न निबध्यते ॥**

જેને અહંભાવ નથી, જેની બુદ્ધિ (તેનાથી) અલિપ્ત રહે છે, તે આ લોકોને મારે તોપણ તે તેમને મારતો નથી; તે તેમાં બદ્ધ થતો નથી. (અ. ૧૮, શ્લો. ૧૭)

## અક્રિયવાદ અને સંસારશુદ્ધિવાદ

આ અક્રિયવાદથી મક્ખલિ ગોસાલનો સંસારશુદ્ધિવાદ ખાસ દૂર નહોતો. તેનું કહેવું એમ જણાય છે કે આત્મા પ્રકૃતિથી અલિપ્ત હોવા છતાં તેને નિશ્ચિત જન્મ લેવા પડે છે અને તે પછી તે એની મેળે મુક્ત થાય છે. ચોરાશી લાખ જન્મ લઈને પ્રાણી ઉન્નત દશાએ પહોંચે છે, એ માન્યતા હજુ પણ હિંદુ સમાજમાં જોવામાં આવે છે. મક્ખલિ ગોસાલના સમયમાં તે ખૂબ જ પ્રચલિત હતી એમ જણાય છે.

કેટલાક સમય પછી પૂરણ કાશ્યપનો સંપ્રદાય મક્ખલિ ગોસાલના આજીવક પંથમાં ભળી ગયો, એમ અંગુત્તરનિકાયના છક્કનિપાતના એક (નં. ૫૭) સુત્ત ઉપરથી જણાઈ આવે છે. તેમાં આનંદ ભગવાનને કહે છે, "ભદન્ત, પૂરણ કસ્સપે કૃષ્ણ, નીલ, લોહિત, હરિદ્ર, શુકલ અને પરમશુકલ એવી છ અભિજાતિઓ કહી છે. કસાઈ, પારધી, વગેરે લોકોનો કૃષ્ણાભિજાતિમાં સમાવેશ થાય છે. ભિક્ષુ વગેરે કર્મવાદી લોકોનો નીલજાતિમાં; એક વસ્ત્ર વાપરવાવાળા નિર્ગ્રંથોનો લોહિતાભિજાતિમાં, સફેદ વસ્ત્ર વાપરવાવાળા અચેલક શ્રાવકોનો (આજીવકોનો) હરિદ્રાભિજાતિમાં; આજીવકોનો અને આજીવક ભિક્ષુણીઓનો શુકલાભિજાતિમાં; અને નન્દ વચ્છ, કિસ સંકિચ્ચ

અને મક્ખલિ ગોસાલ એ લોકોનો પરમશુક્લાભિજાતિમાં સમાવેશ થાય છે." આ ઉપરથી એવું સ્પષ્ટ જણાય છે કે પૂરણ કસ્સપનો સંપ્રદાય અને આજીવિકોનો સંપ્રદાય એક થયા હતા. નન્દ વચ્છ વગેરે ત્રણ આચાર્યો આજીવક પરંપરાના આગેવાનો હતા. કશ્યપના અને તેમના આત્મવાદમાં ફરક ન હતો અને કશ્યપને તેમનો દેહદંડનનો માર્ગ પસંદ હતો, એ પણ આ પરથી સાબિત થાય છે.

## અજિત કેસકમ્બલનો નાસ્તિકવાદ

અજિત કેસકમ્બલ પૂરેપૂરો નાસ્તિક હતો, એ તેનો ઉચ્છેદવાદ જોતાં જ ધ્યાનમાં આવે છે. સર્વદર્શન-સંગ્રહમાં આપેલા ચાર્વાક મતનો તે સંસ્થાપક ન હોય તોપણ એક પ્રસિદ્ધ પુરસ્કર્તા તો હશે જ. તેને જેમ બ્રાહ્મણોના યજ્ઞયાગ પસંદ ન હતા તેવી જ રીતે આજીવકાદિક શ્રમણોની તપશ્ચર્યા પણ માન્ય ન હતી. સર્વદર્શનસંગ્રહમાં કહ્યું છે કે,

**अग्निहोत्रं त्रयो वेदास्त्रिदण्डं भस्मगुण्ठनम् ।**
**बुद्धिपौरुषहीनानां जीविका धातृनिर्मिता ॥**

'અગ્નિહોત્ર, ત્રણવેદ, ત્રિદંડધારણ, અને ભસ્મ લગાડવી એ બ્રહ્મદેવે સર્જેલી બુદ્ધિહીન અને પૌરુષહીન પુરુષોની ઉપજીવિકા છે.'

એમ છતાંય અજિતની ગણના શ્રમણોમાં થતી હતી, એનું કારણ તેને વૈદિક હિંસા મુદ્દલ ગમતી ન હતી. અને તે તપશ્ચર્યા કરતો ન હતો, તેમ છતાં શ્રમણના આચારવિચાર પાળતો હતો. શ્રમણોના આત્મવાદથી પણ તે અલિપ્ત ન હતો. ચાર મહાભૂતોમાંથી આત્મા ઉત્પન્ન થાય છે અને મૃત્યુ પછી તે પાછો મહાભૂતોમાં જઈને ભળે છે, એવી તેની આત્માની કલ્પના હતી. એટલે કુદરતી રીતે જ તેનો મત એવો હતો કે,

**यावज्जीवं सुखं जीवेन्नास्ति मृत्योरगोचरः ।**
**भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतः ॥**

'જીવતા છીએ ત્યાંસુધી સુખેથી રહેવું; કારણ મૃત્યુની પકડથી પ્રાણી બચનાર છે જ નહિ. અને દેહની રાખ થયા પછી તે દેહ પાછો ક્યાંથી આવે ?'

આ કેસકમ્બલના તત્ત્વજ્ઞાનમાંથી જ લોકાયત અર્થશાસ્ત્રનો જન્મ થયો અને તેનો વિકાસ કૌટિલ્ય જેવા આચાર્યોએ કર્યો.

## અન્યોન્યવાદ અને વૈશેષિક દર્શન

પકુધ કચ્ચાયનનો અન્યોન્યવાદ વૈશેષિક દર્શનના જેવો હતો. પણ તેના સાત પદાર્થોમાં અને વૈશેષિકોના પદાર્થોમાં ઘણું ઓછું સામ્ય છે. કચ્ચાયનનો મોટો શ્રમણસંઘ હતો તેમ છતાં તેની પરંપરા કાયમ રહી નહિ. અર્વાચીન વૈશેષિક દર્શન તેના જ તત્ત્વજ્ઞાનમાંથી નીકળ્યું હશે. પણ તેવી જાતનું તત્ત્વજ્ઞાન માનવાવાળો શ્રમણસંપ્રદાય બુદ્ધના સમય પછી અસ્તિત્વમાં નહોતો એમ જણાય છે

## વિક્ષેપવાદ અને સ્યાદ્વાદ

સંજય બેલટ્ઠપુત્તનો વિક્ષેપવાદ જૈનોના સ્યાદ્વાદ જેવો હતો. અને કેટલાક સમય પછી જૈનોએ તેનો સમાવેશ પોતાના 'તત્ત્વજ્ઞાનમાં કરી લીધો. 'આમ હશે, આમ નહિ હોય' (**स्यादस्ति स्यान्नास्ति**) ઇત્યાદિ સ્યાદ્વાદ અને ઉપર વર્ણવેલો બેલટ્ઠપુત્તનો વિક્ષેપવાદ એ બેમાં ખાસ ફરક નથી. તેથી જૈન સંપ્રદાયે વિક્ષેપવાદને જ પોતાનું મુખ્ય તત્ત્વજ્ઞાન બનાવ્યું એમ કહેવામાં શો વાંધો છે?

## નિર્ગ્રંથ અને આજીવક

બુદ્ધસમકાલીન જૈનોના ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામી (જે નિગણ્ઠ નાથપુત્ત કહેવાતા હતા) અને મક્ખલિ ગોસાલ એ બંનેએ છ વર્ષ સુધી સાથે રહીને તપશ્ચર્યા કરી હતી, એવું જૈન ગ્રન્થો ઉપરથી જણાય છે. આજીવકોનો અને નિગ્રન્થોનો એક જ સંપ્રદાય કરવો, એવો તે બંનેનો પ્રયત્ન હોવો જોઈએ. પાર્શ્વમુનિના સંન્યાસીઓ એક વસ્ત્ર અથવા ત્રણ વસ્ત્રો રાખતા હતા. પણ મહાવીર સ્વામીએ મક્ખલિ ગોસાલનું દિગંબર વ્રત સ્વીકાર્યું; અને તે સમયથી જ નિગ્રંથો નિર્વસ્ત્ર થયા. પણ નિગ્રંથો અને આજીવકોના તત્ત્વજ્ઞાનનું એકીકરણ થઈ શક્યું નહિ. મહાવીર સ્વામીએ

ચોરાશી લાખ ફેરાઓનું તત્ત્વજ્ઞાન સ્વીકાર્યું હોત, તો નિર્ગ્રંથોની પરંપરામાં ચાલતા આવેલા ચાતુર્યામોનું મહત્ત્વ રહ્યું ન હોત. નિયતિ (નસીબ), સંગતિ (પરિસ્થિતિ) અને સ્વભાવ એ ત્રણ વડે પ્રાણીઓ પરિણત થાય છે, એવું માનીએ તો અહિંસા, સત્ય, અસ્તેય અને અપરિગ્રહ એ ચાર યામોનો શો ઉપયોગ? તેથી જ આ બે આચાર્યો ભેગા રહી શક્યા નહિ હોય.

આજીવકોના ચોરાશી લાખ ફેરાઓના તત્ત્વજ્ઞાન કરતાં ચાતુર્યામ સંવરવાદ લોકોને વધુ ગમ્યો, તેમાં નવાઈ નથી. કારણ કે, તે વાદ અને તપશ્ચર્યા એ બંને વડે પાછલા જન્મમાં કરેલું પાપ ધોઈ નાખી એક જ જન્મમાં મોક્ષ મેળવવો શક્ય હતો.

## નિર્ગ્રંથોની માહિતી

નિર્ગ્રંથોના મતની ઘણી માહિતી સુત્તપિટકમાં મળે છે. તેમાં મજ્ઝિમનિકાયના ચૂળદુક્ખક્ખન્ધ સુત્તમાં બુદ્ધનો અને નિર્ગ્રન્થોનો સંવાદ છે. તેનો સારાંશ આ પ્રમાણે:—

રાજગૃહ આગળ કેટલાક નિર્ગ્રન્થો ઊભા રહીને તપશ્ચર્યા કરતા હતા, ત્યારે ભગવાન બુદ્ધે તેમની પાસે જઈને તેમને પૂછ્યું, "હે ભાઈઓ, તમે આવી રીતે તમારાં શરીરોને કષ્ટ શા માટે આપો છો?"

તેમણે કહ્યું, "નિર્ગ્રન્થ નાથપુત્ત સર્વજ્ઞ છે. ચાલતાં, ઊભતાં, સૂતાં કે જાગતાં આપણી જ્ઞાનદૃષ્ટિ કાયમ હોય છે એમ તે કહે છે. અને તે અમને ઉપદેશ આપે છે કે, 'હે નિર્ગ્રન્થો, તમે પૂર્વજન્મમાં પાપ કર્યું છે, તે આવી જાતના દેહદંડનથી જીર્ણ કરો (નિજ્જરેથ), અને આ જન્મમાં કાયા, વાચા કે મન વડે કોઈ પણ પાપ કરશો નહિ. આથી તપ વડે પૂર્વજન્મના પાપનો નાશ થશે અને નવું પાપ નહિ કર્યું હોવાથી આવતા જન્મમાં કર્મક્ષય થશે અને તેથી બધાં દુઃખોનો નાશ થશે. આ એમનું કહેવું અમને ગમે છે."

ભગવાન બોલ્યા, "હે નિર્ગ્રન્થો, તમે પૂર્વજન્મમાં હતા કે નહિ તે તમે જાણો છો ?"

નિ૦—અમે જાણતા નથી.

ભ૦—પૂર્વજન્મમાં તમે પાપ કર્યું હતું કે નહિ તે તમે જાણો છો?

નિ૦—તે પણ અમે જાણતા નથી.

ભ૦—અને તે અમુક જ પ્રકારનું પાપ હતું એ તમે જાણો છો?

નિ૦—તે પણ અમે જાણતા નથી.

ભ૦—તમારા આટલા દુઃખનો નાશ થયો અને આટલું બાકી છે, એ તો તમે જાણો છો ને?

નિ૦—તે પણ અમે જાણતા નથી.

ભ૦—આ બધી ચીજો તમે જાણતા નથી, તોપણ તમે પાછલા જન્મમાં પારધીઓનાં જેવાં ક્રૂર કર્મો કર્યાં હતાં અને આ જન્મમાં તે પાપોનો નાશ કરવા માટે તપશ્ચર્યા કરો છો, એવો જ એનો અર્થ થયો ને?

નિ૦—આયુષ્મન્ ગોતમ, સુખ વડે સુખ પ્રાપ્ત નથી થઈ શકતું; દુઃખ વડે જ સુખ પ્રાપ્ત થાય છે. સુખ વડે સુખ પ્રાપ્ત થયું હોત, તો બિંબિસાર રાજાને આયુષ્માન્ ગોતમના કરતાં વધુ સુખ મળ્યું હોત.

ભ૦—હે નિર્ગ્રન્થો, આ તમે વિચાર કર્યા વગર બોલ્યા છો. અહીં હું તમને આટલું પૂછું છું કે બિંબિસાર રાજા સાત દિવસ સુધી સીધો બેસીને એક શબ્દ પણ બોલ્યા વિના એકાન્ત સુખ અનુભવી શકશે ખરો? સાત દિવસ રહેવા દો, એક દિવસ પણ આવું સુખ અનુભવી શકશો ખરો?

"આયુષ્મન્, તેને માટે એ શક્ય નથી", એવો નિર્ગ્રન્થોએ જવાબ આપ્યો. ત્યારે ભગવાન બોલ્યા, "હું એક દિવસ નહિ પણ સાત દિવસ આવી જાતનું સુખ અનુભવી શકું છું; અને તમને પૂછું છું કે બિંબિસાર રાજા (પોતાના વૈભવથી) વધુ સુખી છે કે હું વધુ સુખી છું?"

નિ૰—એમ હોય તો આયુષ્માન્ ગોતમ જ બિંબિસાર રાજા કરતાં
વધુ સુખી છે.

બૌદ્ધ મતની વિશેષતા બતાવવા માટે આ સંવાદ રચ્યો હોય તોપણ જૈન મતનો તેમાં વિપર્યાસ કર્યો નથી. તપશ્ચર્યા અને ચાતુર્યામના અભ્યાસથી પૂર્વકર્મનો ક્ષય કરી શકાય, એવું તેમનું કહેવું હતું; અને તે પરંપરા હજી પણ કાયમ છે.

## આત્મા વિષેની કલ્પના

આ આચાર્યોની અને તે સમયના બીજા શ્રમણોની આત્મા વિષે કેવી વિલક્ષણ માન્યતાઓ હતી, તેના થોડા ઘણા નમૂના ઉપનિષદોમાં મળે છે. દા. ત., આત્મા ચોખા કરતાં અને જવ કરતાં પણ ઝીણો છે અને તે હૃદયમાં રહે છે એ કલ્પના લો.

**एष म आत्मान्तर्हृदयेऽणीयान्व्रीहेर्वा यवाद्वा सर्षपाद्वा श्यामाकाद्वा श्यामाकतण्डुलाद्वा। ( छान्दोग्य ३/१४/३ )**

'આ મારો આત્મા અંતર્હૃદયમાં ( રહે છે ). તે ચોખા કરતાં, જવ કરતાં, રાઈ કરતાં, શ્યામાક નામની ડાંગર કરતાં અથવા તેના દાણા કરતાં પણ નાનો છે.'

અને તે તેમના જેવડો પણ છે!

**मनोमयोऽयं पुरुषो भाः सत्यस्तस्मिन्नन्तर्हृदये यथा व्रीहिर्वा यवो वा...(बृहदारण्यक ५/६/१)**

'આ પુરુષરૂપી આત્મા મનોમય ભાસ્વાન્ અને સત્યસ્વરૂપી છે. તે અંતર્હૃદયમાં ડાંગરના કે જવના દાણા જેવો છે.'

ત્યાર પછી તે અંગૂઠા જેવડો છે એ કલ્પના પ્રચલિત થઈ.

**अङ्गुष्ठमात्रः पुरुषो मध्य आत्मनि तिष्ठति। ( कठ २/४/१२ )**

'અંગૂઠા જેવડો તે પુરુષ આત્માના મધ્ય ભાગમાં રહે છે.'

અને માણસ ઊંઘતો હોય ત્યારે તે તેના શરીરમાંથી બહાર ફરવા જાય છે.

**स यथा शकुनिः सूत्रेण प्रबद्धो दिशं दिशं पतित्वान्यत्रायतनमलब्ध्वा बन्धनमेवोपश्रयत एवमेव खलु सोम्य तन्मनो दिशं दिशं पतित्वान्यत्रायतनमलब्ध्वा प्राणमेवोपश्रयते प्राणबन्धनं हि सोम्य मन इति ॥ ( छान्दोग्य ६/८/२ )**

'તે (આત્મા), જેવી રીતે દોરીથી બાંધેલું પંખી ચારે દિશાઓમાં ઊડે છે પણ ત્યાં રહી ન શકવાથી પાછું બંધનમાં જ આવે છે, તેવી જ રીતે, હે સોમ્ય, મન વડે આત્મા ચારે દિશાઓમાં ઊડે છે અને ત્યાં સ્થાન ન મળવાથી પ્રાણનો આશ્રય લે છે; કારણ કે પ્રાણ એ મનનું બંધન છે.'

### શાશ્વતવાદ અને ઉચ્છેદવાદ

આત્મા વિષેની આવી વિચિત્ર અને વિવિધ કલ્પનાઓ બુદ્ધના સમયના શ્રમણ બ્રાહ્મણોમાં ફેલાઈ હતી. એ બધી કલ્પનાઓ બે જ પ્રકારમાં સમાવિષ્ટ હતી. તેમાંનો એક પ્રકાર એ કે,

**सस्सतो अत्ता च लोको वंझो कूटट्ठो एसिकट्ठायी ठितो ।**

'આત્મા અને જગત શાશ્વત છે. તે વન્ધ્ય કૂટસ્થ અને નગરદ્વાર પાસેના સ્તંભની જેમ સ્થિર છે.' *

આ વાદમાં પૂરણ કસ્સપ, મક્ખલિ ગોસાલ, પકુધ કચ્ચાયન, અને નિગણ્ઠ નાથપુત્તના મતોનો સમાવેશ થતો હતો.

અને બીજા શ્રમણબ્રાહ્મણો ઉચ્છેદવાદ પ્રતિપાદન કરતા હતા. તેઓ કહેતા—

**अयं अत्ता रूपी चातुम्महाभूतिको मातापेत्तिसंभवो कायस्स भेदा उच्छिज्जति विनस्सति न होति परं मरणा ॥**

'આ આત્મા જડ, ચાર મહાભૂતોનો બનેલો અને માબાપમાંથી ઉત્પન્ન થયેલો, શરીરભેદ પછી છિન્ન થાય છે, વિનાશ પામે છે. તે મૃત્યુ પછી રહેતો નથી.'

---

* આ અને બીજા અનેક આત્મવાદ દીઘનિકાયના બ્રહ્મજાલસુત્તમાં આપ્યા છે. બીજા નિકાયોમાં પણ ભિન્ન ભિન્ન આત્મવાદોનો ઉલ્લેખ મળે છે.

આ મતનું પ્રતિપાદન કરવાવાળા શ્રમણોમાં અજિત કેસકમ્બલ મુખ્ય હતો. આ બે મતોની વચમાં આત્મા અમુક અંશે શાશ્વત અને અમુક અંશે અશાશ્વત છે, એવું કહેવાવાળા પણ શ્રમણબ્રાહ્મણો હતા. સંજય બેલટ્ઠપુત્તનો વાદ એ જ પ્રકારનો જણાય છે. અને તે જ તત્ત્વજ્ઞાન આગળ જતાં જૈનોએ અપનાવ્યું.

## આત્મવાદોનાં પરિણામ

આ બધા આત્માવાદોનાં પરિણામ ઘણેભાગે બે પ્રકારનાં થતાં. પહેલું વિલાસમાં સુખ માનવું અને બીજું તપશ્ચર્યા કરીને શરીરને દુઃખ આપવું. પૂરણ કસ્સપના મત મુજબ જો આત્મા કોઈને મારતો નથી કે મરાવતો નથી, તો પછી પોતાના મોજશોખ માટે બીજાઓની હત્યા કરવામાં શો વાંધો છે? જૈનોના મત મુજબ આત્મા પૂર્વજન્મનાં કર્મોથી બદ્ધ થયો છે એમ માનીએ, તો તે કર્મોમાંથી છૂટવા માટે કઠોર તપશ્ચર્યા કરવી જોઈએ એવું તત્ત્વજ્ઞાન ઉત્પન્ન થાય તે સ્વાભાવિક છે. આત્મા અશાશ્વત છે, તે મૃત્યુ પછી રહેતો નથી એમ માની લઈએ તો આત્મા જીવે છે ત્યાં સુધી ખૂબ મોજશોખ કરી લેવા અથવા આ ભોગોની સ્થિરતા નથી એમ કહી તપશ્ચર્યા આદરવી, એવા બન્ને પ્રકારના મતો ઉત્પન્ન થઈ શકશે.

## આત્મવાદનો ત્યાગ

પણ ભગવાન બુદ્ધને મોજશોખ અને તપશ્ચર્યા એ બન્ને માર્ગો ત્યાજ્ય જણાયા. કારણ કે બન્ને વડે મનુષ્યજાતિનું દુઃખ ઓછું થતું નથી. આ બન્ને આત્યંતિક માર્ગોમાંથી અંદર અંદર ઝઘડતા લોકોને શાંતિનો માર્ગ મળવો શક્ય નથી. આ બન્ને છેડાના મતો માટે આત્મવાદ કારણભૂત છે એવી બોધિસત્ત્વની ખાતરી થઈ અને આત્મવાદને એક બાજુએ મૂકી તેમણે એક નવો જ માર્ગ શોધી કાઢ્યો. આત્મા શાશ્વત હોય કે અશાશ્વત, આ દુનિયામાં દુઃખ તો છે જ. દુઃખ એ માણસોની તૃષ્ણાનું ફળ છે. આર્ય અષ્ટાંગિક માર્ગ

વડે તે તૃષ્ણાનો ક્ષય કરવાથી જ મનુષ્ય અને મનુષ્યજાતિને શાંતિ તથા સમાધાન પ્રાપ્ત થશે. આ નવો માર્ગ આત્મવાદનો ત્યાગ કર્યા વિના સમજાય તેવો નહોતો. તેથી ભગવાન બુદ્ધે પંચવર્ગીય ભિક્ષુઓને ચાર આર્યસત્યોના ઉપદેશ પછી તરત જ અનાત્મવાદનો ઉપદેશ આપ્યાનો દાખલો ખન્ધસંયુત્તમાં મળે છે.*

ભગવાન વારાણસી આગળ ઋષિપત્તનના મૃગદાવમાં રહેતા હતા. ત્યાં ભગવાન પંચવર્ગીય ભિક્ષુઓને સંબોધીને બોલ્યા, "હે ભિક્ષુઓ, જડ શરીર અનાત્મા છે; શરીર જો આત્મા હોત, તો તે દુઃખરૂપ થયું ન હોત, અને મારું શરીર આવું થાઓ અને આવું ન થાઓ, એવું કહી શકાત. પણ શરીર અનાત્મા હોવાથી તે ઉપદ્રવકારક થાય છે, અને તે આવું થાઓ કે આવું ન થાઓ એમ કહી શકાતું નથી.

"હે ભિક્ષુઓ, વેદના અનાત્મા છે. તે જો આત્મા હોત, તો ઉપદ્રવકારક થાત નહિ અને મારી વેદના આવી થાઓ અને આવી નહિ થાઓ, એવું કહી શકાયું હોત. પણ વેદના અનાત્મા હોવાથી તે ઉપદ્રવકારક થાય છે, અને તે આવી થાઓ અને આવી ન થાઓ એમ કહી શકાતું નથી. તેવી જ રીતે સંજ્ઞા સંસ્કાર, અને વિજ્ઞાન અનાત્મા છે. જો વિજ્ઞાન આત્મા હોત, તો તે ઉપદ્રવકારક થયું ન હોત અને મારું વિજ્ઞાન આવું થાઓ અને આવું ન થાઓ એમ કહી શકાયું હોત. પણ વિજ્ઞાન અનાત્મા હોવાથી તે દુઃખદાયક થાય છે અને મારું વિજ્ઞાન આવું થાઓ અને આવું ન થાઓ એમ કહી શકાતું નથી."

"હે ભિક્ષુઓ, જડ શરીર, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને વિજ્ઞાન નિત્ય છે, કે અનિત્ય?"

"ભદન્ત, તે બધાં અનિત્ય છે," ભિક્ષુઓએ જવાબ આપ્યો.

ભ૦—જે અનિત્ય છે તે દુઃખકારક છે કે સુખકારક?

* એ જ સુત્ત મહાવગ્ગમાં પણ છે.

ભિ૦—ભન્તે, તે દુઃખકારક છે.

ભ૦—અને જે દુઃખકારક અને વિપરિણામ પામવાવાળું છે, તે મારું છે, તે હું છું, તે મારો આત્મા છે, એમ સમજવું યોગ્ય થશે ખરું?

ભિ૦—ના, ભદન્ત.

ભ૦—તેથી, હે ભિક્ષુઓ, જે કોઈ જડ પદાર્થ અતીત, અનાગત, પ્રત્યુત્પન્ન, પોતાના શરીરની અંદરનો કે બહારનો, સ્થૂલ, સૂક્ષ્મ, હીન, ઉત્કૃષ્ટ, નજીકનો કે દૂરનો છે, તે બધો મારો નથી, તે હું નથી, તે મારો આત્મા નથી, એવું યોગ્ય રીતે સમ્યક્ જ્ઞાન વડે જાણવું. તેવી જ રીતે કોઈ પણ વેદના, કોઈ પણ સંજ્ઞા, સંસ્કાર, જે કોઈ વિજ્ઞાન, અતીત, અનાગત, પ્રત્યુત્પન્ન, પોતાના શરીરની અંદરનું કે બહારનું, સ્થૂલ, સૂક્ષ્મ, હીન, ઉત્કૃષ્ટ, દૂરનું કે પાસેનું છે, તે બધું મારું નથી, તે હું નથી, તે મારો આત્મા નથી, એવું યથાર્થ રીતે સમ્યક્ જ્ઞાન વડે જાણવું. હે ભિક્ષુઓ, આ પ્રમાણે જાણવાવાળો વિદ્વાન આર્યશ્રાવક જડ પદાર્થ, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને વિજ્ઞાન, એ બધા વિષે વિરક્ત થાય છે, અને વિરાગને લીધે મુક્ત થાય છે.

## આત્માના પાંચ વિભાગ

આત્મા શાશ્વત છે કે અશાશ્વત એવા પ્રશ્નનો સીધો જવાબ આપવાથી ગોટાળો થવાનો સંભવ હતો, તેથી ભગવાન બુદ્ધે આત્મા એટલે શું તેની બરાબર કલ્પના આવે તે માટે તેનું પૃથક્કરણ આ પંચસ્કંધમાં કર્યું છે. જડપદાર્થ, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને વિજ્ઞાન એવા આ આત્માના પાંચ વિભાગ કરી શકાય છે. અને તે વિભાગ કર્યા પછી તરત જ સ્પષ્ટ થાય છે, કે આત્મા શાશ્વત પણ નથી અને અશાશ્વત પણ નથી. કારણકે આ પાંચે સ્કંધ હંમેશા બદલવાવાળા એટલે અનિત્ય છે, દુઃખકારક છે, અને તેથી જ તે મારા છે, અથવા તે આત્મા મારો છે એમ કહેવું યોગ્ય નહિ થાય. એ જ બુદ્ધનો અનાત્મવાદ છે અને તે શાશ્વતવાદ કે અશાશ્વતવાદ એ બન્ને છેડા પર

જતો નથી. ભગવાન કાત્યાયનગોત્ર ભિક્ષુને ઉદ્દેશીને કહે છે, "હે કાત્યાયન, લોકો ઘણે ભાગે આસ્તિકતા અને નાસ્તિકતા–એ બે છેડા તરફ જાય છે. એ બન્ને છેડા છોડીને તથાગત મધ્યમ માર્ગથી ધર્મોપદેશ કરે છે." *

## અનાવશ્યક વાદ

આટલું સ્પષ્ટીકરણ કર્યા પછી જો કોઈ હઠ પકડીને પૂછે, કે શરીર અને આત્મા એક છે કે ભિન્ન છે તે કહો, તો ભગવાન જવાબ આપતા કે, "એ ચર્ચામાં હું ઊતરતો નથી, કારણકે તેથી મનુષ્યજાતિનું કલ્યાણ થશે નહિ." આનો થોડો નમૂનો ચૂળમાલુંકયપુત્તસુત્તમાં † મળે છે. તે સુત્તનો સારાંશ નીચે મુજબ છે:—

'ભગવાન બુદ્ધ શ્રાવસ્તી મુકામે અનાથપિંડિકના આરામમાં રહેતા હતા, ત્યારે માલુંકયપુત્ત નામનો ભિક્ષુ તેની પાસે આવ્યો અને નમસ્કાર કરીને એક બાજુએ બેઠો. પછી તેણે ભગવાનને કહ્યું, "ભદન્ત, હું એકાંતમાં હતો ત્યારે મારા મનમાં એવો વિચાર આવ્યો, કે જગત શાશ્વત છે કે અશાશ્વત, શરીર અને આત્મા એક છે કે ભિન્ન, તથાગતને મરણોત્તર પુનર્જન્મ છે કે નહિ, ઇત્યાદિ પ્રશ્નોનો ભગવાને ખુલાસો કર્યો નથી; તેથી ભગવાનને મારે આ પ્રશ્નો પૂછવા, અને જો ભગવાન આ પ્રશ્નોનો ઉકેલ આપી શકે તો જ મારે ભગવાનની શિષ્યશાખામાં રહેવું. પણ જો ભગવાનને આ પ્રશ્નોનો ઉકેલ ન આવડે તો ભગવાને સીધે સીધું તેમ કહી દેવું."

'ભ૦—હે માલુંકયપુત્ત, તું મારો શિષ્ય થઈશ તો આ પ્રશ્નોનું હું સ્પષ્ટીકરણ કરીશ એવું મેં તને કયારેય કહ્યું હતું ખરું?

'મા૦—ના, ભદન્ત,

'ભ૦—વારુ, તેં મને કહ્યું હતું ખરું કે, જો ભગવાન આ

* નિદાનસંયુત્ત, વગ્ગ ૨, સુત્ત ૫.

† મજ્ઝિમનિકાય, નં. ૬૩.

બધા પ્રશ્નોનું સ્પષ્ટીકરણ કરશે તો જ હું ભગવાનના ભિક્ષુસંઘમાં દાખલ થઈશ ?

'માo—ના, ભદન્ત.

'ભo—તો પછી હવે આ પ્રશ્નોનો ખુલાસો કર્યા વગર હું ભગવાનનો શિષ્ય રહેવાનો નથી એમ કહેવાનો શો અર્થ છે ? હે માલુંક્યપુત્ત, કોઈ માણસના શરીરમાં બાણનું ઝેરી શલ્ય ઘૂસીને તે દુ:ખથી પીડાતો હોય, ત્યારે તેના મિત્રબાંધવો શસ્ત્રક્રિયા કરવાવાળા વૈદ્યને બોલાવી લાવશે. પણ પેલો રોગી જો વૈદ્યને કહેશે, 'આ બાણ કોણે માર્યું ? તે બ્રાહ્મણ હતો કે ક્ષત્રિય હતો ? વૈશ્ય હતો કે શૂદ્ર હતો ? કાળો હતો કે ગોરો હતો ? તેનું ધનુષ્ય કઈ જાતનું હતું ? ધનુષ્યની દોરી કયા પદાર્થની કરી હતી ? વગેરે વાતોનો ખુલાસો કર્યા વિના હું આ શલ્યને હાથ નહિ લગાડવા દઉં; તો, હે માલુંકયપુત્ત, આવી પરિસ્થિતિમાં તે માણસને આ ચીજો સમજ્યા વિના જ મૃત્યુ આવશે. તેવી જ રીતે જે માણસ એવી હઠ કરશે, કે જગત શાશ્વત છે કે અશાશ્વત, ઇત્યાદિ વાતોનું સ્પષ્ટીકરણ કર્યા વિના હું બ્રહ્મચર્ય પાળીશ નહિ, તો તેને આ વાતો સમજ્યા વિના જ મૃત્યુ આવશે.

'હે માલુંકયપુત્ત, જગત શાશ્વત છે કે અશાશ્વત એવી દૃષ્ટિ અને વિશ્વાસ હોય, તોપણ તેનાથી ધાર્મિક આચરણમાં મદદ થશે એમ નથી. જગત શાશ્વત છે એવો વિશ્વાસ રાખીએ તોપણ જરા,મરણ, શોક, પરિદેવ, એ બધાંથી મુક્ત થવાતું નથી. તેવી જ રીતે જગત શાશ્વત નથી, શરીર અને આત્મા એક છે, શરીર અને આત્મા ભિન્ન છે, મરણોત્તર તથાગતને પુનર્જન્મ મળે છે કે મળતો નથી, ઇત્યાદિ વાતો પર વિશ્વાસ મૂકીએ કે ન મૂકીએ, તોપણ જન્મ, જરા, મરણ, પરિદેવ, એ વસ્તુઓ, રહેવાની જ. તેથી, હે માલુંકયપુત્ત, આ વાતોની ચર્ચા કરવામાં હું પડ્યો નહિ. કારણ કે તે ચર્ચાને લીધે બ્રહ્મચર્યમાં કોઈ પણ રીતે સ્થૈર્ય આવે એવો સંભવ નથી. એવા વાદથી વૈરાગ્ય ઉત્પન્ન થશે નહિ, પાપનો વિરોધ થશે નહિ અને શાંતિ,

પ્રજ્ઞા, સંબોધ અને નિર્વાણનો લાભ થશે નહિ

'પણ હે માલુંકચપુત્ત, આ દુઃખ છે, આ દુઃખનો સમુદય છે, આ દુઃખનો વિરોધ છે, અને આ દુઃખ નિરોધનો માર્ગ છે, એ બધું મેં સ્પષ્ટ કરી બતાવ્યું છે. કારણ કે આ ચાર આર્યસત્યો બ્રહ્મચર્યમાં સ્થિરતા લાવવાવાળા છે, એના વડે વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, પાપનો નિરોધ થાય છે; શાંતિ, પ્રજ્ઞા, સંબોધ અને નિર્વાણ એ બધાંની પ્રાપ્તિ થાય છે. તેથી, હે માલુંકચપુત્ત, જે વાતોની મેં ચર્ચા કરી નથી તે વાતોની તમે ચર્ચા કરશો નહિ; જે વાતોનું મેં સ્પષ્ટીકરણ કર્યું છે તે સ્પષ્ટીકરણ કરવાને યોગ્ય છે એમ માનજો."

આનો અર્થ એવો કે આત્મા પંચસ્કંધોનો બનેલો છે, તેમ છતાં તેને આધાર કેવો હોય છે, તે જેવો ને તેવો પરલોકમાં જાય છે કે કેમ, વગેરે વાતોની ચર્ચા કરવાથી ભારે ગોટાળો થઈ જશે. જગતમાં દુઃખ ઘણું છે, અને તે મનુષ્ય-જાતિની તૃષ્ણામાંથી ઉત્પન્ન થયું હોવાથી અષ્ટાંગિક માર્ગ વડે તૃષ્ણાનો નિરોધ કરીને જગતમાં સુખશાંતિ સ્થાપન કરવી એ દરેક વ્યક્તિનું કર્તવ્ય છે. આ જ સીધો માર્ગ છે, અને એ જ બુદ્ધનું તત્ત્વજ્ઞાન છે.

## ઈશ્વરવાદ

બુદ્ધ ઈશ્વરને માનતા ન હતા તેથી તે નાસ્તિક હતા, એવી કેટલાક લોકોની માન્યતા છે. બૌદ્ધ સાહિત્ય અથવા પ્રાચીન ઉપનિષદો વાંચીએ તો આ માન્યતા ખોટી છે એમ જણાશે. તેમ છતાં આ લોકભ્રમ દૂર કરવા માટે બુદ્ધના સમયમાં પ્રચલિત થયેલા ઈશ્વરવાદનું દિગ્દર્શન કરવું યોગ્ય જણાય છે.

ખાસ ઈશ્વર શબ્દનો ઉલ્લેખ અંગુત્તરનિકાયના તિકનિપાતમાં (સુત્ત નં. ૬૧) અને મજ્ઝિમનિકાયના દેવદહસુત્તમાં (નં ૧૦૧) મળી આવે છે. આમાંના પહેલા સુત્તમાંનો ઈશ્વર વિષેનો ઉલ્લેખ નીચે મુજબ છે:—

ભગવાન કહે છે, “ હે ભિક્ષુઓ, પ્રાણી જે કાંઈ સુખ, દુઃખ કે ઉપેક્ષા ભોગવે છે, તે બધું ઈશ્વરનિર્મિત ( **इस्सरनिमम्मानहेतु** ) છે, એવું કહેનારા અને માનનારાઓને હું પૂછું છું, કે તેમનો એ મત છે ખરો ? અને તેઓ ‘ હા ’ કહે તો હું કહું છું, કે તમે પ્રાણઘાતકી, ચોર, અબ્રહ્મચારી, અસત્યવાદી, ચાડીખોર, ગાળાગાળી કરનાર, બડબડ કરનાર, બીજાનું ધન ઇચ્છવાવાળા, દ્વેષી અને મિથ્યાદૃષ્ટિક છો તે ઈશ્વરે જ તમને તેવા બનાવ્યા તેથી જ છે કે શું ? હે ભિક્ષુઓ, આ બધું ઈશ્વરે નિર્માણ કર્યું છે એ વાત સાચી માનીએ, તો ( સત્કર્મ વિષે ) રસ કે ઉત્સાહ રહેશે નહિ. અમુક કરવું અને અમુક કરવું નહિ એ પણ સમજાશે નહિ. ”

આ ઈશ્વરનિર્માણનો ઉલ્લેખ દેવદહસુત્તમાં પણ આવ્યો છે. પણ એ લખાણ પ્રક્ષિપ્ત હશે એવી જબરદસ્ત શંકા આવે છે. કારણ કે બીજા કોઈ પણ સુત્તમાં એ કલ્પના મળતી નથી. બુદ્ધના સમયમાં મોટો દેવ એટલે બ્રહ્મા. પણ તે જુદા પ્રકારનો કર્તા છે; બાયબલમાંના ઈશ્વર જેવો નથી. જગત્ ઉત્પન્ન થયા પહેલાં તે ન હતો. વિશ્વ ઉત્પન્ન થયા પછી પ્રથમ તે અવતર્યો અને તે પછી ઇતર પ્રાણીઓ આવ્યાં, તેથી તેને ભૂતભવ્યોનો કર્તા કહેવા માંડયા. બ્રહ્મજાલસુત્તમાં આપેલા તેના વર્ણનનો સારાંશ આ પ્રમાણે છે:—

“ ઘણા વખત પછી આ જગતનો સંવર્ત ( નાશ ) થાય છે. અને તેમાંનાં ઘણાંખરાં પ્રાણીઓ આભાસ્વર દેવલોકમાં જાય છે. તે પછી લાંબે સમયે આ દુનિયાનો વિવર્ત ( વિકાસ ) થવા લાગે છે. તેથી પહેલાં ખાલી બ્રહ્મવિમાન ઉત્પન્ન થાય છે. તે પછી આભાસ્વર દેવલોકનું એક પ્રાણી ત્યાંથી ચ્યુત થઇને આ વિમાનમાં જન્મે છે. તે મનોમય, પ્રીતિભક્ષ્ય, સ્વયંપ્રભ, અંતરિક્ષચર, શુભસ્થાયી, અને દીર્ઘજીવી હોય છે. તે પછી બીજાં અનેક પ્રાણીઓ આભાસ્વર દેવલોકમાંથી ચ્યુત થઈ ને તે વિમાનમાં જન્મે છે. તેમને એમ લાગે છે કે આ જે ભગવાન બ્રહ્મા, મહાબ્રહ્મા છે તે અભિભૂ, સર્વ-દર્શી, વશવર્તી,

ઈશ્વર, કર્તા, નિર્માતા, શ્રેષ્ઠ, સર્જિતા, વશી અને ભૂતભવ્યોનો પિતા છે."

'**ब्रह्मा देवानां प्रथमः संबभूव विश्वस्य कर्ता भुवनस्य गोप्ता।**' આ મુંડકોપનિષદના (૧/૧) વાક્યમાં બ્રહ્મદેવ વિષેની ઉપર આપેલી કલ્પના સંક્ષેપમાં દર્શાવી છે. આ ઉપરથી બ્રહ્મદેવને જગતનો કર્તા બનાવવાનો બ્રાહ્મણોનો પ્રયત્ન સ્પષ્ટ જણાય છે. પણ તે પ્રયત્ન તે વખતની શ્રમણસંસ્કૃતિ આગળ ટકી શક્યો નહિ. ખુદ બ્રાહ્મણોને જ આ પ્રયત્ન મૂકી દઈને 'બ્રહ્મ' નો નાન્યતર જાતિના શબ્દ તરીકે સ્વીકાર કરવો પડ્યો. અને ઘણેભાગે બધાં ઉપનિષદોમાં આ બ્રહ્મ શબ્દને જ મહત્ત્વ આપ્યું છે.

બ્રહ્મમાંથી કે આત્મામાંથી જગતની ઉત્પત્તિ કેવી રીતે થઈ તેની એક કલ્પના બૃહદારણ્યક ઉપનિષદમાં મળે છે, તે આ પ્રમાણે છેઃ–

**आत्मैवेदमग्र आसीत् पुरुषविधः...स वै नैव रेमे तस्मादेकाकी न रमते। स द्वितीयमैच्छत्। स हैतावानास यथा स्त्रीपुमांसौ संपरिष्वक्तौ। स इममेवात्मानं द्वेधा पातयत्ततः पतिश्च पत्नी चाभवतां तस्मादिदमर्धबृगलमिव स्व इति।**

'સૌથી પહેલાં ફક્ત પુરુષરૂપી આત્મા હતો...તે રમ્યો નહિ; તેથી (મનુષ્ય) એકાકી રમતો નથી. તે બીજાની ઇચ્છા કરવા લાગ્યો, અને જેવી રીતે સ્ત્રીપુરુષ એકબીજાને આલિંગન આપે છે, તેવો થઈ ગયો. તેણે પોતાના બે ભાગ કર્યા. તેમાંથી પતિ અને પત્ની થયાં, તેથી આ શરીર (દ્વિદલ ધાન્યના) દલ જેવું છે.

(બૃ. ઉ. ૧/૪/૧–૩)

હવે બાયબલની ઉત્પત્તિકથા જુઓ. "પછી પરમેશ્વરે જમીનની માટીનો માણસ બનાવ્યો. પછી ઈશ્વરે આદામ ઉપર (તે માણસ ઉપર) ઊંડી નિદ્રા નાખી, અને તેની પાંસળી કાઢીને તેની સ્ત્રી બનાવી...આથી પુરુષ પોતાનાં માબાપને છોડીને પોતાની સ્ત્રી સાથે એક થઈ રહેશે; તે બન્ને એકદેહ થશે."

(બાયબલ, ઉત્પત્તિ અ. ૨)

આ અને ઉપરની ઉત્પત્તિમાં કેટલો ફરક છે! અહીં ઇશ્વર આખી પૃથ્વી ઉત્પન્ન કરીને પછી માણસને અને તેની પાંસળીમાંથી સ્ત્રીને ઉત્પન્ન કરે છે; ઈશ્વર જગતથી તદ્દન જુદો છે; અને ત્યાં પુરુષ રૂપી આત્મા પોતે જ બે ભાગ બનીને સ્ત્રી અને પુરુષ બને છે.

## પ્રજાપતિની ઉત્પત્તિ

પ્રજાપતિ એટલે જગત્કર્તા બ્રહ્મા, એની ઉત્પત્તિ બૃહદારણ્યકમાં નીચે પ્રમાણે કહી છેઃ—

**आप एवेदमग्र आसुस्ता आपः सत्यमसृजन्त, सत्यं ब्रह्म, ब्रह्म प्रजापतिं, प्रजापतिर्देवांस्ते देवाः सत्यमेवोपासते ॥**

(૫/૫/૧)

'સૌથી પહેલાં એકલું પાણી હતું. તે પાણીએ સત્ય, સત્યે બ્રહ્મ, બ્રહ્મે પ્રજાપતિ, અને પ્રજાપતિએ દેવ ઉત્પન્ન કર્યા. તે દેવો સત્યની જ ઉપાસના કરે છે.'

બાયબલમાં પણ જલપ્રલય પછી સૃષ્ટિની ફરી ઉત્પત્તિ થયાની કથા છે, પણ દેવે પહેલાં જ નોહાનું કુટુંબ અને પશુપક્ષાદિકોનાં નર અને માદા જહાજમાં ભરી મૂકાવ્યાં અને પછી જલપ્રલય કર્યો.* ઉપનિષદમાં જલપ્રલય પહેલાં શું હતું તે કહ્યું જ નથી; એટલું જ નહિ પણ સત્યને બ્રહ્મદેવથી અને બ્રહ્મતત્ત્વથી પણ ઉપરના પગથિયા પર મૂક્યું છે. બ્રહ્મજાલસુત્તમાં આપેલી બ્રહ્મોત્પત્તિની કથા આ કથાને ઘણી મળતી આવે છે.

ઈશ્વર જગતથી ભિન્ન છે, અને તેણે જગત નિર્માણ કર્યું, આ કલ્પના શક લોકો હિંદુસ્તાનમાં લાવ્યા હોય એમ લાગે છે. કારણ કે તે પહેલાંના સાહિત્યમાં તે તેવા રૂપમાં મળતી નથી. તેથી બુદ્ધ ઈશ્વરને માનતા ન હતા એવો આરોપ તેમના ઉપર મૂકવો સંભવતું જ ન હતું. બુદ્ધ વેદનિંદક હોવાથી નાસ્તિક છે એવો આરોપ બ્રાહ્મણો કરતા, પણ બુદ્ધે ક્યાંય વેદની નિંદા કરી હોય એમ જણાતું નથી. વળી બ્રાહ્મણોને માન્ય થયેલા સાંખ્યકારિકા જેવા ગ્રંથમાં વેદનિંદા શું ઓછી છે?

**दृष्टवदानुश्रविकः**
**स ह्यविशुद्धिक्षयातिशययुक्तः ।**

'દૃષ્ટ ઉપાયની જેમ વૈદિક ઉપાય પણ (નકામો) છે, કારણ તે અવિશુદ્ધિ, નાશ અને અતિશય વડે યુક્ત છે.'

અને '**त्रैगुण्यविषया वेदाः**' ઇત્યાદિ વેદનિંદા ભગવદ્‌ગીતામાં ક્યાં નથી? પણ સાંખ્યે બ્રાહ્મણોના જાતિભેદ ઉપર હુમલો કર્યો નહિ, અને ભગવદ્‌ગીતાએ તો જાતિભેદને ઉઘાડી રીતેજ ટેકો આપ્યો છે, તેથી તેની વેદનિંદા કોઈને ખટકી નહિ. આથી ઊલટું, બુદ્ધે વેદનિંદા કરી નથી, છતાં તેમણે જાતિભેદ ઉપર જોસભેર હુમલો કર્યો. પછી તે વેદનિંદક ઠરે એમાં શી નવાઈ? વેદ એટલે જાતિભેદ અને જાતિભેદ એટલે વેદ, એવું આ બેનું ઐક્ય છે! જાતિભેદ નહિ હોય તો વેદ શી રીતે રહે? અને જાતિભેદ રાખીને વેદનો એક અક્ષર પણ કોઈને આવડતો ન હોય, તોપણ વેદ-પ્રામાણ્યબુદ્ધિ કાયમ રહેવાથી વેદ પણ રહ્યો જ કહેવાય!

બુદ્ધસમકાલીન શ્રમણબ્રાહ્મણોમાં ઈશ્વરવાદને બિલકુલ મહત્ત્વ ન હતું, એ ઉપરના વિવેચન પરથી જણાશે જ. તેમાંના કેટલાકે ઈશ્વરને સ્થાને કર્મને માનતા, અને ક્યારેક ક્યારેક બુદ્ધ કર્મવાદી નથી તેથી તે નાસ્તિક છે એવો તેના પર આરોપ કરતા. એ આરોપનું નિરસન આ પછીના પ્રકરણમાં કરવામાં આવશે.

## ૮

# કર્મયોગ

## બુદ્ધ નાસ્તિક કે આસ્તિક?

એક વખત ભગવાન બુદ્ધ વૈશાલી પાસેના મહાવનમાં રહેતા હતા. તે વખતે કેટલાક પ્રસિદ્ધ લિચ્છવી રાજાઓ પોતાના સંસ્થાગારમાં કોઈ કારણસર ભેગા થયા હતા, ત્યારે બુદ્ધ વિષેની વાતો નીકળી. તેમાંના ઘણાખરા બુદ્ધની, ધર્મની અને સંઘની સ્તુતિ કરવા લાગ્યા. તે સાંભળીને સેનાપતિ સિંહને બુદ્ધદર્શનની ઇચ્છા થઈ. તે નિર્ગ્રંથોનો ઉપાસક હોવાથી તેમના મુખ્ય ગુરુને—નાથપુત્તને—મળ્યો અને બોલ્યો, "ભદન્ત, હું શ્રમણ ગોતમને મળવા માગું છું."

નાથપુત્તે કહ્યું, "સિંહ, તું ક્રિયાવાદી હોવા છતાં અક્રિયવાદી ગોતમને શા સારુ મળવા માગે છે?" પોતાના ગુરુનું આ વચન સાંભળી સેનાપતિ સિંહે બુદ્ધના દર્શને જવાનો વિચાર છોડી દીધો. ફરી એક બે વખત તેણે લિચ્છવીઓના સંસ્થાગારમાં બુદ્ધની, ધર્મની અને સંઘની સ્તુતિ સાંભળી, તોપણ નાથપુત્તના કહેવાથી બુદ્ધ-દર્શન માટે જવાનો પોતાનો વિચાર તેને ફરી બંધ રાખવો પડ્યો. છેવટે સિંહે નાથપુત્તને પૂછ્યા વગર જ બુદ્ધને મળવાનો નિશ્ચય કર્યો અને ઘણા માણસો સાથે તે મહાવનમાં આવ્યો અને ભગવાનને નમસ્કાર કરીને એક બાજુએ બેઠો. પછી તેણે ભગવાનને કહ્યું,

* બાયબલ ઉત્પત્તિ, અ૦ ૭.

"ભદન્ત, આપ અક્રિયવાદી છો અને શ્રાવકોને અક્રિયવાદ શીખવો છો, એ સાચું છે?"

ભગવાન બોલ્યા, "એવો એક પર્યાય છે કે, જેના વડે સત્યવાદી માણસ શ્રમણ ગોતમ અક્રિયવાદી છે, એમ કહી શકે. તે પર્યાય કયો? હે સિંહ, હું કાયદુશ્ચરિતની, વાક્‌દુશ્ચરિતની, અને મનોદુશ્ચરિતની અક્રિયાનો ઉપદેશ કરું છું.

"હે સિંહ, બીજો પણ એક પર્યાય છે, કે જે વડે સત્યવાદી માણસ કહી શકશે કે શ્રમણ ગોતમ ક્રિયાવાદી છે. તે કયો? હું કાયસુચરિતની, વાક્‌સુચરિતની, અને મનસ્સુચરિતની ક્રિયાનો ઉપદેશ આપું છું.

"વળી બીજો પણ એક પર્યાય છે, કે જેના વડે સત્યવાદી મનુષ્ય મને ઉચ્છેદવાદી કહી શકશે. તે કયો? હે સિંહ, હું લોભ, દ્વેષ, મોહ, ઇત્યાદિ બધી પાપકારક મનોવૃત્તિઓનો ઉચ્છેદ કરવાનો ઉપદેશ આપું છું.

"વળી એવો પણ એક પર્યાય છે કે જેના વડે સત્યવાદી માણસ મને જુગુપ્સી કહી શકશે. તે કયો? હે સિંહ, હું કાયદુશ્ચરિતની, વાક્‌દુશ્ચરિતની, અને મનોદુશ્ચરિતની જુગુપ્સા (કંટાળો) કરું છું. પાપકારક કર્મોનો મને અણગમો છે.

"એવો પણ એક પર્યાય છે, કે જેના વડે સત્યવાદી મનુષ્ય મને વિનાશક કહી શકશે. તે કયો? લોભ, દ્વેષ, અને મોહના વિનાશનો હું ઉપદેશ કરું છું.

"અને હે સિંહ, એવો પણ એક પર્યાય છે કે જેના વડે સત્યવાદી માણસ મને તપસ્વી કહી શકશે. તે કયો? હે સિંહ, પાપકારક અકુશલ ધર્મ તપાવીને છોડી દેવો, એવું હું કહું છું. જેના પાપકારક અકુશલ ધર્મ ઓગળી ગયા, નષ્ટ થયા, ફરી ઉત્પન્ન થવાના નથી, તેને હું તપસ્વી કહું છું." *

* બુદ્ધલીલાસારસંગ્રહ, પૃ. ૨૭૯–૨૮૧ જુઓ.

## નાસ્તિકતાનો આરોપ

આ સુત્તમાં બુદ્ધ ઉપર મુખ્ય આરોપ અક્રિયાવાદનો કરેલો છે. તે ખુદ મહાવીર સ્વામીએ કર્યો હોય કે ન કર્યો હોય, તોપણ તે વખતે આવી જાતનો આરોપ બુદ્ધ ઉપર કરવામાં આવતો તેમાં શંકા નથી.

ગોતમ ક્ષત્રિય કુળમાં જન્મ્યા. શાકચ ક્ષત્રિયોના કોલિય ક્ષત્રિયો પાડોશી અને સંબંધીઓ હતા. આ બન્ને વચ્ચે રોહિણી નદીના પાણીની બાબતમાં વારંવાર મારામારીઓ થતી એ વાત પહેલાં કહી જ છે. (પૃ. ૮૯) બીજી કોઈ ટોળીએ પોતાની ટોળીના માણસનું નુકસાન કે ખૂન કર્યું હોય, તો તેનો બદલો તે ટોળીના માણસનું નુકસાન કે ખૂન કરીને લેવાની પદ્ધતિ આજે સરહદના પઠાણ લોકોમાં પ્રચલિત છે; તે જ રીતે તે પ્રાચીન કાળના હિંદુ-સ્તાનના ક્ષત્રિયોમાં હોય તો તેમાં કશી જ નવાઈ નથી. ખરી નવાઈની વાત એ છે, કે આ ક્ષત્રિયોની એક ટોળીમાં જન્મેલા ગોતમે પોતાના પાડોશીઓ અને સંબંધીઓ ઉપર વેર લેવાનો સાફ ઇન્કાર કર્યો, અને એકદમ તપસ્વી લોકોમાં પ્રવેશ કર્યો.

ગૃહસ્થાશ્રમનો કંટાળો આવે ત્યારે તે વખતના બ્રાહ્મણો અને ક્ષત્રિયો ગૃહત્યાગ કરીને પરિવ્રાજક બનતા અને કઠોર તપ આચરતા. તેથી ગોતમ તપસ્વી થયો એમાં કોઈને પણ કંઈ ખાસ લાગ્યું નહિ હોય. બહુ બહુ તો આ જુવાન ગૃહસ્થ પોતાના આશ્રમને માટે નિરુપયોગી નીવડ્યો એમ લોકોએ કહ્યું હશે. પણ જ્યારે સાત વર્ષ તપશ્ચર્યા કરીને ગોતમ બોધિસત્ત્વ બુદ્ધ થયા, અને તે ગૃહસ્થાશ્રમના મોજશોખનો અને સંન્યાસાશ્રમની તપશ્ચર્યાનો એક સરખો જ નિષેધ કરવા લાગ્યા, ત્યારે તેના પર ટીકા થવા લાગી.

બ્રાહ્મણોને ચાલુ સમાજપદ્ધતિ જોઈતી હતી. બ્રાહ્મણોએ યજ્ઞ-યાગ કરવા, ક્ષત્રિયોએ યુદ્ધ કરવું, વૈશ્યોએ વેપાર કરવો, અને શૂદ્રોએ સેવા કરવી, એ તેમનો કર્મયોગ હતો. આ કર્મયોગ જેમને પસંદ

ન હોય તેમણે અરણ્યવાસ સ્વીકારીને તપ વડે આત્મબોધ કરી લેવો અને મરી જવું; પણ સમાજની વ્યવસ્થા બગડે એવું કોઈ પણ કૃત્ય કરવું નહિ.

જુદા જુદા શ્રમણસંઘોમાં જુદાં જુદાં તત્ત્વજ્ઞાનોનું પ્રતિપાદન કરાતું હતું; તોપણ તપશ્ચર્યાની બાબતમાં તેમાંના ઘણાખરા શ્રમણોમાં એકવાક્યતા હતી. આમાં નિર્ગ્રંથોએ કર્મને ખાસ મહત્ત્વ આપ્યું. આ જન્મ દુઃખકારક છે, અને તે પૂર્વજન્મનાં પાપકર્મોને લીધે આવ્યો હોવાને લીધે તે પાપોનો નાશ કરવા માટે તપશ્ચર્યા કરવી જોઈએ, એવું પ્રતિપાદન તેમના આગેવાનો કરતા. અને બુદ્ધ તો તપશ્ચર્યાનો નિષેધ કરતા હતા, તેથી નિર્ગ્રંથો તેને અક્રિયવાદી (અકર્મવાદી) કહે એ તદ્દન સ્વાભાવિક હતું. બ્રાહ્મણોની દૃષ્ટિએ બુદ્ધે શસ્ત્રત્યાગ કર્યો એટલે તે અક્રિયવાદી ઠરે છે, ત્યારે તપસ્વીઓની દૃષ્ટિએ તેમણે તપશ્ચર્યા છોડી એટલે તે અક્રિયવાદી ઠરે છે!

## ક્રાન્તિકારક તત્ત્વજ્ઞાન

અહીં એ વાત ખાસ ધ્યાન રાખવી જોઈએ, કે ગોતમે ગૃહત્યાગ કર્યો, તે કેવળ આત્મબોધ કરી લઈને મોક્ષ મેળવવા માટે કર્યો ન હતો. પોતાના પાડોશીઓ ઉપર શસ્ત્ર ઉગામવું તેને યોગ્ય લાગ્યું નહિ, અને શસ્ત્ર વિના એકબીજા વચ્ચેની સમજૂતી પર ચાલવાવાળી સમાજરચના ઘડી શકાય કે કેમ એ વિષે તેના મનમાં સતત વિચાર ચાલતા હતા. તપશ્ચર્યા વડે અને તપસ્વી લોકોના તત્ત્વજ્ઞાનવડે મનુષ્યજાતિ માટે એવો કોઈ સીધો માર્ગ નીકળી શકશે એમ લાગવાથી જ, તેમણે ગૃહત્યાગ કરીને તપશ્ચર્યા આદરી; પણ તેમાંથી કશું જ નીકળતું નથી એમ જાણીને તેમણે તે મૂકી દીધી અને એક નવો મધ્યમ માર્ગ શોધી કાઢ્યો.

આજકાલના ક્રાન્તિકારી લોકો માટે રાજકારણી અને ધાર્મિક લોકો જેવી રીતે વિનાશક ( Nihilist ) વગેરે વિશેષણો વાપરે છે, અને તેમની અજ્ઞાનતાને સમાજ પાસે રજૂ કરે છે, તેવી જ

રીતે બુદ્ધને તેના સમયના ટીકાકારો અક્રિયવાદી કહેતા અને સમાજ આગળ તેના નવા તત્ત્વજ્ઞાનની નિરર્થકતા દર્શાવતા, એમ માનવામાં વાંધો નથી.

## દુશ્ચરિતો અને સુચરિતો

ઉપર દીધેલાં દુશ્ચરિતો અને સુચરિતોનાં લક્ષણો કયાં તેનું ટૂંકામાં વિવેચન કરવું યોગ્ય જણાય છે. ભગવાન સાલેય્યક બ્રાહ્મણોને કહે છે, “ હે ગૃહસ્થો, કાયાવડે થતું ત્રણ પ્રકારનું અધર્માચરણ કયું ? કોઈ માણસ પ્રાણઘાત કરે છે, રુદ્ર, દારુણ, લોહિતપાણિ અને હિંસા કરવામાં મગ્ન હોય છે; અથવા તે ચોરી કરે છે; જે વસ્તુ પોતાની નથી તે ગામમાં કે અરણ્યમાં હોય પણ માલિકને પૂછ્યા વિના લઈ લે છે; અથવા તે વ્યભિચાર કરે છે; મા, બાપ, ભગિની, પતિ અથવા આપ્તજને રક્ષણ કરેલી સ્ત્રી સાથે વ્યભિચાર કરે છે; આ રીતે કાયાવડે ત્રિવિધ અધર્માચરણ થાય છે.

“ વળી હે ગૃહસ્થો, વાચાથી થતાં ચાર પ્રકારનાં અધર્માચરણ કયાં ? કોઈ માણસ જૂઠું બોલે છે. સભામાં, પરિષદમાં, આપ્ત-મંડળમાં કે રાજદ્વારમાં એ જાય ત્યારે એને સાક્ષી તરીકે તેં જે જોયું હોય તે કહે એમ પુછાય છે, ત્યારે પોતે જે જાણતો નથી તે હું જાણું છું, પોતે જે જોયું નથી તે મેં જોયું છે, એવું તે કહે છે. આ રીતે પોતાને માટે, બીજા માટે, કે થોડી ઘણી પ્રાપ્તિ માટે જાણી-જોઈને જૂઠું બોલે છે. અથવા તે ચાડી ખાય છે, આ લોકોનું સાંભળીને બીજા લોકોમાં ભેદ પાડવા માટે ખોટી વાતો કરે છે, અથવા પેલા લોકોનું સાંભળીને આ લોકોમાં વિરોધ ઉત્પન્ન કરવા માટે સંપથી રહેવાવાળા લોકોમાં તે કુસંપ પેદા કરે છે, અથવા ઝઘડતા લોકોને ઉત્તેજન આપે છે. ઝઘડો વધારવામાં તેને આનંદ થાય છે, ઝઘડો વધે તેવી વાણીજ એ બોલે છે, અથવા તે ગાળો આપે છે, અને દુષ્ટતાથી ભરેલું, કર્કશ, કટુ, મર્માઘાત કરવાવાળું ક્રોધયુક્ત અને સમાધાનનો ભંગ કરે તેવું વચન બોલે

છે, અથવા તે નકામો બડબડ કરે છે, ગમે તે વખતે બોલ્યા કરે છે, ન બનેલી વાતો બનાવીને કહે છે, અધાર્મિક, શિષ્ટાચારથી વિરુદ્ધ, દુર્લક્ષ કરવા યોગ્ય, પ્રસંગને ન છાજે તેવું, નિષ્કારણ લંબાણ-વાળું અને અનર્થકારક ભાષણ કરે છે; આ રીતે વાણી વડે ચતુર્વિધ અધર્માચરણ થાય છે.

"અને હે ગૃહસ્થો, ત્રણ પ્રકારનાં માનસિક અધર્માચરણ કયાં? કોઈ માણસ બીજાના દ્રવ્યનું ચિંતન કરે છે, બીજાની સંપત્તિનાં સાધનો પોતાને મળે એવી ઇચ્છા રાખે છે. અથવા તે દ્વેષબુદ્ધિ રાખે છે; આ પ્રાણીઓ મરાવાં જોઈએ, એમનો નાશ થવો જોઇએ, એવો વિચાર કરે છે. અથવા તે મિથ્યાદૃષ્ટિ થાય છે; દાન નથી, ધર્મ નથી, સુકૃતદુષ્કૃત કર્મનું ફળ નથી, આલોક નથી પરલોક નથી, એવી જાતના નાસ્તિક વિચારો રાખે છે. આ પ્રમાણે મનવડે ત્રિવિધ અધર્માચરણ થાય છે.

"હે ગૃહસ્થો, કાયાથી થતું ત્રણ પ્રકારનું ધર્માચરણ કયું? કોઈ માણસ પ્રાણઘાત કરતો નથી, તે બીજા ઉપર શસ્ત્ર ઉગામતો નથી, તેને હત્યા કરતાં શરમ આવે છે. બધાં પ્રાણીઓ પ્રત્યે તેનું આચરણ દયામય હોય છે. તે ચોરી કરતો નથી, ગામમાં અરણ્યમાં બીજાની ચીજ આપ્યા વિના લેતો નથી. તે વ્યભિચાર કરતો નથી. મા, બાપ, બહેન, ભાઈ, પતિ, આપ્તજન વગેરેએ રક્ષણ કરેલી સ્ત્રીઓ સાથે સંબંધ રાખતો નથી. આ રીતે કાયા વડે ત્રિવિધ ધર્માચરણ થાય છે.

"અને, ગૃહસ્થો, વાચાથી થતું ચાર પ્રકારનું ધર્માચરણ કયું? કોઈ માણસ જૂઠું બોલવાનું સદંતર મૂકી દે છે, સભામાં, પરિષદમાં કે રાજદ્વારમાં, તેને સાક્ષી તરીકે પૂછવામાં આવે તો પોતે જે જાણતો નથી તે હું જાણતો નથી એમ કહે છે, અને પોતે જે જોયું નથી તે મેં જોયું નથી એમ કહે છે. આવી રીતે પોતાને માટે, પારકા માટે, કે થોડાઘણા નફા ખાતર તે જૂઠું બોલતો નથી. તે ચાડી

ખાવાનું મૂકી દે છે. આ લોકોનું સાંભળીને પેલા લોકોમાં ફાટફૂટ પાડવા માટે તે એ વાત તેમને કહેતો નથી, અથવા પેલા લોકોની વાત સાંભળીને આમને કહેતો નથી; આ પ્રકારે જેમનામાં ઝઘડા થયા હોય તેમની વચ્ચે એ સમાધાન કરાવે છે, અને જેમનામાં સંપ છે તેમને ઉત્તેજન આપે છે. એકતામાં તેને આનંદ જણાય છે અને સંપ થાય એવું તે ભાષણ કરે છે. તે ગાળ આપવાનું છોડી દે છે. તે સીધું, કાનને મીઠું લાગે એવું હૃદયંગમ, નાગરિકને શોભે તેવું અને જનતાને ગમે તેવું ભાષણ કરે છે. તે બડબડ કરતો નથી, પણ પ્રસંગાનુસાર, તથ્ય, અર્થયુક્ત ધાર્મિક, શિષ્ટાચારને અનુસરતું, યાદ રાખવા જેવું, યોગ્ય સમયનું, સકારણ, મુદ્દાવાળું અને અર્થપૂર્ણ ભાષણ કરે છે. આ રીતે વાચાથી ચતુર્વિધ ધાર્મિક આચરણ થાય છે.

"અને હે ગૃહસ્થો, ત્રણ પ્રકારનું માનસિક ધર્માચરણ કયું ? કોઈ માણસ પરદ્રવ્યનો લોભ કરતો નથી, પારકાની સંપત્તિનાં સાધનો પોતાનાં થાય એવો વિચાર સેવતો નથી, તેનું ચિત્ત દ્વેષથી મુક્ત હોય છે. આ પ્રાણીઓ અવૈર, નિર્બાધ, દુઃખરહિત અને સુખી થાઓ, એવો તેનો શુદ્ધ સંકલ્પ હોય છે. તે સમ્યક્‌દૃષ્ટિ થાય છે. દાનધર્મ છે, સુકૃતદુષ્કૃત કર્મોનું ફળ છે, ઇહલોક પરલોક છે, ઇત્યાદિ વાતો પર તેનો વિશ્વાસ હોય છે. આ રીતે મન વડે ત્રિવિધ ધર્માચરણ થાય છે." *

ટૂંકામાં કહીએ તો પ્રાણઘાત, અદત્તાદાન ( ચોરી ) અને કામ–મિથ્યાચાર ( વ્યભિચાર ) આ ત્રણ કાયિક પાપકર્મો; અસત્ય, ચાડી, ગાળ અને વ્યર્થ બડબડ એ ચાર વાચસિક પાપકર્મો; અને પરદ્રવ્યનો લોભ, બીજાઓના નાશની ઇચ્છા, અને નાસ્તિક દૃષ્ટિ એ ત્રણ માનસિક પાપકર્મો છે આ દસે દોષોને અકુશલ કર્મપથ કહે છે. તેમનાથી નિવૃત્ત થવું એટલે કુશળ કર્મપથ. તે પણ દસ છે અને તેમનું વર્ણન

* મજ્ઝિમનિકાય ( નં. ૪૧ ) સાલેય્યકસુત્ત જુઓ.

ઉપર આપ્યું જ છે. દસ અકુશલ અને દસ કુશલ કર્મપથોનાં વર્ણનો ત્રિપિટક સાહિત્યમાં ઘણી જગ્યાએ મળે છે. ઉપરના ઉતારામાં અકુશલ કર્મપથોને અધર્માચરણ અને કુશલ કર્મપથોને ધર્માચરણ કહ્યા છે.

## કુશલ કર્મો અને અષ્ટાંગિક માર્ગ

આમાંના કુશલ કર્મપથોનો આર્ય અષ્ટાંગિક માર્ગમાં સમાવેશ થાય છે જ. ત્રણ પ્રકારનું કુશલ કાયકર્મ એટલે સમ્યક્ કર્મ, ચાર પ્રકારનું કુશલ વાચસિક કર્મ એટલે સમ્યક્ વાચા, અને ત્રણ પ્રકારનું માનસિક કુશલ કર્મ એટલે સમ્યક્ દૃષ્ટિ અને સમ્યક્ સંકલ્પ બાકી રહેલાં આર્ય અષ્ટાંગિક માર્ગનાં અંગો એ કુશલ કર્મપથોને પોષક જ છે. સમ્યક્ આજીવ, સમ્યક્ વ્યાયામ, સમ્યક્ સ્મૃતિ અને સમ્યક્ સમાધિ આ ચાર અંગોની યથાતથ ભાવના વિના કુશલ કર્મપથની અભિવૃદ્ધિ અને પૂર્ણતા નહિ થાય.

## અનાસક્તિયોગ

કેવળ કુશલ કરતા જઈએ અને તેમાં આસક્ત થઈએ, તો તેમાંથી અકુશલ ઉત્પન્ન થવાનો સંભવ છે.

**कुसलो धम्मो अकुसलस्स धम्मस्स आरम्मणपच्चयेन पच्चयो। दानं दत्वा सीलं समादियित्वा उपोसथकम्मं कत्वा तं अस्सादेति अभिनन्दति। तं आरब्भ रागो उप्पज्जति दिट्ठि उप्पज्जति विचिकिच्छा उप्पज्जति उद्धच्चं उप्पज्जति दोमनस्सं उप्पज्जति। ( तिकपट्ठान )**

'કુશલ મનોવિચાર અકુશલને આલંબન પ્રત્યયથી પ્રત્યક્ષ થાય છે. (કોઈ માણસ) દાન આપે છે, શીલ સાચવે છે, ઉપોસથકર્મ કરે છે, અને તેનો આસ્વાદ લે છે, તેનું અભિનંદન કરે છે. તેનાથી લોભ ઉત્પન્ન થાય છે, દૃષ્ટિ ઉત્પન્ન થાય છે, શંકા ઉત્પન્ન થાય છે, ભ્રાન્તિ ઉત્પન્ન થાય છે, દૌર્મનસ્ય ઉત્પન્ન થાય છે.'

આ રીતે કુશલ મનોવૃત્તિ અકુશલને કારણભૂત થતી હોવાથી

કુશલ વિચારમાં આસક્તિ રાખવી જોઈએ નહિ, નિરપેક્ષતાથી કુશલ કર્મ કરતા રહેવું જોઈએ. આ જ અર્થ ધમ્મપદની નીચેની ગાથામાં સંક્ષેપમાં દર્શાવ્યો છે.

**सब्बपापस्स अकरणं कुसलस्स उपसम्पदा।**
**सचित્તपरियोदपनं एतं बुद्धान सासनं॥**

'બધાં પાપોનું અકરણ, બધાં કુશલોનું સંપાદન અને સ્વચિત્તનું સંશોધન એ બુદ્ધનું શાસન છે.'

એટલે ઉપર કહેલા બધા અકુશલ કર્મપથ સંપૂર્ણ રીતે છોડી દેવા અને કુશલ કર્મપથોનું હંમેશા આચરણ કરીને તેમાં પોતાનું મન આસક્ત થવા દેવું નહિ. આ બધું અષ્ટાંગિક માર્ગના અભ્યાસથી થઈ શકે છે.

## કુશલ કર્મોમાં જાગૃતિ અને ઉત્સાહ

કુશલ કર્મોમાં અત્યંત જાગૃતિ અને ઉત્સાહ રાખવાં જોઈએ, એ મતલબનો ઉપદેશ ત્રિપિટક સાહિત્યમાં ઘણે ઠેકાણે મળી આવે છે. તે બધાનો અહીં સંગ્રહ કરવો શક્ય નથી. છતાંય નમૂના દાખલ તેમાંનો એક ટૂંકો ઉપદેશ અહીં આપું છું.

ભગવાન બુદ્ધ કહે છે, 'હે ભિક્ષુઓ, સ્ત્રીએ, પુરુષે, ગૃહસ્થે અથવા પ્રવ્રજિતે પાંચ વ્રતોનું સતત ચિંતન કરવું જોઈએ. (૧) હું જરાધર્મી છું, એવો વિચાર વારંવાર કરવો. કારણ કે, જુવાનીના મદમાં પ્રાણીઓ કાયા–વાચા–મન વડે દુરાચરણ કરે છે, તે મદ આ ચિંતનથી નાશ પામે છે; છેવટે ઓછો તો થાય છે જ. (૨) હું વ્યાધિધર્મી છું, એવો વિચાર વારંવાર કરવો. કારણ કે, જે આરોગ્યમદને લીધે પ્રાણીઓ કાયા–વાચા–મન વડે દુરાચરણ કરે છે, તે મદ આ ચિંતનથી નાશ પામે છે; છેવટે ઓછો તો થાય છે જ. (૩) હું મરણધર્મી છું, એવો વિચાર વારંવાર કરવો. કારણ કે, જે જીવિતમદને લઈને પ્રાણીઓ કાયા–વાચા–મન વડે દુરાચરણ કરે છે, તે મદ આ ચિંતનથી નાશ પામે છે; છેવટે ઓછો તો થાય

છે જ. (૪) પ્રિયોનો અને મનગમતાઓ (પ્રાણીઓ કે પદાર્થો)નો મને વિયોગ થશે જ, એવો વિચાર વારંવાર કરવો. કારણ કે, જે પ્રિયોના સ્નેહને લીધે પ્રાણીઓ કાયા–વાચા–મન વડે દુરાચરણ કરે છે, તે સ્નેહ આ ચિંતનથી નાશ પામે છે; છેવટે ઓછો તો થાય છે જ. (૫) હું કર્મસ્વકીય, કર્મદાયાદ, કર્મયોનિ, કર્મબંધુ, કર્મ-પ્રતિશરણ છું, કલ્યાણકારક અથવા પાપકારક કર્મો કરીશ તેનો હું દાયાદ (વારસ) થઈશ, એવો વિચાર વારંવાર કરવો. કારણ કે, તેથી કાયિક, વાચસિક, માનસિક દુરાચરણ નાશ પામે છે; છેવટે ઓછું તો થાય છે જ.

"હું એકલો જ નહિ, પણ દરેક પ્રાણી જરાધર્મી, વ્યાધિધર્મી, મરણધર્મી છે, તે બધાંને પ્રિયોનો વિયોગ થાય છે, અને તેઓ પણ કર્મદાયાદ છે, એવો વિચાર આર્યશ્રાવક સતત કર્યા કરે છે, ત્યારે તેને માર્ગ જડે છે. તે માર્ગના અભ્યાસથી તેનાં સંયોજનો નષ્ટ થાય છે."*

આ ઉતારામાં કર્મસ્વકીય એટલે કર્મ જ એકલું મારું સ્વકીય છે; બાકીનું બધું વસ્તુજાત મારાથી ક્યારે વિભક્ત થશે તે કહી શકાતું નથી; હું કર્મનો દાયાદ છું, એટલે સારાં કર્મો કરું તો મને સુખ મળશે, ખરાબ કર્મો કરું તો મારે દુઃખ ભોગવવું પડશે; કર્મયોનિ એટલે કર્મને લીધે જ મારો જન્મ થયો છે; કર્મબંધુ એટલે સંકટમાં મારું કર્મ જ મારો બાંધવ થશે; અને કર્મપ્રતિશરણ એટલે કર્મ જ મારું રક્ષણ કરી શકશે. આ પરથી ભગવાન બુદ્ધે કર્મ ઉપર કેટલો ભાર મૂક્યો છે તે સારી રીતે જણાઈ આવશે. એવા ગુરુને નાસ્તિક કહેવા એ શી રીતે યોગ્ય ગણાય?

સત્કર્મો ઉત્સાહિત મનથી કરવાં, એ મુદ્દાને અંગે ધમ્મપદની નીચેની ગાથા પણ વિચાર કરવા જેવી છે.

* અંગુત્તરનિકાય, પંચકનિપાત, સુત્ત ૫૭.

**अभित्थरेथ कल्याणें पापा चित्तं निवारये।**
**दन्धं हि करोतो पुञ्ञं पापस्मिं रमतौ मनो॥**

'કલ્યાણકર્મો કરવામાં ત્વરા કરવી, અને પાપથી ચિત્તનું નિવારણ કરવું. કારણ કે આળસને લીધે પુણ્યકર્મ કરનારનું મન પાપમાં રમે છે.'

## બ્રાહ્મણોનો કર્મયોગ

અહીં સુધી બુદ્ધના કર્મયોગનો વિચાર કર્યો. હવે તે વખતના બ્રાહ્મણોમાં કઈ જાતનો કર્મયોગ ચાલુ હતો, તેનો સંક્ષેપમાં વિચાર કરવો ઇષ્ટ છે. બ્રાહ્મણોની ઉપજીવિકાનું સાધન યજ્ઞયાગ હોવાથી, તે વિધિપૂર્વક કરવા એનેજ બ્રાહ્મણો પોતાનો કર્મયોગ માનતા હતા. તે પછી ક્ષત્રિયોએ યુદ્ધ, વૈશ્યોએ વ્યાપાર અને શૂદ્રોએ સેવા કરવી, એ તેમનો કર્મયોગ છે, એવું તેઓ પ્રતિપાદન કરતા. આમાં કોઈ કંટાળી જાય, તો તેણે સર્વસંગ પરિત્યાગ કરીને જંગલમાં જવું અને તપશ્ચર્યા કરવી, એને તેઓ સંન્યાસયોગ કહેતા. તેમાં તેમના કર્મયોગનો ઉચ્ચાંક આવી જતો હતો. કેટલાક બ્રાહ્મણો સંન્યાસ લઈને પણ અગ્નિહોત્રાદિક કર્મયોગનું આચરણ કરતા અને તેનેજ શ્રેષ્ઠ સમજતા. આ વિષે ભગવદ્‌ગીતામાં કહ્યું છે—

**यज्ञार्थात्कर्मणोन्यत्र लोकोऽयं कर्मबन्धनः।**
**तदर्थं कर्म कौंतेय मुक्तसंगः समाचर॥**

'યજ્ઞને માટે કરેલા કર્મથી જુદું કર્મ લોકોને બંધનકારક થાય છે. તેથી, હે કૌંતેય, સંગ મૂકીને તું યજ્ઞ માટે કર્મ કર.'

**सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः।**
**अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक्॥**

'પહેલાં (સૃષ્ટિના આરંભમાં) યજ્ઞની સાથે પ્રજા નિર્માણ કરીને બ્રહ્મદેવ બોલ્યા, તમે આ યજ્ઞ વડે વૃદ્ધિ પામશો; એ તમારી ઇષ્ટ કામધેનુ થાઓ!" અને તેથી,

**एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः।**
**अघायुरिंद्रियारामो मोघं पार्थ स जीवति॥**

'આ રીતે આ શરૂ કરેલું (યજ્ઞયાગનું) ચક્ર આ જગતમાં જે ચલાવતો નથી, તેનું આયુષ્ય પાપરૂપ હોઈ, તે ઇંદ્રિયોમાં જ સુખ શોધતો વ્યર્થ જીવે છે'[1]

## બ્રાહ્મણોનો લોકસંગ્રહ

પણ કોઈને એવો વિચાર આવે કે પ્રજાપતિએ શરૂ કરેલું આ ચક્ર બરાબર નથી, કારણ કે તેના મૂળમાં હિંસા છે, તો તેણે તે વિચાર મનમાંથી કાઢી નાખવો; કારણ કે તેનાથી અજ્ઞાની લોકોમાં બુદ્ધિભેદ થશે.

**न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसंगिनाम्।**
**जोषयेत्सर्वकर्माणि विद्वान्युक्तः समाचरन्॥**

'કર્મમાં આસક્ત થયેલા અજ્ઞજનોનો બુદ્ધિભેદ નહિ કરવો. વિદ્વાન માણસે યુક્ત થઈને, એટલે બધાં કર્મોનું બરાબર આચરણ કરીને, બીજા પાસે તે કરાવવાં.' (ભ. ગી. ૩/ ૨૬. ગીતાનો આ આખો અધ્યાય જ વિચારણીય છે.)

ભગવદ્ગીતા કયા સૈકામાં લખાઈ એ ચર્ચામાં ઊતરવાની જરૂર નથી. પણ એકે લેખકે તેને બુદ્ધસમકાલીન ગણી નથી. તેનો કાળ બુદ્ધ પછી પાંચસોથી એક હજાર વર્ષનો હોવો જોઈએ એવાં ભિન્ન ભિન્ન અનુમાનો પાશ્ચાત્ય પંડિતોએ કર્યાં છે. તે ઠીક ઠીક આધુનિક છે, એમાં શંકા નથી. તોપણ તેમાં દર્શાવેલા વિચારો બુદ્ધના સમયના બ્રાહ્મણોમાં પ્રચલિત હતા. પોતાને કુશલ તત્ત્વનું જ્ઞાન થાય તોપણ તે લોકોમાં પ્રકટ કરવું નહિ, એવું પ્રતિપાદન લોહિત્ય નામક કોસલદેશવાસી નામાંકિત બ્રાહ્મણ કરતો હતો.[2] તેની વાર્તા ટૂંકામાં નીચે મુજબ છે:—

---

૧ ભગવદ્ગીતા અ. ૩, શ્લોક ૯, ૧૦ અને ૧૬.
૨ દીઘનિકાય ભાગ ૧, લોહિચ્ચસુત્ત જુઓ.

ભગવાન કોસલ દેશમાં પ્રવાસ કરતા કરતા શાલવતિકા નામના ગામની પાસે આવ્યા. તે ગામ પસેનદિ કોસલ રાજાએ લોહિત્ય બ્રાહ્મણને ઇનામમાં આપ્યું હતું. લોહિત્ય એક પાપકારક મતનું પ્રતિપાદન કરતો હતો. તે મત એ કે, 'જો કોઈ શ્રમણને કે બ્રાહ્મણને કુશલ તત્ત્વનો બોધ થાય, તો તેણે તે બીજાને કહેવું નહિ; એક માણસ બીજાને શું કરી શકે? તે બીજાનું જૂનું બંધન તોડીને તેને માટે આ નવું બંધન ઊભું કરશે; તેથી આ લોભી વર્તન છે એમ હું કહું છું.'

ભગવાન પોતાના ગામની પાસે આવ્યા છે. એવાં ખબર જ્યારે લોહિત્ય બ્રાહ્મણને મળ્યાં, ત્યારે રોસિકા નામના હજામને મોકલીને તેણે ભગવાનને આમંત્રણ આપ્યું; અને બીજે દિવસે ભોજન તૈયાર કરીને તે જ હજામ દ્વારા ભોજન તૈયાર છે એવાં ખબર તેને ભગવાનને અને ભિક્ષુસંઘને મોકલ્યાં. ભગવાન પોતાનું પાત્ર અને ચીવર લઈને લોહિત્ય બ્રાહ્મણને ઘેર જવા નીકળ્યા. રસ્તામાં રોસિકા હજામે લોહિત્ય બ્રાહ્મણનો મત ભગવાનને કહ્યો અને તે બોલ્યો, "ભદન્ત, આ પાપકારક મતમાંથી લોહિત્યને છોડાવો."

લોહિત્યે ભગવાનને અને ભિક્ષુસંઘને આદરથી જમાડ્યા. ભોજન પછી ભગવાને તેને કહ્યું, "હે લોહિત્ય, કોઈને કુશલ તત્ત્વનો બોધ થાય તો તેણે તે બીજાઓને કહેવું નહીં, એવું પ્રતિપાદન તું કરે છે?"

લો૦—હા, હે ગોતમ.

ભ૦—હે લોહિત્ય, તું આ શાલવતિકા ગામમાં રહે છે. હવે કોઈ એમ કહે કે આ શાલવતિકા ગામની જેટલી ઊપજ છે તે બધીનો એકલા લોહિત્યે જ ઉપભોગ કરવો, બીજા કોઈને પણ તે આપવી નહિ. એવું કહેનાર માણસ તારી ઉપર અવલંબીને રહેનારાં (આ ગામનાં) લોકોનું નુકશાન કરવાવાળો નહિ થાય?"

લોહિત્યે જવાબમાં 'થશે' કહ્યું ત્યારે ભગવાન બોલ્યા,

"જે બીજાઓને અંતરાયરૂપ છે તે તેમનો હિતાનુકંપી થશે કે અહિતાનુકંપી?"

લો૦—અહિતાનુકંપી, હે ગોતમ.

ભ૦—આવા માણસનું મન મૈત્રીમય હશે કે વૈરમય?

લો૦—વૈરમય, હે ગોતમ.

ભ૦—વૈરમય ચિત્તવાળો માણસ મિથ્યાદૃષ્ટિ થશે કે સમ્યગ્દૃષ્ટિ?

લો૦—મિથ્યાદૃષ્ટિ, હે ગોતમ.

## કુશલકર્મથી અકુશલ ઉપર વિજય મેળવવો

અહીં અને બીજી ઘણી જગ્યાએ ભગવાન બુદ્ધે એવું પ્રતિપાદન કર્યું છે કે, ચાલતી આવેલી અકુશલ રૂઢિની વિરુદ્ધ કોઈ કુશલ વિચાર સૂઝે તો લોકોમાં તેનો પ્રચાર કરવો એ સજ્જન પુરુષનું શ્રેષ્ઠ કર્તવ્ય છે. ખરાબ કર્મો કરવાવાળાને કાંઈ ન કહેવું અથવા પોતે તેની જેમ વર્તન કરી તેને તેવાં કર્મો કરવા દેવાં, એ તેનું કર્તવ્ય નથી.

બ્રાહ્મણો એમ કહેતા કે યજ્ઞયાગ અને વર્ણવ્યવસ્થા એ બન્ને પ્રજાપતિએ જ ઉત્પન્ન કરેલાં હોવાથી તેને અનુસરીને થતાં કર્મો પવિત્ર છે. પણ ભગવાન બુદ્ધ કહે છે કે તૃષ્ણામાંથી ઉત્પન્ન થયેલાં હિંસાદિક કર્મો કદી પણ શુદ્ધ હોઈ શકે નહિ. આને લીધે માણસ વિષમ માર્ગમાં બદ્ધ થયો છે અને તે કર્મોની વિરુદ્ધ હોય તેવાં કુશલકર્મોનું આચરણ કરવાથી જ તે આ વિષમ માર્ગમાંથી છૂટી શકશે. મજ્ઝિમનિકાયના સલ્લેખ સુત્તમાં (નં. ૮) ભગવાન કહે છે, 'હે ચુન્દ, બીજાઓ હિંસકવૃત્તિથી વર્તે છે ત્યાં આપણે અહિંસક થઈએ. તેથી આપણી સફાઈ* થશે. બીજાઓ પ્રાણઘાત કરે છે ત્યાં આપણે પ્રાણઘાતથી નિવૃત્ત થઈએ. તેથી આપણી સફાઈ થશે. બીજાઓ ચોરી કરે છે ત્યાં આપણે ચોરીથી નિવૃત્ત થઈએ; બીજાઓ અબ્રહ્મચારી છે ત્યાં આપણે બ્રહ્મચારી થઈએ; બીજાઓ જૂઠું બોલે છે, ત્યાં આપણે અસત્ય વચનથી નિવૃત્ત થઈએ; બીજાઓ ચાડી ખાય છે, ત્યાં

* શંખ વગેરે પદાર્થોને ઘસીને સાફ કરે છે તે ક્રિયાને સલ્લેખ કહે છે. અહીં સફાઈ શબ્દ આત્મશુદ્ધિના અર્થમાં વાપર્યો છે.

આપણે ચાડીથી નિવૃત્ત થઈએ; બીજાઓ ગાળો આપે છે, ત્યાં આપણે ગાળોથી નિવૃત્ત થઈએ; બીજાઓ વૃથા-પ્રલાપ ( બડબડ ) કરે છે, ત્યાં આપણે વૃથા-પ્રલાપથી નિવૃત્ત થઈએ; બીજાઓ પારકા ધનનો લોભ રાખે છે, ત્યા આપણે પારકા ધનના લોભથી મુક્ત થઈએ; બીજાઓ દ્વેષ કરે છે, ત્યાં આપણે દ્વેષથી મુકત થઈએ; બીજાઓ મિથ્યાદૃષ્ટિ છે, ત્યાં આપણે સમ્યગ્દૃષ્ટિ થઈએ. આ રીતે આપણી સફાઈ કરીએ.……

"હે ચુન્દ, કોઈ વિષમ માર્ગમાં સપડાયેલા માણસને તેમાંથી બહાર નીકળવા માટે સીધો માર્ગ જડી જાય, તેવી રીતે વિહિંસક માણસને વિહિંસામાંથી બહાર નીકળવા માટે અવિહિંસા છે. પ્રાણઘાતી માણસને મુક્ત થવા માટે પ્રાણઘાતથી વિરતિ, ચોરને મુક્ત થવા માટે ચોરીથી વિરતિ, અબ્રહ્મચારીને મુક્ત થવા માટે અબ્રહ્મચર્યથી વિરતિ, લુચ્ચાને મુક્ત થવા માટે લુચ્ચાઈથી વિરતિ, ચાડી ખાનારને મુક્ત થવા માટે ચાડીથી વિરતિ, કઠોર વચન બોલનારને મુક્ત થવા માટે કઠોર વચનથી વિરતિ અને વૃથા પ્રલાપ કરનારને મુક્ત થવા માટે વૃથાપ્રલાપથી વિરતિ, એ જ ઉપાય છે…

"હે ચુન્દ, જે પોતે ઊંડા કાદવમાં ખૂંચી ગયો છે, તે બીજાને એ કાદવમાંથી બહાર કાઢે, એ શકય નથી. તેવી જ રીતે જેણે પોતાનું દમન કર્યું નથી, પોતાનું નિયમન કર્યું નથી, જે પોતે શાન્ત નથી, તે બીજાનું દમન કરે, બીજાનું નિયમન કરે, બીજાને શાન્ત કરે, એ સંભવતું નથી. પણ જે પોતે દાન્ત, વિનીત અને પરિનિર્વૃત્ત હોય, તે જ બીજાનું દમન કરે, બીજાને વિનય શીખવે અને બીજાને પરિનિર્વૃત્ત ( શાન્ત ) કરે, એ સંભવે છે."

આ જ અર્થ ધમ્મપદની એક ગાથામાં સંક્ષેપથી બતાવ્યો છે. તે ગાથા આ પ્રમાણે—

**अक्कोधेन जिने कोधं असाधु साधुना जिने ।**
**जिने कदरियं दानेन सच्चेनालीकवादिनं ॥**

'ક્ષમાવડે ક્રોધને જીતવો, અસાધુને સાધુત્વથી જીતવો, કૃપણને દાનથી જીતવો અને લુચ્ચાને સચ્ચાઈથી જીતવો (ધર્મપદ ૨૨૩).'

**દસ કુશલ કર્મપથમાં બ્રાહ્મણોએ કરેલો ફેરફાર**

ઘણી આનાકાની પછી વૈદિક ગ્રન્થકારોને ઉપર બતાવેલ કુશલ અને અકુશલ કર્મપથોને માન્યતા આપવી પડી. પણ તેમાં તેમણે પોતાના હક પર આક્રમણ નહિ થાય એવી ખબરદારી રાખી. મનુસ્મૃતિમાં એ દસ અકુશલ કર્મપથ કેવી રીતે સ્વીકાર્યા છે તે જુઓ.

**स तानुवाच धर्मात्मा महर्षीन्मानवो भृगुः।**
**अस्य सर्वस्य शृणुत कर्मयोगस्य निर्णयम्॥**

'એ મનુકુલોત્પન્ન ધર્માત્મા ભૃગુએ મહર્ષિઓને કહ્યું, આ બધા કર્મયોગનો નિર્ણય સાંભળો.'

**परद्रव्येष्वभिध्यानं मनसानिष्टचिंतनम।**
**वितथाभिनिवेशश्च त्रिविधं कर्म मानसम्॥**

'પરદ્રવ્યનો લોભ કરવો, બીજાનું ખરાબ ઇચ્છવું અને ખરાબ રસ્તે જવું (નાસ્તિકતા), એ ત્રણ માનસિક (પાપ) કર્મો જાણવાં.'

**पारुष्यमनृतं चैव पैशुन्यं चापि सर्वशः।**
**असंबद्धप्रलापश्च वाङ्मयं स्याच्चतुर्विधम्॥**

'કઠોર ભાષણ, અસત્ય ભાષણ, બધી જાતની ચાડી અને વ્યર્થ બડબડ, એ ચાર વાચિક પાપકર્મો છે.'

**अदत्तानामुपादानं हिंसा चैवाविधानतः।**
**परदारोपसेवा च शारीरं त्रिविधं स्मृतम्॥**

'અદત્તાદાન (ચોરી), વેદવિહિત ન હોય તેવી હિંસા અને પરદારાગમન, આ ત્રણ કાયિક પાપકર્મો છે.'

**त्रिविधं च शरीरेण वाचा चैव चतुर्विधम्।**
**मनसा त्रिविधं कर्म दश कर्मपथांस्त्यजेत्॥**

'(આ રીતે) ત્રિવિધ કાયિક, ચતુર્વિધ વાચસિક અને ત્રિવિધ માનસિક એવા દસ (અકુશલ) કર્મપથ છોડી દેવા'. (મનુ. ૧૨/૫–૯)

આમાંના પહેલા શ્લોકમાં 'કર્મયોગ' શબ્દ ઘણો મહત્ત્વનો છે. મનુસ્મૃતિના કર્તાને બુદ્ધે ઉપદેશેલો કર્મયોગ પસંદ હતો ખરો, તોપણ તેમાં તેણે એક અપવાદ મૂકી દીધો. તે એ કે હિંસા વેદવિહિત નહિ હોય તે જ તે ન કરવી, વેદોના આધારથી કરેલી હિંસા એ હિંસા જ નથી.

**યુદ્ધ ધાર્મિક ગણાવાથી અકુશલ કર્મપથ યોગ્ય ગણાય.**

યજ્ઞયાગમાંની હિંસા ત્યાજ્ય ગણી હોત તો યજ્ઞયાગ કરવાનું કશું જ કારણ ન રહ્યું હોત. અને યજ્ઞયાગ શા માટે હતા? યુદ્ધમાં વિજય મેળવ્યા પછી મળેલું રાજ્ય સ્થિર રહે એટલા માટે તે હતા, એટલે યુદ્ધની હિંસા ધાર્મિક ન ગણાઈ હોત, તો વૈદિક હિંસાનું કારણ જ ન રહ્યું હોત; અને તેથી જ યુદ્ધને પવિત્ર ગણવાની ફરજ પડી.

શ્રી કૃષ્ણ કહે છે—

**स्वधर्ममपि चावेक्ष्य न विकंपितुमर्हसि ।**
**धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत्क्षत्रियस्य न विद्यते ॥**

'અને સ્વધર્મનો વિચાર કરીને પણ પાછું હઠવું તારે માટે યોગ્ય નહિ થાય. ક્ષત્રિયોને ધર્મયુદ્ધ કરતાં વધુ શ્રેયસ્કર બીજું કશું જ નથી.'

**यदृच्छया चोपपन्नं स्वर्गद्वारमपावृतम् ।**
**सुखिनः क्षत्रियाः पार्थ लभन्ते युद्धमीदृशम् ॥**

'અને, હે પાર્થ, સહેજે દૈવગતિથી ઊઘડેલા સ્વર્ગના દ્વારસમું આ યુદ્ધ ભાગ્યવાન ક્ષત્રિયોને જ મળે છે.'

**अथ चेत्त्वमिमं धर्म्यं संग्रामं न करिष्यसि ॥**
**ततः स्वधर्मं कीर्तिं च हित्वा पापमवाप्स्यसि ॥**

'અને જો આ ધાર્મિક સંગ્રામ તું કરીશ નહિ તો સ્વધર્મ અને કીર્તિ ખોઈને પાપ મેળવીશ.' (ગીતા, અ૦ ૨/૩૧-૩૩).

યુદ્ધ ધાર્મિક ઠરવાથી બધા અકુશલ કર્મપથ ધાર્મિક બને, એ સ્વાભાવિક હતું. એટલે યુદ્ધ વિના બીજી જગ્યાએ હિંસા કરવી

નહિ, યુદ્ધ વિના લૂંટ કરવી નહિ, યુદ્ધ વિના વ્યભિચાર કરવો નહીં, તેવી જ રીતે અસત્ય ભાષણ, ચાડી, કર્કશ વચન એ બધાં યુદ્ધને ઉપયોગી ન હોય ત્યારે, એટલે કે રાજકારણની બહાર, ઉપયોગમાં લાવવાં નહિ. પરદ્રવ્યનો લોભ તો યુદ્ધમાં ખૂબ જ ઉપયોગી છે. પોતાના સૈન્યમાં પારકાઓ વિષે દ્વેષ ફેલાવ્યા વિના સૈનિકો યુદ્ધ માટે તૈયાર જ નહીં થાય; અને પોતે સ્વરાષ્ટ્રને માટે અથવા એવા જ કોઈ કાલ્પનિક પવિત્ર કાર્ય માટે લડે છે એવી તીવ્ર મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન થયા વિના યુદ્ધમાં વિજય મળી શકે નહિ. ટૂંકામાં, એકલા યુદ્ધની ખાતર બધાં કુશલ કર્મોનો ત્યાગ કરવો પવિત્ર ગણાય છે.

અશ્વત્થામા મરી ગયો, એવું હડહડતું જૂઠું બોલવા માટે યુધિષ્ઠિર તૈયાર ન હતો, ત્યારે શ્રીકૃષ્ણે તેને '**नरो वा कुंजरो वा**' ( માણસ અથવા હાથી મરી ગયો ) એવું કહેવાની ફરજ પાડી. આજકાલનું રાજકારણ એવા જ પ્રકારનું હોય છે; અર્ધું સાચું અને અર્ધું ખોટું. અને પોતાના દેશને આગળ ધપાવી શકાય તેમ હોય તો ગમે તે અકુશળ કર્મ અત્યંત પવિત્ર થઈ શકે છે !

## ધાર્મિક યુદ્ધનો વિકાસ

જૈન અને બૌદ્ધ ધર્મના પ્રભાવથી વૈદિક હિંસા બંધ થઈ. પણ ક્ષત્રિયોની અંદરનું ધાર્મિક યુદ્ધ આ દેશમાં ચાલુ રહ્યું; તેમની વચ્ચેના કુસંપને ઉત્તેજન મળ્યું. તેવી જાતના ધાર્મિક યુદ્ધનો વિકાસ મહંમદ પેગમ્બરે કર્યો. અંદર અંદર લડવું યોગ્ય નથી, પણ બીજા સંપ્રદાયોના લોકોની સામે જેહાદ ( યુદ્ધ ) ઉપાડવી એ અત્યંત ધાર્મિક કર્તવ્ય છે, એવું પ્રતિપાદન તેણે કર્યું. આની પ્રતિક્રિયા ખ્રિસ્તી ધર્મયુદ્ધોથી ( ક્રૂસેડ્ઝ ) થઈ; અને એ બધા ઉપર દેશાભિમાને વિજય મેળવ્યો. આજે દેશાભિમાન અત્યંત ધાર્મિક ગણાય છે. તેને માટે કોઈ પણ કુકર્મ કરવું યોગ્ય ગણાય છે. પણ આને પરિણામે સમગ્ર મનુષ્યજાતિ વિષમ માર્ગ પર ચઢી છે. તેમાંથી બહાર નીકળવા માટે બુદ્ધના કર્મયોગ સિવાય બીજો કોઈ માર્ગ હોઈ શકે ખરો ?

## પૌરાણિક બુદ્ધ

હિંદુઓ બુદ્ધને વિષ્ણુનો નવમો અવતાર ગણે છે. વિષ્ણુએ બુદ્ધાવતાર ધારણ કરીને અસુરોને મોહમાં નાખ્યા અને દેવો દ્વારા તેમનો નાશ કર્યો, એવી કથા વિષ્ણુપુરાણમાં છે. તેનો સારાંશ ભાગવતના નીચેના શ્લોકમાં મળે છે:—

**ततः कलौ संप्रयाते संमोहाय सुरद्विषाम् ।**
**बुद्धो नामाऽजनसुतः कीकटेषु भविष्यति ॥**

'તે પછી કલિયુગ આવ્યો ત્યારે અસુરોને મોહમાં નાખવા માટે બુદ્ધ નામનો અજનનો પુત્ર કીકટ દેશમાં ઉત્પન્ન થશે.'

સામાન્ય હિન્દુઓને બુદ્ધાવતારની ખાસ માહિતી નથી હોતી. શાસ્ત્રીઓ, પંડિતો કે પુરાણોની કથાઓ સાંભળનારા ભાવિક હિન્દુઓને બુદ્ધ વિષેનું જે જ્ઞાન છે, તે વિષ્ણુપુરાણ કે ભાગવત એ બે ગ્રંથો પરથી મળેલું હોય છે.

## વિષ્ણુશાસ્ત્રીની કલ્પના

પશ્ચિમના દેશોમાં મૅક્સમૂલરના ગુરુ પ્રસિદ્ધ ફ્રેંચ પંડિત બર્નુફે સૌથી પહેલાં બૌદ્ધ ધર્મની બાબતમાં રસ લેવા માંડ્યો. પણ તેમને પૂરી ઐતિહાસિક સામગ્રી ઉપલબ્ધ નહિ થવાથી તે ધર્મ વિષેની સાંગોપાંગ માહિતી તેઓ પાશ્ચાત્યોને આપી શક્યા નહિ. તેમ છતાં બૌદ્ધ ધર્મ નકામો હોઈ વિચારમાં લેવા જેવો નથી એવો જે

ખ્યાલ પશ્ચિમના લોકોમાં હતો તેમાં બર્નુફના પ્રયાસથી ઠીક ઠીક પરિવર્તન થયું. પરિણામે ડૉ. વિલ્સન જેવા ખ્રિસ્તભક્તો પણ બૌદ્ધ ધર્મનો અભ્યાસ કરવા માંડ્યા અને તેમના સહવાસને લીધે આપણી અહીંની કૉલેજોમાં શિક્ષણ લઈ ને બહાર નીકળતા જુવાનોની બૌદ્ધ ધર્મ વિષેની માન્યતામાં ફેરફાર થવા માંડ્યો.

વિષ્ણુશાસ્ત્રી ચિપળુણકર પોતાના બાણકવિ વિષેના નિબંધમાં લખે છે:—

"આર્ય લોકોનો અસલનો જે વૈદિક ધર્મ હતો, તેમાં બુદ્ધે પહેલવહેલો પોતાનો મતભેદ પ્રગટ કર્યો. વખત જતાં તેના મતને ઘણા અનુયાયીઓ મળ્યા અને મૂળ ધર્મમાં ભાગલા પડીને આ નવા લોકો પોતાને બૌદ્ધ કહેવરાવવા લાગ્યા. એમના નવા મત કયા હતા, તે મતોનો ઉદ્ભવ, પ્રસાર અને લય ક્યારે અને શા કારણોથી થયો, ઇત્યાદિ વાતો ઇતિહાસકારો માટે ઘણા મનોરંજનનો વિષય હતો; પણ એની ચર્ચા શા કામની? પહેલાંની જ દુઃખની વાત અહીં ફરી કહેવી જોઈએ કે ઇતિહાસના અભાવને કારણે આ મહાલાભથી આપણે અને આખી દુનિયા વંચિત રહ્યાં. બુદ્ધ વિષે આપણે કશું જ જાણતા નથી, તેમ છતાં એક વાત સ્પષ્ટ છે કે તેની બુદ્ધિ અસામાન્ય હોવી જોઈએ. કારણ કે તેના પ્રતિપક્ષી લોકોએ એટલે બ્રાહ્મણોએ પણ તેને ઈશ્વરનો પ્રત્યક્ષ નવમો અવતાર ગણ્યો! જયદેવે ગીતગોવિંદની શરૂઆતમાં કહ્યું છે:—

**निन्दसि यज्ञविधेरहह श्रुतिजातं।**
**सदयहृदयदर्शितपशुघातं।**
**केशव धृतबुद्धशरीर जय जगदीश हरे॥** (ध्रुवपद)

…ખ્રિસ્તી સંવત્‌ની શરૂઆતના સમયમાં બૌદ્ધોના બ્રાહ્મણો સાથે ભારે વાદવિવાદ થયા અને તેમાં શંકરાચાર્યે બૌદ્ધ ધર્મનું ખંડન કર્યું અને બ્રાહ્મણ ધર્મની ફરી સ્થાપના કરી. આ રીતે બૌદ્ધોનો પરાજય થયા પછી તેઓ પોતાની ઇચ્છાથી કે રાજાજ્ઞાને લીધે દેશત્યાગ

કરીને તિબેટ, ચીન અથવા લંકા જેવા દેશોમાં જઈને વસ્યા.''

આ ઉતારા પરથી તે વખતના અંગ્રેજી ભાષા જાણવાવાળા હિંદુઓનો બૌદ્ધ ધર્મ વિષે કેવો ખ્યાલ હતો, તેનું અનુમાન થઈ શકે છે.

## 'લાઇટ ઑફ એશિયા'ની અસર

આ પછી ૧૮૭૯ ની સાલમાં એડવિન આર્નોલ્ડ ( Edwin Arnold ) નો લાઇટ ઑફ એશિયા' ( Light of Asia ) નામનો પ્રખ્યાત કાવ્યગ્રંથ પ્રસિદ્ધ થયો. તેના વાંચનથી અંગ્રેજી જાણવાવાળા હિંદુઓની બુદ્ધ વિષેની આદરબુદ્ધિ વધી; પણ યજ્ઞયાગોનો વિધ્વંસ કરીને અહિંસા પરમધર્મ સ્થાપવા માટે બુદ્ધનો અવતાર થયો, એ માન્યતા વધુ મજબૂત થઈ અને એ કલ્પના આજે પણ થોડેઘણે અંશે પ્રચલિત છે. આ કલ્પનામાં કેટલો સત્યાંશ છે તે જોવા માટે બુદ્ધ પોતે અને તેના સમયના શ્રમણો યજ્ઞયાગ વિષે શું માનતા હતા, તેનો વિચાર કરવો યોગ્ય જણાય છે.

## હરિકેશિબલની કથા

શ્રમણપંથોમાંના જૈન અને બૌદ્ધ એ બે પંથોના જ ગ્રન્થો આજે ઉપલબ્ધ છે. તેમાં જૈનોના ઉત્તરાધ્યયન સૂત્રમાં હરિકેશિબલની કથા આવે છે. તેનો સારાંશ નીચે મુજબ:—

હરિકેશિબલ એ ચાણ્ડાલનો (શ્વપાકનો) દીકરો હતો. તે જૈન ભિક્ષુ બનીને મોટો તપસ્વી થયો. એક વખત એક માસના ઉપવાસ કર્યા પછી પારણાને દિવસે તે ભિક્ષાટન કરતો કરતો એક મહાયજ્ઞ ચાલતો હતો ત્યાં જઈ ચઢ્યો. મલિન વસ્ત્રાચ્છાદિત તેનું કૃશ શરીર જોઈને યાજક બ્રાહ્મણોએ તેનો તિરસ્કાર કરીને તેને ત્યાંથી ચાલ્યા જવાનું કહ્યું. ત્યાં તિંદુક વૃક્ષપર રહેતો એક યક્ષ ગુપ્તરૂપથી હરિકેશિબલના જેવો અવાજ કાઢીને બ્રાહ્મણોને ઉદ્દેશીને બોલ્યો, "હે બ્રાહ્મણો, તમે કેવળ શબ્દોનો ભાર વહેવાવાળા છો; વેદોનો અભ્યાસ કરો છો પણ વેદોનો અર્થ તમે જાણતા નથી.'' આ રીતે પેલા

ભિક્ષુએ અધ્યાયક બ્રાહ્મણોનું અપમાન કર્યું એમ માની તે બ્રાહ્મણોએ પોતાના જુવાન કુમારો પાસે તેને માર મરાવ્યો. કુમારોએ લાકડીઓ, છડીઓ અને ચાબખાઓ વડે તેને મારવાની શરૂઆત કરી. આ જોઈને કોસલિક રાજાની કન્યા અને પુરોહિતની સ્ત્રી ભદ્રા એ બન્નેએ તેમનો નિષેધ કર્યો. એટલામાં અનેક યક્ષો ત્યાં આવ્યા અને તેમણે પેલા કુમારોને મારી મારીને લોહી-લુહાણ કરી નાખ્યા. આથી બ્રાહ્મણો ગભરાઈ ગયા અને અન્તે તેમણે હરિકેશિબલની માફી માગીને તેને અનેક પદાર્થો સાથે ચોખાનું ઉત્તમ અન્ન અર્પણ કર્યું.

તે અન્ન ગ્રહણ કરીને હરિકેશિબલે તેમને કહ્યું, " હે બ્રાહ્મણો, અગ્નિ સળગાવીને પાણી વડે બાહ્ય શુદ્ધિ મેળવવાનો પ્રયાસ તમે શા માટે કરો છો? આ તમારી બાહ્યશુદ્ધિ યોગ્ય નથી, એમ તત્ત્વજ્ઞો કહે છે. "

તે પછી બ્રાહ્મણો બોલ્યા, " હે ભિક્ષુ, અમારે યાગ કઈ રીતે કરવો અને કર્મનો નાશ શી રીતે કરવો? "

હરિ૦—છ જીવનકાયોની* હિંસા કર્યા વિના, અસત્ય ભાષણ અને ચોરી કર્યા વિના, પરિગ્રહ, સ્ત્રીઓ, માન અને માયા એ બધાંને છોડીને સાધુઓ દમનથી રહે છે. પાંચ સંવરોથી‡ સંવૃત થઈને, જીવિતની પરવા કર્યા વિના દેહની આશા મૂકી દઈને તેઓ દેહ વિષે અનાસક્ત થાય છે. અને (આ રીતે) તેઓ શ્રેષ્ઠ યજ્ઞનું યજન કરે છે.

બ્રા૦—તારો અગ્નિ કયો? અગ્નિકુંડ કયો? સ્રુચા કઈ? છાણાં ક્યાં? સમિધાઓ કઈ? શાંતિ કઈ? અને કયા હોમવિધિ વડે તું યજ્ઞ કરે છે?

---

* પૃથ્વીકાય, અપ્કાય, વાયુકાય, અગ્નિકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એવા છ જીવભેદ. પૃથ્વીપરમાણ્વાદિકોમાં જીવ છે, એમ જૈનો માને છે. વનસ્પતિકાય એટલે વૃક્ષાદિક વનસ્પતિવર્ગ. ત્રસકાયમાં બધાં જંગમ અથવા ચર પ્રાણીઓનો સમાવેશ થાય છે.

‡ પાંચ સંવર એટલે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. આમને જ યોગસૂત્રમાં યમ કહ્યા છે. સાધનપાદ, સૂત્ર ૩૦ જુઓ.

હરિ૦-તપશ્ચર્યા મારો અગ્નિ છે; જીવ યજ્ઞકુંડ, યોગ શ્રુચા, શરીર છાણાં, કર્મ સમિધા, સંયમ શાંતિ; આવા વિધિ વડે ઋષિઓએ વર્ણવેલો યજ્ઞ હું કરું છું.

બ્રા૦—તારું તળાવ કયું ? શાંતિતીર્થ કયું ?

હરિ૦—ધર્મ એ જ મારું તળાવ; અને બ્રહ્મચર્ય શાંતિતીર્થ છે…અહીં સ્નાન કરીને વિમલ, વિશુદ્ધ મહર્ષિ ઉત્તમ પદને પામે છે.

આ ઉપરાંત યજ્ઞયાગોનો નિષેધ કરવાવાળી બીજી એક ગાથા આ જ ઉત્તરાધ્યન સૂત્રના ૨૫મા અધ્યાયમાં છે. તે આ પ્રમાણે—

**पसुबंधा सव्वे वेया जट्ठं च पावकम्मुणा।**
**न तं तायंति दुस्सीलं कम्माणि बलवंतिह ॥**

'બધા વેદોમાં પશુમારણનું કહ્યું હોવાથી યજન પાપકર્મથી મિશ્રિત છે. યજ્ઞ કરવાવાળાઓનાં એ પાપકર્મો તેમનું રક્ષણ કરી શકતાં નથી.'

હરિકેશિબલની કથામાં કેવળ યજ્ઞનો જ નિષેધ કર્યો છે. પણ આ ગાથામાં યજ્ઞનો જ નહિ, વેદનો પણ નિષેધ સ્પષ્ટ જણાય છે.

## શ્રમણપંથોનો વેદવિરોધ

અજિત કેસકંબલ નાસ્તિકમતપ્રવર્તક હોવાથી તે કેવળ યજ્ઞયાગનોજ નહીં, વેદોનો પણ નિષેધ કરતો હોવો જોઈએ એવું અનુમાન સર્વદર્શનમાં આપેલા ચાર્વાક મતના વર્ણન પરથી કરી શકાય છે. ચાર્વાક મતના નિર્દેશક જે શ્લોકો સર્વદર્શનમાં છે, તેમાંની આ ત્રણ લીટીઓ છે:—

**पशुश्चेन्निहतः स्वर्गं ज्योतिष्टोमे गमिष्यति**
**स्वपिता यजमानेन तत्र कस्मान्न हिंस्यते ॥…**
**त्रयो वेदस्य कर्तारो भण्डधूर्तनिशाचराः**

'અગ્નિષ્ટોમ યજ્ઞમાં મરાયેલો પશુ જો સ્વર્ગમાં જાય છે, તો તે યજ્ઞમાં યજમાન પોતાના પિતાની જ હત્યા શા માટે નથી કરતો ?…ભણ્ડ, ધૂર્ત અને રાક્ષસ એ ત્રણ વેદોના રચનારા છે.'

આ ઉપરથી એમ જણાય છે કે ઘણાખરા શ્રમણ સંપ્રદાયો ઓછાવત્તા પ્રમાણમાં વેદનો સ્પષ્ટ નિષેધ કરતા હતા, અને તેમને વેદનિંદક કહેવામાં વાંધો ન હતો. પણ બુદ્ધે વેદની નિંદા કર્યાનો દાખલો ક્યાંય મળતો નથી. આથી ઉલટું વેદાભ્યાસનાં વખાણ જ બધે દેખાય છે. બુદ્ધના ભિક્ષુસંઘમાં મહાકાત્યાયન જેવા વેદપારંગત બ્રાહ્મણો હતા, તેથી ભગવાન બુદ્ધ વેદનિંદક હોય, એ સંભવતું નથી. પણ યજ્ઞયાગમાં થતી ગાય, બળદ અને બીજાં પ્રાણીઓની હિંસા તેમને બીજા શ્રમણોની જેમ જ પસંદ ન હતી.

## યજ્ઞોનો નિષેધ

કોસલ સંયુત્તમાં, યજ્ઞયાગોનો નિષેધ કરવાવાળું સુત્ત છે. તે આ પ્રમાણે—" ભગવાન બુદ્ધ શ્રાવસ્તીમાં રહેતા હતા. તે વખતે પસેનદિ કોસલ રાજાના મહાયજ્ઞની શરૂઆત થઈ. તેમાં પાંચસો બળદ, પાંચસો વાછરડાં, પાંચસો વાછરડી, પાંચસો બકરાં અને પાંચસો ઘેટાં બલિદાન માટે યૂપોને બાંધ્યાં હતાં. રાજાના દાસો, દૂતો અને કામગારો દંડના ડરથી ભયભીત થઈને આંસુઓ સારતા, રોતા રોતા યજ્ઞનાં કામો કરતા હતા.

" ભિક્ષુઓએ આ બધું જોઈને ભગવાનને કહ્યું. ત્યારે ભગવાને કહ્યું,

अस्समेधं पुरिसमेधं सम्मापासं वाजपेय्यं ।
निरग्गळं महारम्भा न ते होन्ति महप्फला ॥
अजेळका च गावो च विविधा यत्थ हञ्ञरे ।
न तं सम्मग्गता यञ्ञं उपयन्ति महेसिनो ॥
ये च यञ्ञा निरारम्भा यजन्ति अनुकूलं सदा ।
अजेळका च गावो च विविधा नेत्थ हञ्ञरे ॥
एतं सम्मग्गता यञ्ञं उपयन्ति महेसिनो ।
एतं यजेथ मेधावी एसो यञ्ञो महप्फलो ॥
एतं हि यजमानस्स सेय्यो होति न पापियो ।
यञ्ञो च विपुलो होति पसीदन्ति च देवता ॥

"અશ્વમેધ, પુરુષમેધ, સમ્યક્પાશ, વાજપેય અને નિરર્ગલ, એ યજ્ઞો ભારે ખર્ચવાળા છે; પણ તે મહાફલદાયક થતા નથી. બકરાં, ઘેટાં અને ગાયો એ ત્રિવધ પ્રાણીઓ જેમાં મરાય છે, તે યજ્ઞમાં સદ્વર્તની મહર્ષિઓ જતા નથી. પણ જે યજ્ઞોમાં પ્રાણીઓની હિંસા થતી નથી, જે લોકોને ગમે છે, અને બકરાં, ઘેટાં, ગાયો વગેરે વિવિધ પ્રાણીઓ જેમાં મરાતાં નથી, એવા યજ્ઞોમાં સદ્વર્તની મહર્ષિઓ ઉપસ્થિત થાય છે. તેથી સુજ્ઞ પુરુષે આવી જાતનો યજ્ઞ કરવો. આ યજ્ઞ મહાફલદાયક છે. કારણ કે આ યજ્ઞના યજમાનનું કલ્યાણ થાય છે, અકલ્યાણ થતું નથી. અને તે યજ્ઞ વૃદ્ધિ પામે છે અને દેવતાઓ પ્રસન્ન થાય છે."

## યજ્ઞમાં પાપ શાથી?

યજ્ઞમાં પ્રાણીવધ કરવાથી યજમાન કાયાવાચામનથી અકુશલ-કર્મનું આચરણ કરે છે તેથી યજ્ઞ અમંગલ છે, એવું બુદ્ધનું કહેવું હતું. આ વિષે અંગુત્તર નિકાયના સત્તકનિપાતમાં એક સુત્ત મળે છે. તેનો અનુવાદ આ પ્રમાણે—

એક વખત ભગવાન શ્રાવસ્તી આગળ જેતવનમાં અનાથ પિંડિકના આરામમાં રહેતા હતા. તે વખતે ઉદ્ગતશરીર (ઉગ્ગતસરીર) બ્રાહ્મણે મહાયજ્ઞની તૈયારી ચલાવી હતી. પાંચસો બળદ, પાંચસો વાછરડાં, પાંચસો વાછરડીઓ, પાંચસો બકરાં અને પાંચસો ઘેટાંને યજ્ઞમાં બળી આપવા માટે યૂપો બાંધ્યા હતા ત્યારે ઉદ્ગતશરીર બ્રાહ્મણ ભગવાન પાસે આવ્યો અને કુશલ પ્રશ્ન પૂછીને એક બાજુએ બેઠો. તે બોલ્યો, "હે ગોતમ, યજ્ઞ માટે અગ્નિ સળગાવવો અને યૂપ ખડા કરવા એ મહાફલદાયક છે, એવું મેં સાંભળ્યું છે."

ભગવાન બોલ્યા, "હે બ્રાહ્મણ, યજ્ઞ માટે અગ્નિ સળગાવવો અને યૂપ ઊભા કરવા એ મહાફલદાયક છે, એવું મેં પણ સાંભળ્યું છે."

આ જ વાક્ય બ્રાહ્મણે ફરી બે વખત ઉચ્ચાર્યું, અને ભગવાને તેને તે જ જવાબ આપ્યો. ત્યારે બ્રાહ્મણે કહ્યું, "તો પછી આપણે

બન્ને બધી રીતે મળતા થઈએ છીએ.''

આ પછી આનંદ બોલ્યો, "હે બ્રાહ્મણ, આ તારો પ્રશ્ન બરાબર નથી. મેં એવું સાંભળ્યું છે, એમ ન કહેતાં તું એમ કહેજે કે, 'યજ્ઞ માટે હું અગ્નિ સળગાવવાનો અને યૂપ ઊભો કરવાનો પ્રયત્ન કરી રહ્યો છું. આ બાબતમાં ભગવાને મને એવો ઉપદેશ આપવો કે જેથી મારું ચિરકાલ કલ્યાણ થાય.''

આનંદના કહેવા મુજબ બ્રાહ્મણે ભગવાનને પ્રશ્ન કર્યો ત્યારે ભગવાન બોલ્યા, "જે યજ્ઞ માટે અગ્નિ સળગાવે છે અને યૂપ ઊભો કરે છે, તે દુઃખોત્પાદક ત્રણ અકુશલ શસ્ત્રો ઉગામે છે. તે કયાં? તો કાયશસ્ત્ર, વાચાશસ્ત્ર અને ચિત્તશસ્ત્ર. જે યજ્ઞની શરૂઆત કરે છે તેના મનમાં આટલા બળદ, આટલાં વાછરડાં, આટલી વાછરડીઓ, આટલાં બકરાં અને આટલાં ઘેટાં મારવામાં આવે, એવો અકુશલ વિચાર ઉત્પન્ન થાય છે. એ રીતે સૌથી પહેલાં એ દુઃખોત્પાદક અકુશલ ચિત્તશસ્ત્ર ઉગામે છે. પછી એ પ્રાણીઓને મારવાની આજ્ઞા એ પોતાને મોઢે આપે છે અને તે વડે દુઃખોત્પાદક અકુશલ વાચાશસ્ત્ર ઉગામે છે. તે પછી તે પ્રાણીઓને મારવાના હેતુથી પોતેજ તે પ્રાણીઓને મારવાની શરૂઆત કરે છે, તે વડે તે દુઃખોત્પાદક અકુશલ કાયશસ્ત્ર ઉગામે છે.

"હે બ્રાહ્મણ, આ ત્રણ અગ્નિઓ ત્યાગ અને પરિવર્જન કરવા માટે યોગ્ય છે; તેમનું સેવન કરવું નહિ. તે કયા? કામાગ્નિ, દ્વેષાગ્નિ અને મોહાગ્નિ. જે માણસ કામભિભૂત થાય છે, તે કાયાવાચામન વડે કુકર્મ આચરે છે અને પરિણામે મૃત્યુ પછી દુર્ગતિ પામે છે. તેવીજ રીતે દ્વેષ અને મોહથી અભિભૂત થયેલો માણસ પણ કાયાવાચામનથી કુકર્મો કરીને દુર્ગતિ પામે છે. તેથી એ ત્રણ અગ્નિઓ ત્યાગ કરવા માટે અને પરિમાર્જન કરવા માટે યોગ્ય છે; તેમનું સેવન કરવું નહિ.

"હે બ્રાહ્મણ, આ ત્રણ અગ્નિઓનો સત્કાર કરવો, તેમને માન આપવું, તેમની પૂજા અને સારી રીતે તથા સુખેથી પરિચર્યા

કરવી. તે અગ્નિઓ કયા ? આહવનીયાગ્નિ (આહુનેય્યાગ્ગિ), ગાર્હ-પત્યાગ્નિ (ગહપતાગ્ગિ અને દક્ષિણાગ્નિ (દક્ખિણેય્યગ્ગિ).[1] માબાપ એ આહવનીયાગ્નિ છે એમ સમજવું અને તેમની ભારે સત્કારથી પૂજા કરવી. સ્ત્રીપુત્રાદિ, દાસ, કર્મકાર એ ગાર્હપત્યાગ્નિ છે એમ સમજીને તેમની આદરપૂર્વક પૂજા કરવી. શ્રમણબ્રાહ્મણોને દક્ષિણાગ્નિ સમજીને તેમની સત્કાર સાથે પૂજા કરવી. હે બ્રાહ્મણ, આ લાકડાંનો અગ્નિ ક્યારેક સળગાવવો પડે છે, ક્યારેક તેની ઉપેક્ષા કરવી પડે છે અને ક્યારેક તેને બુઝાવવો પડે છે.''

ભગવાનનું આ કથન સાંભળીને ઉદ્‌ગતશરીર બ્રાહ્મણ તેનો ઉપાસક થયો અને બોલ્યો, ' હે ગોતમ, પાંચસો બળદ, પાંચસો વાછરડાં, પાંચસો વાછરડીઓ, પાંચસો બકરાં અને પાંચસો ઘેટાં, એ બધાં પ્રાણીઓને હું યૂપોથી છૂટાં કરું છું. તેમને હું જીવદાન આપું છું. તાજું ઘાસ ખાઈને અને ઠંડું પાણી પીને તેઓ શીતલ છાયામાં સુખેથી રહો !''

## યજ્ઞમાં તપશ્ચર્યાનું મિશ્રણ

બુદ્ધસમકાલીન યજ્ઞયાગમાં બ્રાહ્મણોએ તપશ્ચર્યાનું મિશ્રણ કર્યું હતું. વૈદિક મુનિ જંગલમાં રહીને તપશ્ચર્યા કરવા લાગ્યા, તોપણ સગવડ હોય ત્યારે વચ્ચે વચ્ચે નાના મોટા યજ્ઞ કરતા જ હતા. તેના એક બે દાખલા ત્રીજા પ્રકરણમાં આપ્યા છે જ.[2] આ ઉપરાંત યાજ્ઞવલ્કયનો દાખલો લો. યાજ્ઞવલ્કય મોટો તપસ્વી અને બ્રહ્મિષ્ઠ ગણાતો હતો. એમ છતાં તેણે જનક રાજાના યજ્ઞમાં ભાગ લીધો,

---

૧. આ ત્રણ અગ્નિઓ બ્રાહ્મણોના ગ્રંથોમાં પ્રસિદ્ધ છે. '**दक्षिणाग्नि-गार्हपत्याहवनीयौ त्रयोऽग्नयः।**' (અમરકોશ). એમની પરિચર્યા કેવી રીતે કરવી અને તેનું ફળ શું ઈત્યાદિ માહિતી ગૃહ્યસૂત્રાદિ ગ્રન્થોમાં મળે છે.

૨. પૃ. ૬૩-૬૪ જુઓ.

અને તેણે અન્તે એક હજાર ગાયો અને દસ હજાર સુવર્ણપાદોની દક્ષિણા સ્વીકારી.†

પણ યજ્ઞ અને તપશ્ચર્યાનું મિશ્રણ બેવડું દુઃખ આપનાર છે એમ ભગવાન બુદ્ધ કહેતા. કન્દરક સુત્તમાં ભગવાને ચાર પ્રકારના માણસો વર્ણવ્યા છે. તે આ પ્રમાણેઃ (૧) આત્મન્તપ પણ પરન્તપ નહિ; (૨) પરન્તપ પણ આત્મન્તપ નહિ; (૩) આત્મન્તપ અને પરન્તપ; (૪) આત્મન્તપ નહિ અને પરન્તપ પણ નહિ.

આ ચારમાં પહેલો કઠોર તપ કરવાવાળો તપસ્વી ગણવો. તે પોતાને તાપ આપે છે અને પારકાને તાપ આપતો નથી. બીજો કસાઈ, પારધી વગેરે. તે બીજાને તાપ આપે છે પણ પોતાને તાપ આપતો નથી. ત્રીજો યજ્ઞયાગ કરવાવાળો, તે પોતાને પણ તાપ આપે છે, અને બીજાં પ્રાણીઓને પણ તાપ આપે છે. ચોથો તથાગતનો (બુદ્ધનો) શ્રાવક, તે પોતાને કે બીજાને તાપ આપતો નથી.

આ ચારેય જણનું સવિસ્તર વર્ણન તે સુત્તમાં આપ્યું છે. તેમાંના ત્રીજી જાતના માણસના વર્ણનનો સારાંશ આ પ્રમાણે છેઃ ભગવાન કહે છે, "હે ભિક્ષુઓ, આત્મન્તપ અને પરન્તપ માણસ કયો? કોઈ ક્ષત્રિય રાજા કે કોઈ ધનવાન બ્રાહ્મણ એક નવું **સંસ્થાગાર** બાંધે છે, અને મુંડન કરીને ખરાજિન ઓઢીને શરીરે ઘી તેલ ચોપડે છે, અને હરણનાં શીંગડાથી પીઠ ખંજવાળતો પોતાની પત્ની સાથે અને પુરોહિત બ્રાહ્મણ સાથે તે સંસ્થાગારમાં પ્રવેશ કરે છે. ત્યાં છાણથી લીંપેલી જમીન ઉપર તે કશું પણ પાથર્યા વગર સૂઈ જાય છે. એક સારી ગાયના એક ભાગના દૂધ પર તે રહે છે, બીજા ભાગના દૂધ પર તેની પત્ની રહે છે, અને ત્રીજા ભાગના દૂધ પર પુરોહિત બ્રાહ્મણ રહે છે. ચોથા ભાગના દૂધવડે હોમ કરે છે. ચારે ભાગમાંથી બચેલા દૂધ પર વાછરડાંને જીવવું પડે છે.

---

+ બૃહદારણ્યક ઉપનિષદ્ ૩/૧/૧–૨ જુઓ.

× મજ્ઝિમનિકાય નં. ૫૧.

“ પછી તે કહે છે, ‘ આ મારા યજ્ઞ માટે આટલા બળદ મારો, આટલાં વાછરડાં, મારો, આટલી વાછરડીઓ મારો, આટલાં બકરાંઓ મારો, આટલાં ઘેટાં મારો, યૂપો માટે આટલા વૃક્ષ તોડો, કુશાસન માટે આટલા દર્ભ કાપો.’ તેના દાસ, દૂત અને કર્મકાર દંડભયથી ડરીને આંસુ પાડતા પાડતા તે કામો કરે છે. આને કહે છે આત્મન્તપ અને પરન્તપ. ”

## લોકોને ગોહિંસા જોઈતી નહોતી

આ દાસ, દૂત અને કર્મકાર યજ્ઞનાં કામો રડતા રડતા કેમ કરતા હશે ? કારણ કે આ યજ્ઞમાં જે જનાવરો માર્યાં જતાં તે ગરીબ ખેડૂતો પાસેથી જબરદસ્તીથી લાવવામાં આવતાં હતાં. અને તેથી ખેડૂતોને ઘણું દુ:ખ થતું. સુત્તનિપાત્તના બ્રાહ્મણ-ધમ્મિક સુત્તમાં અતિપ્રાચીન કાળના બ્રાહ્મણોનું આચરણ વર્ણવ્યું છે. તેમાં નીચેની ગાથાઓ છે.

**यथा माता पिता भाता अञ्ञे वाऽपि च ञातका।**
**गावो नो परमा मित्ता यासु जायन्ति ओसधा ॥**
**अन्नदा बलदा चेता वण्णदा सुखदा तथा।**
**एतमत्थवसं ञत्वा नास्सु गावो हनिंसु ते ॥**

‘ મા, બાપ, ભાઈ અને બીજાં સગાસંબંધીઓની જેમ ગાયો અમારી મિત્ર છે. કારણ કે તેમના ઉપર ખેતીનો આધાર છે. તેઓ અન્ન, બલ, કાંતિ અને સુખ આપવાવાળી છે. આ કારણ જાણીને પ્રાચીન બ્રાહ્મણો ગાયોની હત્યા કરતા ન હતા.’

આ પરથી એમ જણાય છે, કે સામાન્ય લોકોને ગાયો પોતાનાં સગાસંબંધીઓ જેવી લાગતી અને યજ્ઞયાગમાં તેમની અમર્યાદ કતલ કરવી લોકોને મુદ્દલે ગમતી નહોતી. રાજાઓએ અને શ્રીમંત લોકોએ પોતાની ગાયોનો વધ કર્યો હોત તો તેમના દાસ, કર્મકારોને રોવાના પ્રસંગો બહુ ઓછા પ્રમાણમાં આવ્યા હોત. પણ આ જનાવરો તેમના જેવા જ ગરીબ ખેડૂતો પાસેથી જબરદસ્તીથી

લીધેલા હોવાથી તેમને ખૂબ દુઃખ થાય એ સ્વાભાવિક હતું. યજ્ઞ માટે લોકો પર કેવી જબરદસ્તી થતી તે નીચેની ગાથાથી જણાશેઃ—

**ददन्ति पक्के विसमे निविट्ठा**
**छेत्वा वधित्वा अथ सोचयित्वा ।।**
**सा दक्खिणा अस्सुमुखा सदण्डा ।**
**समेन दिन्नस्स न अग्घमेति ॥**

'કોઈ વિષમમાર્ગમાં નિવિષ્ટ થઈને મારામારી કરીને લોકોને દુઃખી કરીને દાન આપે છે. તેમનાં (લોકોનાં) આંસુઓથી ભરેલી તે સદણ્ડ દક્ષિણા સમત્વથી આપેલા દાનની કિંમત પામતી નથી.'

તે કાળે જેમ યજ્ઞયાગને માટે તેમ જ ઉપજીવિકા માટે અનેક પ્રાણીઓ મારવામાં આવતાં; ગાયને મારીને ચૌટા પર તેનું માંસ વેચવાની પ્રથા પ્રચલિત હતી.× પરંતુ બુદ્ધે જેટલો યજ્ઞયાગોનો નિષેધ કર્યો તેટલો આ કૃત્યોનો કરેલો દેખાતો નથી. ચૌટા પર માંસ વેચવાની રીત બુદ્ધને પસંદ હતી એવું સમજવાનું નથી. પણ યજ્ઞયાગની સરખામણીમાં તેની કશી જ કિંમત નહોતી. કસાઈના હાથમાં જે ગાયો અને બળદ આવતાં, તે ગાયો દૂઝણી નહોતી, અને તે બળદ ખેતી માટે નિરુપયોગી થયેલા હતા; તેને માટે કોઈ આંસુઓ પાડતા નહોતા. યજ્ઞની વાત જુદી હતી. ૫૦૦ કે ૭૦૦ વાછરડીઓ કે વાછરડાંઓ એક યજ્ઞમાં મરાય એટલે ખેતીને કેટલું નુકસાન થતું હશે, અને તે માટે ખેડૂતો કેવા દુઃખી થતા હશે એ કેવળ કલ્પનાથી જ જાણી શકાય. બુદ્ધે આવા જુલ્મોનો નિષેધ કર્યો હોય તો તેમને વેદનિંદક શા માટે કહેવા?

## સુયજ્ઞ કયો?

રાજાઓએ અને શ્રીમંત બ્રાહ્મણોએ કેવી રીતે યજ્ઞ કરવો

---

**×सेय्यथापि भिक्खवे दक्खो गोघातको वा गोघातकन्तेवासी वा गाविं वधित्वा चातुम्महापथे बिळसो विभजित्वा निसिन्नो अस्स ।** (સતિપટ્ઠાનસુત્ત).

તે ભગવાન બુદ્ધે દીઘનિકાયના કૂટદન્તસુત્તમાં બતાવ્યું છે. તે સુત્તનો સારાંશ આ પ્રમાણે—

એક વખત ભગવાન બુદ્ધ મગધ દેશમાં ફરતા ફરતા ખાણુમત નામના બ્રાહ્મણના ગામે આવ્યા. આ ગામ મગધ દેશના બિમ્બિસાર રાજાએ કૂટદન્ત નામક બ્રાહ્મણને દાનમાં આપ્યું હતું. તે બ્રાહ્મણે મહાયજ્ઞ માટે ૭૦૦ બળદ, ૭૦૦ વાછરડાં, ૭૦૦ વાછરડીઓ, ૭૦૦ બકરાં, અને ૭૦૦ ઘેટાં લાવ્યો હતો.

ભગવાન પોતાના ગામની પાસે આવ્યાનાં ખબર સાંભળતાં જ ખાણુમત ગામના બ્રાહ્મણો એકઠા થઈને ભગવાનના દર્શનને માટે કૂટદન્ત બ્રાહ્મણના ઘર આગળથી નીકળ્યા. તેઓ ક્યાં જાય છે તેની કૂટદન્તે તપાસ કરી. અને તેણે પોતાના નોકરને કહ્યું, "એ બ્રાહ્મણોને કહે, કે હું પણ ભગવાનના દર્શન માટે જવા માગું છું. તેથી તમે સહેજ થોભો."

કૂટદન્તના યજ્ઞ માટે ઘણા બ્રાહ્મણો ભેગા થયા હતા. કૂટદન્ત ભગવાનના દર્શનને માટે જવાનો છે, એવું સાંભળીને તેઓ તેની પાસે આવ્યા અને બોલ્યા, "હે કૂટદન્ત, તું ગોતમના દર્શન માટે જવાનો છે એ સાચું છે?"

કૂટદન્ત—હા, મને ગોતમના દર્શન માટે જવાની ઇચ્છા થઈ છે.

બ્રાહ્મણ—હે કૂટદન્ત, ગોતમના દર્શન માટે તારે જવું એ ઉચિત નથી. જો તું તેના દર્શન માટે જઈશ, તો તેના યશની અભિવૃદ્ધિ અને તારા યશની હાનિ થશે. તેથી ગોતમ જ તને મળવા આવે અને તારે તેને મળવા ન જવું, એ ઠીક છે. તું ઉત્તમ કુળમાં જન્મ્યો છે, ધનવાન છે, વિદ્વાન છે, સુશીલ છે, ઘણાઓનો આચાર્ય છે. તારી પાસે વેદમંત્ર શીખવા માટે બધેથી ઘણા શિષ્યો આવે છે. ઉંમરમાં તું ગોતમ કરતાં મોટો છે, અને મગધ રાજાએ બહુમાન સાથે આ ગામ તને ઇનામ આપ્યું છે. તેથી

ગોતમ તને મળવા આવે, અને તારે તેને મળવા ન જવું એ જ યોગ્ય છે.

કૂટદન્ત—હવે મારું કહેવું શું છે તે સાંભળો. શ્રમણ ગોતમ ઊંચા કુળમાં જન્મ્યા છે. અને મોટી સંપત્તિનો ત્યાગ કરીને તે શ્રમણ થયા છે, જુવાનીમાં જ તેમણે સંન્યાસ લીધો. તે તેજસ્વી અને સુશીલ છે. તે મધુર અને કલ્યાણપ્રદ વચન બોલવાવાળા છે, અને ઘણાઓના આચાર્ય અને પ્રાચાર્ય છે. તે વિષયોથી મુક્ત થઈને શાંત થયા છે. તે કર્મવાદી અને ક્રિયાવાદી છે. બધા દેશના લોકો તેનો ધર્મ સાંભળવા આવે છે. તે સમ્યક્ સંબુદ્ધ વિદ્યાચરણ-સંપન્ન, લોકવિદ્, સંયમી પુરુષોનો સારથિ, દેવ-મનુષ્યોનો શાસ્તા છે, એવી તેની કીર્તિ બધે ફેલાઈ છે. બિંબિસાર રાજા તેમ જ પસેનદિ કોસલ રાજા પોતાના પરિવાર સાથે તેના શ્રાવકો થયા. આ રાજાઓની જેમ પૌષ્કરસાદિ જેવા બ્રાહ્મણોને પણ તેઓ પૂજ્ય છે. આટલી મોટી યોગ્યતાવાળા તે હાલ આપણે ગામ આવ્યા છે, તેથી આપણે તેને આપણા અતિથિ માનવા જોઈએ અને અતિથિ તરીકે તેમના દર્શને જઈને તેમનો સત્કાર કરવો અમારે માટે ઉચિત છે.

બ્રાહ્મણ—હે કુટદન્ત, તેં આ જે ગોતમની સ્તુતિ કરી, તેથી અમને એમ લાગે છે કે, સજ્જનોએ સો યોજન જઈને પણ તેમને મળવું યોગ્ય છે. ચાલો, આપણે બધા જ તેમના દર્શને જઈએ.

પછી કૂટદન્ત બ્રાહ્મણસમુદાયને સાથે લઈને ભગવાન આમ્ર-યષ્ટિ વનમાં રહેતા હતા ત્યાં આવ્યો. અને ભગવાનને કુશલ પ્રશ્નાદિક પૂછીને એક બાજુએ બેસી ગયો. તે બ્રાહ્મણોમાંના કેટલાક ભગવાનને નમસ્કાર કરીને, કેટલાક તેને પોતાનાં નામગોત્ર જણાવીને, અને કેટલાક કુશલ પ્રશ્નાદિક પૂછીને એક બાજુ પર બેઠા.

પછી કૂટદન્તે ભગવાનને કહ્યું, "આપ ઉત્તમ યજ્ઞવિધિ જાણો છો એવું મેં સાંભળ્યું છે. આપ અમને એ સમજાવશો, તો સારું થશે."

ભગવાને નીચેની વાર્તા કહી—

પ્રાચીનકાળમાં મહાવિજિત નામનો એક પ્રખ્યાત રાજા થઈ ગયો. એક દિવસ તે એકાંતમાં બેઠો હતો ત્યારે તે રાજાના મનમાં એવો વિચાર આવ્યો, કે મારી પાસે ઘણી સંપત્તિ છે; તેનો હું મહાયજ્ઞમાં વ્યય કરું તો તે કૃત્ય મને ચિરકાલ હિતાવહ અને સુખાવહ થશે. આ વિચાર તેણે પોતાના પુરોહિતને કહ્યો અને તે બોલ્યો, "હે બ્રાહ્મણ, હું મહાયજ્ઞ કરવા ઇચ્છું છું. તે કઈ રીતે કરવાથી મને હિતાવહ અને સુખાવહ થશે તે મને કહે." પુરોહિત બોલ્યો, "આજકાલ આપણા રાજ્યમાં શાંતિ નથી; ગામો અને શહેરો લૂંટાય છે, રસ્તામાં લૂંટફાટ ચાલે છે. આવી પરિસ્થિતિમાં આપ લોકો ઉપર કર નાખશો તો કર્તવ્યથી વિમુખ થશો. આપને કદાચ એમ લાગશે કે શિરચ્છેદ કરીને, કારાગૃહમાં નાખીને, દંડ કરીને અથવા પોતાના રાજ્યમાંથી હદપાર કરીને ચોરોનો બંદોબસ્ત થઈ શકશે. પણ આ ઉપાયોથી બંડનો પૂરેપૂરો બંદોબસ્ત થઈ નહીં શકે, કારણ કે જે ચોરો બાકી રહેશે, તેઓ ફરી બળવો કરશે. બળવો તદ્દન નષ્ટ કરવાનો સાચો ઉપાય આ પ્રમાણે છે—આપના રાજ્યમાં જેઓ ખેતી કરવા ઇચ્છે છે, તેમને બી–બિયાણાં પૂરતા પ્રમાણમાં મળે એવી વ્યવસ્થા કરો. જેઓ વ્યાપાર કરવા ઇચ્છે છે તેમને મૂડી ઓછી ન પડે એમ કરો. જેઓ સરકારી નોકરી કરવા માગે છે, તેમને યોગ્ય વેતન આપી યોગ્ય કામે લગાડો. આવી રીતે બધા માણસો પોતપોતાના કામોમાં મશગૂલ રહેશે તો રાજ્યમાં બંડ થવાનો સંભવ રહેશે નહિ અને વખતસર કર વસૂલ કરીને તિજોરી ભરાયેલી રહેશે, બંડખોરોનો ઉપદ્રવ નષ્ટ થવાથી લોકો નિર્ભયતાથી પોતાના દરવાજા ઉઘાડા મૂકી બાલબચ્ચાંઓ સાથે ખૂબ આનંદથી રહેવા માંડશે."

પુરોહિત બ્રાહ્મણે કહેલો બંડ શમાવવાનો ઉપાય મહાવિજિત રાજાને ગમ્યો. પોતાના રાજ્યમાં જે લોકો ખેતી કરવાને માટે સમર્થ હતા તેમને બી–બિયારણ આપીને તેણે ખેતી કરવા પ્રેર્યા;

જેઓ વેપાર કરવાને સમર્થ હતા તેમને મૂડી આપીને વેપારની અભિવૃદ્ધિ કરી અને જેઓ સરકારી નોકરી માટે યોગ્ય હતા તેમની સરકારી કામ પર યોગ્ય જગ્યાએ નિમણુક કરી. આ ઉપાયનો અમલ કરવાથી મહાવિજિતનું રાષ્ટ્ર થોડા સમયમાં જ સમૃદ્ધ થયું. ધાડ અને ચોરીઓ નષ્ટ થવાથી કર વસૂલ થઈને ખજાનો વધ્યો, અને લોકો નિર્ભયતાથી બારણાં ખુલ્લાં મૂકીને પોતાનાં બાળકોને રમાડતાં કાળ વિતાડવા લાગ્યાં.

એક દિવસ મહાવિજિત રાજાએ પુરોહિતને કહ્યું, “હે બ્રાહ્મણ, તમે બતાવેલા ઉપાયથી મારા રાજ્યના અંદરની બળવાખોરી નષ્ટ થઈ છે, મારી તિજોરીની સાંપત્તિક સ્થિતિ ઘણી સારી છે, અને મારા દેશનાં બધાં લોકો નિર્ભયતાથી અને આનંદથી રહે છે. હવે હું મહાયજ્ઞ કરવા ઇચ્છું છું. તેનું વિધાન મને કહો.”

પુરોહિત બોલ્યો: “આપને મહાયજ્ઞ કરવો હોય તો તે કામમાં પ્રજાની અનુમતિ લેવી જોઈએ. તેથી પહેલાં રાજ્યનાં બધાં લોકોને જાહેર રીતે તમારી ઇચ્છા જણાવી તે કામમાં તેમની સંમતિ મેળવો.”

રાજાની ઇચ્છાને અનુસરીને બધાં લોકોએ યજ્ઞને અનુમતિ આપી અને તે મુજબ યજ્ઞની તૈયારી કરીને પુરોહિતે રાજાને કહ્યું: “આ યજ્ઞમાં ઘણી સંપત્તિ ખર્ચાશે, એવો વિચાર યજ્ઞની શરુ-આતમાં મનમાં લાવશો નહિ. યજ્ઞ ચાલતો હોય ત્યારે મારી સંપત્તિ નાશ પામે છે એવો વિચાર, અને યજ્ઞ પૂરો થયા પછી મારી સંપત્તિ નાશ પામી એવો વિચાર, તમે મનમાં લાવશો નહિ. આપણા યજ્ઞમાં ભલાબૂરા લોકો આવશે. આપણે તેમાંના સત્પુરુષો પર નજર રાખીને યજ્ઞ કરવો અને પોતાનું ચિત્ત પ્રસન્ન રાખવું.”

મહાવિજિતના તે યજ્ઞમાં ગાયો, બળદ, બકરાં કે ઘેટાં મારવામાં આવ્યાં નહિ. ઝાડ તોડીને યૂપ કરવામાં આવ્યા નહિ. દર્ભોનાં

આસનો બનાવવામાં આવ્યાં નહિ. દાસોને, દૂતોને અને મજૂરોને જબરદસ્તીથી કામે લગાડવામાં આવ્યા નહિ. જેમની ઇચ્છા હતી તેમણે કામ કર્યાં અને જેમની ઇચ્છા નહોતી તેમણે કર્યાં નહિ. ઘી, તેલ, માખણ, મધ અને ગોળ એ પદાર્થોથી જ તે યજ્ઞ પૂરો કરવામાં આવ્યો.

તે પછી રાષ્ટ્રના ધનવાન લોકો ભારે ભારે નજરાણાંઓ લઈને મહાવિજિત રાજાના દર્શને આવ્યા. તેમને રાજાએ કહ્યું, "હે ગૃહસ્થો, મને તમારાં નજરાણાંની બિલકુલ જરૂર નથી. ધાર્મિક કર મળવાથી મારી પાસે ઘણું દ્રવ્ય ભેગું થયું છે. તેમાંનું તમને કાંઈક જોઈતું હોય તો ખુશીથી લઈ જાઓ." આ રીતે રાજાએ પેલા ધનિક લોકોનાં નજરાણાં લેવાનો ઇન્કાર કર્યો, ત્યારે તેમણે તે દ્રવ્ય ખર્ચીને યજ્ઞશાળાની ચારે બાજુ ઉપર ધર્મશાળા બાંધીને ગરીબગરબાંને દાનધર્મ કર્યો.

ભગવાને કહેલી આ યજ્ઞની વાર્તા સાંભળીને કૂટદન્તની સાથે આવેલા બ્રાહ્મણો બોલ્યા, "ઘણો જ સારો યજ્ઞ! ઘણો જ સારો યજ્ઞ!"

ત્યારે પછી ભગવાને કૂટદન્ત બ્રાહ્મણને પોતાના ધર્મનો વિસ્તારથી ઉપદેશ કર્યો અને તે સાંભળીને કૂટદન્ત બ્રાહ્મણ ભગવાનનો ઉપાસક થયો અને બોલ્યો, "હે ગોતમ, ૭૦૦ બળદ, ૭૦૦ વાછરડાં, ૭૦૦ વાછરડીઓ, ૭૦૦ બકરાં અને ૭૦૦ ઘેટાંઓ—એ બધાં પ્રાણીઓને હું યૂપોથી મુક્ત કરું છું અને તેમને જીવતદાન આપું છું. તાજું ઘાસ ખાઈને અને ઠંડું પાણી પીને તેઓ ભલે શીતલ છાયામાં આનંદથી રહે!"

## બેકારી નષ્ટ કરવી એ જ સાચો યજ્ઞ

ઉપરના સુત્તમાં મહાવિજિતનો અર્થ જેનું રાજ્ય વિસ્તૃત છે એવો રાજા. તે જ મહાયજ્ઞ કરી શકશે. તે મહાયજ્ઞનું મુખ્ય વિધાન એ કે રાજ્યમાં કોઈ બેકાર રહે નહિ; બધાને કોઈ સારું કામ આપવામાં આવે. આ જ વિધાન જુદી રીતે ચક્કવત્તિસીહનાદસુત્તમાં કહ્યું છે. તેનો સારાંશ આ પ્રમાણે—

દૃઢનેમિ નામનો એક ચક્રવર્તી રાજા થઈ ગયો. વૃદ્ધાવસ્થામાં પોતાના દીકરાનો અભિષેક કરીને તે યોગાભ્યાસ માટે ઉપવનમાં જઈને રહ્યો. રાજાના પ્રાસાદની સામે એક દેદીપ્યમાન ચક્ર હતું. તે સાતમે દિવસે ગૂમ થયું. આથી દૃઢનેમિનો પુત્ર ખૂબ ગભરાયો અને રાજર્ષિ પિતાની પાસે જઈને તેણે આ ખબર આપ્યાં. રાજર્ષિ બોલ્યો "બેટા, તું ગભરાઈશ નહિ. આ ચક્ર તારા પુણ્યને લીધે ઉત્પન્ન થયું નહોતું. જો તું ચક્રવર્તી રાજાના વ્રતનું પાલન કરીશ તો તે ફરી પોતાની જગ્યાએ આવીને સ્થિર થશે. તું ન્યાય અને સમતા વડે લોકોનું રક્ષણ કરજે, અને તારા રાજ્યમાં અન્યાય થવા દઈશ નહિ. જેઓ દરિદ્રી હશે, તેમને (કામે લગાડીને) ધન મળે એવી વ્યવસ્થા કરજે, અને તારા રાજ્યમાં જે સત્પુરુષ શ્રમણબ્રાહ્મણો હોય તેમની પાસેથી વખતોવખત કર્તવ્યાકર્તવ્યનો બોધ મેળવજે. તેમનો ઉપદેશ સાંભળીને અકર્તવ્યથી પરાઙ્મુખ થજે, અને કર્તવ્યમાં દક્ષ રહેજે."

જુવાન રાજાએ આ ઉપદેશ માન્ય કર્યો અને તે મુજબ તે વર્ત્યો, ત્યારે પેલું દેદીપ્યમાન ચક્ર પોતાને સ્થાને ફરી આવ્યું. રાજાએ ડાબા હાથમાં પાણીની ઝારી લીધી અને જમણે હાથે પેલું ચક્ર ચલાવ્યું. તે ચક્ર તેના સામ્રાજ્યમાં બધે ફર્યું. તેની પાછળ જઈને રાજાએ બધા લોકોને ઉપદેશ આપ્યો કે, 'પ્રાણઘાત કરશો નહિ. ચોરી કરશો નહિ. વ્યભિચાર કરશો નહિ. જૂઠું બોલશો નહિ. યોગ્ય માર્ગે ચાલીને પોતાનો નિર્વાહ કરજો.'

પછી પેલું ચક્રરત્ન પાછું ફર્યું અને ચક્રવર્તી રાજાના સભાસ્થાનની સામે ઊભું રહ્યું. તેના વડે રાજમહેલની શોભા વધી.

આ ચક્રવર્તીવ્રતનો પ્રકાર સાત પેઢીઓ સુધી ચાલ્યો. સાતમા ચક્રવર્તીએ સંન્યાસ લીધા પછી, સાતમે દિવસે તે ચક્ર અંતર્ધાન પામ્યું, અને તેથી જુવાન રાજાને ખૂબ દુ:ખ થયું. પણ રાજર્ષિ પિતા પાસે જઈને તેણે ચક્રવર્તીવ્રત જાણી લીધું નહિ. તેના અમાત્યોએ અને બીજા સદ્‌ગૃહસ્થોએ તેને તે ચક્રવર્તી વ્રત સમજાવ્યું. તે સાંભળીને

રાજાએ લોકોનું ન્યાયી રીતે રક્ષણ કરવાનો પ્રારંભ કર્યો; પણ દરિદ્રી લોકોને ઉદ્યોગ મળે, એવી વ્યવસ્થા કરી નહિ. આથી દારિદ્ય ખૂબ વધ્યું અને એક માણસે ચોરી કરી. લોકોએ તેને રાજાના હાથમાં સોંપ્યો એટલે રાજાએ પૂછ્યું, "ભાઈ, તેં ચોરી કરી એ સાચું છે?"

માણસ૦—સાચું, મહારાજ.

રાજા૦—ચોરી શા માટે કરી?

માણસ૦—મહારાજ, મારો નિર્વાહ ચાલતો નથી તેથી.

તેને જોઈતું દ્રવ્ય આપીને રાજા બોલ્યો, "આ દ્રવ્ય વડે તું પોતાનો નિર્વાહ કરજે, તારા કુટુંબ ને પોષજે, વ્યાપાર ઉદ્યોગ અને દાનધર્મ કરજે." આ વાત બીજા એક બેકારને કાને ગઈ. ત્યારે તેણે પણ ચોરી કરી. રાજાએ તેને પણ યોગ્ય દ્રવ્ય આપ્યું. આથી લોકોને એમ થયું કે, જે ચોરી કરે છે, તેને રાજા ઈનામ આપે છે. એટલે દરેક માણસ ચોરી કરવા લાગ્યો. તેમાંના એકને પકડીને રાજા પાસે લઈ ગયા. રાજાએ વિચાર કર્યો, 'જો ચોરી કરવાવાળાને હું દ્રવ્ય આપતો જાઉં, તો આખા રાજ્યમાં અમર્યાદ ચોરીઓ થશે. તેથી આ માણસનો શિરચ્છેદ કરાવવો જોઈએ.'' આથી તેણે તે માણસને રસીઓથી બંધાવ્યો, તેનું મુંડન કરાવ્યું, અને રસ્તાઓમાં તેને ફેરવીને નગરની દક્ષિણ દિશામાં તેનો શિરચ્છેદ કરવાની આજ્ઞા આપી.

તે પ્રકાર જોઈને ચોર લોકો ગભરાઈ ગયા. હવે પછી સીધી રીતે ચોરીઓ કરવી જોખમભર્યું છે, એમ જાણીને તેમણે તીક્ષ્ણ શસ્ત્રો તૈયાર કરાવ્યાં, અને તેઓ ખુલ્લી રીતે ધાડ પાડવા લાગ્યા....

આ રીતે દરિદ્રી લોકોને વ્યવસાય નહિ મળવાથી દારિદ્ય વધતું ચાલ્યું; દારિદ્ય વધવાથી ચોરીઓ અને લૂંટમાર વધી; લૂંટમાર વધવાથી શસ્ત્રાસ્ત્ર વધ્યાં; શસ્ત્રાસ્ત્રો વધવાથી પ્રાણઘાત વધ્યા; પ્રાણઘાત વધવાથી અસત્ય વધ્યું; અસત્ય વધવાથી ચાડીઓ વધી; ચાડીઓ વધવાથી વ્યભિચાર વધ્યો, અને પરિણામે ગાળાગાળી અને

વ્યર્થ બડબડ વધી. તેમની અભિવૃદ્ધિ થવાથી લોભ અને દ્વેષ વધવા માંડયા અને તેને લીધે મિથ્યાદૃષ્ટિ વધી અને બીજાં બધાં અસત્ કર્મો બધે ફેલાયાં.

મહાવિજિત રાજાને પુરોહિતે કહેલા યજ્ઞવિધાનનો ખુલાસો આ ચક્કવત્તિસીહનાદ સુત્ત પરથી થાય છે. લોકો પાસેથી બળજબરીથી જનાવરો ઝૂંટવી લઈને તેમનો યજ્ઞમાં વધ કરવો એ સાચો યજ્ઞ નથી, પણ રાજ્યના લોકોને સમાજોપયોગી કાર્યમાં નિયુક્ત કરીને બેકારી નષ્ટ કરવી એ જ સાચો યજ્ઞયાગ છે. બલિદાનપૂર્વક યજ્ઞયાગ કરવાની પ્રથા ક્યારની નષ્ટ થઈ છે, તેમ છતાં આજે પણ સાચો યજ્ઞ કરવાનો પ્રયત્ન ભાગ્યે જ દેખાય છે. બેકારી ઘટાડવા માટે જર્મનીએ અને ઈટાલીએ યુદ્ધસામગ્રી વધારી; તેને લઈને ફ્રાંસ, ઈંગ્લેંડ અને અમેરિકા વગેરે રાષ્ટ્રોને પણ યુદ્ધસામગ્રી વધારવી પડી અને હવે યુદ્ધ ફાટી નીકળવાનો સંભવ દેખાય છે. અહીં જાપાને તો ચીન પર ચઢાઈ કરી જ છે; અને ત્યાં મુસોલિની અને હિટલર આવતી કાલે શું કરશે, તેની કોઈનેયે કલ્પના નથી.* પણ એટલું તો સાચું કે આ બધાનું પર્યવસાન રણયજ્ઞમાં જ થશે, અને તેમાં બીજાં પ્રાણીઓ કરતાં મનુષ્ય પ્રાણીઓની આહુતિ વધારે પ્રમાણમાં આપવી પડશે. આ રણયજ્ઞ અટકાવવો હોય, તો લોકોને યુદ્ધસામગ્રી તરફ નહિ વાળતાં સમાજોન્નતિના કાર્યમાં લગાડવા જોઈએ. આમ કરવાથી જ ભગવાન બુદ્ધે ઉપદેશેલું યજ્ઞવિધાન અમલમાં આવશે. અસ્તુ.

આ થોડું વિષયાંતર થયું. બુદ્ધના યજ્ઞવિધાનના સ્પષ્ટીકરણ માટે તે યોગ્ય હતું. ઉપર આપેલાં સુત્તો બુદ્ધ પછી અમુક વખતે રચાયાં હોય, તોપણ તેમાં બુદ્ધે ઉપદેશેલાં મૂળભૂત તત્ત્વોનો ખુલાસો કરવામાં આવ્યો છે. આવા સુયજ્ઞનો ઉપદેશ આપનાર ગુરુને વેદનિંદક કહી તેની અવહેલના કરવી યોગ્ય છે કે કેમ તેનો જ વિચાર સુજ્ઞોએ કરવો ઘટે છે.

* આ લખાણ ગયા મહાયુદ્ધ પહેલાં લખાયું હતું તે એમ ને એમ રહેવા દીધું છે.

## જાતિભેદનું મૂળ

'ब्राह्मणोऽस्य मुखमासीद्बाहू राजन्यः कृतः।
ऊरू तदस्य यद्वैश्यः पद्भ्यां शूद्रो अजायत॥'

ऋ. ૧૦/૯૦/૧૨

હિંદુસ્તાનના જાતિભેદનું મૂળ ઉપરની પુરુષસૂક્તની ઋચામાં છે એમ ગણાય છે. પણ આ માન્યતા ભૂલભરેલી છે. વેદકાલની પહેલાં પણ સપ્તસિંધુ પ્રદેશમાં અને મધ્ય હિંદુસ્તાનમાં અહિંસા-ધર્મની જેમ જાતિભેદધર્મ પણ અસ્તિત્વમાં હતો. આર્યોના આગમનને લીધે અને વૈદિક સંસ્કૃતિના પ્રસારને લીધે અહિંસાધર્મને અરણ્યવાસ સ્વીકારવાની ફરજ કેવી રીતે પડી તે પહેલા પ્રકરણમાં બતાવવામાં આવ્યું જ છે. (પૃ. ૯-૧૧) પણ જાતિભેદની બાબતમાં એવું થયું નથી. તેમાં સહેજ ફેરફાર થઈને તે ચાલુ જ રહ્યો છે.

### ક્ષત્રિયોનું જોર

સુમેરિયામાં ઘણે ભાગે પૂજારી જ રાજા થતો અને એ જ રિવાજ સપ્તસિંધુ પ્રદેશમાં હતો. આ પ્રદેશમાં જે નાનાં નાનાં રાજ્યો હતાં તેમના પ્રમુખ વૃત્રને ઇન્દ્રે મારી નાખ્યો. અને તેથી ઇન્દ્રને બ્રહ્મહત્યાનું પાપ લાગ્યું, એવું વર્ણન મહાભારતમાં છે.* આર્યોના આગમન પહેલાં કેવી સ્થિતિ હતી તે ઉપરની ઋચામાં કહ્યું છે. ઋષિ કહે છે, " એક વખતે વિરાટ પુરુષનું મુખ બ્રાહ્મણ

* 'હિંદી સંસ્કૃતિ અને અહિંસા' પૃ. ૧૫ જુઓ.

હતું, હાથ રાજન્ય હતા; તેના સાથળમાંથી વૈશ્ય થયા અને તેના પગમાંથી શૂદ્ર ઉત્પન્ન થયા.'' આર્યોના આગમનથી ક્ષત્રિયોનું મહત્ત્વ વધ્યું, અને બ્રાહ્મણોનું પ્રભુત્વ નષ્ટ થયું, તોપણ પુરોહિતનું કામ તેમની પાસે રહ્યું. આ સ્થિતિ બુદ્ધકાળ સુધી ચાલુ રહી. પાલિ સાહિત્યમાં બધી જગ્યાએ ક્ષત્રિયોને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે અને ઉપનિષદોમાં પણ તેનો જ પ્રતિધ્વનિ દેખાય છે. દા. ત., નીચેનું લખાણ જુઓ—

**ब्रह्म वा इदमग्र आसीदेकमेव। तदेकं सन्न व्यभवत्तच्छ्रेयोरूपमत्यसृजत क्षत्रं यान्येतानि देवत्रा क्षत्राणीन्द्रो वरुणः सोमो रुद्रः पर्जन्यो यमो मृत्युरीशान इति तस्मात् क्षत्रात्परं नास्ति। तस्माद्ब्राह्मणः क्षत्रियमधस्तादुपास्ते ॥**

(બૃહદારણ્યક ૧/૪/૧૧)

'પહેલાં બ્રહ્મ એકલું હતું, પણ તે એક હોવાથી તેનો વિકાસ થયો નહિ. તેથી તેણે ઉત્કૃષ્ટરૂપ ક્ષત્રિયજાતિ પેદા કરી. તે ક્ષત્રિયો એટલે દેવલોકમાં ઇન્દ્ર, વરુણ, સોમ, રુદ્ર, પર્જન્ય, યમ, મૃત્યુ અને ઈશાન. તેથી ક્ષત્રિય જાતિથી શ્રેષ્ઠ બીજી જાતિ નથી. અને તેથી જ બ્રાહ્મણ પોતે નીચે રહીને ક્ષત્રિયની ઉપાસના કરે છે.'

## જાતિભેદનો નિષેધ

આ રીતે ક્ષત્રિય જાતિને મહત્ત્વ પ્રાપ્ત થયું હતું, તેમ છતાં ક્ષત્રિયોનું મુખ્ય કર્તવ્ય યુદ્ધ હતું, જે બુદ્ધને બિલકુલ પસંદ નહોતું. તેથી સમગ્ર જાતિભેદ જ તેને નિરુપયોગી લાગ્યો અને તેનો તેમણે પૂરેપૂરો નિષેધ કર્યો. બીજા શ્રમણોના આગેવાનોએ બુદ્ધની જેમ જાતિનો નિષેધ કર્યાનો દાખલો મળતો નથી. તેમના સંઘોમાં જાતિભેદને સ્થાન નહોતું જ પણ તેમના ઉપાસકવર્ગમાં રૂઢ થયેલા જાતિભેદનો તેમણે વિરોધ કર્યો નહિ. તે કાર્ય બુદ્ધે કર્યું. તે કેવી રીતે કર્યું તે આપણે જોઈએ.

જાતિભેદની સામે બુદ્ધે ઉપદેશેલું સૌથી પ્રાચીન એવું વાસેટ્ઠસુત્ત

સુત્તનિપાતમાં અને મજ્ઝિમનિકાયમાં મળે છે. તેનો સાર નીચે મુજબ—

એક વખત ભગવાન બુદ્ધ ઇચ્છાનંગલ નામના ગામની પાસે ઇચ્છાનંગલ ઉપવનમાં રહેતા હતા. તે વખતે ઘણા પ્રસિદ્ધ બ્રાહ્મણો ઇચ્છાનંગલ ગામમાં હતા. તેમાંના વસિષ્ઠ અને ભારદ્વાજ નામક બે જુવાન બ્રાહ્મણોમાં 'માણુસ જન્મથી શ્રેષ્ઠ થાય છે, કે કર્મથી' એ વાદ શરૂ થયો.

ભારદ્વાજે પોતાના મિત્રને કહ્યું, "હે વાસિષ્ઠ, જેઓ માની બાજુએ અને બાપની બાજુએ સાત પેઢીઓ શુદ્ધ હોય અને જેના કુળમાં સાત પેઢીઓમાં વર્ણસંકર ન થયો હોય, તેજ બ્રાહ્મણ શ્રેષ્ઠ છે."

વાસિષ્ઠ બોલ્યો, "હે ભારદ્વાજ, જે માણુસ શીલસંપન્ન અને કર્તવ્યદક્ષ હોય તેને જ બ્રાહ્મણ કહેવાય."

ખૂબ લાંબો વાદવિવાદ થયો. તોપણ બંને એકબીજાનું સમાધાન કરી શક્યા નહિ. અંતે વાસિષ્ઠ બોલ્યો, "હે ભારદ્વાજ, આપણો આ વાદ અહીં પતવાનો નથી. શ્રમણ ગોતમ આપણા ગામની પાસે રહે છે. તે બુદ્ધ છે, પૂજ્ય છે, બધા લોકોનો ગુરુ છે, એવી તેની કીર્તિ બધે ફેલાઈ છે. તેની પાસે જઈને આપણે આપણો મતભેદ એની આગળ મૂકીએ અને તેઓ જે નિકાલ આપે, તે આપણે માન્ય રાખીએ."

તે બંને બુદ્ધ પાસે ગયા અને બુદ્ધને કુશલ પ્રશ્નાદિ પૂછીને એક બાજુએ બેસી ગયા. પછી વાસિષ્ઠ બોલ્યો, "હે ગોતમ, અમે બંને સુશિક્ષિત બ્રાહ્મણકુમારો છીએ. આ તારુક્ષ્યનો શિષ્ય છે અને હું પૌષ્કરસાદિનો શિષ્ય છું. અમારી વચ્ચે જાતિભેદની બાબતમાં વિવાદ છે. આ કહે છે કે બ્રાહ્મણ જન્મથી થાય છે, જ્યારે હું કહું છું કે બ્રાહ્મણ કર્મથી થાય છે. આપની કીર્તિ સાંભળીને અમે અહીં આવ્યા છીએ. આપ અમારા વિવાદનો નિર્ણય આપ આપો."

ભગવાન બોલ્યા, "હે વાસિષ્ઠ, તૃણ, વૃક્ષ, ઇત્યાદિ વનસ્પતિઓમાં ભિન્ન ભિન્ન જાતિઓ દેખાય છે. તેવી જ રીતે કીડાઓ, કીડીઓ ઇત્યાદિ ક્ષુદ્ર પ્રાણીઓમાં પણ તે દેખાય છે. સર્પોની, શ્વાપદોની, પાણીમાં રહેવાવાળાં મત્સ્યોની અને આકાશમાં ઊડવાવાળાં પક્ષીઓની પણ અનેક જાતિઓ છે. તેમના ભિન્નત્વનાં ચિહ્નો તે તે પ્રાણીસમુદાયોમાં સ્પષ્ટ દેખાય છે, પણ માણસોમાં ભિન્નત્વનું ચિહ્ન દેખાતું નથી. વાળ, કાન, આંખો, મોઢું, નાક, હોઠ, ભમર, ડોક, પેટ, પીઠ, હાથ, પગ ઇત્યાદિ અવયવોમાં એક માણસ બીજા માણસથી સહેજ પણ ભિન્ન થઈ શકતો નથી. તેથી પશુપક્ષી ઇત્યાદિમાં જેવી આકારને લીધે ભિન્ન જાતિઓ દેખાય છે, તેવી તે મનુષ્ય પ્રાણીઓમાં નથી. બધા માણસોનાં અવયવ લગભગ સરખાં જ હોવાથી માણસોમાં જાતિભેદ નક્કી થઈ શકતો નથી. પણ માણસની જાતિ કર્મથી નક્કી થઈ શકે છે.

"કોઈ બ્રાહ્મણ ગાય પાળીને ઉપજીવિકા ચલાવતો હોય તો તેને ગોવાળ કહેવો, બ્રાહ્મણ કહેવો નહિ. જે શિલ્પકલાવડે ઉપજીવિકા ચલાવે છે તે કારીગર, જે વેપાર કરે છે તે વાણિયો, દૂતનું કામ કરે તે દૂત, ચોરી પર નભે છે તે ચોર, યુદ્ધકલા પર જીવે છે તે યોદ્ધા, યજ્ઞયાગો પર ઉપજીવિકા કરે છે તે યાજક અને જે રાષ્ટ્ર પર ઉપજીવિકા ચલાવે છે તે રાજા છે, એમ ગણવું. પરંતુ આમાંના કોઈને પણ જન્મથી બ્રાહ્મણ કહી શકાય નહિ.

"બધાં સંસારબંધનો તોડીને જે કોઈ પણ પ્રાપંચિક દુઃખથી ડરતો નથી, કોઈ પણ ચીજની જેને આસક્તિ નથી, તેને હું બ્રાહ્મણ કહું છું. બીજાએ આપેલી ગાળો, વધબન્ધ ઇત્યાદિ જે સહન કરે છે, ક્ષમા એ જ જેનું બળ છે, તેને હું બ્રાહ્મણ કહું છે. કમલપત્ર પરના જલબિંદુની જેમ જે ઇહલોકના વિષયસુખથી અલિપ્ત રહે છે, તેને જ હું બ્રાહ્મણ કહું છું....

"જન્મથી બ્રાહ્મણ થતો નથી કે અબ્રાહ્મણ થતો નથી.

કર્મથી જ બ્રાહ્મણ થાય છે અને કર્મથી જ અબ્રાહ્મણ થાય છે. ખેડૂત કર્મથી થાય છે, કારીગર કર્મથી થાય છે, ચોર કર્મથી થાય છે, સિપાહી કર્મથી થાય છે, યાજક કર્મથી થાય છે અને રાજા પણ કર્મથી જ થાય છે. કર્મથી જ આ આખું જગત ચાલે છે. રથ જેમ ધરીપર અવલંબીને ચાલે છે, તેવી જ રીતે બધાં પ્રાણીઓ પોતાનાં કર્મ પર અવલંબીને રહે છે.''

આ બુદ્ધનો ઉપદેશ સાંભળીને વાસિષ્ઠ અને ભારદ્વાજ તેના ઉપાસક થયા.

## બ્રાહ્મણ અને અબ્રાહ્મણ સરખા જ !

ઉપર આપેલી પુરુષસૂક્તની ઋચાને આધારે બ્રાહ્મણો એવું કહેતા કે પોતે બ્રહ્મદેવના મુખમાંથી ઉત્પન્ન થયા હોવાથી ચારે વર્ણોમાં પોતે શ્રેષ્ઠ છે. મજ્ઝિમનિકાયના અશ્વલાયનસુત્તમાં આ વિષેનો ભગવાન બુદ્ધનો સંવાદ ઘણો બોધપ્રદ છે તે સુત્તનો સારાંશ આ પ્રમાણે:—

એક વખત ભગવાન બુદ્ધ શ્રાવસ્તી આગળ અનાથપિંડિકના આરામમાં રહેતા હતા. તે વખતે જુદા જુદા દેશોમાંથી પાંચસો બ્રાહ્મણો કેટલાંક કારણોસર શ્રાવસ્તી આવ્યા હતા. તે બ્રાહ્મણોમાં એક એવો પ્રશ્ન ઉપસ્થિત થયો કે શ્રમણ ગોતમ ચારે વર્ણોને મોક્ષ મળે છે એવું પ્રતિપાદન કરે છે. તેની સાથે વાદવિવાદ કરીને તેના મતનું ખંડન કોણ કરશે? અન્તે આ કામને માટે આશ્વલાયન નામના બ્રાહ્મણકુમારની યોજના કરવાનું ઠરાવવામાં આવ્યું.

આશ્વલાયન કુમારનું અધ્યયન તાજેતરમાં જ પૂરું થયું હતું. નિઘંટુ, છંદઃશાસ્ત્ર ઇત્યાદિ વેદાંગો સાથે તેને ચારે વેદ મોઢે હતાં. તથાપિ ભગવાન બુદ્ધની સાથે વાદવિવાદ કરવો સહેલો નથી એ તે જાણતો હતો. બુદ્ધની સાથે વાદ કરવા માટે જ્યારે એની પસંદગી થઈ, ત્યારે તેણે બ્રાહ્મણોને કહ્યું, "ભો, શ્રમણ ગોતમ ધર્મવાદી છે. ધર્મવાદી લોકો સાથે વાદ કરવો સહેલો નથી. હું વેદોમાં ભલે પારંગત હોઉં,

તોપણ ગોતમ સાથે વાદવિવાદ કરવા માટે હું સમર્થ નથી.''

લાંબા વખત સુધી ચર્ચા થયા પછી બ્રાહ્મણોએ આશ્વલાયનને કહ્યું, "હે આશ્વલાયન, તેં પરિવ્રાજકધર્મનો અભ્યાસ કર્યો છે અને યુદ્ધ કર્યા વિના પરાજિત થવું તને છાજે નહિ.'' આશ્વલાયન બોલ્યો, "ગોતમ સાથે વાદ કરવો જરા મુશ્કેલ છે, તેમ છતાંય તમારો આગ્રહ છે તેથી હું તમારી સાથે આવું છું.''

ત્યાર પછી આશ્વલાયન પેલા બ્રાહ્મણસમુદાય સાથે ભગવાન બુદ્ધની પાસે ગયો, અને કુશલ સમાચાર વગેરે પૂછ્યા પછી તે બધા એક બાજુએ બેસી ગયા. પછી આશ્વલાયન બોલ્યો, "હે ગોતમ, બ્રાહ્મણો કહે છે, 'બ્રાહ્મણ વર્ણ જ શ્રેષ્ઠ છે, બીજા વર્ણો હીન છે. બ્રાહ્મણ વર્ણ જ શુક્લ છે, બીજા વર્ણો કૃષ્ણ છે. બ્રાહ્મણોને જ મોક્ષ મળે છે, બીજાઓને નથી મળતો. બ્રાહ્મણ બ્રહ્મદેવના મુખમાંથી નીકળ્યા. તે તેના ઔરસ પુત્રો છે, તેથી તેઓ જ બ્રહ્મદેવના દાયાદ (વારસ) છે.' હે ગોતમ, આ બાબતમાં આપનો શો મત છે?''

ભગવાન—હે આશ્વલાયન, બ્રાહ્મણોની સ્ત્રીઓ ઋતુમતી થાય છે, ગર્ભવતી થાય છે, બાળકોને જન્મ આપે છે અને ધવરાવે છે. આ રીતે બ્રાહ્મણોની સંતતિ બીજા વર્ણોની જેમ માના ઉદરમાંથી જ જન્મે છે. છતાં બ્રાહ્મણો પોતે બ્રહ્મદેવના મુખમાંથી ઉત્પન્ન થયા છે એમ કહે, એમાં આશ્ચર્ય નથી લાગતું?

આ૦—હે ગોતમ, આપ ગમે તે કહો, પણ બ્રાહ્મણો બ્રહ્મદેવના દાયાદ (વારસ) છે એવો બ્રાહ્મણોને પૂરો વિશ્વાસ છે.

ભ૦—હે આશ્વલાયન, યૌન, કામ્બોજ વગેરે સરહદપરના પ્રદેશોમાં આર્ય અને દાસ એવા બે જ વર્ણ છે, અને પ્રસંગવશાત્ આર્યનો દાસ અને દાસનો આર્ય થાય છે, આ વાત તારા સાંભળવામાં આવી છે?

આ૦—હા, એવું મેં સાંભળ્યું છે.

ભ૦—એવું હોય, તો બ્રહ્મદેવે બ્રાહ્મણોને મુખમાંથી ઉત્પન્ન કર્યા, અને તેઓ બધા વર્ણોમાં શ્રેષ્ઠ છે, એમ કહેવા માટે શો આધાર છે?

આ૦—આપ ગમે તે કહો, પણ બ્રાહ્મણોનો એવો મજબૂત વિશ્વાસ છે કે, બ્રાહ્મણ વર્ણ જ સૌથી શ્રેષ્ઠ છે અને બીજા વર્ણો હીન છે.

ભ૦—ક્ષત્રિય, વૈશ્ય, કે શૂદ્ર પ્રાણઘાત, ચોરી, વ્યભિચાર, અસત્ય ભાષણ, ચાડી, અપશબ્દ, વ્યર્થ બડબડ ઇત્યાદિ કરે, લોકોના ધન પર નજર રાખે, દ્વેષબુદ્ધિ વધારે, નાસ્તિકતાનો અવલંબ કરે, તો તેઓ દેહત્યાગ પછી નરકમાં જશે; પણ એ જ કર્મો બ્રાહ્મણ કરે તો તે નરકમાં નહિ જાય, એવું તને લાગે છે?

આ૦—હે ગોતમ, કોઈ પણ વર્ણનો માણસ આ પાપો કરે તો મૃત્યુ પછી નરકમાં જશે. બ્રાહ્મણ શું કે અબ્રાહ્મણ શું, બધાને જ પોતાના પાપનું પ્રાયશ્ચિત્ત ભોગવવું પડશે.

ભ૦—કોઈ બ્રાહ્મણ પ્રાણઘાત, ચૌર્યકર્મ, વ્યભિચાર, અસત્ય ભાષણ, ચાડી, અપશબ્દ, વૃથા પ્રલાપ, પરધનનો લોભ, દ્વેષ અને નાસ્તિકતા આ (દસ) પાપોથી નિવૃત્ત થશે, તો ફક્ત તે જ દેહાવસાન પછી સ્વર્ગે જશે. પણ બીજા વર્ણના લોકો આ પાપોથી નિવૃત્ત થશે, તોપણ તેઓ સ્વર્ગમાં નહિ જાય, એવું તને લાગે છે?

આ૦—કોઈ પણ વર્ણનો માણસ આ પાપકર્મોથી નિવૃત્ત થશે તો સ્વર્ગમાં જશે; પુણ્યાચરણનું ફળ પણ બ્રાહ્મણને અને બ્રાહ્મણેતરને સરખું જ મળશે.

ભ૦—આ પ્રદેશમાં ફક્ત બ્રાહ્મણ જ દ્વેષ અને વેરરહિત મૈત્રીભાવના રાખી શકે છે; પણ ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર તે ભાવના રાખી શકતા નથી, એમ તને લાગે છે?

આ૦—ચારે વર્ણ મૈત્રીભાવના રાખી શકશે.

ભ૦—તો પછી બ્રાહ્મણવર્ણ જ શ્રેષ્ઠ છે અને બીજા વર્ણ હીન છે, એમ કહેવાનો શો અર્થ છે?

આ૦—આપ ગમે તે કહો, બ્રાહ્મણો પોતાને શ્રેષ્ઠ અને બીજા વર્ગોને હીન ગણે છે, એ વાત સત્ય છે.

ભ૦—હે આશ્વલાયન, કોઈ મૂર્ધાવસિક્ત રાજા બધી જાતિઓના

સો પુરુષોને એકત્ર કરીને તેમાંના જેઓ ક્ષત્રિય, બ્રાહ્મણ અને રાજકુળમાં જન્મ્યા હશે, તેમને કહેશે, 'ભાઈઓ, અહીં આવો અને શાલ કે ચંદન જેવાં ઉત્તમ વૃક્ષોની ઉત્તરારણી લઈને અગ્નિ ઉત્પન્ન કરો.' અને તેમાંના જેઓ ચાંડાલ, નિષાદ ઇત્યાદિ હીન કુળોમાં જન્મ્યા હશે, તેમને તે કહેશે, 'ભાઈઓ, અહીં આવો, અને કૂતરાઓને ખાવાનું આપવાની કૂંડીમાં, ડુક્કરને ખાવાનું આપવાની કૂંડીમાં અથવા રંગારાની કૂંડીમાં એરંડિયાના ઉત્તરારણી વડે અગ્નિ ઉત્પન્ન કરો.' હે આશ્વલાયન, બ્રાહ્મણાદિક ઉચ્ચ વર્ણના માણસોએ ઉત્તમ અરણી વડે ઉત્પન્ન કરેલો અગ્નિ જ ફક્ત ભાસ્વર અને તેજસ્વી થશે, અને ચાંડાલાદિક હીન વર્ણોના માણસોએ એરંડાદિકોની અરણી વડે ઉત્પન્ન કરેલો અગ્નિ ભાસ્વર અને તેજસ્વી નહિ થાય અને તેના વડે અગ્નિકાર્યો નહિ થઈ શકે, એવું તને લાગે છે?

આ૦—હે ગોતમ, કોઈ પણ વર્ણના માણસે, સારા કે ખરાબ લાકડાની ઉત્તરારણી કરીને કોઈ પણ જગ્યાએ અગ્નિ ઉત્પન્ન કર્યો હોય તો તે સરખો જ તેજસ્વી થશે, અને તેના વડે સમાન અગ્નિકાર્યો થઈ શકશે.

ભ૦—કોઈ ક્ષત્રિયકુમાર બ્રાહ્મણકન્યા સાથે શરીરસંબંધ કરે, અને તે સંબંધથી જો તેને પુત્ર થાય, તો તે પુત્ર માબાપના જેવો જ મનુષ્ય થશે એમ તને લાગતું નથી? તેવી જ રીતે કોઈ બ્રાહ્મણકુમાર ક્ષત્રિય કન્યા સાથે લગ્ન કરશે અને તે સંબંધથી તેને પુત્ર થશે તો તે માબાપ જેવો નહિ થતાં જુદા જ પ્રકારનો થશે એમ તને લાગે છે?

આ૦—આવા મિશ્રવિવાહથી જે છોકરો થાય છે, અને તે તેનાં માબાપ જેવો જ મનુષ્ય હોય છે. તેને બ્રાહ્મણ પણ કહી શકાય અને ક્ષત્રિય પણ કહી શકાય.

ભ૦—પણ હે આશ્વલાયન, કોઈ ઘોડીના અને ગધેડાના સંબંધથી જે બચ્ચું થાય, તેને તેની મા જેવું કે બાપ જેવું ગણી

શકાય? તેને ઘોડો પણ કહી શકાય અને ગધેડો પણ કહી શકાય ખરો?

આ૦—હે ગોતમ, તેને ઘોડો કે ગધેડો નહિ કહી શકાય. તે એક ત્રીજી જ જાતનું પ્રાણી થાય છે. તેને આપણે ખચ્ચર કહીએ છીએ. પણ બ્રાહ્મણ અને ક્ષત્રિયના સંબંધથી થયેલા બાળકમાં એવો પ્રકાર દેખાતો નથી.

ભ૦—હે આશ્વલાયન, બે બ્રાહ્મણ બંધુઓમાં એક વેદપઠન કરેલો સારો સુશિક્ષિત હોય અને બીજો અશિક્ષિત હોય, તો બ્રાહ્મણો કયા ભાઈને શ્રાદ્ધમાં અને યજ્ઞમાં પહેલું આમંત્રણ આપશે?

આ૦—જે સુશિક્ષિત હશે તેને જ પહેલું આમંત્રણ અપાશે.

ભ૦—હવે એમ સમજ કે, આ બે ભાઈઓમાં એક ભારે વિદ્વાન પણ અસંત દુરાચારી છે; બીજો વિદ્વાન નથી પણ અસંત સુશીલ છે; તો તે બેમાં પહેલું કોને આમંત્રણ અપાશે?

આ૦—હે ગોતમ, જે શીલવાન હશે તેને જ પહેલું આમંત્રણ અપાશે; દુરાચારી માણસને આપેલું દાન મહાફલદાયક શી રીતે થાય?

ભ૦—હે આશ્વલાયન પહેલાં તેં જાતિને મહત્ત્વ આપ્યું, પછી વેદપઠનને અને હવે શીલને મહત્ત્વ આપી રહ્યો છે. આથી હું જે ચાતુર્વર્ણ્યશુદ્ધિનું પ્રતિપાદન કરું છું, તેનો જ તેં સ્વીકાર કર્યો છે.

બુદ્ધ ભગવાનનું આ ભાષણ સાંભળીને આશ્વલાયન માથું નીચું કરીને મૂંગો રહ્યો. આગળ શું બોલવું તે તેને સૂઝ્યું નહિ. પછી ભગવાને અસિતદેવલ ઋષિની વાર્તા કહી. અને અન્તે આશ્વલાયન બુદ્ધનો ઉપાસક થયો.

## અધિકાર લોકોએ આપવા જોઈએ

બ્રાહ્મણવર્ણ જ શ્રેષ્ઠ છે અને બીજા વર્ણો હીન છે એટલું કહીને જ બ્રાહ્મણોના આગેવાનો સ્વસ્થ નહોતા બેસતા. તેમણે ચારે વર્ણોનાં કર્તવ્યો અને અકર્તવ્યો કયાં છે તે કહેવાનો અધિકાર પોતાના

હાથમાં રાખ્યો હતો, એવું મજ્ઝિમનિકાયના (નં. ૯૬) એસુકારિસુત્ત ઉપરથી દેખાય છે. તેમાંના લખાણનો સારાંશ આ પ્રમાણે:—

એક વખત ભગવાન બુદ્ધ શ્રાવસ્તી આગળ જેતવનમાં અનાથપિંડિકના આરામમાં રહેતા હતા. તે વખતે એસુકારી નામનો બ્રાહ્મણ તેમની પાસે આવ્યો અને કુશલ–સમાચારાદિક પૂછીને એક બાજુ બેઠો. પછી તે બોલ્યો, "હે ગોતમ, બ્રાહ્મણો ચાર પરિચર્યાઓ (સેવાઓ) બતાવે છે. બ્રાહ્મણોની પરિચર્યા ચારે વર્ણના લોકો કરી શકે છે; ક્ષત્રિયની પરિચર્યા ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રો એ ત્રણ વર્ણોથી થઈ શકે છે; વૈશ્યની પરિચર્યા વૈશ્યો અને શૂદ્રો જ કરી શકે છે; અને શૂદ્રની સેવા શૂદ્ર જ કરી શકે છે. બીજા વર્ણનો માણસ તેની પરિચર્યા શી રીતે કરી શકશે? આ પરિચર્યાની બાબતમાં આપનો શો અભિપ્રાય છે?"

ભ૦—હે બ્રાહ્મણ, બ્રાહ્મણોનું આ કહેવું બધા લોકોને મંજૂર છે? આવી જાતની પરિચર્યાઓ કહેવાનો અધિકાર લોકોએ તેમને આપ્યો છે?

એસુ૦—હે ગોતમ, એવું નથી.

ભ૦—તો પછી, કોઈ માંસ નહિ ખાવા ઇચ્છતા ગરીબ માણસને તેના પાડોશીઓ માંસનો ભાગ બળજબરીથી આપે અને તેને કહે કે આ માંસ તું ખા અને તેની કિંમત આપ! તેવી જ રીતે બ્રાહ્મણો લોકો પર આ પરિચર્યાઓ જબરદસ્તીથી લાદે છે એમ કહેવું જોઈએ. મને એમ લાગે છે કે, માણસ ગમે તે વર્ણનો હોય પણ જેની પરિચર્યા કરવાથી કલ્યાણ થાય છે, અકલ્યાણ થતું નથી, તેની જ પરિચર્યા કરવી ઘટે છે. ચારે વર્ણના સમજુ લોકોને પૂછીએ તો તેઓ પણ એવો જ અભિપ્રાય આપશે. ઉચ્ચ કુળમાં, ઉચ્ચ વર્ણમાં કે ધનવાન કુળમાં જન્મ લેવો એ સારું છે અથવા ખરાબ છે, એમ હું કહેતો નથી. ઉચ્ચકુળમાં, ઉચ્ચ વર્ણમાં અથવા ધનવાન કુળમાં જન્મેલો માણસ પ્રાણઘાતાદિક પાપો કરવા માંડે, તો તેની કુલીનતા સારી નથી. પણ તે પ્રાણઘાતાદિક પાપોથી વિમુક્ત થાય

તો તેની કુલીનતા ખરાબ નથી. જે માણસની પરિચર્યા કરવાથી શ્રદ્ધા, શીલ, શ્રુત, ત્યાગ અને પ્રજ્ઞાની અભિવૃદ્ધિ થાય છે, તે માણસની પરિચર્યા કરવી એવો મારો મત છે.

એસુ૦—હે ગોતમ, બ્રાહ્મણો આ ચાર ધનોનું પ્રતિપાદન કરે છે. ભિક્ષાચર્યા એ બ્રાહ્મણોનું સ્વકીય ધન છે, ધનુષ્યબાણ એ ક્ષત્રિયોનું, ખેતી અને ગોરક્ષા એ વૈશ્યોનું અને દાતરડું અને ટોપલી એ શૂદ્રોનું સ્વકીય ધન છે. ચારે વર્ણ પોતપોતાના સ્વકીય ધન પ્રત્યે બેદરકાર થાય, તો ચોરી કરવાવાળા ચોકીદારની જેમ તેઓ અકૃત્યાકારી બને છે. આ બાબતમાં આપનું કહેવું શું છે?

ભ૦—હે બ્રાહ્મણ, આ ચાર ધનો કહેવાનો લોકોએ બ્રાહ્મણને અધિકાર આપ્યો છે?

એસુ૦—ના, હે ગોતમ.

ભ૦—તો પછી માંસ ખાવાની ઇચ્છા ન હોય તેવા ગરીબ માણસને જબરદસ્તીથી માંસનો ભાગ આપીને તેની કિંમત માગવા જેવું બ્રાહ્મણનું આ કૃત્ય ગણવું જોઇએ. ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય અને શૂદ્ર આ ચાર કુળોમાં જન્મેલા માણસોને અનુક્રમે ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય અને શૂદ્ર કહે છે. જેવી રીતે લાકડું, શકલિકા, ઘાસ અને છાણાં એ ચાર પદાર્થોમાંથી ઉત્પન્ન થયેલા અગ્નિને અનુક્રમથી કાષ્ઠાગ્નિ, શકલિકાગ્નિ, તૃણાગ્નિ અને ગોમયાગ્નિ કહે છે. તેવી જ જાતની આ ચાર સંજ્ઞાઓ છે. પણ આ ચારે કુળના માણસો પ્રાણઘાતાદિક પાપોથી નિવૃત્ત થાય, તો તેમાંના બ્રાહ્મણો એકલા જ મૈત્રીભાવના કરી શકે, અને બીજા વર્ણના લોકો મૈત્રીભાવના કરી શકે નહિ, એમ તને લાગે છે?

એસુ૦—હે ગોતમ, એમ નથી. કોઇ પણ વર્ણનો માણસ મૈત્રીભાવના કરી શકશે.

ભ૦—ફક્ત બ્રાહ્મણ જ નદી પર જઈને સ્નાનચૂર્ણ વડે પોતાનું શરીર સાફ કરી શકશે, પણ બીજા વર્ણના લોકો પોતાનું શરીર સાફ નહિ કરી શકે, એવું તને લાગે છે?

એસુ૦—હે ગોતમ, એમ નથી. ચારે વર્ણના લોકો નદી પર જઈને સ્નાનચૂર્ણથી પોતાનું શરીર સાફ કરી શકશે.

ભ૦—તેવી જ રીતે, હે બ્રાહ્મણ, બધાં કુળના લોકો તથાગતના ઉપદેશ મુજબ વર્તીને ન્યાય્ય ધર્મની આરાધના કરી શકશે.

**બ્રાહ્મણવર્ણ જ શ્રેષ્ઠ છે, એ ખાલી અવાજ છે**

ભગવાન બુદ્ધના પરિનિર્વાણ પછી પણ બુદ્ધના મુખ્ય શિષ્યો ચાતુર્વર્ણ્યને માન્ય રાખતા ન હતા. આ ચાતુર્વર્ણ્ય કૃત્રિમ છે, એવું તેઓ કહેતા. આનો એક દાખલો મજ્ઝિમનિકાયના ( નં. ૮૪ ) મધુરસુત્તમાં મળે છે. તેનો સારાંશ આ પ્રમાણે—

એક વખત આયુષ્માન્ મહાકચ્ચાન મધુરાની પાસે* ગુંદાવનમાં રહેતો હતો. મધુરાના રાજાએ—અવંતિપુત્રે—મહાકચ્ચાનની કીર્તિ સાંભળી. ભારે પરિવાર સાથે તે તેની પાસે ગયો અને કુશલ સમાચારાદિક પૂછીને એક બાજુએ બેઠો અને બોલ્યો, ‘ હે કાત્યાયન, બ્રાહ્મણવર્ણ જ શ્રેષ્ઠ છે, બીજા વર્ણો હીન છે; બ્રાહ્મણવર્ણ જ શુક્લ છે, બીજા વર્ણો કૃષ્ણ છે; બ્રાહ્મણોને જ મુક્તિ મળે છે, બીજાઓને મળતી નથી; બ્રાહ્મણો બ્રહ્મદેવના મુખમાંથી નીકળેલા બ્રહ્માના ઔરસ પુત્રો છે એમ બ્રાહ્મણો કહે છે. આ બાબતમાં આપનો શો અભિપ્રાય છે ? ’

કા૦—હે મહારાજ, આ ઠાલો અવાજ ( ઘોષ ) છે ! ધારો કે કોઈ ક્ષત્રિય ધનધાન્ય વડે કે રાજ્ય વડે સમૃદ્ધ થાય, તો તેની સેવા ચારે વર્ણોના માણસો કરશે કે નહિ ?

રાજા—હે કાત્યાયન, ચારે વર્ણોના માણસો તેની સેવા કરશે.

કા૦—તેવી જ રીતે બીજા કોઈપણ વર્ણનો માણસ ધનધાન્યથી અને રાજ્યથી સમૃદ્ધ થશે, તો તેની પણ સેવા ચારે વર્ણના લોકો કરશે કે નહીં ?

રાજા—ચારે વર્ણના લોકો તેની સેવા કરશે.

* એ જ હાલની મથુરા.

કા૦—તો પછી ચારે વર્ણના માણસો સમાન ઠરતા નથી?

રાજા—આ દૃષ્ટિએ ચારે વર્ણના લોકો ખાતરીપૂર્વક સમાન ઠરે છે. તેમાં મને સહેજ પણ ભેદ જણાતો નથી.

કા૦—તેથી હું કહું છું કે, બ્રાહ્મણો જ શ્રેષ્ઠ વર્ણના છે ઇત્યાદિ જે બ્રાહ્મણોનું કથન છે તે ઠાલો અવાજ છે. ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય અને શૂદ્ર આ ચારે વર્ણના માણસો પ્રાણઘાતાદિક પાપો આચરે, તો તે બધા જ સરખી દુર્ગતિને પામશે, એવું મહારાજને લાગતું નથી?

રાજા—ચારે વર્ણોમાંથી કોઈ પણ માણસ પાપકર્મ કરે તો તે દુર્ગતિ પામશે

કા૦—ઠીક, મહારાજ, જો એમ છે તો ચારે વર્ણ સમાન ઠરતા નથી? તમને આ બાબતમાં શું લાગે છે?

રાજા—આ દૃષ્ટિએ ચારે વર્ણ નક્કી સમાન છે. મને તેમાં ભેદ દેખાતો નથી.

કા૦—ચારે વર્ણોમાંથી કોઈ પણ માણસ પ્રાણઘાતાદિક પાપોથી વિરત થશે, તો તે સ્વર્ગે જશે કે નહિ?

રાજા—તે સ્વર્ગે જશે એમ મને લાગે છે.

કા૦—અને તેથી જ કહું છું કે બ્રાહ્મણવર્ણ જ શ્રેષ્ઠ છે, એ ઠાલો અવાજ છે. હે મહારાજ, ધારો કે તમારા રાજ્યમાં ચારે વર્ણોમાંથી કોઈ પણ માણસ ચોરી, લૂંટફાટ, પરદારાગમન, ઇત્યાદિ અપરાધ કરે અને રાજપુરુષો તેને પકડીને તમારી સામે ઊભો કરે, તો તમે તેને (તેની જાતિ તરફ નહિ જોતાં) યોગ્ય દંડ કરશો કે નહિ?

રાજા—જો તે વધાર્હ હશે, તો હું તેનો વધ કરીશ; દંડનીય હશે, તો હું તેને દંડ કરીશ; અને હદપારીને યોગ્ય હશે તો હું તેને હદપાર કરીશ. કારણ કે, ક્ષત્રિય, બ્રાહ્મણ ઇત્યાદિ જે તેની પહેલાંની સંજ્ઞા હતી તે નષ્ટ થઈને તે હવે ગુનેગાર છે એવું ઠરે છે.

કા૦—તો પછી એ ચારે વર્ણ સમાન નથી?

રાજા—એ દૃષ્ટિએ જોતાં ચારે વર્ણ સમાન છે.

કા૦—ધારો કે આ ચારે વર્ણોમાંથી કોઈ પણ માણસ જો પરિવ્રાજક થશે અને સદાચાર પાળવા માંડશે, તો તમે એની સાથે કેવું વર્તન રાખશો?

રાજા—અમે તેને વંદન કરીશું, તેને યોગ્ય માન આપીશું અને તેને અન્નવસ્ત્રાદિક આવશ્યક ચીજો આપીશું. કારણ કે, તેની ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય, શૂદ્ર ઇત્યાદિ સંજ્ઞા નષ્ટ થઈ ને તે શ્રમણ એ સંજ્ઞાથી જ ઓળખાશે.

કા૦—તો પછી આ ચારે વર્ણ સમાન ઠરતા નથી?

રાજા—આ રીતે એ ચારે વર્ણ નક્કી સમાન ઠરે છે.

કા૦—તેથી હું કહું છું કે બ્રાહ્મણવર્ણ જ શ્રેષ્ઠ છે, એ ઠાલો અવાજ છે.

આ સંવાદ પછી અવંતિપુત્ર રાજાએ મહાકાત્યાયનને કહ્યું, "હે કાત્યાયન, આપનો ઉપદેશ ઘણો સુંદર છે. જેવી રીતે કોઈ ઊંધું વાળેલું વાસણ ઊર્ધ્વમુખ કરી દઈએ, ઢાંકેલી ચીજ ઉઘાડી કરીએ, માર્ગ ભૂલેલા ઉતારુને રસ્તો બતાવીએ, અથવા આંખોવાળા માણસોને પદાર્થ દેખાય એ ખાતર અંધારામાં મશાલ સળગાવીએ, તેવી રીતે ભગવાન્ કાત્યાયને અનેક દાખલાઓથી ધર્મોપદેશ કર્યો. તેથી હું ભગવાન્ કાત્યાયનને, ધર્મને અને ભિક્ષુસંઘને શરણ જાઉં છું. હું આજથી આમરણ શરણાગત ઉપાસક છું એમ માનજો."

કા૦—મહારાજ, મારે શરણે નહિ આવતા. જે ભગવાનને હું શરણ ગયો, તેને શરણે તમે પણ જાઓ.

રાજા—હે કાત્યાયન, તે ભગવાન હમણાં ક્યાં છે?

કા૦—તે ભગવાન પરિનિર્વાણ પામ્યા.

રાજા—તે ભગવાન જીવતા હોત, તો અમે તેના દર્શન માટે સો યોજનનો પણ પ્રવાસ કરત. પણ હવે પરિનિર્વાણ પામેલા

તે ભગવાનને પણ અમે શરણે જઈએ છીએ, તે જ પ્રમાણે તેના ધર્મને અને સંઘને પણ અમે શરણ જઈએ છીએ. આજથી હું આમરણ શરણે ગયેલો ઉપાસક છું, એમ આપ માનજો.

બુદ્ધની હૈયાતીમાં મથુરામાં બૌદ્ધ ધર્મનો ખાસ પ્રસાર થયો નહોતો એ બીજા પ્રકરણમાં આપેલા અંગુત્તરનિકાયના સુત્તપરથી દેખાઈ આવશે જ. ( પૃ. ૨૯ ) અવંતિપુત્ર રાજા બુદ્ધના પરિનિર્વાણ પછી રાજગાદી પર આવ્યો હશે. કારણ કે, જો તે બુદ્ધની હૈયાતીમાં ગાદી પર હોત, તો તેને બુદ્ધ વિષે કંઈક તો માહિતી હોત. ઉપરના સુત્તના છેલ્લા લખાણભાગ ઉપરથી દેખાશે કે બુદ્ધ પરિનિર્વાણ પામ્યા એ પણ તે જાણતો ન હતો. બુદ્ધની હૈયાતીમાં તેનો બાપ ગાદી પર હતો અને તેને બ્રાહ્મણ ધર્મનું ખૂબ જ મહત્ત્વ લાગતું હતું, તેથી તેણે બુદ્ધનો વિચાર જ નહિ કર્યો હોય. મહાકાત્યાયન અવન્તીનો વતની હતો અને જન્મથી બ્રાહ્મણ અને વિદ્વાન હોવાથી આ જુવાન અવંતિપુત્ર રાજા પર તેનો પ્રભાવ પડ્યો એવું માનવું યોગ્ય થશે.

## શ્રમણો જાતિભેદ તોડી શક્યા નહિ

ઉપર આપેલા ચાર સુત્તોમાંના પહેલા વાસિષ્ઠસુત્તમાં જાતિભેદ કુદરતી નથી, એ ભગવાન બુદ્ધે સ્પષ્ટ કરી આપ્યું છે. બીજા અસ્સલાયનસુત્તમાં બ્રહ્મદેવના મુખમાંથી બ્રાહ્મણો પેદા થયા એ માન્યતાનું ખંડન કર્યું છે. અને ત્રીજા એસુકારિસુત્તમાં બ્રાહ્મણોને બીજા વર્ણોનાં કર્તવ્યાકર્તવ્યો કરાવવાનો અધિકાર નથી એ સાબિત કર્યું છે. ચોથા માધુરસુત્તમાં મહાકાત્યાયને આર્થિક અને નૈતિક દૃષ્ટિથી જાતિભેદની કલ્પના કેવી નિરર્થક છે, તે સ્પષ્ટ કર્યું છે. આ બધાં સુત્તોનો બરાબર વિચાર કરવાથી એમ જણાય છે કે, બુદ્ધને કે તેના શિષ્યોને જાતિભેદ બિલકુલ માન્ય નહોતો, અને તેને તોડી પાડવા માટે તેમણે સારી પેઠે પ્રયત્ન કર્યો હતો. પણ આ કાર્ય તેમની શક્તિની બહાર હતું. બ્રાહ્મણોએ મધ્ય હિંદુસ્તાનમાં જ નહિ પણ ગોદાવરીના કાંઠા સુધી જાતિભેદનાં મૂળ નાખ્યાં હતાં.

તેને સમૂળગો ઉખેડી નાખવો કોઈ પણ શ્રમણસંઘને માટે શક્ય ન બન્યું.

## શ્રમણોમાં જાતિભેદ ન હતો

તેમ છતાં ઋષિમુનિઓની પરંપરાને અનુસરીને શ્રમણોએ પોતાના સંઘમાં જાતિભેદને સ્થાન આપ્યું નહિ. ગમે તે જાતિનો મનુષ્ય શ્રમણ થઈને શ્રમણસંઘમાં દાખલ થઈ શકતો. હરિકેશિબલ ચાંડાળ હોવા છતાં નિર્ગ્રંથોના (જૈનોના) સંઘમાં હતો, એ નવમા પ્રકરણમાં કહ્યું જ છે. (પૃ. ૨૦૬–૮ જુઓ.) બુદ્ધના ભિક્ષુસંઘમાં તો શ્વપાક નામના ચાંડાળ અને સુનીત નામના ભંગી જેવા અસ્પૃશ્ય વર્ગમાં જન્મેલા મોટા સાધુઓ થઈ ગયા.× આપણા સંઘમાં જે મહાન ગુણો છે તેમાં આપણે ત્યાં જાતિભેદને સ્થાન નથી એ એક છે, એમ ભગવાન બુદ્ધ કહેતા. ભગવાન કહે છે, "હે ભિક્ષુઓ, ગંગા, યમુના, અચિરવતી, સરભૂ (સરયૂ) મહી—આ મહાનદીઓ મહાસમુદ્રમાં ભળ્યા પછી પોતાનાં નામો તજીને મહાસમુદ્ર એ એક જ નામ પામે છે. તેવી રીતે, ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય, શૂદ્ર એ ચાર વર્ણો તથાગતના સંઘમાં પ્રવેશ કર્યા પછી પહેલાંનાં નામગોત્રો તજીને 'શાક્યપુત્રીય શ્રમણ' એ એક જ નામથી ઓળખાય છે."

(ઉદાન ૫/૫ અને અંગુત્તરનિકાય, અટ્ઠકનિપાત)

## અશોકના સમયમાં બૌદ્ધસંઘમાં જાતિભેદ ન હતો

અશોકના સમકાલીન બૌદ્ધસંઘમાં જાતિભેદ બિલકુલ પળાતો ન હતો એ વાત દિવ્યાવદાનમાંની યશ અમાત્યની વાર્તા ઉપરથી જણાઈ આવે છે.

અશોક રાજા તાજેતરમાં જ બૌદ્ધ થયો હતો, અને તે બધા ભિક્ષુઓને પગે લાગતો. તે જોઈને યશ નામના તેના અમાત્યે કહ્યું, "મહારાજ આ શાક્ય શ્રમણોમાં બધી જાતના લોકો છે.

× બૌદ્ધસંઘનો પરિચય પૃ. ૨૫૩થી ૫૬ જુઓ.

તેમની આગળ આપનું અભિષિક્ત માથું નમાવવું યોગ્ય નથી."

અશોકે કશો જવાબ આપ્યો નહિ, અને કેટલાક સમય પછી બકરાં, ઘેટાં વગેરે પ્રાણીઓનાં માથાં મંગાવીને તે વેચાવ્યાં. યશને માણસનું માથું લાવીને તે વેચવાનું કહ્યું. બકરાં, ઘેટાં વગેરે પ્રાણીઓનાં માથાંઓની કંઈક કિંમત મળી. પણ માણસનું માથું ખરીદવા કોઈ જ તૈયાર નહોતું. તેથી અશોકે કોઈને તે મફત આપવાનો હુકમ કર્યો. પણ યશ અમાત્યને તે મફત લેનાર માણસ પણ મળ્યો નહિ. તેણે અશોકને તે વાત જણાવી ત્યારે અશોકે પૂછ્યું, "આ માણસનું માથું મફત આપ્યું તોપણ લોકો કેમ લેતા નથી ?"

યશ૦—કારણ કે તેમને આ માથાનો અણગમો છે.

અ૦—તેમને આ જ માણસના માથાનો અણગમો છે, કે બધા જ માણસોનાં માથાંઓનો તેઓને અણગમો થશે ?

યશ૦—મહારાજ, ગમે તે માણસનું માથું કાપીને લોકો પાસે લઈ જઈએ તો તેઓને તેનો અણગમો જ થશે.

અ૦—મારા માથાનો પણ તેટલો જ અણગમો થશે ?

આ પ્રશ્નનો જવાબ આપવાની યશની હિંમત ચાલી નહિ; પણ અશોકે અભયદાન આપ્યું ત્યારે તે બોલ્યો, "મહારાજ, આપના માથાનો પણ લોકોને એવો જ અણગમો થશે."

અ૦—તો પછી મારું આવું માથું ભિક્ષુઓના ચરણે ધરીને હું તેમનું બહુમાન કરું, તેમાં તને ખરાબ શા માટે લાગે છે ?

આ સંવાદ પછી કેટલાક શ્લોકો છે, તેમાં નીચેનો એક છે—

> आवाहकालेऽथ विवाहकाले
> जातेः परीक्षा न तु धर्मकाले ।
> धर्मक्रियाया हि गुणा निमित्ता
> गुणाश्च जातिं न विचारयन्ति ॥

'છોકરાનાં અને છોકરીનાં લગ્નમાં* જાતિનો વિચાર કરવો યોગ્ય છે. પણ ધાર્મિક બાબતોમાં જાતિનો વિચાર કરવાનું કારણ નથી. કારણ કે ધાર્મિક કૃત્યોમાં ગુણ જોવા પડે છે; અને ગુણ જાતિ પર આધાર નથી રાખતા.'

## જૈનસંઘે જાતિભેદનો સ્વીકાર કર્યો

બીજા શ્રમણસંઘોમાંના ફક્ત નિર્ગ્રંથસંઘની થોડીઘણી માહિતી આજે ઉપલબ્ધ છે. આ શ્રમણસંઘે અશોક પહેલાં જ જાતિભેદને મહત્ત્વ આપવા માંડયું હતું એવું આચારાંગસૂત્રની નિરુક્તિ પરથી દેખાય છે આ નિરુક્તિ ભદ્રબાહુએ રચી અને તે ચંદ્રગુપ્તનો ગુરુ હતો એવી માન્યતા જૈનોમાં પ્રચલિત છે. આ નિરુક્તિની શરૂઆતમાં જ જાતિભેદ વિષે જે ઉલ્લેખ કર્યો છે, તેનો સારાંશ આ પ્રમાણે છે: 'ચાર વર્ણોના સંયોગથી સોળ વર્ણ ઉત્પન્ન થયા. બ્રાહ્મણ પુરુષ અને ક્ષત્રિય સ્ત્રી વડે પ્રધાન ક્ષત્રિય અથવા સંકર ક્ષત્રિય ઉત્પન્ન થાય છે. ક્ષત્રિય પુરુષ અને વૈશ્ય સ્ત્રી વડે પ્રધાન વૈશ્ય અથવા સંકર વૈશ્ય પેદા થાય છે. વૈશ્ય પુરુષ અને શૂદ્ર સ્ત્રી વડે પ્રધાન શૂદ્ર અથવા સંકર શૂદ્ર પેદા થાય છે. આ રીતે સાત વર્ણ થાય છે. હવે નવ વર્ણાંતરો નીચે મુજબ છે—(૧) બ્રાહ્મણ પુરુષ અને વૈશ્ય સ્ત્રી વડે અમ્બષ્ઠ; (૨) ક્ષત્રિય પુરુષ અને શૂદ્ર સ્ત્રી વડે ઉગ્ર; (૩) બ્રાહ્મણ પુરુષ અને શૂદ્ર સ્ત્રી વડે નિષાદ; (૪) શૂદ્ર પુરુષ અને વૈશ્ય સ્ત્રી વડે અયોગવ; (૫) વૈશ્ય પુરુષ અને ક્ષત્રિય સ્ત્રી વડે માગધ; (૬) ક્ષત્રિય પુરુષ અને બ્રાહ્મણ સ્ત્રી વડે સૂત; (૭) શૂદ્ર પુરુષ અને ક્ષહ્રિય સ્ત્રી વડે ક્ષત્તા; (૮) વૈશ્ય પુરુષ અને બ્રાહ્મણ સ્ત્રી વડે વૈદેહ; (૯) શૂદ્ર પુરુષ અને બ્રાહ્મણ સ્ત્રી વડે ચાંડાલ પેદા થાય છે.

(આચારાંગ નિર્યુક્તિ અ૦ ૧, ગાથા ૨૧ થી ૨૭)

---

*આવાહ એટલે વહુને ઘેર લાવવી અને વિવાહ એટલે છોકરીનાં લગ્ન કરી તેને સાસરે મોકલવી.

આજે જે મનુસ્મૃતિ અસ્તિત્વમાં છે, તે આ નિર્યુક્તિ કરતાં ઘણી જ અર્વાચીન છે. તેમ છતાં આ નિર્યુક્તિના સમયમાં બ્રાહ્મણો મનુસ્મૃતિમાંની અનુલોમ પ્રતિલોમ જાતિઓની વ્યુત્પત્તિ આવી જ રીતે લગાડવાનો પ્રયત્ન કરતા હતા, એવું અનુમાન કરવામાં જરા પણ વાંધો નથી અને જૈનોએ આ વ્યુત્પત્તિ બ્રાહ્મણો પાસેથી જ લીધી હોવી જોઈએ એવી મજબૂત શંકા આવે છે. તે ગમે તેમ હોય, પણ નિર્ગ્રંથ શ્રમણોએ જાતિભેદને પૂર્ણ સંમતિ આપ્યાનો આ એક ઉત્તમ દાખલો છે.

## હીન જાતિઓને જૈન સાધુસંઘમાં જોડાવાની મનાઈ

**बाले वुड्ढे नपुंसे य कीवे जड्डे य वाहिए।**
**तेणे रायावगारी य उम्मत्ते य अदंसणे ॥**
**दासे दुट्ठे य मूढे य अणत्ते जुंगिए इ य।**
**उबद्धए च भयए सेहनिप्फेडिया इ य ॥**

(૧) બાળક, (૨) વૃદ્ધ, (૩) નપુંસક, (૪) ક્લીબ, (૫) જડ, (૬) વ્યાધિત, (૭) ચોર, (૮) રાજાપરાધી, (૯) ઉન્મત્ત, (૧૦) અદર્શન (?), (૧૧) દાસ, (૧૨) દુષ્ટ, (૧૩) મૂઢ, (૧૪) ઋણાર્ત, (૧૫) જુંગિત, (૧૬) કેદી, (૧૭) ભયાર્ત, અને (૧૮) ભગાડીને આણેલો શિષ્ય—આ અઢારને જૈન સાધુસંઘમાં લેવાની મનાઈ છે. તેમાંની ઘણી વ્યક્તિઓને બૌદ્ધ ભિક્ષુસંઘમાં પણ લઈ શકાતી નથી. આ બે સંઘોની પ્રવેશવિધિઓની (ઉપસંપદાઓની) સરખામણી ઘણી ઉપયોગી થશે,× પણ તે આ પ્રકરણનો વિષય નથી. ઉપર આપેલા અઢાર માણસોમાંથી ફક્ત ૧૫માનો વિચાર આવશ્યક છે. તે શબ્દ ઉપરની ટીકા આ પ્રમાણે છે—

×બૌદ્ધ ભિક્ષુસંઘની પ્રવેશવિધિની બાબતમાં 'બુદ્ધ ધર્મ અને સંઘ' પૃ. ૫૬-૬૦, 'બૌદ્ધસંઘનો પરિચય' પૃ. ૧૭-૧૯ જુઓ.

"तथा जाति-कर्म-शरीरादिभिर्दूषितो जुंगितः। तत्र मातंग कोलिक-वरुड-सूचिक-छिंपादयोऽस्पृश्या जातिजुंगिता:। स्पृश्या अपि स्त्री-मयूर-कुक्कुट-शुकादिपोषका वंशवरत्रारोहण-नखप्रक्षालन-सौकरिकत्व—वागुरिकत्वादिनिंदितकर्मकारिण: कर्मजुंगिता:। करचरणवर्जिता: पंगु-कुब्ज-वामनक-काण-प्रभूतयः शरीरजुंगिता:। तेऽपि न दीक्षार्हा लोकेऽवर्णवाद-संभवात्।

'તેવી જ રીતે જાતિ, કર્મ, શરીર, ઇત્યાદિ વડે દૂષિત માણસને જુંગિત સમજવો. તેમાં માતંગ, કોળી, વાંસફોડો, દરજી, રંગારો ઇત્યાદિ લોકો અસ્પૃશ્ય જાતિજુંગિત કહેવાય છે. સ્પૃશ્ય હોવા છતાં સ્ત્રી, મોર, કુકડી, પોપટ વગેરે પાળવાં, વાંસ પર અને દોરડાપર કસરત કરવી, નખ સાફ કરવાં, ડુક્કર પાળવાં, પારધીનું કામ કરવું ઇત્યાદિ નિંદ્ય કર્મો કરવાવાળા લોકો કર્મજુંગિત કહેવાય છે. હાથપગ વિનાના, પંગુ, કૂબડા, ઠિંગૂજી, બાડા, ઇત્યાદિ લોકો શરીરજુંગિત છે. લોકોમાં ટીકા થવાનો સંભવ હોવાથી તેઓ પણ દીક્ષા આપવાને યોગ્ય નથી.' [1]

બૌદ્ધ ભિક્ષુસંઘમાં પ્રવેશ કરવા માટે જાતિ બિલકુલ આડે આવતી નથી. માણસનાં કર્મો નિંદ્ય હોય તો તે તેને છોડી દેવાં પડે છે, પણ તેથી તે દીક્ષાને માટે અયોગ્ય ગણાતો નથી.

## અહિંદુનો હિંદુ સમાજમાં પ્રવેશ

એમ હોવાં છતાં બૌદ્ધ અને જૈન એ બન્ને સંપ્રદાયોએ પરકીય લોકોને હિંદુ સમાજમાં દાખલ કરી લેવાનું મહત્ત્વનું કાર્ય કર્યું. ગ્રીક, શક, હૂણ, માલવ, ગુર્જર, ઇત્યાદિ બહારની જાતિઓ હિંદુસ્તાનમાં આવી, અને આ બે ધર્મોનાં મહાદ્વારો વડે તેમણે હિંદુ સમાજમાં

---

૧. પ્રવચનસારોદ્ધાર, દ્વાર ૧૦૭. આ ઉતારો મુનિશ્રી જિનવિજયજીએ કાઢી આપ્યો, એ માટે તેમનો આભાર માનું છું.

પ્રવેશ કર્યો. પહેલાં આ લોકો જૈન કે બુદ્ધ થઈ જતા, અને પછી ઇચ્છા મુજબ બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય બનતા. એક જ કુટુંબના એક ભાઈની સંતતિએ ક્ષત્રિયત્વ, અને બીજા ભાઈની સંતતિએ બ્રાહ્મણત્વ સ્વીકાર્યાનો દાખલો મળી આવ્યો છે.[૨]

## અસ્પૃશ્યતાનું પરિણામ

આ રીતે વિજેતાઓ હિંદુ સમાજમાં ભળી ગયા, તોપણ અસ્પૃશ્યોની પરિસ્થિતિ સુધરી નહિ. જૈન અને બૌદ્ધ શ્રમણો તેમના વિષે બેદરકાર રહ્યા. અને પરિણામે દહાડે દહાડે, અસ્પૃશ્યો વિષેનો તિરસ્કાર વધતો થયો; તેમના ઉપર નિષ્કારણ જુલમ થવા લાગ્યા. અને આનું પરિણામ ધીરે ધીરે આખા સમાજને અને ખુદ જૈનોને અને બૌદ્ધોને પણ ભોગવવું પડ્યું.

જાતિભેદ વધુ મજબૂત થતો ગયો, તેમ જૈનો અને બૌદ્ધો બધી જાતિઓની ભિક્ષાનો સ્વીકાર કરે છે, એ કારણથી તેઓ નિંદ્ય ગણાવા લાગ્યા. જૈન સંઘમાં અસ્પૃશ્યને લેવાની મનાઈ હતી, તેમ છતાં, શૂદ્રોને લેતા હતા એમ લાગે છે. બૌદ્ધ સંઘમાં તો છેવટ લગી જાતિભેદને માટે સ્થાન ન હતું, પણ સમાજમાં જાતિભેદનું જોર વધ્યું અને બ્રાહ્મણોને માટે શંબૂકની વાર્તા જેવી વાર્તાઓ રચીને લોકપ્રિય પુરાણોમાં ઘુસાડી દેવાનું શક્ય બન્યું. ધીરે ધીરે બૌદ્ધ શ્રમણો બિલકુલ નષ્ટ થયા, અને જૈન શ્રમણો જેમતેમ જીવ બચાવીને ટકી રહ્યા! તેમને હાથે સમાજશુદ્ધિનું કોઈ પણ મહાન કાર્ય થવા પામ્યું નહિ.

## ભિક્ષુસંઘે બીજા દેશોમાં કરેલું કાર્ય

હિંદુસ્તાનમાં બૌદ્ધ ભિક્ષુસંઘ જાતિભેદની સામે ટકી શક્યો નહિ, પણ બહારના દેશોમાં તેણે ઘણું મહાન કામ કર્યું. એક

૨. આ વિષે Dr. D. R. Bhandarkarનો Indian Antiquary, Vol. 40, January 1911, P.P. 7–37માં પ્રસિદ્ધ થએલો The Foreign Elements in the Indian Population એ લેખ જોવો. ખાસ કરીને પૃ. ૩૫–૩૬ નો મજકૂર જરૂર વાંચવો.

સમય એવો હતો, જ્યારે સિંહલદ્વીપ, પૂર્વમાં બ્રહ્મદેશથી છેક જાપાન સુધીનો પ્રદેશ અને ઉત્તરમાં તિબેટ, મંગોલિયા વગેરે દેશો,—એ બધી જગ્યાએ બૌદ્ધસંઘે બહુજનસમાજને સુસંસ્કૃત કરી મૂક્યો. ઉત્તરમાં હિમાલય ઉપરથી અને દક્ષિણ તથા પૂર્વમાં સમુદ્રમાં પ્રવાસ કરીને અનેક ભિક્ષુઓએ બૌદ્ધ સંસ્કૃતિનો વાવટો આ બધા દેશો પર ફરકાવ્યો. તેનું કારણ ઉપર આપેલા બુદ્ધના ઉપદેશમાં છે. બુદ્ધે જાતિભેદને સહેજ પણ સ્થાન આપ્યું હોત તો તેના અનુયાયી ભિક્ષુઓએ મ્લેચ્છ ગણાતા દેશોમાં ફરી કરીને બૌદ્ધ ધર્મનો પ્રસાર કરી શક્યા ન હોત. જાતિભેદને લીધે આપણને નુકસાન થયું, પણ પૂર્વ એશિયા ખંડને તો ફાયદો જ થયો, એમ કહેવું પડે છે!

## ભગવાન બુદ્ધનો માંસાહાર

પરિનિર્વાણને દિવસે ભગવાન બુદ્ધે ચુંદ લુહારને ઘેર ડુક્કરનું માંસ ખાધું, અને આજકાલના બૌદ્ધ ભિક્ષુઓ ઓછાવત્તા પ્રમાણમાં માંસાહાર કરે છે; તેથી એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, અહિંસાને પરમ ધર્મ માનવાવાળા બુદ્ધનું અને તેના અનુયાયીઓનું આ વર્તન ક્ષમ્ય ગણાય ખરું? આ પ્રશ્નની ચર્ચા કરવી યોગ્ય લાગે છે.

બુદ્ધે પરિનિર્વાણને દિવસે જે પદાર્થ ખાધો, તેનું નામ 'સૂકરમદ્દવ' હતું. એ શબ્દ પર બુદ્ધઘોષાચાર્યની ટીકા નીચે મુજબ છે—

**सूकरमद्दवं ति नातितरुणस्स नातिजिण्णस्स एक जेट्ठक-सूकरस्स पवत्तमंसं। तं किर मुदुं चेव सिनिद्धं च होति। तं पटियादापेत्वा साधुकं पचापेत्वा ति अत्थो। एके भणन्ति, सूकर-मद्दवं ति पन मुदुओदनस्स पञ्चगोरसयूसपाचनविधानस्स नाममेतं, यथा गवपानं नाम पाकनामं ति। केचि भणन्ति सूकरमद्दवं नाम रसायनविधि, तं पन रसायनत्थे आगच्छति, तं चुन्देन भगवतो परिनिब्बानं न भवेय्या ति रसायनं पटियत्तं ति।"**

'સૂકરમદ્દવ એટલે બહુ જુવાન નહિ, કે બહુ વૃદ્ધ નહિ, પણ જે તદ્દન નાના બચ્ચાથી ઉમરમાં મોટું છે, એવા ડુક્કરનું રાંધેલું

માંસ. તે મૃદુ અને સ્નિગ્ધ હોય છે. તેને તૈયાર કરવું એનો અર્થ, સારી રીતે સીઝવવું એવો સમજવો. કેટલાક કહે છે, પંચગોરસથી તૈયાર કરેલા મૃદુ અન્નનું એ નામ છે, જેવી રીતે ગવપાન એ એક વિશિષ્ટ પ્રકારના પકવાન્નનું નામ છે. કોઈ કહે છે, સૂકરમદ્દવ નામનું રસાયન હતું. રસાયનના અર્થમાં તે શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. ભગવાનનું પરિનિર્વાણ ન થાય એટલા ખાતર ચુંદે તે ભગવાનને આપ્યું.'

આ ટીકામાં સૂકરમદ્દવ શબ્દનો મુખ્ય અર્થ સૂકરમાંસ એવો જ કરવામાં આવ્યો છે, તોપણ તે અર્થ બરાબર હતો એવી બુદ્ધઘોષાચાર્યને ખાતરી ન હતી. કારણકે તે સમયમાં આ શબ્દના બીજા બે અર્થ કરવામાં આવતાં હતાં. આ ઉપરાંત બે ભિન્ન અર્થ ઉદાનઅટ્ઠકથામાં મળે છે, તે આ પ્રમાણે—

**"केचि पन सूकरमद्दवं ति न सूकरमंसं, सूकरेहि मद्दितवंसकळीरोति वदन्ति। अञ्जे सुकरेहि मद्दितपदेसे जातं अहिच्छत्तकं ति।"**

'કોઈ કહે છે, કે સૂકરમદ્દવ એટલે ડુક્કરનું માંસ નહિ. ડુક્કરોએ પગ નીચે કચડેલા વાંસના ફણગાને સૂકરમદ્દવ કહે છે. બીજાઓ કહે છે, સૂકરમદ્દવ એટલે ડુક્કરોના પગ નીચે કચડાયેલી જમીનમાં ઊગેલો અળંબો.'

આ રીતે સૂકરમદ્દવ શબ્દના અર્થની બાબતમાં ઘણા મતભેદ છે. તેમ છતાં ભગવાન બુદ્ધ સૂકરમાંસ ખાતા હતા એવો આધાર અંગુત્તરનિકાયના પંચકનિપાતમાં મળે છે. ઉગ્ગ ગહપતિ કહે છે—

**"मनापं मे भन्ते संपन्नवरसूकरमंसं, तं मे भगवा पटिग्गण्हातु अनकम्पं उपादाया ति। पटिग्गहेसि भगवा अनुकम्पं उपादाया ति।"**

'હે ભદન્ત, ઉત્તમ ડુક્કરનું સારી પેઠે સીઝવીને તૈયાર કરેલું આ માંસ છે, તે મારી ઉપર કૃપા કરીને ભગવાને લેવું. ભગવાને કૃપા કરીને તે માંસ લીધું.'

## જૈનશ્રમણોનો માંસાહાર

બીજા શ્રમણ સંપ્રદાયોમાં જે ભારે તપસ્વીઓ હતા તેમાં મુખ્યતઃ જૈનોની ગણના થાય છે. એમ છતાં જૈન સંપ્રદાયના શ્રમણો માંસાહાર કરતા હતા એવું આચારાંગસૂત્રના નીચેના ઉતારા પરથી દેખાશે—

**से भिक्खू वा भिक्खुणी वा सेज्जं पुण जाणेज्जा बहुअट्ठियं मंसं वा, मच्छं वा बहुकंटकं, अस्मिं खलु पडिगाहितंसि अप्पे सिया भोयणजाए बहुउज्झियधम्मिए। तहप्पगारं बहुअट्ठियं वा मंसं, मच्छं वा बहुकंटकं, लाभेवि संते णो पडिगाहेज्जा। से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं पिंडवायपडियाए अणुपविट्ठे समाणे परो बहुअट्ठिएण मंसेण मच्छेण उवणिमंतेज्जा, आउसंतो समणा अभिकंखसि बहुअट्ठियं मंसं पडिगाहेत्तए? एयप्पगारं णिग्घोसं सोचा णिसम्म से पुव्वमेव आलोएज्जा, आउसोत्ति वा भइणीत्ति वा णो खलु मे कप्पइ बहुअट्ठियं मंसं पडिगाहेत्तए, अभिकंखसि से दाउं जावइयं तावइयं पोग्गलं दलयाहि मा अट्ठियाइं। से सेवं वदंतस्स परो तमिहट्टु अंतोपडिग्गहगंसि बहुअट्ठियं मंसं परिभाएत्ता णिहट्टु दलएज्जा, तहप्पगारं पडिग्गहणं परहत्थंसि वा परपायंसि वा अफासुयं अणेसणिज्जं लाभे वि संते णो पडिगाहेज्जा। से आहच्च पडिगाहिए सिया तं णोहित्ति वएज्जा, अणोवत्ति वएज्जा। से त्तमायाय एगंतमवक्कमेज्जा। अवक्कमेत्ता अहेआरामंसि वा अहेउवस्सयंसि वा अप्पंडए जाव संताणए मंसगं मच्छगं भोच्चा अट्ठियाइं कंटए गहाय से त्तमायाए एगंतमवक्कमेज्जा। अवक्कमेत्ता अहेज्झामथंडिलंसि वा अट्ठिरासिंसि वा किट्टिरासिंसि वा तुसरासिंसि वा गोमयरासिंसि वा अण्णयरंसि वा तहप्पगारंसि थंडिलंसि पडिलेहिय पडिलेहिय**

**पमज्जिय पमज्जिय तओ संजयामेव पमज्जिय पमज्जिय परिवेज्जा।"**

'ફરીથી તે ભિક્ષુ અથવા તે ભિક્ષુણી ઘણાં હાડકાં હોય તેવું માંસ અથવા ઘણા કાંટા હોય તેવી માછલી મળશે તો જાણશે કે તેમાં ખાવાનો પદાર્થ ઓછો છે અને નાખી દેવાનો વધારે છે. આવી જાતનું ઘણાં હાડકાંવાળું માંસ અને ઘણા કાંટાવાળી માછલી મળે તો તેણે તેનો સ્વીકાર કરવો નહિ. તે ભિક્ષુ અથવા તે ભિક્ષુણી ગૃહસ્થને ઘેર ગયો કે ગઈ હોય ત્યારે જો ગૃહસ્થ કહે, 'આયુષ્માન્ શ્રમણ આ ઘણાં હાડકાંવાળું માંસ લેવાની તારી ઇચ્છા છે?' એવી જાતનું ભાષણ સાંભળ્યા પહેલાં જ તેણે કહેવું, આયુષ્યમાન્ અથવા (બહેન હોય તો) ભગિનિ, આ ઘણાં હાડકાંવાળું માંસ લેવું મારે માટે ઉચિત નથી. તારી ઇચ્છા હોય તો મને ફક્ત માંસ આપજે, હાડકાં ન આપીશ. એમ કહ્યા છતાં પણ જો તે ગૃહસ્થ આગ્રહપૂર્વક આપવા માંડે તો તે અયોગ્ય સમજીને લેવું નહિ, તે પાત્રમાં નાખે તો તે એક બાજુએ લઈ જવું અને આરામમાં કે ઉપાશ્રયમાં પ્રાણીઓનાં ઇંડાં ઘણાં ઓછાં હોય એવી જગ્યાએ બેસીને માંસ અને માછલા વીણીને ખાવાં અને હાડકાં અને કાંટા લઈને એક બાજુએ જવું. ત્યાં જઈને બાળેલી જમીન પર, હાડકાંના ઢગલા પર, કાટ ચઢેલા લોઢાના જૂના ટુકડાઓના ઢગલા પર, કુશ્કીના ઢગલા પર, સુકાએલા છાણના ઢગલા પર અથવા એવીજ જાતના બીજા સ્થંડિલ પર (ઊંચી જગ્યાપર) જગ્યા સારી રીતે સાફ કરીને તે હાડકાં અથવા તે કાંટા સંયમપૂર્વક તે જગ્યાએ મૂકી દેવાં.'

॰ આનો જ અનુવાદ દશવૈશાલિક સૂત્રની નીચેની ગાથામાં સંક્ષેપથી આપ્યો છે—

**बहु अट्ठियं पुग्गलं अणिमिसं वा बहुकंटयं।**
**अच्छियं तिंदुयं बिल्लं उच्छुखण्डं व सिंबलिं॥**

**अप्पे सिआ भोअणज्जाए, बहुउज्झिय धम्मियं ।**
**दिंतिअं पडिआइक्खे न मे कप्पई तारिसं ॥**

'ઘણાં હાડકાંવાળું માંસ, ઘણા કાંટાવાળી માછલી, અસ્થિ-વૃક્ષનું ફળ, બીલું, શેરડી, સમડી (શાલ્મલી) ઇત્યાદિ જાતના પદાર્થો —જેમાં ખાવાનો ભાગ ઓછો, અને ફેંકી દેવાનો ભાગ વધારે —વાળું ભોજન આપનાર સ્ત્રીને, તે મારે માટે યોગ્ય નથી એમ કહીને, પ્રતિબંધ કરવો.'

## માંસાહારની બાબતમાં પ્રસિદ્ધ જૈન સાધુઓનો મત

ગુજરાત વિદ્યાપીઠની પુરાતત્ત્વ મંદિર નામની શાખા હતી. તેનું 'પુરાતત્ત્વ' નામનું ત્રૈમાસિક નીકળતું હતું. આ ત્રૈમાસિકના ૧૯૨૫ની સાલના એક અંકમાં મેં આ પ્રકરણના જેવો જ એક લેખ લખ્યો, અને તેમાં આ બે ઉતારા આપવામાં આવ્યા. આ ઉતારાઓ મેં શોધી કાઢ્યાં હતા એમ નથી. માંસાહાર વિષે ચર્ચા ચાલી ત્યારે પ્રસિદ્ધ જૈન પંડિતોએ જ તે મને બતાવ્યા. અને તેનો મેં મારા લેખમાં ઉપયોગ કર્યો.

આ લેખ પ્રસિદ્ધ થયા પછી અમદાવાદનાં જૈન લોકોમાં ઘણો ખળભળાટ થયો. તેમના ધર્મનો હું ઉચ્છેદ કરવા માગું છું, એવી ફરિયાદો પુરાતત્ત્વમંદિરના સંચાલકો પાસે આવી. સંચાલકોએ સીધો જ એ ફરિયાદોનો પરિહાર કર્યો. મને તેની કશી તકલીફ પડી નહિ.

તે વખતે વયોવૃદ્ધ સ્થાનકવાસી સાધુ ગુલાબચંદ અને તેમના પ્રસિદ્ધ શતાવધાની શિષ્ય રતનચંદ અમદાવાદમાં રહેતા હતા. એક જૈન પંડિતની સાથે હું તેમના દર્શને ગયો. સાંજનો સમય હતો, અને જૈન સાધુઓ પોતાની પાસે દીવો રાખતા નહિ હોવાથી એ બે સાધુઓના ચહેરાઓ મને સ્પષ્ટ દેખાતા ન હતા. મારી સાથેના જૈન પંડિતે રતનચંદ સ્વામી સાથે મારી ઓળખાણ કરાવી ત્યારે તેમણે કહ્યું "તમારી કીર્તિ મેં સાંભળી છે, પણ તમે અમારા

પ્રાચીન સાધુઓ માંસાહાર કરતા હતા એમ લખીને અમારા ધર્મ પર પ્રહાર કર્યો, એ યોગ્ય નથી."

મેં કહ્યું, "બૌદ્ધ અને જૈન એ બે જ શ્રમણસંપ્રદાયો આજે હસ્તી ધરાવે છે, અને તેમના વિષે મારા મનમાં કેટલો પ્રેમ છે, તે આ ( મારી સાથે આવેલા ) પંડિતોને જ પૂછો. પણ સંશોધનની બાબતમાં શ્રદ્ધા, ભક્તિ અને પ્રેમ આડે નહિ આવવાં જોઈએ. સત્યકથનથી કોઈ પણ સંપ્રદાયને નુકસાન થશે એવું મને લાગતું નથી. અને સત્યાર્થ પ્રકાશિત કરવો એ સંશોધકનું કર્તવ્ય છે એમ હું માનું છું."

વૃદ્ધ ગુલાબચંદ સાધુ થોડે દૂર બેઠા હતા, ત્યાંથી જ તેમણે પોતાના શિષ્યને કહ્યું, "આ ગૃહસ્થે બે ઉતારાઓનો જે અર્થ કર્યો, તે જ બરાબર છે; આધુનિક ટીકાકારોએ કરેલા અર્થ બરાબર નથી. આ બે ઉતારાઓ ઉપરાંત બીજી ઘણી જગ્યાએ જૈન સાધુઓ માંસાહાર કરતા હતા એવા આધાર મળે છે." એમ કહીને તેમણે જૈન સૂત્રોના ઉતારાઓ બોલવાની શરૂઆત કરી. પણ તેમના વિદ્વાન શિષ્યે વિષયાંતર કરીને આ સંવાદ પડતો મુકાવ્યો. તેમના ગુરુએ બતાવેલા આધાર કયા એ મેં પૂછ્યું નહિ—તેમ કરવું મને યોગ્ય લાગ્યું નહિ.

## મહાવીર સ્વામીના માંસાહાર વિષેનો વાદ

ખુદ મહાવીર સ્વામી માંસાહાર કરતા હતા એ વિષેનો સબળ પુરાવો હમણાં પ્રગટ થયો છે. 'પ્રસ્થાન' માસિકના ગયા કાર્તિક માસના અંકમાં ( સંવત ૧૯૯૫, વર્ષ ૧૪મું, અંક પહેલો ) શ્રી ગોપાળદાસ જીવાભાઈ પટેલે 'શ્રી મહાવીર સ્વામીનો માંસાહાર' નામનો લેખ પ્રસિદ્ધ કર્યો છે. તેમાંની આ વિષયને લાગુ પડતી માહિતી અહીં સંક્ષેપમાં આપું છું.

મહાવીર સ્વામી શ્રાવસ્તિ નગરીમાં રહેતા હતા. મક્ખલિ ગોસાલ પણ ત્યાં જઈ પહોંચ્યો, અને તેઓ બન્ને એકબીજાના

જિનત્વ ઉપર કડક ટીકા કરવા માંડયા. પરિણામે ગોસાલે મહાવીર સ્વામીને શાપ આપ્યો, કે મારા તપોબલથી તું છ મહિનાને અંતે પિત્તજ્વરથી મરણ પામીશ. મહાવીર સ્વામીએ તેને સામો શાપ આપ્યો કે તું સાતમી રાતે પિત્તજ્વરથી પીડિત થઈને મરણ પામીશ. તે મુજબ ગોસાલ સાતમી રાતે મરણ પામ્યો. પણ તેના પ્રભાવથી મહાવીર સ્વામીને ભારે બળતરા શરૂ થઈ અને લોહીના ઝાડા શરૂ થયા.

તે વખતે મહાવીર સ્વામીએ સિંહ નામના પોતાના શિષ્યને કહ્યું, "તું મેંઢિક ગામમાં રેવતી નામની બાઈ પાસે જજે. તેણે મારે માટે બે કબૂતર રાંધી રાખ્યાં છે. તેની મારે જરૂર નથી. તું તેને કહેજે કે, ગઈ કાલે બિલાડીએ મારેલી મરઘીનું માંસ તેં તૈયાર કર્યું છે તે મને આપ."

શ્રી ગોપાળદાસે મૂળ ભગવતી સૂત્રનો ઉતારો પોતાના લેખમાં આપ્યો નથી, તે અહીં આપવો યોગ્ય થશે—

**"तं गच्छह णं तुमं सीहा, मेंढियगामं नगरं रेवतीए गाहावतिणीए गिहे तत्थ णं रेवतीए गाहावतिणीए ममं अट्ठाए दुवे कवोयसरीरा उवक्खडिया, तेहिं नो अट्ठो। अत्थि से अन्न पारियासिए मज्जारकडए कुक्कुडमंसए तं आहराहि एएणं अट्ठो।"**

જેને અર્ધમાગધીનું થોડુંઘણું પણ જ્ઞાન છે તે આ ઉતારો તટસ્થાતાથી વાંચશે તો તે કહેશે કે શ્રી ગોપાળદાસે કરેલો અર્થ બરાબર છે. પણ આજે* શ્રી ગોપાળદાસની સામે અનેક જૈન પંડિતોએ કડક ટીકા ચલાવી છે!

### બૌદ્ધ અને જૈન શ્રમણોના માંસાહારમાં ફરક

માંસાહારની બાબતમાં જૈનોનો અને બૌદ્ધોનો વાદ કેવી

* એટલે ૧૯૩૮માં.

જાતનો હતો તેનો વિચાર કરીએ, તોપણ શ્રી ગોપાળદાસનું જ કહેવું બરાબર છે, એમ સાબિત થાય છે.

વૈશાલીનો સિંહ સેનાપતિ નિર્ગ્રંથોનો ઉપાસક હતો એવો ઉલ્લેખ આઠમા પ્રકરણમાં આવ્યો જ છે. બુદ્ધનો ઉપદેશ સાંભળીને તે બુદ્ધનો ઉપાસક થયો અને તેણે બુદ્ધને અને ભિક્ષુસંઘને પોતાને ઘેર આમંત્રણ આપીને આદરપૂર્વક તેમનું સંતર્પણ કર્યું. પણ નિર્ગ્રંથોને આ વાત ગમી નહિ. તેમણે વૈશાલી નગરીમાં એવી વાત ફેલાવી કે સિંહે મોટું પશુ મારીને ગોતમને અને ભિક્ષુસંઘને મિજબાની આપી. અને ગોતમને આ વાતની ખબર હોવા છતાં સિંહે આપેલા ભોજનનો તેમણે સ્વીકાર કર્યો! આ ખબર એક સજ્જને જઈને ધીરે રહીને સિંહને કહી, ત્યારે તે બોલ્યો "આમાં કશો અર્થ નથી. બુદ્ધની નાલેસી કરવામાં નિર્ગ્રંથો આનંદ માને છે. પણ હું જાણી જોઈને મિજબાની માટે પ્રાણીની હિંસા કરું એ તદ્દન અસંભવનીય છે."

એવી જ જાતનો બીજો એક ઉતારો મજ્ઝિમનિકાયના (૫૫ મા) જીવકસુત્તમાં જડે છે, તે નીચે મુજબ—

એક વખત ભગવાન બુદ્ધ રાજગૃહ આગળ જીવક કૌમારભૃત્યના આમ્રવનમાં રહેતા હતા, ત્યારે જીવક કૌમારભૃત્ય ભગવાનની પાસે આવ્યો અને ભગવાનને અભિવાદન કરીને એક બાજુએ બેઠો અને બોલ્યો, 'હે ભદન્ત, આપને માટે પ્રાણી મારીને તૈયાર કરેલું અન્ન આપ ખાઓ છો એવો આપની ઉપર આરોપ કરવામાં આવે છે, તે સાચો છે?" ભગવાને કહ્યું, "આ આરોપ તદ્દન ખોટો છે. આપણે પોતાને માટે મારેલું પ્રાણી આપણે જોઈએ, સાંભળીએ કે આપણને તેવી શંકા આવે, તો તે અન્ન નિષિદ્ધ છે, એમ હું કહું છું."

આ પરથી જૈનો બુદ્ધ ઉપર કેવી જાતનો આરોપ કરતા તે જણાઈ આવે છે. ભગવાન બુદ્ધને આમંત્રણ આપીને કોઈ માંસાહાર

આપે ત્યારે જૈનો કહેતા કે શ્રમણ ગોતમને માટે પશુ મારીને તૈયાર કરેલું ( **उद्दिसकटं** ) માંસ તે ખાય છે ! પોતે જૈન સાધુ કોઈનું આમંત્રણ સ્વીકારતા જ નહોતા. રસ્તામાં મળેલી ભિક્ષા લેતા અને તેમાં મળેલું માંસ ખાતા.

## કેટલાક તપસ્વીઓ માંસાહાર વર્જ્ય કરતા

બુદ્ધના સમયના કેટલાક તપસ્વીઓ માંસાહારને નિષિદ્ધ ગણતા. તેમાંના એક તપસ્વીનો અને કાશ્યપ બુદ્ધનો સંવાદ સુત્તનિપાતમાં (૧૪મા) આમગંધ સુત્તમાં મળે છે. તે સુત્તનો અનુવાદ નીચે મુજબ—*

૧. ( તિષ્ય તાપસ )—શ્યામક, ચિંગૂલક, ચીનક, વૃક્ષોનાં પાંદડાં, કંદમૂળ અને ફળો ધર્માનુસાર મળે તેના ઉપર ઉપજીવિકા ચલાવવાવાળા લોકો મોજશોખની ચીજો માટે જૂઠું બોલતા નથી.

૨. હે કાશ્યપ, બીજાએ આપેલા અસલ જાતના અને સાદી રીતે રાંધેલા ચોખાનું સરસ અને ઉત્તમ અન્ન સ્વીકારવાવાળો તું આમગંધ ( અમેધ્ય પદાર્થ ) ખાય છે !

૩. હે બ્રહ્મબંધુ, પંખીના માંસથી મિશ્રિત ચોખાનું અન્ન તું ખાય છે, અને પોતાને આમગંધ યોગ્ય નથી એમ કહે છે ! તેથી હે કાશ્યપ હું તને પૂછું છું, કે તારો આમગંધ કઈ જાતનો છે ?

૪. ( કાશ્યપ બુદ્ધ )—પ્રાણઘાત, વધ, છેદ, બંધન, ચોરી, અસત્ય ભાષણ, છેતરપિંડી, તફડાવવું, જારણમારણાદિકોનો અભ્યાસ અને વ્યભિચાર; એ આમગંધ છે, માંસભોજન નહિ.

૫. જેમને સ્ત્રીઓની બાબતમાં સંયમ નથી, જેઓ જિહ્વાલોલુપ, અશુચિકર્મમિશ્રિત, નાસ્તિક, વિષમ અને દુર્વિનીત છે, તેમનું કર્મ આમગંધ છે, માંસ ભોજન નહિ.

૬. જેઓ રૂક્ષ, દારુણ, ચાડી ખાવાવાળા, મિત્રદ્રોહી, નિર્દય

* આ આમગંધ સુત્તના ઉપદેશની સરખામણી ખ્રિસ્તના નીચે આપેલા વચન સાથે કરવી. "જે મોઢામાં જાય છે, તેથી માણસ ભ્રષ્ટ થતો નથી; પણ જે મોઢામાંથી નીકળે છે, તેથી તે ભ્રષ્ટ થાય છે." ( મેથ્યુ ૧૫–૧૧ ).

અતિમાની, કૃપણ હોઈ, કોઈને કશું આપતા નથી, તેમનું કર્મ આમગંધ છે; માંસભોજન નહિ.

૭. ક્રોધ, મદ, કઠોરતા, વિરોધ, માયા, ઈર્ષ્યા, વૃથા બડબડ, માનાતિમાન, અને દુર્જનોની સંગતિ એ આમગંધ છે; માંસ-ભોજન નહિ.

૮. પાપી, દેવું ડુબાડવાવાળા, ચાડી ખાવાવાળા, લાંચ લેનાર જુઠ્ઠા અધિકારીઓ, જે નરાધમો ઇહલોકમાં કલ્મષ (પાપ) ઉત્પન્ન કરે છે, એ બધાનું કર્મ આમગંધ છે; માંસભોજન નહિ.

૯. જેમને પ્રાણીઓ માટે દયા નથી, જે બીજાઓને લૂંટીને દુઃખ આપે છે, જેઓ દુષ્ટ, ભયાનક ગાળો આપવાવાળા અને અનાદર કરવાવાળા છે, તેમનું કર્મ આમગંધ કહેવાય; માંસભોજન નહિ.

૧૦. જેઓ આવાં કર્મોમાં આસક્ત થયા છે, વિરોધ કરે છે, ઘાત કરે છે, અને હંમેશા એવાં કર્મો કરે છે કે જેથી પરલોકમાં અંધકારમાં જઈને પગ ઊંચા અને માથું નીચું કરીને નરકમાં પડે છે, (તેમનું કર્મ) આમગંધ છે; માંસભોજન નહિ.

૧૧. મત્સ્યમાંસનો આહાર મૂકી દેવો, નાગા રહેવું, મુંડન કરવું, જટા વધારવી, રાખ ચોપડવી, ખરબચડું હરણનું ચામડું પહેરવું, અગ્નિહોત્રની ઉપાસના કરવી, અથવા ઇન્દ્રલોકની બીજી વિવિધ તપશ્ચર્યાઓ કરવી, મંત્રાહુતિઓ આપવી, યજ્ઞ અને શીતોષ્ણ સેવન વડે તપ કરવું—આ ચીજો કુશંકાઓની પાર નહિ ગયેલા માણસને પાવન કરી શકતી નથી.

૧૨. ઇન્દ્રિયો પર સંયમ રાખી અને તેમને ઓળખીને વર્તવા-વાળો, ધર્મસ્થિત, આર્જવ અને માર્દવમાં સંતોષ માનવાવાળો, સંગાતીત અને જેનું દુઃખ નાશ પામ્યું છે, એવો ધીર પુરુષ દષ્ટ અને શ્રુત પદાર્થોમાં બદ્ધ થતો નથી.

૧૩. આ અર્થ ભગવાને ફરી ફરી પ્રકાશિત કર્યો. અને પેલા

મંત્રપારગે (બ્રાહ્મણ તાપસે) તે જાણી લીધો. આ અર્થ તે નિરામગંધ, અનાસક્ત, અને અદમ્ય મુનિએ રમ્યગાથાઓ વડે પ્રકાશિત કર્યો.

૧૪. નિરામગંધ અને બધાં દુઃખોનો નાશ કરવાવાળું બુદ્ધનું એ સુભાષિત વચન સાંભળીને તે (તપસ્વી) નમ્રતાથી તથાગતને પગે લાગ્યો, અને તેણે ત્યાં જ પ્રવ્રજ્યા લીધી.

## શ્રમણોએ કરેલું માંસાહારનું સમર્થન

આ સુત્ત ઘણું પ્રાચીન છે, પણ તે ખાસ કાશ્યપ બુદ્ધે ઉપદેશ્યું હતું એમ માનવાને સબળ પુરાવો નથી. બુદ્ધના સમયના ભિક્ષુઓ માંસાહારનું સમર્થન આ રીતે કરતા હતા, એટલો જ એનો અર્થ સમજવાનો છે.

આ સુત્તમાં તપશ્ચર્યાને નિરર્થક ગણી છે. આ વિચાર જૈન શ્રમણોને ગળે ન ઊતર્યો હોત, કારણ કે તેઓ વારંવાર તપશ્ચર્યા કરતા હતા. તોપણ માંસાહારનું સમર્થન તેમણે આ જ રીતે કર્યું હોત. કારણ કે તેઓ પૂર્વકાલીન તપસ્વીઓની જેમ જંગલનાં ફળફૂલો પર ઉપજીવિકા ન ચલાવતાં, લોકોએ આપેલી ભિક્ષા પર નિર્ભર રહેતા હતા; અને તે સમયમાં નિર્માંસમત્સ્ય ભિક્ષા મળવી અશક્ય હતી. બ્રાહ્મણો યજ્ઞમાં હજારો પ્રાણીઓની હત્યા કરીને તેમનું માંસ આસપાસના લોકોમાં વહેંચી આપતા. ગામડાંનાં લોકો દેવતાઓને પ્રાણીઓનું બલિદાન આપી તેમનું માંસ ખાતાં. આ ઉપરાંત, કસાઈઓ ભરબજારમાં ગાયને મારીને તેનું માંસ વેચવા બેસતા. આવી પરિસ્થિતિમાં રાંધેલા અન્નની ભિક્ષાપર આધાર રાખતા શ્રમણોને માંસ વિનાની ભિક્ષા મળવી કેવી રીતે શક્ય હતી?

જૈનોના મત મુજબ પૃથ્વીકાય, અપ્કાય, વાયુકાય, અગ્નિકાય, વનસ્પતિકાય અને ત્રસકાય, એવા છ જીવભેદ છે. (પૃ. ૨૦૮) પૃથ્વીકાય એટલે પૃથ્વીપરમાણુ. તેવી જ રીતે જલ, વાયુ અને અગ્નિ એમના પરમાણુઓ સજીવ છે. વનસ્પતિકાય એટલે વૃક્ષાદિક વનસ્પતિ. તે સજીવ

છે એ કહેવાની જરૂર નથી જ. ત્રસકાય એટલે જીવજંતુઓથી માંડીને ઠેઠ હાથી સુધીના બધાં નાનાંમોટાં પ્રાણીઓ. આ છ કાયોમાંના કોઈ પણ પ્રાણીઓની હિંસા કરવી એ પાપ છે એમ જૈન શ્રમણો સમજે છે. તેથી તેઓ રાત્રે બત્તી સળગાવતા નહિ, ઠંડું પાણી પીતા નહિ, અને પૃથ્વીપરમાણુ આદિનો સંહાર ન થાય એની સંભાળ રાખતા.

પણ જૈન ઉપાસકો ખેતર ખેડતા, અનાજ વાવતા અને તે સીઝીને અન્ન તૈયાર કરતા. આ કૃત્યમાં પૃથ્વી, અપ્, તેજ, વાયુ, વનસ્પતિ અને ત્રસ એ છએ પ્રકારના જીવોનો સંહાર થતો. જમીન ખેડતી વખતે પૃથ્વીપરમાણુ નષ્ટ થાય છે જ એમ નથી, પણ નાનામોટા અનેક જીવો મરી જાય છે. અનાજ સીઝવવામાં વનસ્પતિકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય—એ બધાં પ્રાણીઓનો નાશ થાય છે. એમ છતાં તે અન્નની ભિક્ષા જૈન સાધુઓ લે જ છે, તો પછી કોઈ જૈન ઉપાસકે તૈયાર કરેલી માંસભિક્ષા લેવામાં પ્રાચીન શ્રમણોને શો વાંધો હોઈ શકે? અને તે કૃત્યનું સમર્થન તેમણે આમગંધસુત્તની રીતે જ ન કર્યું હોત?

## ગોમાંસાહારની સામે ચળવળ

હવે માંસાહારની સામેની ચળવળ શી રીતે શરૂ થઈ એ વિષે ટૂંકામાં વિચાર કરીએ. સૌથી પહેલાં ગોમાંસાહારના નિષેધમાં બૌદ્ધોએ ચળવળ શરૂ કરી હોવી જોઈએ. નવમા પ્રકરણમાં ગાયોની યોગ્યતા દર્શાવનાર બ્રાહ્મણ–ધમ્મિકસુત્તની બે ગાથાઓ આપી છે. તે ઉપરાંત આ ગાથાઓ જુઓ.

न पादा न विसाणेन नास्सु हिंसन्ति केनचि।
गावो एळकसमाना सोरता कुम्भदूहना।
ता विसाणे गहेत्वान राजा सत्थेन घातयि॥
ततो च देवा पितरो इन्दो असुररक्खसा।
अधम्मो इति पक्कन्दुं यं सत्थं निपती गवे॥

'ઘેટાં જેવી નમ્ર અને ઘડો ભરીને દૂધ આપવાવાળી ગાયો પગથી, શિંગડાથી અથવા બીજા કોઈ પણ અવયવથી કોઈની પણ હિંસા કરતી નથી. તેમને (બ્રાહ્મણોના કહેવાથી) ઇક્ષ્વાકુ રાજાએ શિંગડાં પકડીને મારી નાખી. ગાયો પર શસ્ત્રપ્રહાર થવાથી દેવો, પિતરો, ઇન્દ્ર, અસુરો, અને રાક્ષસો આ અધર્મ થયો એવો આક્રોશ કરવા લાગ્યા !'

**બ્રાહ્મણોએ લાંબો વખત ગોમાંસ છોડયું નહિ**

બૌદ્ધોના અને જૈનોના પ્રયત્નથી ગોમાંસાહારનો નિષેધ થવા માંડયો, તોપણ બ્રાહ્મણ લોકોમાં તેનો નિષેધ થતાં ઘણાં સૈકાંઓ વીતી ગયાં. પહેલાં યજ્ઞ માટે દીક્ષા લીધેલા માણસે ગોમાંસ ભક્ષણ કરવું નહિ, એવો એક પર્યાય નીકળ્યો.

**"स धेन्वै चानडुहश्च नाश्नीयात्। धेन्वनडुहौ वाऽइदं सर्वं बिभृतस्ते देवा अब्रुवन् धेन्वनडुहौ वाऽइदं सर्वं बिभृतो हन्त यदन्येषां वयसां वीर्यं तद्धेन्वनडुहयोर्दधामेति……तस्माद्धेन्वनडुहयोर्नाश्नीयात् तदु होवाच याज्ञवल्क्योऽश्नाम्येवाहं मांसलं चेद्भवतीति।"**

'ગાયો અને બળદ ખાવાં ન જોઈએ. ગાયો અને બળદ બધું ધારણ કરે છે. તે દેવો બોલ્યા, ગાયો અને બળદ બધું ધારણ કરે છે, તેથી બીજી જાતિના પશુઓનું વીર્ય ગાયો અને બળદોમાં નાખીએ…તેથી ગાયો અને બળદ નહિ ખાવા જોઈએ. પણ યાજ્ઞવલ્કય કહે છે, શરીરનું માંસ વધે છે, તેથી હું (આ માંસ) ખાઈશ જ.'

(શતપથ બ્રાહ્મણ ૩/૧/૨/૨૧)

આ વાદ યજ્ઞશાળાને લગતો જ હતો. કેટલાકોનું એવું કહેવું હતું, કે દીક્ષિતે યજ્ઞશાળામાં પ્રવેશ કર્યા પછી ગોમાંસ ખાવું નહિ. પણ યાજ્ઞવલ્કયને આ કબૂલ નહોતું. શરીર પુષ્ટ થાય છે, તેથી તે ગોમાંસ છોડવા તૈયાર ન હતો. અન્ય પ્રસંગોએ ગોમાંસાહાર કરવાની બાબતમાં બ્રાહ્મણોમાં મતભેદ હતો જ નહિ. એટલું જ નહિ, પણ

કોઈ ખાસ પ્રતિષ્ઠિત મહેમાન આવે ત્યારે મોટો બળદ મારીને તેનો આદરસત્કાર કરવાની પદ્ધતિ ઘણી પ્રસિદ્ધ હતી. ફક્ત ગૌતમસૂત્રકારે ગોમાંસાહારનો નિષેધ કર્યો છે. છતાં તેને પણ મધુપર્કવિધિ ગમતો હોવો જોઈએ. બ્રાહ્મણોમાં આ વિધિ ભવભૂતિના કાળ સુધી ક્યાંક ક્યાંક ચાલુ હતો એવું જણાય છે. ઉત્તરરામચરિતના ચોથા અંકના આરંભમાં સૌધાતકિ અને દંડાયન એ બેનો સંવાદ છે. તેમાંનો થોડો ભાગ આ રહ્યો—

સૌધાતકિ—કેમ વસિષ્ઠ!

દંડાયન—પછી શું?

સૌ૦—મને લાગ્યું હતું, કે એ કોઈ વાઘ જેવો હોવો જોઈએ.

દ૦—શું કહે છે!

સૌ૦—તેણે આવતાંની સાથે પેલી બિચારી આપણી કપિલા વાછડી જોતજોતામાં પેટમાં નાખી દીધી.

દ૦—મધુપર્કવિધિ માંસ સાથે જ થવો જોઈએ, એ ધર્મ-શાસ્ત્રની આજ્ઞાને માન આપીને ગૃહસ્થો કોઈ શ્રોત્રિય મહેમાન આવે ત્યારે વાછરડી કે મોટો બળદ મારીને તેનું માંસ રાંધે છે, કારણ કે ધર્મસૂત્રકારોએ તેવો જ ઉપદેશ કર્યો છે.

ભવભૂતિનો સમય સાતમા સૈકામાં ગણાય છે. તે વખતે આજની જેમ ગોમાંસભક્ષણનો અત્યંત નિષેધ હોત તો વસિષ્ઠે વાછરડી ખાઈ નાખ્યાનો ઉલ્લેખ ભવભૂતિ પોતાના નાટકમાં ન કરી શક્યો હોત. આજે આવો સંવાદ નાટકમાં મૂકીએ તો તે નાટક હિંદુ સમાજને કેવુંક ગમશે?

## પ્રાણીવધની વિરુદ્ધ અશોકનો પ્રચાર

પ્રાણીહિંસાની સામે પ્રચાર કરવાવાળો પહેલો ઐતિહાસિક રાજા અશોક હતો. તેનો પહેલો જ શિલાલેખ નીચે મુજબ છે:—

'આ ધર્મલિપિ દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ લખાવી છે. આ રાજ્યમાં કોઈ પણ પ્રાણીને મારીને હોમહવન કરવા નહિ અને

મેળો ભરવો નહિ, કારણ કે મેળાઓમાં દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાને ઘણા દોષ દેખાય છે. અમુક મેળાઓ દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાને ગમે છે. પહેલાં પ્રિયદર્શી રાજાની પાકશાળામાં હજારો પ્રાણીઓ મરાતાં હતાં, પણ જ્યારે આ ધર્મલેખ લખાયો, ત્યારથી બે મોર અને એક મૃગ એમ ત્રણ જ પ્રાણીઓ મરાય છે. તેમાં મૃગ દરરોજ મરાતો નથી, અને ભવિષ્યમાં આ ત્રણ પ્રાણીઓ પણ મારવામાં નહિ આવે.'

આ લેખમાં અશોકે ગાયો અને બળદોનો ઉલ્લેખ કર્યો નથી, તે ઉપરથી એવું અનુમાન થાય છે, કે બ્રાહ્મણેતર વરિષ્ઠ જાતિઓમાં તે સમયે ગોમાંસાહાર લગભગ બંધ જ પડયો હતો, એટલું જ નહિ પણ અશોકે ખોરાક માટે પણ કોઈ પણ પ્રાણીની હત્યા કરવી નહિ એવો પ્રચાર ચલાવ્યો. સમાજ શબ્દનો અનુવાદ મેં મેળો શબ્દથી કર્યો છે. એ શબ્દ તદ્દન બરાબર નથી, તોપણ સામાન્યત: બંધબેસતો છે. આજકાલ મહારાષ્ટ્રમાં જેવી જાત્રાઓ ભરાય છે, અથવા ઉત્તર હિંદુસ્તાનમાં મેળાઓ થાય છે, તેવી જ જાતના સમાજ અશોકના સમયમાં થતા હોવા જોઈએ. તેમાં દેવતાઓને પ્રાણીઓનું બલિદાન આપીને મોટો ઉત્સવ કરવાવાળા સમાજ અશોકને ગમતા ન હતા. જેમાં પ્રાણીઓનું બલિદાન થતું ન હતું એવા મેળાઓ ભરવામાં અશોકને વાંધો ન હતો. યજ્ઞમાં શું, કે મેળામાં શું, પ્રાણીઓનું બલિદાન થવા ન દેવું એના ઉપર જ એનો મુખ્ય ભાર હતો.

## આપણા પૂર્વજો નિર્માંસભક્ષી નહોતા

હમણાં હમણાં યજ્ઞયાગ બંધ પડ્યા જેવા જ થયા છે. પણ મેળાઓની અંદર હજી પણ અનેક જગ્યાએ બલિદાન આપવાની પ્રથા ચાલુ છે. તોપણ બીજા કોઈ પણ દેશ કરતાં હિંદુસ્તાનના લોકો વધુ પ્રમાણમાં નિર્માંસાહારી છે. આને માટે જૈનોનો અને બૌદ્ધોનો ધર્મપ્રચાર જ જવાબદાર છે એમાં શંકા નથી. પણ આજે આપણે

શાકાહારી છીએ તેથી આપણા પૂર્વજો પણ શાકાહારી હતા, એ કહેવું એ હકીકતથી વેગળું છે.

## ચીનમાં ડુક્કરોનું મહત્ત્વ

હવે ખાસ ડુક્કરના માંસ વિષે બે શબ્દો લખવા યોગ્ય લા છે. પ્રાચીન સમયથી ચીની લોકો ડુક્કરને સંપત્તિનું લક્ષણ ગ છે. તેમની લિપિ આકારચિહ્નોની બનેલી છે (તે ચિત્રલિપિ કહેવા છે). આ ચિહ્નોના મિશ્રણથી જુદા જુદા શબ્દ બનાવી શકાય છે દા. ત., માણસનું ચિહ્ન દોરીને તેના ઉપર તરવારનું ચિહ્ન દોર્યું હોય તો તેનો અર્થ શૂર થાય છે. ઘરની આકૃતિની નીચે બાળક ચિહ્ન કાઢીએ તો તેનો અર્થ અક્ષર, સ્ત્રીની બે આકૃતિ દોરીએ તો તેનો અર્થ ઝઘડો, અને ડુક્કરનું ચિહ્ન દોરીએ તો તેનો અર્થ સંપત્તિ થાય છે. તેથી ઘરમાં ડુક્કર હોવું એ સંપત્તિનું લક્ષણ છે એવું પ્રાચીન ચીની લોકો માનતા; અને અત્યારે પણ ચીનમાં ડુક્કર તેટલું જ મહત્ત્વ ધરાવે છે.

## પ્રાચીન હિંદુઓ ડુક્કરને સંપત્તિનો ભાગ ગણતા

હિંદુસ્તાનમાં ડુક્કરને એટલું બધું મહત્ત્વ મળ્યું નહિ. તોપણ તે સંપત્તિનો એક ભાગ છે એમ તો ગણાતું જ હતું. અરિયપરિયેસન સુત્તમાં (મજ્ઝિમનિકાય ૨૬) ઐહિક સંપત્તિની અનિત્યતા વર્ણવી છે, તે આ પ્રમાણે:—

“ **किंच भिक्खवे जातिधम्मं ? पुत्तभरियं भिक्खवे जातिधम्मं। दासोदासं ··· अजेळकं ··· कुक्कुटसूकरं ··· हत्थिगवास्सवळवं···जातरूपरजतं जातिधम्मं।** ”

એટલે હાથીઓ, ગાયો, ઘોડા વગેરે સંપત્તિમાં જ મરઘાં અને ડુક્કરો એ બેનો પણ સમાવેશ થતો હતો. એવું હોવા છતાં ડુક્કરના માંસ માટે આટલો બધો તિરસ્કાર ક્યાંથી ઉત્પન્ન થયો ? યજ્ઞયાગમાં મરાતા પ્રાણીઓમાં ડુક્કરનો ઉલ્લેખ પાલિ સાહિત્યમાં જડતો નથી. તેથી બુદ્ધના સમયમાં આ પ્રાણી અમેધ્ય હોવું જોઈએ. પણ તે

અભક્ષ્ય હતું એ માટે કોઈ આધાર મળતો નથી. તેવું હોત તો ક્ષત્રિયોના ઘરની સંપત્તિમાં તેનો સમાવેશ ન થયો હોત. સૂકરમાંસનો નિષેધ પહેલવહેલાં ધર્મસૂત્રમાં મળે છે.[1] અને પછી તેનો જ અનુવાદ મનુસ્મૃતિ વગેરે સ્મૃતિગ્રંથોમાં આવે છે,[2] પણ અરણ્યસૂકરનો ક્યારેય નિષેધ થયો નથી. તેનું માંસ પવિત્ર ગણાયું છે.[3]

## બુદ્ધ ઉપર અમિતાહારનો ખોટો આરોપ

ભગવાન બુદ્ધે પરિનિર્વાણ પહેલાં ખાધેલો પદાર્થ સૂકરમાંસ હતો એમ માની લઈએ, તોપણ તે તેમણે અજીર્ણ થતાં સુધી ખાધો, અને તેથી તે મરણ પામ્યા, એવું દુષ્ટ ટીકાકારો કહે છે, તે તદ્દન જુઠ્ઠું છે. ગોતમ બુદ્ધે અતિ આહાર કર્યાનો દાખલો ક્યાંય મળતો નથી. તેથી આ જ પ્રસંગે તેમણે આ પદાર્થ વધુ પડતો ખાધો એમ કહેવું એમાં કેવળ વક્રબુદ્ધિ જ રહી છે. આ પ્રસંગ પહેલાં ત્રણ મહિના વૈશાલીમાં ભગવાન બુદ્ધ સખત માંદા પડ્યા હતા, અને તેથી તેમના શરીરમાં જરાય શક્તિ નહોતી. ચુંદે આપેલું ભોજન તેમના પરિનિર્વાણને માટે નિમિત્તમાત્ર બન્યું. આથી ચુંદ લુહાર ઉપર લોકો ગમે તેવો આક્ષેપ ન કરે એટલા ખાતર પરિનિર્વાણ પહેલાં ભગવાને આનંદને કહ્યું, હે આનંદ, ચુંદ લુહારને કોઈ કહેશે કે, હે ચુંદ, તેં આપેલી ભિક્ષા આરોગીને તથાગત પરિનિર્વાણ પામ્યા, એ વાત તારે માટે લાંછનરૂપ છે. એમ કહીને કોઈ ચુંદ લુહારને

---

૧. '**काककंकगृध्रश्येना जलजरक्तपादतुण्डा ग्राम्य कुक्कुटसूकराः' गोतमसूत्र** अ०. ८/२९

'**एकखुरोष्ट्र गवयग्रामसूकरसरभगवाम्।**' आपस्तम्ब-**धर्मसूत्र प्रश्न १, पटल ५, खण्डिका १७/२९.**

૨. મનુસ્મૃતિ, અ. ૫–૧૯.

૩. મનુસ્મૃતિ, અ. ૩–૨૭૦.

દુ:ખ આપે, તો તમે ચુંદનું દુ:ખ આ રીતે દૂર કરજો: તેને કહેજો, 'હે ચુંદ, તારો પિંડપાત ખાઈને તથાગત પરિનિર્વાણ પામ્યા તે તારું દાન તારે માટે સાચે જ લાભદાયક છે. અમે તથાગત પાસેથી સાંભળ્યું છે કે, બીજી ભિક્ષાઓ કરતાં તથાગતને મળેલી બે ભિક્ષાઓ વધુ ફલદાયક અને વધુ પ્રશંસનીય છે. તે કઈ? જે ભિક્ષા લઈને તથાગત સંબોધિજ્ઞાન મેળવે છે તે. અને જે ભિક્ષા લઈને તે પરિનિર્વાણ પામે છે તે. ચુંદે જે કૃત્ય કર્યું છે, તે આયુષ્ય, વર્ણ, સુખ, યશ, સ્વર્ગ, અને સ્વામિત્વ આપવાવાળું છે, એમ સમજવું. હે આનંદ, આ પ્રમાણે ચુંદના મનનું દુ:ખ દૂર કરજો.''

૧૨

# દિનચર્યા

## પ્રસન્ન મુખકાન્તિ

ગોતમની બોધિસત્ત્વની અવસ્થામાં એટલે કે તે ઘરમાં હતા ત્યારે અને તેનાં તપસ્યાકાલમાં તેની દિનચર્યા કેવી હતી તેનો વિચાર ચોથા અને પાંચમા પ્રકરણમાં કરવામાં આવ્યો જ છે. હવે બુદ્ધત્વ પ્રાપ્તિથી તેના પરિનિર્વાણ સુધી તેમની દિનચર્યા કેવી હતી તેનું દિગ્દર્શન આ પ્રકરણમાં કરવા ધાર્યું છે.

તત્ત્વબોધ થયા પછી ભગવાન બુદ્ધે બોધિવૃક્ષની નીચે જ પોતાનો ભવિષ્યનો જીવનક્રમ નક્કી કર્યો. તપશ્ચર્યા તો તેમણે મૂકી જ દીધી હતી; અને ફરી કામોપભોગો તરફ વળવાની વાસના તેમનામાં ન હતી. તેથી શરીરાચ્છાદન જેટલું વસ્ત્ર અને ક્ષુધાશમન જેટલું અન્ન ગ્રહણ કરીને શેષ આયુષ્ય બહુજનહિતાર્થ ગાળવાનો તેમણે વિચાર કર્યો. આ નિશ્ચયનું પરિણામ બુદ્ધની મુખમુદ્રા પર કેવું થયું, તેનું વર્ણન મજ્ઝિમનિકાયના અરિયપરિયેસન સુત્તમાં અને વિનયના મહાવગ્ગમાં મળે છે.

ભગવાન બુદ્ધ પંચવર્ગીયોને ઉપદેશ કરવાના હેતુથી ગયાથી વારાણસી જતા હતા ત્યારે રસ્તામાં તેને ઉપક નામનો આજીવક પંથનો શ્રમણ મળ્યો. તે શ્રમણ બોલ્યો, "હે આયુષ્યમાન્ ગોતમ, તારી મુદ્રા પ્રસન્ન અને શરીર તેજસ્વી દેખાય છે. તું કયા આચાર્યનો શિષ્ય છે?"

ભ૦--મારો ધર્મમાર્ગ મેં જાતે જ શોધી કાઢ્યો છે.

ઉપક—પણ તું અરહન્ત થયો છે ખરો? તને જિન કહી શકાય ?

ભ૦—હે ઉપક, મેં બધી પાપકારક વૃત્તિઓ જીતી છે, તેથી હું જિન છું.

ઉપકને દેખાયેલી બુદ્ધની મુખમુદ્રા પરની પ્રસન્નતા છેવટ લગી કાયમ હતી, એમ કહેવામાં વાંધો નથી.

## સામાન્ય દિનચર્યા

ભગવાન બુદ્ધ વહેલી સવારે ઊઠીને ધ્યાન કરતા અથવા પોતાના વસતિસ્થાનની આસપાસ ચંક્રમણ કરતા. સવારે તે ગામમાં ભિક્ષાટન માટે જતા. બધી જાતના લોકો તરફથી મળેલી રાંધેલા અન્નની જે ભિક્ષા તેમના પાત્રમાં એકઠી થતી તે લઈને તેઓ ગામની બહાર જતા અને ત્યાં ભોજન કરીને થોડી વિશ્રાન્તિ લીધા પછી ધ્યાન માટે બેસી જતા. સાંજે ફરી તેઓ પ્રવાસ કરતા. રાત્રે કોઈ દેવાલયમાં, ધર્મશાળામાં કે વૃક્ષ નીચે મુકામ કરતા.

રાત્રિના ત્રણ યામોમાંથી પહેલા યામમાં ભગવાન ધ્યાન કરતા અથવા ચંક્રમણ કરતા. મધ્યમ યામમાં પોતાની સંઘાટી ચોવડી વાળીને પાથરતા અને હાથનું ઓશીકું કરીને જમણા પાસાપર, જમણા-પગપર ડાબો પગ મૂકીને, ખૂબ સાવધાનતાથી તેઓ નિદ્રા લેતા.

## સિંહશય્યા

બુદ્ધની આ શય્યાને સિંહશય્યા કહેવામાં આવે છે. અંગુત્તર-નિકાયના ચતુક્કનિપાતમાં (સુત્ત ૨૪૪) ચાર જાતની શય્યાઓનું વર્ણન છે. (૧) પ્રેતશય્યા, એ ચત્તા સૂનાર માણસોની. (૨) કામભોગશય્યા. કામોપભોગમાં સુખ માનવાવાળા લોકો ઘણે ભાગે ડાબા પડખા પર સૂઈ જાય છે, તેથી એ શય્યાને કામોપભોગ શય્યા કહે છે. (૩) સિંહશય્યા. જમણા પગપર ડાબો પગ સહેજ ત્રાંસો મૂકીને અને મનમાં હું અમુક વખતે જાગી જઈશ એવું સ્મરણ

કરીને ખૂબ સાવધાનતાથી જમણા પડખાપર સૂવું, એને સિંહશય્યા કહે છે. (૪) તથાગતશય્યા, એટલે ચાર ધ્યાનોની સમાધિ.

આમાંની છેલ્લી બે શય્યાઓ ભગવાન બુદ્ધને પસંદ હતી. એટલે તેઓ રાતના કાંતો ધ્યાન કરતા અથવા તો મધ્યમ યામમાં સિંહશય્યામાં નિદ્રા લેતા. ફરી રાત્રિના છેલ્લા યામમાં તેઓ ચંક્રમણ કરતા અથવા ધ્યાન કરતા.

## મિતાહાર

ભગવાન બુદ્ધનો આહાર ખૂબ નિયમિત હતો. ખાવાપીવામાં તેમણે ક્યારેય અતિરેક કર્યો નથી. અને ભિક્ષુઓને તેઓ એ જ ઉપદેશ વારંવાર કરતા. શરૂઆતમાં ભગવાન રાત્રિભોજન લેતા હતા, એમ મજ્ઝિમનિકાયના ( નં. ૭૦ ) કીટાગિરિસુત્તપરથી જણાય છે. તેમાં ભગવાન કહે છે, " હે ભિક્ષુઓ, મેં રાત્રિભોજન છોડી દીધું છે અને તેથી મારા શરીરમાં વ્યાધિ ઓછો થયો છે, મારું જાડ્ય ઘટ્યું છે, મારી શક્તિ વધી છે અને મારા ચિત્તને સ્વાસ્થ્ય મળે છે. હે ભિક્ષુઓ, તમે પણ એ પ્રમાણે જ વર્તજો. તમે જો રાતનું ભોજન છોડશો તો તમારા શરીરમાં વ્યાધિ ઓછા થશે, જડત્વ ઘટી જશે, શરીરની શક્તિ વધશે અને તમારા ચિત્તને સ્વાસ્થ્ય મળશે. "

ત્યારથી ભિક્ષુઓએ બપોરના બાર વાગ્યા પહેલાં જમવાની પ્રથા શરૂ કરી અને બાર વાગ્યા પછી જમવું એ નિષિદ્ધ ગણાવા લાગ્યું.

## ચારિકા

ચારિકા એટલે પ્રવાસ. તે બે પ્રકારની હતી: શીઘ્ર ચારિકા અને મંદ ચારિકા. આ વિષે અંગુત્તરનિકાયના પંચકનિપાતના ત્રીજા વગ્ગના આરંભમાં સુત્ત છે, તે આ પ્રમાણે—

ભગવાન કહે છે, " હે ભિક્ષુઓ, શીઘ્ર ચારિકામાં પાંચ દોષ છે. તે કયા? પહેલાં જે ધર્મવાક્ય સાંભળ્યું ન હોય તે સાંભળી શકાતું નથી. જે સાંભળ્યું હોય, તેનું સંશોધન થતું નથી. કેટલીક

વાતોનું પૂર્ણ જ્ઞાન મળતું નથી. તેને કોઈ કોઈ વખત ભયંકર રોગ થાય છે; અને તેને મિત્ર મળતા નથી. હે ભિક્ષુઓ, શીઘ્ર ચારિકામાં આ પાંચ દોષ છે.

"હે ભિક્ષુઓ, મંદ ચારિકામાં આ પાંચ ગુણ છે. કયા ? પહેલાં જે ધર્મવાક્ય સાંભળ્યું ન હોય તે સાંભળી શકાય છે, જે સાંભળ્યું હોય તેનું સંશોધન કરી શકાય છે, કેટલીક વાતોનું પૂર્ણજ્ઞાન મેળવાય છે, તેને ભયંકર રોગ થતા નથી અને તેને મિત્ર મળે છે. હે ભિક્ષુઓ, મંદ ચારિકામાં આ પાંચ ગુણ છે."

ભગવાન બુદ્ધે બોધિસત્ત્વાવસ્થામાંનો આ પોતાનો અનુભવ કહ્યો હોવો જોઈએ. જલદી પ્રવાસ કરવાથી ફાયદો થતો નથી, પણ ધીરે ધીરે પ્રવાસ કરવામાં ફાયદો થાય છે, એવો તેમનો પોતાનો અનુભવ હતો. આવી રીતે ધીરે ધીરે પ્રવાસ કરીને જ બીજા શ્રમણો પાસેથી તેમણે જ્ઞાન મેળવ્યું અને અંતે પોતાનો નવો મધ્યમ માર્ગ શોધી કાઢયો.

## ભિક્ષુસંઘની સાથે ચારિકા

બુદ્ધત્વ પામ્યા પછી ભગવાન બુદ્ધે ગયાથી કાશી સુધી પ્રવાસ કર્યો, અને ત્યાં પંચવર્ગીય ભિક્ષુઓને ઉપદેશ કરીને તેમનો સંઘ સ્થાપ્યો. તેમને કાશીમાં મૂકીને ભગવાન એકલા જ રાજગૃહ પાછા ગયા, એવી કથા મહાવગ્ગમાં આપી છે. પણ એ પાંચે ભિક્ષુઓ તે ચાતુર્માસ પછી ભગવાનની સાથે જ હતા એમ માનવાને સબળ પુરાવો છે. રાજગૃહમાં સારિપુત્ત અને મોગ્ગલ્લાન એ બે પ્રસિદ્ધ પરિવ્રાજકો બુદ્ધના શિષ્યો થયા પછી બૌદ્ધસંઘના ઉત્કર્ષનો પ્રારંભ થયો. અને તે સમયથી ભગવાન બુદ્ધની સાથે ઘણેભાગે નાનો કે મોટો ભિક્ષુસંઘ રહેતો, અને તેની ચારિકા ભિક્ષુસંઘને સાથે લઈને થતી. ભગવાન બુદ્ધ ભિક્ષુસંઘને છોડીને એકલા રહ્યા હોય એવું ભાગ્યે જ બનવા પામ્યું છે.

## ફરતાં ગુરુકુળો

બુદ્ધના સમકાલીન બધા શ્રમણસંઘો અને તેમના આગેવાનો એવી જ રીતે પ્રવાસ કરતા હતા. બુદ્ધના પહેલાં અને બુદ્ધના સમયમાં બ્રાહ્મણોનાં ગુરુકુળો હતાં. ત્યાં જઈ શ્રેષ્ઠ જાતિના જ જુવાનો અધ્યયન કરતા હતા. પણ તે ગુરુકુળોનો લાભ સાધારણ જનતાને બહુ ઓછો મળતો. બ્રાહ્મણો વેદાધ્યયન પછી ઘણે ભાગે રાજાશ્રય લેતાં ક્ષત્રિયો ધનુર્વિદ્યા શીખીને રાજાની નોકરીમાં દાખલ થતા, અને જીવક કૌમારભૃત્યના જેવા જુવાનો આયુર્વેદ શીખીને શ્રેષ્ઠ જાતિની સેવા કરતા અને છેવટે રાજાશ્રય મેળવવાનો પ્રયાસ કરતા. પણ શ્રમણોનાં ગુરુકુળો આથી તદ્દન જ ભિન્ન હતાં. તેઓ પ્રવાસ કરતાં કરતાં જ શિક્ષણ લેતા અને સામાન્ય લોકામાં ભળીને ધર્મોપદેશ આપતા. આને લીધે બહુજન-સમાજ ઉપર તેમનો ભારે પ્રભાવ પડ્યો.

## ભિક્ષુસંઘમાં શિસ્ત

ભગવાન બુદ્ધના ભિક્ષુસંઘમાં ઘણી સારી શિસ્ત હતી. ભિક્ષુઓ અવ્યવસ્થિત રીતે વર્તે એ તેમને બિલકુલ ગમતું ન હતું. આ વિષે ચાતુમસુત્તમાં (મજ્ઝિમનિકાય નં. ૬૭) આવેલી કથા અહીં ટૂંકામાં આપવી ઠીક થશે.

ભગવાન શાક્યોના ચાતુમા નામના ગામમાં આમલકીવનમાં રહેતા હતા. તે વખતે સારિપુત્ત અને મોગ્ગલ્લાન ૫૦૦ ભિક્ષુઓને સાથે લઈને ચાતુમા આવ્યા. ચાતુમામાં રહેતા ભિક્ષુઓ અને સારિપુત્ત મોગ્ગલ્લાનની સાથે આવેલા ભિક્ષુઓ એકબીજા સાથે આગતાસ્વાગતાની વાતો કરવા લાગ્યા. બેસવાઊઠવાની જગ્યા કઈ, પાત્રચીવરો ક્યાં મૂકવાં, વગેરે પૂછપરછ શરૂ થતાં ગરબડ થવા લાગી. ત્યારે ભગવાને આનંદને કહ્યું, “ માછલી પકડતી વખતે મચ્છીમારો જેવી બૂમાબૂમ કરે છે, તેવો અવાજ અહીં શા માટે થાય છે ?

આનંદ બોલ્યો, “ભદન્ત, સારિપુત્ત મોગ્ગલ્લાનની સાથે આવેલા ભિક્ષુઓ વાતો કરે છે. તેમના રહેવાની અને પાત્રચીવર મૂકવાની

જગ્યાની બાબતમાં ગરબડ થઈ રહી છે."

ભગવાને આનંદને મોકલીને સારિપુત્ત મોગ્ગલ્લાનને અને તે ભિક્ષુઓને બોલાવી લીધા, અને તેમને પોતાની પાસે ન રહેતાં ત્યાંથી ચાલ્યા જવું એવી સજા ફરમાવી. તે બધા શરમાયા અને બુદ્ધને વંદન કરીને જવા લાગ્યા. ચાતુમાના શાકચો તે વખતે પોતાના સંસ્થાગારમાં કોઈ કામ માટે ભેગા થયા હતા. આજે જ આવેલા ભિક્ષુઓ પાછા જાય છે, એ જોઈને તેમને નવાઈ લાગી, અને તેઓ શા માટે પાછા જાય છે તેની તેમણે પૂછપરછ કરી. 'ભગવાન બુદ્ધે અમને શિક્ષા કરી છે તેથી અમે પાછા જઈએ છીએ' એવું ભિક્ષુઓએ શાકચોને કહ્યું. ત્યારે ચાતુમાના શાકચોએ તે ભિક્ષુઓને ત્યાં જ રહેવાની વિનંતી કરી, અને ભગવાન બુદ્ધની પ્રાર્થના કરીને તેમને ક્ષમા અપાવી.

## ધાર્મિક સંવાદ અથવા આર્યમૌન

બુદ્ધના સમયમાં હંમેશા મૌન રાખવાવાળા મુનિઓ ઘણા હતા. મૌન શબ્દ મુનિ શબ્દ ઉપરથી જ આવ્યો છે. આ તપશ્ચર્યા બુદ્ધને ગમતી ન હતી. "અવિદ્વાન અને અસંસ્કારી માણસ મૌન ધારણ કરવાથી મુનિ થઈ શકતો નથી.* તોપણ અમુક પ્રસંગે મૌન રાખવું યોગ્ય છે", એમ ભગવાન કહેતા. અરિયપરિયેસનસુત્તમાં (મજ્ઝિમનિકાય ૨૬) ભગવાન કહે છે, "હે ભિક્ષુઓ, કાં તો તમે ધાર્મિક ચર્ચા કરો અથવા આર્યમૌન રાખો."

## શાંતિનો દાખલો

જ્યારે ભગવાન બુદ્ધ ભિક્ષુસંઘને ઉપદેશ કરતા ન હોય, ત્યારે બધા ભિક્ષુઓ અત્યંત શાંતિથી વર્તતા; જરાય ગરબડ થતી નહિ. આનો એક ઉત્કૃષ્ટ નમૂનો દીઘનિકાયના સામઞ્ઞફલસુત્તમાં મળે છે. તે પ્રસંગ આ પ્રમાણે છે:—

---

* न मोनेत मुनि होति मूळहरूपोअविद्दसु। (ધમ્મપદ ૨૬૮.)

ભગવાન બુદ્ધ રાજગૃહ આગળ જીવક કૌમારભૃત્યના આમ્રવનમાં મોટા ભિક્ષુસંઘ સાથે રહેતા હતા. તે વખતે કાર્તિકી પૂનમની રાતે અજાતશત્રુ રાજા પોતાના અમાત્યો સાથે પ્રાસાદ ઉપરના માળાપર બેઠો હતો. તે બોલ્યો, "કેવી સુંદર રાત્રિ છે! અહીં એવો કોઈ શ્રમણ કે બ્રાહ્મણ છે ખરો કે, જે પોતાના ઉપદેશથી અમારું ચિત્ત પ્રસન્ન કરે?" તે વખતે પૂરણ કસ્સપ, મક્ખલિ ગોસાલ, અજિત કેસકમ્બલ, પકુધ કચ્ચાયન, સંજય બેલટ્ઠપુત્ત અને નિગણ્ઠ નાથપુત્ત, એ પ્રસિદ્ધ શ્રમણો પોતાના સંઘો સાથે રાજગૃહની આસપાસ રહેતા હતા. અજાતશત્રુના અમાત્યોએ ક્રમવાર તે બધાના વખાણ કરીને તેમને મળવા જવા માટે રાજાને સમજાવવાનો પ્રયત્ન કર્યો. પણ અજાતશત્રુ કશું બોલ્યા વિના બેસી રહ્યો.

તે વખતે જીવક કૌમારભૃત્ય ત્યાં હતો. અજાતશત્રુએ તેને કહ્યું, "તું કેમ બોલતો નથી?"

જવાબમાં જીવકે કહ્યું, "મહારાજ, ભગવાન બુદ્ધ અમારા આમ્રવનમાં મોટા ભિક્ષુસંઘ સાથે રહે છે. આજે મહારાજે તેમને મળવા જવું. તેથી આપનું ચિત્ત પ્રસન્ન થશે."

અજાતશત્રુએ જીવકને વાહનો તૈયાર કરવાની આજ્ઞા આપી. તે મુજબ જીવકે બધી તૈયારી કર્યા પછી અજાતશત્રુ રાજા પોતાની હાથીની અંબાડીમાં બેસીને અને અંતઃપુરની સ્ત્રીઓને જુદી જુદી હાથણીઓ ઉપર બેસાડીને મોટા પરિવાર સાથે બુદ્ધદર્શન માટે નીકળ્યો.

જીવકના આમ્રવનની પાસે આવ્યા પછી અજાતશત્રુએ ભયભીત થઈને જીવકને કહ્યું, "હે જીવક, તું મને છેતરતો તો નથી ને? મને મારા શત્રુઓના હાથમાં સોંપવાનો તારો વિચાર નથી ને? અહીં એટલો મોટો ભિક્ષુસમુદાય છે, એમ તું કહે છે; પણ છીંક, ઉધરસ, કે બીજો કોઈ પણ અવાજ કાને પડતો નથી!"

જીવક—મહારાજ, ડરો નહિ, ડરો નહિ! હું આપને છેતરતો

પણ નથી, કે શત્રુઓને પણ સોંપતો નથી. ચાલો, આગળ ચાલો. સામે મંડલમાલમાં+ દીવાઓ બળે છે (અજાતશત્રુના શત્રુઓ દીવા સળગાવીને બેસે એ સંભવતું નથી, એવો આનો ભાવાર્થ).

હાથી ઉપર બેસીને જ્યાં સુધી જવું શક્ય હતું, ત્યાં સુધી જઈને અજાતશત્રુ નીચે ઊતર્યો, અને જીવકના આમ્રવનમાં મંડલમાલના બારણા સુધી પગે ચાલીને ગયો, અને ત્યાં ઊભો રહીને તેણે જીવકને પૂછયું, "ભગવાન ક્યાં છે?"

જીવક—મહારાજ, મંડલમાલના વચલા થાંભલા પાસે પૂર્વ તરફ મોઢું કરીને ભગવાન બેઠા છે.

અજાતશત્રુ ભગવાનની પાસે જઈને ઊભો રહ્યો અને મૌન ધારણ કરીને શાંતિથી બેઠેલા ભિક્ષુસંઘ તરફ જોઈને બોલ્યો, "આ સંઘમાં જે શાંતિ દેખાય છે તે શાંતિ વડે (મારો) ઉદયભદ્ર કુમાર સમન્વિત થાઓ! આવી શાંતિ ઉદયભદ્ર કુમારને મળો!"

ભગવાન બોલ્યા, "મહારાજ, તમે પોતાના પ્રેમને અનુસરીને જ બોલો છો."

આ પછી અજાતશત્રુ અને ભગવાન એ બેની વચ્ચે લાંબો સંવાદ થયો. તે અહીં આપવો યોગ્ય નથી. ભગવાન સંઘની સાથે રહેતા ત્યારે ભિક્ષુસમુદાયમાં કોઈ પણ જાતની ગરબડ થતી નહિ એ બતાવવા માટેજ આ પ્રસંગ અહીં આપ્યો છે.

## ભિક્ષુસંઘના શિસ્તનો પ્રભાવ

સવારના પહોરમાં ભગવાન ભિક્ષાટન માટે જતા ત્યારે ક્યારેક ક્યારેક જુદા જુદા પરિવ્રાજકોના આશ્રમની મુલાકાત લેતા. ભગવાનને જોઈને પરિવ્રાજકોના મુખ્યો પોતાના શિષ્યોને કહેતા, "આ શ્રમણ ગોતમ આવે છે. તેને ગરબડ ગમતી નથી તેથી તમે મોટેથી

+ મંડલમાલ એટલે તંબુના આકારનો મંડપ, જેની જમીન આસપાસની જમીન કરતા ઊંચી કરવામાં આવતી હતી.

બોલ્યા વગર થોડીવાર શાંત રહેજો." એવા જ એક પ્રસંગનું વર્ણન મજ્ઝિમનિકાયના મહાસુકુલુદાયિસુત્તમાં (નં. ૭૭) આવે છે. તેમાં બુદ્ધની દિનચર્યાની બીજી પણ કેટલીક વાતોનો ખુલાસો કર્યો છે. તેથી તેનો સારાંશ અહીં આપુ છું:—

ભગવાન રાજગૃહ આગળ વેણુવનના કલંદકનિવાપમાં રહેતા હતા. તે વખતે કેટલાક પ્રસિદ્ધ પરિવ્રાજકો મોરનિવાપમાંના પ્રરિવ્રાજકોના આરામમાં રહેતા હતા. એક દિવસ સવારે ભગવાન રાજગૃહમાં ભિક્ષાટન કરવા નીકળ્યા. ભિક્ષાટન માટે જવાનો વખત નહિ થયો હોવાથી ભગવાન રસ્તામાં પેલા પરિવ્રાજકોના આશ્રમ તરફ ગયા. ત્યાં સકુલુદાયિ[1] પોતાની મોટી પરિવ્રાજક સભામાં બેઠો હતો અને બધા ખૂબ મોટેથી રાજકથા, ચોરકથા, મહામાત્યકથા, સેનાકથા, ભયકથા, યુદ્ધકથા, ઇત્યાદિ જુદી જુદી[2] વાતો કરતા હતા. સકુલુદાયિએ આશ્રમથી કેટલાક અંતર ઉપર ભગવાનને જોયા અને તેણે પોતાના શિષ્યોને કહ્યું, "ભાઈઓ, મોટેથી બોલશો નહિ. ગરબડ બંધ કરો. આ શ્રમણ ગોતમ આવી રહ્યા છે. તેમને ધીમેથી બોલવું ગમે છે અને ધીમેથી બોલવાના તેઓ વખાણ કરે છે. આપણે ગરબડ નહિ કરીએ તો જ તેમને સભામાં આવવું યોગ્ય લાગશે."

પરિવ્રાજકો શાંત થયા. ભગવાન પરિવ્રાજક સકુલુદાયિ હતો ત્યાં આવ્યા. ત્યારે સકુલુદાયિએ ભગવાનને કહ્યું, "ભગવન્! આવો. ભગવાનનું સ્વાગત હો. ભગવાન લાંબા વખત પછી અમારી સભામાં આવ્યા. આપને માટે આ આસન તૈયાર કર્યું છે તેના પર બિરાજો."

ભગવાન આસનપર બે ા ની પાસે બેઠેલા સકુલુદાયિ પરિવ્રાજકને તેણે કહ્યું, "ઉદાયિ, અહીં તમે શાની વાતો કરતા હતા?"

૧. સકુલ + ઉદાયિ એટલે કુલીન ઉદાયિ.

૨. **तिरच्छानकथा। अनिय्यानिकत्ता सग्ग-मोक्ख-मग्गानं तिरच्छाबभूता कथा ति तिरच्छानकथा।** (અટ્ઠકથા)

ઉદાયિ—ભગવાન, અમારી વાતોની વાત જવા દો. તે કાંઈ દુર્લભ નથી. પણ મને એક વાત યાદ આવે છે. કેટલાક સમય પહેલાં જુદા જુદા સંપ્રદાયોના શ્રમણબ્રાહ્મણો એક કૌતૂહલશાલામાં* ભેગા થયા હતા. તેમનામાં સવાલ ઉપસ્થિત થયો કે પૂરણ કસ્સપ, મક્ખલિ ગોસાલ, અજિત કેસકંબલ, પકુધ કચ્ચાયન, સંજય બેલટ્ઠપુત્ત, નિગણ્ઠ નાથપુત્ત અને શ્રમણ ગોતમ, એ બધા મોટા સંઘોના નેતાઓ આજે વર્ષાવાસ (ચાતુર્માસ) માટે રાજગૃહની પાસે રહે છે, એ અંગમગધના લોકોનું ભારે મોટું સદ્ભાગ્ય છે એમ સમજવું જોઈએ! પણ આ મુખ્યોમાં શ્રાવક જેનો યોગ્ય આદર કરે છે, એવો મુખ્ય કોણ? અને શ્રાવકો તેના આશ્રય નીચે કેવી રીતે વર્તે છે?

ત્યારે કેટલાકોએ કહ્યું, "આ પૂરણ કસ્સપ પ્રસિદ્ધ નેતા છે. પણ શ્રાવકો તેને માન આપતા નથી અને તેના આશ્રય નીચે રહેવા માગતા નથી. તેમનામાં ઝઘડાઓ પેદા થાય છે." તેજ પ્રમાણે બીજા કેટલાકોએ મક્ખલિ ગોસાલ ઇત્યાદિ આગેવાનોના શ્રાવકોમાં પણ કેવી રીતે ઝઘડા થાય છે, તેનું વર્ણન કર્યું. અન્તે કેટલાકોએ કહ્યું, "આ શ્રમણ ગોતમ પ્રસિદ્ધ નેતા છે. તેના શ્રાવકો તેને યોગ્ય માન આપે છે અને તેના આશ્રય નીચે રહે છે. એકવાર ગોતમ એક મોટી સભામાં ધર્મોપદેશ કરતા હતા. ત્યાં શ્રમણ ગોતમના એક શ્રાવકે ઉધરસ ખાધી. તેને ઘૂંટણવડે દબાવીને બીજાએ ધીમેથી કહ્યું. 'ગરબડ કરીશ નહિ, આપણા શાસ્તા (ગુરુ) ધર્મોપદેશ કરે છે. જે વખતે શ્રમણ ગોતમ સેંકડો લોકોની પરિષદમાં ધર્મોપદેશ કરે છે, તે વખતે તેના શ્રાવકોની છીંકનો કે ઉધરસનો અવાજ પણ સંભળાતો નથી. લોકો ભારે આદરથી તેનો ધર્મ સાંભળવા તૈયાર હોય છે..."

ભગવાન—હે ઉદાયિ, મારા શ્રાવકો મારી સાથે આદરથી વર્તે છે અને મારા આશ્રય નીચે રહે છે, એનાં શાં કારણો તને લાગે છે?

* વાદવિવાદની જગ્યા.

ઉદાયિ—આનાં પાંચ કારણો હોવાં જોઈએ એમ મને લાગે છે. તે ક્યાં? (૧) ભગવાન અલ્પાહારી છે અને અલ્પાહારના ગુણ વર્ણવે છે. (૨) તે ગમે તેવાં ચીવરોથી સંતુષ્ટ થાય છે, અને તેવા સંતોષના ગુણ વર્ણવે છે. (૩) જે ભિક્ષા મળે તેના પર તે સંતુષ્ટ રહે છે, અને તેવા સંતોષના ગુણ વર્ણવે છે. (૪) રહેવા માટે જે જગ્યા મળે તેમાં સંતુષ્ટ રહે છે, અને તેવા સંતોષના ગુણ વર્ણવે છે. (૫) એકાંતમાં રહે છે, અને એકાંતના ગુણ વર્ણવે છે. આ પાંચ કારણોને લીધે ભગવાનના શ્રાવકો તેમનો આદર કરે છે, અને તેમના આશ્રયમાં રહે છે, એવું મને લાગે છે.

ભગવાન—શ્રમણ ગોતમ અલ્પાહારી છે અને અલ્પાહારના ગુણ વર્ણવે છે, એટલા ખાતર જ, હે ઉદાયિ, જો શ્રાવકો મારો આદર કરીને મારા આશ્રયમાં રહેતા હોત, તો મારા શ્રાવકોમાં મારા કરતાં પણ વધુ અલ્પાહાર કરવાવાળા જે શ્રાવકો છે, તેમણે મારો આદર ન કર્યો હોત અને તેઓ મારા આશ્રમમાં ન રહ્યા હોત.

જે ચીવર મળે તેનાથી શ્રમણ ગોતમ સંતુષ્ટ થાય છે અને તેવા સંતોષના ગુણ વર્ણવે છે, એટલા ખાતર જ, હે ઉદાયિ, જો શ્રાવકો મારો આદર કરીને મારા આશ્રયમાં રહેતા હોત, તો મારા શ્રાવકોમાં જેઓ શ્મશાનમાંથી, કચરાના ઢગલામાંથી, ચીથરાં ભેગાં કરીને તેનાં ચીવર બનાવીને વાપરે છે, તેમણે મારો આદર ન કર્યો હોત અને તેઓ મારા આશ્રયમાં ન રહ્યા હોત. કારણ કે હું ક્યારેક ક્યારેક ગૃહસ્થોએ આપેલાં વસ્ત્રોનાં પણ ચીવરો ધારણ કરું છું.

શ્રમણ ગોતમ જે ભિક્ષા મળે તેનાથી સંતુષ્ટ રહે છે અને તેવા સંતોષના ગુણ વર્ણવે છે, એટલા ખાતર જ જો મારા શ્રાવકો મારો આદર કરીને મારા આશ્રયમાં રહેતા હોત, તો તે શ્રાવકોમાં જેઓ કેવળ ભિક્ષા પર જ નભે છે, નાનું કે મોટું ઘર વર્જ્ય

ગણ્યા વગર ભિક્ષા લે છે અને તે ભિક્ષા પર નિર્વાહ ચલાવે છે, તેઓ મારો આદર કરીને મારા આશ્રયમાં ન રહ્યા હોત. કારણ કે, હું ક્યારેક ક્યારેક ગૃહસ્થોનું આમંત્રણ સ્વીકારીને સારું અન્ન ખાઉં છું.

શ્રમણ ગોતમ રહેવા માટે મળેલી જગ્યામાં સંતોષ માને છે અને તેવા સંતોષના ગુણ વર્ણવે છે, તેટલા ખાતર જ, હે ઉદાયિ, મારા શ્રાવકો મારો આદર કરીને મારા આશ્રયમાં રહેતા હોત. તો તેમનામાં જેઓ ઝાડ નીચે કે ખુલ્લી જગ્યામાં રહે છે, અને આઠ મહિના આચ્છાદિત જગ્યામાં પ્રવેશ કરતો નથી, તેઓ મારો આદર કરીને મારા આશ્રયમાં ન રહ્યા હોત. કારણ કે, હું ક્યારેક ક્યારેક મોટા મોટા વિહારોમાં પણ રહું છું.

શ્રમણ ગોતમ એકાંતમાં રહેતા હોઈ એકાંતના ગુણ વર્ણવે છે, એટલા ખાતર જ જો મારા શ્રાવકો મારું માન રાખી મારા આશ્રયમાં રહેતા હોત, તો જેઓ અરણ્યમાં જ રહે છે, કેવળ પંદર દિવસ પછી પ્રતિમોક્ષ માટે સંઘમાં આવે છે, તેઓ મારું માન રાખી મારા આશ્રયમાં રહ્યા ન હોત. કારણકે, હું કોઈ કોઈ વખત ભિક્ષુઓ, ભિક્ષુણીઓ, ઉપાસકો, ઉપાસિકાઓ, રાજાઓ, મંત્રીઓ, બીજા સંઘોના નેતાઓ અને તેમના શ્રાવકોને મળું છું.

પરંતુ હે ઉદાયિ, બીજા પાંચ ગુણ છે કે, જેને લીધે મારા શ્રાવકો મારો આદર કરીને મારા આશ્રયમાં રહે છે. (૧) શ્રમણ ગોતમ શીલવાન છે. (૨) તે યથાર્થ રીતે ધર્મોપદેશ કરે છે. (૩) તે પ્રજ્ઞાવાન છે તેથી મારા શ્રાવકો મારું માને છે અને મારા આશ્રયમાં રહે છે. (૪) આ ઉપરાંત હું મારા શ્રાવકોને ચાર આર્યસત્યોનો ઉપદેશ કરું છું, અને (૫) આધ્યાત્મિક ઉન્નતિના જુદા જુદા પ્રકાર બતાવું છું. આ પાંચ ગુણોને લીધે મારા શ્રાવકો મારો આદર કરે છે અને મારા આશ્રયમાં રહે છે.

## ભિક્ષુસંઘની સાથે રહેતા ભગવાનની દિનચર્યા

પોતાના સંઘમાં ભગવાન બુદ્ધ કેવી શિસ્ત જાળવે છે, તે બધા

પરિવ્રાજકો જાણતા હતા. જ્યારે તે તેમની પરિષદમાં જતા, ત્યારે તેઓ પણ ખૂબ શાંતિથી વર્તતા, એ વાત આ સુત્ત ઉપરથી દેખાશે જ. ભગવાન બુદ્ધ ક્યારેક ક્યારેક ગૃહસ્થોનું આમંત્રણ અને ગૃહસ્થોએ આપેલું વસ્ત્ર સ્વીકારતા હતા, તેમ છતાં અલ્પાહાર કરવામાં, અન્ન વસ્ત્રાદિકોની સાદાઈમાં અને એકાન્ત વિષેના પ્રેમમાં પણ તેની પ્રસિદ્ધિ હતી. તે જ્યારે ભિક્ષુઓ સાથે પ્રવાસ કરતા, ત્યારે કોઈ ગામની બહાર ઉપવનમાં કે એવી જ બીજી સગવડભરી જગ્યામાં રહેતા. રાત્રે ધ્યાનસમાધિ પૂરી કરીને મધ્યમ યામમાં ઉપર કહ્યું છે તે રીતે સિંહશય્યા કરતા અને સવારના ઉઠીને પાછું ચંક્રમણ કરવામાં કે ધ્યાનસમાધિમાં નિમગ્ન રહેતા.

સવારે ભગવાન તે ગામમાં કે શહેરમાં ઘણે ભાગે એકલા જ ભિક્ષાટન કરવા અને રસ્તામાં કે ભિક્ષાટન કરતી વખતે પ્રસંગાનુસાર ગૃહસ્થોને ઉપદેશ આપતા. સિગાલોવાદસુત્તનો ઉપદેશ ભગવાને રસ્તામાં આપ્યો હતો, અને કસિભારદ્વાજસુત્ત અને એવાં જ બીજાં સુત્તોનો ઉપદેશ તેમણે ભિક્ષાટન કરતી વખતે કર્યો હતો.

પેટપૂરતી ભિક્ષા મળે એટલે ભગવાન ગામની બહાર આવી કોઈ ઝાડ નીચે કે એવી જ બીજી ખુલ્લી જગ્યામાં બેસીને અન્ન ગ્રહણ કરતા અને વિહારમાં આવીને થોડો વખત વિશ્રાન્તિ લઈને ધ્યાનસમાધિમાં સમય ગાળતા. સાંજનાં સમયે ગૃહસ્થો તેમને મળવા માટે આવતા અને તેમની સાથે ધાર્મિક સંવાદ કરતા. આવે વખતે જ સોણદંડ, કૂટદંડ વગેરે બ્રાહ્મણોએ મોટા બ્રાહ્મણસમુદાયની સાથે બુદ્ધને મળીને તેમની સાથે ધાર્મિક ચર્ચા કર્યાના દાખલા દીઘનિકાયમાં મળે છે. જે દિવસે ગૃહસ્થો ન આવ્યા હોય, તે દિવસે ભગવાન ઘણેભાગે પોતાની સાથેના ભિક્ષુઓને ધર્મોપદેશ આપતા.

ફરી એકએ દિવસ પછી ભગવાન પ્રવાસ માટે નીકળતા અને આવી રીતે પૂર્વમાં ભાગલપુર, પશ્ચિમમાં કુરુઓનું કલ્માષદમ્ય નામનું શહેર, ઉત્તરમાં હિમાલય અને દક્ષિણમાં વિંધ્ય, એ ચતુઃસીમાઓની

વચ્ચે તેઓ આઠ મહિના ભિક્ષુસંઘ સાથે પ્રવાસ કરતા.

## વર્ષાવાસ (ચાતુર્માસ)

ભગવાન બુદ્ધે ઉપદેશ આપવાનું કાર્ય શરૂ કર્યું ત્યારે તેના ભિક્ષુઓ વર્ષાકાળમાં એક જગ્યામાં રહેતા નહોતા; ચારે દિશાઓમાં ફરીને ધર્મોપદેશ આપતા. બીજા સંપ્રદાયના શ્રમણો વર્ષાકાળમાં એક જગ્યાએ રહેતા હોવાથી સામાન્ય લોકોને બુદ્ધ ભિક્ષુઓનું આ વર્તન ગમ્યું નહિ. તેઓ ભિક્ષુઓ ઉપર ટીકા કરવા લાગ્યા; ત્યારે તેમના સમાધાન માટે બુદ્ધે એવો નિયમ કર્યો કે ભિક્ષુઓએ વર્ષાકાળમાં ઓછામાં ઓછા ત્રણ મહિના એક જગ્યાએ રહેવું.[૧] મહાવગ્ગમાં વર્ષાવાસની જે કથા આવી છે તેનો આ સારાંશ છે, પણ તે કથા તદ્દન સાચી છે એમ લાગતું નથી. પહેલી વાત એ, કે બધા શ્રમણો વર્ષાકાળમાં એક જ જગ્યાએ રહેતા હતા એમ નથી, અને ભગવાને કરેલા નિયમને પણ ઘણા અપવાદ છે. ચોરોનો કે એવો જ બીજો કોઈ ઉપદ્રવ ઉત્પન્ન થાય ત્યારે વર્ષાકાળમાં પણ ભિક્ષુઓ બીજી જગ્યાએ જઈ શકે છે.

ભગવાન બુદ્ધે ઉપદેશનું કાર્ય શરૂ કર્યું ત્યારે તેમની ઝાઝી પ્રસિદ્ધિ ન હોવાથી તેમને અથવા તેમના નાનકડા ભિક્ષુસમુદાયને વર્ષાવાસ માટે એક જગ્યાએ રહેવું શક્ય ન હતું: જ્યારે તેમની કીર્તિ બધે ફેલાઈ, ત્યારે પહેલાં અનાથપિંડિક શ્રેષ્ઠીએ શ્રાવસ્તી પાસે જેતવનમાં તેમને માટે એક મોટો વિહાર બાંધ્યો;[૨] અને થોડા વખત પછી વિશાખા ઉપાસિકાએ તેજ શહેરની પાસે પૂર્વારામ નામનો પ્રાસાદ બાંધીને બૌદ્ધસંઘને અર્પણ કર્યો. ભગવાન બુદ્ધ વૃદ્ધાવસ્થામાં ઘણે ભાગે આ બે જગ્યાએ વર્ષાકાળમાં રહેતા. બીજી જગ્યાઓના ઉપાસકો બોલાવે ત્યારે ભગવાન બુદ્ધ વર્ષાકાળમાં તેમને ગામ પણ જતા હોવા જોઈએ. વર્ષાકાળ માટે ઝૂંપડીઓ બાંધીને

૧. બૌદ્ધસંઘનો પરિચય, પૃ. ૨૪ જુઓ.

૨. બુદ્ધલીલાસારસંગ્રહ, પૃ. ૧૬૭-૧૭૯ જુઓ.

લોકો ભિક્ષુઓને રહેવાની વ્યવસ્થા કરતા. ભગવાન માટે એક સ્વતંત્ર ઝૂંપડી રહેતી. તેને ગંધકુટી કહેતા.

વર્ષાકાળમાં આસપાસના ઉપાસકો બુદ્ધદર્શન માટે આવતા અને ધર્મોપદેશ સાંભળતા. પણ તેઓ હમેશા વિહારમાં ભિક્ષા લાવીને આપતા ન હતા. ભિક્ષુઓને અને ભગવાન બુદ્ધને રિવાજ મુજબ ભિક્ષાટન કરવું પડતું; ગૃહસ્થોના ઘરનું નિમંત્રણ જવલ્લે જ મળતું.

## માંદા ભિક્ષુઓની પૂછપરછ

ભિક્ષુઓમાંથી કોઈ માંદો થાય તો ભગવાન બુદ્ધ બપોરે ધ્યાન–સમાધિ પૂરી કરીને તેની ખબર પૂછવા જતા. એક વખત રાજગૃહની પિપ્ફલી ગુફામાં મહાકાશ્યપ માંદો પડ્યો. તે વખતે ભગવાન વેળુવનમાં રહેતા હતા અને તે સાંજે મહાકાશ્યપની ખબર પૂછવા ગયા હતા, એવી કથા બોજ્ઝંગસંયુત્તના ચૌદમા સુત્તમાં છે અને પંદરમાં સુત્તમાં બીજા એક પ્રસંગે ભગવાન મહામોગ્ગલ્લાનની ખબર પૂછવા ગયા હતા એવી કથા છે. આ બન્નેને ભગવાને સાત બોધ્યંગોનું સ્મરણ કરાવી આપ્યું અને તેથી તેમની માંદગી જતી રહી.

## થોડા દિવસોનો એકાન્તવાસ

ભગવાન પ્રવાસમાં હોય કે વર્ષાકાળમાં એક જગ્યાએ રહેતા હોય, બપોરે એક કલાક અને રાતના પહેલા અને છેલ્લા યામમાં લાંબો વખત સમાધિમાં ગાળતા હતા, એ ઉપર કહ્યું જ છે. આ ઉપરાંત, ભગવાન એક વાર વૈશાલીની પાસે મહાવનની કૂટાગાર શાળામાં રહેતા હતા ત્યારે પંદર દિવસ સુધી એકાન્તમાં રહ્યા, અને ભિક્ષા લઈને આવનાર એક ભિક્ષુને જ તેમણે પાસે આવવાની રજા આપી હતી, એવી કથા આનાપાનસ્મૃતિસંયુત્તના નવમા સુત્તમાં આવી છે. એ જ સંયુત્તના અગિયારમા સુત્તમાં નીચે મુજબનું લખાણ છે.

એક વખત ભગવાન ઇચ્છાનંગલ ગામની પાસે ઇચ્છાનંગલ વનમાં રહેતા હતા. ત્યાં ભગવાને ભિક્ષુઓને કહ્યું, "હે ભિક્ષુઓ

છું ત્રણ મહિના એકાન્તમાં રહેવા માગું છું. પિણ્ડપાત લઈ આવનાર ભિક્ષુ વગર બીજા કોઈએ પણ મારી પાસે આવવું નહિ." ત્રણ મહિના પૂરા થયા પછી ભગવાન એકાન્તમાંથી બહાર આવ્યા અને ભિક્ષુઓને કહ્યું, "જો બીજા સંપ્રદાયોના પરિવ્રાજકો તમને પૂછે કે આ વર્ષાકાળમાં ભગવાન કઈ ધ્યાનસમાધિ કરતા હતા, તો તેમને કહેજો કે ભગવાન આનાપાનસ્મૃતિસમાધિ+ કરતા હતા."

ઉપરના સુત્તમાં પણ ભગવાન પંદર દિવસ સુધી આનાપાનસ્મૃતિસમાધિ કરતા હતા, એમ કહ્યું છે. લોકો તે સમાધિનું મહત્ત્વ સમજી શકે, એટલો જ એનો અર્થ છે. પંદર દિવસ કે ત્રણ મહિના સુધી તેની ભાવના કરીએ, તોપણ કંટાળો આવતો નથી અને તેનાથી શરીરસ્વાસ્થ્ય જળવાય છે.

બીજે એક પ્રસંગે ભગવાન ભિક્ષુસંઘ છોડીને એકલા જ પારિલેય્યયક વનમાં જઈને રહ્યા હતા એવો ઉલ્લેખ છઠ્ઠા પ્રકરણમાં (પૃ. ૧૪૯) આવ્યો જ છે. તે ઉપરથી એમ જણાય છે કે ભગવાન અવારનવાર જ્યાં પોતાને કોઈ ઓળખતું નથી એવી જગ્યાએ એકાંતમાં જઈને રહેતા. પણ જ્યારે તેમની ખ્યાતિ બધે ફેલાઈ અને બધા લોકો તેમને ઓળખવા લાગ્યા, ત્યારે સંઘમાં હોવા છતાં અમુક વખત સંઘથી અલિપ્ત રહેવાનો ઉપક્રમ તેમણે શરૂ કર્યો હોવો જોઈએ. પણ તેની પિસ્તાળીસ વર્ષની કારકિર્દીમાં આવા પ્રસંગો ઝાઝા આવ્યા હોય, એમ લાગતું નથી.

હમણાં હમણાં કાયાકલ્પની વાતો બધે ચાલે છે. મહિનો કે દોઢ મહિનો માણસને કોટડીમાં પૂરીને અને ચરી પર રાખીને ઔષધોપચાર કરવામાં આવે છે, તેને પરિણામે માણસ ફરી જુવાન

+ આન એટલે આશ્વાસ અને અપાન એટલે પ્રશ્વાસ. એના ઉપર સધાતી સમાધિને આનાપાનસ્મૃતિસમાધિ કહે છે. તેનું વિધાન સમાધિમાર્ગમાં આવ્યું જ છે. સમાધિમાર્ગ, પૃ. ૩૯–૪૮.

થાય છે એવી સમજ છે. આ કાયાકલ્પને અને ભગવાનના એકાંતવાસને કશો સંબંધ નથી. કારણ કે ભગવાન એ સમય દરમિયાન ઔષધોપચાર લેતા ન હતા; ફક્ત આનાપાનસ્મૃતિસમાધિની ભાવના કરતા.

લાંબો વખત એકાન્તમાં રહેવાની પ્રથા સિંહલદ્વીપ, બ્રહ્મદેશ કે સિયામમાં ભાગ્યે જ દેખાય છે; પણ તિબેટમાં તે ચાલે છે એટલું જ નહિ, પણ કેટલીક જગ્યાએ તેનો અતિરેક થયેલો જણાય છે. કેટલાક તિબેટી લામાઓ વર્ષોસુધી પોતાની જાતને કોઈ ગુફામાં કે આવીજ બીજી જગ્યાએ પુરાવે છે અને બધી સિદ્ધિઓ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે.

## માંદગી

ભગવાન માંદા થયાનો ઉલ્લેખ ઘણી ઓછી જગ્યાએ મળે છે. એક વખત રાજગૃહની પાસે વેળુવનમાં તે માંદા હતા. તેના કહેવાથી મહાચુંદે તેને સાત બોધ્યંગો કહી બતાવ્યા અને તે વડે તે સાજા થયા એવી કથા બોજ્ઝંગસંયુત્તના સોળમાં સુત્તમાં આવે છે.

વિનયપિટકના મહાવગ્ગમાં એવો ઉલ્લેખ છે કે ભગવાન સહેજ માંદા હતા અને તેને જીવક કૌમારભૃત્યે જુલાબ આપ્યો.* ચુલ્લવગ્ગમાં દેવદત્તની કથા છે. તેણે ગૃધ્રકૂટ પર્વત પરથી ભગવાન ઉપર એક મોટો પથ્થર ફેંક્યો. તેના ટૂકડાઓ થઈને તેમાંનો એક ભગવાનને પગે વાગ્યો ત્યારે ભગવાન માંદા થયા હતા. દેવદત્ત ભગવાનનું ખૂન કરશે એવો ડર લાગવાથી કેટલાક ભિક્ષુઓએ ભગવાન રહેતા હતા તેની આસપાસ પહેરો ભરવાની શરૂઆત કરી. તેમની હિલચાલ જોઈને ભગવાને આનંદને કહ્યું, "આ ભિક્ષુઓ અહીં શા માટે ફરે છે?" આનંદે જવાબ આપ્યો, "ભદન્ત, દેવદત્તથી આપના શરીરને નુકસાન ન પહોંચે એટલા ખાતર આ ભિક્ષુઓ અહીં પહેરો ભરી રહ્યા છે."

* બૌદ્ધસંઘનો પરિચય પૃ. ૩૪ જુઓ.

ભગવાને આનંદને કહીને તે ભિક્ષુઓને બોલાવી લીધા અને તેમને કહ્યું, "મારા દેહની આટલી બધી સંભાળ લેવાનું કશું જ કારણ નથી. મારા શિષ્યો મારું રક્ષણ કરે એવી મારી ઇચ્છા નથી. તેથી પહેરો ન ભરતાં તમે તમારા કામે લાગી જાઓ.'

વિનયપિટકની વાર્તાને સુત્તપિટકમાં આધાર મળતો નથી. જુલાબની વાત તો તદ્દન નજીવી છે; અને દેવદત્તની કથા તેને અત્યંત અધમ બતાવવા માટે રચી હોવાનો સંભવ છે. તે સાચી હોય તો પણ તે જખમથી ભગવાન ઝાઝા દિવસ માંદા રહ્યા હોય એમ જણાતું નથી. આવી નાની નાની માંદગીઓને બાદ કરતાં બુદ્ધ થયા પછી ભગવાનનું આરોગ્ય એકંદરે સારું હતું એમ માનવામાં વાંધો નથી.

## આરોગ્યનું કારણ

ભગવાન બુદ્ધ અને તેના શિષ્યો બધી જાતના લોકોએ આપેલી ભિક્ષા લેતા અને દહાડામાં એક જ વખત જમતા. એમ છતાં તેમનું આરોગ્ય જળવાતું હતું અને તેમની મુખમુદ્રા પ્રસન્ન દેખાતી હતી. આનું કારણ નીચેના કાલ્પનિક સંવાદમાં આપ્યું છે:—

(પ્રશ્ન) **अरञ्ञे विचरन्तानं सन्तानं ब्रह्मचारिनं ।**
**एकभत्तं भुञ्जमानानं केन वण्णो पसीदति ॥**

"અરણ્યમાં રહે છે, બ્રહ્મચર્ય પાળે છે અને એક વખત જમે છે, તેમ છતાંય સાધુઓની કાન્તિ પ્રસન્ન શાથી રહે છે?"

(ઉત્તર) **अतीतं नानुसोचन्ति नप्पजप्पन्ति नागतं ।**
**पच्चुपन्नेन यापेन्ति तेन वण्णो पसीदति ॥**

"તેઓ ગત વસ્તુઓનો શોક કરતા નથી, અનાગત વસ્તુઓ વિષે બડબડ કરતા નથી, અને વર્તમાનમાં સંતોષથી વર્તે છે, તેથી કાન્તિ પ્રસન્ન રહે છે"—†

## છેલ્લી માંદગી

ભગવાન બુદ્ધની છેલ્લી માંદગીનું વર્ણન મહાપરિનિબ્બાન-

† દેવતાસંયુત્તવગ્ગ ૧, સુત્ત ૧૦ જુઓ.

સુત્તમાં છે.* તે ચોમાસા પહેલાં ભગવાન રાજગૃહ હતા. ત્યાંથી મોટા ભિક્ષુસંઘ સાથે પ્રવાસ કરીને તેઓ વૈશાલી આવ્યા અને પાસેના બેલુવ નામના ગામમાં પોતે વર્ષાવાસ માટે રહ્યા. ભિક્ષુઓને સગવડ મુજબ વૈશાલીની આસપાસ રહેવાની રજા તેમણે આપી. તે ચોમાસામાં ભગવાન સખત માંદા પડ્યા, પણ તેમણે પોતાની જાગૃતિ ઢીલી થવા દીધી નહિ. ભિક્ષુસંઘને મળ્યા વિના પરિનિર્વાણ કરવું તેમને યોગ્ય લાગ્યું નહિ; અને તેથી માંદગી સહન કરીને તેમણે પોતાની જિંદગી કેટલાક દિવસ સુધી લંબાવી. આ માંદગીમાંથી ભગવાન સાજા થયા ત્યારે આનંદે તેમને કહ્યું, "ભદન્ત, આપ માંદગીમાંથી સાજા થયા એ જોઈને મને સંતોષ થાય છે. આપની આ માંદગીથી મારો જીવ ગભરાયો, મને શું કરવું તે સૂઝ્યું નહિ અને ધાર્મિક ઉપદેશની પણ વિસ્મૃતિ થવા લાગી. તેમ છતાં ભગવાન ભિક્ષુસંઘને છેવટની વાતો કહ્યા વગર નિર્વાણ પામશે નહિ એવી મને આશા હતી."

ભગવાન—હે આનંદ, ભિક્ષુસંઘ મારી પાસેથી કઈ વાતો સમજવાની ઇચ્છા રાખે છે? મારો ધર્મ મેં સ્પષ્ટ કરીને કહ્યો છે. તેમાં કશું ગૂઢ રાખ્યું નથી. પોતે ભિક્ષુસંઘના નેતા થઇને રહેવું અને ભિક્ષુસંઘ પોતાની ઉપર અવલંબીને રહે, એવું જેને લાગતું હોય, તે જ ભિક્ષુસંઘને છેવટની થોડી વાતો કહેશે. પણ, હે આનંદ, ભિક્ષુસંઘનો નાયક થવાની, કે ભિક્ષુસંઘ પોતાની ઉપર જ આધાર રાખીને રહે, એવી તથાગતની ઇચ્છા નથી. તેથી તથાગત ભિક્ષુસંઘને છેલ્લી કઈ વાત કહે? હે આનંદ, હું હવે જીર્ણ અને વૃદ્ધ થયો છું. મને એંશી વર્ષ થયાં. ભાંગેલું ગાડું જેમ વાંસના ટુકડા બાંધીને ગમેતેમ ચાલે છે, તેવી રીતે મારું આ શરીર મહામુશ્કેલીથી ચાલે છે. જ્યારે હું નિરોધ સમાધિની ભાવના કરું છું ત્યારે જ મારા આ શરીરને કંઈક સ્વસ્થતા મળે છે. તેથી હે આનંદ, હવે તમે પોતાની

*બુદ્ધલીલાસારસંગ્રહ પૃ. ૨૯૨–૩૧૨ જુઓ.

ઉપર જ આધાર રાખતા થાઓ. આત્માને જ દ્વીપ બનાવો.. ધર્મને જ દ્વીપ બનાવો. આત્માને જ શરણ થાઓ. ધર્મને જ શરણ થાઓ.

આવી સ્થિતિ હતી છતાં ભગવાન બેલુવ ગામથી પાછા વૈશાલી આવ્યા. ત્યાં આનંદને મોકલીને તેમણે ભિક્ષુસંઘને મહાવનમાંની કૂટાગાર શાળામાં ભેગો કર્યો અને તેમને સારો એવો ઉપદેશ આપ્યો. ત્યાર પછી ભગવાન ભિક્ષુસંઘની સાથે ભાંડગ્રામ, હસ્તિગ્રામ, આમ્રગ્રામ, જંબુગ્રામ, ભોગનગર ઇત્યાદિ જગ્યાએ પ્રવાસ કરતા કરતા પાવા નામના શહેરમાં આવીને ચુંદ લુહારના આમ્રવનમાં ઊતર્યા. ચુંદને ઘેર ભગવાનને અને ભિક્ષુસંઘને આમંત્રણ હતું. ચુંદે જે મિષ્ટાન્નો બનાવ્યાં હતાં, તેમાં 'સૂકરમદ્દવ' નામનો એક પદાર્થ હતો.* તે પદાર્થ ખાતાંવેંત જ ભગવાન અતિસારના વિકારથી માંદા પડ્યા. તેમ છતાં તે વેદનાઓ સહન કરીને ભગવાને કકુત્થા અને હિરણ્યવતી એ બે નદીઓ ઓળંગી અને કુસિનારા સુધી પ્રવાસ કર્યો. ત્યાંના મલ્લોના શાલવનમાં તે રાત્રિના છેલ્લા યામમાં ભગવાન બુદ્ધ પરિનિર્વાણ પામ્યા.

આ રીતે ભગવાનના અત્યંત બોધપ્રદ અને કલ્યાણપ્રદ જીવનનો અંત આવ્યો. તથાપિ તેનાં સુપરિણામ ભિન્ન ભિન્ન રીતે આજ સુધી મળતાં આવ્યાં છે, અને ભવિષ્યમાં પણ માનવજાતિના ઇતિહાસમાં મળતાં રહેશે.

---

* આ પદાર્થ વિષેની ચર્ચા પાછલા પ્રકરણના આરંભમાં કરી છે, તે ત્યાં જોવી.

# પરિશિષ્ટ પહેલું

## ગોતમ બુદ્ધના ચરિત્ર સાથે જોડેલા મહાપદાનસુત્તના ખંડો

અપદાન (સં. અવદાન) એટલે સચ્ચરિત્ર. તેથી મહાપદાન એટલે મહાપુરુષોનાં ચરિત્રો. મહાપદાનસુત્તમાં ગોતમ બુદ્ધની પહેલાં થયેલા છ બુદ્ધો તથા ગોતમ બુદ્ધનાં ચરિત્રો આરંભમાં સંક્ષેપથી વર્ણવ્યાં છે. ગોતમ બુદ્ધની પહેલાં વિપસ્સી, સિખી, વેસ્સભૂ, કકુસંધ, કોણાગમન, અને કસ્સપ એવા છ બુદ્ધો થયા. એમાંના પહેલા ત્રણ ક્ષત્રિય અને બાકીના બ્રાહ્મણ હતા. તેમનાં ગોત્રો, આયુર્મર્યાદા, તેઓ જે વૃક્ષોની નીચે બુદ્ધ થયા તે વૃક્ષોનાં નામો, તેમના બે મુખ્ય શિષ્યો, તેમના સંઘોના ભિક્ષુઓની સંખ્યા તેમના ઉપસ્થાયક (સેવકભિક્ષુ), માતાપિતા, તે સમયનો રાજા અને રાજધાની, એ બધાંનાં નામો આ સુત્તની શરૂઆતમાં આપેલાં છે; અને તે પછી વિપસ્સી બુદ્ધનું ચરિત્ર વિસ્તારથી વર્ણવ્યું છે. તે પૌરાણિક ચરિત્રના જે ખંડ ગોતમ બુદ્ધના ચરિત્ર સાથે જોડવામાં આવ્યા તેમનો સારાંશ અહીં આપું છું. +

૧

ભગવાન બોલ્યા, "હે ભિક્ષુઓ, આ પહેલાંના એકાણુમા કલ્પમાં અર્હત્ સમ્યક્ સંબુદ્ધ વિપસ્સી ભગવાન આ લોકમાં જન્મ્યા. તે જાતે ક્ષત્રિય હતા અને તેનું ગોત્ર કૌંડિન્ય હતું. તેની આયુર્મર્યાદા એંશી હજાર વર્ષની હતી. તે પાટલી વૃક્ષની નીચે અભિસંબુદ્ધ થયા. તેના ખંડ અને તિસ્સ એ બે અગ્રશ્રાવકો હતા.

---

+ આ આખા સુત્તનું ભાષાંતર ચિં. વૈ. રાજવાડેકૃત, દીઘનિકાય, ભાગ ૨ (ગ્રંથસંપાદક અને ગ્રંથપ્રકાશક મંડળી નં. ૩૮૦, ઠાકુરદ્વાર રોડ, મુંબઈ ૨)માં આપ્યું છે.

તેના શિષ્યોના ત્રણ સમુદાય હતા. પહેલામાં અડસઠ લાખ, બીજામાં એક લાખ અને ત્રીજામાં એંશી લાખ ભિક્ષુઓ હતા. તેઓ બધા ક્ષીણાશ્રવ હતા. અશોક નામનો ભિક્ષુ તેનો અગ્રઉપસ્થાયક હતો, બંધુમા નામનો રાજા પિતા હતો, બંધુમતી નામની રાણી માતા હતી, અને બંધુમા રાજાની બંધુમતી નામની રાજધાની હતી.

૨

(૧) અને હે ભિક્ષુઓ, વિપસ્સી બોધિસત્ત્વ દેવલોકમાંથી ચ્યુત થઈને સ્મૃતિમાન જાગૃત થયેલો માતાના ઉદરમાં પ્રવિષ્ટ થયો. આ અહીં સ્વભાવનિયમ છે.

(૨) હે ભિક્ષુઓ, જ્યારે બોધિસત્ત્વ તુષિત દેવલોકમાંથી ચ્યુત થઇને માતાના ઉદરમાં પ્રવેશ કરે છે, ત્યારે દેવ, માર, બ્રહ્મા, શ્રમણ, બ્રાહ્મણ અને મનુષ્ય, એ બધા વડે ભરેલા આ જગતમાં દેવોના પ્રભાવને પણ આંજી નાખે એવો અપ્રમાણ અને વિપુલ આલોક પ્રાદુર્ભૂત થાય છે. જુદાં જુદાં જગતોની વચ્ચેના પ્રદેશો, જે હંમેશા અંધકારમય અને કાળા હોય છે, અને જ્યાં મહાપ્રતાપી અને મહાનુભાવ ચંદ્રસૂર્યોનો પ્રભાવ પડતો નથી, ત્યાં પણ દેવોના પ્રભાવને આંજી નાખનાર અપ્રમાણ અને વિપુલ પ્રકાશ પ્રાદુર્ભૂત થાય છે. તે પ્રદેશમાં ઉત્પન્ન થયેલાં પ્રાણીઓ તે પ્રકાશમાં એકબીજાંને જોઈને પોતાના સિવાય બીજાં પ્રાણીઓ પણ અહીં છે, એવું જાણે છે. આ દશસહસ્ર જગતોનો સમુદાય હલવા માંડે છે, અને તે બધાં જગતોમાં દેવોના પ્રભાવને આંજી નાખનાર અપ્રમાણ અને વિપુલ પ્રકાશ પ્રાદુર્ભૂત થાય છે, એવો આ સ્વભાવ નિયમ છે.

(૩) હે ભિક્ષુઓ, એવો સ્વભાવનિયમ છે કે, જ્યારે બોધિસત્ત્વ માતાના ઉદરમાં પ્રવેશ કરે છે ત્યારે તેને અને તેની માતાને મનુષ્ય અથવા મનુષ્યેતરથી તકલીફ ન થાય એ ખાતર ચાર દેવપુત્ર રક્ષણ માટે ચારે દિશાઓમાં રહે છે. એવો આ સ્વભાવનિયમ છે.

(૪) હે ભિક્ષુઓ, જ્યારે બોધિસત્ત્વ માતાના ઉદરમાં પ્રવેશ કરે છે, ત્યારે તેની માતા કુદરતી રીતે શીલવતી થાય છે; પ્રાણઘાત, ચોરી, વ્યભિચાર, અસત્ય ભાષણ, અને મદ્યપાન એ બધાથી મુક્ત રહે છે. એવો આ સ્વભાવનિયમ છે.

(૫) હે ભિક્ષુઓ, જ્યારે બોધિસત્ત્વ માતાના ઉદરમાં પ્રવેશ કરે છે, ત્યારે તેની માતાના અંતઃકરણમાં પુરુષ વિષે કામાસક્તિ ઉત્પન્ન થતી નથી, અને કોઈ પણ પુરુષને કામવિકારયુક્ત ચિત્તથી બોધિસત્ત્વની માતાનું અતિક્રમણ કરવું શક્ય થતું નથી. આ સ્વભાવનિયમ છે.

(૬) હે ભિક્ષુઓ, જ્યારે બોધિસત્ત્વ માતાના ઉદરમાં પ્રવેશ કરે છે, ત્યારે તેની માતાને પાંચ સુખોપભોગોનો લાભ થાય છે. તે પંચસુખોપભોગ વડે સંપન્ન થઈને તે તેમનો ઉપભોગ કરે છે. આ સ્વભાવનિયમ છે.

(૭) હે ભિક્ષુઓ, જ્યારે બોધિસત્ત્વ માતાના ઉદરમાં પ્રવેશ કરે છે, ત્યારે તેની માતાને કોઈ પણ રોગ થતો નથી, તે સુખી અને નિરુપદ્રવી થાય છે, અને પોતાના ઉદરમાં વસતા સર્વેન્દ્રિયસંપૂર્ણ બોધિસત્ત્વને જુએ છે. જેમ કોઈ અસલ જાતનો, અષ્ટકોણી, ઘસીને તૈયાર કરેલો, સ્વચ્છ, શુદ્ધ અને સર્વાકાર પરિપૂર્ણ વૈડૂર્યમણિ હોય અને તેમાં ભૂરો, પીળો, લાલ અથવા સફેદ દોરો પરોવીએ તો તે મણિ અને તેમાં પરોવેલો દોરો સાબૂત આંખોવાળા માણસને સ્પષ્ટ દેખાય છે, તેવી રીતે બોધિસત્ત્વની માતા પોતાના ઉદરમાં વસતા બોધિસત્ત્વને સ્પષ્ટ જુએ છે. એવો આ સ્વભાવનિયમ છે.

(૮) હે ભિક્ષુઓ, બોધિસત્ત્વના જન્મ પછી સાતમે દિવસે તેની માતા મૃત્યુ પામે છે અને તુષિત દેવલોકમાં જન્મ લે છે. એવો આ સ્વભાવનિયમ છે.

(૯) હે ભિક્ષુઓ, જેવી રીતે બીજી સ્ત્રીઓ નવમા કે દસમા મહિનામાં પ્રસૂત થાય છે, તેવી રીતે બોધિસત્ત્વમાતા પ્રસૂત થતી નથી. બોધિસત્ત્વને દસ મહિના પૂરા થયા પછી જ તે પ્રસૂત થાય છે. એવો આ સ્વભાવનિયમ છે.

(૧૦) હે ભિક્ષુઓ, જેવી રીતે બીજી સ્ત્રીઓ બેઠી બેઠી કે સૂતી સૂતી પ્રસૂત થાય છે, તેવી રીતે બોધિસત્ત્વમાતા પ્રસૂત થતી નથી. તે ઊભી હોય ત્યારે પ્રસૂત થાય છે. એવો આ સ્વભાવ નિયમ છે.

(૧૧) હે ભિક્ષુઓ, બોધિસત્ત્વ માતાના ઉદરમાંથી બહાર નીકળે છે, ત્યારે તેને પહેલાં દેવો લે છે, અને પછી માણસો લે છે. એવો આ સ્વભાવનિયમ છે.

(૧૨) હે ભિક્ષુઓ, બોધિસત્ત્વ માતાના ઉદરમાંથી બહાર નીકળે છે, ત્યારે જમીન ઉપર પહેલાં ચાર દેવપુત્રો તેને લે છે, અને માતાની સામે મૂકીને કહે છે, "દેવી, આનંદ પામ. તને મહાનુભાવ પુત્ર થયો છે.'. એવો આ સ્વભાવનિયમ છે.

(૧૩) હે ભિક્ષુઓ, બોધિસત્ત્વ માતાના ઉદરમાંથી બહાર નીકળે છે, ત્યારે તે ઉદરોદક, શ્લેષ્મા, રુધિર, અથવા બીજી ગંદકીથી ખરડાયેલો નથી હોતો, પણ શુદ્ધ અને સ્વચ્છ રૂપમાં બહાર નીકળે છે. ભિક્ષુઓ રેશમી વસ્ત્ર ઉપર બહુમૂલ્ય મણિ મૂકીએ તો તે વસ્ત્રને તે ગંદુ કરતો નથી, અથવા તે વસ્ત્ર તે મણિને ગંદુ કરતું નથી, કારણ કે બન્ને શુદ્ધ હોય છે. તેવી જ રીતે બોધિસત્ત્વ બહાર નીકળે છે ત્યારે શુદ્ધ હોય છે. એવો આ સ્વભાવનિયમ છે.

(૧૪) હે ભિક્ષુઓ, બોધિસત્ત્વ માતાની કુક્ષિમાંથી બહાર નીકળે છે, ત્યારે અંતરિક્ષમાંથી એક શીતલ અને બીજી ઉષ્ણ એવી ઉદક-ધારાઓ નીચે ઊતરે છે. અને બોધિસત્ત્વને તથા તેની માતાને ધોઈ કાઢે છે. એવો આ સ્વભાવનિયમ છે.

(૧૫) હે ભિક્ષુઓ, જન્મ્યા પછી તરત જ બોધિસત્ત્વ પગ પર સીધો ઊભો થઈને ઉત્તર તરફ સાત પગલાં ચાલે છે—તે વખતે તેના ઉપર શ્વેત છત્ર ધરવામાં આવે છે—અને બધી દિશાઓ તરફ જોઈને તે ગરજે છે, " હું જગતમાં અગ્રગામી છું, જ્યેષ્ઠ છું, શ્રેષ્ઠ છું. આ છેલ્લો જન્મ છે; હવે પુનર્જન્મ નથી.'' એવો આ સ્વભાવનિયમ છે.

(૧૬) હે ભિક્ષુઓ, બોધિસત્ત્વ માતાના ઉદરમાંથી બહાર નીકળે છે ત્યારે દેવ, માર, બ્રહ્મા, (એ પછીનું વક્તવ્ય કલમ ૨ મુજબ)...

૩

હે ભિક્ષુઓ, વિપસ્સી કુમાર જન્મ્યો ત્યારે બંધુમા રાજાને ખબર મોકલાવ્યાં કે, "મહારાજ, આપને પુત્ર થયો છે. તેને મહારાજ જોઈ જાય." હે ભિક્ષુઓ, બંધુમા રાજાએ વિપસ્સી કુમારને જોયો, અને જ્યોતિષી બ્રાહ્મણોને બોલાવીને તેનાં લક્ષણો જોવાનું કહ્યું.

જ્યોતિષીઓ બોલ્યા, "મહારાજ, ખુશ થાઓ; આપને મહાનુભાવ પુત્ર થયો છે. આપના કુળમાં આવો પુત્ર જન્મ્યો એ આપનું મહાન ભાગ્ય છે. આ કુમાર બત્રીસે મહાપુરુષલક્ષણોથી યુક્ત છે. આવા મહાપુરુષની બે જ ગતિઓ થાય છે, ત્રીજી થતી નથી. તે જો ગૃહસ્થાશ્રમમાં રહે તો ધાર્મિક ધર્મરાજા, ચતુસ્સમુદ્ર સુધીની પૃથ્વીનો માલિક, રાજ્યમાં શાંતિ સ્થાપન કરનારો, સાત રત્નોથી સમન્વિત એવો ચક્રવર્તી રાજા થાય. તેનાં સાત રત્નો આ પ્રમાણે—ચક્રરત્ન, હસ્તિરત્ન, અશ્વરત્ન, મણિરત્ન, સ્ત્રીરત્ન, ગૃહપતિરત્ન, અને પરિણાયકરત્ન.* તેને શૂરવીર, શત્રુસેનાનું મર્દન કરવાવાળા હજારથી વધુ પુત્ર થાય છે. તે સમુદ્ર સુધીની પૃથ્વી દંડ વિના અને શસ્ત્ર વિના ધર્મથી જીતીને રાજ્ય કરે છે. પણ જો તે પ્રવ્રજ્યા લેશે, તો આ જગતમાં તે અર્હન્, સમ્યક્ સંબુદ્ધ અને અવિદ્યાવરણ દૂર કરવાવાળો થાય છે.

મહારાજ, તે બત્રીસ લક્ષણો કયાં તે સાંભળો. (૧) આ કુમાર સુપ્રતિષ્ઠિતપાદ છે; (૨) તેના પાદતલ નીચે સહસ્ર આરા, નેમિ અને નાભિઓ વડે સંપન્ન અને સર્વાકારપરિપૂર્ણ એવાં ચક્રો છે; (૩) તેની એડીઓ લાંબી છે; (૪) તેની આંગળીઓ લાંબી છે; (૫) હાથપગ મૃદુ અને કોમળ; (૬) જાળી જેવા છે; (૭) પગની ઘૂંટીઓ શંકુ જેવી વર્તુલાકાર; (૮) હરિણીની જંઘાઓ

* પરિણાયક એટલે મુખ્ય પ્રધાન.

જેવી જંઘાઓ; (૯) ઊભો રહીને નમ્યા વગર હાથની હથેળી વડે તે પોતાનાં ગોઠણને સ્પર્શ કરી શકે છે, અને તેને ચોળી શકે છે; (૧૦) તેનું વસ્ત્રગુહ્ય કોશ વડે ઢાંકેલું છે; (૧૧) તેની કાંતિ સોના જેવી; (૧૨) ચામડી સૂક્ષ્મ હોવાથી તેના શરીરને ધૂળ અડતી નથી; (૧૩) તેના રોમકૂપમાં એક એક વાળ જ ઊગેલો છે; (૧૪) તેના વાળ ઊર્ધ્વાગ્ર, ભૂરા, અંજનવર્ણ, વાંકડિયા, અને જમણી બાજુએ વળેલા છે; (૧૫) તેનાં ગાત્રો સીધાં છે; (૧૬) તેના શરીરના સાત ભાગ માંસલ છે; (૧૭) તેના શરીરનો આગળનો અડધો ભાગ સિંહના આગલા અડધા ભાગ જેવો છે; (૧૮) તેના ખભાનો ભાગ નક્કર છે; (૧૯) તે ન્યગ્રોધ વૃક્ષની જેમ વર્તુલાકાર છે; જેટલી તેની ઊંચાઈ તેટલો જ તેનો પરિઘ અને જેટલો પરિઘ તેટલી જ તેની ઊંચાઈ; (૨૦) તેના ખભા સમાનતાથી વળેલા; (૨૧) તેની રસના ઉત્તમ છે; (૨૨) હડપચી સિંહની હડપચી જેવી છે; (૨૩) તેને ચાળીસ દાંત છે; (૨૪) તે સીધો છે; (૨૫) તે નિરંતર છે (૨૬) તે સફેદ છે; (૨૭) તેની જિહ્વા લાંબી છે; (૨૮) તે બ્રહ્મસ્વર છે અને કરવીક પંખીના સ્વરની જેમ તેનો અવાજ મીઠો છે; (૨૯) તેની કીકીઓ ભૂરી છે; (૩૦) તેની પાંપણો ગાયની પાંપણો જેવી છે. (૩૧) તેની ભમરોની વચ્ચે નરમ કપાસના તંતુઓની જેવી રુંવાટી ઊગેલી છે. (૩૨) તેનું માથું ઉષ્ણીષાકાર (એટલે વચ્ચે જરા ઊંચું) છે.

૪

પછી હે ભિક્ષુઓ, બંધુમા રાજાએ વિપસ્સી કુમાર માટે ત્રણ પ્રાસાદ બંધાવ્યા. એક ચોમાસા માટે, એક શિયાળા માટે, અને એક ઉનાળા માટે. અને તે પ્રાસાદોમાં પંચેન્દ્રિયોના સુખના બધા પદાર્થો મુકાવ્યા. હે ભિક્ષુઓ, ચોમાસા માટે બાંધેલા પ્રાસાદમાં વિપસ્સી કુમાર ચોમાસાના ચાર મહિના ફક્ત સ્ત્રીઓએ વગાડેલાં વાદ્યોથી પરિવારિત થયેલો રહેતો, પ્રાસાદની નીચે ઊતરતો નહિ.

## ૫

અને હે ભિક્ષુઓ, સેંકડો, હજારો વર્ષ પછી વિપસ્સી કુમારે સારથિને બોલાવીને કહ્યું, "દોસ્ત સારથિ, ઉત્તમ પ્રકારનાં વાહનો તૈયાર કર. આપણે સૃષ્ટિશોભા જોવા માટે ઉદ્યાનમાં જઈએ." સારથિએ વાહનો તૈયાર કર્યાં અને વિપસ્સી કુમાર રથમાં બેસીને ઉદ્યાન તરફ જવા નીકળ્યો. રસ્તામાં ગોપાનસીની જેમ નમેલો, ભગ્ન-શરીર, લાકડીનો ટેકો લઈ ધ્રૂજતો ધ્રૂજતો ચાલવાવાળો, રોગી, ગતવયસ્ક એવા એક ઘરડા માણસને જોઈને તેણે સારથિને પૂછ્યું. "આ માણસની સ્થિતિ આવી શાથી? તેના વાળ અને શરીર બીજાનાં જેવાં નથી."

સા૦—મહારાજ, આ ઘરડો માણસ છે.

વિ૦—મિત્ર સારથિ, ઘરડો એટલે શું?

સા૦—ઘરડો એટલે તેને ઝાઝા દિવસ જીવવાનું નથી તે માણસ.

વિ૦—હું પણ એવો જરાધર્મી છું?

સા૦—મહારાજ, આપણે બધાં જ જરાધર્મી છીએ.

વિ૦—તો પછી, સારથિ હવે ઉદ્યાન તરફ જવું નથી, આપણે પાછા મહેલમાં જઈએ.

સા૦—ઠીક મહારાજ.

એમ કહીને સારથિએ રથ અંતઃપુર તરફ વાળ્યો. ત્યાં વિપસ્સી કુમાર દુઃખી અને ઉદ્વિગ્ન થઈને વિચાર કરવા લાગ્યો કે, આ જન્મને ધિક્કાર હજો, જેનાથી વૃદ્ધત્વ ઉત્પન્ન થાય છે?

બંધુમા મહારાજાએ સારથિને બોલાવીને પૂછ્યું "મિત્ર સારથિ, કુમારને ઉદ્યાનમાં ગમ્યું? તેને ત્યાં આનંદ આવ્યો?

સા૦—ના, મહારાજ.

રાજા—કેમ? તેણે ઉદ્યાન તરફ જતાં શું જોયું?

સારથિએ બનેલી હકીકત કહી, એટલે બંધુમા મહારાજાએ વિપસ્સી કુમાર પરિવ્રાજક નહિ થાય એ હેતુથી તેનાં પંચેન્દ્રિયોનાં

સુખો ખૂબ જ વધાર્યાં અને વિપસ્સી તે સુખોમાં રમમાણ થયો.

અને હે ભિક્ષુઓ, સેંકડો, હજારો વર્ષ પછી વિપસ્સી કુમાર ફરી ઉદ્યાન ભણી જવા ઊપડ્યો. રસ્તામાં રોગી, પીડિત, ઘણો માંદો, પોતાના મળમૂત્રમાં આળોટતો, બીજાઓ જેને ઉઠાડતા હતા અને જેનાં વસ્ત્રો સંભાળતા હતા, એવા એક માણસને જોઈને તેણે સારથિને પૂછ્યું, "આને શું થયું છે? આની આંખો તેમ જ આનો અવાજ બીજાઓના જેવો કેમ નથી!"

સા૦—આ રોગી છે.

વિ૦—રોગી એટલે શું?

સા—રોગી એટલે આ સ્થિતિમાં તેને પહેલાંની જેમ વર્તવું બહુ મુશ્કેલ છે.

વિ૦—મિત્ર સારથિ, હું પણ એવો જ વ્યાધિધર્મી છું?

સા૦—મહારાજ, આપણે બધાં જ વ્યાધિધર્મી છીએ.

વિ૦—તો પછી હવે ઉદ્યાન ભણી જવું નથી; રથ અંતઃપુર તરફ વાળ.

એટલે સારથિ રથ લઈને અંતઃપુર આવ્યો. અને ત્યાં વિપસ્સી કુમાર દુઃખી અને ઉદ્વિગ્ન થઈને વિચારમાં પડ્યો, કે જેના વડે વ્યાધિ પ્રાપ્ત થાય છે, તે જન્મને ધિક્કાર હજો!

સારથિ પાસેથી બંધુમા રાજાએ જ્યારે આ હકીકત સાંભળી ત્યારે રાજ્ય છોડીને કુમાર પ્રવ્રજ્યા ન લે એ હેતુથી તેણે વિપસ્સી કુમારનાં સુખસાધનોમાં ઉમેરો કર્યો.

અને, હે ભિક્ષુઓ, સેંકડો, હજારો વર્ષો પછી વિપસ્સી કુમાર પહેલાંની જેમ જ તૈયારી કરીને ઉદ્યાન તરફ જવા નીકળ્યો. રસ્તામાં લોકોનો મોટો સમૂહ રંગબેરંગી વસ્ત્રોની પાલખી તૈયાર કરી રહ્યો છે, એવું તેણે જોયું, અને તેણે સારથિને પૂછ્યું, "આ લોકો રંગબેરંગી વસ્ત્રોની પાલખી શા માટે તૈયાર કરે છે?"

સા૦—મહારાજ, અહીં મરી ગયેલો મનુષ્ય પડ્યો છે (તેને માટે).

વિ૦-તો પછી તે મૃત મનુષ્ય તરફ રથ લેજે.

સારથિ ત્યાં રથ લઈ ગયો અને તે મૃત માણસને જોઈને વિપસ્સીએ પૂછ્યું, "મિત્ર સારથિ, મૃત એટલે શું?"

સા૦-એ હવે માબાપ અને બીજાં સગાંવહાલાંઓને નજરે પડવાનો નથી, અથવા તે તેમને જોઈ શકવાનો નથી.

વિ૦-મિત્ર સારથિ, હું પણ મરણધર્મી છું? રાજારાણી અને બીજાં સગાંવહાલાંઓની નજરે હું પડવાનો નથી? અને હું તેમને જોઈ શકવાનો નથી?

સા૦- ના મહારાજ.

વિ૦-તો પછી હવે ઉદ્યાન તરફ જવું નથી. રથ અંતઃપુર તરફ વાળી લે.

એટલે સારથિ રથ અંતઃપુર લઈ ગયો. ત્યાં વિપસ્સી કુમાર દુઃખી અને ઉદ્વિગ્ન થઈને વિચારમાં પડ્યો કે, જેના વડે જરા, વ્યાધિ, મરણ પ્રાપ્ત થાય છે તે જન્મને ધિક્કાર હજો!

સારથિ પાસેથી બંધુમા રાજાએ આ હકીકત સાંભળી ત્યારે તેણે કુમાર રાજ્ય છોડીને પ્રવ્રજ્યા નહિ લે એ ખાતર તેનાં સુખસાધનોમાં વધુ ઉમેરો કર્યો.

અને હે ભિક્ષુઓ, સેંકડો, હજારો વર્ષો પછી ફરી બધી સિદ્ધિ મેળવીને વિપસ્સીકુમાર સારથિની સાથે ઉદ્યાન તરફ જવા નીકળ્યો. રસ્તામાં એક પરિવ્રાજકને જોઈને તેણે સારથિને પૂછ્યું, "આ પુરુષ કોણ છે? એનું માથું અને એનાં વસ્ત્રો બીજાનાં જેવાં નથી."

સા૦-મહારાજ, આ પ્રવ્રજિત છે.

વિ૦-પ્રવ્રજિત એટલે શું?

સા૦-પ્રવ્રજિત એટલે ધર્મચર્યા સારી છે, સમચર્યા સારી છે, કુશલક્રિયા સારી છે, પુણ્યક્રિયા સારી છે, અવિહિંસા સારી છે, ભૂતદયા છે એવું માનવાવાળો.

વિ૦–તો પછી રથ તેની પાસે લઈ લે.

એટલે સારથિ રથ પ્રવ્રજિતની પાસે લઈ ગયો. ત્યારે વિપસ્સી કુમારે તેને પૂછ્યું, "તું કોણ છે? તારું માથું અને તારાં વસ્ત્રો બીજાનાં જેવાં નથી.

પ્ર૦–મહારાજ, હું પ્રવ્રજિત છું. ધર્મચર્યા, સમચર્યા, કુશલક્રિયા, પુણ્યક્રિયા, અવિહિંસા, ભૂતાનુકંપા સારી છે એમ હું માનું છું.

ઠીક છે, એમ કહી વિપસ્સી કુમારે સારથિને કહ્યું, "મિત્ર સારથિ, તું રથ લઈને અંત:પુર તરફ પાછો જા. હું વાળ અને દાઢી મૂછો કાઢી નાખીને કાશાય વસ્ત્રો ધારણ કરીને, અનાગારિક (ગૃહવિયુક્ત) પ્રવ્રજ્યા લઉં છું."

સારથિ રથ લઈને અંત:પુર તરફ ગયો, પણ વિપસ્સી કુમારે ત્યાં જ પ્રવ્રજ્યા લીધી.

૬

અને હે ભિક્ષુઓ, વિપસ્સી બોધિસત્ત્વ એકાંતમાં વિચાર કરતો હતો ત્યારે તેના મનમાં વિચાર આવ્યો કે લોકોની દશા ઘણી ખરાબ છે. તેઓ જન્મે છે, ઘરડા થાય છે અને મરે છે; ચ્યુત થાય છે અને ઉત્પન્ન થાય છે; તેમ છતાં તેઓ એ દુ:ખમાંથી કેવી રીતે છૂટવું તે જાણતા નથી. તેઓ એ કયારે જાણશે?

અને હે ભિક્ષુઓ, જરામરણ શાથી ઉત્પન્ન થાય છે એનો વિપસ્સી બોધિસત્ત્વ વિચાર કરવા લાગ્યો. ત્યારે તેણે પ્રજ્ઞાલાભ વડે જાણ્યું કે જન્મ આવે એટલે જરામરણ આવે છે. અને જન્મ શાથી આવે છે? ભવને લીધે. ભવ શાને લીધે? ઉપાદાનને લીધે. ઉપાદાન તૃષ્ણાને લીધે, તૃષ્ણા વેદનાને લીધે, વેદના સ્પર્શને લીધે, સ્પર્શ ષડાયતનને લીધે, ષડાયતન નામરૂપને લીધે, નામરૂપ વિજ્ઞાનને લીધે ઉત્પન્ન થાય છે. આ કારણપરંપરા વિપસ્સી બોધિસત્ત્વે અનુક્રમે જાણી. તેવી જ રીતે જન્મ ન હોય તો જરા મરણ આવતાં નથી...ભવ ન હોય તો જન્મ થતો નથી...વિજ્ઞાન ન હોય તો નામરૂપ થતું નથી, એ પણ તેણે જાણ્યું. અને તેથી કરીને તેના મનમાં ધર્મચક્ષુ, ધર્મજ્ઞાન, પ્રજ્ઞા, વિદ્યા અને આલોક ઉત્પન્ન થયા.

૭

અને હે ભિક્ષુઓ, અર્હન, સમ્યક્ સંબુદ્ધ વિપસ્સી ભગવાનના મનમાં ધર્મોપદેશ કરવાનો વિચાર આવ્યો. પણ તેને લાગ્યું કે આ ગંભીર, દુર્દર્શ, સમજવાને મુશ્કેલ, શાંત, પ્રણીત, તર્ક વડે નહિ સમજાય તેવો, નિપુણ, પંડિતો જ જાણી શકે તેવો ધર્મ મેં પ્રાપ્ત કરી લીધો છે. પણ આ લોકો મોજશોખમાં અને વિલાસમાં મગ્ન છે. એવાઓને માટે કારણપરંપરા, પ્રતીત્યસમુત્પાદ સમજવો મુશ્કેલ છે. બધા સંસ્કારોનું શમન, બધી ઉપાધિઓનો ત્યાગ, તૃષ્ણાનો ક્ષય, વિરાગ, નિરોધ, નિર્વાણ ઇત્યાદિ પણ તેમને દુર્ગમ છે. હું ધર્મોપદેશ કરું અને તેઓ સમજશે નહિ તો મને જ તકલીફ થશે, મને જ ઉપદ્રવ થશે.

અને હે ભિક્ષુઓ, વિપસ્સી ભગવાનને પહેલાં કદી નહિ સાંભળેલી એવી નીચેની ગાથાઓ અકસ્માત સૂઝી—

"જે મેં પ્રયાસથી મેળવ્યું છે, તે બીજાઓને કહેવું નહિ. રાગદ્વેષથી ભરેલાઓને આ ધર્મનો બોધ સહેજે થાય તેમ નથી.

પ્રવાહની સામે જનારો, નિપુણ, ગંભીર, દુર્દર્શ અને અણુરૂપ એવો આ ધર્મ અંધકારથી વીંટળાયેલા કામાસક્ત લોકોને દેખાશે નહિ."

હે ભિક્ષુઓ, અર્હન્ત સમ્યક્ સંબુદ્ધ વિપસ્સી ભગવાનને આ વિચાર આવવાથી તેનું ચિત્ત ધર્મોપદેશ તરફ નહિ વળતાં એકાંતવાસ તરફ વળ્યું. મહાબ્રહ્મા એ વિચાર જાણીને મનમાં બોલ્યો, "અરેરે! જગતનો નાશ થાય છે! વિનાશ થાય છે!! કારણ કે અર્હન્ સમ્યક્ સંબુદ્ધ વિપસ્સી ભગવાનનું મન ધર્મોપદેશ તરફ નહિ વળતાં એકાંતવાસ તરફ વળે છે!"

ત્યારે હે ભિક્ષુઓ, જેવી રીતે કોઈ બળવાન પુરુષ વાળેલો હાથ પહોળો કરે છે, કે પહોળો કરેલો હાથ વાળી લે છે, તેવી ત્વરાથી તે મહાબ્રહ્મા બ્રહ્મલોકમાં અંતર્ધાન પામીને વિપસ્સી ભગવાનની સામે પ્રકટ થયા અને પોતાનું ઉપવસ્ત્ર એક ખભા ઉપર નાખીને

જમણી ઘૂંટણ જમીન પર ટેકવીને હાથ જોડીને તેણે ભગવાનને કહ્યું, "હે ભગવન્, ધર્મદેશના કર! સુગત, ધર્મદેશના કર! કેટલાંક પ્રાણીઓ એવાં છે કે તેમની આંખો ધૂળથી ભરેલી નથી. તેઓ ધર્મ સાંભળવા ન મળવાથી નાશ પામે છે. એવા ધર્મ જાણવાવાળા લોકો મળશે."

વિપસ્સી ભગવાને પોતાના મનનો વિચાર ત્રણ વખત પ્રકટ કર્યો અને બ્રહ્મદેવે ત્રણ વખત ભગવાનને એ જ વિનંતી કરી. ત્યારે ભગવાને બ્રહ્મદેવની વિનંતી જાણીને અને પ્રાણીઓ પ્રત્યેની દયાને લીધે, બુદ્ધની દૃષ્ટિ વડે દુનિયાનું અવલોકન કર્યું અને જેમની આંખો ધૂળથી સહેજ ભરેલી છે, જેમની વધુ ભરેલી છે, જેઓ તીક્ષ્ણ ઇંદ્રિયોવાળાં, મૃદુ ઇંદ્રિયોવાળાં, સારા આકારનાં, ખરાબ આકારનાં, સહેલાઈથી સમજે તેવાં, મુશ્કેલીથી સમજે તેવાં, કેટલાંક પરલોકનું અને ખરાબ ચીજોનો ડર રાખવાવાળાં, એવા પ્રાણીઓ તેને દેખાયાં. જેવી રીતે કમળોથી ભરેલા સરોવરમાં કેટલાંક કમળો પાણીની અંદર જ ડૂબેલાં રહે છે, કેટલાંક પાણીની સપાટી પર આવે છે અને કેટલાંક પાણીથી ઊંચે ઊગેલાં હોય છે, પાણીનો તેમને સ્પર્શ થતો નથી, તેવી રીતે વિપસ્સી ભગવાને ભિન્ન ભિન્ન પ્રકારનાં પ્રાણી જોયાં.

અને હે ભિક્ષુઓ, વિપસ્સી ભગવાનના મનનો આ વિચાર જાણીને બ્રહ્મદેવ નીચેની ગાથાઓ બોલ્યા—

"પર્વત ઉપર, પર્વતના મસ્તક પર ઊભા રહીને જેવી રીતે આસપાસના લોકો તરફ જોવાય છે, તેવી રીતે હે સુમેધ, ધર્મમય પ્રાસાદપર ચઢીને આસપાસ જોઈ શકવાવાળો તું શોકરહિત થઈને જન્મ અને જરા વડે પીડાયેલી જનતા તરફ જો!"

"વીર, ઊઠ! તેં સંગ્રામ જીત્યો છે. તું ઋણમુક્ત સાર્થવાહ છે.-તેથી જગતમાં સંચાર કર."

"હે ભગવન્ ધર્મોપદેશ કર, જાણવાવાળા હશે જ!!"

અને હે ભિક્ષુઓ, અર્હન્ સમ્યક્ સંબુદ્ધ વિપસ્સી ભગવાને ગાથા વડે બ્રહ્મદેવને જવાબ આપ્યો.

"તેમને માટે અમરત્વનાં દ્વાર ઉઘડ્યાં છે. જેમને સાંભળવાની ઇચ્છા હોય તેમણે શ્રદ્ધા રાખવી."

"ઉપદ્રવ થશે એ ડરથી, હે બ્રહ્મદેવ, મેં શ્રેષ્ઠ પ્રણીત ધર્મ ઉપદેશ્યો નહિ!!"

અને હે ભિક્ષુઓ, વિપસ્સી ભગવાને ધર્મોપદેશ કરવાનું વચન આપ્યું એમ જાણી તે મહાબ્રહ્મા ભગવાનને અભિવાદન અને પ્રદક્ષિણા કરીને ત્યાં જ અંતર્ધાન પામ્યા.

× × × ×

આ સાત ખંડોમાં **ત્રીજો ખંડ** પહેલાં રચાયો હોવો જોઈએ. કારણ કે તે ત્રિપિટકના સૌથી પ્રાચીન સુત્તનિપાત ગ્રંથમાંના સેલસુત્તમાં મળે છે. એ જ સુત્ત મજ્ઝિમનિકાયમાં ( નં. ૯૨ ) આવ્યું છે. તે પહેલાંના ( નં ૯૧ ) બ્રહ્મયુસુત્તમાં અને દીઘનિકાયના અમ્બટ્ઠ-સુત્તમાં પણ તેનો ઉલ્લેખ આવ્યો છે. બુદ્ધકાલીન બ્રાહ્મણ લોકોમાં આ લક્ષણોનું ઘણું મહત્ત્વ ગણાતું હતું. તેથી બુદ્ધના શરીર પર આ બધાં લક્ષણો હતાં એમ બતાવવાના ઉદ્દેશથી બુદ્ધ પછી એક બે સૈકાએ આ સુત્તો રચવામાં આવ્યાં હશે અને તે પછી તેમનો સમાવેશ આ મહાપદાનસુત્તમાં કરવામાં આવ્યો હશે. ગોતમ બોધિસત્ત્વ બુદ્ધ થયા પછી બ્રાહ્મણ પંડિતો તેનાં લક્ષણો જોતા. પરંતુ આ સુત્તમાં વિપસ્સી કુમારનાં લક્ષણો તેના જન્મ પછી થોડા જ વખતમાં જોવામાં આવ્યાં, એમ દર્શાવ્યું છે, અને તેથી એક ભારે વિસંગતિ પેદા થઈ છે. તે એ કે, તેને ચાળીસ દાંત છે, તે સીધા છે, તેમની વચ્ચે વિવરો નથી અને તેની દાઢો એકદમ સફેદ છે, એ ચાર લક્ષણો તેમાં આવી ગયાં. જન્મની સાથે બાળકને દાંત આવતા નથી એ વાતનું ભાન પણ આ સુત્તકારને રહ્યું નહિ!

ત્યાર પછી **બીજો ખંડ** તૈયાર કર્યો હોવો જોઈએ. તેમાં જે સ્વભાવનિયમ કહ્યા છે, તે મજ્ઝિમનિકાયના અચ્છરિયઅબ્ભુત-ધમ્મસુત્તમાં ( નં. ૧૨૩ ) મળે છે. બોધિસત્ત્વને ખાસ મહત્ત્વ આપવા

માટે તે રચાયા છે. તેમાં તેની માતા ઊભી હતી ત્યારે પ્રસૂત થઈ અને બોધિસત્ત્વ સાત દિવસનો થયા પછી તે પરલોકવાસી થઈ. એ બે પ્રસંગ સાથેસાથ બન્યા હોવા જોઈએ, બાકી બધી કવિકલ્પના.

ત્યારપછી અથવા તેની આગળપાછળ કેટલેક સમયે **સાતમો ખંડ** લખાયો હશે. આ મજ્ઝિમનિકાયના અરિયપરિયેસન સુત્તમાં, નિદાનવગ્ગસંયુત્તમાં (૬/૧) અને મહાવગ્ગના પ્રારંભમાં મળે છે. બ્રહ્મદેવે કરેલી પ્રાર્થનાને પરિણામે બુદ્ધે ધર્મોપદેશનો પ્રારંભ કર્યો, એ બતાવી આપવા માટે આ ખંડ રચાયો; મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા આ ચાર ઉદાત્ત મનોવૃત્તિઓ પર રચેલું આ રૂપક છે, એવું મેં બુદ્ધ, ધર્મ અને સંઘ એ પુસ્તકના પહેલા વ્યાખ્યાનમાં બતાવ્યું છે.

આ પછી **ચોથો** ત્રણ પ્રાસાદવાળો **ખંડ**. તેનો ઉલ્લેખ અંગુત્તરનિકાયના તિકનિપાતમાં (સુત્ત ૩૮) અને મજ્ઝિમનિકાયના માગન્દિયસુત્તમાં (નં. ૭૫) આવ્યો છે. પહેલામાં હું પિતાને ઘેર હતો, ત્યારે મારે રહેવા માટે ત્રણ પ્રાસાદ હતા એવો ઉલ્લેખ છે. પણ બીજામાં હું જુવાન હતો ત્યારે ત્રણ પ્રાસાદોમાં રહેતો હતો એવું લખાણ છે, પણ પિતાનો ઉલ્લેખ નથી. શાક્ય રાજાઓ વજ્જીઓ જેટલા સંપન્ન હતા જ નહિ, અને વજ્જીઓના જુવાન કુમારો પણ આવી રીતે મોજશોખમાં રહેતા હતા એવો પુરાવો ક્યાંય મળતો નથી. આથી ઊલટું, તેઓ ખૂબ સાદાઈથી વર્તતા અને મોજશોખની બિલકુલ પરવા કરતા નહિ એવું વર્ણન ઓપમ્મ-સંયુત્તમાં (વગ્ગ ૧, સુત્ત ૫) મળે છે. ભગવાન કહે છે, "હે ભિક્ષુઓ, હમણાં લિચ્છવીઓ લાકડાની ગાંઠોના ઓશીકા કરીને રહે છે, અને ખૂબ સાવધાનીથી અને ઉત્સાહથી કવાયત શીખે છે. તેથી મગધનો અજાતશત્રુ રાજા તેમના ઉપર ચઢાઈ કરી શકતો નથી. પણ ભવિષ્યકાળમાં લિચ્છવીઓ સુકુમાર થશે, અને તેમના હાથપગ કોમળ બનશે, તેઓ નરમ બિછાના ઉપર કપાસના ઓશીકાં રાખીને સૂશે, તે વખતે અજાતશત્રુ રાજા તેમના ઉપર ચઢાઈ કરી શકશે."

વજ્જીઓ જેવા સંપન્ન ગણરાજાઓ આટલી સાવધાનતાથી વર્તતા હતા, તેથી તેમનાથી ઘણા ગરીબ એવા શાક્ય રાજાઓ ભારે મોટા પ્રાસાદોમાં મોજશોખમાં રહેતા હોય એ સંભવતું જ નથી. જો ખુદ શુદ્ધોદનને જ ખેતી કરવી પડતી હતી, તો પછી પોતાના દીકરાને તે ત્રણ પ્રાસાદ કેવી રીતે બાંધી આપી શકે? તેથી આ પ્રાસાદોની કલ્પના બુદ્ધચરિત્રમાં પાછળથી ઘૂંસી ગઈ એ વિષે શંકા રહેતી નથી. તે મહાપદાન સુત્ત ઉપરથી લીધી કે કોઈ ભાવિક વ્યક્તિએ સ્વતંત્ર રીતે જ બુદ્ધચરિત્રમાં દાખલ કરી, એ કહી શકાય તેમ નથી.

ઉપર આપેલો **છટ્ઠો ખંડ** અને નિદાનવગ્ગસંયુત્તમાં નં. ૪થી ૬ સુત્તો બરાબર એકસરખાં છે. તે ઉપરથી એમ દેખાય છે કે, તે સુત્તો મહાપદાનસુત્તપરથી જ લીધા હોવા જોઈએ. ગોતમ બુદ્ધના પહેલાંના છ બુદ્ધો વિચાર કરતા હતા ત્યારે તેમને આ પ્રતીત્યસમુત્પાદની કારણપરંપરા જેવી રીતે સૂઝી, તેવી જ રીતે તે ગોતમને પણ બોધિસત્ત્વ અવસ્થામાં હતો ત્યારે જ સૂઝી, એવું નિદાન વગ્ગસંયુત્તના દસમા સુત્તમાં વર્ણવ્યું છે. પણ મહાવગ્ગમાં બુદ્ધ થયા પછી ગોતમના મનમાં આ કારણપરંપરા પ્રગટ થઈ એવો ઉલ્લેખ શરૂઆતમાં જ આવ્યો છે. આ પ્રતીત્યસમુત્પાદ ગોતમ બુદ્ધના પરિનિર્વાણ પછી એક બે સૈકાઓ બાદ લખાયો હશે અને તેનું મહત્ત્વ વધારવા માટે પહેલાંના બુદ્ધના ચરિત્રમાં તે દાખલ કરાયો હશે. વખત જતાં ખુદ બુદ્ધના ચરિત્રમાં પણ તેને ખાસ મહત્ત્વ પ્રાપ્ત થયું અને એનું પરિણામ એ આવ્યું, કે ચાર આર્ય સત્યોનું સરળ તત્ત્વજ્ઞાન પાછું રહ્યું, અને આ ગહન તત્ત્વજ્ઞાનને અકારણ મહત્ત્વ પ્રાપ્ત થયું.

ઉદ્યાનયાત્રાનો **પાંચમો ખંડ** ત્રિપિટક સાહિત્યમાં ગોતમ બુદ્ધના ચરિત્રમાં બિલકુલ મૂકવામાં આવ્યો નથી. તે લલિતવિસ્તર, બુદ્ધચરિત્ર, અને જાતકની નિદાનકથામાં થોડીઘણી અતિશયોક્તિ કરીને ઘુસાડવામાં આવ્યો છે. આ છેલ્લા પ્રકરણમાં તો '**ततो बोधिसत्तो**

**सारथिं सम्म को, नाम एसो पुरिसो केसा पिस्स न यथा अञ्ञेसं ति महापदाने आगतनयेन पुच्छित्वा** ' એમ કહ્યું છે. તેથી આ બધા ગ્રંથકારોએ આ લખાણ મહાપદાન સુત્તમાંથી લીધું એવું સાબિત થાય છે.

**પહેલા ખંડમાં** કહ્યું છે, તેમ ગોતમ બુદ્ધના અગ્ર શ્રાવક વગેરેનાં નામો આ સુત્તની પ્રસ્તાવનામાં આપ્યાં જ છે. ગોતમ બુદ્ધ ક્ષત્રિય હોવાથી તેના પિતાની રાજધાની કપિલવસ્તુ હતી એવું કહ્યું છે. એ ઉપરાંત તેનું ગોત્ર ગોતમ ઠરાવ્યું છે. આની ચર્ચા ચોથા પ્રકરણમાં કરી છે અને શુદ્ધોદન શાક્ય કદી પણ કપિલવસ્તુમાં રહેતો ન હતો, એ પણ સાબિત કર્યું છે. શાક્યોનું ગોત્ર આદિત્ય હતું અને તેઓ શાક્ય નામથી જ વધુ ઓળખાતા હતા. એવું ન હોત તો બુદ્ધભિક્ષુઓને શાક્યપુત્રીય શ્રમણ એવી સંજ્ઞા ન મળી હોત. બુદ્ધનું ગોત્ર ગોતમ હોત તો તેમને ગોતમ અથવા ગોતમક શ્રમણ કહ્યું હોત.

# પરિશિષ્ટ બીજું

## વજ્જીઓની અભ્યુન્નતિના સાત નિયમો

ભગવાન રાજગૃહમાં ગૃધ્રકૂટ પર્વત ઉપર રહેતા હતા. તે વખતે અજાતશત્રુ રાજા વજ્જીઓ ઉપર ચઢાઈ કરવાના વિચારમાં હતો. એ બાબતમાં ભગવાન બુદ્ધનો શો અભિપ્રાય છે એ જાણવા માટે તેણે પોતાના વસ્સકાર નામના બ્રાહ્મણ અમાત્યને ભગવાન પાસે મોકલ્યો. તે અમાત્યે અજાતશત્રુનો વિચાર ભગવાનને જણાવ્યો. ત્યારે આનંદ ભગવાનને પવન નાખતો હતો. તેના તરફ વળીને ભગવાન બોલ્યા, "હે આનંદ, વજ્જીઓ વારંવાર સભાઓ ભરે છે, અને એકઠા થાય છે, એવું તેં સાંભળ્યું છે ?''

આ૦—હા ભદન્ત, વજ્જીઓ વારંવાર સભા ભરે છે, અને એકઠા થાય છે એવું મેં સાંભળ્યું છે.

ભ૦—વજ્જીઓ બધા એકઠા થાય છે, બધા સાથે ઊઠે છે અને બધા સાથે મળીને પોતાનાં કામો કરે છે ખરા ?

આ૦—હા ભદન્ત, મેં એવું સાંભળ્યું છે.

ભ૦—વજ્જીઓ પોતે ન કરેલો કાયદો કર્યો છે એવું તો કહેતા નથી ને ? અથવા કરેલા કાયદાનો ભંગ કરતા નથી ને ? વજ્જીઓના કાયદાઓને અનુસરીને તેઓ વર્તે છે ખરા ?

આ૦—હા ભદન્ત, વજ્જીઓ કાયદા મુજબ વર્તે છે એવું મેં સાંભળ્યું છે.

ભ૦—વજ્જીઓ વૃદ્ધ રાજકારણી પુરુષોને માન આપે છે ? અને તેમની સલાહ સ્વીકારે છે ખરા ?

આ૦—હા ભદન્ત, વજ્જીઓ વૃદ્ધ રાજકારણી પુરુષોનું માન રાખે છે અને તેમનું કહેવું માનપૂર્વક સાંભળે છે.

ભ૦—તેઓ પોતાના રાજ્યમાંની વિવાહિત કે અવિવાહિત સ્ત્રીઓ પર બળજબરી તો કરતા નથી ને ?

આ૦—ભદન્ત, વજ્જીઓના રાજ્યમાં સ્ત્રીઓ પર જબરદસ્તી થતી નથી એવું મેં સાંભળ્યું છે.

ભ૦—વજ્જીઓના નગરની અંદરનાં અને બહારનાં દેવસ્થાનોની તેઓ યોગ્ય કાળજી રાખે છે ને ?

આ૦—તેઓ પોતાના દેવસ્થાનોની યોગ્ય કાળજી લે છે, એવું મેં સાંભળ્યું છે.

ભ૦—પોતાના રાજ્યમાં આવેલા અર્હન્તો સુખથી રહે અને ન આવેલા અર્હન્તોને રાજ્યમાં આવવાનું ઉત્તેજન મળે એ હેતુથી અર્હન્તોને કોઈ પણ જાતની તકલીફ ન પડે એવી વ્યવસ્થા વજ્જીઓ કરે છે ને ?

આ૦—હા, ભદન્ત, અર્હન્તોને તકલીફ ન પડે એવી સંભાળ વજ્જીઓ રાખે છે, એવું મેં સાંભળ્યું છે.

પછી ભગવાને વસ્સકાર અમાત્યને કહ્યું, "હે બ્રાહ્મણ, એક વખત હું વૈશાલીમાં રહેતો હતો ત્યારે આ સાત અભ્યુન્નતિના નિયમો મેં વજ્જીઓને કહ્યા હતા. જ્યાં સુધી વજ્જીઓ એ નિયમોને અનુસરીને વર્તશે, ત્યાં સુધી તેમની ઉન્નતિ જ થશે, અવનતિ નહિ થાય."

વસ્સકાર અમાત્ય બોલ્યો, "હે ગોતમ, આમાંના એક જ નિયમનું અનુસરણ વજ્જીઓ કરશે તો પણ તેમની ઉન્નતિ જ થશે, અવનતિ નહિ; તો પછી તેઓ સાતે નિયમોનું પાલન કરે તો તેમની ઉન્નતિ થશે જ એ કહેવાની જરૂર નથી."

## સાત નિયમો વિષેની ટીકા

આ સાત નિયમો ઉપર બુદ્ધઘોષે લખેલી અટ્ઠકથાનો સારાંશ—

**(૧) વારંવાર એકઠા થાય છે.**

આપણે કાલે ભેગા થયા હતા, પરમદિવસે પણ થયા હતા, તો હવે આજે શા માટે એકઠા થવું, એવું કહ્યા વગર એકઠા

થાય છે. આવી રીતે એકઠા ન થાય તો બધેથી આવતા સમાચારો સાંભળી શકાતા નથી. અમુક ગામની કે શહેરની સીમા બાબત વિવાદ ઉપસ્થિત થયો છે, અથવા ચોરલોકો બળવો કરી રહ્યા છે, ઇત્યાદિ ખબરો જાણવા મળતી નથી. રાજ્યકર્તાઓ અસાવધ છે એમ જાણીને ચોરો પણ લૂંટફાટ કરે છે. આ રીતે રાજ્યકર્તાઓની અવનતિ થાય છે. વારંવાર એકઠા થવાથી બધી ખબરો તરત જ મળે છે અને ફોજ મોકલીને બંદોબસ્ત કરી શકાય છે. રાજ્યકર્તાઓ સાવધ છે એમ જાણીને ચોરો પણ ટોળી કરીને રહેતા નથી; ટોળી છોડીને નાસી જાય છે. આ રીતે રાજ્યકર્તાઓની ઉન્નતિ થાય છે.

**(૨) બધા એકઠા થાય છે ઇત્યાદિ.**

આજે કોઈ કામ છે અથવા મંગલકાર્ય છે એમ કહીને કામચોરી નહિ કરતાં એકઠા થવા માટે નગારાનો શબ્દ સાંભળતાં જ બધા એકઠા થાય છે. એકઠાં થયા પછી વિચારપૂર્વક બધાં કામોનો નિકાલ કર્યા વિના લોકો ચાલ્યા જાય તો 'બધા ઊઠે છે' એમ કહેવાતું નથી. તેમ ન કરતાં બધાં કાર્યો બધા મળીને પૂરાં કરીને બધા એક સાથે ઊઠે, સમગ્ર રીતે પોતાનાં કામો કરે એટલે કોઈ રાજાને કાંઈ કામ હોય તો બીજા બધા રાજાઓ તેની મદદે જાય અથવા બીજા રાજ્યનો કોઈ મહેમાન આવે તો તેનું સ્વાગત કરવા બધા જ હાજર હોય છે.

**(3) ન કરેલો કાયદો ઇત્યાદિ**

એટલે ન ઠરાવેલી જકાત, કર વગેરે લેતા નથી. પહેલાં નક્કી કર્યા મુજબ જ લે છે. કરેલા કાયદાનો ભંગ કરતા નથી, કાયદાને અનુસરીને વર્તે છે. એટલે કોઈને ચોર તરીકે પકડી લાવ્યા હોય તો પૂરી તપાસ કર્યા વગર તેને સજા કરતા નથી. રાજ્યકર્તાઓ આવી રીતે ન વર્તે તો લોકોને તકલીફ પડે છે; તેથી તેઓ સરહદ પર જઈને પોતે બળવાખોર થાય છે અથવા બળવાખોરોના ટોળામાં ભળી જઈને રાજ્યપર હુમલો કરે છે.

આ રીતે રાજ્યકર્તાઓની અવનતિ થાય છે. કાયદાસર રીતે વર્તવાથી વખતસર કર વસૂલ થાય છે, તિજોરી ભરાય છે અને તેથી સૈન્યનો અને ખાનગી ખર્ચ પૂરો પડે છે.

**વજ્જીઓનો કાયદો એટલે** જો કોઈને ચોર તરીકે પકડી લાવવામાં આવે, તો વજ્જી રાજાઓ તેને એકદમ સજા ન કરતા વિનિશ્ચય મહામાત્યોને સોંપી દેતાં. તે અધિકારીઓ એ ચોર છે કે નહિ તેની બરાબર તપાસ કરીને ચોર ન હોય તો તેને છોડી દેતા, અને ચોર હોય તો પોતે કશો પણ મત આપ્યા વિના તેને વ્યાવહારિકોને સોંપી દેતા. તેઓ પણ તેવી જ તપાસ કરીને તે ચોર ન હોય તો તેને છોડી મૂકતા અને ચોર હોય તો અંતઃકારિક નામના અધિકારીઓને સોંપી દેતા. તેઓ પણ તપાસ કરીને તે ચોર ન હોય તો છોડી દેતા અને ચોર હોય તો અષ્ટકુલકોને સોંપી દેતા. તેઓ પણ પહેલાંની જેમ તપાસ કરીને ચોર હોય તો સેનાપતિને, સેનાપતિ ઉપરાજાને, અને ઉપરાજા રાજાને સોંપી દેતા. તે ચોર ન હોય તો રાજા તેને છોડી મૂકતો, પણ ચોર છે એમ નક્કી થાય, તો તેની પાસે રાજા પ્રવેણીપુસ્તક (કાયદાનું પુસ્તક) વંચાવતો. તે પુસ્તકમાં અમુક કૃત્યને માટે અમુક દંડ એવું લખેલું હતું. તેને અનુસરીને તે ચોરને રાજા દંડ કરતો. પ્રાચીન વજ્જીઓનો કાયદો આવો હતો.

(૪) પોતાના વૃદ્ધ રાજકારણી પુરુષોનું માન જળવાય નહિ, અને તેમની વારંવાર મુલાકાત લેવાય નહિ, તો તેમની સલાહ મળે નહિ અને તેથી રાજ્યકર્તાઓની અવનતિ થાય. પણ જેઓ વડીલોની સલાહ લે છે, તેમને અમુક પ્રસંગે કેવું વર્તન રાખવું તે બરાબર સમજાય છે, અને તેથી તેમની ઉન્નતિ થાય છે

(૫) વિવાહિત અથવા અવિવાહિત સ્ત્રીઓ પર બળજબરી કરવામાં આવે તો રાજ્યની પ્રજા અસંતુષ્ટ થાય છે અમે જે છોકરીઓને ઉછેરીને મોટી કરી તેમને આ રાજ્યકર્તાઓ જબરદસ્તીથી ઉપાડીને પોતાના ઘરમાં રાખે છે, એમ જોઈને એ લોકો સરહદ પર

જઈને પોતે બળવો કરે છે અથવા બીજા બળવાખોરો સાથે ભળી જાય છે અને રાજ્ય પર ચઢાઈ કરે છે. સ્ત્રીઓ પર બળાત્કાર ન થાય, રાજ્યકર્તાઓ તેમને રક્ષણ આપે, તો લોકો નિશ્ચિંત રીતે પોતાનાં કામ કરે છે અને પરિણામે રાજ્યની સંપત્તિ વધવા પામે છે.

(૬) દેવસ્થાનોની યોગ્ય સંભાળ લેવાય તો દેવતાઓ રાજ્યનું રક્ષણ કરે છે.

(૭) અર્હન્તોને કોઈ પણ જાતની તકલીફ નથી થવા દેતા એટલે તેમના રહેવાની જગ્યાની આસપાસ કોઈએ ઝાડો તોડવાં નહિ, જાળ પાથરીને પશુઓને પકડવાં નહિ, તળાવમાંની માછલીઓને મારવી નહિ, એની તેઓ બધી સંભાળ રાખે છે.

અટ્ઠકથામાં વજ્જીઓના કાયદાઓ ઉપર કંઈક વિસ્તૃત ટીકા છે. ચોરને પકડવામાં આવે તો ક્રમશઃ વિનિશ્ચય મહામાત્ય, વ્યવહારિક અંતઃકારિક, અષ્ટકુલિક, સેનાપતિ, ઉપરાજા અને રાજા એ સાત પ્રકારના અધિકારીઓ તેની તપાસ કરતા. આમાં અષ્ટકુલિક એટલે આજના જેવી જ્યૂરીના સભ્યો હતા કે કેમ તે કહી શકાતું નથી. બીજા અધિકારીઓની અધિકારમર્યાદા શી હતી તે પણ સમજાતું નથી. રાજા એટલે ગણરાજાઓનો અધ્યક્ષ. તે કેટલાં વર્ષ સુધી અધ્યક્ષ રહેતો, એ વિષેની માહિતી ક્યાંય મળતી નથી. વજ્જીઓના કાયદાઓનું પુસ્તક લખાયું હતું, પણ તે તદ્દન નષ્ટ થઈ ગયું છે એ અત્યંત ખેદની વાત છે. ગ્રીક લોકોની જેમ આપણા લોકોને રાજ્યવ્યવસ્થા વિષે પ્રેમ હોત, તો ગણરાજાઓનો ઇતિહાસ લુપ્તપ્રાય ન થયો હોત.

સ્ત્રીઓ પર અત્યાચાર ન થવા દેવા બાબતની વજ્જીઓની સાવધાનતા ઘણી મહત્ત્વની ચીજ છે. ગણરાજાઓ જ્યારે અવ્યવસ્થિત રીતે વર્તવા લાગ્યા, ત્યારે ગરીબ લોકોની સ્ત્રીઓ પર જૂલમ થવા લાગ્યો એવું અનુમાન કરી શકાય. તેથી લોકોને એકસત્તાક રાજ્યપદ્ધતિ ગમવા લાગી. મહારાજા બહુ તો પોતાના શહેરની કેટલાક સ્ત્રીઓને પોતાના અંતઃપુરમાં રાખતો; પણ આ ગણરાજાઓ આખા દેશમાં

પથરાયેલા હોઈ, કોઈ પણ ગામની સ્ત્રી આ જુલમથી મુક્ત રહે, એ અશક્ય હતું. તેથી લોકોએ રાજીખુશીથી એકસત્તાક રાજ્યપદ્ધતિ સ્વીકારી હોવી જોઈએ.

એક વાર રાજાઓ અવ્યવસ્થિત રીતે વર્તવા લાગે એટલે તેમનામાં ફાટફૂટ થાય એ સ્વાભાવિક હતું. વજ્જી ગણરાજાઓમાં વસ્સકાર બ્રાહ્મણે ફાટફૂટ પાડી અને તેથી અજાતશત્રુ તેમનો પરાજય સહેલાઈથી કરી શક્યો. વજ્જીઓના ગણરાજ્યનો નાશ થયા પછી થોડા જ વખતમાં મલ્લોનું ગણરાજ્ય પણ નષ્ટ થયું હોવું જોઈએ. આવી રીતે પ્રાચીન ગણસત્તાક રાજ્યોનો નાશ થયો તેની સંઘટનાની અને કાયદાઓની થોડીઘણી માહિતી બૌદ્ધ સાહિત્યમાં સિલ્લક રહી છે એટલું જ.

બૌદ્ધસંઘે એકત્ર મળીને સંઘકાર્યો કરવાની જે પદ્ધતિ વિનયપિટકમાં આપી છે, તે પરથી વજ્જીઓ અને બીજા ગણરાજાઓ કેવી રીતે એકઠા થતા અને પોતાની સભાનું કામ કેવી રીતે ચલાવતા તેનું અનુમાન થઈ શકે છે.

# પરિશિષ્ટ ત્રીજું

## અશોકનો ભાબ્રૂ શિલાલેખ અને તેમાં નિર્દેશેલાં સૂત્રો

જયપુર સંસ્થાનના એક ડુંગરાળ પ્રદેશમાં ભાબ્રૂ નામનું એક સ્થાન છે. ત્યાં રહેતા ભિક્ષુસંઘે અશોક રાજા પાસે સંદેશો મંગાવ્યો, તે તેણે મોકલાવ્યો અને તે સંદેશો તેણે એક શિલા ઉપર કોતરાવ્યો હશે. આવી જાતના સંદેશાઓ અશોક વારંવાર મોકલતો હોવો જોઈએ. પણ તેમાંના તેને જેટલા મહત્ત્વના જણાતા તેટલા જ તે શિલાલેખ પર કોતરાવતો હોવો જોઈએ. આ શિલાલેખોમાં કોતરાવેલાં સૂત્રો મગધ દેશના બૌદ્ધોએ વાંચવાં એવા સંદેશાઓ પણ મોઢેથી અથવા પત્ર દ્વારા અશોકે મોકલ્યા જ હશે. પણ તે કોતરાવ્યા નથી, કારણ કે આસપાસના સંઘો શું કરે છે, શું વાંચે છે, એના સમાચાર તેને વારંવાર મળતાં જ હતા. તે માટે તેણે ખાસ અધિકારીઓ નીમ્યા હતા. પણ રજપૂતાના જેવા દૂરના પ્રદેશમાંથી ખબરો આવતાં વાર લાગતી, તેથી આવો એક શિલાલેખ ત્યાં રહે તો સારું એવું અશોકને લાગ્યું હશે. મારી સમજ પ્રમાણે તે શિલાલેખનું ભાષાંતર હું નીચે આપું છું.

### ભાબ્રૂ શિલાલેખનું ભાષાંતર

"પ્રિયદર્શી મગધરાજા સંઘને અભિવાદન કરીને સંઘનું સ્વાસ્થ્ય અને સુખનિવાસ પુછાવે છે. ભદન્ત, મારા મનમાં બુદ્ધ, ધર્મ અને સંઘ માટે કેટલો આદર અને કેટલી ભક્તિ છે તે આપ જાણો જ છો. ભગવાન બુદ્ધનું વચન જ આખું સુભાષિત છે. પણ, ભદન્ત, જેનો હું અહીં નિર્દેશ કરું છું, તે સદ્ધર્મ ચિરસ્થાયી થાય એ હેતુથી કરું છું. તે માટે બોલવું મને ઠીક લાગે છે. ભદન્ત, આ ધર્મપર્યાયો (સૂત્રો) છે—વિનયસમુકસે, અલિયવસાનિ, અનાગતભયાનિ, મુનિગાથા, મોનેયસૂતે, ઉપતિસપસિને અને રાહુલને કરેલા

ઉપદેશમાં જૂઠું બોલવા બાબત ભગવાન બુદ્ધે કરેલું ભાષણ. આ સૂત્રોની બાબતમાં, ભદન્ત, મારી એવી ઇચ્છા છે કે, પુષ્કળ ભિક્ષુઓએ અને ભિક્ષુણીઓએ તે વારંવાર સાંભળવાં અને યાદ કરવાં. તેવી જ રીતે ઉપાસકોએ અને ઉપાસિકાઓએ. ભદન્ત, આ લેખ મેં કોતરાવ્યો છે; કારણ કે મારું અભિહિત ( સંદેશો ) બધાં સાંભળે.''

આ સાત સુત્તોમાંનું પહેલું વિનયસમુત્કર્ષ કિંવા ધર્મચક્રપ્રવર્તન સુત્ત છે. તેનું રૂપાંતર પાંચમા પ્રકરણમાં આવ્યું જ છે. ( પૃ. ૧૨૩ ) બાકીનાં સુત્તોનાં રૂપાંતરો ક્રમશઃ આપું છું.

## અલિયવસાનિ અથવા અરિયવંસસુત્ત

આ સુત્ત અંગુત્તરનિકાયના ચતુક્કનિપાતમાં છે. તેનું રૂપાંતર નીચે મુજબ:—

હે ભિક્ષુઓ, આ ચાર આર્યવંશ અગ્ર અને ઘણા જૂના વંશ છે. તેઓ પ્રાચીન અને અસંકીર્ણ છે અને ક્યારેય સંકીર્ણ થયા નથી, સંકીર્ણ થતા નથી અને સંકીર્ણ થવાના નથી. તેમને કોઈ પણ શ્રમણોએ કે બ્રાહ્મણોને દોષ આપ્યો નથી. તે ચાર ક્યા?

અહીં ભિક્ષુ જે ચીવર મળે તેથી સંતુષ્ટ થાય છે, એવા સંતોષના વખાણ કરે છે, ચીવરને માટે અયોગ્ય આચરણ કરતો નથી, ચીવર ન મળે તો ત્રસ્ત થતો નથી, મળે તો પણ હરખાતો નથી, મત્ત થયા વિના, આસક્ત થયા વિના, ચીવરમાં દોષ છે એમ જાણીને તેનો ઉપયોગ ફક્ત મુક્તિને માટે કરે છે. અને પોતાના આ પ્રકારના આત્મસંતોષથી આત્મસ્તુતિ, અને પરનિંદા કરતો નથી. હે ભિક્ષુઓ, જે આવા સંતોષમાં દક્ષ, સાવધ, હોશિયાર અને સ્મૃતિમાન્ થાય છે, તેને જ પ્રાચીન અગ્ર આર્યવંશને અનુસરીને વર્તનાર ભિક્ષુ કહે છે.

વળી, હે ભિક્ષુઓ, ભિક્ષુ જે ભિક્ષા મળે તેનાથી સંતુષ્ટ થાય છે, એવી જાતના સંતોષના વખાણ કરે છે, ભિક્ષા માટે અયોગ્ય

આચરણ કરતો નથી, ભિક્ષા ન મળે તો ત્રસ્ત થતો નથી, મળે તો હરખાતો નથી, મત્ત થયા વિના, આસક્ત થયા વિના અન્નમાં દોષ છે એમ જાણી ફક્ત મુક્તિને માટે અન્નનું સેવન કરે છે; અને પોતાના આ સંતોષથી આત્મસ્તુતિ અને પરનિંદા કરતો નથી. હે ભિક્ષુઓ, જે ભિક્ષુ આવા સંતોષમાં દક્ષ, સાવધ, હોશિયાર અને સ્મૃતિમાન થાય છે, તેને જ પ્રાચીન આર્યવંશને અનુસરીને વર્તનાર ભિક્ષુ કહે છે.

વળી, હે ભિક્ષુઓ, ભિક્ષુ ગમે તે જાતના નિવાસસ્થાનથી સંતુષ્ટ થાય છે, તેવી જાતના સંતોષના વખાણ કરે છે, નિવાસસ્થાન માટે અયોગ્ય આચરણ કરતો નથી, નિવાસસ્થાન ન મળે તો ત્રસ્ત થતો નથી, મળે તોપણ હરખાતો નથી, મત્ત થયા વિના નિવાસસ્થાનમાં દોષ છે એમ જાણીને ફક્ત પોતાની મુક્તિ માટે તે વાપરે છે અને પોતાના આવા સંતોષથી આત્મસ્તુતિ અને પરનિંદા કરતો નથી. જે ભિક્ષુ આવા સંતોષમાં દક્ષ, સાવધ, હોશિયાર અને સ્મૃતિમાન્ થાય છે, તેને જ પ્રાચીન અગ્ર આર્યવંશને અનુસરીને વર્તનાર ભિક્ષુ કહે છે.

વળી, હે ભિક્ષુઓ, ભિક્ષુ સમાધિભાવનામાં આનંદ માને છે, ભાવનારત થાય છે, ક્લેશ નષ્ટ કરવામાં આનંદ માને છે, ક્લેશ નષ્ટ કરવામાં રત થાય છે અને તેવી ભાવનામયતાથી આત્મસ્તુતિ અને પરનિંદા કરતો નથી. જે ભિક્ષુ તે આનંદમાં દક્ષ, સાવધ, હોશિયાર અને સ્મૃતિમાન્ થાય છે, તેને જ પ્રાચીન અગ્ર આર્યવંશ મુજબ વર્તનાર ભિક્ષુ કહે છે.

હે ભિક્ષુઓ, આ તે ચાર આર્યવંશ છે……આને કોઈ પણ શ્રમણોએ કે બ્રાહ્મણોએ દોષ આપ્યો નથી.+

+ બ્રાહ્મણો પ્રાચીન વંશપરંપરાને ખૂબ મહત્ત્વ આપતા. પણ તે પરંપરા મહત્ત્વની નથી, પણ આ સુત્તમાં વર્ણવેલી આર્યવંશપરંપરા જ મહત્ત્વની છે, તેને શ્રમણબ્રાહ્મણો દોષ આપી શકતા નથી, એનો અર્થ અહીં ધ્વનિત થાય છે.

હે ભિક્ષુઓ, આ ચાર આર્યવંશોથી સમન્વિત થયેલો ભિક્ષુ જો પૂર્વ દિશા તરફ જાય તો તે પોતે અરતિને જીતે છે, અરતિ તેને જીતતી નથી......પશ્ચિમ......ઉત્તર......દક્ષિણ દિશામાં જાય તો તે પોતે જ અરતિને જીતે છે, અરતિ તેને જીતતી નથી. આમ શા માટે? કારણ કે, ધીર અરતિ અને રતિ બંને પર વિજય મેળવે છે.

અરતિ ધીરને જીતનારી નથી. અરતિ ધીર પુરુષ ઉપર વિજય મેળવી શકતી નથી. અરતિને જીતવાવાળો ધીર અરતિ ઉપર વિજય મેળવે છે.

બધાં કર્મોનો ત્યાગ કરનારા અને રાગદ્વેષાદિકોનું નિરસન કરનારા ધીરને કોણ અટકાવી શકે? સો ટચના સોનાના નાણાં જેવા તેનો કોણ દોષ કાઢી શકે? દેવો પણ તેની પ્રશંસા કરે છે, અને બ્રહ્મા પણ પ્રશંસા કરે છે.

## અનાગતભયાનિ

આ સુત્ત અઙ્ગુત્તરનિકાયના પંચકનિપાતમાં છે. તેનું રૂપાંતર નીચે મુજબ:—

હે ભિક્ષુઓ, આ પાંચ અનાગતભયો જોવાવાળા ભિક્ષુને અપ્રાપ્ય પદની પ્રાપ્તિ માટે, જે જાણ્યું નથી તે જાણવા માટે, જેનો સાક્ષાત્કાર થયો નથી તેના સાક્ષાત્કાર માટે, અપ્રમત્તતાથી, ઉદ્યમશીલતાથી અને સાચા દિલથી વર્તવા માટે પૂરતા છે. તે પાંચ કયા?

અહીં, હે ભિક્ષુઓ, ભિક્ષુ એવો વિચાર કરે છે કે, હમણાં હું તરુણ અને યૌવનસંપન્ન છું. પણ એક સમય એવો આવશે કે આ શરીરને જરા પ્રાપ્ત થશે. વૃદ્ધને, જરાજીર્ણને, બુદ્ધના ધર્મનું મનન સુકર નથી, અરણ્યમાં એકાન્તવાસમાં રહેવું સુકર નથી. તે અનિષ્ટ, અપ્રિય દશા આવતાં પહેલાં જ અપ્રાપ્તપદની પ્રાપ્તિ માટે, જે જાણ્યું નથી તે જાણવા માટે, જેનો સાક્ષાત્કાર થયો નથી તેનો સાક્ષાત્કાર કરવા માટે હું પ્રયત્ન કરું તો સારું! તેથી

વૃદ્ધાવસ્થામાં પણ હું સુખેથી રહી શકીશ. આ પહેલો અનાગતભય જોનાર ભિક્ષુને......સાચા દિલથી વર્તવાની પ્રેરણા આપવા માટે પૂરતો છે.

વળી, હે ભિક્ષુઓ, ભિક્ષુ એવો વિચાર કરે છે કે, હમણાં હું નીરોગી છું, મારો જઠરાગ્નિ સારો અને પ્રયત્નને અનુકૂળ છે. પણ એવો એક સમય આવે છે કે જયારે શરીર વ્યાધિગ્રસ્ત થાય છે. વ્યાધિગ્રસ્તને માટે બુદ્ધના ધર્મનું મનન સુકર નથી, અરણ્યમાં એકાન્તવાસમાં રહેવું સુકર નથી. તે અનિષ્ટ દશા આવતાં પહેલાં જ ......હું પ્રયત્ન કરું તો સારું! જેથી રુગ્ણાવસ્થામાં પણ હું સુખેથી રહી શકું. આ બીજો અનાગતભય જોનાર ભિક્ષુને......... સાચા દિલથી વર્તવા માટે પૂરતો છે.

વળી, હે ભિક્ષુઓ, ભિક્ષુ એવો વિચાર કરે છે કે હમણાં સુભિક્ષ છે, ભિક્ષા સહેલાઈથી મળે છે, ભિક્ષાપર જીવવું સહેલું છે. પણ એવો સમય આવે છે, જયારે દુર્ભિક્ષ થાય, અનાજ પાકે નહિ, ભિક્ષા મળવી મુશ્કેલ થાય, ભિક્ષા પર નિર્વાહ કરવો સહેલો નથી બનતો. આવા દુર્ભિક્ષમાં લોકો જયાં સુભિક્ષ હોય ત્યાં જાય છે, ત્યાં ભીડ થાય છે. આવી જગ્યાએ બુદ્ધના ધર્મનું મનન સહેલું નથી, અરણ્યમાં એકાન્તવાસમાં રહેવું સુકર નથી. તે અનિષ્ટ અપ્રિય પરિસ્થિતિ આવતાં પહેલાં જ...પ્રયત્ન કરવો સારો! જેથી હું દુર્ભિક્ષમાં પણ સુખેથી રહી શકું. આ ત્રીજો અનાગતભય જોનાર ભિક્ષુને...સાચા દિલથી વર્તવા માટે પૂરતો છે.

વળી, હે ભિક્ષુઓ, ભિક્ષુ એવો વિચાર કરે છે કે આજે લોકો આનંદથી, ઝઘડો કર્યા વિના દૂધ અને પાણીની જેમ સખ્યથી એકબીજા વિષે પ્રેમદૃષ્ટિ રાખીને વર્તે છે. પણ એવો એક સમય આવે છે, જયારે ભીતિપ્રદ બળવો ફાટી નીકળે છે, લોકો પોતપોતાની ચીજો લઈને વાહનોમાં કે પગે ચાલીને આમતેમ ભાગવા માંડે છે. આવા સંકટ સમયમાં જ્યાં સુરક્ષિત સ્થાન મળે ત્યાં

લોકો ભેગા થાય છે, ત્યાં ભીડ થાય છે. આવી જગ્યાએ બુદ્ધના ધર્મનું મનન સહેલું નથી, અરણ્યમાં એકાન્તવાસમાં રહેવું સહેલું નથી. તે અનિષ્ટ અપ્રિય પરિસ્થિતિ પ્રાપ્ત થતાં પહેલાં જ...પ્રયત્ન કરવો સારો! જેથી આવા સંકટમાં પણ હું સુખેથી રહી શકીશ. આ ચોથું અનાગતભય જોનાર ભિક્ષુને...સાચા દિલથી વર્તવા માટે પૂરતો છે.

વળી, હે ભિક્ષુઓ, ભિક્ષુ એવો વિચાર કરે છે કે આજે સંઘ સમગ્ર સંમુદિત, ઝઘડા વિના એક ધ્યેયથી ચાલે છે. પણ એવો કાળ આવે છે કે સંઘમાં ફાટફૂટ પડે છે. સંઘમાં ફાટફૂટ પડે એટલે બુદ્ધના ધર્મનું મનન સુકર નથી, અરણ્યમાં એકાન્તવાસમાં રહેવું સુકર નથી. તે અનિષ્ટ અપ્રિય પરિસ્થિતિ આવતાં પહેલા જ ...પ્રયત્ન કરવો સારો! જેથી તે પ્રતિકૂલ પરિસ્થિતિમાં પણ હું સુખેથી રહી શકીશ. આ પાંચમો અનાગતભય જોનાર ભિક્ષુને ...સાચા દિલથી વર્તવા માટે પૂરતો છે,

હે ભિક્ષુઓ, આ પાંચ અનાગતભયો જોનાર ભિક્ષુને, અપ્રાપ્ત પદની પ્રાપ્તિ માટે, જે જાણ્યું નથી તે જાણવા માટે, જેનો સાક્ષાત્કાર થયો નથી તેના સાક્ષાત્કાર માટે, અપ્રમત્ત રીતે ઉદ્યમશીલતાથી અને સાચા દિલથી વર્તવા માટે પૂરતા છે.

## મુનિગાથા

આ મુનિસુત્ત એ નામથી સુત્તનિપાતમાં મળે છે. તેનું ભાષાંતર નીચે મુજબ—

સ્નેહને લીધે ભય ઉત્પન્ન થાય છે અને ઘરમાંથી મેલ ઉત્પન્ન થાય છે; તેથી અનાગારિકતા અને નિઃસ્નેહતા એ જ મુનિનું તત્ત્વજ્ઞાન સમજવું. ૧

જે ઉત્પન્ન થયેલા મનોદોષનો નાશ કરીને તેને ફરી વધવા દેતો નથી અને તે વિષે સ્નેહ રાખતો નથી તેવા એકાકી રહેનાર માણસને મુનિ કહે છે. તે મહર્ષિએ શાંતિપદ જોયું. ૨

પદાર્થ અને તેનાં બીજો જાણીને+ જે તેમને સ્નેહ ( ભીનાશ ) આપતો નથી, તે સાચે જ જન્મક્ષયાન્તદર્શી મુનિ છે. તે તર્ક છોડી દઈને નામાભિધાન ( જન્મ ) પામતો નથી. ૩

જે સર્વ અભિનિવેશ જાણે છે, અને તેમાંના એકની પણ ઇચ્છા કરતો નથી, તે વીતતૃષ્ણ નિર્લોભી મુનિ અસ્થિર થતો નથી; કારણ કે તે તેની પાર જાય છે. ૪

જે બધું જીતવાવાળો, બધું જાણવાવાળો, સુબુદ્ધિ, બધા પદાર્થોથી અલિપ્ત રહેનારાવાળો, સર્વત્યાગી, ને તૃષ્ણાના ક્ષયથી મુક્ત થયો છે, તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે. ૫

પ્રજ્ઞા જેનું બળ છે, જે શીલ અને વ્રત વડે સંપન્ન, સમાહિત, ધ્યાનરત, સ્મૃતિમાન્, સંગથી મુક્ત, કાઠિન્યરહિત, અને અનાશ્રવ છે, તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે. ૬

એકાકી રહેનારો, અપ્રમત્ત, મુનિ, નિંદા કે સ્તુતિ વડે ચલિત ન થતો, સિંહની જેમ શબ્દોથી ન ડરતો, પવનની જેમ જાળમાં ન જકડાતો, પાણીમાંના કમળની જેમ અલિપ્ત રહેતો, બીજાઓનો નેતા હોવા છતાં જેને પોતાને નેતા નથી, તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે. ૭

તેને માટે લોક ગમે તે બોલે, તોપણ જે ઘાટપરના સ્તંભની જેમ[1] સ્થિર રહે છે, જે વીતરાગ અને સુસમાહિતેન્દ્રિય છે, તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે. ૮

જે સ્થિતાત્મા કાંઠલીની જેમ[2] સીધો જાય છે, પાપકર્મોનો

---

+ પાલિ શબ્દ 'પમાય.' ટીકાકારે આનો 'हिंसित्वा वधित्वा' એવો અર્થ કર્યો છે. પણ પ્રપૂર્વક મા ધાતુનો અર્થ ગણવું, અથવા યથાર્થ રીતે જાણવું એવો થાય છે.

૧. નદીના ઘાટોપર ચતુષ્કોણી અથવા અષ્ટકોણી થાંભલા બાંધતા હતા. બધી જાતના લોકો સ્નાન કરતી વખતે તેના પર પીઠ ચોળતા.

૨. કાંઠલી વિષમ અને સમ તાંતણામાંથી સીધી જાય છે, તાંતણાઓમાં ભરાતી નથી; તેવી રીતે એ સીધો જાય છે.

તિરસ્કાર કરે છે, વિષમ અને સમને પારખી લે છે, તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે. (૯)

નાનો હોય કે વચલી ઉંમરનો હોય, જે સંયતાત્મા મુનિ પાપ કરતો નથી, જે યતાત્મા ક્રોધ કરતો નથી, અને બીજા કોઈ નેય ખીજવતો નથી, તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે. (૧૦)

જે બીજાએ આપેલ અન્ન પર ઉપજીવિકા ચલાવે છે, જે રાંધેલા અન્નમાંથી આરંભમાં, મધ્યમાં કે અન્તમાં ભિક્ષા મળે તોપણ સ્તુતિ કે નિંદા કરતો નથી, તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે. ૧૧

જે મુનિ સ્ત્રીસંગથી વિરત થયો, જુવાનીમાં હોવાં છતાં ક્યાંય બદ્ધ થતો નથી, જે મદપ્રમાદથી વિરત છે, જે મુક્ત છે, તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે. ૧૨

ઇહલોક જાણીને જેણે પરમાર્થ જોયો છે, ઓઘ અને સમુદ્ર તરીને જે તાદગ્ભાવ પામ્યો છે, જેણે બંધનો (ગ્રંથિ) તોડ્યાં છે, જે અનાશ્રિત અને અનાશ્રવ છે, તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે. ૧૩

સ્ત્રીને પોષનાર ગૃહસ્થ અને નિર્મમ મુનિ એ બન્નેની રહેણી અને વૃત્તિ તદ્દન જુદી હોય છે. કારણ કે, ગૃહસ્થ પ્રાણઘાત ન થવા દેવા બાબત સંયમ પાળતો નથી, પણ મુનિ હમેશાં પ્રાણીઓનું રક્ષણ કરે છે. ૧૪

જેવી રીતે આકાશમાં ઊડતો નીલગ્રીવ મોર હંસના વેગથી જઈ શકતો નથી, તેવી રીતે ગૃહસ્થ એકાન્તમાં વનમાં ધ્યાન કરનાર મુનિનું અનુકરણ કરી શકતો નથી. ૧૫

---

## મોનેય્યસુત્ત

આ 'નાલકસુત્ત' એ નામથી સુત્તનિપાતમાં મળે છે. તેની પ્રાસ્તાવિક ગાથાઓ ૨૦ છે. તેનું ભાષાંતર અહીં આપતો નથી. જિજ્ઞાસુ લોકોએ જૂન ૧૯૩૭નો વિવિધજ્ઞાનવિસ્તારનો અંક જોવો. તેમાં પ્રાસ્તાવિક ગાથાઓ સાથે આ સુત્તનું ભાષાંતર આપ્યું છે. નાલક અસિત ઋષિનો ભાણેજ હતો. તે નાની ઉમરનો હતો ત્યારે ગોતમ બોધિસત્ત્વનો જન્મ થયો. અસિત ઋષિએ બોધિસત્ત્વનું એવું ભવિષ્ય

ભાખ્યું કે તે મોટો મુનિ થશે. અને નાલકને ગોતમ બુદ્ધના ધર્મનો અનુયાયી થવાનો ઉપદેશ કર્યો. મામાના વચન પર વિશ્વાસ રાખીને ગોતમ બોધિસત્ત્વ બુદ્ધ થયો ત્યાંસુધી નાલક તાપસી થઈને રહ્યો; અને જ્યારે ગોતમને બુદ્ધપદ પ્રાપ્ત થયું, ત્યારે તેની પાસે આવીને તેણે મૌનેય વિષે પ્રશ્ન પૂછ્યા. તે પ્રશ્નોથી આ સુત્તની શરૂઆત થાય છે.

(તું શ્રેષ્ઠ મુનિ થવાનો છે) એ અસિતનું વચન યથાર્થ છે એવું મેં જાણ્યું અને તેથી વસ્તુજાતની પાર ગયેલા ગોતમને હું પૂછું છું. ૧

હે મુનિ, ગૃહત્યાગ કરીને ભિક્ષા પર ઉપજીવિકા કરનારને ઉત્તમ પદ એવું મૌનેય કયું એ પૂછું છું, તે મને કહે. ૨

મૌનેય કયું એ હું તને કહું છું—એવું ભગવાને કહ્યું—તે દુષ્કર અને દુરભિસંભવ છે. તથાપિ હું તે તને કહું છું. સંભાળીને વર્ત અને દૃઢ થા. ૩

ગામમાં કોઈ નિંદા કરે અથવા સ્તુતિ કરે ત્યારે બધાં વિષે સમાનભાવ રાખવો. મનનો ક્રોધ મનમાંજ રોકવો અને શાંત તથા નિગર્વી થવું. ૪

સળગેલા અરણ્યમાંની અગ્નિજ્વાલાઓની જેમ ગામમાં સ્ત્રીઓ ફરે છે, તેઓ મુનિને મોહમાં નાખે છે. તેઓ તને મોહમાં નાખે તે માટે સાવધ રહેજે. ૫

નાનામોટા કામોપભોગ છોડીને સ્ત્રીસંગથી વિરત થજે. સ્થિરચર પ્રાણીઓ પ્રત્યે વિરોધ અને આસક્તિ મૂકી દેજે. ૬

જેવો હું તેવા તેઓ અને જેવા તેઓ તેવો હું, એમ પોતાના દાખલા પરથી જાણીને કોઈને મારવું નહિ કે મરાવવું નહિ. ૭

જે ઇચ્છામાં કે લોભમાં સામાન્યજન બદ્ધ થાય છે, તે ઇચ્છાનો અને લોભનો ત્યાગ કરીને ચક્ષુષ્માન માણસે આ નરક તરીને પાર થવું. ૮

દબાવીને પેટ ભરાય એટલું ન ખાનાર, મિતાહારી, અલ્પેચ્છ અને અલોલુપ થવું. એવું કરે તેજ ઇચ્છા છોડીને તૃપ્ત, અનિચ્છ અને શાંત થાય છે. ૯

મુનિએ ભિક્ષાટન કરીને વનમાં જવું અને ત્યાં ઝાડ નીચે આસન પર બેસવું. ૧૦

તે ધ્યાનરત ધીર પુરુષે મનમાં આનંદ માનવો. તેણે ઝાડ નીચે બેસીને મનને સંતોષ આપી ધ્યાન કરવું. ૧૧

ત્યારપછી રાત પૂરી થાય ત્યારે ગામમાં આવવું. ત્યાં મળેલા આમંત્રણથી કે ભેટથી ઉલ્લસિત થવું નહિ. ૧૨

મુનિએ ગામનાં કુટુંબો સાથે સ્નેહ બાંધવો નહિ, ભિક્ષા વિષે કશું બોલવું નહિ, સૂચક શબ્દ ઉચ્ચારવા નહિ. ૧૩

ભિક્ષા મળે તોય સારું, ન મળે તોય સારું. બંને માટે તે સમભાવ રાખે છે અને (પોતાના રહેઠાણ) ઝાડની પાસે આવે છે. ૧૪

હાથમાં ભિક્ષાપાત્ર લઈને ફરનારે પોતે મૂંગો નહિ હોવા છતાં મૂંગાની જેમ વર્તવું અને મળેલી અલ્પ ભિક્ષાનો તિરસ્કાર અને દાતાનો અનાદર કરવો નહિ. ૧૫

શ્રમણે (બુદ્ધે) હીન માર્ગ કયો અને ઉત્તમ માર્ગ કયો તેનું સ્પષ્ટીકરણ કર્યું છે. સંસારની પાર બે વખત નથી જવાતું, તેમ છતાં જ્ઞાન એક જ પ્રકારનું હોય છે એમ નથી. ૧૬

જે ભિક્ષુને આસક્તિ નથી, જેણે સંસારસ્રોત તોડ્યું છે અને જે કૃત્યાકૃત્યોથી મુક્ત થયો છે, તેને પરિદાહ રહેતો નથી. ૧૭

તને હું મૌનેય કહું છું—એવું ભગવાને કહ્યું—ક્ષુરધાર ઉપરનું મધ ચાટવાવાળા માણસની જેમ સાવધ રહેવું; જીભ તાળવે લગાડીને પણ જમવામાં સંયમ રાખવો. ૧૮

સાવધચિત્ત થવું, પણ વધુ પડતું ચિંતન પણ કરવું નહિ; હીન વિચારોથી મુક્ત, અનાશ્રિત અને બ્રહ્મચર્યપરાયણ થવું. ૧૯

એકાંતવાસનો અને શ્રમણોપાસનાનો (ધ્યાનચિંતનનો) પ્રેમ રાખવો. એકાકીપણાને મૌન કહે છે. જો એકાકી રહેવામાં તને આનંદ થવા માંડશે, ૨૦

તો ધ્યાનરત, કામત્યાગી ધીરોનું વચન સાંભળીને તું દશ દિશાઓ પ્રકાશિત કરીશ. તેથી (તે પદને પહોંચેલા) મારા શ્રાવકે હ્રી (પાપલજ્જા) અને શ્રદ્ધા વધારવી. ૨૧

તે નદીઓની ઉપમાથી જાણવું. નાળાં ધોધ પરથી, ખીણમાંથી મોટા અવાજ સાથે વહે છે; પણ મોટી નદીઓ શાંતિથી વહે છે. ૨૨

જે છીછરું છે, તે અવાજ કરે છે; પણ જે ગંભીર છે, તે શાંત જ રહે છે. મૂઢ અધૂરા ઘડાની જેમ છલકાય છે; પણ સુજ્ઞ ગંભીર તળાવની જેમ શાંત રહે છે. ૨૩

શ્રમણ ( બુદ્ધ ) જે ઘણું બોલે છે, તે યોગ્ય અને ઉપયુક્ત છે એમ જાણીને બોલે છે. તે જાણીને ધર્મોપદેશ કરે છે અને જાણીને પુષ્કળ બોલે છે. ૨૪

પણ જે સંયતાત્મા જાણતો હોવા છતાં ઘણું બોલતો નથી, તે મુનિ મૌનને માટે યોગ્ય છે, તે મુનિએ મૌન જાણ્યું છે. ૨૫

## ઉપતિસપસિને

આ "સારિપુત્તસુત્ત' એ નામથી સુત્તનિપાતમાં મળે છે. અટ્ઠકથામાં એને થેર પઞ્હ પણ કહે છે. તે પરથી એમ દેખાય છે, કે આને સારિપુત્તપઞ્હ અથવા ઉપતિસ્સપઞ્હ એમ કહેતા હશે. તેનું ભાષાંતર નીચે પ્રમાણે છે:—

આયુષ્માન્ સારિપુત્ત બોલ્યો,—આવું મીઠું બોલવાવાળો, સંતુષ્ટ+ અને સંઘનો આગેવાન શાસ્તા મેં આ પહેલાં જોયો નથી કે સાંભળ્યો નથી. ૧

+ સંતુષ્ટ શબ્દને માટે મૂળમાં 'तुसितो' છે, પણ અટ્ઠકથામાં तुसिता એ પાઠ છે, અને તેનો અર્થ તુષિત દેવલોકમાંથી ઇહલોકમાં આવેલો એવો કર્યો છે.

સર્વ તમસનો નાશ કરીને શ્રમણ ધર્મમાં રત થયેલો એવો આ સદેવક એકલો જ જગતને ચક્ષુષ્માન દેખાય છે. ૨

ઘણા બદ્ધ માણસોના હિતેચ્છાથી પ્રશ્ન પૂછવા માટે અનાશ્રિત અને અદાંભિક એવા બુદ્ધપદને પામેલા સંઘનાયક પાસે હું આવ્યો છું. ૩

સંસારથી કંટાળીને ઝાડ નીચે, સ્મશાનમાં અથવા પર્વતોની ગુફાઓમાં એકાંતવાસ સેવન કરતા ભિક્ષુને, ૪

તેવી ભલીબૂરી જગ્યાએ ભયો કયા છે? તે નિ:શબ્દ પ્રદેશમાં કયા ભયોથી તે ભિક્ષુએ ડરવું ન જોઈએ? ૫

અમૃત દિશા તરફ જવા માટે સુદૂર પ્રદેશમાં નિવાસ કરતા ભિક્ષુએ કયાં વિઘ્નો સહન કરવાં જોઈએ? ૬

એ દૃઢનિશ્ચયી ભિક્ષુની વાણી કેવી હોવી જોઈએ? તેની રહેણીકરણી કેવી હોવી જોઈએ અને તેનાં શીલ અને વ્રત કેવાં હોવાં જોઈએ? ૭

સોની જેવી રીતે રૂપું અગ્નિમાં નાખીને તેમાંથી કચરો કાઢી નાખે છે, તેવી રીતે સમાહિત, સાવધ અને સ્મૃતિમાન્ ભિક્ષુએ કયો અભ્યાસક્રમ સ્વીકારીને પોતાની મલિનતા બાળી નાખવી? ૮

ભગવાન બોલ્યા, હે સારિપુત્ત, સંસારથી કંટાળીને એકાંતવાસ સેવન કરનાર સંબોધિપરાયણ ભિક્ષુનું મને જે કર્તવ્ય લાગે છે, તે હું તને કહું છું. ૯

એકાન્તવાસમાં રહેતા સ્મૃતિમાન્ ધીર ભિક્ષુએ પાંચ ભયોથી ડરવું નહિ. મચ્છરોનું કરડવું, સાપ, માણસોથી થતી પીડા, ચતુષ્પદથી, ૧૦

અને પરધર્મીઓથી ડરવું નહિ. પરધર્મીઓનાં ઘણાં ભયાનક કામો જોઈને પણ તેમનાથી ડરવું નહિ. અને તે કુશલાન્વેષી ભિક્ષુએ બીજાં પણ વિઘ્નો સહન કરવાં. ૧૧

રોગ અને ભૂખ વડે ઉત્પન્ન થતી તકલીફ, ઠંડી અને ઉનાળો

તેણે સહન કરવાં. તે વિઘ્નોની અનેકવિધ બાધા થાય, તોપણ અનાગરિક રહીને તેણે પોતાનાં ઉત્સાહ અને પરાક્રમ દૃઢ કરવાં. ૧૨

તેણે ચોરી કરવી નહિ, ખોટું બોલવું નહિ, સ્થિરચર પ્રાણીઓ પ્રત્યે મૈત્રીની ભાવના કેળવવી અને મનનું મેલાપણું મારપક્ષીય છે એમ જાણીને તે કાઢી નાખવું. ૧૩

તેણે ક્રોધ અને અતિમાનને વશ થવું નહિ, તેનું સમૂળ ઉચ્છેદન કરવું, અને નિષ્ઠાથી (ખાતરીથી) વૃદ્ધિમાર્ગગામી થઈને પ્રિયાપ્રિય સહન કરવું. ૧૪

કલ્યાણપ્રિય માણસે પ્રજ્ઞાને મહત્ત્વ આપીને તે વિઘ્નો સહન કરવાં, એકાન્તવાસમાં અસંતોષ જણાય તો તે પણ સહન કરવો અને ચાર શોકપ્રદ વાતો સહન કરવી. ૧૫

(તે વાતો એ કે) હું આજે શું ખાઈશ, ક્યાં જમીશ, ગઈ રાત્રે ઊંઘ ન આવવાથી તકલીફ થઈ, આજે ક્યાં ઊંઘવું? અનાગરિક શૈક્ષ્યે (સેખ) આ (ચાર) વિતર્ક તજવા. ૧૬

વખતોવખત અન્ન અને વસ્ત્રો મળતાં હોય ત્યારે તેમાં પ્રમાણ રાખવું, અલ્પસંતોષી થવું. તે પદાર્થોથી મનનું રક્ષણ કરનાર અને ગામમાં સંયમથી વર્તનાર ભિક્ષુએ બીજાઓને ખીજ ચઢે તેવું કૃત્ય કરે તોપણ કઠોર વચન બોલવું નહિ. ૧૭

તેણે પોતાની નજર પગ તરફ રાખવી, ચંચલતાથી ચાલવું નહિ, ધ્યાનરત અને જાગૃત રહેવું, ઉપેક્ષાનો અવલંબ કરીને ચિત્ત એકાગ્ર કરવું, તર્ક અને ચાંચલ્યનો નાશ કરવો. ૧૮

તે સ્મૃતિમાન્ પુરુષે પોતાના દોષ બતાવનારાઓનું અભિનંદન કરવું, સબ્રહ્મચારીઓ માટે કઠોરતા રાખવી નહિ, પ્રસંગોપાત્ત સારા જ શબ્દો ઉચ્ચારવા, લોકો સાથે વાદવિવાદમાં ઊતરવાની ઇચ્છા રાખવી નહિ. ૧૯

ત્યારપછી સ્મૃતિમાન્ પુરુષે જગતના પાંચ રજોનો ત્યાગ કરતા શીખવું. (એટલે) રૂપ, શબ્દ, ગંધ, રસ અને સ્પર્શ

(એ પાંચ રજોનો) નો લોભ રાખવો નહિ. ૨૦

આ પદાર્થોનું આકર્ષણ તજીને તે સ્મૃતિમાન્, સુવિમુક્ત ચિત્ત, વખતોવખત સદ્ધર્મનું ચિંતન કરવાવાળો, એકાગ્રચિત્ત ભિક્ષુ અંધકારનો નાશ કરવા સમર્થ થશે (એમ ભગવાને કહ્યું). ૨૧

## રાહુલોવાદસુત્ત

આને ચૂળરાહુલોવાદ અને અમ્બલટ્ઠિકરાહુલોવાદ એમ પણ કહે છે, એ મજ્ઝિમનિકાયમાં છે. તેનો સારાંશ આ પ્રમાણે:—

એક વખત ભગવાન બુદ્ધ રાજગૃહની પાસે વેણુવનમાં રહેતા હતા, અને રાહુલ અમ્બલટ્ઠિકા× નામની જગ્યાએ રહેતા હતા. એક દિવસ સાંજે ભગવાન ધ્યાનસમાધિ પતાવીને રાહુલ રહેતો હતો ત્યાં ગયા. રાહુલે ભગવાનને દૂરથી જોઈને આસન માંડ્યું અને પગ ધોવા માટે પાણી લાવી મૂક્યું. ભગવાન આવ્યા અને તે આસન પર બેસીને તેમણે પગ ધોયા. રાહુલ ભગવાનને નમસ્કાર કરીને એક બાજુએ બેઠો.

ભગવાને પગ ધોવાના પાત્રમાં થોડું પાણી બાકી રાખ્યું અને તેમણે રાહુલને પૂછ્યું, "રાહુલ, આ થોડું પાણી તને દેખાય છે?"

"હા ભદન્ત," રાહુલે જવાબ આપ્યો.

"રાહુલ, જેમને જુઠું બોલતાં શરમ લાગતી નથી, તેમનું શ્રમણત્વ આ પાણીની જેમ ક્ષુલ્લક છે."

પછી તે પાણી ફેંકી દઈને ભગવાન બોલ્યા, "રાહુલ, તું આ ફેંકેલું પાણી જુએ છે ને?"

"હા ભદન્ત," રાહુલે જવાબ આપ્યો.

"રાહુલ, જેમને જુઠું બોલતાં શરમ આવતી નથી, તેમનું શ્રમણત્વ આ પાણીની માફક ત્યાજ્ય છે."

× આ એક પ્રાસાદ હતો એમ અટ્ઠકથામાં કહ્યું છે, પણ તે સંભવનીય લાગતું નથી. આ રાજગૃહની પાસેનું એક ગામ હતું એમ જણાય છે.

પછી તે પાત્ર ઊંધું વાળીને ભગવાન બોલ્યા, "રાહુલ, જેમને જુઠ્ઠું બોલતાં શરમ આવતી નથી, તેમનું શ્રમણત્વ આ ઊંધા રાખેલા પાત્ર જેવું સમજવું જોઈએ."

પછી તેને ચત્તું કરીને ભગવાન બોલ્યા, "રાહુલ, આ ખાલી પાત્ર તું જુએ છે ને?"

"હા ભદન્ત," રાહુલે જવાબ આપ્યો.

"રાહુલ, જેમને જુઠ્ઠું બોલતાં શરમ આવતી નથી, તેમનું શ્રમણત્વ આ પાત્રની જેમ ખાલી છે."

"હે રાહુલ, લડાઈ માટે સજ્જ કરેલો રાજાનો મોટો હાથી પગથી લડે છે, માથાથી લડે છે, કાનથી લડે છે,[1] દાંતથી લડે છે, પૂંછડીથી લડે છે,[1] પણ એકલી સૂંઢ સાચવી રાખે છે. ત્યારે મહાવતને લાગે છે કે, આ આટલો મોટો રાજાનો હાથી, બધાં અવયવોથી લડે છે, ફક્ત સૂંઢ રાખી મૂકે છે, તેથી તેણે સંગ્રામવિજયને જીવિત અર્પણ કર્યું નથી. જો તે હાથી બીજાં અવયવોની સાથે સૂંઢનો પણ પૂરી રીતે ઉપયોગ કરે તો મહાવત સમજે છે કે, હાથીએ સંગ્રામવિજયને પોતાનું જીવિત અર્પણ કર્યું છે, હવે તેનામાં કોઈ ખામી નથી રહી. તેવી જ રીતે જેમને જુઠ્ઠું બોલતાં શરમ આવતી નથી, તેમણે કોઈ પણ પાપ છોડયું નથી એમ હું કહું છું.[2] તેથી હે રાહુલ, મશ્કરીમાં પણ જુઠ્ઠું ન બોલવાનો અભ્યાસ કરજે.

"રાહુલ, અરીસાનો ઉપયોગ શો?"

"(તે) પ્રત્યવેક્ષણ (નિરીક્ષણ) કરવા માટે (છે), ભદન્ત," રાહુલે જવાબ આપ્યો.

"તેવી જ રીતે, રાહુલ, ફરી ફરી પ્રત્યવેક્ષણ (પૂરો વિચાર) કરીને કાયાથી, વાચાથી, અને મનથી કર્મ કરવાં.

"રાહુલ, જ્યારે તું કાયાથી, વાચાથી, કે અથવા મનથી

૧. કાન વડે બાણ બચાવવાનું કામ કરે છે, પૂંછડીએ બાંધેલા પથ્થરના કે લોઢાના ડંડા વડે ભાંગતોડ કરે છે, એવો અટ્ઠકથામાં અર્થ કર્યો છે.

૨. અસત્ય રાખીને બીજાં પાપોનો ત્યાગ કર્યો હોય, તો શ્રમણ સાચો યોદ્ધો નથી; તેમણે શ્રમણત્વને પોતાનું જીવિત અર્પણ કર્યું નથી.

કોઈ કર્મ કરવા ઇચ્છીશ, ત્યારે પહેલાં તેનું પ્રત્યવેક્ષણ કરજે. અને જો તે આત્મપરહિતની આડે આવતું હોય, અને પરિણામે દુ:ખકારક જણાઈ આવે, તો તેનો અમલ બિલકુલ કરીશ નહિ. પણ તે આત્મપરહિતની આડે આવતું નથી, અને પરિણામે સુખકારક છે, એમ જણાય તો તેનું આચરણ કરજે.

"કાયાથી, વાચાથી અથવા મનથી, કર્મ શરૂ કર્યા પછી પણ તેનું પ્રત્યવેક્ષણ કરજે અને તે આત્મપરહિતની આડે આવતું અને પરિણામે દુ:ખકારક છે એવું જણાઈ આવે, તો તે તેટલેથી જ છોડી દેજે. પણ તે આત્મપરહિતની આડે આવતું નથી, અને પરિણામે સુખકારક છે, એવું જણાય, તો તે કર્મ તું ફરી ફરીને કરજે.

"કાયાથી, વાચાથી અથવા મનથી કર્મ કર્યા પછી પણ તું તેનું પ્રત્યવેક્ષણ કરજે અને તે કાયિક અથવા વાચસિક કર્મ આત્મપરહિતની આડે આવતું અને પરિણામે દુ:ખકારક છે એમ જણાય, તો શાસ્તા પાસે કે વિદ્વાન સબ્રહ્મચારીની આગળ તું તે પાપનો આવિષ્કાર કરજે (તે કબૂલ કરજે) અને ફરી પોતાનાથી તેવું કર્મ ન થાય એવી સંભાળ રાખજે. તે મન:કર્મ હોય તો તેને માટે પશ્ચાતાપ કરજે, શરમ રાખજે અને ફરી તે વિચાર મનમાં આવવા દઈશ નહિ. પણ કાયાથી, વાચાથી અથવા મનથી કરેલું કર્મ આત્મપરહિતની આડે આવતું નથી; અને પરિણામે સુખકારક છે, એવું જણાય તો મુદિત મનથી તે કર્મ તું ફરી ફરીને કરવાનો અભ્યાસ કરજે.

"હે રાહુલ, અતીતકાળમાં જે શ્રમણ–બ્રાહ્મણોએ પોતાનાં કાયિક, વાચસિક અને માનસિક કર્મો પરિશુદ્ધ કર્યાં હતાં, તેમણે તે ફરી ફરીને પ્રત્યવેક્ષણ કરીને જ પરિશુદ્ધ કર્યાં હતાં. ભવિષ્ય કાળમાં જે શ્રમણબ્રાહ્મણો આ કર્મો પરિશુદ્ધ કરશે, તેઓ ફરી ફરીને પ્રત્યવેક્ષણ કરીને જ તે કર્મો પરિશુદ્ધ કરશે. હમણાં જે શ્રમણબ્રાહ્મણો આ કર્મો પરિશુદ્ધ કરે છે, તેઓ ફરી ફરીને પ્રત્યવેક્ષણ કરીને જ તે કર્મો પરિશુધ્ધ કરે છે. તેથી, હે રાહુલ, ફરી ફરીને પ્રત્યવેક્ષણ કરીને કાયિક, વાચિક અને માનસિક કર્મો પરિશુદ્ધ કરવાનો અભ્યાસ કરજે."

આમ ભગવાન બોલ્યા. આયુષ્માન્ રાહુલે મુદિત મનથી ભગવાનના ભાષણનું અભિનંદન કર્યું.

---

આ સાત સુત્તોમાંથી સુત્તનિપાતમાં આવેલી મુનિગાથા, નાળકસુત્ત અને સારિપુત્તસુત્ત એ ત્રણ સુત્તો પદ્યમાં અને બાકીનાં ચાર ગદ્યમાં છે. ગદ્ય સુત્તોમાં પુનરુક્તિ ઘણી દેખાય છે. તે સમયના સાહિત્યની એ પદ્ધતિ હતી, એમ સમજવું જોઈએ. કારણ કે, જૈનોનાં સૂત્રોમાં અને કેટલીક જગ્યાએ ઉપનિષદોમાં પણ આવી પુનરુક્તિ છે. પણ તે ત્રિપિટકમાં એટલી બધી છે કે, આ બધું પહેલાંનું જ છે એમ વાચકને લાગે છે અને કોઈ મહત્ત્વનો મુદ્દો તે પુનરુક્તિમાં રહી જાય છે તે તરફ વાચકનું ધ્યાન ખેંચાતું નથી. દા. ત., રાહુલોવાદસુત્તમાં કાયિક, વાચસિક અને માનસિક કર્મોના પ્રત્યવેક્ષણમાં એક ને એક જ લખાણ ફરી ફરીને આવે છે પણ કાયિક અને વાચસિક અકુશલ કર્મ આચરણમાં આવે તો શાસ્તા પાસે કે વિદ્વાન સબ્રહ્મચારી પાસે તેનો આવિષ્કાર કરવો, અને તેવું કર્મ ફરી થવા નહિ દેવું એમ કહ્યું છે. માનસિક અકુશલને આ નિયમ લાગુ કર્યો નથી. કારણ કે, વિનયપિટકમાં કાયિક અને વાચસિક દોષોને જ આવિષ્કારાદિક (પાપદેશના ઇત્યાદિક) પ્રાયશ્ચિત્તો કહ્યાં છે; મનોદોષને માટે પ્રાયશ્ચિત્તવિધાન નથી. તેનું પ્રાયશ્ચિત્ત એટલું જ કે તેને માટે પશ્ચાત્તાપ કરવો, શરમ રાખવી અને તેવો અકુશલ વિચાર ફરી મનમાં લાવવો નહિ. કાયિક અને વાચસિક અકુશલ કર્મો અને માનસિક અકુશલ કર્મોમાંનો આ ફરક રાહુલોવાદસુત્ત ઉપર ઉપરથી વાંચનારના ધ્યાનમાં આવે તેમ નથી.

અશોકના સમયમાં આ બધાં સુત્તો એવાં જ હતાં કે સંક્ષિપ્ત હતાં એ કહેવું મુશ્કેલ છે. તે સંક્ષિપ્ત હશે તોપણ સારભૂત વક્તવ્ય આ જ હતું એમાં શંકા નથી. સુત્તપિટકનાં પ્રાચીનતમ સુત્તો ઓળખવા માટે આ સાત સુત્તો ઘણાં ઉપયોગી છે.

# પરિશિષ્ટ ચોથું

## સન્દર્ભવિવરણ

(શ્રી ધર્માનન્દ કોસમ્બીના મૂળ મરાઠી પુસ્તકમાં નીચે જે સંદર્ભોનો ઉલ્લેખ છે, તે બધા સંદર્ભોને લગતું વિવરણ તેમનાં જુદાં જુદાં પુસ્તકોમાંથી લઈને આ પરિશિષ્ટમાં કરવામાં આવ્યું છે. ડાબી બાજુએ ઉપર આપેલી પૃષ્ઠસંખ્યા મૂળ સંદર્ભ પુસ્તકની છે અને તેના નીચેની કૌંસમાં આપેલી પૃષ્ઠસંખ્યા આ ગુજરાતી પુસ્તકની છે.)

### બૌદ્ધ સંઘાચા પરિચય

'ખુજ્જુત્તરા અને સામાવતી'

૨૩૭-૨૪૫ (૨૭-૨૮) માગંદિય નામનો એક બ્રાહ્મણ ભોળપણમાં ભગવાન બુદ્ધને વિવાહયોગ્ય સમજીને પોતાની દીકરી માગંદિયાને તેમની પાસે લઈ ગયો. તેની વાત સાંભળીને ભગવાન બોલ્યા, "હે બ્રાહ્મણ, તૃષ્ણા, અસંતોષ અને કામવિકાર એ બધાંનો વિચાર કરતાં મને સ્ત્રીઓના સહવાસમાં સુખ જણાતું નથી. હું માનું છું કે આ અપવિત્ર પદાર્થોથી ભરેલું શરીર પગથી પણ સ્પર્શ કરવા જેવું નથી."

ભગવાનની વાતોથી માગંદિયાને ઘણો ગુસ્સો આવ્યો અને તે તેમની શત્રુ થઈ. વખત જતાં તેનું સૌન્દર્ય જોઈને ઉદયન રાજાએ તેની સાથે લગ્ન કર્યું. ઉદયન રાજાની બીજી રાણી સામાવતી અને તેની દાસી ખુજ્જુત્તરા ભગવાન બુદ્ધની ભક્ત હતી. તેથી માગંદિયાએ રાજાને તેમની સામે ઉશ્કેરવાનો ખૂબ પ્રયત્ન કર્યો; પણ તેમના નિઃસીમ પ્રેમને લીધે રાજાનું હૃદય-

પરિવર્તન થયું. છેવટે માગંદિયાએ સામાવતીના મહેલને આગ લગાડાવી અને તેમાં સામાવતી પોતાની સખીઓ સાથે બળીને મરી ગઈ. જ્યારે ઉદયન રાજાને આ વાતની જાણ થઈ ત્યારે તેણે માગંદિયાના સંબંધીઓને ભેગા કરીને તેની નજર સામે તેમની કતલ કરાવી અને છેવટે માગંદિયાને પણ મારી નખાવી.

૧૬૫–૧૬૮ (૩૧) 'મહાકાત્યાયન' — આ જ પ્રસંગનો વિસ્તાર છે.

૩૦–૩૧ (૩૨) સોણે ભગવાન બુદ્ધને નમસ્કાર કરીને કાત્યાયનની માગણીઓ એમની સામે મૂકી. ત્યારે ભિક્ષુઓને ભેગા કરીને ભગવાન બોલ્યા, "આજથી બધા પ્રત્યંત જનપદોમાં પાંચ ભિક્ષુઓના સમુદાયને (એમાં એક વિનયધર હોય) ઉપસંપદા આપવાની હું રજા આપું છું. પ્રત્યંત જનપદ આ પ્રમાણે છે—પૂર્વમાં કજંગલ નામનું શહેર, પછી મહાશાલ, ત્યારપછી પ્રત્યંત જનપદ. દક્ષિણ દિશામાં શ્વેતકર્ણિક નામનું શહેર, અને પછી પ્રત્યંત જનપદ. પશ્ચિમમાં સ્થૂલ (થૂણ) નામનું બ્રાહ્મણોનું ગામ અને પછી પ્રત્યંત જનપદ. ઉત્તરમાં ઉશીરધ્વજ નામનો પર્વત અને પછી પ્રત્યંત જનપદ."

૨૦૩ (૩૫) 'મહાકપ્પિન — આ જ ઘટનાનું વર્ણન છે.

## ભદ્દા કુણ્ડલકેસા

૨૧૪–૨૧૭ (૬૭) ભદ્દાનો જન્મ રાજગૃહના શ્રેષ્ઠિકુળમાં થયો હતો. રાજપુરોહિતનો છોકરો શત્રુક ચોરીના અપરાધ માટે પકડાયો હતો. તેને ફાંસીએ ચઢાવવા માટે શહેરમાંથી બહાર લઈ જવામાં આવતો હતો ત્યારે ભદ્દાએ તેને જોયો અને તે તેના પર આસક્ત થઈ. કોટવાળને એક

હજાર કાર્ષાપણ આપીને તેણે શત્રુકને છોડાવ્યો. પણ શત્રુકનું ચિત્ત ચોરીમાં જ હતું. તેથી ભદ્રાને લઈને તે શહેરથી દૂર એક ડુંગરની ટોચ પર ગયો. ભદ્રાએ તેને સમજાવવાનો ખૂબ પ્રયત્ન કર્યો, પણ તેણે માન્યું નહિ. છેવટે ભદ્રાએ તેને આલિંગન આપવાનું બહાનું કરીને તેને ડુંગરની ટોચ પરથી નીચે ધકેલી દીધો. ત્યારે વનદેવીઓ બોલી ઊઠી :

**'न सो सब्बेसु ठानेसु पुरिसो होति पण्डितो।**
**इत्थी पि पण्डिता होति, तत्थ तत्थ विचक्खणी॥**

એટલે, "બધી જગ્યાએ પુરુષ બુદ્ધિમાન હોય છે એમ નથી. ક્યારેક ક્યારેક હોશિયાર સ્ત્રી પણ પોતાની બુદ્ધિનો પરચો આપે છે."

આ પછી ભદ્રા નિર્ગ્રન્થોના આશ્રમમાં ગઈ અને તેણે પોતાના વાળ કાઢી નખાવ્યા. જ્યારે વાળ ફરી ઊગવા લાગ્યા ત્યારે તે કુણ્ડલાકર થઈ ગયા. તેથી લોક એને 'કુણ્ડલકેસા' નામથી ઓળખવા લાગ્યા. જ્યારે સારિપુત્તે વાદવિવાદમાં ભદ્રાને હરાવી ત્યારે તે બૌદ્ધ ભિક્ષુણી થઈ ગઈ.

## સુજાતા સેનાની દુહિતા

૨૩૬ 'સૌથી પહેલી શરણ ગયેલી ઉપાસિકાઓમાં
(૧૧૭) સુજાતા સેનાની દુહિતાનો ક્રમ પહેલો છે. એનો જન્મ ઉરુવેલા પ્રદેશના સેનાનીના ઘરમાં થયો હતો. જુવાનીમાં એક વડલા પર રહેતી દેવતાની તેણે માનતા રાખી હતી કે, જો મને સારો વર મળે અને પહેલો દીકરો જન્મે તો હું તને દર વર્ષે યોગ્ય ભેટ ધરીશ.' એની ઇચ્છા પૂરી થઈ ત્યારે તેણે પોતાની માનતા પૂરી કરવા માટે ફક્ત દૂધની ખીર બનાવી અને વડલાની નીચેની

જગ્યા સાફ કરવા માટે પોતાની દાસીને મોકલી. તે દિવસે બોધિસત્ત્વ ગોતમ તે વૃક્ષની નીચે બેઠા હતા. એમને જોઈને દાસીને એમ લાગ્યું કે સુજાતાની માનતાનો સ્વીકાર કરવા માટે ખુદ વૃક્ષદેવતાએ જ અવતાર લીધો છે. તેણે દોડતી ઘેર જઈને પોતાની શેઠાણીને આ વાત કહી. જ્યારે સુજાતા દાસીની સાથે દૂધની ખીર લઈને ત્યાં ગઈ ત્યારે તેણે જોયું કે ઝાડની નીચે દેવતા નહિ, પણ પરમ તપસ્વી બોધિસત્ત્વ જ બેઠા છે. તેમ છતાં તેણે ખૂબ ભક્તિભાવથી બોધિસત્ત્વને દૂધની ખીર અર્પણ કરી. આ ભિક્ષા ગ્રહણ કરીને બોધિસત્ત્વ તે જ રાતે બુદ્ધત્વ પામ્યા.

૭–૮ (૧૩૫) ઉપરનાનું જ વધુ વિસ્તારથી વર્ણન.

૯૭ (૧૪૩) આનો જ ઉલ્લેખ છે.

## સંઘસામગ્રી

૩૭–૪૩ (૧૫૦) ભગવાન બુદ્ધને જ્યારે આ વાત કહેવામાં આવી ત્યારે તેઓ બોલ્યા, “આવે પ્રસંગે સંઘસામગ્રી કરવી જોઈએ. આ સંઘસામગ્રી આ પ્રમાણે કરવી—બધા એકઠા થાય. ભિક્ષુ માંદો હોય તોપણ હાજર રહે. પછી સમર્થ ભિક્ષુસંઘને તે વિનંતી કરે કે, ‘ભદંત સંઘ મારી વાત તરફ ધ્યાન આપે. જે ચીજને માટે સંઘમાં ઝઘડો થયો હતો, તેનો આ ભિક્ષુ સ્વીકાર કરે છે. એણે પોતાના દોષનું પ્રાયશ્ચિત કર્યું છે. જો સંઘને ઠીક લાગે તો સંઘ આ વાત પૂરી કરીને સંઘસામગ્રી કરે.’ આ વિનંતી થઈ ગયા પછી કોઈ માણસ ઊભો થઈને ત્રણ વખત આમાં વાંધો ન બતાવે તો એમ

સમજવું કે સંઘસામગ્રી થઇ ગઈ છે.''

ઉપાલિએ પૂછ્યું, ''સંઘસામગ્રી કેટલા પ્રકારની હોય છે? ત્યારે ભગવાને જવાબ આપ્યો, સંઘસામગ્રી બે પ્રકારની હોય છે—અર્થવિયુક્ત અને અર્થયુક્ત. જે વાત પર ઝઘડો થયો હોય તેનું મૂળ કારણ શોધ્યા વિના જે સામગ્રી કરવામાં આવે છે, તે અર્થવિયુક્ત છે; પણ જે વાત પર ઝઘડો થયો હોય તેનું મૂળ કારણ શોધીને જે સામગ્રી કરવામાં આવે છે તે અર્થયુક્ત છે એમ સમજવું.

## પ્રવારણા

૨૪–૨૬ ત્યારે ભગવાન બોલ્યા, ''હે ભિક્ષુઓ, બીજા
(૧૫૨) પરિવ્રાજકોની જેમ મૌનવ્રત ન લેવું જોઇએ. ચોમાસું પૂરું થયા પછી જોયેલા, સાંભળેલા કે પરિશંકિત દોષોની પ્રવારણા કરવી જોઈએ. એ જ તમારે માટે યોગ્ય થશે. પ્રવારણા આ રીતે થાય—સમર્થ ભિક્ષુસંઘને વિનતિ કરે કે, 'ભદન્ત સંઘ મારી વાત ધ્યાનમાં લે. આજે પ્રવારણાનો દિવસ છે. જો સંઘને યોગ્ય લાગે તો આજે પ્રવારણા કરે. પછી બધા કરતાં વધુ વૃદ્ધ ભિક્ષુએ એક ખભાપર ઉત્તરાસંગ નાખીને ઘૂંટણ ટેકવીને બેસવું અને બોલવું, 'આયુષ્માન્ સંઘને મારા જે દોષ દેખાયા કે જણાયા હોય અથવા તેમના વિષે શંકા થઈ હોય, તે દોષ મને બતાવવાની હું વિનંતી (પ્રવારણા) કરું છું. મારા ઉપર દયા કરીને સંઘ મારા દોષ બતાવે; જો મને એ સાચા લાગે તો હું એ માટે યોગ્ય પ્રાયશ્ચિત્ત લઇશ.' એણે આ પ્રમાણે ત્રણ વાર કહેવું. તરુણ ભિક્ષુએ 'આયુષ્માન સંઘ' ને બદલે 'ભદન્ત સંઘ' કહેવું. તે

બધાએ 'અધર્મ થઈ ગયો છે' એવી બૂમો પાડવા માંડી. પહેલાં ત્રણ જ રોગ હતા—ઇચ્છા, ભૂખ અને ઘડપણ. પણ પશુયજ્ઞનો પ્રારંભ થવાથી રોગોની સંખ્યા અઠ્ઠાણુ જેટલી થઈ......

"જ્યાં આવી વાત થાય છે ત્યાં લોકો યાજકની નિન્દા કરે છે. આ રીતે ધર્મનો વિપર્યાસ થઈ જવાથી શૂદ્ર અન વૈશ્ય જુદા પડ્યા. ક્ષત્રિયો પણ જુદા પડ્યા; અને પત્ની પતિની અવગણના કરવા લાગી, ક્ષત્રિયો અને બ્રાહ્મણોને ગોત્રનું રક્ષણ મળતું હતું. (તેઓ કુલધર્મને અનુસરીને આચરણ કરતા હતા); પણ (પશુવધ પછી) કુલપ્રવાદનો ભય મૂકીને તેઓ લોભવશ થઈ ગયા."

૪૮-૫૦ ઉપરનો જ વિસ્તાર આપ્યો છે.

૧૭૦-૧૭૨ (પ્રસ્તાવના:) (૧૫) લગભગ બધા પાશ્ચાત્ય પણ્ડિતોનો એવો મત છે કે ભગવદ્ગીતાની બ્રાહ્મી સ્થિતિના અથવા સ્થિતપ્રજ્ઞના વર્ણનના શ્લોકો બૌદ્ધ ગ્રંથોના આધારે લખાયા છે, અને '**ब्रह्मनिर्वाणमृच्छति**'વાળા છેલ્લા શ્લોકના વાક્યપરથી આ મત બરાબર છે એમ જણાય છે. આમાં સ્મૃતિવિભ્રમ, નિરાહાર આદિ શબ્દોના અર્થોનું બૌદ્ધ પરિભાષા જાણ્યા વગર બરાબર આકલન થઈ શકતું નથી.

વસુબન્ધુનો મિત્ર પુરુગુપ્ત હતો. તેણે પોતાનો દીકરો બાલાદિત્ય અને મહારાણી વસુબન્ધુ એ બન્નેને બૌદ્ધદર્શનનું અધ્યયન કરાવ્યું. પછી બાલાદિત્યને યુદ્ધ ન કરવું એવી ઇચ્છા થવાથી તેણે 'કોઈ બ્રાહ્મણ પાસે 'ભગવદ્ગીતા' લખાવી અને તે પછી મહાભારતમાં આવી ગઈ.

૧૫ ઉપરનું જ વર્ણન વિસ્તારથી આપ્યું છે.
(૨૨૫)

## બુદ્ધલીલાસારસંગ્રહ

૧૬૦–૧૬૫ એ જ વર્ણન વિસ્તારથી આપ્યું છે.
(૧૩૫)

૧૭૯–૧૮૮ એ જ વર્ણન વિસ્તારથી આપ્યું છે.
(૧૪૮)

### દેવદત્ત

૧૮૭–૧૮૮
(૧૪૯)
જ્યારે ભગવાન બુદ્ધને મારી નાખવાની બધી ખટપટ વ્યર્થ ગઈ ત્યારે દેવદત્તે સંઘમાં ફાટફૂટ પાડવાની એક યુક્તિ રચી. તે પોતાની સાથે સમુદ્રદત્તને લઈને ભગવાનની પાસે ગયો અને તેમને પ્રણામ કરીને બોલ્યો. "હે ભગવન્, ભિક્ષુઓને ઐહિક સુખોથી પૂરી રીતે અલિપ્ત રાખવા માટે મેં આ પાંચ નિયમ બનાવ્યા છે. બધા ભિક્ષુઓએ આ પાંચ નિયમોનું પાલન કરવું જ જોઈએ એવી આજ્ઞા આપ આપો.

(૧) ભિક્ષુ હમેશાં અરણ્યમાં જ રહે. (૨) તેઓ આજન્મ ભિક્ષા પર જ નિર્વાહ ચલાવે; કોઈના નિમંત્રણથી તેઓ તેને ઘેર ભોજન કરવા ન જાય. (૩) આખી જિંદગી રસ્તા પર પડેલા ચીંથરાંમાંથી જ પોતાનાં વસ્ત્ર બનાવે, ગૃહસ્થો પાસેથી વસ્ત્ર ન લે. (૪) આજન્મ ઝાડની નીચે જ રહે; ઝૂંપડી કે ઘરમાં ન રહે. (૫) મત્સ્ય–માંસનું ગ્રહણ ન કરે.

આ પાંચ નિયમોના પાલનમાં જે આનાકાની કરે તેને દોષીત ગણવો."

ભગવાન બોલ્યા, "મને એમ નથી લાગતું કે,

આ પાંચ નિયમોથી આધ્યાત્મિક ઉન્નતિમાં કોઈ પણ મદદ થઈ શકશે. પણ જેમની ઇચ્છા હોય તેઓ આ નિયમોનું પાલન ભલે કરે. મને એમાં કોઈ વાંધો નથી.'

ભગવાન આ નિયમો સંઘને લાગુ કરવા તૈયાર નથી એ વાતનો ઢંઢેરો પીટીને દેવદત્તે કેટલાક ભિક્ષુઓને પોતાના મતમાં લીધા અને તેમની સાથે લઈને તે રાજગૃહ છોડીને ગયો. ત્યારે ભગવાન બુદ્ધે સારિપુત્ત અને મોગ્ગલ્લાનને ગયા મોકલ્યા અને તેઓ તે ભિક્ષુઓને ઉપદેશ આપીને પાછા લઈ ગયા.

૨૭૯–૨૮૧ (૧૮૮, ૨૫૪) આજ વાર્તા આપી છે.

૧૬૭–૧૭૯ (૨૭૮) અનાથપિંડિક અને વિશાખા મિગાર માતાની વાર્તાઓ વિસ્તારથી આપી છે. અનાથ પિંડિકે ભગવાન બુદ્ધને માટે જેત રાજકુમારનું ઉદ્યાન લેવા માટે એની ભૂમિ પર સોનામહોરો પાથરી દીધી હતી. એવી જબરદસ્ત એની ભક્તિ હતી. પાછળથી એણે એ જેતવન ભિક્ષુસંઘને દાન આપ્યું.

વિશાખા મિગાર માતાનો સસરો નિર્ગ્રન્થોનો ઉપાસક હતો, પણ તેણે વિશાખાને ભગવાન બુદ્ધની ઉપાસના કરવાની છૂટ આપી હતી. છેવટે બુદ્ધનો ઉપદેશ સાંભળીને તે પોતે પણ બુદ્ધનો ઉપાસક થઈ ગયો.

### પરિનિર્વાણ

૨૯૨–૩૧૨ (૨૮૩) આનો જ વિસ્તાર કરવામાં આવ્યો છે

# બૌદ્ધ ધર્મ આણિ સંઘ

## પંચસ્કંધ

૯૦-૯૧ ૩૫, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને વિજ્ઞાન એ પાંચ
(૧૨૨) પદાર્થોને પંચસ્કંધ કહે છે. પૃથ્વી, અપ્, તેજ અને વાયુ આ ચાર મહાભૂતોને અને એમાંથી ઉત્પન્ન થતા પદાર્થોને રૂપસ્કન્ધ કહે છે.

સુખકારક વેદના, દુ:ખકારક વેદના, અને અપેક્ષાવેદના—આ ત્રણ જાતની વેદનાઓને વેદનાસ્કંધ કહે છે.

ઘર, વૃક્ષ, ગામ ઇત્યાદિને લગતી કલ્પનાઓને સંજ્ઞાસ્કંધ કહે છે. સંસ્કાર એટલે માનસિક સંસ્કાર, જેના ત્રણ પ્રકાર છે—કુશળ, અકુશળ અને અવ્યાકૃત; એટલે જે કુશળ પણ નથી અને અકુશળ પણ નથી, જેમ કે કેટલાક પદાર્થોમાં રુચિ થવી અને બીજાઓમાં ન થવી.

વિજ્ઞાન એટલે જાણવું. વિજ્ઞાન છ છે—ચક્ષુર્વિજ્ઞાન, શ્રોત્રવિજ્ઞાન, ઘ્રાણવિજ્ઞાન, જિહ્વાવિજ્ઞાન, કાયવિજ્ઞાન અને મનોવિજ્ઞાન. આ છ વિજ્ઞાનોના સમુદાયને વિજ્ઞાનસ્કન્ધ કહે છે.

જ્યારે આ પાંચ સ્કંધ વાસનાયુક્ત થાય છે ત્યારે તેને ઉપાદાનસ્કંધ કહે છે. તેના વડે પુનર્જન્મ થાય છે. આ જન્મમાં કુશલ કે અકુશલ કર્મ કરવાથી આવતા જન્મમાં પાંચ ઉપાદાનસ્કંધોનો પ્રાદુર્ભાવ થાય છે. જ્યારે વાસનાનો સમૂલ ઉચ્છેદ થાય છે ત્યારે આ સ્કંધોને ઉપાદાન સ્કંધ નહિ કહેતાં ફક્ત સ્કંધ કહે છે; કારણ કે એમને લીધે પુનર્જન્મ થવાનો સંભવ નથી હોતો. અર્હત્પદ પ્રાપ્ત થયા પછી વાસનાનો

સમૂલ ઉચ્છેદ થાય છે. અર્હત્પદ પ્રાપ્ત કરેલા માણુસોના પંચસ્કંધ એમના મરણ સુધી રહે છે, પણ અકુશલ સંસ્કાર અર્હત્પદની પ્રાપ્તિની સાથે જ પૂરેપૂરા નષ્ટ થાય છે. મૃત્યુને વખતે અર્હતોના પંચસ્કંધોનો વિલય નિર્વાણમાં થઈ જાય છે. તેથી તેમાંથી નવા પંચસ્કંધો પેદા થતા નથી.

૯૪–૯૯ (૧૨૮) ચાર આર્યસત્યોની માહિતી વિસ્તારથી આપી છે.

## પ્રવેશવિધિ અથવા પ્રવ્રજ્યા

૫૬–૬૦ (૨૪૩) પહેલા સાત ભિક્ષુઓને ભગવાન બુદ્ધે પોતે દીક્ષા આપી હતી. તે વખતે ફક્ત 'એહિ ભિક્ષુ' એ વાક્ય વડે જ પ્રવ્રજ્યાવિધિ થઈ જતી હતી. પછી જ્યારે ભિક્ષુઓની સંખ્યા વધવા માંડી ત્યારે ભગવાને જૂના ભિક્ષુઓને જ નવા ઉમેદવારોને પ્રવ્રજ્યા આપવાની આજ્ઞા કરી. એની વિધિ એવી રહેતી કે ઉમેદવાર પહેલાં માથું મુંડાવતો, પછી ઘૂંટણ ટેકવીને અને હાથ જોડીને ત્રણ વાર કહેતો '**बुद्धं सरणं गच्छामि**.' (સંઘના સ્થાપકને) 'હું બુદ્ધને શરણ જાઉં છું, '**धम्मं सरणं गच्छामि**' 'હું ધર્મને શરણ જાઉં છું,' '**संघं सरणं गच्छामि**' 'હું સંઘને શરણ જાઉં છું.' પછી જ્યારે ભોજન કે એવા નાના નાના લાભોના પ્રલોભનથી સંઘમાં ભરતી થવા લાગી ત્યારે તેમને માટે નવા નવા નિયમો ઘડવા પડ્યા. એમાં ઉમેદવારને પહેલા કોઈ ભિક્ષુને પોતાનો ઉપાધ્યાય બનાવવો પડતો, પછી તેને અનેક વાર ઉપદેશ આપવામાં આવતો, પછી એને કોઢ, ગંડ, ક્ષય, અપસ્માર, નપુંસકત્વ આદિ રોગ

તો નથી ને ? એ ખાસ જોવામાં આવતું. ભિક્ષુ બનવાની ઇચ્છા રાખવાવાળી વ્યક્તિ સ્વતંત્ર, ઋણમુક્ત અને ઉમરલાયક હોવી જોઈએ, એણે માતાપિતાની આજ્ઞા મેળવવી જોઈએ, તે રાજાનો સૈનિક ન હોવો જોઈએ વગેરે બંધનો હતાં. આને માટે ઘણા કડક નિયમો બનાવવામાં આવ્યા છે.

## સમાધિ માર્ગ

૬૮-૬૯ (૮૯) અભિધર્મનું કહેવું છે કે મૈત્રી, કરુણા અને મુદિતા એ ત્રણ ભાવનાઓને લીધે પહેલાં ત્રણ ધ્યાનો જ સાધ્ય થાય છે અને ઉપેક્ષા ભાવનાને લીધે ફક્ત ચોથું ધ્યાન મળે છે. બુદ્ધઘોષાચાર્યે આ વાત સ્વીકારી છે. એમના કહેવા મુજબ પહેલાં ત્રણ ધ્યાનો પહેલી ત્રણ ભાવનાઓમાંથી એક ભાવના દ્વારા પ્રાપ્ત કર્યા પછી ઉપેક્ષા ભાવનાનો આરંભ કરવો પડે છે; અને તેને લઈને ચોથું ધ્યાન પ્રાપ્ત થાય છે.

ઉલ્લિખિત સુત્ત ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે મૈત્રી ભાવનાની સાથે ઉપેક્ષા અને ઉપેક્ષા ભાવનાની સાથે પ્રીતિ રહી શકે છે.

## પાંચ નીવરણ

૩૧-૩૫ (૧) કામચ્છંદ (કામવિકાર)
(૮૯) (૨) વ્યાપાદ (ક્રોધ)
(૩) થીનમિદ્ધ (આલસ્ય)
(૪) ઉદ્ધોચ્ચ (ભ્રાંતિ)
(૫) વિચિકિચ્છા (સંશયગ્રસ્તતા)

૩૮-૪૮ (૧૧૩) આનાપાનસ્મૃતિભાવના વિસ્તારથી સમજાવવામાં આવી છે.

(૨૮૦) આનાપાનસ્મૃતિભાવના વિસ્તારથી સમજાવવામાં આવી છે.

### અશુભ ભાવના

ઉદ્ધુમાતક એટલે ફૂલી ગયેલું મડદું, વિનીલક એટલે વાદળિયું મડદું, વિપુબ્બક એટલે એવું મડદું કે જેમાં પરુ ભરાઈ ગયું હોય, વિચ્છિદ્દક એટલે એવું મડદું કે જેમાં કાણાં પડચાં હોય, વિક્ખાયિતક એટલે જુદાં જુદાં પ્રાણીઓએ કંઈક ખાઈ નાખેલું મડદું, વિક્ખિત્તક એટલે એવું મડદું કે જેનાં અવયવો આમતેમ છૂટાં પડચાં હોય, હતવિક્ખિત્તક એટલે એવું મડદું કે જેનાં અવયવ પ્રાણીઓથી કે શસ્ત્રોથી કપાઈ જવાથી આમતેમ ફેંકાયાં હોય, લોહિતક એટલે એવું મડદું કે જેમાંથી લોહી વહેતું હોય, પુલવક એટલે એવું મડદું કે જેમાં કીડા પડચા હોય, અટ્ઠિક એટલે હાડકાંનો માળો અથવા એનો કોઈ ભાગ. આ જાતનાં દસ અશુભો છે. એના તરફ ધ્યાન આપવું એ અશુભ ભાવના છે. આવાં શરીરોમાંથી કોઈ શરીર જોવામાં આવે ત્યારે એને પોતાની રીતે ફરી એને આંખોની સામે રાખીને ચિંતન કરવાથી આ ધ્યાન પ્રાપ્ત થાય છે. સ્ત્રીને પુરુષનું અને પુરુષને સ્ત્રીનું મૃત શરીર જોઈને ધ્યાન સાધ્ય નહિ થાય, તેથી આવું શરીર વર્જ્ય ગણવું. સજાતીય પ્રેતપર ધ્યાન રાખીને જો એ આંખોની સામે નહિ આવે તો એના જે ભાગ મુખ્યત્વે આંખોની સામે આવે તે વિષે ધ્યાન કરીને આ સમાધિ સાધ્ય કરવી.

## આધારભૂત ગ્રંથ

આ પુસ્તક મુખ્યત: પાલિ ભાષાનું સુત્તપિટક અને તેના પરની અટ્ઠકથાઓના આધારે લખાયું છે. વિનયપિટકમાંની વાર્તાઓનો તેમાં ઉપયોગ કર્યો છે ખરો, તો પણ સુત્તપિટકના આધાર સિવાય તેમને ઐતિહાસિક ગણવામાં આવી નથી. અભિધમ્મપિટકનો (ફક્ત એક ઉતારા સિવાય) ઉપયોગ કર્યો નથી.

જૈન સાહિત્યમાંથી આચારાંગ સૂત્ર, ભગવતી સૂત્ર, દશવૈકાલિ સૂત્ર અને પ્રવચન સારોદ્ધાર—એ ગ્રંથોમાંથી ઉતારાઓ લીધા છે.

પહેલા પ્રકરણમાં ઋગ્વેદનો ઘણો ઉપયોગ કર્યો છે. ઉપનિષદમાંથી ઘણો મજકૂર લીધો છે.

ધર્મસૂત્રોનો અને મનુસ્મૃતિનો પણ પ્રસંગોપાત ઉપયોગ કર્યો છે.

વિષ્ણુશાસ્ત્રી ચિપળુણકરના બાણભટ્ટ વિષેના નિબંધમાંથી એક ઉતારો આપ્યો છે; પણ તે આધારભૂત નથી.

Arctic Home in the Vedas: by B. K. Tilak.

Myths and leegends of Babylonia and Assyria: by Lewis Spence.

A History of Babylon: by L. W. King.
Buddhist India (1903): by Prof. Rhys Davids.

# સૂચિ

( ગ્રંથોનાં નામ, ઉતારાઓના સંબંધ બતાવનાર પાલિ સુત્તો વગેરેનાં નામ તેમ જ ખાસ મહત્ત્વ ન હોય તેવી વ્યક્તિઓનાં નામ આ સૂચિમાં આપ્યાં નથી. )


વિષય — પૃષ્ઠ

**અ**

અકબર, ૧૫ ( પ્રસ્તાવના ) ૩૯
અકર્મવાદી ૧૯૦
અકુશલ
—કર્મ ૨૦૦, ૨૦૩, ૨૧૨
—કર્મપથ, દસ, ૧૯૪, ૧૯૫, ૨૦૨, ૨૦૩
—કર્મપથ, કાયિક-ત્રણ, ત્રિવિધ ૨૦૨
—કર્મપથ-માનસિક-ત્રણ, ત્રિવિધ ૨૦૨
—કર્મપથ-વાચચિક-ચાર, ચતુર્વિધ ૨૦૨
—ધર્મ ૧૮૮
—મનોવૃત્તિઓ ૧૦૯
—વિચાર ૮૭, ૮૮, ૨૧૨
—વિતર્ક ૧૧૦
—શસ્ત્ર, ત્રણ ૨૧૨
અક્રોધ ( ક્ષમા ) ૨૦૧
અક્રિયવાદ ૧૨૬, ૧૬૬, ૧૭૦
અક્રિયવાદી ૧૮૭, ૧૮૮, ૧૯૦
અગ્ગાળવ-ચેતિય ૧૪૩
અગ્ગિવેસ્સન ૮૧, ૮૮, ૯૪, ૧૦૫, ૧૦૬, ૧૦૮, ૧૧૪
અગ્નિ ૨૦૮, ૨૦૯, ૨૩૨
અગ્નિકાય ૨૦૮, ૨૫૮

વિષય — પૃષ્ઠ

અગ્નિપૂજા ૧૧
અગ્નિઓ, ત્રણ ૨૧૨
અગ્નિષ્ટોમ ૨૦૯
અગ્નિહોત્ર ૫૮, ૬૩, ૧૧૫, ૧૩૪, ૧૭૧, ૧૯૭, ૨૫૬
—પદ્ધતિ ૧૨
અઘોરી પંથ ૫૬
અચિરવતી ( રાપ્તી ) નદી ૨૦, ૨૨, ૨૪૦
અચેલક શ્રાવક ૧૭૦
અજનપુત્ર ૨૦૫
અજપાલન્યગ્રોધ વૃક્ષ ૧૨૧
અજરા ૯૫
અજાત ૯૫
અજાતશત્રુ ૧૭, ૧૮, ૧૯, ૨૨, ૪૦, ૮૧, ૧૪૨, ૧૪૭, ૧૪૮, ૧૬૩, ૨૭૧, ૨૭૨
અજીત કેસકંબલ ૫૮, ૧૩૮, ૧૬૭, ૧૭૧, ૧૭૭, ૨૦૯, ૨૭૧, ૨૭૪
અટ્ઠકથાકાર ( જુઓ જાતક પણ ) ૧૫૮
અટ્ઠગુરુધમ્મા ( આઠ ગુરુધર્મ ) ૧૫૩, ૧૫૪, ૧૫૫
અથર્વવેદ ૧૧
અદત્તાદાન ૧૯૩, ૨૦૨

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| અધર્માચરણ | |
| —કાયિક, ત્રણ, ત્રિવિધ | ૧૯૧, ૧૯૩ |
| —માનસિક, ત્રણ, ત્રિવિધ | ૧૯૨, ૧૯૩ |
| —વાચસિક, ચાર, ચતુર્વિધ | ૧૯૧, ૧૯૨, ૧૯૩ |
| અધ્યાત્મ | |
| —માર્ગ | ૧૧૦ |
| —વાદ | ૭૨ |
| અનાગતભય, પાંચ, ૭ ( પ્રસ્તાવના ), ૯ ( પ્રસ્તાવના ) | |
| અનાગામિફલ | ૧૫૨ |
| અનાગામી | ૧૬૧ |
| અનાત્મવાદ | ૧૭૮, ૧૭૯ |
| અનાત્મા | ૧૭૮ |
| અનાથપિંડિક | ૭૦, ૧૮૦, ૨૧૧, ૨૨૯, ૨૩૪, ૨૭૮ |
| અનામિક ભિક્ષુ ( નામ વગરના ભિક્ષુ ) | ૧૩૭ |
| અનાવશ્યકવાદ | ૧૮૦ |
| અનાસક્તિયોગ | ૧૯૪ |
| અનિમિત્ત ( નિર્વાણ ) | ૧૫૮ |
| અનિયતપાતિમોક્ખ | ૧૪૫ |
| અનિરુદ્ધ ( જુઓ અનુરુદ્ધ ) | |
| અનુપ્રિય | ૭૯ |
| અનુરુદ્ધ ( અનિરુદ્ધ ) | ૭૫, ૭૯, ૮૦, ૧૩૬, ૧૩૭, ૧૪૯, ૧૫૧ |
| અનુલોમજાતિ | ૨૪૩ |
| અનોમા, નદી | ૯૮ |

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| અન્યોન્યવાદ | ૧૬૮, ૧૭૨ |
| અપચાર ( ઉપચાર ) | ૨૪ |
| અપદાન | ૨૮૫ |
| અપરિગ્રહ | ૧૬૯, ૧૭૩, ૨૦૮ |
| અપરિપકવ કર્મ | ૧૬૭ |
| અપ્કાય | ૨૦૮, ૨૫૭ |
| અભિજાતિઓ (છ) | ૧૭૦ |
| અભિધર્મ | ૮૯ |
| અભિપારક | ૬૮ |
| અભિવૃદ્ધિના નિયમો ( ઉન્નતિના નિયમો ) } સાત | ૨૩, ૬૭, ૧૪૨ |
| અમગ | ૯૫ |
| અમરકોશ | ૨૧૩ |
| અમિતા દેવી | ૭૬ |
| અમિતોદન | ૭૫, ૭૬ |
| અમૃતનો માર્ગ | ૧૨૨ |
| અમેરિકા | ૨૨૪ |
| અમોઘરાજ ( મોઘરાજ ) | ૧૩૬ |
| અયોગવ | ૨૪૨ |
| અરતિ | ૧૧૫, ૧૧૭, ૧૧૮ |
| અરહન્ત | ૨૬૬ |
| અરહત્ફલદ્રો | ૧૬૨ |
| અરહા | ૧૬૧, ૧૬૨ |
| અરૂપ દેવલોક | ૧૬૧ |
| અરૂપરાગ | ૧૬૧ |
| અરૂમર્ગ નામનો યતિ | ૭ |
| અર્કબંધુ | ૮૫, ૮૬ |
| અર્જુન | ૩૭ |
| અર્થશાસ્ત્ર, લોકાયત | ૧૭૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| અર્ધમાગધી | ૨૫૩ |
| અર્હત્પદ | ૧૬૨ |
| અર્હત્ફલ | ૧૫૨ |
| અલક (રાજા) | ૨૯ |
| અલ્લતુ | ૨ |
| અલ્લોપનિષદ | ૧૬ (પ્રસ્તાવના) |
| અવતાર (વિષ્ણુનો) | ૨૦૫, ૨૦૬ |
| અવનતિ | |
| —બૌદ્ધ ધર્મની | ૧૩૮ |
| અવંતિપુત્ર (રાજા) | ૨૯, ૩૧, ૨૩૬, ૨૩૮, ૨૩૯ |
| અવંતિરાજકુલ | ૩૬ |
| અવંતી | ૧૫, ૧૯, ૨૭, ૩૦, ૨૩૯ |
| અવિજ્જા, અવિદ્યા | ૧૨૦, ૧૬૨ |
| અવિહિંસા | ૧૦૯, ૨૦૧ |
| અવ્યાધિ | ૯૫ |
| અવ્યાપાદ (મૈત્રી) | ૧૦૯ |
| અષ્ટાંગિક માર્ગ, આર્ય | ૧૭૭, ૧૮૨, ૧૯૪, ૧૯૫ |
| અશાશ્વતવાદ | ૧૭૯ |
| અશુભ નિમિત્ત | ૧૫૮ |
| અશોક | ૪ (પ્રસ્તા.), ૫ (પ્રસ્તા.), ૧૨ (પ્રસ્તા.), ૮૦, ૧૪૫, ૧૫૫, ૨૪૦, ૨૪૧, ૨૬૦ |
| —પદ | ૯૫, ૧૧૬, ૧૪૧ |
| —નો સમય | ૨૪૦ |
| —ભિક્ષુ | ૨૮૬ |
| અશ્મક (જુઓ અસ્સક) | |
| અશ્વઘોષ | ૧૦૦ |
| અશ્વજીત્ (અસ્સજી) | ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૩૪, ૧૩૬ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| અશ્વત્થામા | ૨૦૪ |
| અશ્વમેધ | ૬૩, ૬૪, ૨૧૧ |
| અશ્વસેન, રાજા | ૨૦ |
| અશ્વિન | ૩૭ |
| અષ્ટકુલિક | ૩૦૪, ૩૦૫ |
| અષ્ટાંગિક માર્ગ, આર્ય અષ્ટાંગિક માર્ગ | ૧૧૯, ૧૨૩, ૧૨૬, ૧૨૮, ૧૭૭, ૧૯૪, ૧૯૫ |
| અસિત ઋષિ | ૮૪, ૮૫ |
| અસિત દેવલ | ૨૩૩ |
| અસ્તિતા–નાસ્તિતા | ૧૮૦ |
| અસ્તેય | ૧૬૯, ૧૭૩, ૨૦૮ |
| અસ્થિવૃક્ષ | ૨૫૧ |
| અસ્પૃશ્યવર્ગ | ૨૪૦, ૨૪૪, ૨૪૫ |
| અસ્સક (અશ્મક) | ૧૫, ૨૯ |
| —જાતિ | ૨૯ |
| અસ્સજી (જુઓ અશ્વજીત્) | |
| અહંકાર, અહંભાવ | ૧૫૮, ૧૬૧, ૧૬૯ |
| —ત્રણ | ૧૬૧ |
| અહિંસા, અહિંસાધર્મ | ૧૨ (પ્રસ્તા.), ૧૩ (પ્રસ્તા.), ૧૦, ૧૧, ૪૪, ૪૫, ૬૪, ૧૬૯, ૧૭૩, ૨૦૦, ૨૦૭, ૨૦૮, ૨૨૫ |
| અહિંસાત્મક | |
| —અગ્નિહોત્ર પદ્ધતિ (જુઓ અગ્નિહોત્ર પદ્ધતિ) | |
| —નિયમ (સંઘના) | ૧૪૩ |
| —સંસ્કૃતિ, પદ્ધતિ | ૧૦, ૧૨, ૧૩ |
| અંગ | ૧૫, ૬૯, ૮૧ |
| અંગમગધ | ૧૬, ૨૦, ૨૭૪ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| અંગુત્તરાય | ૧૬ |
| અંગ્રેજ | ૧૪ (પ્રસ્તા.), ૮ |
| અંજનશાક્ય | ૮૨ |
| અંતઃકારિક | ૩૦૪, ૩૦૫ |
| અંધવન | ૧૬૦ |
| અંબટ્ઠ (બ્રાહ્મણ) | ૪૧ |
| અંબષ્ઠ | ૮૪, ૨૪૨ |

**આ**

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| આચાર (વર્તન)ના નિયમો | ૧૪૫, ૧૫૩ |
| આચારાંગસૂત્ર | ૨૪૨ |
| આજીવ (આજીવિકા) | ૧૧૧, ૧૨૩, ૧૨૭, ૧૯૪ |
| આજીવક | ૧૭૦, ૧૭૨, ૧૭૩ |
| —પરંપરા | ૧૭૧ |
| —પંથ | ૧૭૦, ૨૬૫ |
| —શ્રમણ | ૧૨૨, ૧૭૧ |
| —અજ્ઞાત કૌંડિન્ય | ૧૨૯, ૧૩૧ |
| આઠ ગરુધમ્મ (ગુરુધર્મ) (જુઓ અટ્ઠ ગુરુધમ્મા) | |
| આઠ ભેદ (પ્રકાર), શ્રાવકોના | ૧૬૨ |
| આત્મબોધ | ૧૩૩, ૧૯૦ |
| આત્મવાદ | ૧૬ (પ્રસ્તા.), ૧૬૫, ૧૬૬, ૧૭૧, ૧૭૭ |
| આત્મવાદી શ્રમણ | ૧૬૫ |
| આત્મશુદ્ધિ | ૧૧૫, ૨૦૦ |
| —બુદ્ધની (જુઓ બુદ્ધ) | |
| આત્મંતપ | ૨૧૪, ૨૧૫ |
| આત્મા | ૧૨૫, ૧૨૬, ૧૬૯, ૧૭૦, ૧૭૧, ૧૭૫, ૧૭૬, ૧૭૭, ૧૭૮, ૧૮૦, ૧૮૧, ૧૮૨, ૧૮૪, ૨૮૪ |
| —ના પાંચ વિભાગ | ૧૭૯ |
| —વિષેની કલ્પનાઓ | ૧૭૫, ૧૭૬ |
| આદિત્ય ગોત્ર | ૮૬ |
| આધ્યાત્મિક ખેતી, માનસિક ખેતી | ૧૪૦, ૧૪૧ |
| આનંદ, આનંદ સ્થવિર | ૩ (પ્રસ્તા.) ૭૫, ૭૯, ૧૩૬, ૧૩૭, ૧૪૫, ૧૫૧, ૧૫૨, ૧૫૩, ૧૬૨, ૧૬૩, ૧૭૦, ૨૧૨, ૨૬૩, ૨૬૪, ૨૬૯, ૨૭૦, ૨૮૧, ૨૮૨, ૨૮૩, ૨૮૪ |
| આનાપાન સ્મૃતિ સમાધિ | ૧૧૩, ૨૭૯, ૨૮૦ |
| આપત્તિ, સંઘાદિશેષ | ૧૫૩ |
| આપસ્તંબ ધર્મસૂત્ર | ૨૬૩ |
| આમગંધ (અમેધ્યપદાર્થ) | ૨૫૫, ૨૫૬ |
| આમલકી | ૨૬૯ |
| આમ્રગ્રામ | ૨૮૪ |
| આમ્રયષ્ટિવન | ૨૧૮ |
| આમ્રવન | ૨૫૪, ૨૭૧, ૨૭૨, ૨૮૪ |
| આરણ્યક | ૧૫ (પ્રસ્તા.), ૬૨ |
| આર્નોલ્ડ, એડવિન | ૨૦૭ |
| આર્ય | ૧, ૩, ૪, ૫, ૮, ૯, ૧૦, ૧૪, ૩૩, ૪૪, ૨૦૬, ૨૨૫, ૨૨૬, ૨૩૦ |
| —(સજ્જન) | ૧૧૧ |
| —અષ્ટાંગિક માર્ગ (જુઓ અષ્ટાંગિક માર્ગ) | |
| —(આર્યોનું) આગમન | ૧૪ (પ્રસ્તા.) |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| --(આર્યો)ની સત્તા, સત્તાનું સામ્રાજ્ય | ૭ |
| --(આર્યો) ની સંસ્કૃતિ | ૧૫ (પ્રસ્તા.), ૯, ૧૧ |
| --મૌન | ૨૭૦ |
| --વંશ, ચાર | ૩૦૮, ૩૧૦ |
| --શ્રાવક | ૧૫૧, ૧૭૯, ૧૯૬ |
| --સત્યો, ચાર | ૧૧૯, ૧૨૧, ૧૨૩, ૧૨૪, ૧૨૫, ૧૨૬, ૧૨૭, ૧૨૮, ૧૭૮, ૨૭૬ |
| --સમાજ ૧૬ (પ્રસ્તા.) | |
| આર્યાવર્ત | ૧૨, ૧૪ |
| આળવક, ભિક્ષુ | ૧૪૩ |
| આળવી | ૧૪૩ |
| આળાર કાલામ | ૯૦, ૧૦૦, ૧૦૧, ૧૦૪, ૧૨૧, ૧૩૦ |
| આવાહ | ૨૪૧ |
| આવેસ્તા | ૪ |
| આશ્વલાયન, બ્રાહ્મણકુમાર ૪ (પ્રસ્તા), | ૨૨૯, ૨૩૦, ૨૩૧, ૨૩૨, ૨૩૩ |
| --ગૃહ્યસૂત્ર ૪ (પ્રસ્તા.) | |
| આસ્તિકવાદ | ૧૬૮ |
| આહવનીયાગ્નિ (આહુનેય્યગ્ગિ) | ૨૧૩ |
| આહારવ્રત | ૫૫ |
| આહુનેય્યગ્ગિ (આહવનીયાગ્નિ) | ૨૧૩ |
| આંગિરસ ઋષિ | ૧૦ |

**ઇ**

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ઇક્ષ્વાકુ | ૨૫૯ |
| ઇચ્છાનંગલ | |
| --ઉપવન | ૨૨૭, ૨૭૯ |
| --ગામ | ૨૨૭, ૨૭૯ |
| ઇટાલી | ૨૨૪ |
| ઇશ્તર, ઇશ્તર દેવી | ૨ |
| ઇહલોક | ૧૬૭, ૧૯૨, ૧૯૩, ૨૨૮, ૨૫૬ |
| ઇંગ્લંડ | ૨૨૪ |
| 'ઇંડિયન એંટિકવેરી' પત્રિકા | ૭ (પ્રસ્તા.), ૨૪૫ |
| ઇંદખીલ | ૧૬૮, ૧૭૬ |
| ઇંદ્ર | ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૪, ૮૪, ૨૨૫, ૨૫૯ |
| --નું સામ્રાજ્ય | ૭ |
| --ની પરમ્પરા | ૨૧ |
| --ના અત્યાચારો | ૭ |
| ઇન્દ્રપ્રસ્થ | ૨૮ |
| ઇન્દ્રિયો | ૧૬૮, ૨૫૬ |

**ઈ**

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ઈશાન | ૨૨૬ |
| ઈશુ ખ્રિસ્ત | ૧૬૨, ૨૦૬ |
| ઈશ્વર | ૨૦૬ |
| ઈશ્વરવાદ | ૧૮૨, ૧૮૬ |
| ઈસવી સન | ૩, ૬૬, ૧૫૫ |

**ઉ**

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ઉક્કટ્ઠા | ૫૯ |
| ઉગ્ગ ગહપતિ | ૨૪૮ |
| ઉગ્ગતસરીર ( ઉદ્ગતશરીર ) | |
| બ્રાહ્મણ | ૨૧૧, ૨૧૩ |
| ઉચ્છેદવાદ | ૩૬, ૧૬૭, ૧૭૧, ૧૭૬ |
| ઉચ્છેદવાદી | ૧૮૮ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ઉજ્જન | ૨૫, ૩૦, ૩૧ |
| ઉત્તરરામચરિત | ૫૦, ૨૬૦ |
| ઉત્તરાધ્યયન સૂત્ર | ૨૦૭, ૨૦૯ |
| ઉત્તરધ્રુવ | ૧ |
| ઉત્પત્તિ ( દુનિયાની ) | ૬૩ |
| ઉત્પલવર્ણા | ૧૬૨ |
| ઉત્સાહ | ૧૪૧ |
| ઉદયન રાજા | ૨૫, ૨૬, ૨૭ |
| ઉદયભદ્ર, કુમાર | ૨૭૨ |
| ઉદાયિ | ૨૭૪, ૨૭૫, ૨૭૬ |
| ઉદાસી પંથ | ૫૧ |
| ઉદેપુર | ૩૯ |
| ઉદ્‌ગતશરીર ( જુઓ ઉગ્ગતસરીર ) | |
| ઉદ્દક રામપુત્ત | ૧૦૧, ૧૦૪, ૧૨૧, ૧૩૦ |
| ઉદ્ધચ્ચ | ૧૬૧ |
| ઉન્માદયતી ( જુઓ ઉમ્મદન્તી ) | |
| ઉપક | ૧૨૨, ૨૬૬ |
| ઉપકલેશ, ચિત્તના | ૮૯ |
| ઉપચર, અપચર | ૨૪ |
| ઉપજીવિકા | ૧૦૨, ૧૦૪, ૧૧૧, ૧૨૭, ૧૭૧, ૧૯૭, ૨૨૫ |
| ઉપદેશ | |
| —અનાત્મા વાદનો | ૧૭૮ |
| —બુદ્ધનો ( જુઓ ધર્મોપદેશ ) | |
| ઉપનિષદ | ૧૫ (પ્રસ્તા.), ૧૬ (પ્રસ્તા.), ૪૪, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૧૭૫, ૧૮૨, ૧૮૪, ૨૨૬ |
| —ઋષિ | ૬૪, ૬૫, ૭૨ |
| ઉપમાઓ, ત્રણ | ૧૦૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ઉપશમ | ૧૨૩ |
| ઉપસમ્પદા | ૩૧, ૧૫૩, ૨૪૩ |
| ઉપાદાન | ૧૨૦ |
| —સ્કંધ, પાંચ | ૧૨૩ |
| ઉપાયાસ | ૧૨૦ |
| ઉપાલિ | ૩ (પ્રસ્તા.), ૭૯, ૧૩૭, ૧૫૦ |
| ઉપાસક | ૧૪૯, ૧૫૦, ૧૫૨, ૧૬૦ |
| ઉપાસિકા | ૧૬૦ |
| ઉપેક્ષા | ૫૫, ૮૯, ૯૦ |
| ઉપવાસ | ૧૦૭, ૧૧૨, ૧૧૩, ૧૨૮, ૧૩૧, ૧૬૧ |
| ઉપોસથ | ૧૫૩, ૧૯૪ |
| ઉમ્મદંતી (ઉન્માદયંતી) | ૬૮ |
| ઉરુવેલ કાશ્યપ | ૬૩, ૧૩૪ |
| ઉરુવેલા | ૧૦૪, ૧૦૫, ૧૩૦, ૧૩૩, ૧૩૫, ૧૩૬, ૧૩૭ |
| ઉષા, ઉષાદેવી, ઊષા | ૧ |

ઊ

| | |
|---|---|
| ઊષા (જુઓ ઉષા) | |

ઋ

| | |
|---|---|
| ઋગ્વેદ | ૧, ૨, ૫, ૬, ૭, ૧૦ |
| ઋષિ | |
| —મુનિ | ૧૨, ૧૩, ૧૪, ૪૪, ૪૫, ૪૬, ૫૦, ૫૮, ૬૩, ૬૪, ૬૭, ૭૧, ૭૨, ૧૬૦, ૧૬૫, ૨૦૯, ૨૨૫, ૨૩૩, ૨૪૦ |
| —મુનિઓની પરંપરા, પુરાવૈદિક | ૬૬ |
| —મુનિ, વૈદિક | ૬૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ઋષિપત્તન | ૧૨૨, ૧૨૩, ૧૩૧, ૧૩૨, ૧૩૫, ૧૭૮ |
| ઋષિપ્રવ્રજ્યા | ૬૩ |
| ઋષ્યશૃંગ | ૪૫, ૧૬૫ |

**એ**

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| એકતંત્રાત્મક, એક સત્તાત્મક રાજ્ય | ૪૦, ૪૧, ૬૮ |
| —રાજ્યપદ્ધતિ, વ્યવસ્થા બંધારણ. | ૧૫, ૧૬, ૧૯, ૨૨, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૬૮, ૭૦, ૧૫૫, ૧૬૩ |
| એકાંતવાસ | ૧૪૨, ૧૪૬ |
| —(નૈષ્કર્મ્ય) | ૧૦૯ |
| —બુદ્ધનો | ૧૦૩, ૨૭૫, ૨૭૬, ૨૭૭, ૨૮૦, ૨૮૧ |
| એકેશ્વરીવાદ | ૧૬ (પ્રસ્તા) |
| એડવીન આર્નોલ્ડ | ૨૦૭ |
| એસિકા | ૧૬૮, ૧૭૬ |
| એસુકારી | ૨૩૪, ૨૩૫, ૨૩૬ |

**ઓ**

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ઓલ્ડેનબર્ગ | ૭ (પ્રસ્તા.) |

**ઔ**

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ઔદીચ્ચ બ્રાહ્મણ | ૪૫, ૬૨ |
| ઔપપાતિક (પ્રાણી) | ૧૬૭, ૧૬૯ |
| ઔષધિ (દવા), ભિક્ષુઓની | ૧૪૬, ૧૫૭ |

**ક**

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| કકુત્થાનદી | ૨૮૪ |
| કકુસંધ | ૨૮૫ |
| કચ્ચાયન, પકુધ | ૫૮, ૧૩૮, ૧૩૯, ૧૬૮, ૧૭૨, ૧૭૬, ૨૭૧, ૨૭૪ |
| કઠોપનિષદ | ૧૭૫ |
| કપિલવસ્તુ | ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯, ૮૨, ૮૮, ૯૧, ૯૬, ૯૮, ૧૦૧, ૧૫૨, ૧૫૬ |
| કપિલા (વાછડી) | ૨૬૦ |
| કપ્પિન (કપ્ફિલ), મહાકપ્પિન | ૩૪, ૧૩૬ |
| કપ્ફિલ | ૧૩૬ |
| કબીરપંથ | ૫૧ |
| કમ્માસદમ્મ (કલ્માષદમ્ય) | ૨૮, ૨૭૭ |
| કરુણા | ૮૯, ૯૦, ૧૨૮ |
| કર્તવ્યનિષ્ઠા—બૌદ્ધસંઘની | ૧૩૯ |
| કર્મ | ૧૯૦, ૨૦૮, ૨૨૭, ૨૨૮, ૨૫૯ |
| —અકુશલ, દસ | ૧૯૪ |
| —અપરિપકવ | ૧૬૭ |
| ––૦––ક્ષય | ૧૭૩ |
| ––૦––દાયાદ | ૧૯૬ |
| ––૦––પથ, અકુશલ, દસ | ૧૯૩ |
| ––૦––પથ. અકુશલ, કાયિક, ત્રણ, ત્રિવિધ | ૨૦૨ |
| ––૦––પથ, અકુશલ, માનસિક, ત્રણ, ત્રિવિધ | ૨૦૨ |
| ––૦––પથ, અકુશલ, વાચસિક, ચાર, ચતુર્વિધ | ૨૦૨ |
| ––૦––પથ. કુશલ, દસ | ૧૯૪ |
| —પરિપકવ | ૧૬૭ |
| ––૦––પ્રતિશરણ | ૧૯૬ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| --૦--ફલ | ૧૯૨, ૧૯૩ |
| --૦--બન્ધુ | ૧૯૬ |
| --૦--યોગ ૧૮૯, ૧૯૭, ૨૦૩, | ૨૦૪ |
| --૦--યોનિ | ૧૯૬ |
| --૦--વાદી | ૧૭૦, ૨૧૮ |
| --૦--સ્વકીય | ૧૯૬ |
| કર્માન્ત | ૧૨૩, ૧૨૭ |
| કલંદક નિવાપ | ૨૭૩ |
| કલ્માષદમ્ય (જુઓ કમ્માસદમ્મ) | |
| કલ્યાણમિત્ર | ૧૫૭ |
| કસ્સપ (જુઓ કાશ્યપ) | |
| કસ્કિલ (જુઓ કપ્પિન) | |
| કંથક, કંથક અશ્વરાજા (ઘોડો) ૯૭, | ૯૮, ૯૯ |
| કપિલ્લ (કાંપિલ્ય) | ૨૮ |
| કંબોજ, કાંબોજ | ૧૫, ૩૪, ૨૩૦ |
| --જાતિ | ૩૩ |
| કંસકુલ | ૩૭ |
| કાક (નોકર) | ૩૦ |
| કાત્યાયન | |
| --ગોત્રવાળો ભિક્ષુ | ૧૮૦ |
| --મહાકાત્યાયન (મહાકચ્ચાન) ૩૧, ૧૩૬, ૨૧૦, ૨૩૬, ૨૩૭, | ૨૩૮, ૨૩૯ |
| કામ (કામરાગ, કામવિકાર) ૧૦૯, | ૧૫૭, ૧૬૧ |
| --૦--તૃષ્ણા | ૧૨૩ |
| --૦--ભોગિશય્યા | ૨૬૬ |
| --૦--મિથ્યાચાર | ૧૯૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| --૦--વિતર્ક (વિષયવિતર્ક) | ૧૦૯ |
| કામાગ્નિ | ૨૧૨ |
| કામોપભોગ ૭૬, ૮૬, ૮૭, ૮૮, ૧૦૩, ૧૦૪, ૧૦૫, ૧૦૬, ૧૧૫, ૧૧૭, ૧૨૩, ૧૨૭, ૧૨૮, ૧૫૩, | ૨૬૫ |
| કાયકર્મ | ૧૨૭ |
| --કુશલ, ત્રણ | ૧૯૪ |
| --પરિશુદ્ધ | ૧૧૦, ૧૧૧ |
| કાયગતા સ્મૃતિ | ૧૫૭ |
| કાયદુશ્ચરિત | ૧૮૮ |
| કાયશાસ્ત્ર | ૨૧૨ |
| કાયસુચરિત | ૧૮૮ |
| કાયાકલ્પ | ૨૮૦ |
| કાયિક | |
| --કર્મ, મૈત્રીમય | ૧૫૦ |
| --ધર્માચરણ | ૧૯૨, ૧૯૪ |
| --અધર્માચરણ, ત્રણ ૧૯૧, | ૧૯૪ |
| --પાપકર્મ | ૧૯૩, ૨૦૨ |
| કારણ | |
| --દુઃખનું | ૧૨૬ |
| --સંઘના વિનાશનાં | ૧૫૯ |
| કાલકાશી | ૭ |
| કાલામ | |
| --આળાર (જુઓ આળાર કાલામ) | |
| --ક્ષત્રિય (જાતિ) | ૧૦૧ |
| --ભરંડુ ૭૬, ૭૭, ૮૨, ૮૮, | ૯૦, ૧૦૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| કાલિગોધા | ૭૯ |
| કાળુદાયિ ( કાળા ઉદાયિ ) | |
| --અમાત્ય | ૯૬ |
| કાશી ૧૫, ૧૯, ૨૦, ૫૭, ૫૮, ૬૭, ૮૧, ૧૩૫, ૧૩૬, ૨૬૮ | |
| --રાષ્ટ્ર | ૪૫ |
| કાશીયાત્રા | ૫૮ |
| કાશ્યપ | |
| --ઉરુવેલ | ૧૩૩, ૧૩૪, ૧૩૬ |
| --ગયા | ૧૩૩, ૧૩૬ |
| --નદી | ૧૩૩, ૧૩૬ |
| --પરિવ્રાજક | ૧૫૯ |
| --પૂરણ | ૧૩૮, ૧૬૬, ૧૬૯, ૧૭૦, ૨૭૧, ૨૭૪ |
| --બંધુ | ૧૩૩, ૧૩૭ |
| --બુદ્ધ | ૨૫૫ |
| કાસિક | ૨૦ |
| કાસિમ મહુમ્મદ ઈબ્ન ( પ્રસ્તાવના ) | ૧૨ |
| કાસી ( જુઓ કાશી ) | |
| કાસી કોસલ, કાશી કોશલ | ૨૦ |
| કાસ્સપ, પૂરણ (જુઓ કાશ્યપ પૂરણ) | |
| કાંતિ, બુદ્ધની | ૧૦૩, ૨૬૫ |
| કાંપિલ્ય ( જુઓ કંપિલ્લ ) | |
| કાંબોજ ( જુઓ કંબોજ ) | |
| કિસ સંકિચ્ચ | ૧૭૦ |
| કિંબિલ | ૭૯, ૧૪૯ |
| કીકટ દેશ | ૨૦૫ |
| કુક્કુટ ( શ્રેષ્ઠી ) | ૨૭ |
| કક્કુટવતી | ૩૪ |
| કક્કુટારામ | ૨૭ |
| કુરુ | ૧૫, ૨૮ |
| --ઓ | ૪૪ |
| --દેશ | ૩૮, ૪૪, ૫૯ |
| --રાજકુલ | ૩૭ |
| કુશલ | |
| --કર્મ | ૨૦૦, ૨૦૪ |
| --કર્મપથ, દસ | ૧૯૩, ૧૯૪, ૧૯૫, ૨૦૨ |
| --કાયકર્મ, ત્રણ | ૧૯૨, ૧૯૩, ૧૯૪ |
| --તત્વ | ૧૯૯ |
| --દસ | ૧૯૫ |
| --ધર્મ | ૧૧૦ |
| --માનસિક કર્મ ત્રણ | ૧૯૪ |
| --વાચસિક કર્મ, ચાર, | ૧૯૨, ૧૯૩, ૧૯૪ |
| --વિચાર | ૧૧૪ |
| --વિતર્ક | ૧૦૯, ૧૧૦ |
| કુશિનારા, કુસિનારા | ૨૨, ૨૩, ૨૮૪ |
| કુસિનારા ( જુઓ કુશિનારા ) | |
| કૂટદન્ત બ્રાહ્મણ | ૪૨, ૫૯, ૨૧૭, ૨૧૮, ૨૨૧, ૨૭૭ |
| કૂટસ્થ | ૧૬૮, ૧૭૬ |
| કૂટાગારશાળા | ૨૭૯ ૨૮૪ |
| કૃષ્ણ, કૃષ્ણ ભગવાન, શ્રીકૃષ્ણ | ૯, ૧૦, ૧૧, ૨૦૪ |
| કૃષ્ણાભિજાતિ | ૧૭૦ |
| કેશી | ૩ |
| કેસકંબલ, અજીત ( જુઓ અજીત કેશકંબલ ) | |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| કેસપુત્ત | ૧૦૧ |
| કૈવલ્ય | ૧૬૯ |
| કૅંડી | ૧૨ |
| કોણાગમન | ૨૮૫ |
| કોલિય | ૬૭, ૮૧, ૧૮૯ |
| --જાતિ | ૮૯, ૯૩, ૯૫ |
| --દેશ, રાજ્ય | ૮૯, ૯૦, ૧૦૧ |
| કોસલ ( જુઓ કોસલ ) | |
| કોસલ | ૧૫, ૧૬, ૨૦, ૨૩, ૩૮, ૬૮, ૯૩, ૧૦૧, ૨૧૦ |
| --જાતિ | ૨૨, ૫૯ |
| --દેશ, રાષ્ટ્ર | ૨૨, ૩૮, ૪૨, ૫૯, ૭૬, ૮૦, ૮૬, ૧૦૧, ૧૦૩, ૧૯૯ |
| --મહારાજા, રાજ, રાજા | ૨૧, ૩૮, ૮૦, ૮૧, ૧૯૯, ૨૧૦, ૨૧૮ |
| --રાજકુલ | ૨૧, ૩૬, ૪૦ |
| કોસલિક રાજા | ૨૦૮ |
| કોસંબી ( કૌશામ્બી ) | ૨૫, ૨૭, ૩૦, ૧૪૯, ૧૫૦, ૧૫૧ |
| કોડગ્ગ ( કૌંડિન્ય ) બ્રાહ્મણ | ૧૨૯ |
| કૌટિલ્ય | ૧૭૨ |
| કૌતૂહલશાળા | ૨૭૪ |
| કૌત્સ, પિંગલ (જુઓ પિંગલ કૌત્સ) | |
| કૌમારભૃત્ય, જીવક ( જુઓ જીવક કૌમારભૃત્ય ) | |
| કૌરવ્ય રાજા | ૩૮ |
| કૌરવ ( રાજા ) | ૨૮ |
| કૌશામ્બી ( જુઓ કોસમ્બી ) | |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| કૌંડિન્ય | ૧૩૬ |
| --અજ્ઞાત | ૧૨૯ |
| --(કોંડિગ્ગ ) બ્રાહ્મણ | ૧૨૮, ૧૨૯, ૧૩૧ |
| ક્યાંડી (જુઓ કૅંડી) | |
| ક્રાંતિકારી તત્ત્વજ્ઞાન, બુદ્ધનું | ૧૯૦ |
| ક્રિયાવાદી | ૧૮૭, ૧૮૮, ૨૧૮ |
| ક્રોધ | ૧૯૧, ૨૦૨, ૨૫૬ |
| ક્ષત્તા | ૨૪૨ |
| ક્ષત્રિય | ૬૨, ૧૦૩, ૧૮૧, ૧૮૯, ૧૯૭, ૨૦૪, ૨૧૪, ૨૨૫, ૨૨૬, ૨૩૧, ૨૩૨, ૨૩૩, ૨૩૪, ૨૩૫, ૨૩૬, ૨૩૭, ૨૩૮, ૨૪૦, ૨૪૨, ૨૪૫ |
| ક્ષમા | ૨૦૨ |
| ક્ષેમા | ૧૬૨ |
| **ખ** | |
| ખદિર વનિક | ૧૩૬ |
| ખરાજીન | ૨૧૪ |
| ખાણુમત્ત | ૫૯, ૨૧૭ |
| ખ્રિસ્ત, ઈશુ | ૧૬૨, ૨૦૬ |
| ખ્રિસ્તી ધર્મયુદ્ધ | ૨૦૪ |
| ખુજ્જુત્તરા (દાસી) | ૨૮ |
| ખેતી, આધ્યાત્મિક, માનસિક | ૧૪૦, ૧૪૧ |
| **ગ** | |
| ગગ્ગરા, રાણી | ૧૬ |
| ગણતંત્રાત્મક, ગણસત્તાત્મક | |
| —રાજા (ગણરાજા) | ૪૦, ૪૧, ૪૨, ૬૯, ૮૧ |

વિષય — પૃષ્ઠ

—રાજ્ય (ગણરાજ્ય) ૩૯, ૪૧, ૪૨, ૪૩, ૬૭, ૬૮, ૧૪૨, ૧૪૩, ૧૫૫
--રાજ્યની વ્યવસ્થા ૨૯
--રાજ્યપદ્ધતિ ૨૩, ૨૫, ૪૧, ૪૨, ૬૮, ૬૯, ૭૦
ગયા ૧૬, ૧૪૮, ૨૫૫
ગયાકાશ્યપ ૬૩, ૧૩૩, ૧૩૬
ગુરુધમ્મ (ગુરુધર્મ) આઠ ૧૫૩, ૧૫૪, ૧૫૫
ગવપાન ૨૪૮
ગવંપતિ (ગવાંપતિ) ૧૩૨, ૧૩૬
ગૃહપતગ્નિ (ગાર્હપત્યાગ્નિ) ૨૧૩
ગહપતિ ઉગ્ગ ૨૪૮
ગંગા નદી ૧૦, ૧૧, ૧૪, ૧૬૬, ૨૪૦
ગંદશ ૩
ગંધકુટી ૨૭૯
ગંધાર, ગાંધાર ૧૫, ૩૨, ૩૩
ગાર્ગી વાચકનવી ૬૭
ગાર્હપત્યાગ્નિ (જુઓ ગૃહપતગ્નિ)
ગાંધાર (જુઓ ગંધાર)
ગિરિવ્રજ ૧૮
ગીતા ૧૫ (પ્રસ્તા.), ૧૬૨, ૧૬૯, ૧૮૬, ૧૯૭, ૧૯૮
ગુપ્તોની કારકિર્દી ૬૫
ગુપ્તરાજા ૬૬
ગુરુકુલ
—ફરતાં ૨૬૯
--બ્રાહ્મણોનાં ૨૬૯
--શ્રમણોનાં ૨૬૯
ગુર્જર ૨૪૪
ગુલાબચંદ, સ્થાનકવાસી જૈન સાધુ ૧૫૧
ગુન્દાવન ૨૩૬
ગૃધ્રકૂટ ૧૪૭, ૨૮૧
ગૃહત્યાગ (જુઓ બોધિસત્ત્વનો ગૃહ-ત્યાગ)
ગૃહ્યસૂત્ર ૨૧૩
ગૃહસ્થધર્મ ૯૫
ગૃહસ્થાશ્રમ, ગૃહસ્થજીવન, ૬૨, ૯૪, ૯૫, ૧૦૨, ૧૩૦, ૧૩૩, ૧૫૮, ૧૫૯, ૧૮૯
ગોવા ૧૩
ગોડવિન ૫૭
ગોદાવરી (નદી) ૨૯, ૩૦, ૨૩૯
ગોપક મોગ્ગલ્લાન બ્રાહ્મણ ૧૬૩
ગોપા ૯૭
ગોપાલદાસ જીવાભાઈ પટેલ ૨૫૨, ૨૫૩
ગોમાંસાહાર ૨૫૮, ૨૫૯, ૨૬૦, ૨૬૧
ગોવિન્દ સાહેબ ૫૭
ગોસાલ મકખલિ (જુઓ મકખલિ ગોસાલ)
ગૌડપાદ ૧૫ (પ્રસ્તા.)
ગૌતમ, ગૌતમબુદ્ધ, ગૌતમ બોધિસત્ત્વ ૧૬, ૨૦, ૪૩, ૬૦, ૬૪, ૭૩, ૭૪, ૭૭, ૮૧, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૯૨, ૯૬, ૯૯, ૧૦૫, ૧૦૬, ૧૧૪, ૧૧૯, ૧૨૧, ૧૨૨,

વિષય પૃષ્ઠ

૧૩૧, ૧૩૯, ૧૭૪, ૧૮૭, ૧૮૮, ૧૮૯, ૧૯૦, ૧૯૯, ૨૦૦, ૨૧૧, ૨૧૩, ૨૧૭, ૨૧૮, ૨૨૧, ૨૨૭, ૨૨૯, ૨૩૦, ૨૩૧, ૨૩૨, ૨૩૩, ૨૩૪, ૨૩૫, ૨૩૬, ૨૫૫, ૨૬૩, ૨૬૫, ૨૭૨, ૨૭૩, ૨૭૪, ૨૭૫, ૨૭૬

--ની જન્મતિથિ ૭૩

--ની બોધિસત્ત્વાવસ્થા ૨૬૫

—કુમાર ૧૩૦

--ગોત્ર ૮૬

--ધર્મસૂત્ર ૬૬

--સૂત્રકાર ૨૬૦

--હારિદ્રુમત ૬૫

ગૌતમી, મહાપ્રજાપતિ ગૌતમી (જુઓ મહાપ્રજાપતિ ગૌતમી)

ગ્રીક ૨૪૪

**ઘ**

ઘોડાઓનો ઉપયોગ ૩

ઘોષિત (શ્રેષ્ઠી) ૨૭

ઘોષિતારામ ૨૭, ૧૫૦, ૧૫૧

**ચ**

ચક્રવર્તી ૧૩૦, ૨૨૨

--રાજા ૪૩, ૮૪

--રાજાનું ચક્ર ૨૨૨

--વ્રત ૨૨૨

ચક્ષુષ્મંત ૯૪, ૧૦૨

ચંક્રમણ, બુદ્ધનું ૨૬૬, ૨૭૭

ચંગીઝખાન (જંગીજખાન) ૫

ચંડપ્રદ્યોત ૧૯, ૨૫, ૨૬, ૩૦, ૩૧, ૩૬, ૧૬૩

વિષય પૃષ્ઠ

ચંદ્રગુપ્ત ૧૨ (પ્રસ્તા.), ૨૪૨

ચંદ્રભાગા (નદી) ૩૪

ચંપા

--ગામ ૫૯

--નગર, નગરી (ભાગલપુર) ૧૬, ૫૯

ચાતુમા ૨૬૯, ૨૭૦

ચાતુર્માસ, ચાતુર્માસ્ય, ચોમાસું ૨૦, ૪૬, ૫૯, ૬૧, ૧૩૨, ૧૫૩, ૧૫૭, ૨૬૮, ૨૭૮

ચાતુર્યામ ૧૭૩, ૧૭૫

---સંવરવાદ ૧૬૯, ૧૭૩

ચાતુર્વર્ણ્ય ૧૧, ૩૩, ૨૩૪, ૨૩૫

—શુદ્ધિ ૨૩૩

ચાર

--આર્યસત્યો ૧૧૯, ૧૨૧, ૧૨૩, ૧૨૪, ૧૨૫, ૧૨૬, ૧૨૮, ૧૭૮, ૨૭૬

--કુશલ વાચસિક કર્મ ૧૯૪

--ધન ૨૩૫

--ધ્યાન ૧૦૧, ૧૨૮

--ધ્યાન અને તેના પછીનાં ત્રણ પગથિયાં ૧૦૧

--ધ્યાનોની સમાધિ ૨૬૭

--પરિચર્યાઓ ૨૩૪

--જાતની શય્યાઓ ૨૬૬

—ફલ ૧૫૨

—બ્રહ્મવિહાર ૯૦

—ભૂત ૧૬૭

—ભેદ, શ્રાવકોના ૧૬૧

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| —મહાભૂત | ૧૭૧ |
| —યામ | ૧૬૯, ૧૭૩ |
| —વર્ગ શ્રમણોના | ૧૬૫ |
| —વાચસિક અધર્માચરણ | ૧૯૧, ૧૯૨ |
| —વાચસિક ધર્માચરણ | ૧૯૨, ૧૯૩ |
| —વિભાગ, સંઘના, શ્રાવક સંઘના | ૧૬૦ |
| ચારિકા, શીઘ્ર, ધીમી | ૨૬૭ |
| ચાર્વાક | ૧૭૧, ૨૦૯ |
| ચાર્વાક મત | ૧૭૧, ૨૦૯ |
| ચાંડાલ | ૨૦૭, ૨૪૦, ૨૪૨ |
| ચિત્ત | ૧૪૧ |
| —ઉપેક્ષા સહગત | ૮૯ |
| —કરુણાસહગત | ૮૯ |
| —ના ઉપક્લેશ | ૮૯ |
| —મુદિતાસહગત | ૮૯ |
| —મૈત્રીસહગત | ૮૯ |
| —શસ્ત્ર | ૨૧૨ |
| ચિત્ર (અનાગામિ ગૃહસ્થ શ્રાવક) | ૧૬૨ |
| ચિપળૂણકર (સ્વ. વિષ્ણુશાસ્ત્રી) | ૨૦૫, ૨૦૬ |
| ચિંગૂલક | ૨૫૫ |
| ચીન | ૨૦૭, ૨૨૪ |
| ચીનક | ૨૫૫ |
| ચીવર | ૧૪૫, ૧૪૬, ૧૫૭, ૧૯૯, ૨૬૯, ૨૭૫ |
| —તપસ્વી બુદ્ધનું | ૫૩ |
| —ભિક્ષુઓનું | ૩૨ |
| ચુંદ | ૨૦૦, ૨૦૧, ૨૬૩, ૨૬૪ |
| ચુનંદ | ૧૩૬ |
| —લુહાર | ૨૪, ૧૧૮, ૨૪૭, ૨૪૮, ૨૮૪ |
| ચેતી, ચેતિ | ૧૫ |
| —(ચેદિ, ચૈદ્ય) જાતિ | ૨૫ |
| ચેતિય | |
| —અગ્ગાલવ | ૧૪૩ |
| —જાતક | ૨૫ |
| —રાષ્ટ્ર | ૨૫ |
| ચોમાસું (જુઓ ચાતુર્માસ) | |
| ચોરાસી લાખ જન્મ, મહાકલ્પ | ૧૬૭, ૧૭૦ |
| ચોત્રીસ ભિક્ષુઓની સૂચી | ૧૩૬ |


### છ


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| છન્ન | |
| —અમાત્ય | ૯૬ |
| —સારથિ | ૯૭, ૯૮ |
| છવ્વીસ વિષય, પ્રથમ ધ્યાનના | ૮૯ |
| છંદ:શાસ્ત્ર | ૨૨૯ |
| છાંદોગ્ય ઉપનિષદ | ૧૧, ૬૪, ૧૭૬ |
| છ અભિજાતિઓ | ૧૭૦ |
| છ આચાર્યો | ૧૩૯ |
| છ જાતિઓ (વર્ગ) મનુષ્યની | ૧૬૭ |
| છ જીવકાય | ૨૦૮ |
| છ શ્રમણસંઘ | ૧૩૮, ૧૩૯ |
| છ સંસ્મરણીય વાતો | |
| —ઝઘડા મટાડવાની | ૧૫૦ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **જ** | |
| જટિલબંધુ ભિક્ષુ | ૧૩૩, ૧૩૫ |
| --જડ પ્રકૃતિ | ૧૨૬ |
| --પદાર્થ | ૧૭૯ |
| જનકરાજા | ૨૩, ૨૭૬ |
| જનમેજય | ૧૧, ૧૩, ૧૪, ૪૪ |
| જન્મજરામરણાદિ દુઃખ | ૧૨૫ |
| જન્મતિથિ, બુદ્ધની | ૫૨ |
| જન્મધર્મી | ૯૪, ૯૫ |
| જબાલા | ૬૫ |
| જયદેવ | ૨૦૬ |
| જરાધર્મી | ૯૪, ૯૫, ૧૯૫, ૧૯૬ |
| જરામરણાદિ | ૧૨૦, ૧૮૧ |
| જર્મની | ૨૨૪ |
| જલપ્રલય | ૧૮૫ |
| જંગમ ગુરુકુલ (જુઓ ગુરુકુલ) | |
| જંબુગ્રામ | ૨૮૪ |
| જંબુદ્વીપ | ૧૫, ૩૭ |
| જાતક | ૫ (પ્રસ્તા.), ૧૨, ૧૪, ૧૯, ૬૨, ૭૪, ૮૩, ૮૪, ૮૭, ૯૬, ૧૦૦, ૧૧૮, ૧૨૯ |
| --અટ્ઠકથા | ૨૮, ૩૨, ૪૫, ૮૯, ૯૩ |
| --અટ્ઠકથાકાર | ૮૫, ૮૮, ૯૧, ૯૨, ૧૧૮, ૧૫૮ |
| જાતાગ્નિ | ૬૨ |
| જાતિ | ૧૨૦ |
| જાતિભેદ | ૪૬, ૬૪, ૬૫, ૧૮૬, ૨૨૫, ૨૨૬, ૨૨૭, ૨૨૮, ૨૩૯, ૨૪૦, ૨૪૨, ૨૪૩, ૨૪૫ |
| --નો બુદ્ધ કૃત નિષેધ | ૨૨૬ |
| —નો બૌદ્ધસંઘમાં અભાવ | ૨૪૦ |
| —નો સ્વીકાર, જૈન સંઘદ્વારા | ૨૪૨ |
| --ધર્મ | ૨૨૫ |
| જાતિઓ (વર્ગ) મનુષ્યની | ૧૬૭ |
| જાનુશ્રેણી બ્રાહ્મણ | ૧૧૦ |
| જાપાન | ૧૪ (પ્રસ્તા.), ૨૨૪, ૨૪૬ |
| જીન | ૨૬૬ |
| જીનત્વ | ૨૫૩ |
| જીનવિજય મુનિ | ૨૪૪ |
| જીવ | ૧૬૮, ૨૦૮ |
| જીવક | ૧૭ |
| જીવક કૌમારભૃત્ય | ૩૦, ૩૩, ૨૫૪, ૨૬૯, ૨૭૧, ૨૭૨, ૨૮૧ |
| જીવકાય છ | ૨૦૮ |
| જીવભેદ | ૨૦૮, ૨૫૭ |
| જુગુપ્સા | ૫૨, ૫૪, ૧૮૮ |
| જુંગિત | ૨૪૩, ૨૪૪ |
| જેતવન, જેતવન વિહાર | ૨૦, ૨૧૨, ૨૩૪, ૨૭૮ |
| જૈન | ૧૯, ૨૦, ૧૭૨, ૧૭૭ ૨૪૩ ૨૪૪, ૨૪૫, ૨૪૯, ૨૫૧, ૨૫૨, ૨૫૩, ૨૫૪, ૨૫૭, ૨૫૮, ૨૫૯ |
| --ગ્રંથ, સાહિત્ય | ૬૭, ૧૬૯, ૧૭૨ |
| --દર્શન, ધર્મ, મત | ૬૧, ૧૬૯, ૧૭૧, ૧૭૫, ૨૦૬, ૨૦૭ |
| --પંડિત | ૨૫૧ |
| --ભિક્ષુ, શ્રમણ, સાધુ | ૨૦૭ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૨૪૫, ૨૪૯, ૨૫૧, ૨૫૨, ૨૫૭, ૨૫૮ | |
| --શ્રમણોનો માંસાહાર | ૨૪૮, ૨૫૩ |
| --સંઘ, સાધુસંઘ | ૨૪૨, ૨૪૩ |
| --સંપ્રદાય | ૧૫૫, ૧૭૨, ૨૪૯ |
| --સાધ્વીઓ | ૬૭ |
| --સાધ્વીઓના સંઘ | ૬૭ |
| --સૂત્ર | ૨૫૨ |
| જ્ઞાનકૌન્ડિન્ય | ૧૩૬ |
| જ્ઞાનદૃષ્ટિ | ૧૦૬ |
| જ્યૂરીની પ્રણાલી | ૨૩ |

**ઝ**

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ઝઘડો મટાડવાની છ સંસ્મરણીય વાતો | ૧૫૦ |

**ડ**

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ડૉ. વિલ્સન | ૨૦૬ |
| ડી. આર. ભાંડારકર, ડૉ. | ૨૪૫ |
| ડેવિડ્સ, પ્રૉ. રાઈઝ | ૩૩, ૩૯ |

**ત**

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| તક્કસિલા (તક્ષશિલા) | ૧૦, ૧૪, ૩૨, ૩૩, ૬૮ |
| તક્ષશિલા (જુઓ તક્કસિલા) | ૧૦૦, ૧૦૪, ૧૩૯ |
| તત્ત્વજ્ઞાન | ૧૭૨, ૧૯૦, ૧૯૮ |
| તત્ત્વબોધ | ૧૭, ૮૮, ૧૦૦, ૧૦૬, ૧૧૦, ૧૧૪, ૧૧૯, ૧૨૧, ૧૨૨, ૧૨૯, ૧૩૫, ૧૫૭, ૨૬૫ |
| --નો માર્ગ | ૮૮, ૯૦ |
| તથાગત | ૭૫, ૧૫૨, ૧૫૪, ૧૬૯, ૧૮૦, ૧૮૧, ૨૧૪, ૨૩૬, ૨૬૪, ૨૮૩ |
| --o-- શય્યા | ૨૬૭ |
| તપ, તપશ્ચર્યા, તપસ્યા, તપઃ સાધના | ૧૬ (પ્રસ્તા.), ૧૦, ૧૨, ૧૩, ૧૭, ૪૪, ૪૫, ૫૦, ૫૧, ૫૬, ૫૯, ૬૩, ૬૪, ૧૦૦, ૧૦૪, ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૦૮, ૧૧૨, ૧૧૩, ૧૧૪, ૧૨૨, ૧૨૫, ૧૨૬, ૧૩૪, ૧૩૫, ૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૪૪, ૧૪૭, ૧૫૭, ૧૫૮, ૧૬૫, ૧૬૭, ૧૬૯, ૧૭૧, ૧૭૨, ૧૭૩, ૧૭૪, ૧૭૭, ૧૮૯, ૧૯૦, ૧૯૭, ૨૦૯, ૨૧૩, ૨૧૪, ૨૫૬, ૨૫૭, ૨૬૫ |
| --આધુનિક | ૫૮ |
| તપસ્વિતા | ૫૨, ૫૩ |
| તપસ્વી | ૫૨, ૬૭, ૧૨૮, ૧૮૮, ૧૯૦, ૨૦૭, ૨૧૪, ૨૪૯, ૨૫૫ |
| તમ્મુજ, દમુત્સિ, દમૂનસ્ | ૨ |
| તારુકખ (તારુક્ષ, તારુક્ષ્ય) | ૪૨, ૨૨૭ |
| તારુક્ષ્ય (જુઓ તારુકખ) | |
| તિપિટક (જુઓ ત્રિપિટક) | ૨૦૭ |
| તિબેટ | ૨૪૬, ૨૮૧ |
| ત્રેંસઠ શ્રમણપંથ (જુઓ શ્રમણ) | |
| તિલક લોકમાન્ય બાલ ગંગાધર | ૧ |
| તિલચ્યા | ૧૮ |
| તિષ્યતાપસ, તિષ્યસ્થવિર | ૭૫, ૨૫૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| તિસવાડા | ૧૩ |
| તિંદુક | ૨૦૭ |
| તીર્થંકર | ૫૨, ૧૭૨ |
| તુષિત દેવભવન | ૩૫ |
| તુષિત દેવલોક | ૨૮૬, ૨૮૭ |
| તૃષ્ણા ૧૧૫, ૧૧૮, ૧૨૦, ૧૨૩, ૧૨૬, ૧૪૨, ૧૫૭, ૧૭૭, ૧૮૨, | ૨૦૦ |
| તેલંગ સ્વામી | ૫૬ |
| ત્યાગ | ૨૩૫ |
| ત્રણ | |
| --અકુશવલ શસ્ત્ર | ૨૧૨ |
| --અગ્નિઓ | ૨૧૨ |
| --અંહકાર | ૧૬૧ |
| --ઉપમાઓ | ૧૦૫ |
| --કાયિક ધર્માચરણ ૧૯૧, ૧૯૨, | ૧૯૩ |
| --કારણો, બોધિસત્ત્વની પ્રવ્રજ્યાનાં | ૯૫, ૧૦૦ |
| --પ્રકારના ધર્મગુરુ | ૭૬ |
| --માનસિક અધર્માચરણ ૧૯૨, (પાપકર્મ) | ૧૯૩ |
| --માનસિક કુશલકર્મ | ૧૯૪ |
| --માનસિક ધર્માચરણ | ૧૯૩ |
| --સંયોજન | ૧૬૧ |
| ત્રસકાય | ૨૦૮, ૨૫૭ |
| ત્રિદંડધારણ | ૧૭૧ |
| ત્રિપિટક | ૯૨, ૯૬, ૧૬૦ |
| --ગ્રંથ, સાહિત્ય ૧૬, ૨૧, ૮૦, | ૮૪, ૮૫, ૧૬૦, ૧૯૪, ૧૯૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ત્રિશરણ | ૧૬૨ |
| ત્રિશીર્ષ | ૭ |
| ત્વષ્ટા | ૫, ૭, ૮ |
| **દ** | |
| દક્ખિણેય્યગ્ગિ (દક્ષિણાગ્નિ) | ૨૧૩ |
| દક્ષિણા, સંદડ | ૨૧૬ |
| દક્ષિણાગ્નિ (જુઓ દક્ખિણેય્યગ્ગિ) | |
| દમુત્સી (જુઓ તમ્મુજ) | |
| દમૂનસૂ (જુઓ તમ્મુજ) | |
| દર્શન | |
| --બુધ્ધનું (તત્ત્વજ્ઞાન) ૧૩૭, | ૧૬૫, ૧૯૦ |
| --શ્રમણોનું (તત્ત્વજ્ઞાન) | ૬૩ |
| દસ | |
| --અકુશલ કર્મપથ | ૧૯૪ |
| --કુશલ કર્મપથ | ૧૯૪, ૧૯૫ |
| --પાપ | ૨૩૧ |
| --સેનાઓ મારની | ૧૧૭ |
| --દંડ ભિક્ષુઓને | ૧૪૩ |
| દંડાયન | ૨૬૦ |
| દાદૂપંથ | ૫૧ |
| દાન ૧૦, ૧૬૬, ૧૬૭, ૧૯૨, ૧૯૩, | ૧૯૪, ૨૦૧, ૨૦૨, ૨૧૬, ૨૩૩ |
| દાયભાગ, દાયાદ્ય, રાહુલનો | ૧૫૬ |
| દાસ ૩, ૪, ૫, ૮, ૧૦, ૧૪, ૩૩, | ૪૪, ૨૩૦, ૨૪૩ |
| --સંસ્કૃતિ ૧૪ (પ્રસ્તા.), ૧૫ (પ્રસ્તા.), | |
| દાહિ | ૪ |
| દિગમ્બરવ્રત | ૧૭૨ |
| દિનચર્યા બુધ્ધની ૨૬૫, ૨૬૬, ૨૭૩, | ૨૭૬ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| દિવોદાસ | ૫ |
| દીર્ઘાયુની વાર્તા | ૧૫૦ |
| દુઃખ ૮ (પ્રસ્તા.), ૧૧૭, ૧૨૩, ૧૨૫, ૧૨૬, ૧૬૬, ૧૬૭, ૧૭૩, ૧૭૪, | ૧૮૨ |
| —નું કારણ | ૧૨૫, ૧૨૬ |
| —નો નિરોધ ૮ (પ્રસ્તા.), ૧૨૪, | ૧૮૨ |
| —નો સમુદય ૮ (પ્રસ્તા.), ૧૨૩, | ૧૮૨ |
| —ના નિરોધનો માર્ગ ૮ (પ્રસ્તા.), | ૧૮૨ |
| —નિરોધ ગામિની પ્રતિપદા (આર્યસત્ય) | ૧૨૪ |
| —મનુષ્ય જાતિનું ૧૭૪, ૧૭૭, | ૧૮૨ |
| દઢનેમિ | ૨૨૨ |
| દષ્ટમંગલિકા | ૪૭, ૪૮, ૪૯ |
| દૃષ્ટિ | ૧૨૩, ૧૯૪ |
| દેવદત્ત ૧૮, ૭૯, ૧૪૭, ૧૪૮, ૧૪૯, | ૨૮૧ |
| દેવદહ | ૮૨, ૮૩, ૧૮૨ |
| દેવલોક | ૧૬૧, ૧૮૩ |
| દેશાભિમાન | ૨૦૪ |
| દેહદંડન (દેહદમન) ૪૫, ૫૩, ૮૮, ૧૦૬, ૧૦૮, ૧૧૨, ૧૨૩, ૧૨૬, | ૧૨૮, ૧૭૧, ૧૭૭ |
| —નો માર્ગ | ૧૭૧ |
| —બે છેડા | ૧૭૭ |
| દૌર્મનસ્ય | ૧૯૪ |


સૂ. ૨


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| દ્રોણ (માપ) | ૧૬૭ |
| દ્વારિકા | ૩૩ |
| દ્વેષ ૧૮૮, ૨૦૧, ૨૧૨, ૨૨૪ | ૨૩૧ |
| —વિતર્ક (વ્યાપાદ વિતર્ક) | ૨૦૯ |
| દ્વેષાગ્નિ | ૨૧૨ |


## ધ


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ધન, ચાર | ૨૩૫ |
| ધમ્મચક્ક પવત્તન ૮ (પ્રસ્તા.), | ૧૨૩ |
| ધમ્મતા | ૮૩ |
| ધમ્મપદ | ૨૧, ૧૯૬, ૨૦૧ |
| —અટ્ઠકથા | ૨૫, ૨૮, ૩૧ |
| ધર્મ (જુઓ બૌદ્ધધર્મ પણ) ૧૫૨ ૧૬૦, ૧૬૧, ૧૬૨, ૧૬૩, ૧૬૬, ૧૮૭, ૧૯૨, ૧૯૩, ૨૦૩, ૨૦૯, ૨૨૧, ૨૩૮, | ૨૫૫, ૨૬૦, ૨૭૪ |
| —અકુશલ | ૧૮૮ |
| —ના નવ અંગો ૩ (પ્રસ્તા.), ૪ (પ્રસ્તા.) | |
| —ચક્રપ્રવર્તન (ધમ્મચક્કપવત્તન) | ૮ (પ્રસ્તા.), ૧૨૩ |
| —પ્રચાર | ૨૬૧ |
| —બુદ્ધનો | ૧૨૩, ૨૧૮ |
| —બૌદ્ધ | ૨૦૫, ૨૦૬, ૨૦૭ |
| —માર્ગ | ૨૬૧ |
| —માર્ગ નવો, બુદ્ધનો ૧૨ (પ્રસ્તા.), ૧૨૧, ૧૨૨, ૧૩૧, | ૧૩૨, ૧૩૪, ૧૬૦ |
| —યુદ્ધ, ધર્મ્ય યુદ્ધ, ધાર્મિક યુદ્ધ | ૨૦૩, ૨૦૪ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| —વાક્ય | ૨૬૮ |
| —વાદી | ૨૨૯ |
| —વિનય | ૧૫૩ |
| —શાસ્ત્ર | ૨૬૦ |
| —સમ્પ્રદાય બુદ્ધનો | ૧૫૨ |
| —સૂત્ર | ૨૬૩ |
| —સૂત્ર, આપસ્તંબ | ૨૬૩ |
| —સૂત્રકાર | ૬૬ |

ધર્માચરણ
—કાયિક, ત્રણ (જુઓ કાયિક ધર્માચરણ)
—માનસિક, ત્રણ (જુઓ માનસિક ધર્માચરણ)
—વાચસિક, ચાર (જુઓ વાચસિક ધર્માચરણ)

ધર્મોપદેશ ૧૨૯, ૧૩૬, ૧૪૪, ૧૫૩, ૧૫૮, ૧૭૮, ૧૮૦, ૨૬૯, ૨૭૦, ૨૭૪, ૨૭૬, ૨૭૭, ૨૭૮, ૨૭૯, ૨૮૩
—બુદ્ધનો (જુઓ ઉપદેશ) ૮ (પ્રસ્તા.), ૭૭, ૧૨૧, ૧૨૪, ૧૨૯, ૧૩૫, ૧૪૧, ૧૫૧, ૧૮૦

ધોતોદન ૭૪

ધ્યાન ૮૭, ૮૮, ૮૯, ૯૦ ૧૬૦, ૨૬૬, ૨૬૭, ૨૭૭, ૨૭૯, ૨૮૦
—નાં ત્રણ પગથિયાં ૧૦૧
—ના છવ્વીસ વિષયો ૮૯
—ના પચ્ચીસ વિષયો ૮૯
—ચાર ૧૦૧, ૧૨૮
—માર્ગ ૮૮, ૧૧૪
—સમાધિ ૮૮, ૮૯ ૧૪૪, ૨૬૭ ૨૭૭, ૨૭૯, ૨૮૦

ધ્વજ બ્રાહ્મણ ૧૨૯

**ન**

નકુળ-સહદેવ ૩૭
નદી કાશ્યપ ૬૩, ૧૩૩, ૧૩૬
નવ અંગ (ધર્મના) ૩ (પ્રસ્તા.), ૪ (પ્રસ્તા.)
નવો ધર્મમાર્ગ ૧૨૨, ૧૩૧, ૧૩૨
નહુષ ૬
નાગો સાધુ ૫૭
નંદ ૭૫, ૧૩૬
નંદક (જુઓ નંદિક)
નંદવચ્છ ૧૭૦
નંદિક (નંદક) ૧૩૬
નંદિય ૧૪૯
નાગાર્જુન, નાગાર્જુનાચાર્ય ૧૧૯, ૧૨૦
નાથપુત્ત, નિગંઠ (જુઓ નિગંઠ નાથપુત્ત)
નામરૂપ ૧૨૦
નાલક ૩૧૪
નાલગિરિ, નાલગિરી, નીલગિરિ (જુઓ નીલગિરિ)
નાસ્તિક ૧૨ (પ્રસ્તા.), ૧૭૧, ૧૮૨, ૧૮૫, ૨૦૯, ૨૫૫
-૦-તા; નાસ્તિકતાનો આરોપ ૧૮૦, ૧૮૯, ૨૦૨, ૨૩૧
—મત ૨૦૯
-૦-વાદ ૧૭૧

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| નિગંઠનાથપુત્ત ૧૩૮, ૧૬૯, ૧૭૨, ૧૭૩, ૧૭૬, ૧૮૭, ૨૭૧, ૨૭૪ | |
| નિગ્રોધારામ | ૧૫૨, ૧૫૬ |
| નિઘંટુ | ૨૨૯ |
| નિધિકુંભી | ૯૬ |
| નિમિત્ત | ૧૫૭ |
| —અશુભ | ૧૫૮ |
| —શુભ | ૧૫૭ |
| નિયતિ, નિયતિવાદ | ૧૬૬, ૧૭૩ |
| નિયમ | |
| —અભિવૃદ્ધિના, સાત (જુઓ અભિવૃદ્ધિ) | |
| —આચારના (વર્તનના) | ૧૪૫ |
| —રચનાની પદ્ધતિ | ૧૫૪ |
| —વિનયના | ૧૫૪, ૧૬૩ |
| —સંઘના, અહિંસાત્મક | ૧૪૩ |
| નિરર્ગલ | ૨૧૧ |
| નિરોધ સમાધિ | ૨૮૩ |
| નિગ્રંથ ૧૦૫, ૧૬૯, ૧૭૦, ૧૭૨, ૧૭૩. ૧૭૪, ૧૮૬, ૧૯૦, ૨૪૦, ૨૪૩, ૨૫૪ | |
| —જૈન સાધુ (જુઓ શ્રમણ) | |
| —દર્શન, મત | ૧૭૩ |
| —નાથપુત્ત (જુઓ નિગણ્ઠ નાથપુત્ત) | |
| —શ્રમણ શ્રાવક (જુઓ શ્રમણ) | |
| —સંઘ | ૨૪૨ |
| નિર્ભયતા | ૧૧૦ |
| નિર્વાણ ૧૦૯, ૧૧૫, ૧૨૩, ૧૫૮, ૧૬૦, ૧૬૧, ૧૮૨, ૨૮૩ | |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| —માર્ગ | ૧૩૪, ૧૬૨ |
| નિવાપ | |
| —કલંદક | ૨૭૩ |
| —મોર | ૨૭૩ |
| નિર્માંસભક્ષી | ૨૬૧ |
| નિષાદ | ૨૪૨ |
| નિહિલિસ્ટ | ૧૯૦ |
| નીલગિરિ હાથી | ૧૮, ૧૪૭ |
| નીલાભિજાતિ | ૧૭૦ |
| નીવરણ, પાંચ | ૮૯ |
| નૈરંજન, નદી | ૧૧૪ |
| નૈરંજરા, નદી | ૧૧૮ |
| નૈષ્કર્મ્ય ( એકાંતવાસ ) | ૧૦૯ |
| નોહા | ૧૮૫ |
| **પ** | |
| પકુધ કચ્ચાયન (જુઓ કચ્ચાયન) | |
| પચ્ચવેક્ખણ (પ્રત્યવેક્ષણ) | ૧૪૭ |
| પચીસ વિષય | ૮૯ |
| —ધ્યાનના | ૮૯ |
| પટિઘ | ૧૬૧ |
| પટેલ ગોપાળદાસ જીવાભાઈ | ૨૫૨, ૨૫૩ |
| પઠાણ | ૧૮૯ |
| પડવણા (ગામ) | ૨૪ |
| પદાર્થ | ૧૭૯ |
| —સાત | ૧૬૮, ૧૭૨ |
| પરમશુક્લાભિજાતિ | ૧૭૦ |
| પરમહંસ | ૫૭ |
| પરમાણુ | ૨૫૭ |
| પરલોક ૧૬૭, ૧૬૮, ૧૯૨, ૧૯૩ | |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પરંતપ | ૨૧૪, ૨૧૫ |
| પરાશર | ૪૫, ૧૬૫ |
| પરિગ્રહ | ૧૪૪, ૧૪૫ |
| પરિચર્યાઓ, ચાર | ૨૩૪ |
| પરિદેવ | ૧૮૧ |
| પરિનિર્વાણ | |
| —પાર્શ્વમુનિનું | ૫૨ |
| —બુદ્ધનું ૩ (પ્રસ્તા.), ૫ (પ્રસ્તા.), ૧૨ (પ્રસ્તા.), ૧૮, ૨૪, ૪૦, ૭૩, ૯૭, ૧૧૮, ૧૩૮, ૧૪૫, ૧૫૫, ૧૫૯, ૧૬૩, ૨૩૬, ૨૩૮, ૨૩૯, ૨૪૭. ૨૪૮, ૨૬૨, ૨૬૪, ૨૬૫, ૨૮૩, ૨૮૪ | |
| પરિપકવ કર્મ | ૧૬૭ |
| પરિવ્રાજક (જુઓ 'શ્રમણ') ૭૧, ૮૬, ૮૯, ૯૦, ૯૧, ૯૪, ૯૫, ૯૯, ૧૦૧, ૧૦૩, ૧૩૦, ૧૩૪, ૧૫૯, ૧૮૯, ૨૩૮, ૨૬૮, ૨૭૨, ૨૭૩, ૨૭૭, ૨૮૦ | |
| —બીજા પંથોના | ૮૯, ૯૦ |
| —તપસ્વી | ૪૫ |
| —ધર્મ | ૨૩૦ |
| —પરિશુદ્ધ કર્મ | ૧૧૦, ૧૧૧ |
| પરિષદ્, ભિક્ષુઓની પહેલી | ૧૩૮ |
| પરીક્ષિત | ૧૧, ૧૩, ૧૪, ૪૪ |
| પર્જન્ય (દેવતા) | ૨૨૬ |
| પસેનાદિ (પ્રસેનજીત) ૧૬, ૧૯, ૨૦, ૨૧, ૩૯, ૫૯, ૬૮, ૮૦, ૮૧, ૯૩, ૧૯૮, ૨૧૦ | |
| પહેલી ભિક્ષુ પરિષદ્ | ૧૩૮ |
| પંચગોરસ | ૨૪૭, ૨૪૮ |
| પંચવર્ગીય ભિક્ષુ ૧૧૯, ૧૨૧, ૧૨૨, ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૩૫, ૧૩૬, ૧૭૮, ૨૬૫, ૨૬૮ | |
| —સંઘ | ૧૩૧ |
| પંચસ્કંધ | ૧૭૯, ૧૮૨ |
| પંચાલ—પાંચાલ | ૧૫, ૨૮ |
| પંચેંદ્રિય | ૧૫૭ |
| પંજાબ ૧૩ (પ્રસ્તા.), | ૩, ૯ |
| પાચિત્તિય | ૧૪૩ |
| પાતાળ | ૨ |
| પાતિમોક્ખ | ૧૪૫ |
| પાપ, પાપકર્મ, પાપાચાર, પાતક ૧૫૪, ૧૬૬, ૧૬૯, ૧૭૩, ૧૮૧, ૧૯૦, ૧૯૫, ૧૯૭, ૨૦૨, ૨૦૯, ૨૧૧, ૨૨૫, ૨૩૧. ૨૩૪, ૨૩૫, ૨૩૭ | |
| —કર્મ કાયિક | ૨૦૨ |
| —કર્મ માનસિક | ૨૦૨ |
| —કર્મ વાચસિક | ૨૦૨ |
| —કારકવૃત્તિઓ | ૨૬૬ |
| —દશ | ૨૩૧ |
| —લજ્જા | ૧૪૧ |
| પારસનાથ, પાર્શ્વનાથ, પાર્શ્વમુનિ ૨૦, ૫૨, ૧૬૯, ૧૭૨ | |
| પારિલેય્યક વન | ૧૪૯, ૨૮૦ |
| પાર્શ્વમુનિ (જુઓ પારસનાથ) | |
| પાલિ સાહિત્ય ૧ (પ્રસ્તા.), ૧૫ (પ્રસ્તા.), ૫૧, ૭૩, ૧૫૫, ૧૬૬, ૨૨૬, ૨૬૨ | |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પાવા | ૨૩, ૨૪ |
| પાવાનગરી | ૨૮૪ |
| પાવારિક (શ્રેષ્ઠી) | ૨૭ |
| પાવારિકારામ | ૨૮ |
| પાંચ | |
| —ઉપાદાનસ્કંદ | ૧૨૩ |
| —ગુણ બુદ્ધના | ૨૭૬ |
| —વિભાગ આત્માના | ૧૭૯ |
| —સંવર | ૨૦૮ |
| —સ્કંધ | ૧૨૩, ૧૮૨ |
| પાંચાલ (જુઓ પંચાલ) | |
| પાંડવ | ૧૧, ૩૭, ૩૮ |
| —કુળ | ૩૭, ૩૮ |
| —પર્વત | ૧૭, ૧૦૩ |
| પિપ્ફલી ગુફા | ૨૭૯ |
| પિલ્લે, દિ. બ. સ્વામીકન્નૂ | ૭૩ |
| પિંગલ કૌત્સ | ૧૩૯ |
| પિંડપાત | ૧૪૬, ૧૫૭, ૨૬૪, ૨૮૦ |
| પિંડોલ ભારદ્વાજભિક્ષુ | ૨૭ |
| પુક્કુસાતિ | ૩૨ |
| પુજારી | ૬૦, ૬૧ |
| પુણ્ણજી (પૂર્ણજિત) | ૧૩૨, ૧૩૬ |
| પુણ્ણમતાણિપુત્ત (પૂર્ણમૈત્રામણીપુત્ર) | ૧૩૬ |
| પુણ્ય | ૧૬૬ |
| પુનર્જન્મ | ૧૫૭, ૧૮૦ |
| પુરંદર | ૫ |
| પુરાણ | ૬૦, ૬૧, ૨૦૫, ૨૪૬ |
| ‘પુરાતત્ત્વ’ ગુજરાતી ત્રૈમાસિક પત્રિકા | ૧૧, ૨૫૧ |
| પુરુષમેધ | ૨૧૧ |
| પુરુષસૂક્ત | ૨૨૫, ૨૨૯ |
| પુર્તગાલી (જુઓ પોર્તુગીઝ) | |
| પૂજા દેવતાઓની | ૬૦, ૬૧ |
| પૂરણ કસ્સપ (કાશ્યપ) | ૫૮, ૧૩૮, ૧૩૯, ૧૬૬, ૧૬૯, ૧૭૦, ૧૭૬, ૧૭૭, ૨૭૧, ૨૭૪ |
| પૂર્ણજીત (જુઓ પુણ્ણજી) | |
| પૂર્વજન્મ | ૧૨૬, ૧૬૯, ૧૭૩, ૧૭૪, ૧૭૭, ૧૯૦ |
| પૂર્વારામ | ૨૦, ૨૭૮ |
| પૃથ્વીકાય | ૨૦૮, ૨૫૭ |
| પૃથ્વીપરમાણુ | ૨૫૮ |
| પેરી કમોડોર | ૧૪ (પ્રસ્તા.) |
| પેશવા | ૮ |
| પેશવાઈ | ૧૩ (પ્રસ્તા.) |
| પૈગમ્બર મુહમ્મદ | ૨૦૪ |
| પોક્ખરસાતિ (પૌષ્કરસાદિ) | |
| બ્રાહ્મણ | ૪૨, ૨૧૮, ૨૨૭ |
| પોર્તુગીજ (પુર્તગાલિ) | ૧૨, ૧૩ |
| પૌલોમ | ૭ |
| પૌશ્કરસાદિ (જુઓ પોક્ખરસાતિ) | |
| પ્રજાપતિ | ૬૩, ૧૮૫, ૧૯૮, ૨૦૦ |
| પ્રજ્ઞા | ૧૦૯, ૧૧૫, ૧૧૬, ૧૨૩ ૧૬૦, ૧૮૨, ૨૩૫, ૨૭૬ |
| પ્રતર્દન | ૬, ૭ |
| પ્રતાપસિંહ | ૩૯ |
| પ્રતિપદા (આર્યસત્ય) | ૧૨૩ |
| પ્રતિમોક્ષ | ૨૭૬ |
| પ્રતિલોમ જાતિ | ૨૪૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પ્રતીત્યસમુત્પાદ | ૧૧૯, ૧૨૦ |
| પ્રત્યવેક્ષણ ( જુઓ પચ્ચવેક્ખન ) | |
| પ્રથમ ધ્યાન | ૮૮, ૮૯, ૧૦૧, ૧૧૪ |
| —ના છવ્વીસ વિષય | ૮૯ |
| પ્રદ્યોત ( જુઓ ચંડપ્રદ્યોત ) | |
| પ્રધાન બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર | ૨૪૨ |
| પ્રવારણા | ૧૫૩ |
| પ્રવાહણ જૈવલિ | ૬૪ |
| પ્રવિવિક્ત | ૫૪ |
| -૦-તા | ૫૪ |
| પ્રવિવિત્ત | ૫૨ |
| પ્રવેણી-પુસ્તક | ૩૦૪ |
| પ્રવ્રજીત | ૧૯૫ |
| પ્રવ્રજ્યા | ૪૫, ૫૩, ૭૯, ૮૭, ૯૧, ૯૪, ૯૫, ૯૯, ૧૦૦, ૧૦૨, ૧૩૦, ૧૩૩, ૧૩૭, ૧૫૩, ૧૫૬, ૧૫૯, ૨૫૭ |
| —સ્ત્રીઓની | ૧૫૨, ૧૫૩ |
| પ્રસેનજિત્ ( જુઓ પસેનદિ ) | |
| પ્રસ્થાન માસિક પત્રિકા | ૨૫૨ |
| પ્રહ્લાદ | ૭ |
| પ્રાણી હિંસા | ૨૬૦ |
| પ્રાચીન વંસદાય ઉપવન | ૧૫૦, ૧૫૧ |
| પ્રતિમોક્ષ | ૧૪૫ |
| પ્રાયશ્ચિત્ત | ૧૬૪ |
| પ્રાસાદ, ત્રણ, વિપસ્સી રાજકુમારના | ૧૦ ( પ્રસ્તાવના ) |
| પ્રેતશય્યા | ૨૬૬ |
| પ્રેષિતાત્મા | ૧૧૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **ફ** | |
| ફર્વરદીન યાસ્ત | ૪ |
| ફ્રાંસ | ૨૨૪ |
| **બ** | |
| બક્કુલ ( વક્કુલ ) | ૧૩૬ |
| બત્રીસ લક્ષણ | ૮૪ |
| બનારસ | ૩૪, ૧૨૨ |
| બર્નુફ | ૨૦૫ |
| બલિ, બલિકર્મ, બલિદાન | ૬૦, ૬૧, ૬૨, ૨૨૪, ૨૬૧ |
| —પૂજામાં પ્રાણિઓનો | ૧૧ |
| —સાથે યજ્ઞયાગ | ૧૩, ૧૪ |
| બંધન ( સંયોજન ) ત્રણ | ૧૬૧ |
| બંધુમતી | |
| —નગરી | ૨૮૬ |
| —રાણી | ૨૮૬ |
| બંધુમા રાજા | ૨૮૬, ૨૮૯, ૨૯૦, ૨૯૧, ૨૯૨ |
| બાઈબલ | ૧૬ ( પ્રસ્તા. ) ૧૮૪, ૧૮૫ |
| બાજીરાવ છેલ્લો | ૧૩ ( પ્રસ્તા. ) |
| બાણ કવિ | ૨૦૬ |
| બાદરાયણ વ્યાસ | ૬૫ |
| બાવાઓ | ૫૧, ૫૬ |
| બાબીલોનિયા ( બેબીલોનિયા ) | ૩, ૪, ૬ |
| બાબીલોની લોક | ૨, ૩ |
| —સાહિત્ય | ૨ |
| બારદ્દેશ | ૧૩ |
| બાળલગ્ન | ૬૯ |
| બાવરી ( બ્રાહ્મણ ) | ૨૯ |

વિષય પૃષ્ઠ

બાસઠ
—મત ૫૧
—શ્રમણપંથ (જુઓ શ્રમણપંથ)
બાહિય ૧૫૧
બિહાર પ્રાંત ૧૮
બિન્દુમાધવનું મંદિર ૫૮
બિંબિસાર ૧૬, ૧૭, ૧૯, ૩૨, ૩૮, ૪૨, ૫૯, ૬૮, ૮૬, ૯૩, ૧૦૦, ૧૦૨, ૧૩૪, ૧૭૪, ૧૭૫, ૨૧૭, ૨૧૮
બુદ્ધ
—નો આત્મવાદ ૭૨
—નો એકાંતવાસ ૨૭૫, ૨૭૬, ૨૭૭
—નો કાળ, સમય, વખતની હૈયાતી ૧૧, (પ્રસ્તાવના), ૧૫, ૧૬, ૨૦, ૨૫, ૨૮, ૪૪, ૫૧, ૬૦, ૬૨, ૭૦, ૧૩૮, ૧૫૯, ૧૬૦, ૧૬૨, ૧૬૫, ૧૬૯, ૧૭૨, ૧૭૬, ૧૮૨, ૧૮૬, ૧૯૧, ૧૯૮, ૨૦૭, ૨૧૩, ૨૨૬, ૨૩૯, ૨૫૭, ૨૬૨, ૨૭૦
—નું ચરિત્ર ૧૨ (પ્રસ્તા.), ૭૭
—નો જન્મ ૧૫, ૫૨, ૭૪, ૭૫
—નું દર્શન ૧૮૨
—નો ધર્મમાર્ગ ૧૬૦
—નો ધર્મોપદેશ (જુઓ ધર્મોપદેશ પણ) ૭૭
—નું પરિનિર્વાણ (જુઓ પરિનિર્વાણ) ૭૩

વિષય પૃષ્ઠ

—નું ઘડપણ (ઉત્તરાવસ્થા) ૭૭
—નો ભિક્ષુસંઘ (જુઓ ભિક્ષુસંઘ)
—નો માંસાહાર ૨૪૭
—નો મિતાહાર ૨૬૭
—નું યજ્ઞવિધાન ૨૨૪
—નું શાસન ૧૯૫
—કાશ્યપ ૨૫૫, ૨૫૭
—ની આત્મશુદ્ધિ ૫૫, ૫૬
—ની મુખકાન્તિ ૨૬૫, ૨૬૬
—ની જન્મતિથિ ૧૧ (પ્રસ્તા.), ૧૨, ૭૩
—ની દંતધાતુ ૧૨
—ની દિનચર્યા ૨૬૫, ૨૬૬, ૨૭૩, ૨૭૬
—નું મૃત્યુ ૬૭
—ના પાંચ ગુણ ૧૭૬
—ના પાંચ શિષ્યો ૧૭
—ના ભિક્ષુઓ ૧૭
–૦–ગયા ૯૬, ૧૧૮
—ગૌતમ (જુઓ ગૌતમ) ૬૩
–૦–ઘોષ, બુદ્ધઘોષાચાર્ય ૨ (પ્રસ્તા.), ૩ (પ્રસ્તા.), ૫ (પ્રસ્તા.), ૧૫ (પ્રસ્તા.), ૫૬, ૭૫, ૮૯, ૧૨૦, ૨૪૭
–૦–ત્વપ્રાપ્તિ ૨૬૪, ૨૬૮
—પૌરાણિક ૨૦૫
—ભગવાન ૧૨, (પ્રસ્તા.), ૧૩, (પ્રસ્તા.), ૧૪ (પ્રસ્તા.), ૧૫ (પ્રસ્તા.), ૧૬, ૧૭,

વિષય પૃષ્ઠ

૧૮, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૫, ૩૮, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૫૦, ૫૨, ૫૬, ૬૩, ૬૭, ૭૦, ૭૨, ૭૩, ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯, ૮૭, ૯૧, ૯૩, ૯૪, ૧૦૨, ૧૧૩, ૧૧૪, ૧૧૭, ૧૧૮, ૧૧૯, ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૨૪, ૧૨૫, ૧૨૬, ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૩૨, ૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૪૨, ૧૪૩, ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૫૦, ૧૫૧, ૧૫૨, ૧૫૩, ૧૫૪, ૧૫૫, ૧૫૬, ૧૫૭, ૧૫૮, ૧૫૯, ૧૬૦, ૧૬૧, ૧૬૨, ૧૬૩, ૧૬૪, ૧૬૫, ૧૬૬, ૧૬૯, ૧૭૦, ૧૭૨, ૧૭૩, ૧૭૪, ૧૭૭, ૧૭૮, ૧૭૯, ૧૮૦, ૧૮૧, ૧૮૨, ૧૮૩, ૧૮૬, ૧૮૭, ૧૮૮, ૧૮૯, ૧૯૦, ૧૯૧, ૧૯૯, ૨૦૦, ૨૦૫, ૨૦૬, ૨૦૭, ૨૧૦, ૨૧૧, ૨૧૨, ૨૧૩, ૨૧૪, ૨૧૬, ૨૧૭, ૨૧૮, ૨૨૧, ૨૨૪, ૨૨૬, ૨૨૭, ૨૨૮, ૨૨૯, ૨૩૦, ૨૩૧, ૨૩૨, ૨૩૩, ૨૩૪, ૨૩૫, ૨૩૬, ૨૩૮, ૨૩૯, ૨૪૦, ૨૪૫, ૨૪૬, ૨૪૭, ૨૪૮, ૨૫૫, ૨૫૭, ૨૬૨, ૨૬૩, ૨૬૫, ૨૬૬, ૨૬૭, ૨૬૮, ૨૬૯, ૨૭૧, ૨૭૨, ૨૭૩, ૨૭૪, ૨૭૫, ૨૭૬, ૨૭૭, ૨૭૮, ૨૭૯, ૨૮૦, ૨૮૧, ૨૮૨, ૨૮૩, ૨૮૪, ૨૮૫, ૨૯૯, ૩૦૦, ૩૦૧, ૩૦૨

—સ્મૃતિવાન ૧૧૭

—બુદ્ધાવતાર (વિષ્ણુનો) ૨૦૫

બુદ્ધોપદેશ (જુઓ ધર્મોપદેશ)

બૃહદારણ્યક ઉપનિષદ ૧૫ (પ્રસ્તા.), ૬૩, ૧૭૫, ૧૮૪, ૧૮૫, ૨૨૬

બૃહસ્પતિ ૧૦

બેલટ્ઠપુત્ત, સંજય (જુઓ સંજય બેલટ્ઠપુત્ત)

બેલુવ ૨૮૩, ૨૮૪

બેબીલોનિયા (જુઓ બાબીલોનિયા) ૩, ૬

બોજ્ઝંગ (બોધ્યંગ), સાત ૨૭૯, ૨૮૧

બોધનો માર્ગ ૮૮, ૧૧૪

બોધિવૃક્ષ ૯૬, ૧૧૮, ૧૧૯, ૧૨૧, ૨૬૫

બોધિસત્ત્વ ૩૫, ૩૮, ૪૩, ૬૨, ૬૩, ૬૮, ૭૪, ૭૫, ૮૧ થી ૧૦૮, ૧૧૦, ૧૧૨ થી ૧૧૪, ૧૧૭ થી ૧૧૯, ૧૨૧, ૧૩૦, ૧૩૧, ૧૩૫, ૧૩૮, ૧૪૦, ૧૫૭, ૧૭૭, ૧૮૯

—નો ઉપવાસ ૧૦૭

—નો એકાંતવાસ ૧૦૩

વિષય પૃષ્ઠ

—નું કુળ અને બાળપણ ૩૮,
—નો ગૃહત્યાગ ૩૮, ૭૪, ૭૭, ૮૮, ૯૦, ૯૫, ૯૬, ૯૭, ૯૮, ૧૩૦, ૧૫૭
—નું ગોત્ર ૮૬
—નો જન્મ ૪૫, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪
—નું જન્મસ્થાન ૩૫, ૩૬, ૭૫, ૮૦, ૮૩
—નો તત્ત્વબોધ ૮૮, ૯૦
—નું દર્શન (તત્ત્વજ્ઞાન) ૧૯૧
—નું દેહદણ્ડન ૮૮, ૧૦૮
—નો ધર્મમાર્ગ ૧૩૧
—નો ધર્મોપદેશ ૯૦
—નું નામ ૮૫, ૮૬ ૮૭
—નો પ્રકૃતિપ્રેમ ૧૦૫
—નું પ્રથમ ધ્યાન ૮૮, ૮૯, ૯૦
—નો પ્રેમમય સ્વભાવ ૮૯
—નું બાળપણ ૮૮
—નું ભવિષ્ય ૮૩, ૧૩૦
—નો વિવાહ (નું લગ્ન) ૯૬
—નું વૈરાગ્ય ૯૩
—નો સમાધિપ્રેમ ૮૭
—ની કાંતિ ૧૦૩
—ની તત્ત્વજ્ઞાનસમીક્ષા ૧૦૦
—ની ધાર્મિક વૃત્તિ ૮૮
—ની પ્રવ્રજ્યા ૯૯, ૧૦૨
—ની પ્રવ્રજ્યાનાં ત્રણ કારણ ૯૫
—ની માતા ૮૨
—ની યુવાવસ્થા (જુવાની) ૯૦, ૯૬

વિષય પૃષ્ઠ

—ની લક્ષણ સંપન્નતા સંપત્તિ ૮૪, ૧૦૨
—ની સમાધિનો વિષય ૮૮
— સંન્યાસદીક્ષા ૧૦૧
—ની હઠયોગસાધના ૧૦૭
—ના ગૃહત્યાગનું કારણ ૯૦, ૯૨
—નાં બત્રીસ લક્ષણો ૮૪
—બત્રીસ હજાર ૧૩૮
બોધિસત્ત્વાવસ્થા ૧૧૩
—ગૌતમની ૨૬૫, ૨૬૮
બોધ્યંગ, સાત (જુઓ બોજ્ઝંગ)
બૌદ્ધ ૧૩, ૪૨, ૨૦૫, ૨૪૪, ૨૪૫, ૨૫૮, ૨૫૯, ૨૬૧
—ગ્રન્થ, સાહિત્ય, વાઙ્મય ૧૩, ૨૯, ૩૦, ૩૮, ૬૦, ૬૩, ૬૭, ૮૨, ૧૩૧, ૧૮૨
—ચિત્રકલા ૬૧, ૧૧૮, ૧૧૯
—જનતા ૧૬૨
—દર્શન, ધર્મ, મત, સમ્પ્રદાય ૧૨ (પ્રસ્તા.), ૧૪ (પ્રસ્તા.), ૩૧, ૪૪, ૫૦, ૬૧, ૭૨, ૯૦, ૧૨૯, ૧૫૨, ૧૫૫, ૧૭૫, ૨૦૪, ૨૦૫, ૨૦૬, ૨૦૭, ૨૩૯
—૦–ધર્મની અવનતિ ૨૩૮
—ભિક્ષુસંઘ ૨૪૪, ૨૪૫
—શ્રમણ (જુઓ 'શ્રમણ' પણ) ૧૩૯, ૧૪૦, ૨૪૫
—સંઘ ૯૭, ૧૩૯, ૧૪૭, ૧૬૧, ૨૪૦, ૨૪૬, ૨૬૮, ૨૭૮

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| -૦-સંઘની કર્તવ્યનિષ્ઠા | ૧૩૯ |
| —સંસ્કૃતિ | ૧૩, ૨૪૬ |
| બ્રહ્મ | ૧૮૪, ૧૮૫, ૨૨૬ |
| બ્રહ્મચર્ય | ૬૪, ૯૪, ૧૧૫, ૧૫૩, ૧૫૭, ૧૫૮, ૧૬૭, ૧૬૯, ૧૮૨, ૨૦૮, ૨૦૯, ૨૮૨ |
| બ્રહ્મચારી | ૧૪૩ |
| બ્રહ્મતત્ત્વ | ૧૮૫ |
| બ્રહ્મદત્ત (રાજા) | ૧૮, ૪૫, ૬૨ |
| બ્રહ્મદેવ, બ્રહ્મા | ૪૭, ૬૨, ૧૧૮, ૧૭૧, ૧૮૩, ૧૮૪, ૧૮૫, ૨૨૯, ૨૩૦, ૨૩૬, ૨૩૯ |
| બ્રહ્મદેશ | ૬૯, ૨૪૬, ૨૮૧ |
| બ્રહ્મબંધુ | ૨૫૫ |
| બ્રહ્મલોક | ૫૦, ૧૬૧ |
| બ્રહ્મલોકપરાયણ | ૬૨ |
| બ્રહ્મ-વિહાર, ચાર | ૯૦ |
| બ્રહ્મસમાજ | ૧૬ (પ્રસ્તા.), |
| બ્રહ્મહત્યા | ૨૨૫ |
| બ્રહ્મા (જુઓ બ્રહ્મદેવ) | |
| બ્રાહ્મણ | ૧૦, ૧૩, ૨૪, ૨૫, ૩૩, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૯, ૫૦, ૫૬, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૬, ૮૩, ૧૦૫, ૧૦૬, ૧૧૦, ૧૧૧, ૧૨૧, ૧૨૯, ૧૩૦, ૧૩૮, ૧૪૨, ૧૫૮, ૧૬૩, ૧૬૫, ૧૬૭, ૧૭૧, ૧૭૬, ૧૮૧, ૧૮૪, ૧૮૬, ૧૯૦, ૧૯૧, ૧૯૭, ૧૯૮, ૧૯૯, ૨૦૦, ૨૦૬, ૨૦૭, ૨૦૮, ૨૦૯, ૨૧૧, ૨૧૨, ૨૧૩, ૨૧૪, ૨૧૫, ૨૧૬, ૨૧૭, ૨૧૮, ૨૧૯, ૨૨૫, ૨૨૬, ૨૨૭, ૨૨૮, ૨૨૯, ૨૩૦, ૨૩૧, ૨૩૨, ૨૩૩, ૨૩૪, ૨૩૫, ૨૩૬, ૨૩૭, ૨૩૮, ૨૩૯, ૨૪૦, ૨૪૨, ૨૪૩, ૨૪૫, ૨૫૭, ૨૫૯, ૨૬૦, ૨૬૯, ૨૭૧, ૨૭૪, ૨૭૭ |
| —ગ્રંથ | ૧૫ (પ્રસ્તા.), ૪૧ |
| —જાતિ | ૪૨ |
| —ધર્મ | ૧૩ (પ્રસ્તા.), ૨૦૬, ૨૩૯ |
| —સંસ્કૃતિ, બ્રાહ્મણ સંસ્કૃતિ | ૧૧-૧૨, ૧૪ (પ્રસ્તા.) |


**ભ**


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ભગવતી સૂત્ર | ૨૫૩ |
| ભગવદ્‌ગીતા (જુઓ ગીતા) | |
| ભગવાન્, ભગવાન બુદ્ધ (જુઓ બુદ્ધ ભગવાન) | |
| ભૃગુ | ૭૯ |
| ભદ્દવગ્ગીય | ૧૩૩ |
| ભદ્દવતી (હાથણી) | ૩૦ |
| ભાદ્દય (ભદ્રિક) | ૧૩૦, ૧૩૧, ૧૩૬ |
| ભદ્દિય રાજા | ૭૮, ૭૯ |
| ભદ્રબાહુ | ૨૪૨ |
| ભદ્રવતી | ૨૭ |
| ભદ્રવર્ગીય ભિક્ષુ | ૧૩૩ |
| ભદ્રા | ૨૦૮ |
| ભદ્રા કુણ્ડલકેશા | ૬૭ |
| ભદ્રિક (ભદ્દિય) | ૧૩૦, ૧૩૧, ૧૩૬ |
| ભયભૈરવ | ૧૧૦, ૧૧૧, ૧૧૨ |
| ભરતખંડ | ૧૪ (પ્રસ્તા.) |
| ભરંડુ કાલામ (જુઓ કાલામ-ભરંડુ) | |
| ભવ | ૧૨૦ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ભવતૃષ્ણા | ૧૨૩ |
| ભવભૂતિ | ૫૦, ૨૬૦ |
| ભાગલપુર | ૨૭૭ |
| ભાગવત, શ્રીમદ્ભાગવત | ૧૦, ૨૦૫ |
| ભાબ્રૂના શિલાલેખો | ૭ (પ્રસ્તા), ૯ (પ્રસ્તા.), ૧૦ (પ્રસ્તા.) |
| ભારદ્વાજ બ્રાહ્મણ | ૧૪૧ |
| —બ્રાહ્મણ તરુણ | ૨૨૭, ૨૨૯ |
| ભાવના | |
| —અશુભ | ૧૫૮ |
| —શુભ | ૧૫૮ |
| ભાંડગ્રામ | ૨૮૪ |
| ભિક્ષા | ૨૬૪, ૨૬૬, ૨૭૫, ૨૭૯, ૩૧૪, ૩૧૬ |
| ભિક્ષાટન | ૮૯, ૧૦૪, ૧૪૧, ૧૫૬, ૨૬૬, ૨૭૨, ૨૭૭, ૨૭૯, ૩૧૬ |
| ભિક્ષુ | ૭૦, ૭૨, ૭૯, ૮૯, ૯૦, ૧૦૨, ૧૦૯, ૧૧૩, ૧૧૪, ૧૨૯, ૧૩૦, ૧૩૪, ૧૩૫, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૨, ૧૪૩, ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૫૦, ૧૫૧, ૧૫૨, ૧૫૩, ૧૫૪, ૧૫૯, ૧૬૦, ૧૬૨, ૧૬૩, ૧૬૪, ૧૭૮, ૧૭૯, ૧૮૦, ૧૯૫, ૨૪૬, ૨૪૯, ૨૫૦, ૨૫૭, ૨૬૭, ૨૬૯, ૨૭૦, ૨૭૬, ૨૭૮, ૨૭૯, ૨૮૦, ૨૮૧, ૨૮૨, ૨૮૩ |
| —૦—ઓની આઠ આવશ્યક ચીજો | ૧૪૫ |
| —૦—ઓની પહેલી પરિષદ | ૧૩૮ |
| —૦—ઓની સંખ્યા | ૧૩૭, ૧૩૮, ૧૩૯ |
| —પંચવર્ગીય (જુઓ પંચવર્ગીય ભિક્ષુ) | |
| —૦—શ્રાવક | ૭૯ |
| —૦—સંઘ | ૩ (પ્રસ્તા.), ૧૭, ૨૦, ૩૨, ૩૫, ૪૩, ૭૭, ૯૬, ૧૩૧, ૧૩૨, ૧૩૩, ૧૩૬ ૧૩૮, ૧૩૯, ૧૪૨, ૧૪૪, ૧૪૫, ૧૪૮, ૧૪૯, ૧૫૩, ૧૫૪, ૧૫૬, ૧૫૯, ૧૬૦, ૧૬૩, ૧૮૧, ૧૯૯, ૨૧૦, ૨૪૦, ૨૪૪, ૨૪૫, ૨૫૪, ૨૬૮, ૨૬૯, ૨૭૦, ૨૭૧, ૨૭૨, ૨૭૬, ૨૭૮, ૨૮૦, ૨૮૩, ૨૮૪ |
| —૦—સંઘ બુદ્ધનો | ૨૦, ૨૭, ૨૮, ૨૪૦, ૨૪૪, ૨૬૮, ૨૭૧, ૨૭૬, ૨૭૮, ૨૮૦ |
| —૦—સંઘની સાદાઈ | ૧૪૪ |
| ભિક્ષુ સંપ્રદાય | ૨૭૨, ૨૭૮ |
| ભિક્ષુણી | ૯૭, ૧૫૨, ૧૫૩, ૧૫૪, ૧૫૫, ૧૬૦, ૧૬૧, ૧૬૨, ૧૭૦, ૨૫૦, ૨૭૬ |
| —૦—સંઘ | ૧૫૨, ૧૫૩, ૧૫૪, ૧૫૫, ૧૫૬ |
| —૦—સંઘની સ્થાપના | ૧૫૨ |
| ભીમસેન | ૩૭ |
| ભૂત, ચાર | ૧૬૭ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ભૂતભવ્ય | ૧૮૪ |
| ભોગનગર | ૨૮૪ |
| ભોજ બ્રાહ્મણ | ૧૨૯ |
| ભ્રાન્તિ | ૧૯૪ |

**મ**

મક્ખલિ ગોસાલ ૫૮, ૧૩૮, ૧૩૯, ૧૬૬, ૧૭૦, ૧૭૨, ૧૭૬, ૨૫૨, ૨૭૧, ૨૭૪
મગધ ૧૬, ૧૮, ૧૯, ૨૨, ૨૪, ૩૦, ૬૮
—(જાતિ) ૭૭, ૮૧, ૧૦૨
—(દેશ) ૨૪, ૩૫, ૫૯, ૬૩, ૨૧૭
—રાજકુળ ૩૫
—રાજા ૮૧, ૧૦૪, ૨૧૭
મચ્છ (મત્સ્ય) દેશ ૧૫, ૨૮
મજૂર ૫૦
મત્સ્ય (જુઓ મચ્છ)
—રાજકુળ ૩૭
મથુરા (જુઓ મધુરા)
મદ્દ (મદ્ર) રાષ્ટ્ર ૨૪
મદ્દી (માદ્રી) ૨૪
મધુપર્ક વિધિ ૨૬૦
મધુરા (મથુરા) ૨૯, ૩૧, ૨૩૬, ૨૩૯
મધ્યમ માર્ગ ૧૭, ૯૬, ૧૨૩, ૧૨૮, ૧૪૦, ૧૮૦, ૧૯૦, ૨૬૮
મનઃસુચરિત ૧૮૮
મનુસ્મૃતિ ૨૦૨, ૨૦૩, ૨૪૩, ૨૬૩
મનોદુશ્ચરિત ૧૮૮

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| મનોદોષ | ૧૪૧ |
| મનોધર્મ | ૧૨૮ |
| મનોનિગ્રહ | ૧૦૧ |
| —નો માર્ગ | ૧૦૧ |

મરણધર્મી ૯૪, ૯૫, ૧૯૫, ૧૯૬
મરાઠા, મરાઠા સરદાર ૧૩ (પ્રસ્તા.)
મલ્લ ૨૩, ૩૯, ૪૦
—જાતિ ૧૫, ૨૨, ૨૩, ૩૯, ૪૦, ૬૭, ૭૯, ૮૧, ૨૮૪
મહમૂદ ગજનવી ૧૩ (પ્રસ્તા.)
મહા કચ્ચાયન, મહાકાત્યાયન (જુઓ કાત્યાયન)
મહાકપ્પિન (જુઓ કપ્પિન)
મહાકસ્સપ (મહાકાશ્યપ) ૧૩૬, ૨૭૯
મહાચુંદ ૨૮૧
મહાજનસત્તાક
—પદ્ધતિ, શાસનપ્રણાલિ ૧૫
—રાજ્ય ૨૨, ૩૯
મહાનામ શાક્ય ૨૧, ૩૯, ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૮૦, ૧૩૧, ૧૩૬
મહાપારણિક ૧૩૬
મહાપ્રજાપતિ ગૌતમી, ગૌતમી ૮૨, ૮૬, ૯૯, ૧૫૨, ૧૫૩, ૧૫૪
મહાબોધિવૃક્ષ (જુઓ બોધિવૃક્ષ)
મહાબ્રહ્મા ૧૮૩
મહાભારત ૧૧, ૨૨૫
મહાભૂત, ચાર ૧૭૧, ૧૭૬
મહામોગ્ગલ્લાન, મહામૌદ્ગલ્યાયન, મૌદ્ગલ્યાયન (જુઓ મોગ્ગલ્લાન)
મહાયજ્ઞ ૨૧

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| મહામાન પંથ, સંપ્રદાય | ૧૧૯, ૧૩૮, ૧૫૫ |
| મહાવગ્ગ | ૨૬૫, ૨૬૮, ૨૭૮ |
| મહાવ્રત | ૧૮૭, ૨૭૯, ૨૮૪ |
| મહાવિજીત | ૨૧૯, ૨૨૦, ૨૨૧ |
| મહાવીર સ્વામી | ૧૬૯, ૧૭૨, ૧૮૯, ૨૫૨ |
| મહી નદી | ૨૪૦ |
| મંગોલિયા | ૨૪૬ |
| મણ્ડલમાલ | ૨૭૨ |
| મન્તી ( મંત્રી ) બ્રાહ્મણ | ૧૨૯ |
| મંત્રાહુતિ | ૨૫૬ |
| મંત્રી ( જુઓ મન્તી ) | |
| મંદ ચારિકા | ૨૬૭ |
| માગધ | ૨૪૨ |
| માતંગ | |
| —ઋષિ | ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૬૪ |
| —( જાતિ ) | ૨૧ |
| માન ( અહંકાર ) | ૧૬૧ |
| માનત્ત | ૧૫૩ |
| માનસિક | |
| —અધર્માચરણ, ત્રણ | ૧૯૨ |
| —કર્મ | ૧૧૧ |
| —કુશળ કર્મ, ત્રણ | ૧૯૪ |
| —ધર્માચરણ, ત્રણ | ૧૯૩ |
| —પાપકર્મ | ૨૦૨ |
| માયા ( દેવી ) | ૮૬ |
| માયાદેવી | ૮૧, ૮૨, ૯૯ |
| —સુત્ત | ૮૫ |
| માર | ૭૧, ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૮, ૧૬૦, ૧૬૧, ૧૬૫ |
| —ની દસ સેનાઓ | ૧૧૫, ૧૧૬ |
| —૦—યુદ્ધ | ૧૧૪, ૧૧૮ |
| માલવજાતિ | ૨૪૪ |
| માલુંકચપુત્ત, ભિક્ષુ | ૧૮૦, ૧૮૧ |
| માંડવ્ય | ૪૮, ૪૯ |
| માંડૂક્ય કારિકાઓ | ૧૫ ( પ્રસ્તા. ) |
| માંસાહાર | ૨૪૫, ૨૫૧, ૨૫૫, ૨૫૭ |
| —નો નિષેધ | ૨૫૫ |
| —નું સમર્થન | ૨૫૭ |
| —જૈન શ્રમણોનો | ૫૩, ૨૪૯ |
| —બુદ્ધનો | ૨૪૭ |
| —મહાવીર સ્વામીનો | ૨૫૨ |
| મિતાહાર, બુદ્ધનો | ૨૬૭ |
| મિથિલા ( નગરી ) | ૨૩, ૩૭ |
| મુક્તિ | ૧૪૦, ૧૬૧, ૨૩૬ |
| —નો માર્ગ | ૧૪૦ |
| મુખકાંતિ, બુદ્ધની ( જુઓ બુદ્ધ ) | |
| મુચલિંદ વૃક્ષ | ૧૨૧ |
| મુંડકોપનિષદ | ૧૮૪ |
| મુદિતા | ૮૯, ૯૦ |
| મુનિ | ૨૭૦ |
| મુનિ જિનવિજય | ૨૪૪ |
| મુસલમાન | ૧૩ ( પ્રસ્તા. ), ૬૬ |
| મુસોલિની | ૨૨૪ |
| મહમદ પેગમ્બર | ૨૦૪ |
| મુંજધારણ | ૧૧૬ |
| મૃગદાવ | ૧૭૮ |
| મૃગવન | ૧૨૩ |

વિષય — પૃષ્ઠ

મૃત્યુ ૧૭૧, ૧૭૬
—( દેવતા ) ૨૪૧
મેંઢિક ૨૫૩
મૅકસમુલ્લર ૨૦૫
મૈત્રી, મૈત્રી ભાવના ૮૯, ૯૦, ૧૦૯, ૧૨૮, ૨૦૦, ૨૩૧, ૨૩૫
—( અવ્યાપાદ ) ૧૦૯
-૦-મય કર્મ ૧૫૦
મૈથિલ રાજકુળ ૩૭
મોક્ષ ૧૧૩, ૧૩૯, ૧૬૯, ૧૭૩, ૨૨૯, ૨૩૦
મોગલ ૪, ૫
મોગ્ગલ્લાન ૯૧, ૧૩૪, ૧૩૭, ૧૫૧, ૨૬૮, ૨૬૯, ૨૭૯
—ગોપક ૧૬૩
મોઘરાજ ( અમોઘરાજ ) ૧૩૬
મોનેય્ય ( જુઓ મોનેય )
મોરનિવાપ ૨૭૩
મોરે ચંદ્રરાવ ૭
મોરોપંત, કવિ ૧૪ ( પ્રસ્તા. )
મોહ ૧૮૮, ૨૧૨
મોહાગ્નિ ૨૧૨
મૌન ૨૭૦, ૨૭૨, ૩૧૭
મૌનેય ૩૧૪, ૩૧૫, ૩૧૬

**ય**

યક્ષ ૨૦૭, ૨૦૮
યજુર્વેદ ૮
યજ્ઞ, યજ્ઞ-યાગ ૧૧, ૧૩, ૧૪, ૧૬, ૧૮, ૨૦, ૪૧, ૪૪, ૫૯, ૬૧, ૬૩, ૭૧, ૧૦૬, ૧૨૫, ૧૬૫, ૧૬૬, ૧૬૭, ૧૭૧, ૧૮૯, ૧૯૭, ૨૦૦, ૨૦૩, ૨૦૫, ૨૦૭, ૨૦૮, ૨૦૯, ૨૧૦, ૨૧૩, ૨૧૪, ૨૧૫, ૨૧૬, ૨૧૭, ૨૧૮, ૨૧૯, ૨૨૦, ૨૨૧, ૨૨૪, ૨૨૮, ૨૫૬, ૨૫૭, ૨૫૯, ૨૬૧, ૨૬૨
—ની સંસ્કૃતિ ૧૬ ( પ્રસ્તા. ), ૯, ૧૦, ૧૧, ૧૪, ૪૪
યજ્ઞવિધાન
—બુદ્ધનું ૨૨૪
યતિ ૯, ૧૨
—સંસ્કૃતિ ૧૧
યમ ૨૦૮
—( દેવતા ) ૨૨૬
યમુના, નદી ૧૦, ૧૧, ૧૪, ૨૪૦
યવન ૩૩, ૧૫૫
યશ ૨૧૭, ૨૬૪
—અમાત્ય ૨૪૦, ૨૪૧
—યશોદેવ, યસ ૧૩૨, ૧૩૫, ૧૩૭
યસોધરા, યશોધરા ૯૬, ૯૭
યાજ્ઞવલ્કય ૨૧૩, ૨૫૯
યામ, યાર ૧૬૯, ૧૭૩
યુદ્ધ ૨૦૩, ૨૦૪, ૨૨૬, ૨૩૦
—ની હિંસા ૨૦૩
યુધિષ્ઠિર ૩૭, ૨૦૪
યોગ ૧૦૭, ૨૦૮, ૨૨૨
યૌન, દેશ ૨૩૦

**ર**

રગા ૧૧૮

વિષય — પૃષ્ઠ

રણયજ્ઞ ૨૨૪
રજપૂત ૧૩ ( પ્રસ્તા. )
રતનચંદ ૨૫૧
રાઈઝ ડેવિડ્ઝ ૩૩, ૩૯
રાજગૃહ ૩ ( પ્રસ્તા.), ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૨, ૩૦, ૩૨, ૩૮, ૭૭, ૯૮, ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૦૪, ૧૦૫, ૧૨૯, ૧૩૦, ૧૩૨, ૧૩૪, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૪૭, ૧૪૮, ૧૫૬, ૧૬૩, ૧૭૩, ૨૫૪, ૨૬૮, ૨૭૧, ૨૭૩, ૨૭૪, ૨૭૯, ૨૮૧, ૨૮૩
—ના શ્રમણપંથ ૧૦૨
રાજયોગ ૧૧૩
—શાંત ૧૧૩
રાજવાડે, સ્વ. ચિંતામણ વૈજનાથ ૯૨
રાજાયતનવૃક્ષ ૧૨૧
રામપુત્ત ઉદ્દક ૧૦૧, ૧૦૪, ૧૨૧, ૧૩૦
રામ બ્રાહ્મણ ૧૨૯
રામાયણ ૫૦
રામ ચૌધરી, શ્રી હેમચંદ્ર ૧૫ ( પ્રસ્તા. )
રાષ્ટ્રપાલ ૨૮
રાહુલ, રાહુલકુમાર ૯૬, ૧૫૬, ૧૫૭, ૧૫૮
—નો દાયભાવ, દાયાદ્ય ૧૫૬
—ભિક્ષુ ૧૩૬
–૦–માતા, રાહુલમાતા દેવી ૯૬, ૯૭, ૧૫૬

વિષય — પૃષ્ઠ

—શ્રામણેર ૧૫૬
રુદ્ર ૨૨૬
રૂક્ષ, તા ૫૨, ૫૪
રૂપરાગ ૧૬૧
રેવત ૧૩૬
રેવતી ૨૫૩
રોમન કેથોલિક ધર્મ ૧૨
રોસિકા ૧૯૯
રોહિણી, નદી ૮૯, ૯૩, ૧૮૯

**લ**

લક્ખણ (લક્ષ્મણ) ૧૨૯
લક્ષણ, બત્રીસ ૮૪
લંકા ૨૦૭
લાઈટ ઑફ એશિયા ૨૦૭
લાખ ચોરાસી ૧૬૭, ૧૭૦, ૧૭૩
—ની માન્યતા ૧૭૩
લામા ૨૮૧
લિચ્છવી ૧૮૭
—(જાતિ) ૨૩
લુમ્બિની
—નો શિલાલેખ ૮૦
—ગામ ૮૦, ૮૩, ૮૪
—જનપદ ૭૪, ૭૫
—વન ૮૩, ૯૬
લોકમાન્ય તિલક ૧
લોકસંગ્રહ ૧૯૮
લોકાયત ૧૭૨
—અર્થશાસ્ત્ર ૧૭૨
લોકોત્તર શાંતિ
—ની શોધ, બુદ્ધ દ્વારા ૧૦૪

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| લોકોત્તર સંબોધ | ૧૦૫, ૧૦૬ |
| લોભ ૧૮૮, ૧૯૪, ૨૦૧, ૨૦૨, ૨૨૪ | |
| લોહિચ્ચ (લોહિત્ય) બ્રાહ્મણ | ૫૯, ૧૯૮, ૧૯૯ |
| લોહિતાભિજાતિ | ૧૭૦ |
| **વ** | |
| વક્કુલ (બક્કુલ) | ૧૩૬ |
| વજ્જી, વજ્જી, ૧૫, ૧૯, ૨૨, ૪૦ | |
| —(જાતિ) ૨૨, ૨૩, ૩૮, ૪૦, ૪૨, ૬૭, ૧૪૨, ૧૪૩ | |
| —રાજા | ૨૯૮, ૩૦૫, ૩૦૬ |
| —કાયદાનું પુસ્તક | ૩૦૪, ૩૦૫ |
| વજ્જૂ | ૫ |
| વત્સ (જાતિ) | ૨૫ |
| વનસ્પતિકાય | ૨૦૮, ૨૫૭ |
| વપ્પ | ૧૩૦, ૧૩૧, ૧૩૬ |
| —મંગલ | ૮૦ |
| —શાક્ય | ૯૧ |
| વરુણ | ૨૨૬ |
| વર્ણવ્યવસ્થા | ૨૦૦ |
| વર્ણાશ્રમ ધર્મ | ૨૯, ૩૩ |
| વર્ષાવાસ | ૨૭૪, ૨૭૮, ૨૮૩ |
| વસિષ્ઠ | ૨૬૦ |
| વસ્સકાર બ્રાહ્મણ | ૧૪૨, ૧૬૪ |
| વંધ્ય | ૧૬૮ |
| —આત્મા | ૧૭૬ |
| વંસ (વત્સ) | ૧૫, ૨૫ |
| —રાજકુલ | ૩૬ |
| વંસદાવ ઉપવન | ૧૫૦, ૧૫૧ |
| વાક્સુચરિત | ૧૮૮ |
| વાગ્દુશ્ચરિત | ૧૮૮ |
| વાચસિક | |
| —અધર્માચરણ, ચાર | ૧૯૧, ૧૯૨, ૧૯૩ |
| —કર્મ | ૧૧૧ |
| —કુશલકર્મ, ચાર, | ૧૯૪ |
| —ધર્માચરણ | ૧૯૨, ૧૯૩ |
| —પાપ કર્મ | ૨૦૨ |
| વાચા | ૧૨૩, ૧૨૭ |
| —શસ્ત્ર | ૨૧૨ |
| વાજપેય | ૨૧૧ |
| વામા, રાણી | ૨૦ |
| વારણા | ૧૬૮ |
| વાયુકાય | ૨૦૮, ૨૫૭, ૨૫૮ |
| વારાણસી ૧૭, ૨૦, ૪૫, ૪૬, ૪૭, ૬૨, ૧૨૨, ૧૨૩, ૧૩૦, ૧૩૧, ૧૩૨, ૧૫૭, ૧૭૮, ૨૬૫ | |
| —(નગરી) | ૪૮ |
| વાવણીનો સમારંભ | ૮૦ |
| વાસભખત્તિયા | ૨૧ |
| વાસવદત્તા (વાસુલદત્તા) | ૨૬, ૨૭ |
| વાસિ | ૧૪૫ |
| વાસિષ્ઠ | ૨૨૭, ૨૨૯ |
| વાસુલદત્તા (જુઓ વાસવદત્તા) | |
| વિકટ ભોજન | ૫૪ |
| વિક્ષેપવાદ | ૧૬૮, ૧૭૨ |
| વિચિકિચ્છા | ૧૬૧ |
| વિજ્ઞાન | ૮૭, ૧૨૦, ૧૭૮, ૧૭૯ |
| વિડૂડભ | ૨૧, ૨૨ |
| વિતર્ક | ૧૦૯, ૧૧૦ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| વિડુર્દભ (જુઓ વિડૂડભ) | |
| વિદેહ | |
| —જાતિ | ૨૩, ૩૫ |
| —દેશ | ૧૯ |
| વિનય ૧૪૯, ૧૫૪, ૧૫૭, ૧૬૩, | ૨૬૫ |
| —ના નિયમો | ૧૬૩ |
| -૦-ધર | ૧૩૭ |
| -૦-ધમ | ૧૫૩ |
| વિનાશક (નિહિલિસ્ત) | ૧૮૮, ૧૯૦ |
| વિનાશતૃષ્ણા | ૧૨૩ |
| વિપસ્સી | |
| —બુદ્ધ ભગવાન ૧૦ (પ્રસ્તા.), | ૯૧, ૧૨૧ |
| —રાજકુમાર ૧૦ (પ્રસ્તા.) | |
| વિભંગ | ૧૬૧ |
| વિભાગ | |
| —સંઘના, શ્રાવક સંઘના | ૧૯૦ |
| વિમલ | ૧૩૨, ૧૩૬ |
| વિમાન | ૧૮૩ |
| વિમુક્તિ (મુક્તિ) | ૧૨૨ |
| વિમુત્તિ-સુખ | ૧૧૯ |
| વિરતિ | ૨૦૧ |
| વિલ્સન, ડૉ. | ૨૦૬ |
| વિવર્ત | ૧૮૩ |
| વિવિધ જ્ઞાન વિસ્તાર, મરાઠી પત્રિકા | ૧૧ (પ્રસ્તા.), ૩૧૪ |
| વિશાખ | ૧૨૬ |
| વિશાખા | ૨૦, ૨૭૮ |
| વિશ્વરૂપ | ૮ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| વિષય | ૮૯ |
| —ધ્યાનના, પચીસ, છવ્વીસ | ૮૯ |
| વિતર્ક (કામ વિતર્ક) | ૧૦૯ |
| વિષ્ણુ | ૨૦૫ |
| —નો અવતાર, નવમો | ૨૦૫ |
| -૦-પુરાણ | ૨૦૫ |
| વિષ્ણુશાસ્ત્રી ચિપલૂણકર | ૨૦૫, ૨૦૬ |
| વિહિંસા | ૧૦૯, ૨૦૧ |
| —વિતર્ક | ૧૦૯ |
| વિંધ્ય | ૨૭૭ |
| વીર્ય | ૬૩, ૧૧૫, ૧૬૭ |
| વૃત્ર | ૨૨૫ |
| —બ્રાહ્મણ | ૫, ૮ |
| વેણુવન (વેલુવન) ૧૭, ૧૪૮, ૨૭૩, | ૨૭૯, ૨૮૧ |
| —ઉદ્યાન | ૧૩૪ |
| વેદ ૪૪, ૬૧, ૬૨, ૬૬, ૧૨૯, ૧૭૧, ૧૮૫, ૧૮૬, ૨૦૨, ૨૦૩, ૨૦૯, ૨૧૦, ૨૧૬, ૨૨૪, ૨૨૫, ૨૨૯, | ૨૩૩ |
| —કાળ | ૬૧ |
| —નિંદા | ૧૮૬, ૨૧૦ |
| —મંત્ર, વેદવાક્ય ૧૩ (પ્રસ્તા.) | |
| —વિરોધ | ૨૦૯, ૨૧૦ |
| વેદના | ૧૨૦, ૧૨૮, ૧૪૬, ૧૭૮, ૧૭૯ |
| વેદલ્લ | ૬ (પ્રસ્તા.) |
| વેદાધ્યયન | ૧૫૮ |
| વેદાંગ | ૨૨૯ |
| વેરંજા | ૧૫૪ |
| વેલુવન (જુઓ વેણુવન) | |


સૂ ૩

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| વેસન્તર (જાતક) | ૨૪ |
| વેસ્સભૂ | ૨૮૫ |
| વૈદિક | |
| —ઋષિ | ૬૭ |
| —ધર્મ | ૨૦, ૨૮, ૩૦, ૬૧, ૨૦૬ |
| —ભાષા | ૮ |
| —મુનિ | ૨૧૩ |
| —સાહિત્ય | ૬૧ |
| —સંસ્કૃતિ ૧૪ (પ્રસ્તા.), ૧૫ (પ્રસ્તા.), ૧૦, ૧૧, ૪૪, | ૨૨૫ |
| —(વૈદિકી) હિંસા ૧૭૧, ૨૦૩, | ૨૦૪ |
| વૈદેહ | ૨૪૨ |
| વૈદેહી | |
| –૦કુળ | ૧૯, ૩૫ |
| –૦પુત્ર | ૧૯ |
| વૈર | ૨૦૦ |
| વૈરાગ્ય | ૧૨૦, ૧૨૩, ૧૫૭, ૧૮૧ |
| વૈશાખી પૂનમ (પૂર્ણિમા) | ૧૧૭, ૧૧૯ |
| વૈશાલી (નગરી) ૨૩, ૩૬, ૧૦૦, ૧૫૨, ૧૮૭, ૨૫૪, ૨૬૩, ૨૭૯, ૨૮૩, ૨૮૪ | |
| વૈશેષિક | |
| —દર્શન | ૧૭૨ |
| — (લોક) | ૧૭૨ |
| વૈશ્ય ૧૮૧, ૧૮૯, ૧૯૭, ૨૨૬, ૨૩૧, ૨૩૪, ૨૩૫, ૨૩૭, ૨૩૮, ૨૪૨, | ૨૪૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| વ્યાધિધર્મી | ૯૪, ૯૫, ૧૯૫, ૧૯૬ |
| વ્યાપાદ | ૧૦૯ |
| —વિતર્ક (દ્વેષ વિતર્ક) | ૧૦૯ |
| વ્યાયામ | ૧૨૩, ૧૨૭, ૧૯૪ |
| વ્યાવહારિક | ૩૦૫ |
| વ્યાસ (જુઓ બાદરાયણ વ્યાસ) | |
| વ્રત | ૧૬૧, ૧૬૭, ૧૭૨ |
| **શ** | |
| શક | ૧૫૫, ૧૮૫, ૨૪૦ |
| —(સંવત) ૧૨ (પ્રસ્તા.) | |
| શતપથ-બ્રાહ્મણ ૫ (પ્રસ્તા.), | ૨૫૯ |
| શયનાસન | ૧૪૬ |
| શય્યાઓ, ચાર પ્રકારની | ૨૬૬ |
| શરણાગમન | ૧૬૨ |
| શરીર | ૧૭૮, ૧૭૯, ૧૮૦ |
| શશાંક રાજા | ૧૧૮ |
| શસ્ત્ર | |
| —અકુશલ | ૨૧૨ |
| –૦ગ્રહણ, શસ્ત્રધારણ | ૯૩, ૯૪ |
| –૦નિવૃત્તિમાર્ગ | ૯૪ |
| શંકરાચાર્ય ૧૩ (પ્રસ્તા.), ૧૫ (પ્રસ્તા.), ૬૫, ૬૬, | ૨૦૬ |
| શંકા | ૧૯૪ |
| શંબૂક | ૫૦, ૨૪૫ |
| શાક્ય ૨૧, ૨૨, ૨૩, ૩૯, ૪૧, ૬૭, ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯, ૮૦, ૮૧, ૮૨, ૮૮, ૧૧૪, ૧૩૦, ૧૪૭, ૧૫૨, ૧૫૬, ૧૮૯, ૨૪૦, | ૨૬૯, ૨૭૦ |
| —કુમાર | ૭૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| —કુળ ૨૧, ૩૮, ૭૮, ૮૪, ૯૭ | |
| —જાતિ ૩૯, ૭૪, ૭૫, ૭૭, ૮૦, ૮૬, ૯૧, ૯૩, ૯૫, ૧૦૩ | |
| —દેશ, રાજ્ય, રાષ્ટ્ર ૭૯, ૧૦૧ | |
| —પુત્રીય શ્રમણ | ૨૪૦ |
| —રાજા | ૨૧ |
| —સિંહ | ૮૫ |
| શાક્યોદન | ૭૪ |
| શારિપુત્ર ( જુઓ સારિપુત્ત ) | |
| શાલવતિકા | ૧૯૯ |
| શાલ્મલિ | ૨૫૧ |
| શાલવન | ૨૮૪ |
| શાશ્વતવાદ | ૧૭૬, ૧૭૯ |
| શાસન, બુદ્ધનું | ૧૯૫ |
| શાંત | |
| —રાજયોગ | ૧૧૩ |
| —સમાધિ | ૧૧૨ |
| શાંતિ ૧૫૮, ૧૭૭, ૧૮૧, ૧૮૨, ૨૦૮, ૨૦૯, ૨૭૦, ૨૭૨, ૨૭૭ | |
| —નો માર્ગ | ૧૭૭ |
| —તીર્થ | ૨૦૯ |
| શિવાજી | ૭ |
| શિવિ | |
| —કુમાર | ૬૮, ૬૯ |
| —જાતિ | ૬૯ |
| —દેશ | ૨૪ |
| —રાજકુલ | ૬૮ |
| —રાજા | ૨૪, ૬૮ |
| શિંદે ( સિંધિયા ), દૌલતરાવ ૧૩ ( પ્રસ્તા. ) | |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| શીઘ્રચારિકા | ૨૬૭ |
| શીતોષ્ણસેવન | ૨૫૬ |
| શીલ ૧૫૧, ૧૬૩, ૧૬૪, ૧૯૪, ૨૩૩, ૨૩૫, ૨૭૬ | |
| —નિયમ | ૪૩ |
| શુક્લાભિજાતિ | ૧૭૦ |
| શુક્લોદન | ૭૪, ૭૫ |
| શુદ્ધોદન, શુદ્ધોદન શાક્ય ૭૪, ૭૫, ૭૭, ૭૮, ૭૯, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૭, ૯૦, ૯૨, ૯૯, ૧૫૬ | |
| શુભ નિમિત્ત | ૧૫૭ |
| શૂદ્ર ૧૩ (પ્રસ્તા.), ૬૬, ૧૮૯, ૧૯૭, ૨૨૫, ૨૩૧, ૨૩૪, ૨૩૫, ૨૩૭, ૨૩૮, ૨૪૦, ૨૪૨, ૨૪૫ | |
| શૂરસેન ( જુઓ સૂરસેન ) | |
| શોક | ૧૮૧ |
| —ધર્મી | ૯૪, ૯૫ |
| શૌદ્ધોદનિ | ૮૫ |
| શ્યામક | ૨૫૫ |
| શ્રદ્ધા | ૧૧૫, ૧૪૧, ૨૩૫ |
| શ્રમણ ૧૭, ૨૦, ૫૦, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૭, ૭૬, ૧૦૨, ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૧૦, ૧૧૧, ૧૨૨, ૧૨૫, ૧૨૬, ૧૪૦, ૧૫૬, ૧૬૫, ૧૬૭, ૧૭૧, ૧૭૬, ૧૮૬, ૧૮૭, ૧૮૮, ૧૯૦, ૧૯૯, ૨૧૦, ૨૧૮, ૨૨૨, ૨૨૬, ૨૨૭, ૨૨૯, ૨૩૯, ૨૪૦, ૨૪૩, ૨૪૫, | |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૨૪૯, ૨૫૦, ૨૫૫, ૨૫૭, ૨૬૫, ૨૬૮, ૨૭૧, ૨૭૨, ૨૭૩, ૨૭૪, ૨૭૫, ૨૭૬, ૨૭૮ | |
| —આજીવક | ૧૨૨ |
| —ગૌતમ ૭૬, ૮૯, ૧૮૭, ૧૮૮, | ૨૫૫ |
| —નાયક | ૧૭, ૧૦૪ |
| —નિર્ગ્રંથ (જૈન સંપ્રદાય, સાધુ) | ૫૮, ૯૧, ૧૨૫ |
| —પરિવ્રાજક | ૧૬, ૪૨ |
| —પન્થ, સંપ્રદાય ૧૬, (પ્રસ્તા.), ૫૮, ૭૧, ૧૦૨, ૧૬૬, ૧૭૨, | ૨૦૭, ૨૦૯, ૨૪૯ |
| —પંથ, ત્રેસઠ | ૫૧ |
| —પંથ, બાસઠ | ૫૧ |
| —બૌદ્ધ | ૧૪૦ |
| —બ્રાહ્મણ ૧૬૬, ૧૬૭, ૧૭૬, | ૧૮૬, ૨૧૩, ૨૨૨, ૨૭૪ |
| —બ્રાહ્મણ, ચાર પ્રકારના ૭૦, | ૭૧, ૭૨ |
| —સંઘ ૧૭, ૧૮, ૫૦, ૫૧, ૬૪, ૧૯૦, ૨૪૦, ૨૪૨, ૨૬૯, | ૨૭૧ |
| —સંઘ, છ | ૧૩૮, ૧૩૯ |
| —સંઘ નાયક | ૫૨ |
| —સંપ્રદાય નાયક | ૫૮ |
| —સંસ્કૃતિ | ૬૪, ૧૮૪ |
| —ના ચાર વર્ગ | ૧૬૫ |
| શ્રામણેર ૯૬, ૧૫૬, ૧૫૭, ૧૫૮, | ૧૫૯, ૧૬૦ |
| —દીક્ષા | ૧૫૬ |
| —સંસ્થા | ૧૫૯ |
| શ્રામણેરીઓની સંસ્થા | ૧૫૯ |
| શ્રામણેરી | ૧૫૩, ૧૫૬, ૧૫૯ |
| શ્રાવક ૬ (પ્રસ્તા.), ૮૯, ૧૧૬, ૧૫૧, ૧૬૦, ૧૬૧, ૧૬૨, ૧૬૫, ૧૭૦, ૧૭૯, ૧૯૬, ૨૧૪, ૨૧૮, ૨૭૪, | ૨૭૫, ૨૭૬ |
| —અચેલક | ૧૭૦ |
| —ના ચાર ભેદ, આઠ ભેદ ૧૬૧, | ૧૬૨ |
| —સંઘ | ૧૨૯, ૧૬૦ |
| —સંઘના ચાર વિભાગ | ૧૬૦ |
| શ્રાવસ્તી ૨૦, ૨૨, ૨૯, ૭૦, ૧૩૮, ૧૪૯, ૧૬૦, ૧૮૦, ૨૧૦, ૨૧૧, | ૨૩૪, ૨૫૨, ૨૭૮ |
| શ્રીકૃષ્ણ (જુઓ કૃષ્ણ) | |
| શ્રીમદ્ ભગવદ્ગીતા (જુઓ ગીતા) | |
| શ્રીમદ્ ભાગવત (જુઓ ભાગવત) | |
| શ્રુત | ૨૩૫, ૨૫૬ |
| શ્રેષ્ઠ યજ્ઞ | ૨૦૮ |
| શ્રોત્રિય | ૨૬૦ |
| ષડંગવેદ | ૧૨૯ |
| ષડાયતન | ૧૨૦ |


### સ


| | |
|---|---|
| સકદાગામિ ફલટ્ઠો | ૧૬૧ |
| સકદાગામિ | ૧૬૧ |
| સકુલુદાયી | ૨૭૩ |
| સકૃદાગામિ ફલ | ૧૫૨ |
| સક્કાય દિટ્ઠી | ૧૬૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સચ્ચ ( જુઓ સત્ય) | |
| સચ્ચક | ૮૧, ૮૭, ૧૦૫, ૧૦૬, ૧૦૮, ૧૧૪ |
| સત્ય (જુઓ સચ્ચ) | ૧૦, ૧૪૧, ૧૬૫, ૧૬૬, ૧૬૯, ૧૮૫, ૨૦૧ ૨૦૮, ૨૭૬ |
| સત્યકામ જાબાલ | ૬૪, ૬૫ |
| સત્યવતી | ૪૫ |
| સદંડ દક્ષિણા | ૨૧૬ |
| સદ્ધર્મ | ૧૫૫ |
| —માર્ગ | ૧૩૪ |
| સપ્ત સિંધુ, દેશ, પ્રદેશ | ૩, ૬, ૮, ૯, ૧૦, ૧૧ ૧૨, ૪૪, ૨૨૫ |
| —પર આર્યોની ચઢાઈ | ૩ |
| સફાઈ | ૨૦૦ |
| સમાજ (મેળો) | ૨૬૧ |
| સમાધિ | ૮૭, ૮૮, ૧૦૧, ૧૧૦, ૧૨૩, ૧૨૮, ૧૪૪, ૧૯૪, ૨૬૭, ૨૭૭, ૨૭૯, ૨૮૦, ૨૮૧, ૨૮૩ |
| —આનાપાનસ્મૃતિ | ૧૧૩ |
| —નાં આઠ પગથિયાં | ૧૦૧ |
| —નાં સાત પગથિયાં | ૮૮, ૧૦૧ |
| —માર્ગ | ૮૯, ૯૦, ૧૦૧, ૧૧૩, ૧૨૮, ૨૮૦ |
| —શાંત | ૧૧૨ |
| સમુદ્રગુપ્ત | ૧૫ (પ્રસ્તા.), ૬૬ |
| સમ્યક્ | |
| —આજીવ | ૧૨૩, ૧૨૭, ૧૯૪ |
| —કર્મ | ૧૯૪ |
| —કર્માંત | ૧૨૩, ૧૨૭ |
| —દૃષ્ટિ | ૧૨૩, ૧૨૬, ૧૯૪, ૨૦૦, ૨૦૧ |
| —વાચા | ૧૨૩, ૧૨૭, ૧૯૪ |
| —વ્યાયામ | ૧૨૩, ૧૨૭, ૧૯૪ |
| —સમાધિ | ૧૨૩, ૧૨૭, ૧૯૪ |
| —સંકલ્પ | ૧૨૩, ૧૯૪ |
| —સંબુદ્ધ | ૮૪, ૨૧૮ |
| —સ્મૃતિ | ૧૨૩, ૧૨૭, ૧૯૪ |
| સમ્રાટ | ૪૨ |
| સરયૂ નદી | ૨૪૦ |
| સર્વદર્શનસંગ્રહ | ૧૭૧ |
| સર્વસંગ પરિત્યાગ | ૧૯૭ |
| સવધિકારી | ૧૬૪ |
| સર્વાર્થસિદ્ધ | ૮૫ |
| સલ્લેખ | ૨૦૦ |
| સંકર બ્રાહ્મણ-ક્ષત્રિય, વૈશ્ય-શૂદ્ર | ૨૪૨ |
| સંકલ્પ | ૧૧૬, ૧૨૩, ૧૨૭, ૧૯૩, ૧૯૪ |
| સંગતિ | ૧૬૭ |
| —(પરિસ્થિતિ) | ૧૭૩ |
| સંઘ (જુઓ ભિક્ષુસંઘ પણ) | ૧૩૧, ૧૩૨, ૧૩૪, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૪૨, ૧૪૩, ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૫૦, ૧૫૧, ૧૫૨, ૧૫૩, ૧૫૪, ૧૫૭, ૧૬૦, ૧૬૨, ૧૬૩, ૧૬૪, ૧૮૭, ૧૯૯, ૨૨૬, ૨૪૦, ૨૪૫, ૨૬૮, ૨૬૯, ૨૭૦, ૨૭૧, ૨૭૨, ૨૭૬, ૨૮૦ |
| —આદિશેષ આપત્તિ | ૧૫૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| —ની રચના | ૧૪૧ |
| —ની પ્રતિષ્ઠા | ૧૬૨ |
| —નાં કાર્યો | ૧૪૩ |
| —ના અહિંસાત્મક નિયમ | ૧૪૩ |
| —ના ચાર વિભાગ | ૧૬૦ |
| —ના નિયમ | ૧૪૩ |
| —ના વિનાશનાં કારણો | ૧૫૯ |
| —નિર્ગ્રંથોનો | ૨૪૦ |
| —બુદ્ધનો (જુઓ 'બુદ્ધ' પણ) ૧૩૦, ૧૩૨, ૧૩૬, ૧૩૮, | ૨૭૬, ૨૭૮ |
| —ભેદ ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૫૧ (ફાટફૂટ) | |
| —શ્રમણોનો (જુઓ શ્રમણસંઘ) | |
| —સ્ત્રી સાધ્વીઓના | ૬૭ |
| —સ્થાપના | ૧૫૭ |
| સંજય | ૧૩૪, ૧૩૭ |
| —બેલટ્ઠપુત્ત ૫૮, ૧૩૮, ૧૬૮, | ૧૭૨, ૧૭૭, ૨૭૧, ૨૭૪ |
| સંજ્ઞા | ૧૭૮, ૧૭૯ |
| સંતોષ | ૧૪૧, ૧૫૩ |
| સંન્યાસ ૧૬, ૧૫૪, ૧૫૯, ૧૯૭, | ૨૨૨ |
| —આશ્રમ | ૧૮૯ |
| —યોગ | ૧૯૭ |
| સંન્યાસી (બુદ્ધ) | ૧૩૦ |
| સંપ્રદાય | |
| —શ્રમણોના | ૧૦૪ |
| સંબોધ ૧૦૫, ૧૦૯, ૧૧૦, ૧૨૩, | ૧૮૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સંબોધિજ્ઞાન ૧૪, (પ્રસ્તા.), ૭૪ | ૯૪, ૧૧૩, ૧૧૮, ૨૬૪ |
| સંયમ ૧૪૧, ૧૫૭, ૧૬૬, ૨૦૯, | ૨૫૬ |
| સંયોજન, ત્રણ, બે, પાંચ | ૧૬૧ |
| સંવટ્ટકર | ૧૩ |
| સંવર | |
| —પાંચ | ૨૦૮ |
| —વાદ | ૧૭૩ |
| સંવર્ત | ૧૮૩ |
| સંવેગ | ૯૩ |
| સંસારશુદ્ધિવાદ | ૧૬૬, ૧૭૦ |
| સંસ્કાર | ૧૨૦, ૧૭૮, ૧૭૯ |
| સંસ્કૃતિ, દાસોની ૧૪ (પ્રસ્તા.) ૧૫ (પ્રસ્તા.) | |
| સંસ્થાગાર | ૧૮૭, ૨૧૪, ૨૭૦ |
| —શાક્યોનો | ૭૭, ૮૧ |
| સાક્ષાત્કાર | ૩૧૨ |
| સાગત (સ્વાગત) ભિક્ષુ | ૧૩૬ |
| સાત, નિયમ, અભિવૃદ્ધિના, ઉત્કર્ષના, ઉન્નતિના | ૨૩, ૪૨, ૬૭, ૧૪૨ |
| —પદાર્થ | ૧૬૮, ૧૭૨ |
| —બોજ્ઝંગ, બોધ્યંગ | ૨૭૯, ૨૮૧ |
| સાધુ ગુલાબચંદ | ૨૫૧ |
| સાધુપંથ | ૫૧, ૫૬ |
| સામાવતી (રાણી) | ૨૮ |
| સારિપુત્ત ૬ (પ્રસ્તા.), ૫૨, ૫૪, ૫૫, ૧૩૪, ૧૩૬, ૧૩૭, ૧૫૧, ૧૫૪, ૧૫૬, ૧૫૮, ૨૬૮, ૨૬૯, | ૨૭૦ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સાલેય્યક (બ્રાહ્મણ) | ૧૯૧ |
| સાષ્ટી | ૧૩ |
| સાંખ્ય | ૧૮૫ |
| —કારિકા | ૧૮૫ |
| —દર્શન, મત | ૧૬૯ |
| —(લોકો) | ૧૬૯ |
| —શ્રમણ | ૧૨૬ |
| સિદ્ધત્થ (જુઓ સિદ્ધાર્થ, સિદ્ધાર્થ-કુમાર, રાજકુમાર) | ૮૫, ૮૭, ૧૩૦ |
| સિદ્ધિ | ૨૮૧ |
| સિવિ (જાતક) | ૨૪ |
| સિવેય્યક | ૩૧ |
| સિંધદેશ ૧૩ (પ્રસ્તા.), | ૩, ૮, ૯, ૬૬ |
| સિંધિયા (શિંદે) દૌલતરાવ (પ્રસ્તા.) | ૧૩ |
| સિંહ | |
| —મહાવીર સ્વામીનો શિષ્ય | ૨૫૩ |
| —શય્યા | ૨૬૬, ૨૬૭, ૨૭૭ |
| —સેનાપતિ | ૧૮૭, ૧૮૮, ૨૫૪ |
| સિંહલદ્વીપ | ૧૨, ૨૪૬, ૨૮૧ |
| સીડિયો (પગથિયાં), ત્રણ | |
| —ચાર, ધ્યાનોની | ૧૦૧ |
| —સાત, સમાધિની | ૧૦૧ |
| સીલબ્બત પરામાસ | ૧૬૧ |
| સુજાતા | ૬૦, ૧૧૭ |
| સુત્ત | ૨૧, ૧૫૫ |
| સુત્તકર્તા | ૧૫૫ |
| સુદત્ત | ૨૧ |
| —બ્રાહ્મણ | ૧૨૯ |
| સુબાહુ | ૩૭, ૧૩૨, ૧૩૬ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સુભૂતિ | ૧૩૬ |
| સુમિત્ર, રાજા, | ૨૩, ૩૭, ૩૮ |
| સુમેરિયા | ૨૨૫ |
| સુયજ્ઞ | ૨૧૬, ૨૨૪ |
| સુયામ બ્રાહ્મણ | ૧૨૯ |
| સુલક્ષણા | ૮૨ |
| સૂકરમદ્દવ | ૨૪૭, ૨૪૮, ૨૮૪ |
| સૂત | ૨૪૨ |
| સૂત્રકાર ગૌતમ | ૨૬૦ |
| સૂરસેન, શૂરસેન | ૧૫, ૨૯ |
| સેખિયપાતિમોક્ખ | ૧૪૫ |
| સેનાનિગમ | ૧૦૪ |
| સેનાપતિ સિંહ | ૧૮૭, ૧૮૮ |
| સેનાર | ૭ (પ્રસ્તા.) |
| સોણદણ્ડ બ્રાહ્મણ | ૧૬, ૪૨, ૫૯, ૨૭૭ |
| સોતાપત્તિફલટ્ઠો | ૧૬૧ |
| સોતાપન્ન | ૧૬૧ |
| સોત્થિવતી (સ્વસ્તિવતી) | ૨૪ |
| સોમ | |
| —(દેવત) | ૨૨૬ |
| —રસ, પાન | ૬, ૭૧, ૧૬૫ |
| સોમા, સોમાભિક્ષુણી | ૧૬૦, ૧૬૧ |
| સોળ | |
| —જનપદ, દેશ, રાજ્ય, રાષ્ટ્ર | ૧૫, ૩૫, ૩૭, ૪૦ |
| —વર્ણ | ૨૪૨ |
| સૌધાતકિ | ૨૬૦ |
| સ્કંધ, પાંચ | ૧૨૩, ૧૭૯ ૧૮૨ |
| સ્ત્રીઓ | |
| —નું માન, સ્થાન, દરજ્જો | ૧૫૫, ૧૬૦, ૧૬૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| —ની સ્વતંત્રતા | ૬૭, ૬૮ |
| —ના સંઘ | ૬૭ |
| સ્થવિરવાદી પંથ | ૧૫૫ |
| સ્થાપના ( જુઓ સંઘસ્થાપના ) | |
| સ્પર્શ | ૧૨૦ |
| સ્મૃતિ ૬૬, ૮૭, ૧૦૭, ૧૧૫, ૧૧૬, ૧૨૩, ૧૨૮, ૧૫૭, ૧૯૪ | |
| —કાયગતા | ૧૫૭ |
| —( જાગૃતિ ) | ૧૪૧ |
| —વાન બુદ્ધ | ૧૧૭ |
| સમાધિ, આનાપાન ( જુઓ આનાપાન ) | |
| સ્યાદ્વાદ | ૧૭૨ |
| સિયામ | ૨૮૧ |
| સ્રોત-આપત્તિ-ફલ | ૧૫૨ |
| સ્વભાવ | ૧૭૩ |
| સ્વર્ગ | ૨૬૪ |
| સ્વાગત ( સાગત ) ભિક્ષુ | ૧૩૬ |
| સ્વામિકન્નૂ પિલ્લે | |
| —દીવાન બહાદુર | ૭૩ |

### હ

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| હઠયોગ ૧૦૬ ૧૦૭, ૧૧૨, ૧૧૩ | |
| હરપ્પા | ૪ |
| હત્યા, ગાયો વગેરેની ( જુઓ હિંસા ગાયો વગેરેની ) | |
| હફ્ત હિંદુ | ૪ |
| હરિકેશિબલ ૨૦૭, ૨૦૮, ૨૦૯, ૨૪૦ | |
| હરિદ્રવસન | ૮૯ |
| હરિદ્રાભિજાતિ | ૧૭૦ |
| હસ્તિગ્રામ | ૨૮૪ |
| હસ્તિનાપુર | ૩૭ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| હિટલર | ૨૨૪ |
| હિતકારી માર્ગ ( કલ્યાણકારી માર્ગ ) | ૧૦૦, ૧૦૧ |
| હિમાલય | ૨૪૬, ૨૭૭ |
| હિરણ્યવતી | ૨૮૪ |
| હિંદુસ્તાન ૧૩ ( પ્રસ્તા. ), ૨૨૫, ૨૪૪, ૨૪૫, ૨૬૨ | |
| હિંદુ ૧૩, ૫૭, ૧૭૦, ૨૦૫, ૨૦૭, ૨૪૫, ૨૬૨ | |
| —( હિંદુઓનો ) ધર્મ | ૧૩ |
| —પ્રાચીન | ૨૬૨ |
| —સમાજ ૧૭૦, ૨૪૪, ૨૬૦ | |
| — સમાજમાં અહિંદુઓનો પ્રવેશ | ૨૪૪ |
| —સંસ્કૃતિ | ૧૩ |
| હિંસા ૧૭૧, ૧૯૮, ૨૦૦, ૨૦૩, ૨૦૪, ૨૧૦, ૨૧૧, ૨૬૦ | |
| —ત્મક બુદ્ધિ | ૧૪૦ |
| —ત્મક બ્રાહ્મણ સંસ્કૃતિ ( જુઓ બ્રાહ્મણ સંસ્કૃતિ ) | |
| —ત્મક યજ્ઞપદ્ધતિ | ૧૨ |
| —ત્મક યજ્ઞયાગોની પ્રથા ( જુઓ યજ્ઞ-યાગ ) | |
| —યુદ્ધની | ૨૦૩ |
| —વૈદિકી | ૧૭૧ |
| ( જુઓ વૈદિક હિંસા ) | |
| હીન કુળ, જાતિ, વર્ણ ૨૩૧, ૨૩૨, ૨૩૩, ૨૪૩ | |
| હૂણ | ૨૪૪ |
| હોમ, હોમહવન ૬૨, ૧૬૭, ૨૦૮, | ૨૬૦ |
| હ્રાઈઝ ( જુઓ ડેવિડ્ઝ ) | |

જેકેટ છપાઈ : પ્રકાશ પ્રિન્ટર્સ, મુંબઈ–૨.